

2013 -18mi Shatabadi Rajat Jayanti Mahotsav 2009 -Smrutigranth (1507)





realpatidar.com
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯
સ્મૃતિગ્રંથ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ઊંઝા
realpatidar.com




realpatidar.com
realpatidar.com


૧૮મી
શતાબ્દી
રજત જયંતી
મહોત્સવ
૨૦૦૯
realpatidar.com



શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા


शूलं पट्टिश खडग चर्म विशिखान् मुणुंदधानां करै;
सेव्या शोभन षड्भूजां सुनयनां दिव्याम्बरालंकृताम्।
शुभ्रागां वृषवाहनां सुरनरां भक्तोत्सवां शालिनी,
वन्दे श्री कडवेश्वरी भगवती लक्ष्मी प्रदात्रीमुमाम्॥


॥ શ્રી ઉમિયા શરણં મમ: ॥



॥ શ્રી ઉમિયા માતાજી - ઊંઝા ॥

ત્રિશૂલ, પટ્ટિશ, ખડગ, ઢાલ, બાણ અને
મુણુંદને હસ્તોમાં ધારણ કરવાવાળાં, સેવા કરવા યોગ્ય,
સુંદર છ ભૂજાવાળા, સુંદર નયનોવાળાં, દિવ્ય વસ્ત્રાલંકારોથી શોભતાં, ઉજ્જવળ અંગોવાળાં,
વૃષભના વાહનવાળાં, દેવીઓમાં શ્રેષ્ઠ, ભકતોમાં ઉમંગ-ઉત્સાહ વધારનારાં, દિવ્ય તેજથી શોભતાં,
લક્ષ્મી-ઐશ્વર્ય આપવાવાળાં એવા કડવેશ્વરી ભગવતી ઉમાને હું વંદન કરું છું.


realpatidar.com
|| गमं गणपतये नमो नमः ||
|| ભોંયરાના ગણપતિ દાદા ||
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, સ્મૃતિગ્રંથ
3
realpatidar.com
|| श्री उमिया शरणम् मम : ||



॥ નંદી સવારીમાં શ્રી ઉમિયા માતાજી - ઊંઝા ॥

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ઊંઝા
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯નું દર્શન

સ્મૃતિગ્રંથ

લેખક-સંપાદક

મણિભાઈ ઈશ્વરભાઈ પટેલ (મમ્મી) રૂસાત, ઊંઝા

કન્વીનર, ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯

શ્રી ઉમિયા માતાજી, ઊંઝા

ફોન નં. ૦૨૭૬૭-૨૫૨૦૫૦

પ્રારંભ : સંવત ૨૦૬૬ના માગસર સુદ-૧૧, તા. ૨૮-૧૧-૨૦૦૯, શનિવાર

પૂર્ણાહુતિ : સંવત ૨૦૬૬ના માગસર સુદ-૧૫, તા. ૨-૧૨-૨૦૦૯, બુધવાર

પ્રકાશન : ૨૦૧૩ • પ્રત : ૧૨૦૦ • મૂલ્ય - ₹ ૭૦૦/-

॥ श्री उमिया शरणम् मम : ॥



કંપોઝીંગ :
દિવ્યાંગ શાહ (+૯૧-૯૩૨૭૦૧૫૩૪૭)
સ્કેન-ઓ-ગ્રાફિક્સ, અમદાવાદ
ગ્રાફિક્સ :
રૂપેશ ડાભી (+૯૧-૯૮૨૪૦૬૯૧૬૮)
સોનલ ગ્રાફિક્સ, અમદાવાદ

પ્રકાશક, મુદ્રક :
શ્રીધર પ્રિન્ટર્સ પ્રા. લિ.
અમદાવાદ
ભાવિન પટેલ (+૯૧-૯૮૯૮૦૩૪૭૯૯)
મિનેષ પટેલ (+૯૧-૯૮૨૫૦૩૮૭૯૯)

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

શ્રી ઉમિયા વિશ્રાંતિગૃહ, ઊંઝા • શ્રી ઉમિયા પથિકાશ્રમ, અંબાજી

શ્રી ઉમિયા પથિકાશ્રમ, બહુચરાજી • શ્રી ઉમિયા માતાજી કેમ્પસ, સોલા, અમદાવાદ

E-mail : umiyamatajiunjha@gmail.com

સ્મૃતિગ્રંથ

અનુક્રમણિકા

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥


પ્રેરણાસ્રોત



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ઊંઝાનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ તા. ૨૮-૧૧-૨૦૦૯ થી તા. ૨-૧૨-૨૦૦૯ સુધી ભવ્યતાથી ભવ્ય રીતે ભારે ઉત્સાહ, ઉમંગ સાથે યોજાયો. વિશ્વએ જેની નોંધ લીધી તેવા અભૂતપૂર્વ મહોત્સવનું ઉદ્‌ઘાટન તા. ૨૮-૧૧-૨૦૦૯ના શુભ દિને ઉમાનગરમાં ભારે દબદબાપૂર્વક ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી માનનીય **શ્રી નરેન્દ્રભાઈ મોદીના શુભહસ્તે દીપ પ્રગટાવી કરવામાં આવ્યું હતું.** આવા એક ઐતિહાસિક ઉદ્‌ઘાટન સમારંભનું **અધ્યક્ષસ્થાન** સરળ, સૌમ્ય, મૃદુ સ્વભાવના સદ્‌ભાવને વરેલા એવા જાણીતા ઉદ્યોગપતિ માનનીય **શ્રી વિષ્ણુભાઈ મફતલાલ પટેલ, સદ્‌ભાવ એન્જીનિયરીંગ,** અમદાવાદે શોભાવ્યું હતું.




આવા એક ઐતિહાસિક અને યાદગાર મહોત્સવનું કાયમી સંભારણું બની રહે તે માટે આ સમગ્ર મહોત્સવને શબ્દોમાં કંડારી એક ઐતિહાસિક સ્મૃતિગ્રંથ પ્રસિદ્ધ કરવા માટેની મને પ્રેરણા અને આર્થિક સહયોગ આપવા બદલ માનનીય શ્રી વિષ્ણુભાઈ એમ. પટેલને અને આ રજતજયંતી મહોત્સવની સફળતાના આધારસ્તંભ સમા હજારો સ્વયંસેવક ભાઈબહેનોએ નિષ્ઠાપૂર્વકની કરેલી સેવાની આવનાર ભક્તોએ નોંધ લઈ અભિનંદન આપી વંદન કર્યા તેવા સૌને આ સ્મૃતિગ્રંથ અર્પણ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આભાર સહ મા ઉમાના આશીર્વાદ સદૈવ આપણા સૌના ઉપર ઉતરે એવી મા ઉમિયાને પ્રાર્થના.





મણિભાઈ ઈ. પટેલ (મમ્મી), ઊંઝા
લેખક, સંપાદક - સ્મૃતિગ્રંથ
કન્વીનર, ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ, ૨૦૦૯
શ્રી ઉમિયા માતાજી, ઊંઝા

શ્રી વિષ્ણુભાઈ પટેલનો પરિવાર





સ્વ. મફતલાલ બાપુદાસ પટેલ   સ્વ. સંતોકબેન મફતલાલ પટેલ



શ્રી વિષ્ણુભાઈ મફતલાલ પટેલ, શ્રીમતી શાન્તાબેન વિષ્ણુભાઈ પટેલ

પુત્ર શશીન, પુત્રવધુ શ્રુતિ, પૌત્રી પ્રિયા

એક જાણીતી કહેવત છે કે "હજારો માઈલની સફરની શરૂઆત થાય છે પહેલાં કદમથી" ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડસ્ટ્રીઝ આ જ નમ્ર વિચારધારાના પાયા પર ખડી થયેલી છે. આકાશને આંબતી ઈમારતો, દૂર દૂર સુધી પહોંચતા રસ્તાઓ ને પાતાળ સુધી પહોંચતી ખાણો ટુકડે ટુકડે થયેલાં કામોથી જ શક્ય બને છે. શ્રી વિષ્ણુભાઈ પટેલની કારકિર્દી પણ કોઈ વિશાળ ઈમારત જેવી જ છે, નાના પાયા પર શરૂ કરી ગગન સુધી પહોંચેલી ગાથા.

શ્રી વિષ્ણુભાઈ પટેલનો જન્મ ગુજરાતમાં અમદાવાદમાં ૨૭ જાન્યુઆરી, ૧૯૪૨માં થયો. શ્રી વિષ્ણુભાઈએ તેમની આજે ૪૦ થી વધુ વર્ષો સુધી પહોંચેલી કારકિર્દીની બહુ નાની વયે શરૂઆત કરી હતી. પોતાની ઉદ્યોગસાહસિકતા અને મજબૂત મહત્ત્વાકાંક્ષાઓ તેમને બાંધકામના વિશ્વમાં સાકાર થતી લાગી. હૈયામાં હામ અને આંખોમાં તેજ સ્વપ્નો સાથે તેમણે **'ભાવના કન્સ્ટ્રક્શન કંપની'**ના નામે ભાગીદારીમાં ધંધાકીય સાહસનો આરંભ કર્યો.

ત્રણ વર્ષનાં ટૂંકા ગાળામાં, આ સાહસે જબરજસ્ત પ્રગતિ કરી. આ ફર્મ દ્વારા તેઓએ ગુજરાતમાં વિવિધ સરકારી પ્રોજેક્ટ હાથ ધર્યા અને તેમનો આત્મવિશ્વાસ, ક્ષમતા અને વિશ્વસનીયતા સુદૃઢ થયાં.

ધંધામાં વધુ વ્યાપક સંભાવનાઓ જોઈને તેમને લાગ્યું કે એક પ્રાઈવેટ લિમિટેડ કંપનીની સ્થાપના કરવી એ એક અનિવાર્ય પગલું છે. પરિણામે ૧૯૮૮માં સદ્‌ભાવ એન્જિનિયરીંગ પ્રાઈવેટ લિમિટેડ (SEL)ની સ્થાપના થઈ.

એક દાયકામાં કંપનીએ જોરદાર પ્રગતિ કરી અને એ સાથે તેનો મેનપાવર પણ વધ્યો. આજે કંપની શ્રી વિષ્ણુભાઈના અથાગ અને સમર્પિત પ્રયાસોને કારણે તેની આજની ઊંચાઈએ પહોંચી છે અને રૂા. ૨૭૦૦ કરોડના ટર્નઓવરના આંકે પહોંચી છે. આજે SEL દેશમાં પાંચમાં ક્રમની સૌથી મોટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની બની ગઈ છે. કંપનીનું ફોક્સ અને કુશળતા રસ્તા, ખાણ, સિંચાઈ અને બીઓટી ક્ષેત્રોમાં છે. શ્રી વિષ્ણુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ કંપની પોતાની સતત વિકસી રહેલી આવડતને વિશાળતમ આંતરમાળખાકીય સુવિધાઓમાં રૂપાંતરિત કરવા માટે કટિબદ્ધ છે.

કંપની તમામ બીઓટી (બિલ્ડ, ઓપરેટ અને ટ્રાન્સફર) ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનો બિઝનેસ સદ્‌ભાવ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ લિમિટેડ (SIPL) નામે ચાલતી પેટા કંપની દ્વારા આગળ ધપાવવામાં આવે છે. SIPL સ્પેશિયલ પરપઝ વેહિકલ્સ (SPV) દ્વારા સંબંધિત કન્સેશન એગ્રીમેન્ટ અનુસાર રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ, ઓપરેટ અને મેઈન્ટેઈન કરે છે. હાલમાં ૧૧ બીઓટી પ્રોજેક્ટ કાર્યરત છે, જેમાં કેટલાક સંપૂર્ણપણે ઓપરેશનલ છે, કેટલાક બાંધકામ હેઠળ છે અને કેટલાક વિકાસના વિવિધ તબક્કે છે.

શ્રી વિષ્ણુભાઈ પટેલ સતત નૂતન અભિગમોમાં SELનું ભાવિ સમાયેલું જુએ છે. એટલે જ તેઓ સતત મશીનરી અને સાધનોના આધુનિકીકરણ પર ભાર મૂકે છે. આ કારણે SELનાં સંસ્થાકીય લક્ષ્યોને પાર કરવામાં કંપનીને અસાધારણ મદદ મળી છે.

જેમ ટેક્નોલોજી ભાવિ સાથે સંપર્ક સાધી આપે છે, તેમ કંપનીનાં માનવ સંસાધનો કંપનીની હરણફાળ શક્ય બનાવે છે. SELના વર્કફોર્સને પ્રોત્સાહિત કરવા માટે શ્રી વિષ્ણુભાઈ પટેલે અસંખ્ય કલ્યાણ પ્રવૃત્તિઓ હાથ ધરી છે.

બિઝનેસમાં સતત પ્રવૃત્ત અને વ્યસ્ત રહેવા છતાં, શ્રી પટેલ સમાજના ઉત્કર્ષ માટે અનેક પ્રકારની સમાજસેવી પ્રવૃત્તિઓમાં પણ સક્રિય યોગદાન આપી રહ્યા છે. તેઓ અનેક



શ્રી વિષ્ણુભાઈ પટેલ
ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર,
સદ્‌ભાવ એન્જિનિયરીંગ લિમિટેડ

શૈક્ષણિક સંસ્થાઓ, ગરીબો અને વંચિતો માટેનાં આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલો અને ટ્રસ્ટોમાં ટ્રસ્ટી કે માનદ્ સભ્ય તરીકે સેવારત છે.

કોઈપણ ક્ષેત્રમાં અનન્ય યોગદાન અને સર્વોત્તમ કાર્યક્ષમતા સૌની નજરે ચઢ્યા વિના રહેતી નથી. એટલે જ એસઈએલની પ્રગતિ અને નોંધપાત્ર પ્રદાનને લક્ષમાં લઈને નવી દિલ્હીમાં ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક સ્ટડીઝ દ્વારા શ્રી વિષ્ણુભાઈને **'ઉદ્યોગ રત્ન એવૉર્ડ'**થી સન્માનિત કરવામાં આવ્યા છે.

એસઈએલ કંપનીને પણ દેશમાં ઔદ્યોગિક વિકાસના ક્ષેત્રે યોગદાન માટે 'એવૉર્ડ ઑફ એક્સલન્સ' મળ્યો છે. કંપનીની સિદ્ધિઓ માટે આ સર્વોચ્ચ સન્માન છે અને કંપનીની યશોગાથામાં વધુ એક સીમાચિહ્ન છે.

શ્રી વિષ્ણુભાઈ પટેલ વિવિધ ચેરિટેબલ સંસ્થાઓમાં પણ સક્રિય રસ લઈ રહ્યા છે. શ્રી વિષ્ણુભાઈની અથાગ ક્ષમતા અને મહત્ત્વાકાંક્ષાઓનો પડઘો પડે છે તેની શ્રદ્ધામાં. તેઓ સદ્ભાવ ફિનસ્ટોક (પ્રા.) લિમિટેડના સીએમડી અને ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સભ્ય તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે.

શ્રી વિષ્ણુભાઈ કોઈપણ વ્યક્તિની સફળતામાં શિક્ષણને સૌથી વધુ પ્રાધાન્ય આપે છે. આથી જ તેઓ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના ટ્રસ્ટી તરીકે પણ સેવારત છે.

સફળતાના ચાર દાયકાની સફર પછી પણ વધુ ઊંચાઈઓ સિદ્ધ કરવાની તેમની ઝંખના કંપનીને અવિરત આગળ ધપાવી રહી છે. દરેક પ્રોજેક્ટમાં સર્વોચ્ચતાના નવા માપદંડો તૈયાર કરવાની નેમ સાથે તેઓ કંપનીનો દોરીસંચાર કરી રહ્યા છે. ચિરંજીવ સફળતાની એ જ તો લાક્ષણિકતા છે.

શ્રી વિષ્ણુભાઈ ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના કારોબારી સભ્ય તરીકે ઘણા વર્ષોથી સેવા આપી રહ્યા છે. સમાજના ઉત્થાન માટે હંમેશા તત્પર એવા શ્રી વિષ્ણુભાઈએ શ્રી ઉમિયા માતાની પ્રેરણાથી સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં કરોડોના દાન કર્યા છે. સરળ સ્વભાવના નિરાભિમાની, મૃદુ અને સૌમ્ય એવા શ્રી વિષ્ણુભાઈ અને તેમના સમગ્ર પરિવાર ઉપર શ્રી ઉમિયા માતાજીના આશીર્વાદ નિરંતર વરસતા રહે તેવી શુભભાવના સાથે વિરમું છું.

મણિભાઈ ઈ. પટેલ (મમ્મી), ઊંઝા
લેખક, સંપાદક - સ્મૃતિગ્રંથ
કન્વીનર, ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ, ૨૦૦૯
શ્રી ઉમિયા માતાજી, ઊંઝા






૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

લેખક/સંપાદકનું નિવેદન

શ્રી મણિભાઈ ઈશ્વરભાઈ પટેલ (મમ્મી)
કન્વીનર, ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯
શ્રી ઉમિયા માતાજી, ઊંઝા
ફોન નં. : ૨૭૬૭-૨૫૨૦૫૦



વિસ્મૃતિ એ ભગવાનનો મનુષ્ય ઉપર એક ઉપકાર છે. જો બધું જ યાદ રાખવા જઈએ તો મહત્ત્વની બાબતોની વિસ્મૃતિ થઈ જાય અને જે યાદ રાખવા જેવું હોય તે પણ ભુલાઈ જાય.

મા ઉમિયાનો ૧૮મી શતાબ્દી મહોત્સવ અને પછી એ મહોત્સવની રજત જયંતી એક યાદગાર સંભારણું બની ગ્રંથ રૂપે જળવાઈ રહે તે માટેનો આ એક નમ્ર પ્રયાસ છે.

હું કંઈ લેખક નથી કે નથી કવિ, નથી કોઈ કલાકાર કે નથી સાહિત્યકાર. હું છું મા ઉમિયાનો ભક્ત. અમારા પરિવારમાં ઉમિયા માતાની ભક્તિના સંસ્કારો પડેલા છે અને ભક્તિમાં કોઈ શરત ન હોય કે ન હોય સાબિતી, એકલી નિષ્ઠા અને શ્રદ્ધા જ હોય.

આ ગ્રંથ દ્વારા હું તમારી સાથે છું, તેને મારા જીવનનું પરમ સદ્‌ભાગ્ય સમજું છું મારે તમારી - મા જગતજનની ઉમિયા પ્રત્યેની શ્રદ્ધાને જાગૃત કરવી છે, મજબૂત કરવી છે. આપણી અંદર ઊંડે ઊંડે સંસ્કૃતિનાં બીજ પડેલાં છે તેને અંકુરિત કરી નવપલ્લવિત કરવાં છે.

હું જીવનમાં વ્યક્તિ પૂજાથી દૂર રહ્યો છું. મા ઉમિયાનું શરણ સ્વીકારીને મારે તમને આ વાત કહેવી છે - જીવનમાં કંઈક ચડાવ-ઉતાર લીલી-સૂકી બધાંમાંથી હું મા ઉમિયાના આશીર્વાદથી પાર પડ્યો છું. તમારા ઉપર પણ મા ઉમિયાના આશીર્વાદ વરસે તેનો આ નમ્ર પ્રયાસ છે. મેં જાગતા-ઊંઘતા, ખાતાં-પીતાં, કોઈપણ કાર્ય કરતાં સમાજના ઉત્કર્ષ માટે મા ઉમિયાના આશીર્વાદથી શું થઈ શકે તેનું ચિંતન કર્યું છે અને તેનું પરિણામ આપણે સૌ જોઈ શકીએ છીએ.

જગતજનની મા ઉમિયા સૌની માતા છે. કડવા પાટીદારોની કુળદેવી છે. મા ઉમિયાનું અતિ પ્રાચીન અને ઐતિહાસિક પૌરાણિક મંદિર ઉમાપુર ઊંઝામાં આવેલું છે.

હજારો વર્ષથી કડવા પાટીદારો અને અન્ય સમાજોના લોકો પ્રચંડ આસ્થા અને પૂર્ણ શ્રદ્ધા સાથે મા ઉમિયાના દિવ્ય દર્શન કરવા માટે તેમજ પોતાની મનોકામનાઓ પરિપૂર્ણ કરવા ઊંઝા પધારે છે.

આવી મા ઉમિયાનો ૧૮મી શતાબ્દી મહોત્સવ સંવત ૨૦૩૩ના માગસર સુદ-૪ થી માગસર સુદ-૮ દરમ્યાન ઉત્સાહ, ઉમંગ સાથે ભારે સફળતાપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. દેશ-પરદેશમાંથી ૧૮ થી ૨૦ લાખ ભક્તોએ આ મહોત્સવમાં પધારી માતાજીનાં દિવ્ય દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. આ મહોત્સવ કોઈ સામાન્ય મહોત્સવ ન હતો પરંતુ આ મહોત્સવની દૂરગામી અસરો આ સમાજજીવન ઉપર



વર્ષો સુધી રહે તેવું આયોજન તે સમયે કરવામાં આવ્યું હતું. તેથી આ મહોત્સવ સમગ્ર કડવા પાટીદારોનું એક ટર્નીંગ પોઈન્ટ બન્યો. સમાજમાં જાગૃતિ અને ચેતના આવી અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવના જાગૃત થઈ. જ્યારે નવીન પેઢી શ્રી ઉમિયા માતાજી અમારી કુળદેવી છે તેવું ભૂલવાની અણી ઉપર હતી તેવા સમયે આ મહોત્સવ થવાથી આખો સમાજ મા મય બન્યો. મા ઉમિયામાં ભક્તિભાવ વધ્યો અને ઊંઝાનગર



સાચા અર્થમાં પવિત્ર યાત્રાધામ બન્યું.

આ મહોત્સવની સફળતા માટે ઊંઝાનગરના સૌ ભાઈ-બહેનોના સહકારથી મહોત્સવની કામગીરી કરવા માટે જુદી જુદી કમિટિઓની રચના કરી, સૌને જુદા જુદા પ્રકારની કામગીરી સોંપવામાં આવી હતી. આ મહોત્સવમાં મને પ્રચાર અને પ્રકાશન કમિટિના ચેરમેન તરીકેની એક ભારે જવાબદારી સોંપવામાં આવી હતી. કારણ કે આ મહોત્સવનો પ્રચાર-પ્રસાર છેલ્લા માણસ સુધી પહોંચાડવાની જવાબદારી સોંપવામાં આવી હતી. આખા મહોત્સવનો જેટલો પ્રચાર-પ્રસાર વધુ કરવામાં આવે તેટલી મોટી સંખ્યામાં લોકો આવી શકે. પ્રચાર-પ્રકાશન કમિટિના સભ્યો એવા મારા સાથીદાર મિત્રો અને હોદ્દેદારશ્રીઓના સતત માર્ગદર્શન અને હૂંફ મળી રહેવાને કારણે આ કામગીરી સફળતાપૂર્વક પાર પાડી.

આ મહોત્સવ વખતે મારી ઉંમર ૪૩ વર્ષની હતી. એ વખતે મારો ઉત્સાહ, ઉમંગ અને તરવરાટ અદમ્ય હતો. તેથી સમગ્ર ગુજરાતના ખૂણે ખૂણે આ મહોત્સવના સમાચારો પહોંચાડી શક્યા અને ૧૮ થી ૨૦ લાખ યાત્રિકો મા ના દિવ્ય દર્શન કરવા પધાર્યા. તે વખતે હું આ સંસ્થામાં ખજાનચી તરીકેની સેવા આપતો હતો. તે સમયે મહોત્સવના ચેરમેન શ્રી કેશુભાઈ શેઠ, કે જેમનો ઊંઝાના વેપારીઓ ઉપર એક આગવું પ્રભુત્વ અને મોભો હતાં. તે વખતે ઊંઝાના સેવાભાવી અને પરમ આદરણીય એવા વડીલો કે જેમના નામો લખવા જઉં તો મોટી સંખ્યા થાય તેમ હોવાથી સૌ વડીલોની હૂંફ અને લાગણીથી શ્રેષ્ઠ કામગીરી કરી શક્યો.

આ મહોત્સવ પછી સંસ્થાના કાર્યવાહકોને એમ લાગ્યું કે આ સંસ્થા સમગ્ર વિશ્વના કડવા પાટીદારોની અંગત માલિકીની એક માત્ર ધાર્મિક સંસ્થા હોવાથી સંસ્થાએ બંધારણમાં બતાવેલા ધાર્મિક ઉદેશોમાં ફેરફાર કરી સમગ્ર કડવા પાટીદાર સમાજના

સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરી સમાજનો આર્થિક, સામાજિક, શૈક્ષણિક, આધ્યાત્મિક અને ધાર્મિક વિકાસ કરવા માટેનું આયોજન કરવું તેમજ આવનાર યાત્રિકો માટે સમયને અનુકૂળ આધુનિક રહેવા જમવાની વ્યવસ્થા કરવી અને વહીવટ માટે સારું કાર્યાલય બનાવવાનો અભિગમ વિચાર્યો. આ હેતુને લક્ષમાં લઈ દીર્ઘદૃષ્ટા પ્રમુખશ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સ્વ. શ્રી મણિભાઈ નારાયણદાસ પટેલ (ઘંટી), તેમજ સ્વ.શ્રી માધવલાલ ભોળીદાસ પટેલ (રૂસાત), શ્રી વિક્રમભાઈ ધનજીદાસ પટેલ (ચાણસ્માવાળા) શ્રી અંબાલાલ નાથાલાલ પટેલ (ચારી) જેવા અનેક કાર્યકરોએ સમાજને ઢંઢોળવા જાગૃતિ અને ચેતના લાવવા માટે લાખો કિલોમીટરનો પ્રવાસ કરી અનેક સંમેલનો, ઉત્સવો, સેમિનારો, પરિષદો, સમાંજયાત્રાઓ, ચિંતન શિબિરો જેવા અનેક કાર્યક્રમો કર્યાં આ માટે અત્યાર સુધીમાં મેં એક હજારથી બારસો જેટલાં પ્રવચનો કરી સમાજ સમક્ષ કડવા પાટીદારોનો ઈતિહાસ, મા ઉમિયાનો ઈતિહાસ તેમજ સામાજિક પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો. સમગ્ર સમાજ કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ તેમજ પરદેશોમાં પણ મા ઉમિયાના માધ્યમ દ્વારા અને મા ઉમિયાના જ્યોતિરથ દ્વારા સમગ્ર સમાજને સંગઠિત કરવામાં, એકબીજાથી નજીક લાવવામાં તેમજ નિર્વ્યસની બનાવવા માટે જબરજસ્ત ભગીરથ કાર્ય આપણે સૌ કરી શક્યા તેનું પ્રત્યક્ષ દર્શન આપણે રજત જયંતી મહોત્સવમાં જોઈ શક્યા છીએ.

પ્રથમ મહોત્સવ વખતે મારી ૪૩ વર્ષની ઉંમર હતી. તે પછી ૩૩ વર્ષે સંવત ૨૦૬૬ના માગસર સુદ-૧૧ થી માગસર સુદ-૧૫ તા. ૨૮-૧૧-૨૦૦૯ થી તા. ૨-૧૨-૨૦૦૯ દરમિયાન ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ યોજવામાં આવ્યો તે સમયે મારી ઉંમર ૭૬ વર્ષની હતી.

આ મહોત્સવમાં પણ સમગ્ર ઊંઝાની સ્થાનિક કારોબારી, સંસ્થાની કારોબારી અને જનરલ સભાએ સર્વાનુમતે આ મહોત્સવના કન્વીનર તરીકે મારી નિમણૂક કરી. આ મહોત્સવમાં સક્રિય કામગીરી કરવાની મને તક આપી તેથી હું મારી જાતને ભાગ્યશાળી માનું છું, ૩૩ વર્ષ પછી પણ મારો ઉત્સાહ, ઉમંગ અને તરવરાટ ૪૩ વર્ષના જેવો રહ્યો, મારી તંદુરસ્તી જળવાઈ રહી જેથી મને થાક, કંટાળો, ગુસ્સો કે ઈર્ષ્યા એવું કંઈ પણ સ્પર્શી શક્યું નહિ. આ રજત જયંતી મહોત્સવ રંગે ચંગે ભારે સફળતાપૂર્વક પાર પડ્યો તે માની કૃપા નહિ તો બીજું શું ?



આ મહોત્સવનું આયોજન એટલું ભવ્યતાથી ભવ્ય રીતે કરવામાં આવ્યું કે જેની વિશ્વ કક્ષાએ તેની નોંધ લેવાઈ, પાટીદારો જ આવા આયોજનબદ્ધ મહોત્સવ કરી શકે. આ મહોત્સવથી મા ઉમિયાનો સમગ્ર વિશ્વમાં જય જયકાર થયો. ઊંઝાનગર અને ગ્રામ્ય વિસ્તારના હજારો સ્વયંસેવક ભાઈ-બહેનોએ નિષ્ઠાપૂર્વક કરેલી સેવાઓની નોંધ લઈ અભિનંદન આપી સૌને વંદન કર્યા.

આ ૩૫ વર્ષ દરમિયાન નિષ્ઠાપૂર્વક સેવા કરી, કોઈપણ પ્રકારના પદ, પ્રતિષ્ઠા કે સન્માનથી પર રહી સતત કાર્યશીલ રહ્યો. એવો એકપણ દિવસ નહિ હોય કે શ્રી કેશુભાઈ શેઠ અને મારા વચ્ચે બે-ત્રણ વખત ટેલિફોન થયો નહિ હોય, અઠવાડિયામાં એકાદ કાર્યક્રમ ન હોય એવું પણ બન્યું નથી. આમ મા ઉમિયાના માધ્યમ દ્વારા આપણે આ સમાજને સંગઠિત રાખી શકીશું. આ સંસ્થાનો વહીવટ પારદર્શક અને વિકાસલક્ષી રહ્યો છે. આ સંસ્થાએ જે ઉચ્ચ પ્રકારની પ્રણાલિકાઓ પ્રસ્થાપિત કરેલી છે તે રીતે જો આપણે વહીવટ કરીશું તો આ સંસ્થાનની પ્રગતિ અવિરત રહેશે. હજી આપણે ઘણું બધું કાર્ય કરવાનું બાકી છે. તે કરવાની મા ઉમિયા આપણા સૌને શક્તિ અને બુદ્ધિ અર્પે તેવી મા ઉમિયાને પ્રાર્થના.

આ સંસ્થામાં જ્યારે અમદાવાદ શહેરના શ્રેષ્ઠીઓ આ સંસ્થાનો વહીવટ કરતા હતા ત્યારે મારા પિતાશ્રી સ્વ. પટેલ ઈશ્વરલાલ પ્રાણદાસે સહમંત્રી તરીકે વર્ષો સુધી સેવા આપી હતી. તેજ રીતે મારા દાદાના પિતાશ્રી સ્વ. પટેલ રામચંદ્ર લક્ષ્મીચંદ કે જેઓએ માન સરોવરના નિર્માણમાં સક્રિય કામગીરી કરેલ હોવાથી માન સરોવરના શિલાલેખમાં તેમનું નામ છે. તે જ રીતે મારા પરદાદા સ્વ. પટેલ લક્ષ્મીચંદ બાળચંદ કે જેઓએ મંદિરના નિર્માણમાં સક્રિય કામગીરી કરેલી હોવાથી મંદિરના નિર્માણના શિલાલેખમાં તેમનું નામ છે. તે જ રીતે મારા મોટાભાઈશ્રી મફતભાઈ ઈશ્વરલાલ નિવૃત્ત IAS ઓફિસર કે જેમના પ્રયાસથી સંસ્થા દ્વારા શ્રી ઉમિયા માતાજી કેમ્પસ, સોલા (અમદાવાદ)માં IAS ટ્રેનિંગ સેન્ટર સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેનું ટ્રેઈનિંગ સેન્ટર તેમના માર્ગદર્શન નીચે શરૂ કરવામાં આવ્યું. આમ મારો સમગ્ર પરિવાર વર્ષોથી મા ઉમિયાની ભક્તિ કરતો આવ્યો છે. અમારા સમગ્ર પરિવારમાં કોઈપણ નાનુ-મોટું કાર્ય માનું સ્મરણ કરી શરૂ કરવાની પ્રણાલિકા છે. હું મારી જાતને એટલો બધો ભાગ્યશાળી માનું છું કે પ્રથમ મહોત્સવ વખતે મને પ્રચાર પ્રકાશન સમિતિના ચેરમેન તરીકે અને બીજા મહોત્સવમાં કન્વીનર તરીકેની અને શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ જ્યોતિરથનો વિચાર આપી તેની પરિક્રમા કરવાની કામગીરીની તક મળી. આ જ માની મોટામાં મોટી કૃપા.


આ મહોત્સવ પછી મારા મનમાં સતત વિચાર આવ્યા કરતા હતા કે, છેલ્લા ૩૫ વર્ષથી એકધારો સતત સંસ્થાના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠની સાથે ને સાથે આ સંસ્થાની પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત રહ્યો. પદ-પ્રતિષ્ઠા કે માન-સન્માનથી પર રહ્યો; ભક્તિભાવથી નિષ્ઠાપૂર્વક કોઈપણ જાતની અપેક્ષા સિવાય કામગીરી કરી માનો ભક્તિભાવ વધારવા અને સમાજને સંગઠિત કરવાના પ્રયત્નો કરતો રહ્યો. તે નિસ્વાર્થ સાચી વાવણી છે. આ સેવા, ભક્તિના કાર્યથી મને સાચી તૃપ્તિ-પ્રાપ્તિ થઈ છે.

આ મહોત્સવની કાયમી યાદગીરી રહે અને આવનારી પેઢી જ્યારે સુવર્ણ જયંતી મહોત્સવ યોજે ત્યારે તેમને માર્ગદર્શન અને પ્રેરણા મળી રહે તેવો એક ઐતિહાસિક ગ્રંથ બનાવવા વિચાર્યું. આ વિચાર માટે સતત એક વર્ષ સુધી મનોમંથન કરતો રહ્યો. આ વિચાર મેં મારા કેટલાક લેખક મિત્રો સમક્ષ રજૂ કર્યો અને જેમણે આ મહોત્સવને સફળ બનાવવામાં સક્રિય કામગીરી કરી છે તેવા જુદી જુદી કમિટિના ચેરમેનો અને હોદેદારશ્રીઓએ સાથ-સહકાર આપવા કહ્યું. તેમજ સંસ્થાના હોદ્દેદારશ્રીઓ, મહોત્સવના ચેરમેનશ્રી નારાયણભાઈ પટેલ, પ્રોજેક્ટ ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ પટેલ વગેરેએ પણ મને આ કાર્યમાં આગળ વધવાની પ્રેરણા આપી. તેમજ આ ગ્રંથ ઐતિહાસિક અને યાદગાર બની રહે તે માટે મને જરૂરી માર્ગદર્શન, માહિતી પુરી પાડવા અને સહયોગ આપવા બદલ સર્વેનો ખાસ અંતઃકરણપૂર્વક આભાર માનું છું. આ શ્રેષ્ઠ ગ્રંથ બને તે માટે સાથે સતત ચિંતન કર્યું છે તેથી જ આવો સુંદર ઐતિહાસિક ગ્રંથ બની શક્યો છે. આ ગ્રંથ તૈયાર કરવામાં મારા પરિવારના સૌ સભ્યોએ મને સાથ-સહકાર આપ્યો, તે બદલ સૌનો આભાર. છેલ્લે મા ઉમિયાના માધ્યમ દ્વારા છેલ્લા ૩૭ વર્ષ સુધી આ સમાજના ગરીબમાં ગરીબ અને અબજોપતિના ઘરે જવાનું થયું તેથી સમાજને ખૂબ જ નજીકથી નિહાળી શક્યો. મા ઉમિયાનો જ્યોતિરથ જ્યાં જ્યાં ગયો ત્યાંના કડવા પાટીદારોના ખાન, પાન, રીત-રિવાજો, રહેણીકરણી, ધંધા-રોજગાર, ધાર્મિક અને રાજકીય માન્યતાઓ, સમાજ દ્વારા ચાલતી સંસ્થાઓ વિગેરેનો તલસ્પર્શી અભ્યાસ કરવાની તક મળી. જેથી સમગ્ર કડવા પાટીદાર સમાજનો અભ્યાસ કરી શક્યો. આમ સતત પ્રવૃત્તિશીલ રહ્યો. મનની એક તીવ્ર ઈચ્છા હતી કે માનો એક સારો ઉત્સવ થઈ જાય અને માનો જય જયકાર થાય તેવી ભાવના હતી. આ

રજત જયંતી મહોત્સવ થઈ ગયા પછી નવી પેઢી સંસ્થામાં આવે તે જરૂરી છે, તેથી હું ઉત્સવ વખતે આવતા યુવાન મિત્રોને કહેતો કે હવે મહોત્સવ પછી અમારે આવવાનું ઓછું થશે અને તમે સૌ વહીવટ સંભાળો. એવી ભાવના વ્યક્ત કરતો રહ્યો છું.




આ સ્મૃતિગ્રંથ તૈયાર કરવાનું વિચાર્યું ત્યારે આ મહોત્સવની ભારે સફળતા માટે જે ૨૯ વિવિધ કમિટિઓ રચાયેલી તે કમિટિઓએ મહોત્સવને ભારે સફળતા અપાવવા માટે નિષ્ઠાપૂર્વક અને ભારે જહેમત ઉઠાવી કરેલી કામગીરીને બિરદાવવા માટે તેમણે કરેલી કામગીરીની વિગત મને મોકલવા માટે વારંવાર ટેલિફોન અને રૂબરૂ કહેલ તે મુજબ જે તે કમિટિએ જે લખાણ આપ્યું તે જ મુજબ આ ગ્રંથમાં છાપવા પ્રયત્ન કર્યો છે. તમામ કમિટિઓએ લખાણ આપ્યું તે પ્રમાણે છાપવામાં આવ્યું છે તેમાં કોઈ ભૂલચૂક કે માહિતી દોષ રહ્યો હોય તો દરગુજર કરશો.



આ સ્મૃતિગ્રંથની પ્રસ્તાવના ગુજરાતના જાણીતા અને વિદ્વાન લેખક માનનીય ડૉ. શ્રી મફતભાઈ પટેલ (અમદાવાદ)એ લખી આપી તે બદલ તેમનો ખાસ આભાર માનું છુ.

" આ ગ્રંથ માટે મહત્વની બાબત એ છે કે જેમની પ્રેરણા અને આર્થિક યોગદાન દ્વારા એક સુંદર, મૂલ્યવાન, ઐતિહાસિક સ્મૃતિગ્રંથ પ્રસિદ્ધ કરી શક્યો તે માટે હું પરમ આદરણીય **શ્રી વિષ્ણુભાઈ મફતલાલ પટેલ (સદ્‌ભાવ એન્જીનિયરીંગ)**, અમદાવાદનો ખાસ આભાર માનું છું."



તેમજ આ સ્મૃતિગ્રંથ તૈયાર કરવામાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના તે વખતના હોદ્દેદારો તેમજ ચાલુ હોદ્દેદારશ્રીઓએ તથા કાર્યાલયમાંથી જે સાથ-સહકાર મળ્યો છે તે માટે તેમજ અનેક ભાઈ-બહેનોએ સાથ સહકાર અને માર્ગદર્શન આપ્યું છે તે બદલ તે સૌનો આભાર માનું છું.


મા ઉમાના આશીર્વાદ સદૈવ આપણા સૌના પર રહે તેવી મા ઉમાને અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

મા ઉમિયાના ચરણોમાં કોટી કોટી વંદન.

• • •




૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ - ૨૦૦૯



સ્મૃતિગ્રંથ

પ્રસ્તાવના...



જગતજનની મા ઉમિયાજીનો ૧૮મી શતાબ્દી મહોત્સવ ૧૯૭૬માં ઉજવાયો ત્યારે સમગ્ર કડવા પાટીદાર સમાજમાં અભૂતપૂર્વ ક્રાન્તિનું બીજારોપણ શરૂ થયું. આ મહોત્સવનું પરિણામ એ આવ્યું કે માની ભક્તિ તો ગામે ગામ અને ઘેર ઘેર વધી પણ એનાથી સવિશેષ ઘટના એ બની કે પાટીદારોના વિશાળ દરિયાનો ખ્યાલ બધાને આવી ગયો. હું એકલો નથી, પણ કુળદેવી મા ઉમિયાજીના હજારો ભક્તો, ચાહકો, મારા ભાઈઓ ગામે ગામ વેરાયેલા છે ને વિવિધ ક્ષેત્રે સક્રિય છે. આ બધાઓની આંતરિક એકતા શરૂ થઈ ને તેનું પરિણામ આપણે કલ્પી ન શકીએ, ધારી ન શકીએ તેવું અભૂતપૂર્વ આવ્યું. પાટીદારોનો સુસવાટો આત્મીય નાતો રહ્યો છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાનને ગતિશીલ ને સમાજકલ્યાણી દેવી સ્વરૂપ આપવા પાછળ હજારો કાર્યકરો, સંસ્થાના સક્રિય હોદ્દેદારોનું કાર્ય રહ્યું છે. સામાજિક પરિવર્તન માત્ર એક જ દ્વારા અશક્ય છે, સમગ્ર કડવા પાટીદારોમાં ચેતનાનો પવન ફૂંકવામાં ઉમિયા માતાજી સંસ્થાનની ભૂમિકા સૌથી વિશેષ રહી તેમ છતાં તેની પાછળ હજારો કાર્યકરોએ સાથ, સહકાર અને પ્રેમ આપ્યો છે, પણ આમાં મારા હૃદય સાગરમાં બે વ્યક્તિઓનું જે સ્થાન સ્થાપિત થયું છે એમાં શ્રી કેશુભાઈ શેઠ અને મણિભાઈ (મમ્મી) છે. કેશુભાઈ આજે આપણી સમક્ષ નથી, પણ તેઓના કાર્યની નોંધ ન લેવાય તો શ્રી ઉમિયા માતાજી સંસ્થાન અને આધુનિક કડવા પાટીદારોનો ઇતિહાસ લંગડો બની જાય. આ વ્યક્તિનું એક એવું પરિબળ રહ્યું કે શાન્ત રહીને, પ્રવચનો કર્યા વિના સારા કાર્યોને બળ આપ્યું છે.

વર્ષોથી મા પ્રત્યેની મારી ભક્તિએ મારા જીવનમાં પ્રેરણાનાં બીજ રોપાયાં છે, તેના આધારે હું સ્પષ્ટ માનતો થયો છું કે માની આંતરિક શક્તિ, કેશુભાઈ શેઠનું બાહ્યબળ અને મણિભાઈ મમ્મીના પ્રવચનો દ્વારા ગતિ આપવાની તાકાતે સમગ્ર કડવા પાટીદાર સમાજમાં નવી દિશા ખુલી છે, આ કહ્યા વિના રહી શકું એમ નથી.

મણિભાઈ મમ્મીને કાળી અને સફેદ દાઢીમાં, જુદા જુદા પોષાકોમાં, તેઓના પ્રવચનોમાં, વિવિધ માસિકોમાં પ્રગટ થયેલા લેખોમાં, ગામડાંઓના અભણ વ્યક્તિઓ અને શહેરોના સુસજ્જ મકાનોમાં રહેતા સુશિક્ષિત વ્યક્તિઓ વચ્ચે પ્રવચન

કરતા માની ભક્તિના ગુણગાન ગાતા ને કડવા પાટીદારોની ઐતિહાસિક ભૂમિકા, પાટીદારોની ખાસિયતોનું અને ખૂબીઓનાં દર્શન કરાવતા, કાર્યકરોની મિટિંગોમાં જુદા પ્રકારનું ચિંતન, મનન અને મંથન કરતા મેં જોયા છે, તેઓનાં આંતર્બાહ્ય બધા જ સ્વરૂપોનાં દર્શન કર્યા પછી હું એટલું સમજી શક્યો છું કે આખું જીવન જેને માત્ર એક જ ગાડીના પાટા ઉપર, સીધી દિશામાં માત્રને માત્ર ઉમિયાની ભક્તિ, પ્રેમ સાથે તાદાત્મ્યતા કેળવી સમગ્ર કડવા પાટીદાર સમાજને ગતિશીલ બનાવ્યો છે, છતાં તેઓ જ્ઞાતિવાદી કે કોમવાદી નથી. તેઓના હૃદયસાગરમાં રાષ્ટ્રીયતાનો પ્રવાહ સતત વહી રહ્યો છે.

કોઈપણ જ્ઞાતિ કે સમાજની એકતાના મૂળમાં ધર્મનું બળ ન હોય તો તે સમાજ કે જ્ઞાતિ ટકે ભલે પણ વેરવિખેર હોય છે. કડવા પાટીદારોને એક તાંતણે કોઈએ બાંધ્યા હોય તો તેનું આંતરિક બળ મા ઉમિયાજી છે, મા ઉમિયાજી તો એકતા, ઉન્નતિ, પ્રગતિ અને વિકાસનું જીવંત અપ્રાગટ્ય સ્વરૂપ છે, ને આ કાર્ય છેલ્લા ૫૦ વર્ષથી એકધાર્યું સમાજ સમક્ષ મણિભાઈએ હનુમાનજીની ભક્તિની જેમ, વ્યાસની કલમ અને સરદારની વાણીની જેમ કરી બતાવ્યું છે. જેથી મણિભાઈ ધન્યવાદને પાત્ર છે.

સ્મૃતિગ્રંથ જે આપની સમક્ષ મૂક્યો છે, તે સંપૂર્ણ આધુનિક શિલ્પ અને કલાથી, વિવિધ ઘટનાઓના ફોટાઓમાં સુસજ્જ બનાવીને, લગ્નમાં લાડીને શણગારીએ તેનાથી પણ વધારે સુશોભિત બનાવીને પ્રગટ કર્યો છે, જેના લીધે તે જોવો ગમે, વાંચવો ગમે તેવો સુંદર બન્યો છે. ફોટાઓને કલાત્મક રીતે યોગ્ય સ્થાને ગોઠવીને તમામ પ્રસંગોને જીવંત બનાવવા માટે સ્મૃતિગ્રંથમાં મહોત્સવના સમગ્ર પાસાઓનું વિવિધ કાર્યક્રમોનું આબેહૂબ વર્ણન કરી બતાવ્યું છે. મહોત્સવ જેને જોયો, જેના હૃદયમાં મહોત્સવ પ્રત્યે હમદર્દી જન્મી, ને મહોત્સવના વિવિધ પાસાનું વર્ણન કરીને જે લેખ સ્વરૂપે પ્રગટ કર્યા છે, તે તમામ લેખકો અભિનંદનના અધિકારી છે.


આ ગ્રંથ એક ઐતિહાસિક પુરાવો બનશે, ને ભાવિ પેઢીને નવું માર્ગદર્શન આપશે. સમાજ કેવી રીતે બદલાય છે, ને કેવી રીતે બદલાયો છે, ને આમાં મા ઉમિયાજીની ભક્તિ, તેનો જીવંત પુરાવો આ ગ્રંથ છે. સતત એક વર્ષ કાર્ય કરીને શ્રી મણિભાઈ મમ્મીએ એક નહિ પણ અનેક લોકોનો સાથ સહકાર લઈને એક ઉત્તમ સ્મૃતિગ્રંથનું સર્જન કર્યું છે. આ માટે તેઓ સૌના અભિનંદનના અધિકારી બન્યા છે. રજત જયંતી મહોત્સવને ગ્રંથસ્થ સ્વરૂપે સમાજ વચ્ચે મૂકવા બદલ મણિભાઈ પટેલ (મમ્મી)ને તંદુરસ્તીભર્યું મા દીર્ઘાયુ આપે કે જેથી તેઓ આગામી સુવર્ણ જયંતી મહોત્સવનું દર્શન કરી શકે. મા ઉમિયાજીના આશીર્વાદ સૌના ઉપર રહે, સૌ સુખી-સમૃદ્ધ બને, તેવી માના ચરણોમાં પ્રાર્થના સાથે.

- ડૉ. મફતલાલ પટેલ
અમદાવાદ

૨૦૬૯, માગસર સુદ -૧૫



શુભાશિષ



શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ
પ્રમુખ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, તા. ૨૮-૧૧-૨૦૦૯ થી તા. ૨-૧૨-૨૦૦૯ પાંચ દિવસ ભવ્ય રીતે ઉમંગ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં સફળતાપૂર્વક નિર્વિઘ્ને પૂર્ણ થયો.

આ મહોત્સવમાં ધાર્મિક સહસ્ત્રચંડી મહાયજ્ઞ સાથે સામાજિક, ઔદ્યોગિક અને શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા મહોત્સવમાં આવનાર યાત્રિકો કંઈક ઉપયોગી માહિતી લઈને જાય એવો ઐતિહાસિક ભવ્યાતિભવ્ય મહોત્સવ બની રહ્યો.

આ મહોત્સવ એક જ સ્થળે અંદાજે ૫૦૦ એકર ખુલ્લી જગ્યામાં 'ભવ્ય ઉમાનગર'ની રચના કરી દરેક કાર્યક્રમ માટે ભવ્ય પેવેલિયન ઊભા કરી ઉજવાયો, જેથી આવનાર યાત્રિકોની તમામ સગવડ જળવાઈ.

આ મહોત્સવમાં દેશ-વિદેશમાંથી અંદાજે ૫૦ લાખ યાત્રિકોએ લાભ લીધો અને મહોત્સવના મુક્ત કંઠે વખાણ કરી આયોજકોને અભિનંદન પાઠવ્યા.

આ મહોત્સવને ભારે સફળતા અપાવવામાં જુદી જુદી ૨૯ કમિટિઓએ કરેલી ઉત્તમ પ્રકારની આયોજનબદ્ધ કામની ચોકસાઈપૂર્વક કરેલી કામગીરી અને આ મહોત્સવમાં સેવા કાર્ય કરવા માટે ૧૫ હજાર જેટલા સ્વયંસેવક ભાઈ-બહેનોએ નિષ્ઠાપૂર્વક, પૂર્ણશ્રદ્ધાથી સેવા કાર્ય કર્યું તેમજ ઊંઝાનગર અને આજુબાજુના ગામવિસ્તારના ભાઈ-બહેનો દ્વારા મળેલ અપૂર્વ સહકારને કારણે આ મહોત્સવ કોઈપણ જાતના અજુગતા બનાવ બન્યા સિવાય, નિર્વિઘ્ને સફળતાપૂર્વક પાર પડ્યો. સમગ્ર વિશ્વમાં આ મહોત્સવની નોંધ લેવાઈ. પાટીદાર સમાજની અનુપમ સંગઠિત શક્તિની નોંધ લીધી. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાની ગરીમામાં વધારો કરીને એક આગવું સ્થાન પ્રાપ્ત કર્યું.

મા ઉમિયા આપણા સૌને સંગઠિત રાખી સમાજના વિકાસના કામો કરવાની શક્તિ અને બુદ્ધિ આપે તેવી મા ઉમાને પ્રાર્થના.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.

Kadva Patidar Kuldevi Shree Umiya Mataji Sansthan, Unjha.

૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯...

શુભેચ્છા સંદેશ

Trust Regd. No.: A943, Mehsana

તા.૧૦/૧૧/૧૨



પ્રતિ,

શ્રી મણિભાઈ ઈ. પટેલ

ઊંઝા

ભાઈશ્રી,

આપનો પત્ર મળ્યો.

શ્રી ઉમિયા માતાજી ઊંઝાનો **૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯નું** દર્શન-સ્મૃતિગ્રંથ તૈયાર કરી રહયા છો તે જાણી આનંદ થયો.

આ મહોત્સવ કોઈ સામાન્ય મહોત્સવ ન હતો, પણ એક ઐતિહાસિક પ્રસંગ હતો. જેની વિશ્વ કક્ષાને નોંધ લેવાઈ. આ મહોત્સવમાં આવનાર ૫૦ લાખ ભક્તોએ મન મુકી માણ્યો અને વખાણ્યો. આ મહોત્સવ સૌના ઉત્કર્ષનો ઉત્સવ બન્યો અને મા ઉમિયાનો જયજયકાર થયો. તેવા રજત જયંતી મહોત્સવને આપ સ્મૃતિગ્રંથ રૂપે કંડારી રહ્યો છો. આપના મૂલ્યવાન અને શુભ પ્રયત્ન બદલ ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ.

આ સ્મૃતિગ્રંથ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા માટે તેમજ આવનાર પેઢી અને સમાજ માટે પ્રેરણારૂપ અને માર્ગદર્શક બની રહેશે.

આપના આ પ્રયત્ન બદલ શુભેચ્છા અને અભિનંદન પાઠવું છું

(અનિલભાઈ ટી. પટેલ)

પ્રમુખ

કડવા પાટીદાર કુળદેવી

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

: સહસ્ત્રચંડી મહાયજ્ઞ :

પ્રારંભ : સંવત ૨૦૬૬ માગસર સુદ-૧૧, તા. ૨૮-૧૧-૨૦૦૯, શનિવાર • પૂર્ણાહુતિ : સંવત ૨૦૬૬ માગસર સુદ-૧૫, તા. ૨-૧૨-૨૦૦૯, બુધવાર

Unjha : 384170 (North-Guj.) India. Phone : +91 (2767) 323366, 245972, 245472 • Fax : 245772 • Guest House : 246474
Web : www.maaumiya.com • Email : umiyamatajiunjha@gmail.com

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.

Kadva Patidar Kuldevi Shree Umiya Mataji Sansthan, Unjha.

૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯...

શુભેચ્છા સંદેશ

Trust Regd. No.: A943, Mehsana

તા. ૧૦/૧૧/૧૨



પ્રતિ,

શ્રી મણિભાઈ ઈ. પટેલ

ઊંઝા

ભાઈશ્રી,

આપનો પત્ર મળ્યો,

શ્રી ઉમિયા માતાજી, ઊંઝાનો **૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ તા. ૨૮-૧૧-૨૦૦૯ થી તા. ૦૨-૧૨-૨૦૦૯** દરમિયાન યોજાયો. આ મહોત્સવ આપણા સૌના માટે એક ઐતિહાસિક અને યાદગાર પ્રસંગ બની રહ્યો. તેવા મહોત્સવનો શબ્દ સ્વરૂપ આપી એક સુંદર અને યાદગાર સ્મૃતિગ્રંથ બનાવી રહ્યા છો તે માટે આપને ખૂબ અભિનંદન. આપનો આ સંસ્થાન સાથે વર્ષો સુધીનો અનુભવનો નિચોડ આ સ્મૃતિગ્રંથમાં કંડારી એક ઐતિહાસિક ગ્રંથ બનાવવા જે પ્રયત્ન કરી રહ્યા છો તે માટે આપને ખૂબ ખૂબ અભિનંદન.

આપનો આ પ્રયત્ન આવનાર પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બનશે એવી શુભેચ્છા પાઠવું છું.

(વિક્રમભાઈ ઘ. પટેલ)
માનદમંત્રી
કડવા પાટીદાર કુળદેવી
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા


: સહસ્ત્રચંડી મહાયજ્ઞ :

પ્રારંભ : સંવત ૨૦૬૬ માગસર સુદ-૧૧, તા. ૨૮-૧૧-૨૦૦૯, શનિવાર • પૂર્ણાહુતિ : સંવત ૨૦૬૬ માગસર સુદ-૧૫, તા. ૨-૧૨-૨૦૦૯, બુધવાર

Unjha : 384170 (North-Guj.) India. Phone : +91 (2767) 323366, 245972, 245472 • Fax : 245772 • Guest House : 246474
Web : www.maaumiya.com • Email : umiyamatajiunjha@gmail.com

ચેરમેનશ્રીનું નિવેદન

શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ
ચેરમેન, ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા



ઊંઝાના આંગણે ઈ.સ. ૨૦૦૯ના નવેમ્બરની ૨૮મી થી ડિસેમ્બરની ૨ તારીખ સુધી એક ભવ્ય અને ઐતિહાસિક ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ઉજવાયો. આવું ભગીરથ કામ કોઈ એક વ્યક્તિ ન કરી શકે. દુનિયામાં આવાં મોટાં કામો જ્યાં જ્યાં થયાં છે ત્યાં અમુક ખાસ જવાબદાર વ્યક્તિઓએ તેને ગતિશીલ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હોય છે. સંઘ બળ ઊભું કરવા માટે તેને દોરનાર આગેવાનની જરૂર રહેતી હોય છે. એ રીતે ઊંઝાના આ મહોત્સવ માટે પણ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના હોદ્દેદારશ્રીઓએ તા. ૨૧-૧-૨૦૦૯ના રોજ મારામાં વિશ્વાસ મૂકી મને મહોત્સવના ચેરમેન તરીકે પસંદ કરી મને ગૌરવ આપ્યું.

મારા માટે આવા મોટા કામની જવાબદારી ઉઠાવવાનો આ બીજો પ્રસંગ હતો. આ અગાઉ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-ઊંઝાને ૫૦ વર્ષ પૂરા થતાં તેની ગોલ્ડન જ્યુબિલીનો પ્રસંગ પણ કમિટિના ચેરમેન તરીકે મારી આગેવાનીમાં સફળતાપૂર્વક પાર પડ્યો હતો.

અમારી મહોત્સવ કમિટિમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાની કારોબારીના સર્વ સભ્યો ખરા, પણ કામગીરીમાં ઉપયોગી એવા ઊંઝાના કારોબારીના સ્થાનિક સભ્યો, ઊંઝા બહારના સક્રિય સભ્યો, મહોત્સવ કમિટિઓના હોદ્દેદારશ્રીઓ તથા ઊંઝાના અન્ય પ્રતિષ્ઠિત સભ્યો મળી આ કમિટિ લગભગ ૧૫૦ સભ્યોની બની. સાથે સાથે ૧૦૦ જેટલા સ્વયંસેવક સભ્યો પણ હતા.

આ કમિટિએ પ્રથમ મિટિંગ કરી સર્વ કાર્યવાહીની સમીક્ષા, ભાવિ આયોજન અને તેમાં કોને પ્રાથમિકતા આપવી તેની વિચારણા કરી. તેના અનુસંધાનમાં ઊંઝાના આગેવાનોની, બહેનોની, ઊંઝાની અન્ય જ્ઞાતિના આગેવાનોની, ઊંઝાની જાહેર સંસ્થાઓ, સહકારી સંસ્થાઓના બોર્ડ આગેવાનો અને કર્મચારીઓની એમ સર્વેની અલગ અલગ મિટિંગો યોજવામાં આવી અને સર્વના સાથ-સહકારની માગણી કરવામાં આવી.





સૌ તરફથી સારો પ્રતિભાવ મળ્યો. તે બાદ ઊંઝા ગામના દરેક વિભાગોની મિટિંગો લત્તે લત્તે કરવામાં આવી. આજુબાજુના ગામડાંઓમાં પણ રૂબરૂ જઈ મિટિંગો યોજવામાં આવી. દરેકને પોતપોતાની કામગીરી સોંપવામાં આવી.

ઊંઝામાં સર્વનો સંપર્ક થયા બાદ ગુજરાતભરમાં મિટિંગોનું આયોજન કરવામાં આવ્યું. તેમાં મુખ્યત્વે હિંમતનગર, મહેસાણા, અમદાવાદ, વડોદરા, સુરત, અંકલેશ્વર, વાપી, સૌરાષ્ટ્રમાં રાજકોટ, મોરબી, સિદસર, જૂનાગઢ, કચ્છમાં ભુજ, વાંઢાઈ (દેસલપર), નખત્રાણા, ગઢશીશા, માંડવી વગેરે જગ્યાઓએ મિટિંગો થઈ.


અમદાવાદમાં શ્રી ઉમિયા માતાજી કેમ્પસ - સોલા ખાતે અમદાવાદના કાર્યકર્તાઓ સાથે અવાર-નવાર મિટિંગો થતી. મધ્યપ્રદેશ - રાજસ્થાનના સંપર્કો પણ ચાલુ હતા. આ રીતે મહોત્સવનો પ્રચાર ઉઠાવ પેદા કરવામાં આવ્યો. સર્વમાં અનોખો ઉત્સાહ અને થનગનાટ હતો. મહોત્સવની દરેક કમિટિઓ પણ પોતાની કામગીરીમાં મશગુલ હતી.

દરમિયાન માતાજીમાં તો દરેક કમિટિ સાથે સંકલન અને સલાહ-સૂચનની મિટિંગો ચાલુ જ રહેતી.

આ મહોત્સવને ભવ્યતા આપવા માટે ગુજરાત સરકારનો સહકાર મેળવવો અનિવાર્ય હતો. આથી અમો મહોત્સવના આગેવાનો, માતાજી સંસ્થાના હોદ્દેદારશ્રીઓ સાથે એક પ્રતિનિધિ મંડળ લઈ ગાંધીનગર ખાતે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને મહોત્સવના ઉદ્‌ઘાટન માટે આમંત્રણ આપવા ગયા. મા.શ્રી નરેન્દ્રભાઈ અને અન્ય પ્રધાનોની હાજરીમાં મહોત્સવને શુભેચ્છા પાઠવી અને સરકારશ્રીના સંપૂર્ણ સાથ-સહકારની ખાતરી આપી અને ઉદ્‌ઘાટન માટે સંમતિ આપી. સરકારશ્રીના દરેક ખાતાંઓએ જરૂરી તમામ કામગીરીમાં સાથ આપ્યો.

માર્ગ-વાહન વ્યવહારના મંત્રીશ્રી આનંદીબેન પટેલે મહોત્સવ દરમિયાન માતાજીના મંદિરે દર્શને જનાર યાત્રીઓ માટે ઉનાવા-ઐઠોરનો રોડ તાત્કાલિક ડબલ માર્ગ કરી આપ્યો.

બાંધકામખાતાના સચિવશ્રી એસ. એસ. રાઠોડશ્રીએ ઊંઝાના અગિયાર નાળાથી સીધા માતાજીમાં દર્શને જનાર યાત્રીઓને ટ્રાફિકની તકલીફ ન પડે તે માટે તાત્કાલીક ફૂટબ્રિજ બનાવી દેવામાં આવ્યો.



માનનીય ગૃહમંત્રીશ્રી અમીતભાઈ શાહે મહોત્સવને સફળ બનાવવા કાયદો અને વ્યવસ્થા જાળવવા સરકારશ્રીના ઉચ્ચ કક્ષાના પોલિસ અધિકારીશ્રીઓની ખાસ મિટિંગ બોલાવી સેવા અને સહકાર માટે ખાસ સૂચનાઓ આપી.


પાણી-પુરવઠા ખાતા તરફથી જોઈતી તમામ પાઈપો અને ટેન્કરો પૂરી પાડવામાં આવી.

વાહન વ્યવહાર પ્રધાનશ્રીએ તથા એસ.ટી. નિગમે ગુજરાતભરમાંથી ખાસ એસ.ટી.ની ટ્રીપો ઊંઝા યાત્રીઓને લાવે તેવી વ્યવસ્થા કરી. અમદાવાદ સોલા કેમ્પસ ખાતે એસ.ટી. એ મહોત્સવ માટે ખાસ ડેપો ખોલ્યો હતો.

મહેસાણાના સાંસદ મા.જયશ્રીબેન પટેલે ખાસ રેલ્વે પ્રધાન મમતા બેનર્જીને મળી અમદાવાદ અને મુંબઈથી ઊંઝા ખાતે ખાસ ટ્રેઈનોની વ્યવસ્થા કરી.

ટ્રાફિકની વ્યવસ્થા માટે ઊંઝાના સ્વયંસેવકોને સાથે રાખી ખાસ પોલિસ બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. આ મહોત્સવને ગુજરાત સરકારે સંપૂર્ણ સહકાર આપ્યો. દરેક પ્રધાનશ્રીઓ હાજર રહ્યા. સાથે સાથે વિરોધપક્ષના નેતાઓ શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ અને શ્રી શક્તિસિંહજી ગોહિલ પણ હાજર રહ્યા હતા.

આ વખતે પ્રચાર-પ્રસારણ, મિડિયાનો સાથ અને માતાજી પ્રત્યે વધેલા ભક્તિભાવને લીધે લગભગ ૫૦ થી ૬૦ લાખ યાત્રીઓ આવવાનો અંદાજ હતો જ. આથી મહોત્સવના પ્રોજેક્ટ ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ એસ. પટેલે આ મહોત્સવ અગાઉના મહોત્સવની જેમ માતાજીના પ્રાંગણમાં યોજવાનું અશક્ય લાગ્યું. તેના વિકલ્પે જુદી જુદી જગ્યાઓની વિચારણાને અંતે હાઈવે પર શહેરની ટી.પી.







સ્કીમ-૪ માં વિશાળ જગ્યાએ સર્વને સમજાવી નક્કી કરવામાં આવ્યું. જ્યાં કાયદો-વ્યવસ્થા જળવાય અને વધુ મોકળાશને લીધે સલામતીની દષ્ટિએ પણ તે જગ્યા વધુ યોગ્ય લાગી અને મહોત્સવનું ત્યાં આયોજન કરવામાં આવ્યું, જે શ્રેષ્ઠ અને સૌથી નોખું ધાર્મિક આયોજન સાબિત થયું. આ માટે પ્રોજેક્ટ ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ સાથે પણ ઘણી મિટિંગો થઈ.

ઊંઝા મ્યુનિસિપાલીટીએ પણ આ જગ્યાએ તાત્કાલિક રોડ બનાવી આપ્યો તેમજ પાણી, ગટર, સફાઈની યોગ્ય અને સમયસર વ્યવસ્થા કરી સારો સહકાર આપ્યો.

મહોત્સવ દરમિયાન ખાસ ઓફિસ ચલાવવામાં આવી અને મહોત્સવના દરેક પાસા પર નજર રાખવામાં આવી. જરૂર જણાય ત્યાં તાત્કાલિક મદદ પહોંચાડવામાં આવી. સાથે સાથે દર્શનાર્થે આવતા ખાસ મહેમાનો, વિદેશી મહેમાનો, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના આગેવાનો માટે ખાસ સરભરાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

વળી, મહોત્સવના પાંચે દિવસની રાત્રે મનોરંજન કાર્યક્રમો તો ખરા જ, પણ ગુજરાતના માજી મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલ, અન્ય પ્રધાનો, શ્રી ઉમિયા માતાજીનાં મુખ્ય મુખ્ય મંદિરોના આગેવાનો, પાટડીના રાજવી શ્રી કર્ણિકસિંહજી, લેઉવા પાટીદાર આગેવાનોમાં શ્રી મથુરભાઈ સવાણી તેમજ ગુજરાતના ખાસ સામાજિક આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું.

આ મહોત્સવનું મહત્ત્વનું પાસુ તે નાણાં કમિટિ. નાણાં કમિટિના ચેરમેનશ્રી વિષ્ણુભાઈ પટેલ અને શ્રી મણિભાઈ કાનજીદાસ પટેલ સાથે ગુજરાતભરમાં ફરીને કુલ ફંડફાળાના ૩૪ કરોડ પૈકી મોટા ભાગનો ફંડફાળો મેળવવા પ્રયત્ન કરવામાં આવ્યો.



આટલા મોટા મહોત્સવના યાત્રીઓ માટે ગંજબજારમાં વેપારીઓએ પોતાની દુકાનોમાં ચા-પાણી-નાસ્તો અને ઉતારાની લગભગ ૨૦૦૦૦ યાત્રીઓની સગવડ કરી. ઊંઝા ગામની સર્વ જાહેર સંસ્થાઓ, સમાજની વાડીઓ વગેરેમાં પણ આ જ રીતે યાત્રીઓ માટે સગવડ કરવામાં આવી.

મહોત્સવ દરમિયાન શિસ્ત અને વ્યવસ્થા માટે સ્વયંસેવકોએ ખૂબ ઉત્તમ કામગીરી બજાવી. ખાસ મહેમાનો માટે રસોડાની અલગ વ્યવસ્થા રાખવામાં આવી હતી.

નોંધપાત્ર બાબત એ છે કે મહોત્સવને ટી.વી. મિડિયા, દૈનિકો, માસિકોએ સુંદર સાથ આપ્યો. સંદેશ દૈનિકમાં શ્રી દેવેન્દ્ર પટેલે પાટીદારોના ઈતિહાસને દર્શાવતા રોજે રોજ લેખ આપ્યા. ફોટોગ્રાફર શ્રી દીક્ષિતભાઈ ઘોડાએ આ મહોત્સવને ૩૫૦૦૦ ફોટાઓ અને ૩૬૦ વીડીયો કેસેટોમાં ઉતારી લીધો, જે આ આવતીકાલનો ઈતિહાસ અને સંભારણું બની રહેશે.

મહોત્સવમાં દરેક જ્ઞાતિઓએ સુંદર કામગીરી બજાવી પોતાનું યોગદાન આપ્યું. મુંબઈના આગાખાની બેન્ડની સુરાવલિઓથી મહોત્સવનું ઉદ્‌ઘાટન થયું. જેઓ મુંબઈથી આવ્યા છતાં કોઈ ચાર્જ ન લીધો. પાલનપુરના એક મુમન ભાઈએ ૭૦ ડબા તેલ રસોડા માટે દાનમાં આપી પોતાની ઊંચી ભાવના બતાવી.

આ મહોત્સવની સફળતા માટે બોચાસણવાસી સ્વામિનારાયણ સંપ્રદાયના પ.પૂ.પ્રમુખસ્વામી મહારાજે રૂબરૂ મળવા બોલાવી આશીર્વાદ આપ્યા હતા.

આ મહોત્સવની ઉછામણીમાં મહાયજ્ઞના મુખ્ય યજમાન અને પ્રથમ પાટલો લેનાર શ્રી અમૃતભાઈ બી. પટેલે રૂપિયા સવા કરોડની બોલી બોલી ત્યારે સૌ ખૂબ આનંદવિભોર થઈ ગયા હતા.

નાણાં કમિટિ સાથે ફંડફાળામાં ગોદરેજ ગ્રાન્ડ સીટી અને શ્રી સિદ્ધિ ગ્રુપ - અમદાવાદના એન્જીનીયર શ્રી મુકેશભાઈ પટેલે તેમની પ્રથમ મુલાકાતમાં જ રૂપિયા પંચોતેર લાખ નોંધાવ્યા હતા.

આમ જ્યાં જતા ત્યાં મા ઉમિયાનાં આશીર્વાદનો અહેસાસ અનુભવતા હતા.

આવો આ મહોત્સવ સર્વએ માણ્યો. પોતપોતાની યથાયોગ્ય કામગીરીથી સફળ બનાવ્યો. મહોત્સવ બાદ દરેક કમિટિઓને સન્માનપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું.









૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ની દૂરગામી અસરો



શ્રી મણિભાઈ ઈ. પટેલ (મમ્મી)
કન્વીનર, ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

જગત જનની મા ઉમિયા સૌની માતા છે. કડવા પાટીદારોની કુળદેવી મા ઉમિયાનું અતિપૌરાણિક ઐતિહાસિક મંદિર ઉમાપુર ઊંઝામાં આવેલ છે. હજારો વર્ષથી કડવા પાટીદારો અને અન્ય સમાજના લાખો ભક્તો માતાજીના દિવ્ય દર્શન કરી પોતાની મનોકામનાઓ પરિપૂર્ણ કરવા આવે છે.

મા ઉમિયાના અનેક ઉત્સવો, યજ્ઞો, મહોત્સવો થયા છે. મા ઉમિયાના માધ્યમ દ્વારા આ સમાજને હજારો વર્ષથી સંગઠિત રાખી શક્યા છીએ. વિશ્વમાં કોઈ સમાજમાં ન હોય તેવી લગ્નપ્રથા આ સમાજમાં હજારો વર્ષથી ચાલી આવતી હતી. જે બંધુકા વિવાહ, બાંધ્યા વિવાહ એ નામથી પ્રસિદ્ધ આ લગ્નપ્રથા હતી. ૧૨ વર્ષે એક વખત માતાજીના દ્વાર ખુલે અને જે મુહૂર્ત આવે તેમાં જન્મેલા બાળકથી ૧૨ વર્ષ સુધીના તમામ દીકરા-દીકરીઓના લગ્ન એક જ દિવસે થઈ જતાં હતાં. આ પ્રથાએ પણ પાટીદાર સમાજને સંગઠિત રાખવામાં મોટો ભાગ ભજવ્યો અને આ લગ્નપ્રથા સમાજને આર્થિક ધોવાણથી બચાવવાનો હેતુ હતો. આ પ્રથા બંધ થયે લગભગ ૯૦ થી ૯૫ વર્ષ થયા, આ સમયમાં નવી પેઢી આપણી કુળદેવી મા ઉમિયા છે તે ભૂલવાની અણી ઉપર હતી. તેવા સમયે ઉમા માઈ મંડળ અને મંદિરના વિદ્વાન પૂજારી શ્રી ભવાનીશંકર મહેતાએ યજ્ઞ કરવાનો વિચાર મૂક્યો, ૨૦-૨૫ વર્ષે એક મોટો યજ્ઞ થવો જોઈએ જેથી મૂર્તિમાં ચૈતન્ય પેદા થતું હોય છે. આ વાત ધીરે ધીરે જોર પકડતી ગઈ. માતાજીનો મોટો ઉત્સવ થવો જોઈએ તેવી વિચારણા થવા લાગી. આ મંદિરની સ્થાપના સંવત ૨૧૨માં વ્રજપાલસિંહ રાજાએ કરેલી તેનો આધાર લઈ ૧૮મી શતાબ્દી મહોત્સવ નામ આપવાનું નક્કી કર્યું. આ મહોત્સવ પહેલાં રાજા અવનીપતે મહાયજ્ઞ કરેલો જેમાં સાડા પાંચ હાથ ઊંડો અને સવા ત્રણ હાથ પહોળો કૂવો કરાવી, કૂવાને સોના-રૂપાના પતરાથી મઢી દેવામાં આવ્યો હતો. આ કૂવામાં તાંબા-પિત્તળના દેગડાથી ઘી રેડવામાં આવતું હતું જે કૂવામાંથી નીકળી વહેતી ઘીની ધારા હવન કુંડમાં જતી હતી. ૧૮ પહોર સુધી આ ઘીની ધારા ચાલી જતી હતી. આ મહાયજ્ઞમાં ૧૩૦૦ બ્રાહ્મણો, ૭૫૦ ગાડાંઓ હવનની સામગ્રી લાવવામાં રોકાયાં હતાં. આવા નાના-મોટા યજ્ઞો અવારનવાર થતા હોવાથી આ સમાજ માતાજી સાથે જોડાયેલો અને સંગઠિત રહ્યો હતો.

૧૮મી શતાબ્દી મહોત્સવ સંવત ૨૦૩૩ માગસર સુદ-૪ થી માગસર સુદ-૮ સુધી ભારે ધામધૂમપૂર્વક યોજવામાં આવ્યો હતો. આ મહોત્સવ કોઈ સામાન્ય મહોત્સવ ન હતો. સંસ્કારી પ્રજાનો સંસ્કારી મહોત્સવ બનાવવા આપણે સૌએ ભગીરથ પ્રયાસ કર્યો હતો. **આ મહોત્સવમાં ૧૮ થી ૨૦ લાખ ભક્તો મા ઉમિયાનાં દર્શન કરવા ઉમટી પડ્યા હતા.** આ મહોત્સવ પછી આપણા સમાજમાં જાગૃતિ અને ચેતના આવી, માતાજી તરફનો ભક્તિભાવ વધ્યો, સમાજ માટે કંઈક કરવું જોઈએ તેવી ભાવના વધી. આ મહોત્સવ સમગ્ર સમાજ માટે ટર્નિંગ પોઈન્ટ બન્યો. આ મહોત્સવની દૂરગામી અસરો વર્ષો સુધી રહેશે, તેવા ખ્યાલ સાથે આ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ અને સંવત ૨૦૬૬માં ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ થયો તે ૩૩

વર્ષના સમયમાં આ સમાજનો આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક વિકાસ થયો છે તે આપણે જોઈ શકીએ છીએ. આ ૩૩ વર્ષ દરમ્યાન સમયને ઓળખીને સમય સાથે આ સંસ્થાના દીર્ઘદૃષ્ટા પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠ અને તેમના સાથેના સહયોગી કાર્યકરો શ્રી મણિભાઈ મમ્મી, શ્રી વિક્રમભાઈ, સ્વ. શ્રી માધુભાઈએ સમગ્ર સમાજને જાગૃત કરવા લાખો કિ.મી. પ્રવાસ કરી ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્પ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને પરદેશમાં સમાજ યાત્રાઓ, નાના-મોટા સમારંભો, શિબિરો, સંમેલનો દ્વારા સમાજને ઢંઢોળવાનું અને જાગૃત કરવાનું કામ કર્યું. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા સામાજિક ઉત્થાન માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કરી સમાજ કલ્યાણની પ્રવૃત્તિઓ દ્વારા આજ સુધી ૨૩ કરોડ જેવી માતબર રકમ આ સમાજ માટે વાપરવામાં આવી છે. આ ૩૩ વર્ષ દરમ્યાન આપણો સમાજ ખૂબ જ સુખી, સમૃદ્ધ બન્યો છે તેમાં બેમત નથી. આપણાં હજારો કુટુંબો ગામડાંઓમાં નાની-મોટી ખેતી, સામાન્ય નોકરી કે નાનો-મોટો ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવે છે તેવા હજારો કુટુંબોનો હાથ ઝાલી તેમને બેઠાં કરી આપણી હરોળમાં લાવવાનું ભગીરથ કામ કરવાનું બાકી છે. આ મહોત્સવ પછી આપણા સમાજના ગોળ સમાજો, મંડળો પોતાનો અભિગમ બદલી સમયની સાથે પરિવર્તન કરતા રહ્યા છે.

આ સમાજના વિકાસ માટે ૧૦૦ કરોડ એકઠા કરવાના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે મા ઉમિયાનો જ્યોતિરથ બનાવી ગુજરાતનાં ૩૫૦૦ ગામ, મધ્યપ્રદેશનાં ૭૨૦ ગામ, રાજસ્થાનનાં ૧૩૬ ગામ, સાગવાડા ૯૧, વાંસવાડા ૪૫ ગામમાં પરિક્રમા કરી. ગુજરાતમાં સાડા તેર કરોડ, મધ્ય પ્રદેશમાં સાડા ચાર કરોડ, રાજસ્થાનમાં બે કરોડ જેવી માતબર રકમ એકઠી કરી શક્યા છીએ. આ ૧૦૦ કરોડનો સંકલ્પ પૂરો થયો નથી. પરંતુ જ્યોતિરથના પદાર્પણ પછી સમગ્ર વિશ્વમાં પાટીદાર સમાજ જે રીતે જાગી રહ્યો છે. સંગઠિત થઈ શિક્ષણ માટે મથી રહ્યો છે તે આપણા ૧૦૦ કરોડના મૂલ્યગામી, ઊર્ધ્વગામી પરિબળનું સંમાર્જિત, પરીમાર્જિત રૂપ છે. તમે તેને રૂપિયામાં માપશો તો ૧૦૦ કરોડ નહીં પણ હજારો કરોડમાં તેની ફળશ્રુતિ દેખાશે. આ જ્યોતિરથે સમગ્ર સમાજને સંગઠિત કરવામાં અને માતાજીનો ભક્તિભાવ વધારવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

આ ૩૩ વર્ષ દરમ્યાન શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ કરેલી પ્રવૃત્તિઓના પરિપાકરૂપે આ સંસ્થાની એક આગવી પ્રતિષ્ઠા બંધાઈ, **સંસ્થાનો વહીવટ પારદર્શક અને વિકાસલક્ષી હોવાને કારણે સંસ્થા માટે એક અહોભાવ ઊભો થયો.** ૧૮મી શતાબ્દી મહોત્સવને ઉજવે ૨૫ વર્ષ થઈ ગયાં પછી બધાને ધીરે ધીરે એમ થવા લાગ્યું કે એક નાનો મોટો યજ્ઞ કરવો જોઈએ તેવું વિચારતા થયા, આ વિચાર ધીરે ધીરે પ્રબળ થતો ગયો, સંસ્થાની કારોબારી સભામાં પણ વિચારણા થઈ, પરંતુ જ્યાં સુધી ઊંઝા નગરની તૈયારી ન થાય ત્યાં સુધી આ મહોત્સવ ઉજવવો મુશ્કેલ બને તેમ હોવાથી સૌની ઈચ્છા ન હોય ત્યાં સુધી આપણી ઈચ્છાઓ હોવા છતાં કંઈ કરી શકતા નથી. મા ઉમિયાએ આપણા સૌના દિલમાં પ્રેરણા કરી અને આપણે સૌએ ૨૧મી સદી અને ઊંઝા નગરની બદલાયેલી ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં લઈ મોટો યજ્ઞ કરવો જોઈએ તેવું સૌના મનમાં અને દિલમાં ઉદ્‌ભવ્યું. આ મહોત્સવને ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ એવું નામકરણ કરી સંવત ૨૦૬૬ના માગસર સુદ-૧૧ થી માગશર સુદ-૧૫ સુધી યોજવાનું નક્કી કર્યું. આ મહોત્સવમાં દેશ-પરદેશમાંથી ૫૦ લાખ ભક્તો મા ઉમિયાનાં દિવ્ય દર્શન કરવા માટે ઉમટી પડ્યા, આ મહોત્સવ દ્વારા પાટીદાર સમાજની સંગઠિત શક્તિનાં વિશ્વને દર્શન કરાવી શક્યા. **મા ઉમિયાનો જય જયકાર થયો.** આવનાર ભક્તોએ સ્વયંસેવકોની નિષ્ઠાપૂર્વક કરેલી સેવાઓની નોંધ લઈ સ્વયંસેવકોને અભિનંદન આપી વંદન કર્યાં અને ઊંઝા નગરને ધન્યવાદ આપ્યા. મહોત્સવની તમામ વ્યવસ્થાનાં જેટલાં વખાણ કરીએ તેટલાં ઓછાં હતાં. આ મહોત્સવની દૂરગામી અસરો આવનાર વર્ષો સુધી આ સમાજજીવન ઉપર રહેશે. આ મહોત્સવ થયા પછી આપણે પ્રત્યક્ષ જોઈ શકીએ છીએ કે માતાજીમાં દર્શનાર્થી અને યાત્રિકોની સંખ્યામાં હજારો ગણો વધારો થયો છે. આવનાર યાત્રાળુઓ પર મહોત્સવની અસરો દેખાઈ રહી છે. આપણા


સમાજની ખૂબ મોટી અપેક્ષાઓ આ સંસ્થા તરફ દેખાઈ રહી છે. આ **મહોત્સવ દરમ્યાન સંગઠિત શક્તિનાં જે દર્શન થયાં** તે સંગઠિત શક્તિને સમાજના આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક વિકાસમાં પરિવર્તન કરી નવી પેઢીને સુખી, સમૃદ્ધ, આબાદ, શિક્ષિત, સંસ્કારી, સશક્ત અને નિર્વ્યસની બનાવવા માટે આપણે સૌએ સહિયારો પ્રયત્ન કરવો પડશે. આ મહોત્સવ એ કોઈ મેળાવડો કે મેળો ન હતો પરંતુ આ મહોત્સવમાં વ્યક્તિ કંઈક નવું શીખીને જાય અને તે દ્વારા વ્યક્તિનો અને સમાજનો વિકાસ થાય તે પણ આ મહોત્સવનો ઉદ્દેશ હતો. જેમ પહેલાંના મહોત્સવ અને આ મહોત્સવ વચ્ચેના 33 વર્ષમાં જે પ્રગતિ થઈ તે રીતે ૨૧મી સદીને અનુરૂપ શિક્ષણ તરફ વધારે ઝોક આપવો પડશે. કરોડો રૂપિયાના અનેક શૈક્ષણિક સંકુલો, હોસ્ટેલો, યુનિવર્સિટીઓ થાય તેમાં ધ્યાન આપવું પડશે. સમાજનું આર્થિક ધોવાણ ન થાય તે માટે સમૂહલગ્નો યોજવાં પડશે. સમાજમાં ક્રિમિનલ માનસ અને અસામાજિક પ્રવૃત્તિઓ અને વ્યસન તરફ જતા યુવાન વર્ગને સવળા માર્ગે લાવવાના પ્રયત્નો કરવા પડશે. આ સમાજને વિશ્વ કક્ષાએ લઈ જવા અને નવાં પરિવર્તનો ઝીલવા સક્ષમ અને વિચારશીલ બનાવવા આપણે સૌ સહિયારો પ્રયત્ન કરીએ.

જો આપણે બધા મા ઉમિયાને આગળ લઈને ચાલીશું અને એક સંગઠિત સમાજ થઈને સહિયારો પ્રયત્ન કરીશું તો વિશ્વમાં આપણી એક આગવી ઓળખ ઊભી કરી વિશ્વની શ્રેષ્ઠ પ્રજા તરીકે નામના મેળવી શકીશું.

આવો આપણે સૌ સાથે મળી મા ઉમિયાની ધજા નીચે એક માળાના મણકામાં પરોવાઈ જઈ સમાજનો વિકાસ સાધીએ.

"મા ઉમાના આશીર્વાદ સદૈવ આપણા સૌના ઉપર ઉતરો એ જ પ્રાર્થના."

• • •



મા ઉમા ઊંઝાનો
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯
સૌના ઉત્કર્ષનો ઉત્સવ



શ્રી મહેન્દ્ર એસ. પટેલ
પ્રોજેક્ટ ચેરમેન
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

આદરણીય મણિભાઈ પટેલ 'મમ્મી' એ ફક્ત ઊંઝાનું જ નહીં પરંતુ, સમગ્ર પાટીદાર સમાજનું ગૌરવ છે. તેમનું સમસ્ત જીવન સમાજ અને લોકોપયોગી કાર્યોથી વ્યસ્ત રહેલું છે. તેમની કોઠાસૂઝ, દીર્ઘદષ્ટિ, સૌને સાથે રાખીને નિર્ણય લેવાની અને કામ કરવાની કુનેહ વિગેરેનાં કારણે તેઓ એક આદરણીય વ્યક્તિ બન્યા. પાટીદાર સમાજમાં અને તેનાં થકી અન્ય સમાજોમાં પણ આવેલાં કેટલાંક આમૂલ પરિવર્તનના તેઓ સાક્ષી અને પ્રણેતા પણ બન્યા.

ઈ.સ. ૧૯૭૬માં મા ઉમિયાનો ઐતિહાસિક ૧૮મી શતાબ્દી મહોત્સવ એ આપણા વડવાઓની દીર્ઘદષ્ટિ-સ્વયંસેવકોની સેવા અને સમર્પણથી ભરપૂર શ્રેષ્ઠ કામગીરી અને શ્રેષ્ઠ યજમાનગીરી - તે જમાનામાં ઉપલબ્ધ સાધનોની દષ્ટિએ વિશાળ ઐતિહાસિક આયોજન હતું અને સંગઠન શક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ હતું. જેની યાદો આજે પણ વાગોળી ગર્વ અનુભવીએ છીએ. ૧૮મી શતાબ્દી મહોત્સવના ઐતિહાસિક આયોજનમાં શ્રી મમ્મીકાકાની ભૂમિકા ક્યારેય ભૂલી શકાય તેવી નથી. મહોત્સવ બાદ સમાજમાં જાગૃતિ આવી - લોકો સદ્ધર બન્યા - રોજગાર-ધંધાના વિકાસ થયા - સર્વાંગી વિકાસના નવા માર્ગો શોધ્યા - ખેતીની સાથે વેપાર-ધંધા કરતા થયા - સમગ્ર વિશ્વમાં શ્રમ-શક્તિ-બુદ્ધિ અને સંગઠનનો પરચો આપ્યો.



પાટીદાર સમાજમાં અને પાટીદાર સમાજ થકી અન્ય સમાજોમાં આવેલ સામાજિક પરિવર્તન અંગેના કેટલાક મહત્ત્વનાં વળાંકો માટે વર્ષ ૧૯૭૬માં ઉજવવામાં આવેલ શ્રી ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવનું સ્થાન વિશિષ્ટ છે. જ્યારે પણ મારા સ્મરણપટ પર કે ચર્ચામાં શ્રી ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ-૨૦૦૯ આવે છે ત્યારે શ્રી ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી મહોત્સવનો ઉલ્લેખ કે સંસ્મરણ પહેલાં આવે છે.

પાટીદાર સમાજ સહિત સર્વ સમાજોને મહોત્સવ સાથે સાંકળવા, મહોત્સવનો તે વખતનાં શ્રેષ્ઠ માધ્યમો દ્વારા પ્રચાર-પ્રસાર કરવો, વિવિધ સંકલન મિટિંગો દ્વારા સૌને સંગઠીત કરવા, મહોત્સવ ઊંઝા ગામના સિમાડે - બહાર યોજી એક વિશિષ્ટ પ્રકારના આયોજનનું ઉદાહરણ પૂરું પાડવું વિગેરે બાબતો મારા માટે ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ-૨૦૦૯ના સફળ અને ઐતિહાસિક આયોજનના પ્રેરણાસ્ત્રોત બન્યા.

મહોત્સવના આયોજનનાં વિવિધ પાસાં અંગે વિચારણા કરતાં સમગ્ર આયોજન એક જ જગ્યાએ થાય તો જ સફળ આયોજન થાય તે માટે એક અલગ જગ્યાએ શ્રી ઉમિયાનગરનો વિચાર રજૂ કર્યો. મા ઉમિયાના તેડા વગર ૫૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓને એક સાથે એકઠા કરવા અંગે વિચાર જ કેવી રીતે કરી શકાય ? 'મા ના તેડા' ના કારણે જ આટલો મોટો જનસમુદાય એકઠો કરવો શક્ય બન્યો. આટલો મોટો સમુદાય ભેગો થતો હોય અને સ્વવિકાસ અને સ્વવિકાસ દ્વારા સર્વના વિકાસને લગતી કોઈપણ વાત લીધા વિના જાય તો આટલા મોટા મહોત્સવનો અર્થ સરતો નથી. જે વિચારને સાર્થક કરવા મહોત્સવની સાથે વિવિધ આયોજનો દ્વારા મહોત્સવને ખરા અર્થમાં સૌના ઉત્કર્ષનો અને સૌના સર્વાંગી વિકાસનો ઉત્સવ બનાવવાનો પ્રયત્ન કર્યો. જેની કેટલીક લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

- સહસ્ત્રચંડી મહાયજ્ઞ, શ્રી ઉમિયા માતાજી મંદિરનાં દર્શન, શ્રી ઉમિયાનગર ખાતે નિજ મંદિરનાં લાઈવ દર્શન.
- ૫૦૦ એકરથી પણ વધુ જમીન પર મહોત્સવના આયોજન માટે બનાવવામાં આવેલ ઐતિહાસિક "શ્રી ઉમિયાનગર" જે માટે ૫૦૦ થી પણ વધુ ખેડૂતોએ બે સિઝનના પાકના ભોગે શ્રી ઉમિયાનગરની રચના માટે જમીન કોઈપણ જાતનું વળતર લીધા વિના સુપ્રત કરી.
- દેશ-વિદેશમાંથી ૫૫ લાખથી પણ વધુ મા ઉમિયા ભક્તો આવ્યા, અંદાજે ૨૫ લાખથી પણ વધુ શ્રદ્ધાળુઓ માટે વિના મૂલ્યે ભોજન પ્રસાદ તેમજ પ્રોસેસ્ટ વોટરનો લાભ લીધો.
- કૃષિ આધારિત સંશોધનો અને આધુનિક પદ્ધતિથી ખેતી કરવા અંગે કિસાનોને માર્ગદર્શન મળી રહે તે માટે કૃષિને લગતા વિવિધ વિષયો પર સેમિનાર કે જેમાં તેઓને ખેતી અંગેની તમામ વૈજ્ઞાનિક અને આધુનિક માહિતી મળી રહે.
- રાજ્ય સરકારશ્રીની વિવિધ પ્રજાલક્ષી કલ્યાણકારી યોજનાઓ અને રાજ્ય સરકારશ્રીના એકમો વિશે જાણકારી.
- ગ્લોબલ વોર્મિંગની વૈશ્વિક સમસ્યાને નાથવા તથા સ્વર્ણિમ ગુજરાતના સંકલ્પને સાર્થક કરવા માટે એક લાખથી પણ વધુ ધરતીપુત્રોએ વ્યાપક માત્રામાં જમીનને ડ્રીપ ઈરિગેશન અંતર્ગત આવરી લેવા મા ઉમિયાના સમક્ષ સંકલ્પ લીધો.

- પાટીદાર સહિત તમામ સમાજના ભક્તોને જીવનમાં પ્રગતિ કરવા અને ખમીરવંતા બનવા પ્રોત્સાહિત કરતી પાટીદાર ગૌરવગાથા સહિત ગુજરાત રાજ્યના વિશ્વ પ્રસિદ્ધ નામી કલાકારો દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનો રસથાળ.
- સૌ પ્રથમ વખત ૬૦ ફૂટ X ૨૦ ફૂટના વિશાળ પડદા પર અત્યંત આધુનિક ટેક્નોલોજી અને મલ્ટીકલર લેઝરના સમન્વયથી તૈયાર કરવામાં આવેલ પાટીદાર ગૌરવ ગાથા - "અતિત ગૌરવ"નું વિશાળ ડોમમાં પ્રદર્શન.
- બ્રાન્ડેડ ફૂડ કોર્ટ અને બાળકોના મનોરંજન માટે ૩૦થી પણ વધુ રાઈડ્સ ધરાવતી બાળનગરી.
- વિક્રમી સંખ્યામાં રક્તદાન આયોજન.
- ટ્રાન્સપોર્ટેશન એક્સપર્ટસ દ્વારા તૈયાર કરવામાં આવેલ ઓપરેશન અને પાર્કિંગ પ્લાન
- મહોત્સવની રજે-રજની માહિતી ગુજરાત અને દેશ-વિદેશમાં મા ઉમિયાના ભક્તોને મળે તે માટે સચોટ મિડીયા પ્લાન. જેમાં, પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને ઈન્ટરનેટનો સમાવેશ.
- રાજ્યભરમાં મહોત્સવના પ્રચાર માટે ૨.૫ લાખ ચો. ફૂટથી પણ વધારે પ્રિન્ટેડ હોર્ડિંગ્સનો ઉપયોગ.
- વિશિષ્ટ આકર્ષણ માટે હેલિકોપ્ટરમાં બેસીને શ્રી ઉમિયાનગર નિહાળવું તથા શ્રી ઉમિયા માતાજી મંદિર, ઊંઝા પર પુષ્પવર્ષાનું આયોજન.
- શ્રી ઉમિયાનગર ખાતેથી શ્રદ્ધાળુઓ ભારતભરમાં વિનામૂલ્યે ફોનથી સંપર્કમાં રહી શકે તેવી સગવડ.
- ૫૦૦૦૦ ચો.મી.માં એરકંડીશન્ડ ડોમ સહિત આંતરરાષ્ટ્રીય કક્ષાની માળખાકીય સુવિધા ધરાવતાં ૬ ડોમમાં ઔદ્યોગિક અને કૃષિ એક્ઝિબિશન તેમજ સેમિનાર અને ડ્રિપ ઈરિગેશનનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન. સ્મોલ, મીડીયમ અને લાર્જસ્કેલની ૨૦૦થી પણ વધુ ખાનગી અને સરકારી કંપનીઓ, યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ દ્વારા એક્ઝિબિશનમાં ભાગ લીધો. એન્જિનિયરીંગ, રીયલ એસ્ટેટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એફએમસીજી, જેમ્સ એન્ડ જ્વેલરી, ટ્રાન્સપોર્ટેશન, કેમિકલ, પેટ્રો કેમિકલ વિગેરે જેવા ૧૫થી પણ વધુ ક્ષેત્રોનો સમાવેશ. ૯૦ X ૨૭૦ ફૂટના વિશાળ ડોમમાં ત્રણ સેમિનાર હોલમાં ઔદ્યોગિક-શૈક્ષણિક-કૃષિ સેમિનાર અને આવી તો કેટલીયે પ્રવૃત્તિઓ વણી લીધેલ છે જેનો ઉલ્લેખ કરવો શક્ય નથી.




શ્રી ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯નાં વિચારબીજથી લઈને તેનાં ઐતિહાસિક અનો ભવ્યાતિભવ્ય આયોજનમાં શ્રી મમ્મીકાકાનો ફાળો અનન્ય છે. મહોત્સવના આયોજન અને અમલીકરણમાં સૌને સાથે રાખી દરેક કાર્યોને પાર પાડવામાં તેઓનું માર્ગદર્શન ખૂબ જ મદદરૂપ બન્યું. જેના પ્રત્યક્ષ સાક્ષી બનવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું.

આ ગ્રંથ આપણા સૌ માટે એક સંભારણું અને યુવા તેમજ આવનારી પેઢીઓ માટે એક વિશિષ્ટ માર્ગદર્શિકા બની રહેશે.

આ ગ્રંથ વધુને વધુ લોકો વાંચે અને સામાજિક અને પરોપકારી જીવનનો બોધપાઠ શીખે એવી આશા અને શ્રી મમ્મીકાકાની અનન્ય સામાજિક સેવાઓનો લાભ લાંબા સમય સુધી મળે માતાજી તેઓને દીર્ઘાયુ અને સ્વસ્થ જીવન આપે તેવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થન સહ વિરમું છું.

• • •



કડવા પાટીદારોનાં કુળદેવી માતા ઉમિયાજી

या देवी सर्वभूतेषु उमारूपेण संस्थिता ।
नमस्तस्यै नमस्तस्यै नमस्तस्यै नमो नमः ॥

(૧) ઊંઝા (ઉમિયાપુર)નાં અધિષ્ઠાત્રી દેવી મા ઉમિયા :

ઊંઝા ખાસ કરીને બે બાબતોથી દુનિયામાં પ્રખ્યાત છે. એક તો અહીં કડવા પાટીદાર કુળદેવી મા ઉમિયાનું સ્થાન છે, જે આખી દુનિયાના કડવા પાટીદારોને આકર્ષે છે. બીજુ ઊંઝાનું માર્કેટયાર્ડ જીરા-વરિયાળી, ઈસબગુલ માટે વિશ્વવિખ્યાત છે.

ઊંઝા ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાનું એક રમણીય નગર છે. અમદાવાદથી ઉત્તરે સ્ટેટ હાઈવે નં. ૪૧ રસ્તે ૧૦૦ કિ.મીટર દૂર આવેલું છે.

આ નગરમાં મા ઉમિયાનાં દર્શને આવતા પદયાત્રીઓને આધુનિક સગવડતાને લીધે આવવાનું વિશેષ આકર્ષણ રહે છે. અહીં રહેવા માટે આધુનિક સુવિધાઓથી સજ્જ પથિકાશ્રમની વ્યવસ્થા છે. ખૂબ જ માફકસરના ચાર્જ સાથે યાત્રીઓને સુવિધા આપવામાં આવે છે. જમવાની પણ સારી સુવિધા છે.

(૨) કડવા પાટીદારોનાં કુળદેવી મા ઉમિયા અને રાજા વ્રજપાલજી દ્વારા મંદિર-સ્થાપના :

(અ) પૌરાણિક કથા : મા ઉમિયા આદિશક્તિ છે. સૃષ્ટિની રચના થઈ તે પહેલાં માત્ર શિવતત્ત્વ હતું. સૃષ્ટિની રચનામાં શક્તિ આવશ્યક છે. આથી શિવતત્ત્વે સતીને પ્રગટ કર્યાં. આ સતી એ જ મા ઉમા. સતીએ દક્ષ પ્રજાપતિને ત્યાં જન્મ લીધો. તેમનાં ભગવાન શિવ સાથે લગ્ન કરવામાં આવ્યાં. શિવ અને પાર્વતી કૈલાસ પર્વત પર નિવાસ કરે છે. સતીના પિતા દક્ષે યજ્ઞ આરંભ્યો. આમંત્રણ વિના જ સતી પિતાનો યજ્ઞ જોવા જાય છે. દક્ષે પોતાનું અને જમાઈ શિવનું ત્યારે અપમાન કર્યું; તેથી સતીએ પોતાનો દેહ યજ્ઞમાં હોમી દીધો. આમ સતીનો દક્ષ પ્રજાપતિની પુત્રી તરીકેનો પ્રથમ અવતાર પૂરો થાય છે.

આની સાથે શક્તિપીઠોની ઉત્પત્તિની પૌરાણિક કથા પણ સંકળાયેલી છે. ભગવાન શિવ યજ્ઞભંગ કરી, યજ્ઞવેદીમાં બળતા સતીના શબને ઉઠાવી લે છે. સતી પ્રત્યેના લગાવને લીધે કોપાયમાન શિવ આખી સૃષ્ટિને ખેદાનમેદાન કરતા માર્યા માર્યા ફરે છે. સર્વ સૃષ્ટિ, દેવો વગેરે ત્રાહિમામ્ પોકારે છે. આથી ભગવાન શ્રી વિષ્ણુ પોતાના સુદર્શન ચક્રથી સતીના શબના ટુકડા કરે છે. એ દરેક ટુકડો જ્યાં જ્યાં પડ્યો તે સ્થળ શક્તિપીઠ બન્યું. એ રીતે આ પૃથ્વી પર સતીના શબના કુલ બાવન ટુકડા પડ્યા. જે બાવન શક્તિપીઠો તરીકે આજે પણ પૂજાય છે. ઊંઝામાં બિરાજતાં મા ઉમા એ સતીનું આદ્યશક્તિ રૂપે પૂર્ણ સ્વરૂપ છે, જે પૂર્ણરૂપે શક્તિનું મૂળ આદ્યસ્થાન ગણાય ! શક્તિપીઠે તો માના એક અંગની પૂજા થાય છે, જ્યારે ઊંઝામાં મા ઉમા આદ્યશક્તિ રૂપે શક્તિના પૂર્ણ સ્વરૂપે શ્રીવિગ્રહ સ્વરૂપે બિરાજે છે. તે પછી સતીનો બીજો અવતાર

 હિમાલય અને મેનાની પુત્રી ઉમા તરીકે થાય છે. તેઓ ભગવાન શિવને પતિ તરીકે આરાધે છે. કઠિન તપ કરે છે. નારદજી ભવિષ્યવાણી કરે છે કે - તેમને પતિ તરીકે ભગવાન શિવ મળશે. તેમની તપશ્ચર્યા દરમિયાન સાત ઋષિઓ પરીક્ષા કરે છે, તેમાં સતી પાર ઉતરે છે. ઋષિઓના આશીર્વાદ મળે છે.

સૃષ્ટિ પર તારકાસુરનો ભયંકર આતંક વર્તાય છે. તે દેવોને કનડે છે. ઋષિઓના યજ્ઞો ભંગ કરે છે. તેનો ભગવાન શિવના પુત્રથી જ નાશ થાય તેવું તેને વરદાન છે. આથી સર્વ દેવતાઓ ભગવાન શિવને લગ્ન માટે વિનવે છે અને હિમાલયપુત્રી ઉમા સાથે તેમનાં લગ્ન થાય છે. તેમના પુત્ર કાર્તિકેય દેવોના સેનાપતિ બની તારકાસુરનો વધ કરે છે.

આમ શિવ-પાર્વતી કૈલાસ પર નિવાસ કરે છે. ભગવાન શિવને અવારનવાર અસુરોના વિનાશ માટે જવાનું બને છે. એક વાર દંડકારણ્યમાં અસુરોનો ત્રાસ વધી ગયો હતો. ઋષિમુનિઓના યજ્ઞોનો તેઓ ભંગ કરે છે. આથી ઋષિમુનિઓ ભગવાન શિવની સ્તુતિ કરે છે. ભગવાન શિવ પ્રસન્ન થાય છે અને પ્રગટ થઈ ઋષિમુનિઓને અસુરોનો નાશ કરવાનું આશ્વાસન આપે છે. ભગવાન શિવ આજે જ્યાં ઊંઝા છે - તે દંડકારણ્ય (કે જેનો હેડંબાવન એક ભાગ છે - જેમાં પાંડવોના સમયમાં હેડંબા રહેતી હતી અને ભીમની પત્ની બની હતી. આજે તે હેડંબાની મૂર્તિ ઊંઝામાં મોલ્લોતોના ચોરા પાસે છે. સમગ્ર ભારતમાં હેડંબાની મૂર્તિ બીજી કોઈ જગ્યાએ નથી) - તે વનપ્રદેશમાં અસુરોના સંહાર માટે આવે છે, સાથે મા ઉમિયાજી પણ હોય છે. ભગવાન શિવ મા ઉમાને સરસ્વતી કિનારે મૂકી અસુરો પાછળ

શ્રી ઉમિયા માતાજીનું મંદિર

ઊંચાઈ	: ૬૩ ફૂટ - ૯ ઈંચ
પૂર્વ-પશ્ચિમ લંબાઈ	: ૮૬ ફૂટ - ૬ ઈંચ
ઉત્તર - દક્ષિણ પહોળાઈ	: ૮૧ ફૂટ - ૬ ઈંચ
રંગમંડપ	: ૨૬ ફૂટ ૮ ઈંચ X ૧૧ ફૂટ ૧ ઈંચ
ચોકી	: ૧૧ ફૂટ ૧ ઈંચ X ૧૧ ફૂટ ૧ ઈંચ
મંડોવરની ઊંચાઈ	: ૧૫ ફૂટ - ૭ ઈંચ
મંદિરની જગતી	: ૪ ફૂટ - ૩ ઈંચ
મંદિરની કર્ણપીઠ	: ૨ ફૂટ - ૧૧ ઈંચ
મંદિરના શિખરની ઊંચાઈ	: ૪૪ ફૂટ - ૧ ઈંચ
સ્થાપત્ય	: ચૌલુક્ય શૈલી

લગભગ ૧૭૫ વર્ષ જૂનું બાંધકામ



જાય છે. મા ઉમા સરસ્વતી કિનારે રમણીય પ્રદેશથી પ્રફુલ્લિત થાય છે. તેઓ એકલાં હોવાથી સરસ્વતી કિનારે માટીનાં પૂતળાં બનાવે છે. ભગવાન શિવ અસુરોનો સંહાર કરી પરત આવે છે, ત્યારે મા ઉમિયાએ માટીના બાવન પૂતળાં બનાવેલાં છે. તેમણે ભગવાન શિવને આ સુંદર પૂતળાં બતાવ્યાં. ભગવાન શિવે તેના વખાણ કર્યાં. મા ઉમાએ આથી ભગવાનને આગ્રહ કર્યો કે આ સુંદર પૂતળાંઓને આપ સજીવન કરો. ભગવાને તેમના આગ્રહથી બાવન પૂતળાંને સજીવન કર્યાં. સજીવન બનેલાં પૂતળાઓએ શિવ-પાર્વતીને નમસ્કાર કર્યાં. મા ઉમિયાએ તેમને આશીર્વાદ આપ્યા કે, 'તમો એકવાર વાવશો ને ત્રણ વાર લણશો. તમે સુખી, સમૃદ્ધ અને આબાદ બનશો. તમારા કુળનો વિસ્તાર વધશે. તમો સર્વના પોષણકર્તા બનશો અને તમારાં સારાં કાર્યોથી પૃથ્વીલોકમાં નામ અમર કરશો.' આ બાવન પુરુષો એ કડવા પાટીદારોની બાવન શાખના આદિપુરુષો બન્યા. મા ઉમાએ તેમને પ્રગટ કર્યા આથી મા ઉમા પાટીદારોની 'કુળદેવી' પ્રસ્થાપિત થયાં. આ સમયે ભગવાન શિવ પણ પ્રસન્ન થયા અને મા ઉમાની ઉમાપુર-ઊંઝા ખાતે સ્થાપના કરી. હાલ ઊંઝા ખાતે ભગવાન શિવે જ મા ઉમાની સ્થાપના કરી છે. આમ કડવા પાટીદારોને મા ઉમિયાએ જ ઉત્પન્ન કર્યા છે.

બીજી પૌરાણિક કથામાં પાટીદારો શ્રી રામચંદ્રજીના પુત્રો લવ અને કુશના વંશજો હોવાનું દર્શાવાય છે. પાટીદારોનો સૂર્યવંશ છે - જેમાં ઈક્ષ્વાકુ, મહારાજ પૃથુ, મહારાજ સત્યવ્રત, સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર, રોહિત, સગર, રઘુ દિલીપ, અજ અને મહારાજ દશરથ આવે છે. મહારાજ દશરથના રામ, લક્ષ્મણ, ભરત અને શત્રુઘ્ન કે જેઓ ભારતીય સંસ્કારરક્ષક મહાન રામાયણ ગ્રંથનાં પાત્રો છે. ભગવાન રામથી લવ અને કુશ થયા. સીતામાતા મા ઉમિયાની પૂજા કરતાં હતાં. સીતાજીને શ્રીરામજીનાં પ્રથમ દર્શન બગીચામાં થયાં હતાં અને તેમણે મા ઉમિયાને શ્રીરામ પતિ તરીકે મળે તેવી પ્રાર્થના કરી હતી. મા ઉમિયાએ તેમને આશીર્વાદ આપી તેમની મનોકામના પૂર્ણ કરી હતી. સીતાજી જ્યારે ધરતીમાં સમાય છે ત્યારે તેઓ લવ-કુશને મા ઉમિયાને સોંપે છે. ત્યારથી લવ-કુશ મા ઉમિયાની પૂજા કરતા હતા. તેમના વંશજો લવના 'લેઉવા' અને કુશના 'કડવા' તરીકે ઓળખાયા. એવું એક પરંપરાથી કહેવાય છે લેઉવાઓએ મા ઉમિયાની પૂજા છોડી દીધી, પરંતુ કડવા પાટીદારોએ છેકથી મા ઉમિયાની પૂજા ચાલુ રાખી. મા ઉમિયાએ હરદમ તેમની મનોકામના પૂરી કરી છે. તેઓ કુળ રક્ષક હોવાથી 'કુળદેવી' તરીકે સ્વીકારાયાં છે. કુશવંશ સૂર્યવંશમાં આવે છે. કુશે કુશાવતીનું રાજ્ય સ્થાપ્યું. બાદમાં તેઓ અયોધ્યા આવ્યા. તેમના વંશજોમાં અગ્નિવર્ણ થયા. સ્કન્દપુરાણમાં સહ્યાદ્રિખંડમાં વર્ણન છે કે, અગ્નિવર્ણના વંશમાં અશ્વપતિ રાજા થયા. તેમણે પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો. પરિણામે ૧૨ પુત્રો થયા : અનુજ, દેવક, પૃથ, ઋતુપર્ણ, જય, સુશિભ્રુ, સૌદામ, સુમન્તુ, કૌડિન, મન્ડૂક, કુશિક અને માર્તન્ડ. તેમનાથી કુશવંશ ચાલ્યો. કુશવંશથી ઉદ્ભવેલા 'કૂર્મી'ઓ છે. આ કુશવંશના કૂર્મી ગુજરાતમાં 'કડવા' નામથી ઓળખાય છે અને જ્યાં જ્યાં કુશના વંશજો કડવા પાટીદારો ગયા ત્યાં ત્યાં મા ઉમિયાની પૂજા કરતા આવ્યા છે. કડવા પાટીદારો રામચંદ્રજી પ્રત્યે વધુ લગાવ ધરાવે છે. જ્યાં જ્યાં કડવા પાટીદાર વર્ચસ્વનાં ગામ છે, ત્યાં ત્યાં રામમંદિર અવશ્ય હોય છે. શ્રી રામચંદ્રજીનાં ગૃહમંદિરો પણ કડવા પાટીદારોમાં જોવા મળે છે. જે આનાથી કડવા પાટીદાર કુશના વંશજો છે - તેમ જણાય છે.

વળી સીતાજીના પિતાજી જનકવિદેહી ખેતી કરતા હતા. હળ હાંકતાં જમીનમાંથી તેમને અયોનિજા સીતા મળ્યાં હતાં. પાટીદારોનો મૂળગત વારસામાં મળેલ વ્યવસાય ખેતી જ છે, જે બતાવે છે કે સીતાજી મા ઉમિયાની પૂજા કરતાં હતાં અને તેમનું વાહન નંદીશ્વર (પોઠિયો) ખેતી માટેનું મુખ્ય પાત્ર છે. જેથી પાટીદારો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે અને સીતાજી તથા લવ-કુશનાં આરાધ્યદેવી મા ઉમિયાને 'કુળદેવી' તરીકે પૂજતા આવ્યા છે.

આ સિવાય પણ સૂર્યવંશમાં થયેલ કશ્યપ ઋષિના પુત્રો તરીકે પાટીદારોનું ગોત્ર ગણાય છે. કૂર્મી ઋષિના પુત્રો તરીકે પણ પાટીદારોને ઓળખવામાં આવે છે.

આ બધી કથાઓથી સાબિત થાય છે કે પાટીદારો, કૂર્મી ક્ષત્રિયો હતા અને તેમની કુળરક્ષક તરીકે કુળદેવી મા ઉમિયા જ છે.

(બ) ઐતિહાસિક સંદર્ભ : હવે પાટીદારો અને કુળદેવી મા ઉમિયાની ઉત્પત્તિની કથા ઐતિહાસિક સંદર્ભમાં જોઈએ.

માનવ સંસ્કૃતિની શરૂઆત મધ્ય એશિયાથી થઈ. મધ્ય એશિયાથી આર્યો ઈરાન-અફઘાનિસ્તાન થઈ હિન્દુ કુશના ખૈબરઘાટ જેવા રસ્તે થઈ હિન્દુસ્તાનના કાશ્મીર પ્રદેશમાં આવ્યા. 'अर्' ધાતુથી આર્યો કહેવાયા.

'अर्' એટલે 'હળ'. હળ ખેતી કરનાર ખેડૂત સાથે જોડાયેલ છે. આમ આર્યો માનવજાતિના પ્રથમ કૃષિકારો-ખેડૂતો હતા. આર્યોની પ્રકૃતિપૂજા, પ્રકૃતિપ્રેમ, પ્રકૃતિચિંતન-ભારતીય સંસ્કૃતિનું મૂળ છે.

કૃષિકાર 'कूर्मी' છે. 'कूर्मी'નો અર્થ ધરતીને ખોળે રમતો માણસ, જે ખેડૂત સાથે સંબંધ ધરાવે છે. कूर्मि - कु = પૃથ્વી + ऊर्मि = ગોદ. આથી કૂર્મી એટલે પૃથ્વીને ખોળે ખેલનાર ખેડૂત. કૂર્મી કશ્યગોત્રથી ઉત્પન્ન થયા તેમપણ મનાય છે. કશ્યપ અને દક્ષ પ્રજાપતિની સુપુત્રી અદિતિથી કૂર્મીઓ પેદા થયા છે, જે ક્ષત્રિયો હતા અને યુદ્ધના સમય બાદ તેઓ ખેતીવાડી અને પશુપાલન કરતા હતા. આમકૂર્મી કે જેઓ પૃથ્વીના પુત્રો હતા અને અર્ - હળ ચલાવવાવાળા આર્યો એક જ છે. આમકૂર્મી કે જેઓ આર્યો છે, તેમણે સૌ પ્રથમ ખેતી અપનાવી પ્રકૃતિપૂજાનો પાયો પણ આ પ્રજાએ જ નાખ્યો, કે જે ભારતીય સંસ્કૃતિની મૂળભૂત બાબત છે. આ કૂર્મીઓ ખેતીને પવિત્ર અને ગૌરવશાળી માનતા આવ્યા છે. 'माताभूमिः पुत्रोऽहं पृथिव्याः' (પૃથ્વી મારી માતા અને હું પૃથ્વીનો પુત્ર છું.) આ વેદવાક્ય જ તેનો પુરાવો છે.

પશુપાલન અને ખેતી એ તેમનો વ્યવસાય હતો. આ ટોળીઓ જ્યાં-જ્યાં સારી સુવિધા મળી, ત્યાં ત્યાં આગળ વધતી ગઈ. કોઈ ગંગા-જમનાનાં મેદાનો અને કિનારે કિનારે પંજાબથી યુ.પી. બિહાર, નેપાળ સુધી ગયા. કોઈ મધ્યપ્રદેશ ગયા. ગુજરાતના પાટીદારો પંજાબથી રાજસ્થાનની મરુભૂમિ છોડી જૂની સરસ્વતીના કિનારે કિનારે ગુજરાત આવ્યા. અહીંથી મધ્ય પ્રદેશ, યુ.પી. તરફ પણ ગયા અને મહારાષ્ટ્ર, કર્ણાટક અને તામિલનાડુ સુધી ગયા છે. આમ છેક વેદકાળથી આ પ્રજા વિચરણ કરતી રહી છે. પંજાબથી ગુજરાત આવ્યા બાદ આર્યો પાટીદારો બન્યા. જમીનની મોટી 'પાટી' ધારણ કરનાર 'પાટીદાર' કહેવાયા પછીથી પટેલ થયા. પાટીદારો ખેતીની કુશળતાને લીધે જ્યાં ગયાં ત્યાં આગેવાન પ્રજા તરીકે જીવ્યા. ગામમાં જે આગેવાન હોય તેને ગાયકવાડી સરકારે 'પટેલનો' હોદ્દો આપ્યો. જ્યાં જ્યાં પાટીદાર પ્રભુત્વવાળાં ગામ હતાં તેમના આગેવન 'પટેલ' કહેવાયા. તે રીતે પછી સર્વ પટેલ કહેવાયા. સંઘર્ષમય જીવન વખતે તલવાર ધારણ કરનાર 'ક્ષત્રિય' હતા. ઉત્તર ભારતમાં 'કૂર્મિક્ષત્રિય' તરીકે ઓળખાતી આ પ્રજા ગુજરાત આવી કુલમી-કુનબી-કણબી તરીકે ઓળખાઈ. આ પ્રજા પંજાબથી ગુજરાત આવી ઠરીઠામ થઈ, પરંતુ ઉત્તર ભારતનાં જે-જે ગામ, પ્રદેશમાંથી આવ્યા તે નામ ધારણ કર્યાં, જેમકે, મોલ્લોત માંડલેહથી, રૂસાત રોહિતગઢથી તેમ અવધથી આવ્યા તે અવધિયા, કનોજથી આવ્યા તે કનોજિયા તરીકે તે પ્રદેશને પોતાની અટકમાં ધારણ કર્યાં.

યુ.પી. અને બિહારની સરહદે માધાવતીના રાજા વ્રજપાલજીના મહેત દેશના રાજા ચંદ્રસેન સાથેની લડાઈમાં હાર્યા અને ત્યાંથી પોતાના રસાલા સાથે ગુજરાત બાજુ નીકળ્યા. સાથે સાથે શ્રીસ્થળ (આજનું સિદ્ધપુર)માં માતૃશ્રાદ્ધ કરવાની ઈચ્છાથી સિદ્ધપુર આવ્યા. શ્રાદ્ધવિધિ પૂર્ણ કરી - ઊંઝા આવ્યા. અહીં ગુજરાતમાં વસેલા પોતાના સ્વજાતિ બંધુઓએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું અને અહીં જ રોકાઈ જવા આગ્રહ કર્યો. રાજા વ્રજપાલજીને રાત્રે મા ઉમિયાએ દર્શન આપી અહીં રોકાઈ જવા જણાવ્યું. પરિણામે વ્રજપાલજી પોતાના રસાલા સાથે સ્વજાતિ બંધુઓના આગ્રહથી અહીં રોકાઈ ગયા. આ ખડતલ અને મહેનતુ પ્રજા સંઘર્ષમય જીવન જીવનારી હતી. સાથે સાથે શક્તિપૂજા પણ લઈને આવી હતી. વેદો શાખ પૂરે છે કે મા ઉમિયા ધન-ધાન્યની દેવી છે. આથી આ કૃષિકાર પ્રજા મા ઉમિયાની છેક વેદકાળથી પૂજા કરતી આવી છે. પાંચ હજાર વર્ષોથી એકધારી શક્તિપૂજા કરનારી આ પ્રજાનો ઈતિહાસમાં વિરલ અને બેજોડ દાખલો છે. આજે પણ ઊંઝા આસપાસનાં ગામોમાં 'પલ્લીઓ' ભરાય છે, જે ઈન્દ્રપૂજા છે. રાજા વ્રજપાલજીએ સંવત ૨૧૨માં ઈ.સ.ની બીજી સદીમાં ૧૫૬ની સાલમાં મા ઉમિયાનું ઊંઝામાં પ્રથમ મંદિર બનાવ્યું અને પ્રથમવાર મા ઉમિયાની પ્રાણપ્રતિષ્ઠા કરી અને મોટો યજ્ઞ પણ કર્યો. તે વખતે ઊંઝા ઉમાપુર તરીકે ઓળખાતું હતું.

એક અહેવાલ એમ પણ જણાવે છે કે, મા ઉમિયાનું મંદિર પ્રથમ રાજા અવનિપતે બંધાવ્યું. તેણે મોટો યજ્ઞ કર્યો હતો. તે બાદ ત્રણ-ચાર વાર મંદિર બન્યું. આમ મા ઉમિયાનું પ્રાગટ્ય સ્થાન ઊંઝા છે.

ગુજરાતમાં મા ઉમિયાની ધજા નીચે સૌ પાટીદારો એક થયા છે. ઈ.સ. ૧૯૭૬માં ઉજવાયેલ ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી મા ઉમિયાનું ચૈતન્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું છે. મા ઉમિયા જગતજનની તો છે જ, પણ હવે સમાજકલ્યાણી દેવીના રૂપે પ્રકાશી રહી છે.

(૩) કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન : મંદિર બાંધકામ અને વિકાસયાત્રા :

છેક વેદકાળથી પાટીદારો મહાશક્તિ મા ઉમિયાની પૂજા કરતા આવ્યા છે. અંદાજે ઈ.સ. પૂર્વે ૧૨૫૦ થી ૧૨૦૦ના સમયગાળામાં આ પ્રજા પંજાબથી નીકળી રાજસ્થાન વટાવી ગુજરાત આવી વસી છે. ફળદ્રુપ જમીન અને પાણીની વ્યવસ્થાને લીધે ઊંઝા આવી વસવાટ કર્યો. પંજાબથી આવી ગુજરાત રહેવા છતાં આ પ્રજા શક્તિપૂજા ભૂલી નહિ. અહીં મા ઉમિયાનું મંદિર બનાવ્યું અને ધન-ધાન્યની દેવી એવી મા ઉમિયાની પૂજા ચાલુ રાખી, સાથે સાથે વર્ષે એક વાર 'પલ્લી' પણ ભરવાનું ચાલુ રાખ્યું. ધન-ધાન્યની દેવી તરીકે વેદોની ઋચાંઓ જેની સ્તુતિ કરે છે - તે ઉષાદેવી કે ઉમાદેવીની 'પલ્લી' દ્વારા પૂજા કરવામાં આવે છે. પંજાબમાં પાટીદારો જે રીતે શક્તિની 'પલ્લી' ભરતા તે જ રીતે અહીં પણ 'પલ્લી' ભરવાનું ચાલુ રાખ્યું. ઊંઝામાં આજે પણ મા ઉમિયાના મૂળ સ્થાનકે મોલ્લોતોના મોટા માઢમાં પલ્લી ભરવામાં આવે છે. હવે માતાજીના મંદિરે પણ આસો સુદ-૮ના રોજ પલ્લી ભરાય છે. પાટીદારો ઊંઝાથી આજુબાજુ જ્યાં પણ ગયા છે - ત્યાં એટલે ઊંઝાની આજુબાજુનાં ગામોમાં આજે પણ પલ્લીઓ ભરાય છે.

શ્રી ઉમિયા માતાજીનું મંદિર ઊંઝામાં સૌ પ્રથમ ક્યારે બન્યું - તે વિશે આધારભૂત માહિતી મળતી નથી. પરંતુ વહીવંચા બારોટોના ચોપડેથી જે માહિતી મળે છે, તે બતાવે છે કે કડવા પાટીદારોને મા ઉમિયાએ બાવન પૂતળાં બનાવી સજીવન કર્યાં, જે કડવા પાટીદારોના આદિપુરુષો બન્યા. ભગવાન શિવ પણ પ્રસન્ન થયા અને મા ઉમિયાની ઉમાપુર-ઊંઝા ખાતે પ્રથમ સ્થાપના કરી. જે કડવા પાટીદારોનાં કુળદેવી બન્યાં. તે પછી સૌ પ્રથમ ઊંઝા નગરના રાજા ક્રતપાલસિંહ કે વ્રજપાલસિંહે મા ઉમિયાનું મંદિર બનાવ્યું. તેણે મા ઉમિયાનો મોટો યજ્ઞ કર્યો હતો. મા ઉમિયા તેના પર પ્રસન્ન હતાં અને તેને સમયે સમયે સહાય કરતાં હતાં.

તે બાદ રાજા અવનીપત આ નગરના રાજા હતો. તેણે શિવાલય અને મા ઉમિયાની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી અને સવા લાખ શ્રીફળ હોમી મોટો મહાયજ્ઞ કર્યો હતો. ઘીના કૂવા ભરી હોમ કર્યો હતો. અઢારસો બ્રાહ્મણો વરુણીમાં બેસી વેદોચ્ચાર-સ્તુતિ કરતા હતા. આવા મહાન યજ્ઞ વખતે મા ઉમિયા પ્રસન્ન થયાં હતાં અને કડવા પાટીદારોના વિવાહ બાર વર્ષે (બંધુકા વિવાહ) કરવાનો આદેશ કર્યો હતો. બંધુકા વિવાહની તિથિ મા ઉમિયાજી જ નક્કી કરતાં હતાં, એવું મનાતું હતું.

વિ.સંવત ૮૫૦ આસપાસ પાટણ ખાતે વનરાજ ચાવડાના અમલમાં ઊંઝાના પાટીદારો પર કરબોજ અને કનડગતને લઈને કેટલાક પાટીદારો મધ્ય પ્રદેશના માળવા-નિમાડ પ્રદેશમાં ગયા. જો કે બંધુકા વિવાહ જે બાર વર્ષે થતા તે ત્યાં પણ ચાલુ રહ્યા. ઊંઝાથી લગ્નની કંકોત્રી ત્યાં જતી અને મા ઉમિયાએ સૂચવેલા એક જ મુહૂર્તે સર્વ જગ્યાએ બંધુકા વિવાહ કરવામાં આવતા હતા. આ પ્રથા છેક વિ.સંવત ૧૯૭૭ સુધી ચાલુ રહી. ઊંઝાથી નક્કી થયેલ લગ્નતિથિની કંકોત્રી લઈ જુદા-જુદા વિસ્તારમાં બ્રાહ્મણો ચોકિયાતો સાથે જતા. પહેલાં બંધુકા વિવાહ ૫-૭-૯ કે ૧૧ વરસે સારા મુહૂર્તે થતા પણ વિ.સંવત ૧૮૦૬માં માઈ ભક્ત સ્ત્રી થોભણદાસ મોલ્લોતે આ પ્રથા દર ૧૦ વર્ષે ચાલુ કરી, એટલે કે ૧૮૦૬-૧૮૧૬-૧૮૨૬ એ રીતે દર ૧૦ વર્ષે બંધુકા વિવાહ ચાલુ થયેલા.

તે બાદ ગામી શાખના વેગડા પટેલે વિ.સંવત ૧૧૨૨માં માગસર સુદ-૨ના દિવસે મા ઉમિયાનું મંદિર બનાવવાનું ખાતમુહૂર્ત કરેલું અને સં. ૧૧૨૪ના ચૈત્ર માસમાં મંદિર પર શિખર ચડાવવામાં આવેલું. તેના બાંધકામમાં તે વખતે રૂા. ૫,૦૦૦/-નો ખર્ચ થયેલો. મંદિરનું દ્વાર ઊગમણી દિશાએ હતું. તે મંદિરની પાસે દૂધેશ્વર મહાદેવનું મંદિર હતું. તેમજ હનુમાનજીની પ્રતિમા હતી. માતાજીના મંદિરથી ઈશાન ખૂણામાં અબોટી તળાવ હતું. આ તળાવનું પાણી મંદિરમાં પ્રક્ષાલનમાં વપરાતું હોવાથી અબોટી તળાવ કહેવાતું હતું. આ તળાવમાં એક વાવ પણ હતી. આ વાવના નિશાન પરથી તેમજ દૂધેશ્વર મહાદેવ, અબોટી તળાવની નિશાનીઓ બતાવે છે કે હાલનું માતાજીનું મંદિર છે - ત્યાં આ મંદિર ન હતું પણ આજે શેષશાથી ભગવાનની જગ્યા છે ત્યાં મંદિર હતું.

વહીવંચા બારોટોના ચોપડાના આધારે આ નિશાનીઓ આજે પણ જોઈ શકાય છે. લશ્કરી છાવણી તરીકે ઓળખાતી જગ્યા પણ અહીંથી થતી. લશ્કરોની આવન-જાવનનાં રોકાણ અને પડાવની જગ્યા છે.

વિ.સંવત ૧૩૫૬માં દિલ્હીની ગાદીના બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીએ આ વિસ્તારને ઘમરોળ્યો. તે વખતે પાટણમાં કરણઘેલાનું રાજ્ય હતું. તેના પ્રધાન માધવના ભાઈ કેશવની પત્નીનું તેણે હરણ કર્યું અને કેશવને મારી

નાખ્યો. ત્યારે પ્રધાન માધવે તેનું વેર લેવા અલ્લાઉદ્દીન ખીલજીને પાટણ પર ચઢાઈ કરવા બોલાવ્યો. તેણે તેના સુબા ઉલુઘખાનને પાટણ મોકલ્યો. આ સુબાએ ગુજરાતમાં ઘણાં ગામ ભાગ્યાં, ઘણાં મંદિર તોડ્યાં, આ વખતે માની મૂર્તિને મોલ્લોતોના મોટા માઢમાં સંતાડી હોય, હાલ આ જગ્યાએ જ્યાં ગોખ છે ત્યાં જ જૂનું મંદિર હતું તેમ લાગે છે, કારણ કે આ મંદિરના અવશેષો રૂપે મંદિરની કલાત્મક ખંડિત મૂર્તિઓ અને પથ્થરો પણ શેષશાથી ભગવાનની દીવાલોમાં આજે જડેલા દેખાય છે.

આ માતાજીના ગોખે આજે પણ 'પલ્લી' ભરાય છે અને દર વર્ષે નવચંડી હવન પણ થાય છે. પચ્ચીસ વર્ષ પહેલાં અહીંથી દર જેઠ સુદ બીજના દિવસે 'હળોતરા' પણ થતા હતા. 'હળોતરા'નો તહેવાર ખેડૂતોનો તહેવાર છે. ઊંઝામાં દરેક પાટીદાર આ દિવસે નવા વર્ષની વધામણી લેખે ઘેર લાપસીનું ભોજન જમે છે.

આ દિવસે મોલ્લોતોના ચોરાએ પ્રજાપતિ માતાજીનું નામ લઈ ચાર મોટા ગોળા (મોટાં માટલાં) સવારે પાણી ભરીને મૂકી જાય. આ ચારે ગોળા એટલે ચોમાસાના ચારે માસ-અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો. આ નક્કી કરેલા ગોળાઓમાંથી પાણી ઝમે અને પાણીનો રેલો નીકળે, જે રેલો વધુ રેલાય તે માસમાં વધુ વરસાદ થાય - એ રીતે વરસાદનાં શુકન જોવામાં આવતાં.

આ દિવસે ઊંઝાના વૈષ્ણવ વાણિયાઓ મોલ્લોતના માઢમાં વહોરવા આવતા. તેમને અનાજ વહોરાવવામાં આવતું અને તે ઉપરથી તે વર્ષે કઈ ચીજ સારી પાકશે - તેવાં શુકન જોવાતાં. આ શુકન પણ પ્રથાનો એક ભાગ હતો. આજે આ બધી પ્રથાઓ બંધ છે.

વળી, દર વર્ષે ભાદરવા સુદ-૮ના રોજ મોલ્લોત શાખનાં બાળોજ માતાજીનાં વધામણાં થાય છે. મોલ્લોત શાખમાં જેના ઘેર પ્રથમ દીકરો અવતરે તેનું બાળોજ માતાજીનું વધામણું કરવાનું કરબટું છે.

બાળોજ માતા બાળ + ઓજ એટલે કે બાળકોને તેજ આપનારી માતા ગણાય છે. જેથી દીકરાને તેમના દર્શને લઈ જવાનો હોય છે. જે દીકરાનું વધામણું કરાય છે, તેના ઘરે આખો મોલ્લોત પરિવાર ઘરદીઠ દીવો પૂરવા આવે છે. દીવો પૂરવા આવનારને દરેકને સાકરની વધામણી વહેંચવામાં આવે છે. વધામણાવાળાના ઘેર સવારથી દીવો કરી બે તાસકોમાં અનાજ ભરી બંનેમાં એક એક શ્રીફળ મૂકવામાં આવે છે. બપોરે ઘેર મિષ્ઠાન્ન જમાય છે. સગાંવહાલાં બેન-દીકરીઓ આવી હોય છે. બપોર બાદ સારા મુહૂર્તમાં વાજતે-ગાજતે બહેનો દરેક દીકરાની આ તાસકો માથે લઈ ગાતાં ગાતાં પ્રથમ બાળોજ માતાના મંદિરે જાય છે. આ દૃશ્ય ખૂબ જ સુંદર અને મનભાવન હોય છે. અહીં એક તાસકનું અનાજ ઠલવાય છે અને શ્રીફળ વધેરાય છે. વધામણાવાળા દીકરાને પૂજારીજી ચાંલ્લો કરી માતાજીનાં દર્શન કરાવી આશીર્વાદ આપે છે. ત્યાંથી બહેનો ગાતાં ગાતાં મા ઉમિયાજીના મંદિરે જાય છે. અહીં બીજી તાસકનું અનાજ ઠલવાય છે, અને શ્રીફળ વધેરાય છે. દીકરાને માતાજીના પૂજારીજી ચાંલ્લો કરી દર્શન કરાવી આશીર્વાદ આપે છે. તે બાદ બહેનો ગાતાં ગાતાં ઘેર આવે છે.

આ વધામણાં હાલ ચાલુ છે. હવે રૂસાત શાખમાંથી પણ કેટલાંક વધામણાં કરે છે. આ સિવાય સગા-સંબંધીઓનાં પણ માનતાનાં વધામણાં થાય છે.

આ રીતની સાંસ્કૃતિક પરંપરાઓ ગ્રામ્ય લોકજીવન સાથે વણાયેલી છે. હવે સમયના પરિવર્તન સાથે આ પ્રથાઓ લુપ્તપ્રાય થઈ રહી છે.

આ સમયગાળામાં જ તરગાળા જ્ઞાતિની ઉત્પત્તિ અને તેના મૂળ પુરુષ અસાઈત ઠાકરનો ઊંઝાના પટેલની દીકરીને બચાવવાનો પ્રસંગ પણ બન્યો હતો. અસાઈત ઠાકર વટલાઈને નાયક બન્યા. પાટીદારોએ સહારો આપ્યો (આજે પણ આખો કડવા પાટીદાર સમાજ આ તરગાળા નાયક કોમને સહારો આપે છે.)

અસાઈત ઠાકરે તરગાળા બની ભવાઈના વેશ ભજવ્યા. તે ભવાઈની ઉત્પત્તિ પણ આ જ સમયે થઈ. જે આજે ગુજરાતનું સાંસ્કૃતિક ઘરેણું ગણાય છે - જેમાં તત્ સમયના સમાજનું પ્રતિબિંબ રજૂ થાય છે.

જો કે મધ્ય પ્રદેશ ગયેલા કડવા પાટીદારોના વગીવંચા - બારોટોના ચોપડે આ અસાઈઠ ઠાકરના હેમાળા પટેલની

દીકરી ગંગાને ઉલુઘખાનના જનાનખાનામાંથી બચાવવાના અને વટલાયાના પ્રસંગ વિશે કંઈ ઉલ્લેખ નથી. અહીંના બારોટ વહીવંચાના ચોપડાઓમાં પણ આ વાતની નોંધ જણાઈ નથી.

વિ.સંવત ૮૦૦ થી ૧૩૦૦ સુધીમાં ઊંઝા જાહોજલાલીથી ભરપૂર રહ્યું હતું. વનરાજ ચાવડાના સમયમાં ઊંઝા પાટણ રાજ્યનો ભાગ હતું. આ પ્રજાએ ખેતીની પોતાની આગવી સૂઝથી આ પ્રદેશને નંદનવન બનાવ્યો હતો. રાજ્ય તેમના પર કરનું ભારણ વધારે જતું હોવાથી આ પાટીદારો અહીંથી સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત અને મધ્ય પ્રદેશ જવા લાગ્યા. આ સ્થળાંતરને લીધે વનરાજ ચાવડાના દૂરંદેશી મંત્રી ચાંપરાજના બુદ્ધિચાતુર્યથી કડવા પાટીદારોને અહીં જ રોકાઈ જવાનું બન્યું. તેમણે માતાજીના પૂજારી મારફતે પાટીદારોને અહીં જ રહેવા આદેશ કર્યો અને બંધુકા વિવાહની પ્રથા શરૂ કરી. દર દસ કે બાર વરસે માતાજી મુહૂર્ત આપે તે દિવસે આખી કડવા પાટીદાર જ્ઞાતિમાં લગ્નો થાય. માતાજીના મંદિરે જ માણેકસ્તંભ રોપાય અને ઠેકઠેકાણે છેક મધ્ય પ્રદેશમાં પણ કંકોત્રીઓ અહીંથી જ જાય. 'બંધુકાવિવાહ'માં બાર વરસે લગ્નો થવાના લીધે ઘોડિયામાં હીંચતાં બાળકોનાં પણ લગ્નો લેવાતાં - તેટલું જ નહિ જે કન્યા લગ્ન વગરની રહે, તેને ફૂલના દડાથી પરણાવી દેવામાં આવતી. તે ફૂલનો દડો નદી કે કૂવામાં પધરાવી દેવાતો. આમ નાના-મોટા દરેકનાં લગ્નો બાર વર્ષે લેવાતાં. આ પ્રથા પણ સમયના પરિવર્તન સાથે બંધ થઈ. હવે તેનું નવું સ્વરૂપ સમૂહલગ્નોની રીતે ચાલે છે.


અઢારમી - ઓગણીસમી સદી દરમિયાન અંગ્રેજી અમલમાં પાટીદારો માતાજીનું ઈંટ-ચૂનાનું મંદિર બનાવી માતાજીની પૂજા કરતા હતા. આ ઈંટ-ચૂનાનું મંદિર ક્યારે અને કોણે બનાવ્યું - તે વિશે કંઈ માહિતી ઉપલબ્ધ નથી. આ મંદિરનો કિલ્લો વિ.સં. ૧૮૭૩માં ખાતમુહૂર્ત કરી બનાવવાનું શરૂ થયું. જે સં. ૧૮૭૯માં કિલ્લાનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. આ કિલ્લામાં ઊંઝાના તળાવમાં આવેલી વાવના પથ્થરો જડવામાં આવ્યા છે. હાલ ગામ તળાવની વાવ દટાઈ ગઈ છે. આ કિલ્લામાં પૂર્વ-પશ્ચિમ અને ઉત્તરે એમ ત્રણ દરવાજા બનાવવામાં આવ્યા હતા. કિલ્લામાં છ બુરજ અને તેમાં એક એક બારી મૂકવામાં આવી છે.

જગપ્રસિદ્ધ શ્રી ઉમિયા માતાજીના મંદિરનું બાંધકામ :

શ્રી ઉમિયા માતાજીના ઈંટ-ચૂનાના મંદિરની જગ્યાએ નવીન પથ્થરનું મંદિર વિ.સંવત ૧૯૪૩ ઈ.સ. ૧૮૮૭માં તૈયાર કરવામાં આવ્યું. આ સમયે ઊંઝા પાટણ રાજ્યના અસ્તથી ગાયકવાડી રાજ્યના એક ભાગ તરીકે હતું. ગાયકવાડી રાજાઓ પ્રજાવત્સલ હતા. આ વખતે મહારાજા સયાજીરાવ વડોદરાના રાજા હતા.

લોકોમાં મંદિરનું પુનઃ નિર્માણ કરવાનો ખ્યાલ ઊભો થવા લાગ્યો. આ વખતે અમદાવાદના માઈભક્ત શ્રી રામચંદ્ર મનસુખલાલે કડવા પાટીદાર જ્ઞાતિના જુદા-જુદા વિસ્તારોના આગેવાનોની એક સભા વિ.સં. ૧૯૧૬ ઈ.સ. ૧૮૬૦માં બોલાવી. ઉઘરાણું થતાં એક લાખ રૂપિયાનો ફાળો એકઠો થયો. ત્યારે મંદિરના પુનઃ નિર્માણનું કામ માઈભક્ત પટેલ રામચંદ્ર મનસુખરામને વિ. સંવત ૧૯૨૧ (ઈ.સ. ૧૮૬૫)માં સોંપવામાં આવ્યું. તેમણે જૂનું ઈંટ-ચૂનાનું મંદિર ઉત્થાપીને આજનું પથ્થરનું મોટું શિખરબંધ દેવાલય બનાવ્યું. તેમણે ઈંટ-ચૂનાનો ઘુમ્મટવાળો ભાગ, ચોકીઓ, મંદિર નીચેનું ભોયરું અને પરથાળ તૈયાર કરાવ્યો. આટલેથી નાણાં ખૂટતાં કામ અધૂરું રહ્યું. શ્રી રામચંદ્ર મનસુખરામની પ્રતિમા મંદિરમાં હાલ મોજુદ છે.

આ અટકી પડેલ કામ રાવબહાદુર બહેચરદાસ અંબાઈદાસ લશ્કરીએ પુનઃ શરૂ કર્યું. ગાયકવાડી રાજ્યમાં તેમની વગ હતી. બાંધકામ અંગેની સર્વ વિગત દર્શાવતો આરસનો શિલાલેખ હાલ મોજુદ છે.



મંદિરમાં આરસનો શિલાલેખ

॥ શ્રી ઉમિયા દેવી જયતિ ॥

શ્રી ગણેશાય નમઃ સ્વસ્તિ શ્રમન્ન પવિત્રમાર્ક રાજ્ય સમવાતીત સંવત્ ૧૯૪૩ વર્ષે શાકે ૧૮૦૮ પ્રવર્તમાને શુભકારિ માઘ માસે શુક્લ પક્ષે તિથૌ ૬ રવિવારે... તારીખ સને ૧૮૬૭ ઈસવી. શ્રીમંત મહારાજ સયાજીરાવ ગાયકવાડ વડોદરા રાજ્યે મંત્રી રાવબહાદુર લક્ષ્મણરાવ જગન્નાથ, સર સુબા રાવબહાદુર ગણેશ સીતારામ-શાસ્ત્રી ઉત્તરપ્રાંત સુબા-રાવ બહાદુર રામચંદ્ર ગોપાલરાવ હરિદેશમુખ સિદ્ધપુર મહાલયે ગામ ઊંઝા સમીપે શ્રી ઉમિયાજી દેવીનું પ્રાચીન શિખરબંધ ઈંટ ચુનાનું દેવાલય, ઉત્થાપન કરી અમદાવાદી કડવા જ્ઞાતિલાઓએ ઉત્સાહથી પરિશ્રમ લેઈ દેશોદેશ ઉઘરાણું કરી ફરથી પાષાણનું મોહોટું શિખરબંધ દેવાલય, ચોકીઓ, ભોયરું તથા પરથાર અમદાવાદના સ્વર્ગવાસી પટેલ રામચંદ્ર મનસુખરામ હસ્તે ગામ ઊંઝાના પટેલ બાજીદાસ થોભણદાસ વિગેરે વિદ્યમાને આશરે રૂા. ૧,૦૦,૦૦૦/- લાખ ખરચી કરાવ્યું. તેમાં ઘણાં વર્ષ સુધી અધૂરું કામપડી રહેલું તે શ્રી અમદાવાદવાસી રાવ બહાદુર શેઠ બહેચરદાસ અમઈદાસ સી. એસ. આઈ. લશ્કરીની પ્રેરક યોજનાથી સીદપુર સંવત ૧૯૪૦ના અષાઢ સુદી-૨ વાર બુધ દીને કયડવા જ્ઞાતિના ભાઈઓ ઘણાં ગામોના ભેલા મલી શ્રી ઉમિયા દેવીની સ્વસ્થાનિક વ્યવસ્થા તથા નવી ધર્મશાળા બનાવવા માટે દેવાલયનું અધૂરું કામ પૂરું કરવા પંચ નીમી.

સરપંચ પ્રમુખ રાવબહાદુર શેઠ બહેચરદાસ અમઈદાસ સી.એસ.આઈ.

૧ પાટડી દરબારના કારભારી..., ૧ અમીન પરીખ હરિલાલ નારણભાઈ કડી ૧ પટેલ બાજીદાસ થોભણદાસ મોહોલોત ઊંઝા ૧ પટેલ લક્ષ્મીચંદ બાલચંદ રૂસાદ ઊંઝા ૧ પટેલ વાહાલજી નાનજી રોટ વસે ચારસે તરફથી ઊંઝા ૧ પટેલ ભગવાનદાસ ખુશાલદાસ ઉમતા ૧ પટેલ તલજનદાસ ભાવસંઘ ચાણસ્મા ૧ પટેલ હેમા કાહનજી ઉપેરા ૧ પટેલ ગુલાબચંદ માલજી સહોડવ ૧ પટેલ કલજી મનોરદાસ પીલુદરા ૧ પટેલ વીઠા હેમરાજ લાંઘણજ ૧ પટેલ જમનાદાસ કાસીદાસ રૂપાલ મુખી પટેલ કેવલ ઝવેરદાસ મોહોલોત ઊંઝા પટેલ નરસીદાસ દાનસીંગ મેસાણા.

આ પંચોયે રાવ બહાદુર શેઠ બહેચરદાસ અમઈદાસ સી.એસ.આઈ.ને અધિકાર આપ્યો તે પ્રમાણે પોતાની ખાતરીના ગુમાસ્તાઓને મોકલી ગામોગામથી ઉઘરાણું કરાવ્યું તથા ચોકસાઈ તપાસ દેખરેખ સંભાલ્ય રાખી કામ કરાવ્યું તેહેની વિગત નીચે મુજબ.

જ

૩,૨૫,૦૬૮-૧૦-૬	॥ રૂ. ॥ કુલ ઊઘરાણું આવ્યું વસૂલ
રૂ. ૧,૫૦૦	સકાઈ શ્રીમંત મહારાજ સયાજીરાવ ગાયકવાડના હુકમથી
રૂ. ૧,૦૦૧	પાટડી દરબાર દેસાઈ સૂરજમલજી જોરાવરસંઘજી તરફથી
રૂ. ૧,૦૦૦	મુંબઈ ગરા શ્રી અમદાવાદવાસી રાવ બહાદુર શેઠ બહેચરદાસ અમઈદાસ સી.એસ.આઈ. તરફથી
રૂ. ૧,૧૦૧	ઊંઝા ગામના
રૂ. ૨,૦૪,૬૬૪	॥ ૨ ॥ શાકાઈ ગામ૩૯૪ જ્ઞાતિના ભાઈઓ તરફથી દર ઘરદીઠ રૂ. ૬ સિવાયે ગરીબ અશક્તને છોડીને

ઉ

૩,૨૫,૮૨૧-૧૧-૬	**॥ રૂ. ॥ કુલ લાગત ખર્ચ થયું.**

રૂ. ૨૧૪ દેવાલય ખાતે રૂમ, મંડપ, માતયાગ, બારામાં આરસપહાણનું પાથરણ, કમલચોકીયાલા વગેરે તથા ભુઈરુ સમરાવી જાલિયો બેસારી ઘુંમટમાં પુતલિયો બેસારી, ચીત્રાવિ પાશાણની તોરણ કમાન્યો બેસારી પરથારમાં પાશાણનું અધૂરું પાથરણ પૂરું કરાવ્યું. દેવાલયનું શિખર સુવર્ણથી રસાયું, દેવાલય ઉપરના પીપણા કહાડી નાંખી સાંધાપુરી પટીયોસજ કરી ધોલાવ્યું.

રૂા. ૧,૧૪,૫૦૬-૧૪-૯ શ્રી પાકી ધર્મશાલા ખાતે :

પાશાણઈ લો ચૂનો ગચીનાં ધાવાં નંગ ૬૧ તથા ચાર ખૂણો ઘુંમટ ધાર તેમાં દર એકમાં બારી ઓરડા પરસાળ કમાડબંધ નવી પાકી ધર્મશાળા કરવી તેમાં જતી ચો દેશ લોહ ખંડના સ્થંભો તે ઉપર પગાંથિ જડિત પડાલિયો કરાવી તેનું ક્ષેત્રફળ પૂર્વ-પશ્ચિમફૂટ ૧૮૫ બાંધી છે. તથા મધ્ય ઉત્તર દ્વારથી દક્ષિણ પૂર્વભિ ફૂટ ૧૬૦ પહોલિ છે. તથા પશ્ચિમાભિ ફૂટ ૧૪૮ પહોલિ છે. પૂર્વ દિશાએ મોટો દરવાજો તે ઉપર ધાવો બંધ મહેડો લાંબો ફૂટ ૨૨ છે તથા પહોલો ફૂટ ૧૧ છે. આગલયે બાજુ પથરના ઓટલા તથા પગથીયાં તથા ઈંટ-ચૂના ગચીયો નિહાયણીઓ કરાવી તથા તે પાસે વજીરો ઉપર ચાંઘડીયાં વગાડનારા વાસ્તે બંગલી ૧ તથા દક્ષિણાતી વજોરી ઉપર બીજી બંગલી કરાવી. ઉત્તર દરવાજો તે માંહી પુર્વાતી ધાબા ઉપર ચડવાનો જોનો તથા ૨૭ ધાબાં પર માતાજીના દુકાન તથા દરવાજા આગળ ચોકિમાં પથરના કોણીદાર સ્તંભો તથા કમાનો જે ઉપર ચુનાગરી ઘોમટી કાંગરાવાલી કરાવી.

રૂા. ૯૩,૪૭૮-૧૧-૯ બીજી કાચી ધર્મશાલા ખાતે :

ઉત્તર દરવાજા આગળ ઈંટમાટીની સર્વજનિક ધર્મશાલા પૂર્વ-પશ્ચિમફૂટ ૧૮૫ની પહોલી ઉત્તર-દક્ષિણ ફૂટ ૧૦૨ની કરાવી તેહેમાં પટેલ ત્રિકમદાસ બેહેચરદાસ રૂસાત પોતાની જમીન ધર્માદા આપી છે. તેહેમાં દરવાજામાં પેસતા જમણી બાજુ માતાની દુકાન ડાબી બાજુ પૂજારીને રહેવા ઘર તે મેઢા બંધ ઓરડી પરસાલ માંડવી સાથે તથા બીજી દુકાનો ૫ સિવાય છૂટ પડાલીયો... નેવાંથી છાપરાં છાયેલું હેવી કરાવી ઈજનેર મિસ્તારી મગનલાલ મહાસુખરામ ॥ કારકૂન દવે ગણપતરામ લલુરામ.

રૂા. ૩૧૫/- દુકાન-કારકૂન તથા વાસ્તુ ખરચ :




ઊંઝા વિસ્તારમાં તે વખતે પાણીની અગવડ ઘણી હતી. યાત્રીઓ માટે પાણીની સગવડ કરવી પણ જરૂરી હતી. તે માટે આ બાંધકામ સમિતિએ વિ.સં. ૧૯૪૩ના ચૈત્ર સુદમાં તા. ૧-૪-૧૮૮૭ના રોજ કડી પ્રાંતના સુબા શ્રી રામચંદ્ર ગોપાલદાસ દેશમુખજીના વરદ્હસ્તે માન સરોવર બાંધવાનું ખાત મુહૂર્ત પંદર હજાર ભાવિકોની હાજરીમાં કરાવ્યું હતું. મંદિરના ઈશાન ખૂણે ૧૨૦ ફૂટ - ૧૨૦ ફૂટની લંબાઈ, પહોળાઈ અને ૫૬ ફૂટની ઊંડાઈનું આ ભવ્ય માનસરોવર બનાવવામાં આવ્યું. તેની પશ્ચિમ દિશાએ ૯ ફૂટ પહોળું અને ૨૮ ફૂટ ઊંચું એવું શિવાલય પણ આ માનસરોવરમાં બનાવ્યું. કામ પૂર્ણ થાય તે પહેલાં રા. બ. શ્રી બહેચરદાસ લશ્કરી સ્વર્ગવાસી થયા અને બાકીનું કામ તેમના સુપુત્ર શ્રી શંભુપ્રસાદે પૂર્ણ કરાવ્યું. માનસરોવર વિ.સં. ૧૯૫૧ (ઈ.સ. ૧૮૯૫)માં તૈયાર થયું. આ માનસરોવરનો પણ શિલાલેખ મોજુદ છે.

માનસરોવરનો શિલાલેખ

महाराजाधीराज श्री श्री श्री १०८ श्री श्रीमंत महाराजा सयाजीराव गायकवाड
सेना खास खेल समशेर बहादुर इत्यादि
वडोदरा
दीवान बहादुर मणीभाई जसभाई दीवान साहेब
श्री उंझे उमिया माताजी समीपे मानसरोवर
संवत १९५९मां बंधाई तैयार थयुं
उत्तर प्रांतना सुभ-साहेब रावबहादुर त्र्यंबकराय वृजराय
श्री उमिया माताजी संस्थान कमिटि
प्रमुख
राव बहादुर शेठ बेहेचरदास अंबाईदास सी.एस.आई. तत् पुत्र
शेठ शंभुप्रसाद बेहेचरदास लश्करी
अमदावाद

पंच (मेम्बर)

पाटडी दरबारश्रीना कारभारी, पाटडी
परी रुघनाथदास परसोत्तमदास, विरमगाम
पा. शामलदास बाजीदास, ऊंझा
पा. मानचंद झवेरदा, ऊंझा
पा. तलजनदस भावसंग, चाणस्मा
पा. भगवानदास खुसालदास, उमता
पा. द्वारकादास कलनीदास, पीलुदरा
पा. जमनादास काशीदास, रुपाल
पा. गुलाबदास मालज, सरढव
पा. विठ्ठलदास हेमराज, लांघणज



अमीन हरिलाल नारायणभाई, कडी
परी जीभाई केवलदास, विरमगाम
पा. रामचंद्र लखमीचंद, ऊंझा
पा. रामचंद्र नाथा, ऊंझा
पा. गणेश मानसंग, चाणस्मा
पा. धनजी भगवानदास, लाडोल
पा. करशनदास नरसिंहदास, मेसाणा
पा. वक्ता गोपाल, लाडोल
पा. हेमराज कहानजी, उपेरा
पा. बापुभाई केवलभाई, कडी

માનસરોવર








લંબાઈ	: ૧૨૦ફૂટ
પહોળાઈ	: ૧૨૦ફૂટ
ઊંડાઈ	: ૫૬ ફૂટ વચ્ચે કૂવો
પશ્ચિમભાગે શિવાલય	: ૯ ફૂટ પહોળું અને ૨૮ ફૂટ ઊંચું
બાંધકામ	: તા. ૧ એપ્રિલ, ૧૮૮૭થી ૧૩ ફેબ્રુઆરી ૧૮૯૫ સુધી

















(૪) ૧૮મી શતાબ્દી મહોત્સવ : ૧૯૭૬

મા ઉમા ઊંઝામાં પ્રગટ થયાની માન્યતા મુજબ માધાવતીના કુર્મિરાજા વ્રજપાલજી કે કૃતપાલજી લડાઈમાં હારી જતાં માળવાથી સિદ્ધપુર માતૃશ્રાદ્ધ માટે આવ્યાની વાત અને ઊંઝામાં સંવત ૨૧૨ની સાલમાં આવ્યા અને શ્રી માતાજીનું મંદિરની પ્રતિષ્ઠા કર્યાની વાતની દંતકથાને મૂળ પાયો ગણી ઉમિયા 'માતાજીને ૧૮મી સદી ચાલે છે તેમ ગણવામાં આવ્યું છે.'

આમ શ્રી ઉમિયા માતાજીની મૂર્તિ સ્થાપના બાદ ફરી પ્રાણપ્રતિષ્ઠા માટે વિચાર આવ્યો. માતાજીના વહીવટકર્તાઓએ આ વિચાર વધાવી લીધો. ચર્ચા-વિચારણાને અંતે શ્રી માતાજીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવવાનું ઠરાવવામાં આવ્યું.

મહોત્સવને '૧૮મી શતાબ્દી મહોત્સવ' એવું નામ આપવામાં આવ્યું. આ અંગે ગામ સભા બોલાવવામાં આવી અને મહોત્સવના આયોજનની તૈયારીઓ ચાલુ થઈ ગઈ. તેના માટેની જુદી-જુદી કમિટિઓની રચનાઓ કરવામાં આવી. છ માસ પહેલાંથી મહોત્સવના આયોજનનું કામ ચાલુ થઈ ગયું. મહોત્સવની ઊજવણીના મૂળમાં માતાજીની પ્રેરણા જ કામ કરતી હોય તેવું સ્પષ્ટ જણાવા લાગ્યું. કડવા પાટીદારોનો દર્શનમેળો જામ્યો. પાંચથી સાત લાખ માણસો દર્શને આવવાની ગણતરી હતી તેના બદલે ૧૬ થી ૧૮ લાખ માણસોએ દર્શનનો લાભ લીધો. માતાજીના દ્વાર રાત્રે ૯-૧૫ વાગ્યે બંધ કરવામાં આવતા હતા, તે દર્શનાર્થીઓના રાત-દિવસના અવિરત પ્રવાહને જોઈ માતાજીના દ્વાર ચોવીસ કલાક ખોલી નાખવામાં આવ્યાં. સ્વયંસેવકોએ રાત-દિવસ જોયા વગર ભૂખે-તરસે પોતાની જગ્યાએ ચોવીસે કલાક પોતાની સેવા-શક્તિનો પરચો બતાવ્યો. રસોઈનું કામ કલ્પનામાં ન આવે તે રીતે ટપોટપ આટોપાઈ જતું. રસોઈયાઓએ માતાજીના નામે રસોઈઓ પાર પાડી, સીધુ-સામાન ક્યાંથી આવ્યું ને કેમ તેનો ઉકેલ થયો તે પણ આપોઆપ ચાલવા લાગ્યું. લોકજુવાળે તો હદ કરી નાખી. લોકોએ તન-મન-ધનથી આ મહોત્સવ માણ્યો. જેમણે આ મહોત્સવ જોયો તે લોકો આજે પણ કહે છે કે, આ મહોત્સવ 'न भूतो न भविष्यति' જેવો બની રહ્યો.

આટલો માનવ મહેરામણ ઊભરાયો હોવા છતાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નહોતો. આમ આ મહોત્સવ એ સ્વયંભૂ રીતે શ્રી માતાજીની પ્રેરણા અને સહાયથી ઊજવવામાં આવ્યો - જે ઊંઝાના ઈતિહાસમાં અવિસ્મરણીય અને અનુપમ-બેજોડ બનાવ બની ગયો. જેઓએ આ મહોત્સવ જોયો તે ધન્ય બન્યા. એક સ્વપ્નવત્ આપોઆપ સ્વયંભૂ રીતે આ મહોત્સવ તા. ૨૫-૧૧-૧૯૭૬ થી તા. ૨૯-૧૧-૧૯૭૬ સુધી ભવ્યાતિભવ્ય રીતે ઊજવાયો.

માતાજીના યજ્ઞની શરૂઆત તા. ૨૫-૧૧-૧૯૭૬ને સંવત ૨૦૩૩ના માગશર સુદ-૪ના રોજ શુભ મુહૂર્તે સ્વ.શ્રી બાલચંદદાસ ઉમેદરામ પટેલના હસ્તે ધ્વજારોપણ વિધિ દ્વારા થઈ. યજ્ઞના મુખ્ય આચાર્ય નડિયાદના વિદ્વાન પંડિત શ્રી શુકદેવજી અગ્નિહોત્રી હતા. યજ્ઞના મુખ્ય યજમાન સ્વ. પટેલ સોમાભાઈ શંકરદાસ મોલ્લોત હતા. જેમણે પ્રથમ પાટલાનો ચડાવો રૂા. ૪૫,૦૦૦/-માં લીધો હતો. યજ્ઞની પૂર્ણાહુતિ તા. ૨૯-૧૧-૭૬ના રોજ સંપન્ન થઈ.

ઊંઝાની તસુએ તસુ જમીન યાત્રીઓના પગરજથી ધન્ય બની. મહોત્સવના દિવસો દરમિયાન ગુજરાતના ખૂણે-ખૂણેથી લોકો માનાં દર્શને ઊમટી પડ્યા હતા. મહોત્સવ દરમિયાનની અજોડ કાર્યશક્તિ એ માત્ર માતાજીના હજારો હાથોએ પ્રગટેલી શક્તિનો ધોધ જણાતો હતો. ઊંઝાની તમામ સંસ્થાઓએ દિલ દઈને પૂરી કાર્યદક્ષતાથી કામ કર્યું અને અવસર દીપી ઊઠ્યો હતો.

 શ્રી માતાજીના મહોત્સવમાં ધારણા બહારની સફળતા મળી. લગભગ ૧૬ થી ૧૮ લાખ દર્શનાર્થીઓએ લાભ લીધો. દરેકના દિલમાં એક જ વાત જણાઈ આવી કે આ મહોત્સવ માનવશક્તિના આયોજનનું કામ ન હતું પણ સાક્ષાત્ જગતમાતા મા ઉમિયાજીની દૈવીશક્તિનો પરચો જ આ સફળતામાં કામ કરી રહ્યો હતો. માની ચેતના સોળે કળાએ પ્રગટી ઊઠી હતી.

સંસ્થાનના કાર્યવાહકોએ ન ધારેલી સફળતા જોઈ. ખર્ચની જોગવાઈની ચિંતા હતી - તેના સ્થાને લગભગ બાવન લાખ રૂપિયા માતાજીનાં ચરણે માનવ મહેરામણે અર્પી દીધા હતા. આમાંથી લગભગ આઠેક લાખનો ખર્ચ બાદ જતાં લગભગ ચુંમાળીસ લાખની બચત થઈ. આર્થિક સફળતા કરતાં ખાસ તો કડવા પાટીદાર સમાજ માતાજીની ધજા નીચે એકતા અને ભાઈચારો અનુભવવા લાગ્યો - તે આ મહોત્સવની મુખ્ય ફળશ્રુતિ નોંધાઈ છે. ગુજરાત કે ભારતમાં વસતા દરેક કડવા પાટીદારોને પોતાની કુળદેવી માટેની શ્રદ્ધા અને ભાવના અનેકગણી વધી ગઈ. કેટલાયે એવા કડવા પાટીદારો હતા કે જેમને પોતાની કુળદેવીનો કોઈ ખ્યાલ ન હતો. તે દરેકે પોતાની મા સાથે નાતો જોડ્યો અને ભક્તિભાવથી સમયે સમયે માના આંગણે પધારવાની લાલસા બંધાઈ. આ મહોત્સવને દરેક કડવા પાટીદાર માટે મા-દીકરાના અતૂટ બંધનનો ખ્યાલ આપ્યો. આજ સુધી કપરા સંજોગોમાં માને યાદ કરનાર દરેકે વર્ષે એકવાર માનાં દર્શને અચૂક આવવાનું નક્કી કર્યું. આમ આ મહોત્સવ એ શ્રમજીવી કોમ માટે શક્તિપ્રેરક અને 'જાગૃતિનો મહાયજ્ઞ' બની ગયો.

(૫) શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા - વિસ્તરણ અને પથિકાશ્રમો :

૧૮મી શતાબ્દી મહોત્સવ એ મહાન જાગૃતિયજ્ઞ અને કડવા પાટીદાર એકતાનો મહાયજ્ઞ બન્યો હતો. હવે માતાજી સંસ્થાનના કાર્યકર્તાઓમાં નવા નવા વિચાર ને નવી નવી પ્રવૃત્તિઓ આદરવાનો ઉત્સાહ પ્રગટ્યો. માતાજી સમાજકલ્યાણી દેવી તરીકે ઊભરવા લાગ્યાં. માતાજીના બંધારણમાં પણ ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે સામાજિક પ્રવૃત્તિઓ કરવાનો સમાવેશ કરવામાં આવ્યો.

સૌ પ્રથમ યાત્રિકોની સગવડની વિચારણા હાથ ધરવામાં આવી. યાત્રિકો માટે અદ્યતન સુવિધાવાળું એક પથિકાશ્રમઅને ભોજનાલય બનાવવાનું વિચારવામાં આવ્યું અને તેનું આયોજન સને ૧૯૭૭-૭૮માં રૂા. ૪૦ લાખના ખર્ચે બનાવવામાં આવ્યું. જેનું ખાત મુહૂર્ત સંસ્થાના પ્રમુખ શેઠશ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરીના હસ્તે તા. ૧૭-૫-૭૮ના રોજ કરવામાં આવ્યું. જેમાં ૩૬ રૂમો, ૩ સ્ટોરરૂમ, એક સભાહોલ અને ૫ મોટા હોલ તૈયાર કરવામાં આવ્યા. સાથે સાથે નીચેના ભાગે ભોજનાલયની પણ વ્યવસ્થા કરવામાં આવી, જેમાં ગેસ-ડીઝલના ચૂલાઓની પણ વ્યવસ્થા કરવામાં આવી. એકીસાથે ૪૦૦ માણસો રહી શકે તેવી વ્યવસ્થા થઈ. યાત્રીઓની સુવિધા માટે ઠંડાં તેમજ ગરમપાણીની વ્યવસ્થા કરવામાં આવી. સાથે સાથે ચાંદીની જાળી, ચાંદીનો ગોલખ તેમજ ચાંદીનો કઠેરો બનાવવામાં આવ્યો. ચાંદીના દરવાજાનું પણ આયોજન કરવામાં આવ્યું. જેમાં ૩૬૮ કિલો ચાંદી વાપરવામાં આવી છે. વળી ટાવરની બાજુમાં રૂા. ૧૭ લાખના ખર્ચે ભવ્ય ઓફિસ બનાવવામાં આવી. ઓફિસના ઉપરના ભાગે યાત્રાળુઓ માટે બીજા ૧૨ રૂમો બનાવવામાં આવ્યા અને એક સભાહોલ બનાવવામાં આવ્યો. માતાજીના મંદિરની દક્ષિણ બાજુએ રૂા. ૧૮ લાખના ખર્ચે એક સત્સંગ હોલ પણ બાંધવામાં આવ્યો - જેમાં એક હજાર શ્રોતાઓ બેસી શકે તેવું આયોજન છે. સત્સંગ હોલ માટે પટેલ તળશીદાસ જોરદાસ રૂસાત તરફથી જમીનની દેણગી મળેલી. આથી સત્સંગ હોલ પર તેમનું નામ જોડવામાં આવ્યું છે. આ ઉપરાંત યાત્રીઓ માટે માનવસરોવર ઉપર એટેચ બાથની સગવડ સાથેના બીજા ૩૦ રૂમ બાંધવામાં આવ્યા છે. તેના ભોંયતળિયાના ભાગે કડવા પાટીદાર સમાજના દરેક પાસાની ઝાંખી કરાવતું એક સંગ્રહસ્થાન બનાવવામાં આવનાર છે. તે બાદ માતાજીના કાર્યવાહકોનું ચિંતન માત્ર ઊંઝા પૂરતું જ મર્યાદિત ન રહેતાં, જ્યાં જ્યાં કડવા પાટીદારોને જરૂરી જણાય ત્યાં ત્યાં તેમની સગવડો સાચવવાનું આયોજન વિચારવામાં આવ્યું છે.

(૧) શ્રી ઉમિયા પથિકાશ્રમ - અંબાજી :

સને ૧૯૭૯માં અંબાજીમાં વિશાળ જગા સાથેનો લશ્કરી શેઠનો બંગલો લગભગ સવા ત્રણ લાખમાં ખરીદવામાં આવ્યો. જ્યાં લગભગ પચીસ લાખથી પણ વધુ રકમ ખર્ચીને ૨૮ રૂમ, એક ઓફિસ તેમજ બે રસોડાં શેડ સાથે અદ્યતન ઉમા પથિકાશ્રમ બનાવવામાં આવ્યું. જે યાત્રિકો માટે આશીર્વાદરૂપ બન્યું છે. અહીં એકી સાથે ૫૦૦ યાત્રીઓ માટે સગવડ છે.

(૨) શ્રી ના.મા. પટેલ પરિવાર શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ - બેચરાજી :

લગભગ તે જ અરસામાં બેચરાજી ખાતે શ્રી નારાયણભાઈ માધવલાલ પટેલ પરિવાર તરફથી ૯૨૦૧ ચો. વાર જમીન પથિકાશ્રમ બનાવવા માટે ભેટ મળી. તેમાં રૂા. ૪૨ લાખના ખર્ચે પથિકાશ્રમ બનાવવામાં આવ્યું. જેની સાથે દાતાનું નામ જોડવામાં આવ્યું. શ્રી ના.મા. પટેલ લાટીવાળા પરિવાર શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ-બેચરાજી. અહીં ઉપર-નીચે એમ ૧૬+૧૬ મળી કુલ ૩૨ રૂમ બનાવી. એક સાથે ૨૦૦૦ માણસો જમે એવી ભોજનાલયની વ્યવસ્થા છે.

આ ઉપરાંત રૂા. ૫૪ લાખના ખર્ચે ૫૪ ફૂટ x ૧૦૦ ફૂટનો એક સાંસ્કૃતિક હોલ પણ બાંધવામાં આવ્યો. તેના ઉપર એટેચ બાથ સાથેની સગવડવાળી આધુનિક ૧૧ રૂમો અને એક ઓફિસની સગવડ કરવામાં આવી છે. ભવિષ્યની જરૂરિયાત માટે બીજી અઢી વીઘા જમીન પણ મેળવી છે.

આટલા ભવ્ય પથિકાશ્રમમાં પટેલ કમુબેન અંબાલાલ નારણદાસ સીતાપુરવાળાના રૂા. ૪,૭૫,૦૦૦/-ના દાનથી શ્રી ઉમિયા માતાજીનું પથ્થરનું મંદિર પણ બનાવવામાં આવ્યું છે.

(૩) શ્રી ઉમિયા માતાજી કેમ્પસ સોલા - અમદાવાદ :

ગુજરાતના હાર્દ સમા અમદાવાદમાં તો ગુજરાતભરના કડવા પાટીદારોની આવન-જાવન હોય જ છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાએ સોલારોડ પર શ્રી ભાગવત વિદ્યાપીઠની બાજુમાં ૨૬ વીઘા જમીન-કમ્પાઉન્ડ વૉલ, બોર તથા ૨૬ રૂમોનાં બાંધકામ સાથે રૂા. ૭૫ લાખમાં ખરીદ કરી છે. આ જગ્યા સમાજ માટે આશીર્વાદરૂપ બની છે. અહીં રહેવા-ઊતરવાની વ્યવસ્થા, જમવાની વ્યવસ્થા તેમજ લગ્ન પાર્ટીઓ, સંમેલનો વગેરે પણ યોજી શકાય, તેવી પૂર્ણ સગવડ છે.

અહીંના ૨૬ રૂમો પૈકી ૧૩ રૂમ આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટરને ફાળવવામાં આવી છે.

— • —

આ ઉપરાંત ભવિષ્યના વિકાસને ધ્યાનમાં રાખી ઊંઝામાં સને ૧૯૭૯-૮૦માં પાંચ અને ત્રણ વીઘા જમીન માતાજીના મંદિરની નજીકમાં ખરીદવામાં આવી.

યાત્રિકોની સગવડ માટે ૧૯૮૨માં માતાજીના ખુલ્લા કમ્પાઉન્ડમાં જોધપુરી પથ્થર જડવામાં આવ્યા. ટાવરની બાજુમાં સુવિધાપૂર્ણ ઓફિસ અને કર્મચારી આવાસનું આયોજન કરવામાં આવ્યું. યાત્રિકો માટે ચા-નાસ્તાની સગવડ, સાત્ત્વિક ભોજન અને ઠંડા પાણીની સગવડ પણ કરવામાં આવી. ભોજન અને ઉતારાની સગવડ યાત્રિકોને પોષાય અને સગવડ સચવાય તે રીતે કરવામાં આવી છે.

(૬) શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ - જ્યોતિરથ :

'જ્યોતિરથ'ના નિર્માણનો વિચાર એ માતાજીની પ્રેરણા જ છે. મા ઉમિયા તેના બાલુડાંના વિકાસ માટે હરપળે તૈયાર બેઠી છે. આમ તો જ્યોતિરથની પ્રેરણા કરોંદિયા (મ.પ્રદેશ) ગામે ઉદ્ભવી. આ ગામમાં શ્રી ઉમિયા માતાજીનું નવીન મંદિર બનાવવામાં આવ્યું હતું. તેની પ્રાણપ્રતિષ્ઠાની ઉજવણી કરવાની હતી. તે

લોકોએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાના કાર્યકર્તાઓના સલાહસૂચન પ્રમાણે આયોજન કરવાનું વિચાર્યું હતું. આ પ્રસંગે તે લોકોના ખાસ નિમંત્રણથી શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખશ્રી કેશુભાઈ પટેલ, શ્રી મણિભાઈ મમ્મી, સ્વર્ગીય શ્રી માધાભાઈ ભોળીદાસ (રૂસાત, ઊંઝા), શ્રી વિક્રમભાઈ ડી. પટેલ (ચાણસ્મા), શ્રી અંબાલાલભાઈ (ચારી, ઊંઝા) તેમજ અન્ય સહયોગી કાર્યકરો ત્યાં ગયા હતા. શ્રી માતાજીની પ્રેરણાથી મણિભાઈ મમ્મીએ ત્યાં પ્રાણપ્રતિષ્ઠા માટે જ્યોત કે જે શ્રી ઉમિયા માતાજીથી ત્યાં લઈ જવામાં આવી હતી, આ જ્યોતને શ્રી માતાજીના ફોટા સાથે રથ જેવું બનાવી કરોંદિયા ગામમાં તેમજ ગામડાઓમાં ફેરવવામાં આવી અને એના પ્રતાપે મધ્યપ્રદેશના પાટીદારોમાં એકતા અને ભાઈચારાની એક નવીન ચેતના પેદા થઈ.

કરોંદિયા મંદિરના નાનકડા રથે આપણા જ્યોતિરથની પ્રેરણા કરી. શ્રી મણિભાઈ મમ્મીએ શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિને પરિપૂર્ણ કરવા કડવા પાટીદારોના ગામે-ગામે આવો ભવ્ય જ્યોતિરથ બનાવી ફેરવવાનો વિચાર રજૂ કર્યો. આ વિચાર પ્રમુખશ્રી કેશુભાઈને ગમ્યો અને ચર્ચા-વિચારણાના અંતે સર્વ તરફથી સ્વીકારાયો. કડવા પાટીદારોને ઘેર ઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજી દર્શન આપવા પધારે તે અહોભાવની વાત બને ! આ વિચારને અમલમાં મૂકવામાં આવ્યો. પરિણામે આપણા ભવ્ય જ્યોતિરથનું નિર્માણ પણ કરોંદિયા ગામે જ કરવામાં આવ્યું.

જ્યોતિરથ : લંબાઈ-૨૩' પહોળાઈ-૮', ઊંચાઈ-૧૫' ખર્ચ રૂા. ૮,૬૦,૬૦૦ જ્યોતિરથ તાતા ૪૦૭ ગાડીમાં જોડવામાં આવ્યો.

આ જ્યોતિરથનું નિર્માણ એ અદ્‌ભુત રચના છે. આ રથ એવો બન્યો છે કે જાણે સ્વર્ગમાંથી માતાજી રથ લઈને પધાર્યાં હોય તેવું લાગે છે.

કરોંદિયા ગામેથી રથ તૈયાર થયો ત્યારે તા. ૨૩-૧૦-૧૯૯૭ના શુભ દિને ઊંઝા તરફ ભવ્ય પ્રસ્થાન કરાવવામાં આવ્યું. બાળાઓએ મંગળકળશ લઈ રથને વધાવ્યો અને બેન્ડવાજાઓ સાથે કરોંદિયાથી ધરગાંવ સુધી ત્રણ કિલોમીટરનો ભરચક રસ્તો લગભગ દસ હજારની મેદનીના સરઘસ સાથે રથને દોરડાથી ખેંચીને પગપાળા પસાર કરવામાં આવ્યો. વિવિધ ગામોમાં થઈને છેવટે જ્યોતિરથ તા. ૨૭-૧૦-૧૯૯૭ના દિને ઊંઝામાં પ્રવેશતાં તેનું ભવ્ય સ્વાગત કરાયું. શોભાયાત્રા નીકળી.

આ રીતે જ્યોતિરથનું નિર્માણ થયું હતું. મા ઉમિયા સમાજ માટે ઘેર-ઘેર ફરી તેનાં બાળુડાંને દર્શન આપી આશીર્વાદ આપવા નીકળેલ છે, સાથે સાથે ઉત્કર્ષ નિધિની ટહેલ પણ નાખેલ છે.

શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિના સંચાલન માટે પણ અલગ કમિટીની રચના કરવામાં આવી છે. જેનું સંચાલન શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા થાય છે. સાથે સાથે દરેક ગામે-ગામ આ નિધિ માટે અને જે તે ગામમાં તેના સંચાલન માટે શ્રી ઉમિયા પરિવાર સમિતિની રચના કરવામાં આવે છે. જેમાં ૩૦ ટકા બહેનો, ૩૦ ટકા યુવાનો, ૪૦ ટકા વડીલોનો સમાવેશ કરવામાં આવે છે, આ સમિતિએ ઉત્કર્ષનિધિ અંગેની જવાબદારી અદા કરવાની રહે છે.

આ રીતે શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષનિધિ જ્યોતિરથ કડવા પાટીદારોનાં ગામેગામ ફરી રહ્યો છે. શરૂઆત મહેસાણા જિલ્લાથી કરવામાં આવી, ત્યારબાદ બનાસકાંઠા, કચ્છ, કાઠિયાવાડ, અમદાવાદ જિલ્લો, મહેમદાવાદ તાલુકો, સાબરકાંઠા જિલ્લો, પંચમહાલ, ખેડા, આણંદ, ખંભાત, વડોદરા, અંકલેશ્વર, ભરૂચ, સુરત, વલસાડ જિલ્લાની યાત્રા પૂરી કરી. લગભગ આખા ગુજરાતમાં ૩૫૦૦ ગામડાંની પરિક્રમા પૂરી થયેલ છે. તે બાદ હવે રથે મધ્યપ્રદેશની યાત્રા પણ પૂર્ણ કરી છે. લોકોનો ભક્તિભાવ અને રથનું સ્વાગત એકથી બીજું ચડિયાતું રહે છે. એકતાનો માહોલ જામે છે. ભાઈચારાનાં અભૂતપૂર્વ દર્શન થાય છે. જ્યાં-જ્યાં રથનું રાત્રિરોકાણ થાય ત્યાં-ત્યાં રાત્રે રાસ ગરબાનાં, ધર્મસભાઓ અને ડાયરાઓનાં આયોજનો થાય છે. સૌથી મહત્ત્વની વાત તો એ બને છે કે માતાજી આગળ સમાજના યુવાનો, વડીલો, બહેનો સર્વે વ્યસન છોડવાની પ્રતિજ્ઞા લે છે. માતાજીનો પરિવાર વ્યસનથી મુક્ત બનવો જોઈએ - તેવી માની ઈચ્છા સ્પષ્ટ જણાય છે. જ્યાં માતાજીનો જ્યોતિરથ પધારે છે, ત્યાં દરેક કોમ ભાવવિભોર થઈ દર્શનનો લાભ લે છે અને માતાજીની આરતી વગેરે ઉછામણીઓમાં હોંશે હોંશે ભાગ લે છે. કોમી અને ધાર્મિક એકતાનાં અભૂતપૂર્વ દર્શન થાય છે.

માતાજીના જ્યોતિરથના પરિભ્રમણ સમયે ગામેગામે લેવાતા બે સંકલ્પો :

(૧) 'શ્રી ઉમિયા માતાજીનાં અમો સૌ સંતાનો, આથી સંકલ્પ કરીએ છીએ કે, આપણા સમાજના સર્વાંગી વિકાસ માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિમાં રૂા. ૧૦૦ કરોડ એકઠા કરવાનો જે સંકલ્પ કરેલ છે, તેને અમે સૌ તન-મન-ધનથી પરિપૂર્ણ કરીશું.'

(૨) 'શ્રી ઉમિયા પરિવારનાં અમો સૌ સંતાનો, શ્રી ઉમિયા માતાજીની સાક્ષીમાં આજથી-અત્યારથી પ્રતિજ્ઞા કરીએ છીએ કે - ગુટખા, પાન, મસાલા, બીડી, તમાકુ, સિગારેટ, છીંકણી, દારૂ, જુગાર, ઝઘડા આ તમામ વ્યસનો છોડીએ છીએ.'

જ્યોતિરથ માટે નીચે મુજબની ઉછામણીઓ પણ થાય છે :

(૧) છડીદારની ઉછામણી - માતાજીના જ્યોતિરથ પર છડી ધારણ કરી બેસવા માટેની ઉછામણી. (૨) માતાજીને ચૂંદડી અર્પણ કરવાની ઉછામણી. (૩) માતાજીની આરતીની ઉછામણી - માતાજી જ્યાં જ્યાં પધારે ત્યાં ત્યાં આરતી થાય છે. રાત્રિરોકાણ સમયે સાયંઆરતી તેમજ સવારે મંગળા આરતીની ઉછામણીઓ અલગ થાય છે. (૪) માતાજીને ફૂલમાળા ચડાવવાની ઉછામણી (૫) નંદીને તિલક કરવાની ઉછામણી.

આમશ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષનિધિ - જ્યોતિરથ એ માતાજીના ઈતિહાસમાં એક સીમા ચિહ્નરૂપ વિચાર છે. જે માતાજીની ચેતના પ્રાગટ્યનું માધ્યમ તો છે જ, સાથે સાથે પાટીદાર સમાજની એકતા, ભક્તિભાવ અને ભાઈચારાની ભાવનાનો અનોખો સફળ પ્રયત્ન છે. માત્ર ગુજરાતમાં જ નહિ, પણ આખા ભારતવર્ષમાં પાટીદાર કે કુર્મિએકતાનાં અભિયાન શરૂ થઈ ચૂક્યાં છે. આ સમગ્ર સમાજની ચેતના અને બંધુત્વની ઝાંખી થઈ રહી છે.

(૭) શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાની સમાજયાત્રાઓ :

ઈ.સ. ૧૯૭૬નો ૧૮મી શતાબ્દી મહોત્સવ દુનિયાભરના કડવા પાટીદારોના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ બની રહ્યો. આ મહોત્સવથી મા ઉમિયાનું સ્થાન કુળદેવીની સાથે સાથે સામાજિક એકતા અને સમાજકલ્યાણની દેવી તરીકે ઊભરી આવ્યું. કડવા પાટીદારોમાં સમાજલક્ષી એક નવું જ જોમ પેદા થયું. ૧૮મી શતાબ્દી મહોત્સવે સામાજિક વિકાસની વૈચારિક ક્રાંતિ સર્જી.

૧૮મી શતાબ્દી મહોત્સવથી પ્રભાવિત સંસ્થાનના કાર્યકરોએ જુદા જુદા વિસ્તાર-વિભાગોમાં રહેતા પાટીદારોનો સંપર્ક સાધવાનો નિર્ણય કર્યો. સૌ પ્રથમ ઈ. ૧૯૮૧માં સૌરાષ્ટ્ર, મુંબઈ અને કચ્છની સંપર્ક યાત્રા કરાઈ, તત્પશ્ચાત્ મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશની સમાજયાત્રાઓ કરીને, ત્રણેય ક્ષેત્રોમાં રહેતા પાટીદારોમાં સામાજિક એકતા સિદ્ધ કરીને, નવાં નવાં લક્ષ્યો સિદ્ધ કરવાનો ભારે પુરૂષાર્થ કરવામાં આવ્યો. ઊંઝા સંસ્થાન તરફથી અને તે તે પ્રદેશોનાં સંગઠનો તરફથી અવારનવાર પરિસંવાદો, અધિવેશનો યોજાય છે અને વિકાસના નવા નવા માર્ગો શોધાય છે.

(૮) શ્રી ઉમિયા માતાજીની પૂજા અને ઉજવાતા ઉત્સવો :

જગતજનની મા ઉમિયા એ સ્વયં પાર્વતી જ છે. તે જગતજનની મા છે, અન્નપૂર્ણા છે. તેના પરની શ્રદ્ધા અને ભક્તિથી સુખસમૃદ્ધિ અને આબાદી મળે છે. અગણિત યાત્રાળુઓની આસ્થા ફળી છે અને લોકો લાખોની સંખ્યામાં માનાં દર્શન કરી ધન્ય બને છે.

(અ) માતાજીની પૂજા :

મા ઉમિયાના મંદિરે દરરોજ ચાર વખત આરતી થાય છે.

(૧)	સવારે	: મંગળા આરતી કે શણગાર આરતી	સવારે ૬-૩૦ વાગ્યે
(૨)	બપોરે	: રાજભોગ અને આરતી	બપોરે ૧૨-૦૦ વાગ્યે
(૩)	સાંજના	: સંધ્યા આરતી	સાંજે ૭-૧૫ વાગ્યે
(૪)	શયન	: શયન આરતી	રાત્રે ૯-૩૦ વાગ્યે

(બ) માતાજીમાં ઊજવાતાં ઉત્સવો :

ખાસ કરીને બેસતું વર્ષ, અન્નકૂટ, વસંતપંચમી, વૈશાખી પૂનમઅને નવરાત્રીના ઉત્સવો માતાજીમાં ઉજવાય છે. આ દિવસોએ માતાજીને વિશેષ શણગારવામાં આવે છે.

બેસતું વર્ષ : નવા વર્ષના દિવસે શ્રદ્ધાળુઓ માતાજીનાં દર્શન સૌ પ્રથમ કરી નવા વર્ષની શરૂઆત કરે છે. દર્શનાર્થીઓ માતાજીને યથાશક્તિ ભેટ-દાન કરે છે. શ્રીફળ-પ્રસાદ ધરાવે છે. સવારથી જ દૂર-દૂરથી યાત્રાળુઓ માનાં દર્શને ઊમટે છે, દર્શન કરી ધન્ય બને છે. જો કે નવા વર્ષમાં લાભપાંચમસુધી યાત્રીઓનો પ્રવાહ ચાલુ રહે છે.

અન્નકૂટ : માતાજીમાં ૧૯૭૬માં ઊજવાયેલ '૧૮મી શતાબ્દી મહોત્સવ'ની યાદગીરીમાં દર માગસર સુદ-૮ના રોજ અન્નકૂટનો ઉત્સવ ઊજવવામાં આવે છે. આ દિવસે માતાજીને છપ્પનભોગ ધરાવવામાં આવે છે.

વસંતપંચમી : વસંતપંચમી એટલે કે મહાસુદ-૫ના દિવસે માતાજીનો પાટોત્સવ ઊજવવામાં આવે છે. આ દિવસે માતાજીનો મેળો ભરાય છે. દૂર દૂરથી અનેક યાત્રીઓ માના દર્શને આવે છે. આ દિવસને 'પરગણા પાંચમ' પણ કહેવામાં આવે છે.

વસંતપંચમીએ વસંતના આગમનની શરૂઆત હોય છે. આથી મહા સુદ-૫થી માતાજીને સફેદ સાડી પહેરાવવામાં આવે છે. આ સફેદ સાડીની બોર્ડરને કેસૂડાનાં ફૂલના રંગથી રંગવામાં આવે છે. તે સાડી મહા સુદ-૫થી ફાગણ વદ-૫ (રંગપંચમી) સુધી માતાજીને પહેરાવવામાં આવે છે, જેને 'વસનિયું' કહેવામાં આવે છે.

વસંતપંચમીનો દિવસ કડવા પાટીદારો માટે વિશેષ મહત્ત્વ ધરાવે છે. તે દિવસે શુભકામ કરવાનું વણજોયું મુહૂર્ત ગણવામાં આવે છે. તે દિવસે કડવા પાટીદાર ખેડૂત બળદના કાંધે ધૂંસરી મૂકતો નથી અને 'અણુજો' (કામકાજ બંધ રાખવું તે) પાળે છે.

વૈશાખી પૂર્ણિમા : આ દિવસે ઊંઝાની તમામ સંસ્થાઓ રજા પાડે છે. આ દિવસ માતાજીનો પ્રાગટ્ય દિવસ હોવાથી વિશેષ મહત્ત્વનો હોય છે. આ દિવસે માતાજીની ઊંઝા નગરમાં શોભાયાત્રા નીકળે છે. આખું ઊંઝાનગર આબાલવૃદ્ધ સૌ શોભાયાત્રામાં ભાગ લે છે. સવારે માતાજી સંસ્થાન તરફથી હવન થાય છે. સાથે સાથે શોભાયાત્રા પણ નીકળે છે. શોભાયાત્રામાં ભાગ લેવા અઠવાડિયા પહેલાં ઉછામણીઓ થાય છે. લોકો ઉછામણીઓમાં પણ હોંશે હોંશે ભાગ લઈ માતાજીની શોભાયાત્રામાં વિશેષસ્થાન પસંદ કરે છે. આ શોભાયાત્રામાં માતાજી ચાંદીના રથમાં બિરાજી નગરયાત્રા કરવા નીકળે છે. ભાવિકભક્તો રથને ખેંચી દોરે છે અને આખા નગરમાં ફેરવે છે. આજુબાજુથી ભજનમંડળીઓ, હાથી, ઘોડાં, સ્કૂટરસવારો, ધાર્મિક પ્રસંગો રજૂ કરતાં ટેબ્લો (ઝાંખીઓ), વેશભૂષાઓથી સજ્જ

 ભક્તો, માથે કળશ અને જવારા મૂકી ચાલતી કુમારિકાઓ સર્વે શોભાયાત્રાનું વિશેષ આકર્ષણ હોય છે. ફૂલોની વર્ષા થાય છે. ગરમીમાં પાણીના ફૂવારા છાંટવામાં આવે છે. ઠેર-ઠેર પાણી, છાશ, શરબતની પરબો મંડાય છે. માની સવારી જે-જે સ્થળે જાય ત્યાં ત્યાં સંસ્થાઓ દ્વારા માનું ભવ્ય સ્વાગત થાય છે અને બપોરે લગભગ ૧૨ થી ૧ વાગ્યે આ યાત્રા નગર પરિભ્રમણ કરી સ્વસ્થાને પરત થાય છે.

નવરાત્રિ મહોત્સવ : આસો સુદ-૧ થી આસો સુદ-૯ સુધીના દિવસોમાં મા ઉમિયાના સ્થાનમાં શ્રી ઉમા માઈ મંડળ અને અન્ય મંડળો દ્વારા નવરાત્રી ઉત્સવ અનેરો ઊજવાય છે. નવરાત્રી એકમના દિવસથી માતાજીમાં ઘટસ્થાપન કરવામાં આવે છે અને તેની નવે નવ દિવસ ષોડષોપચાર પૂજા કરવામાં આવે છે. આ દિવસોમાં રાત્રે નવ દિવસ ગરબાનાં આયોજન થાય છે. દરરોજ જુદી જુદી મંડળીઓ ગરબા ગાવા આવે છે. ઊંઝા નગરની બાળાઓ અને બહેનો માના ચાચરચોકમાં ગરબે ઘૂમવા આવે છે. રાત્રે બાર-એક વાગ્યા સુધી ગરબાઓની રમઝટ જામે છે. નગરના તેમજ બહારના લોકો દર્શનનો લાભ લેવા આવે છે. રાત્રે ભવ્ય રોશનીનું આયોજન થાય છે.

ઘટ-કુંભ સ્થાપનની જગ્યાએ રોજ ચંડીપાઠ કરવામાં આવે છે. આસો સુદ-૧૫ને શરદ પૂર્ણિમાના દિવસે રાત્રે માતાજીની શયન આરતી વખતે માને દૂધ-પૌંઆનો ભોગ ધરાવવામાં આવે છે.

નવરાત્રીના નોમના દિવસે સવારે માતાજીમાં પલ્લી ભરાય છે. જેમાં ભાતભાતની રસોઈ તૈયાર થાય છે. આ પલ્લીમાં બાકળા તૈયાર કરવામાં આવે છે. આસો સુદ-૮ના દિવસે માતાજીનો નવચંડીયજ્ઞ કરવામાં આવે છે.

આ સિવાય દર ધનતેરસના દિવસે એક જ દિવસ માટે માતાજી માત્ર કમળ પર બિરાજમાન થાય છે. તે દિવસે મા લક્ષ્મીરૂપે ભક્તોને દર્શન આપે છે.

દર કાળીચૌદસના દિવસે માતાજીના કેશ છૂટા રાખવામાં આવે છે અને આ દિવસે મા સિંહના વાહન પર બિરાજમાન થાય છે. આ દિવસે મા કાલીસ્વરૂપે દર્શન આપે છે.

દર પૂનમે કે મોટા ઉત્સવો વખતે માતાજીને નંદીની જ સવારી હોય છે. દરરોજ દૈનિક શણગારમાં માતાજીને ષડ્ભુજા હોય છે અને તહેવારે કે પૂર્ણિમાએ માતાજીની અષ્ટભુજા હોય છે.

(ક) માતાજીની સાત દિવસની સવારીઓ :

મા ઉમિયાની સવારી દરરોજ જુદાં જુદાં વાહનોની રહે છે, જે નીચે મુજબ છે.

સોમવારે	:	**નંદીની સવારી**
મંગળવારે	:	**મયૂરની સવારી**
બુધવારે	:	**સિંહની સવારી**
ગુરૂવારે	:	**ગજરાજની સવારી**
શુક્રવારે	:	**કૂકડાની સવારી**
શનિવારે	:	**ઐરાવત હાથીની સવારી**
રવિવારે	:	**વાઘની સવારી**



આ રીતે મા સોમવારે પાર્વતી, મંગળવારે સરસ્વતી, બુધવારે ચંડી, ગુરૂવારે લક્ષ્મીજી, શુક્રવારે બાલા ત્રિપુરાસુંદરી શ્રી બહુચરાજી, શનિવારે શ્રી વૈભવલક્ષ્મી - ઐન્દ્રી અને રવિવારે શ્રી અંબિકા, એમ જુદાં જુદાં સ્વરૂપે મા ઉમિયાનો શણગાર અને પૂજા કરવામાં આવે છે.

માતાજીના મંદિરની નીચે ભોયરૂં છે અને તેમાં જમણી સૂંઢના ગણપતિની સ્થાપના થયેલી છે. આ જમણી સૂંઢના ગણપતિની મૂર્તિનું તાંત્રિક માર્ગમાં વિશેષ મહત્ત્વ હોય છે. આ મૂર્તિ અલભ્ય ગણાય છે.

આ ભોંયરાના ગણપતિદાદાને રોજ બપોરે ગોળના લાડુનો ભોગ ધરાવવામાં આવે છે અને તેનો પ્રસાદ વહેંચવામાં આવે છે.

(ડ) માતાજીનો ગોખ અને બાબરી :

શ્રી ઉમિયા માતાજીનો ગોખ કે જે માતાજીનું મૂળ સ્થાનક મનાય છે. જે ઊંઝાના મોલ્લોત માઢના મોલ્લોતચોરા પાસે આવેલા મોટા માઢમાં આવેલ છે. ત્યાં પણ આસો સુદ-૮ના રોજ 'પલ્લી' ભરાય છે. આ પલ્લીમાં સાત ધાન્ય-બાકળા વગેરેની રસોઈ બનાવી, બાજઠ પર ગોઠવી, રાત્રે પલ્લી કાઢવામાં આવે છે અને તેને તળાવની પાળે વાજતે-ગાજતે મૂકવા જવાય છે. તે બાદ પ્રસાદ વહેંચાય છે અને પછી જ દીકરાઓની બાધાના ગરબા કાઢવામાં આવે છે.

આ સિવાય ઘણા શ્રદ્ધાળુ-ભક્તો પોતાનાં બાળકોની ચૌલક્રિયા (બાબરી) માતાજીના સ્થાનકે કરે છે. વળી, ઘણા ભક્તો પોતે માનતા તરીકે માનેલ યજ્ઞ-હવન પણ અહીં કરાવે છે. ("આદ્યાશક્તિ જગજનની મા ઉમિયા કડવા પાટીદાર કુળદેવી" ના પુસ્તક આધારે સાભાર સ્વીકાર)

સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિઓ

: ધાર્મિક પ્રવૃત્તિઓ :

(૧) કંકુપડો :

લગ્ન પ્રસંગે તથા શુભ પ્રસંગોએ તેમજ ધાર્મિક પ્રસંગોએ શ્રી માતાજીને કંકોત્રી અગર આમંત્રણ પત્રિકા મોકલવાથી માતાજીના શુભ આશીર્વાદરૂપે કંકુપડો મોકલવામાં આવે છે. આ નિમિત્તે આપ યથાશક્તિ ભેટ મની ઓર્ડરથી કે રૂબરૂ આપી શકો છો. મનીઓર્ડરની કુપનમાં આપનું આખું નામ-સરનામું અવશ્ય લખો. ભેટની પાવતી મેળવવાનો અવશ્ય આગ્રહ રાખો.

(૨) કાયમી થાળની તિથિ :

જન્મ, લગ્ન, ઉદ્‌ઘાટન, સંવત્સરી, શ્રાદ્ધ, ખુશાલી જેવા પ્રસંગની સ્મૃતિ સાચવવા રૂા. ૧,૦૦૧/- એક જ વખત ભરી માતાજીના કાયમી થાળની તિથિ નોંધાવો. રૂા. ૧,૦૦૧/-ના વ્યાજમાંથી દર વર્ષે તે તિથિએ માતાજીને થાળ કરવામાં આવશે. થાળની પ્રસાદી ટપાલ મારફતે મોકલવામાં આવે છે. તદ્‌ઉપરાંત રૂા. ૧૫૧/- ભરી એક દિવસનો માતાજીનો થાળ કરાવી શકો છો.

(૩) નવચંડી યજ્ઞની કાયમી તિથિ :

જન્મ, લગ્ન, ઉદ્‌ઘાટન, જયંતી, સંવત્સરી, શ્રાદ્ધ જેવા પ્રસંગની સ્મૃતિ સાચવવા રૂા. ૨,૫૦૧/- એક જ વખત ભરી નવચંડી યજ્ઞની કાયમી તિથિ નોંધાવવામાં આવેલ છે. રૂા. ૨,૫૦૧/-ના વ્યાજમાંથી દર વર્ષે નોંધાયેલી તિથિએ સંસ્થાના નિયમો મુજબ હોમાત્મક નવચંડી યજ્ઞ (હવન) કરવામાં આવે છે. જેમાં બ્રાહ્મણોને બ્રહ્મભોજન, દક્ષિણા તથા માતાજીના થાળ વગેરેનું આયોજન કરવામાં આવે છે. વર્ષના તમામ ૩૬૦ દિવસો દરમ્યાન દરરોજના બે હવન નોંધાઈ ગયેલ છે. રૂા. ૧,૫૦૧/- ભરવાથી એક્સ્ટ્રા નવચંડી યજ્ઞ કરી આપવામાં આવે છે.

(૪) સદાવ્રતની કાયમી તિથિ :

સંસ્થાના સદાવ્રત ફંડમાંથી દરરોજ ગરીબ, નિરાધાર, અપંગો તથા સાધુ સંતોને અન્નક્ષેત્રના રસોડે બપોરના એક ટાઈમદાળ, ભાત, રોટલીનું સંપૂર્ણ ભોજન મફત આપવામાં આવે છે. જેમાં અત્યારે દરરોજ આશરે ૭૫ માણસો જમે છે. રૂા. ૧,૦૦૧/- એક જ વખત ભરી સદાવ્રતની કાયમી તિથિ નોંધાવો. રૂા. ૧,૦૦૧/-ના વ્યાજમાંથી આપના તરફથી અભ્યાગતોને સદાવ્રતમાં ભોજન આપવામાં આવે છે. આપ સદાવ્રતમાં અનાજ, રોકડ ભેટ પણ આપી શકો છો. એક દિવસના ભોજન પેટે રૂા. ૩૫૧/- સ્વીકારવામાં આવે છે.

(૫) મંગલા આરતીનો પ્રસાદ :

માતાજીની મંગલા આરતી વખતે યાત્રાળુઓને દરરોજ મહાપ્રસાદ વહેંચવામાં આવે છે. રૂા. ૧,૫૦૧/- એક જ વખત ભરી તેના વ્યાજમાંથી દર વર્ષે આપ આપના તરફથી આપની ઈચ્છિત તિથિએ મંગલા આરતીનો મહાપ્રસાદ વહેંચાવી શકો છો. એક દિવસના મહાપ્રસાદ પેટે રૂા. ૩૫૧/- સ્વીકારવામાં આવે છે.

(૬) અન્ય ભેટ :

ચકલાંના દાણા, લગ્ન ભેટ, પૂજા, દીવા વિગેરેમાં પણ આપ રોકડ ભેટ આપી શકો છો. તેમજ માતાજીને સાડી ભેટ, દાગીના ભેટ આપી શકો છો.

(૭) અખંડ ઘીનો દીવો :

શ્રી માતાજીનો અખંડ ઘીનો દીવો પ્રગટ સ્વરૂપે રહે છે. તેના પેટે ઉચ્ચક રકમ અથવા ઘી સ્વીકારવામાં આવે છે.

(૮) પાવડી પૂજા :

રૂપિયા ૧૦૧/- ભરવાથી શ્રી માતાજીની પાવડી પૂજા કરવામાં આવે છે.

(૯) ચંડીપાઠ :

રૂપિયા ૫૧/- ભરવાથી શ્રી માતાજીના ચંડીપાઠ કરી આપવામાં આવે છે.

(૧૦) દાન-ભેટ મોકલવા બાબત :

શુભ પ્રસંગે શ્રી માતાજીને દાન-ભેટ પોસ્ટમાં, કંકોત્રીની અંદર કે કુરીયરમાં નહિ મોકલતાં મનીઓર્ડરથી કે આંગડીયા મારફતે મોકલવી.

(૧૧) મંત્ર લેખન :

॥ શ્રી ઉમિયા શરણમ્ મમ ॥ ના મંત્ર લેખન માટે વિના મૂલ્યે મંત્રલેખન બુક આપવામાં આવે છે.

: સામાજિક પ્રવૃત્તિઓ :

(૧) વિધવા/ત્યક્તા બહેનોનાં બાળકોને વિદ્યાભ્યાસ અંગે આર્થિક સહાય :

કડવા પાટીદાર સમાજની વિધવા ત્યક્તા બહેનોના ધોરણ-૧૨ કે તેથી ઉપરના અભ્યાસક્રમમાં અથવા ટેક્નિકલ અભ્યાસક્રમમાં ભણતા બાળકોને સંસ્થાન તરફથી દર વર્ષે વિદ્યાભ્યાસ અંગે આર્થિક સહાય આપવામાં આવે છે. સને ૨૦૦૯-૨૦૧૦માં ૧૫૫ બાળકોને રૂા. ૪,૨૯,૨૮૫/-ની મદદ આપવામાં આવી છે. આપ કેળવણી સહાય ફંડમાં ભેટ આપી આ યોજનાને પ્રોત્સાહિત કરી શકો છો. અત્યાર સુધીમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી ૩૮૨૭ બાળકોને રૂા. ૩૫,૬૪,૦૪૩/-ની આર્થિક સહાય આપવામાં આવી છે.

(૨) કન્યા છાત્રાલયને મદદ :

કડવા પાટીદાર સમાજમાં કુમાર/કન્યા કેળવણી વિકાસ થાય તે માટે સંસ્થાન તરફથી ભારતભરમાં કોઈપણ જગ્યાએ નવીન કડવા પાટીદાર કુમાર/કન્યા છાત્રાલયો શરૂ કરવામાં આવે તો થયેલ ખર્ચના ૨૫ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૫,૦૦,૦૦૦/- સંસ્થાન તરફથી આપવામાં આવતા હતા. જનરલ સભાના ઠરાવ નં. ૧૧ તા. ૨૭-૬-૨૦૦૪ અન્વયે છાત્રાલયોને આપવામાં આવતી આર્થિક સહાય બંધ કરવામાં આવી હતી. જે કારોબારી સભાના તા. ૧૩-૯-૨૦૦૯ના ઠરાવ નં. ૧૨૧ થી મદદ ચાલુ કરવા ઠરાવેલ છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી

અત્યાર સુધીમાં કુમાર છાત્રાલયોને રૂ.૧,૨૫,૫૦,૦૦૦/- અંકે એક કરોડ પચ્ચીસ લાખ પચાસ હજાર અને કન્યા છાત્રાલયોને રૂ.૧,૯૫,૫૫,૦૦૦/- અંકે એક કરોડ પંચાણુ લાખ પંચાવન હજાર રૂપિયાની આર્થિક મદદ આપવામાં આવેલ છે.

(૩) પાનેતર :

કડવા પાટીદાર જ્ઞાતિમાં જ્યાં જ્યાં સમૂહલગ્નો, સમૂહલગ્નોની રીતે યોજવામાં આવે તો કન્યાઓને સંસ્થાન તરફથી માતાજીના આશીર્વાદરૂપે પાનેતર (સાડી) આપવામાં આવે છે. સને ૨૦૦૯-૨૦૧૦માં ૩૩૪૨ પાનેતર તથા ૬૧ ચુંદડી રૂા. ૫,૮૦,૬૦૬/- કિંમતનાં આપવામાં આવેલ છે અને અત્યાર સુધીમાં કુલ ૭૧૬૫૭ પાનેતર તથા ચુંદડી રૂા. ૯૭,૫૪,૪૨૩/-નાં આપવામાં આવેલ છે.

(૪) નિદાન કેમ્પોને મદદ :

અત્યારે દિન પ્રતિદિન મેડીકલ સારવાર મોંઘી થતી જાય છે. આ બાબત લક્ષમાં લઈ નિદાન કેમ્પ યોજનાર કડવા પાટીદાર સંસ્થાઓને ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૧૦,૦૦૦/- બેમાંથી જે ઓછું હોય તે સંસ્થા તરફથી આપવામાં આવે છે. સને ૨૦૦૯-૨૦૧૦માં નિદાન કેમ્પમાં રૂા. ૧૦,૦૦૦/- દસ હજાર આર્થિક સહાય કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી નિદાન કેમ્પોને રૂા. ૩,૮૫,૦૫૫/- ત્રણ લાખ પંચ્યાસી હજાર પંચાવન પુરાની મદદ આપવામાં આવેલ છે.

(૫) સમાજનો પૈસો સમાજના ઉપયોગમાં આવે તે માટે સંસ્થાન તરફથી જ્યારે કડવા પાટીદાર સમાજોની મિટિંગ વગેરે યોજવામાં આવે છે ત્યારે તેમના માટે સાધનો મકાન વગેરે ખુલ્લા મને વાપરવા માટે આપવામાં આવે છે અને તેનો લાભ આપણો સમાજ સારી રીતે લઈ રહ્યો છે.

(૬) વિધવા/ત્યક્તા બહેનોની દિકરીઓના લગ્ન અંગે આર્થિક સહાય :

કડવા પાટીદાર સમાજના આર્થિક કારણસર કોઈપણ વિધવા કે ત્યક્તા બહેનની દીકરીના લગ્ન ન થઈ શકતા હોય તેવી દીકરીઓના લગ્ન સંસ્થાન તરફથી સંસ્થાનના નિયમ મુજબ ચાર્જ લીધા સિવાય કરી આપવામાં આવે છે.

(૭) પથિકાશ્રમ મદદ :

કડવા પાટીદાર સમાજ મા ઉમાની ધજા નીચે એક કડીરૂપ બને અને એકબીજા સાથે બંધુત્વની ભાવના વધે તે માટે અને આપણા જ્ઞાતિ ભાઈઓને રહેવા જમવાની સગવડ મળી રહે તે માટે મુંબઈ, સુરત, વડોદરા, રાજકોટ, ભૂજ, ઈન્દોર, ગાંધીનગર તથા દિલ્હીમાં શ્રી ઉમિયા માતાજી ઊંઝા પથિકાશ્રમ બાંધવા માટે મદદ આપવામાં આવે છે અને તે માટે ઉપર જણાવેલ ૮ શહેરમાં ઉમિયા માતાજી પથિકાશ્રમ બાંધવા માટે ખર્ચના ૨૫ ટકા અથવા વધુમાં વધુ રૂા. ૫ લાખ સંસ્થાન તરફથી સંસ્થાના નિયમો અને બંધારણને આધિન રહીને આપવામાં આવે છે. અત્યાર સુધી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી સુરત અને વડોદરામાં રૂા. ૧૦,૦૦,૦૦૦/- ની મદદ આપવામાં આવેલ છે.

(૮) શ્રી ઉમિયા ચંદ્રક :

આપણા સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધે અને તેજસ્વી વિદ્યાર્થીઓની આ સમાજ દ્વારા યોગ્ય કદર અને સન્માન થાય તે માટે દર પાંચ વર્ષે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી શ્રી ઉમિયા ચંદ્રક આપી બહુમાન કરવામાં આવે છે.

તા. ૧-૧-૧૯૮૭ થી તા. ૩૧-૧૨-૧૯૯૧ સુધીમાં ૩૭ ચંદ્રકો, તા. ૧-૧-૧૯૯૨ થી તા. ૩૧-૧૨-૧૯૯૬ સુધીમાં ૯૨ ચંદ્રકો, તા. ૧-૧-૧૯૯૭ થી તા. ૩૧-૧૨-૨૦૦૧ સુધીમાં ૧૦૮ ચંદ્રકો અને તા. ૧-૧-૨૦૦૨ થી તા. ૩૧-૧૨-૨૦૦૬ સુધીના ૮૩ વિદ્યાર્થીઓને ૮૫ ચંદ્રકો સંસ્થાની કારોબારીની સભામાં તા. ૧૭-૬-૨૦૦૭ આપવામાં આવ્યા હતા.

(૯) ગૃહિણી તાલિમ શિબિર :

આપણા સમાજમાં જે બહેનો તેમના જીવનમાં શિક્ષણ મેળવી શકી નથી તેવી બહેનોને અને બીજી બહેનો કે જેમને ગૃહ જીવનમાં ઉપયોગી થાય તેવું શિક્ષણ મળી રહે તે માટે ગૃહિણી તાલીમ શિબિરો બહુ જ ઉપયોગી સાબિત થઈ શકે છે તે માટે આપણા સમાજની કોઈપણ સંસ્થા આવી ગૃહિણી તાલીમ શિબિરો યોજશે તો તે સંસ્થાઓએ જો સંસ્થાનની ગાડીનો તેમજ ડ્રાઈવરનો ઉપયોગ કરેલ હશે તો ડિઝલ ખર્ચ તાલીમ સંસ્થાએ ભોગવવાનો રહેશે. ખર્ચના ૫૦% અથવા વધુમાં વધુ રૂા. ૧૨,૫૦૦/-ની મદદ કરવામાં આવશે. જે સંસ્થાની ગાડીનો ઉપયોગ ન કરે તો વધુમાં વધુ ૧૫,૦૦૦/- આપવામાં આવશે. આપણા સમાજ દ્વારા બહેનોને જીવનલક્ષી કેળવણી આપવા માટે ચાલુ સાલે ગૃહિણી તાલીમવર્ગો ચલાવવામાં આવ્યા હતા તેમને રૂા. ૩૭,૦૦૦/- સાડત્રીસ હજારની મદદ કરવામાં આવેલ છે.

(૧૦) કૂર્મિક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ :

કૂર્મિક્ષત્રિય ઉત્પત્તિ અને ઈતિહાસ નામનું પુસ્તક પ્રસિદ્ધ થયા પછી કડવા પાટીદાર સમાજે સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે બહુ ઝડપથી પ્રગતિ કરી છે. તેની કડીબદ્ધ કોઈ ઈતિહાસ લખાયો નથી તે માટે આ પુસ્તક પ્રસિદ્ધ થયા પછીનો કડવા પાટીદારનો ઈતિહાસ આપણા સમાજની કોઈપણ વ્યક્તિ લખશે તો તેને પ્રોત્સાહિત કરવામાં આવશે.

(૧૧) કડવા પાટીદાર સમાજને સ્પર્શતા વિષયો ઉપર સંશોધનાત્મક પુસ્તક કે માહિતી સભર મહાનિબંધ લખનાર આપણા સમાજની વ્યક્તિનું બહુમાન કરવામાં આવશે અને જરૂર પડે નાણાંકીય સહાય કરવામાં આવશે.

(૧૨) વિકલાંગ ભાઈ-બહેનોના લગ્ન :

આપણા સમાજમાં વિકલાંગ ભાઈ-બહેનોના કેટલાક કારણોસર લગ્ન થઈ શકતા નથી તે માટે આપણી સંસ્થા સમગ્ર કડવા પાટીદાર સમાજના વિકલાંગ ભાઈ-બહેનોના જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરે છે. જેમના સંબંધો જોડાય તેવા વરઘોડીયાના લગ્ન પણ ઊંઝા શ્રી ઉમિયા માતાજી સંસ્થા નિઃશુલ્ક કરી આપે છે.

(૧૩) વિધવા, ત્યક્તા બહેનો, નિરાધાર બાળકોને માસિક પેન્શન યોજના :

કડવા પાટીદાર સમાજના સર્વાંગી વિકાસ માટે શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ શરૂ કરવામાં આવી છે. આ નિધિના વ્યાજમાંથી કડવા પાટીદાર સમાજની વિધવા/ત્યક્તા બહેનો, તેમજ નિરાધાર બાળકોને કે જેમને ઘર નિભાવવા આર્થિક ક્ષમતા ન હોય તેવા કુટુંબોને ૨૧ વર્ષની પુખ્ત ઉંમરથી નીચેની ઉંમરના ત્રણ બાળકો સહિત માસિક પેન્શન આપવાની યોજના છે જે દર છ મહિને ચૂકવવામાં આવે છે. ચાલુ સાલે ૨૯૩૭ બહેનોને કુલ રૂા. ૫૯,૮૯,૮૯૬/- આર્થિક સહાય ચૂકવવામાં આવી છે. ૧ વિધવા બહેનને રૂા. ૩,૦૦૦/- ત્રણ હજારનું સિલાઈ મશીન આપવામાં આવેલ છે.

અત્યાર સુધીમાં કુલ રૂા. ૪,૯૪,૪૮,૬૦૨/- ની આર્થિક સહાય ચૂકવવામાં આવી છે.

(૧૪) અસાધ્ય રોગ માટે આર્થિક સહાય :

આપણા સમાજમાં કોઈપણ કુટુંબમાં કોઈપણ વ્યક્તિને અસાધ્ય રોગ જેવા કે કેન્સર, કિડની ટ્રાન્સપ્લાન્ટ હૃદયના વાલ્વ બદલવાની તકલીફ હૃદયની બાયપાસ સર્જરી, બ્રેઈન ટ્યુમર જેવી બિમારીની સારવાર માટે ઉચક આર્થિક સહાય આપવામાં આવે છે. ચાલુ સાલે ૧૧૭ વ્યક્તિઓને રૂા. ૫,૭૫,૦૦૦/- ની મદદ આપવામાં આવેલ છે. આજદિન સુધીમાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી કુલ ૧૨૪૬ વ્યક્તિઓને રૂા. ૫૮,૮૮,૪૫૪/- ની મદદ આપવામાં આવી છે.

(૧૫) ખેતી આધારિત વ્યક્તિના આકસ્મિક અવસાન માટે મદદ :

આપણા સમાજમાં ખેતી કરતું ખેડૂત કુટુંબ કે જેની ખેતી સિવાય બીજી કોઈ આવક નથી અને પોતે ખેતીની જમીન ધરાવતા નથી તેવા ખેડૂત કુટુંબમાંથી ખેતીને લગતું કામ કરતાં ઘરના મોભી વ્યક્તિનું આકસ્મિક અવસાન થાય તો સંસ્થાના નિયમો મુજબ રૂા. ૨૧,૦૦૦/-ની આર્થિક સહાય કરવામાં આવે છે. આ માટે પોસ્ટમોર્ટમ્ તથા પોલીસની એફ.આઈ.આર. મોકલવાની રહેશે. સને ૨૦૦૯-૨૦૧૦ના વર્ષમાં કોઈ માગણી આવેલ નથી. અત્યાર સુધીમાં કુલ ૬૯ વ્યક્તિઓને રૂા. ૧૪,૨૯,૦૦૦/- સહાય પેટે ચૂકવવામાં આવેલ છે.

(૧૬) મંદબુદ્ધિ/પરાધીન વ્યક્તિઓને આર્થિક સહાય :

આપણા સમાજમાં જે કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હોય તેવા કુટુંબમાં અપંગ કે મંદબુદ્ધિવાળી વ્યક્તિઓ કે જે પરાધીન છે તેવી વ્યક્તિઓની સારી સંભાળ રાખવા માટે આવા કુટુંબોને દર છ મહિને આર્થિક સહાય મોકલવાની યોજના છે. આ સહાય માટે સિવિલ સર્જનનું ૬૦% થી ઉપરનું અપંગતાનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(૧૭) કુદરતી હોનારત પ્રસંગે લોન/આર્થિક સહાય :

કુદરતી હોનારત જેવી કે, અતિવૃષ્ટિ, આગ, ધરતીકંપ, વાવાઝોડુ જેવા પ્રસંગે કડવા પાટીદાર સમાજના કુટુંબોને મદદરૂપ થવા માટે આર્થિક સહાય/લોન આપવામાં આવે છે. ધરતીકંપમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં કડવા પાટીદાર સમાજને થયેલ નુકસાનમાં સૌરાષ્ટ્ર (શ્રી ઉમિયા માતાજી ટ્રસ્ટ, સિદસર) ને રૂપિયા ૬૫ લાખ અને (કચ્છ કડવા પાટીદાર) ને રૂા. ૩૫ લાખ આર્થિક સહાય આપવામાં આવી હતી. સુનામી તાંડવમાં માનનીય મુખ્યમંત્રીશ્રી રાહત ફંડમાં રૂા. ૫,૦૦,૦૦૦/- અને બાયલ ઢોંખરોલ (સાબરકાંઠા) ચક્રવાતમાં રૂપિયા ૬૫,૧૦૫/- આર્થિક સહાય કરવામાં આવેલ છે. દક્ષિણ ગુજરાત અને સુરતમાં આવેલ પુરમાં ફસાયેલા કુટુંબો માટે રૂા. ૧૨,૬૫,૩૪૬/-ના ફુડ પેકેટ અને કીટ્સ મોકલવામાં આવેલ હતા. બિહાર પુર રાહતમાં રૂા. ૧,૬૬,૩૧૯/- ના વાસણો આપ્યા હતા. ચાલુ સાલે મા.મુખ્ય મંત્રીશ્રીના રાહત ફંડમાં કન્યા કેળવણી ખાતે રૂા. ૧૧,૧૧,૧૧૧/- અંકે અગિયાર લાખ અગિયાર હજાર એકસો અગિયારની મદદ કરવામાં આવી છે.

(૧૮) વિકલાંગ ભાઈ-બહેનોને ટ્રાઈસિકલ :

કડવા પાટીદાર સમાજના વિકલાંગ ભાઈ-બહેનોની કાર્યક્ષમતા વધે, સારો અભ્યાસ કરી શકે અને પોતાના પગ ઉપર ઉભા રહી શકે તેવું જીવન બનાવી શકે તે માટે ટ્રાઈસિકલ ભેટ આપવાની યોજના કાયમી ચાલુ છે. અરજી સાથે ૬૦% કે તેથી વધુ અપંગતાનું ઓર્થોપેડીક સર્જન પ્રમાણપત્ર મોકલવાનું રહેશે. સને ૨૦૦૯-૨૦૧૦માં ૪૨ વિકલાંગોને રૂા. ૮૨,૨૭૫/- ની ટ્રાઈસિકલોની વહેંચણી કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં કુલ ૯૦૫ વિકલાંગોને રૂા. ૧૯,૯૭,૧૯૭/-ની ટ્રાઈસિકલોની વહેંચણી કરવામાં આવેલ છે.

(૧૯) વિમા-આરક્ષણ :

કડવા પાટીદાર સમાજની કોઈપમવ્યક્તિ શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ કે, સંસ્થાનમાં રૂા. ૧૦૦/-થી રૂા. ૫૦૦/-ની ભેટ આપે અને શ્રી ઉમિયા ચેરીટેબલ ટ્રસ્ટમાં રૂા. ૨૦/- થી રૂા. ૧૦૦/- ની રકમ આપે તેવી વ્યક્તિને ૫ થી ૭૦ વર્ષની ઉંમર સુધી રૂા. ૨૦ હજારથી એક લાખ સુધીનું વીમાનું આરક્ષણ આપવાની યોજના હતી. આ યોજના તા. ૩૦-૬-૨૦૦૧ થી બંધ કરવામાં આવી છે.

 આ યોજનામાં જેમણે વીમા લીધા હોય તેવા વીમેદારોને ખાસ વિનંતી કરવામાં આવે છે કે, વીમેદારનું કુદરતી અવસાન થાય તેવા પ્રસંગે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝામાં આધાર સાથે જાણ કરવા વિનંતી જેથી વીમા કંપનીનું ખોટું ભરવું પડતું પ્રીમિયમ બંધ કરી શકાય.

(૨૦) આજીવન સભાપદ :

આ સંસ્થામાં કોઈપણ કડવા પાટીદાર વ્યક્તિ રૂા. ૧,૦૦૦/- ભરી આજીવન સભાસદ થઈ શકે છે.

(૨૧) શ્રી ઉમિયા આઈ.એ.એસ. ટ્રેઈનીંગ સેન્ટર :

રાજ્યની વહીવટી સેવાઓમાં કડવા પાટીદાર સમાજના ભાઈ-બહેનો ભાગ લે તે માટે યુ.પી.એસ.સી. દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર થાય તે સારું શ્રી ઉમિયા માતાજી કેમ્પસ, સોલામાં આઈ.એ.એસ.ના તાલીમવર્ગો ચલાવવામાં આવે છે. ચાલુ વર્ષે રૂા. ૫,૩૭,૪૫૪/- શ્રી ઉમિયા માતાજી સંસ્થાન તરફથી આર્થિક સહયોગ કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં રૂા. ૩૭,૩૫,૩૪૬/- નો આર્થિક સહયોગ કરવામાં આવેલ છે. ચાલુ સાલે ૧૧૬ તાલીમાર્થીઓએ આ તાલીમ વર્ગનો લાભ લીધો છે.

(૨૨) ઉમિયા દ્વારેથી :

શ્રી ઉમિયા માતાજીની પ્રવૃત્તિઓથી સમગ્ર સમાજ વાકેફ રહે તે હેતુથી કડવા પાટીદાર સમાજના તમામ મુખપત્રોમાં આ કોલમ દ્વારા માહિતી મોકલવામાં આવે છે. સંસ્થાની પ્રવૃત્તિઓથી સમાજને વાકેફ રાખવા બદલ જ્ઞાતિ માસિકોના તંત્રીઓ અને હોદ્દેદારશ્રીઓનો આભાર વ્યક્ત કરવામાં આવે છે.

(૨૩) શ્રી રામપારાયણ અન્ન સહાય :

આ સંસ્થા પૂ.સંતશ્રી ડોંગરેજી મહારાજની પ્રેરણાથી શ્રી રામપારાયણ અન્ન સહાય ફંડ નિભાવે છે. જેમાં ઊંઝા, ઐઠોર અને ઉનાવા ગામોના ગુજરાન નિભાવવા સક્ષમ ન હોય તેવા કુટુંબોને માસિક ૧૦ થી ૨૦ કિલો અનાજ મફત આપવામાં આવે છે. આવા ૨૦૫ કુટુંબો આ સહાયનો લાભ લે છે. સને ૨૦૦૯-૨૦૧૦માં આ નિધિમાં રૂા. ૪,૯૬,૨૪૫/- ખર્ચ થયેલ છે. નીચે દર્શાવેલ દાતાઓ તરફથી આ લાભાર્થીઓને ગોળ, ચોખા, દાળ, સીંગતેલ દિવાળી પ્રસંગે મીઠાઈની વહેંચણી વિના મૂલ્યે કરવામાં આવેલ છે. (૧) શ્રી કુબેરભાઈ મગનલાલ પટેલ (રોડ) (૨) શ્રી જીવરામમાધવજી ચે.ટ્રસ્ટ (૩) સ્વ. ઈશ્વરલાલ પ્રભુદાસ સાંગણોત (૪) દિવાળીબેન અંબાલાલ ચેરી. ટ્રસ્ટ. આ યોજનામાં દાન સ્વીકાર્ય છે.

(૨૪) કાયમી લગ્નોત્સવ યોજના :

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝામાં કાયમી લગ્નોત્સવ યોજના ચાલે છે. તેમાં લગ્ન સંસ્થાની નિયત તિથિઓમાં લગ્ન કરનાર દરેક પક્ષે રૂા. ૧૫૦૦/- ભરવાના હોય છે. સંસ્થાની તિથિઓ સિવાયની તિથિમાં લગ્ન કરનાર દરેક પક્ષે રૂા. ૩,૦૦૦/- ત્રણ હજાર ભરવાના હોય છે. ચાલુ સાલે સંસ્થાની તિથિઓમાં ૧૯ દંપતીઓ અને સ્પેશિયલ તિથિઓમાં ૧૮૬ દંપતીઓએ આ સંસ્થામાં લગ્ન કરેલ છે. ફુલહારથી લગ્ન કરનારે રૂા. ૫૦૦/- ભરવાના હોય છે. જેમાં ચાલુ સાલે ૬૭ દંપતીઓએ લગ્ન કરેલ છે.

(૨૫) વિના મૂલ્યે ટીફીન સેવા :

આ સંસ્થા તરફથી નિઃસહાય વૃદ્ધોને ઘેર બેઠા વિનામૂલ્યે ટીફીન પહોંચાડવાની વ્યવસ્થા ચાલુ કરવામાં આવી છે. હાલમાં ૯ (નવ) નિઃસહાય વૃદ્ધોને ટીફીન દરરોજ બપોરે મોકલી આપવામાં આવે છે. આ યોજનામાં દાન સ્વીકાર્ય છે.

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાએ તા. ૧-૪-૧૯૭૭થી તા. ૩૧-૩-૨૦૧૦ સુધીમાં સામાજિક પ્રવૃત્તિઓમાં કરેલ સહાયની વિગત

અ.નં.	સહાયનું નામ	સંખ્યા	તા. ૩૧-૩-૦૯ સુધી રકમરૂા.	સંસ્થા	તા.૧-૪-૦૯થી તા.૩૧-૩-૧૦ સુધી	સંખ્યા	તા. ૩૧-૩-૧૦ સુધી રકમરૂા.
૧.	વિધવાના બાળકોને કેળવણી સહાય	૩૬૭૨	૩૧,૩૪,૭૫૮	૧૫૫	૪,૨૯,૨૮૫	૩૮૨૭	૩૫,૬૪,૦૪૩
૨.	કન્યા છાત્રાલયોને મદદ	૦	૧,૯૫,૫૫,૦૦૦	૦	૦	૦	૧,૯૫,૫૫,૦૦૦
૩.	કુમાર છાત્રાલયોને મદદ		૧,૨૫,૫૦,૦૦૦	૦	૦	૦	૧,૨૫,૫૦,૦૦૦
૪.	પાનેતર/ચુંદડી	૬૮૨૫૪	૯૧,૭૩,૮૧૭	૩૪૦૩	૫,૮૦,૬૦૬	૭૧,૬૫૭	૯૭,૫૪,૪૨૩
૫.	નિદાન કેમ્પ	૦	૩,૭૫,૦૫૫	૦	૧૦,૦૦૦	૦	૩,૮૫,૦૫૫
૬.	પથિકાશ્રમ બાંધકામ મદદ		૧૦,૦૦,૦૦૦	૦	૦	૦	૧૦,૦૦,૦૦૦
૭.	ગૃહિણી તાલીમ શિબિર	૦	૧૦,૫૯,૬૭૨	૦	૩૭,૦૦૦	૦	૧૦,૯૬,૬૭૨
૮.	વિધવા/ત્યક્તા બહેનોને પેન્શન	૨૯૩૭	૪,૩૪,૫૮,૭૦૬		૫૯,૮૯,૮૯૬	૨૯૩૭	૪,૯૪,૪૮,૬૦૨
૯.	અસાધ્ય રોગ	૧૧૨૯	૫૩,૧૩,૩૫૪	૧૧૭	૫,૭૫,૦૦૦	૧,૨૪૬	૫૮,૮૮,૩૫૪
૧૦.	ખેતી આધારિત આકસ્મિક અવસાન	૬૯	૧૪,૨૯,૦૦૦	૦	૦	૬૯	૧૪,૨૯,૦૦૦
૧૧.	કુદરતી હોનારત મદદ	૦	૧,૧૯,૯૬,૭૭૦	૦	૧૧,૧૧,૧૧૧	૦	૧,૩૧,૦૭,૮૮૧
૧૨.	ટ્રાયસિકલ	૮૬૩	૧૯,૧૪,૯૨૨	૪૨	૮૨,૨૭૫	૯૦૫	૧૯,૯૭,૧૯૭
૧૩.	આઈ.એ.એસ.ટ્રેઈનીંગ સેન્ટરને મદદ	૦	૩૧,૯૭,૮૯૨	૦	૫,૩૭,૪૫૪	૧૧૬	૩૭,૩૫,૩૪૬
૧૪.	ઉચ્ચ શિક્ષણ લોન	૬૪૯૯	૬,૯૪,૪૬,૫૦૦	૧૦૮૦	૧,૬૨,૪૪,૦૦૦	૭૫૭૯	૮,૫૬,૯૦,૫૦૦
૧૫.	વિકલાંગ અંધજન ટ્રસ્ટોને મદદ	૦	૫,૬૨,૦૦૦	૦	૦	૦	૫,૬૨,૦૦૦
	કુલ		૧૮,૪૧,૬૭,૪૪૬		૨,૫૫,૯૬,૬૨૭		૨૧,૨૯,૬૧,૯૬૫

ઉચ્ચ શિક્ષણ સહાયક નિધિ

કડવા પાટીદાર સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ જે આર્થિક રીતે સક્ષમ ન હોય અને પૈસાના અભાવે ભણી શકે તેમન હોય તેવા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણ સહાયક નિધિ શરૂ કરવામાં આવેલ છે. આ નિધિમાં મેડિકલ, એન્જિનીયરીંગ, ફાર્મસી, આર્કિટેક્ટ, એમ.બી.એ., એમ.સી.એ., બી.એસ.સી. નર્સીંગ જેવા અભ્યાસક્રમો માટે દર વર્ષે અભ્યાસ પુરો કરે ત્યાં સુધી સંસ્થાની નાણાંકીય મર્યાદામાં રહી વગર વ્યાજની લોન આપવામાં આવે છે. રૂા. ૧,૦૦,૦૦૦/- કરતાં ઓછી આવકવાળા કુટુંબના ધોરણ-૧૨માં વિદ્યાર્થીએ ૬૫% કે તેથી વધારે અને વિદ્યાર્થિનિઓએ ૬૦% કે તેથી વધારે ગુણ મેળવનારને જ આ લોન આપવામાં આવે છે.

(શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના
ઈ.સ. ૨૦૦૯-૨૦૧૦ના
વાર્ષિક અહેવાલમાંથી આભાર સહ...)

•••

વિશ્વમાં કડવા પાટીદારોની એકસૂત્રતા દર્શાવતી આગવી ઓળખ

૧. વિશ્વના કડવા પાટીદારોનું માદરે વતન **"ઉમાપુર"** ઊંઝા જ છે.

૨. વિશ્વના કડવા પાટીદારોની કુળદેવી એક જ મા ઉમિયા જ છે.

૩. વિશ્વના કડવા પાટીદારો જન્મે ગામડામાં, કારણ માત્ર ખેતી આધારિત સમાજ હતો.

૪. વિશ્વના કડવા પાટીદારોની અંગત માલિકીની એક માત્ર ધાર્મિક સંસ્થા **'શ્રી ઉમિયા માતાજી-ઊંઝા'** છે.

૫. વિશ્વના કડવા પાટીદારો વેદ કાળથી મા ઉમિયાની પૂજા કરતા આવ્યા છે. એટલે તેમની રગેરગમાં ઉમિયાની ભક્તિ વ્યાપેલી છે.

નોંધ : ઉપર્યુક્ત તમામ પ્રવૃત્તિઓ સંસ્થાના નિયમોને આધિન રહેશે.

॥ પંચસૂત્રી કાર્યક્રમ ॥

કડવા પાટીદાર કુળદેવી

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

: પ્રવૃત્તિ પરિચય :

આપણા કુળદેવી શ્રી ઉમિયા માતાજીનો ૧૮મી શતાબ્દીનો મહોત્સવ સંવત ૨૦૩૩માં યોજાયો હતો ત્યારે તેની કાયમી યાદ રૂપે સમાજને પંચસૂત્રી કાર્યક્રમ આપવામાં આવેલ હતો. આ પંચસૂત્રી કાર્યક્રમ સમાજે બહુ જ ભાવથી અને ઉમળકાભેર અપનાવેલ છે. તેનાથી આપણા સમાજ જીવન ઉપર મોટી અસર પડી છે. તો આ પંચસૂત્રી કાર્યક્રમનો બરાબર અમલ કરીએ તેવી સમાજને અપીલ છે.

॥ પંચસૂત્રી કાર્યક્રમ ॥

આપણે સૌ આટલું તો કરીએ જ.....

(૧) ઘેર ઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજીનો ફોટો રાખીએ.

(૨) કડવા પાટીદારના દીકરા દીકરીના સગપણ (ચાંલ્લા) પ્રસંગે માતાજીને ચાંદીનો સિક્કો આપીએ.

(૩) દીકરા દીકરીના લગ્ન પ્રસંગે સૌથી પહેલી કંકોત્રી માતાજીને લખવાનું ન ભૂલીએ.

(૪) કડવા પાટીદાર દંપતીએ લગ્ન કર્યા પછી વર્ષે દિવસે માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે આવવાની પ્રથા જાળવીએ.

(૫) આપણી આવકમાંથી તથા શુભ પ્રસંગોએ યથાશક્તિ ફાળો દર વર્ષે માતાજીમાં ભેટ રૂપે મોકલાવીએ.

॥ દશસૂત્રી કાર્યક્રમ ॥

૧૮મી શતાબ્દી મહોત્સવ વર્ષ

પ્રથમ દશાબ્દી મહિલા જાગૃતિ વર્ષ સંવત ૨૦૪૪

આપણી કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાનો ૧૮મી શતાબ્દી મહોત્સવ સંવત ૨૦૩૩માં યોજાયો. તેને ૧૦ વર્ષ પૂરાં થયાં ત્યારે તે દશાબ્દી વર્ષને મહિલા જાગૃતિ વર્ષ તરીકે ઉજવવામાં આવેલ, તેની યાદ રૂપે આપણા આ સમાજ સમક્ષ દશસૂત્રી કાર્યક્રમ આપવામાં આવેલ, જેના દ્વારા સમાજમાં એક નવી જાગૃતિ અને ચેતના આવશે, તેમજ સમાજ સુખી, સંસ્કારી, સમૃદ્ધ અને નિર્વ્યસની બનશે.

આ કાર્યક્રમના અમલ માટે ગામે ગામ-શહેરે શહેર આપણા સમાજના સંમેલનો યોજી ખાસ કરીને બહેનોના આ દશસૂત્રી કાર્યક્રમનો અમલ થાય તેવી પ્રવૃત્તિઓ કરવા સમાજને અપીલ કરવામાં આવે છે.

મા ઉમિયાનાં આશીર્વાદ સદૈવ આપના ઉપર ઉતરો તેવી મા ઉમાને અંતઃકરણપૂર્વક પ્રાર્થના.

॥ દશસૂત્રી કાર્યક્રમ ॥

(૧) દીકરા દીકરી વચ્ચે ભેદ ન રાખીએ.

(૨) પુત્રવધૂને દીકરી સમાન ગણીએ.

(૩) બાળલગ્નો નામે બંધ કરીએ.

(૪) વિધવા-ત્યક્તા બહેનોનાં પુનઃલગ્ન માટે સમજ કેળવીએ.

(૫) બહેનોને કન્યા કેળવણીની સાથે ગૃહજીવનને ઉપયોગી શિક્ષણ આપીએ.

(૬) અંધશ્રદ્ધા, વહેમ અને રૂઢિચુસ્તતામાંથી બહાર આવી સાચા અર્થમાં શક્તિ સ્વરૂપ મા ઉમાના પૂજકો બનીએ.

(૭) સમયના પરિવર્તન સાથે આપણા સામાજિક રીત-રિવાજોને પણ બદલીએ.

(૮) આપણા સામાજિક પ્રશ્નો અદાલતોમાં ન લઈ જતા સમાજ દ્વારા ઉકેલીએ.

(૯) દિવસમાં એકવાર કુટુંબ સાથે જમીએ અને પ્રાર્થના કરીએ.

(૧૦) ગામે ગામ ઉમા મહિલા મંડળોની સ્થાપના કરીએ.

• • •



કડવા પાટીદારો, ઊંઝાનગર અને શ્રી ઉમિયા માતાજીના મંદિરની ઐતિહાસિક તવારીખો



૧ ઈ.સ. પૂર્વે ૧૫૦૦ થી ૧૨૦૦ વચ્ચે : પંજાબના ગુજરાનવાલા પ્રદેશમાંથી કૂર્મિજાતના લોકો (પાટીદારો) સ્થળાંતર કરી ગુજરાત તરફ આવ્યા એવું કહેવાય છે. જેની પ્રમાણભૂત માહિતી મળતી નથી.

૨ વિ.સં. ૧૦૧ : ભયાનક ધરતીકંપમાં ઊંઝા ગામ ધરાશાયી થયું.

૩ વિ.સં. ૨૧૨ : રાજા વ્રજપાલજી (કતપાલજી) એ ઉમિયા માતાનું મંદિર બનાવ્યું.

૪ વિ.સં. ૬૫૨ : મોગલ અલીબેગે ઊંઝા પર આક્રમણ કરી એનો નાશ કર્યો. બધા પાટીદારો વિખરાઈ ગયા.

૫ વિ.સં. ૬૫૫ : છવડા પટેલે ચૈત્રસુદ ચોથના દિવસે તોરણ બાંધી ઊંઝા ફરીથી વસાવ્યું.

૬ વિ.સં. ૭૧૪ : વિસલદેવ ચૌહાણે (જે અજમેરનો રાજા હતો) ઊંઝાનગર ભાંગ્યું અને પાટીદારો વિખરાઈ ગયા. વિખરાઈ ગયા પછી ફરીથી થોડાક પરત આવીને વસ્યા.

૭ વિ.સં. ૮૦૨ : પાટણની સ્થાપના થતાં ઊંઝાના પાટીદારો બે ભાગમાં વહેંચાયા.

૮ વિ.સં. ૮૩૧ : પાટણના રાજાએ રણા રાજપૂતોને ઊંઝાના પટાવત તરીકે નિમ્યા. (વિ.સં. ૮૩૧ થી ૧૧૪૨ સુધી રાણાઓ ઊંઝામાં રહ્યા.)

૯ વિ.સં. ૧૦૯૯ : પાટણનો રાજા કર્ણદેવ સોલંકી મેણલદે (મીનળદેવી)ને પરણવા ઊંઝા આવ્યો. મેણલદે પાટીદારની દીકરી હતી.

૧૦ વિ.સં. ૧૧૨૪ : ગાંમી વેગડા પટેલે લાલ રેતિયા પથ્થરમાંથી ઉમિયા માતાનું મંદિર બનાવ્યું.

૧૧ વિ.સં. ૧૧૪૨ : પાટીદાર આગેવાનોના કહેવાથી જદરાણા મુસલમાનોએ ઊંઝામાં ત્રાસ વર્તાવતા જાદવ રણા રજપૂતોને મારી ઊંઝામાં વસવાટ કર્યો.

૧૨ વિ.સં. ૧૩૫૬ : અલાઉદ્દીન ખિલજીના સુબા ઉલ્લુધખાને ઉમિયા માતાજીનું મંદિર તોડી નાખ્યું.

૧૩ વિ.સં. ૧૮૧૯ : હરસિંહ મોલ્લોતે જદરાણા મુસલમાનોનો ત્રાસ વધતાં યુક્તિપૂર્વક ઊંઝામાંથી હાંકી કાઢ્યા. (પાછળથી ફરીથી વસાવ્યા હતા.)


૧૪ વિ.સં. ૧૮૩૮	:	જદરાણાઓને ઊંઝામાંથી કાઢ્યા, ઊંઝાનો લાલ દરવાજો હરિસિંહ મોલ્લોતે બનાવડાવ્યો.
૧૫ વિ.સં. ૧૮૪૧	:	જદરાણાઓના ધાડા ચઢી આવ્યા, ઘમાસણ લડાઈ થઈ.
૧૬ વિ.સં. ૧૮૭૯	:	હાલના મંદિર આસપાસનો કોટ કિલ્લો બાંધીને પૂર્ણ કરવામાં આવ્યો.
૧૭ વિ.સં. ૧૯૦૬	:	બંધુકા વિવાહની તિથિ અને વર્ષ નક્કી કરી, ગોળ પ્રથાની શરૂઆત થઈ. થોભણદાસ પટેલે સૌ પ્રથમવાર ગામનો ગોળ રચ્યો (ઊંઝા, લાડોલ, ઉમતા, સુંઢિયા, ટુંડાવ, મહેસાણા વગેરે.) બંધુકા વિવાહ થયા.
૧૮ વિ.સં. ૧૯૧૧	:	ઉમિયા માતાના મંદિર નિર્માણનું ખાત મુહૂર્ત થયું.
૧૯ વિ.સં. ૧૯૧૬	:	બીજો સાતનો ગોળ રચાયો (કંથરાવી, બલોલ, કોરવડા, પાંચોટ વગેરે) બંધુકા વિવાહ થયા.
૨૦ વિ.સં. ૧૯૨૦	:	ઉમિયા માતાના મંદિર નિર્માણ કાર્ય પૂર્ણ કરી શિખર ચઢાવ્યું.
૨૧ વિ.સં. ૧૯૨૧	:	અમદાવાદના રામચંદ્ર પટેલને ઈંટ ચુનાના મંદિરનું ઉત્થાપન કરીને નવું મોટું મંદિર બનાવવાનું કામસોંપવામાં આવેલું કાર્ય અધૂરું રહ્યું.
૨૨ વિ.સં. ૧૯૨૬	:	નાના બારનો ગોળ રચાયો, બંધુકા વિવાહ થયા (પાટણ, ટુંડાવ, ઐઠોર, દેણપ, કમાણા, પીંપળ, કંબોઈ, લણવા, કનેડીયા વગેરે ગામો.)
૨૩ વિ.સં. ૧૯૩૬	:	અગિયારનો ગોળ રચાયો, બંધુકા વિવાહ થયા.
૨૪ વિ.સં. ૧૯૪૩	:	શેઠ શ્રી બેચરભાઈ લશ્કરીની આગેવાનીમાં મંદિરનો જીર્ણોદ્ધાર કરી મંદિર ખુલ્લું મુકાયું.
૨૫ વિ.સં. ૧૯૪૬	:	બાવનનો ગોળ રચાયો. બંધુકા વિવાહ થયા.
૨૬ વિ.સં. ૧૯૫૧	:	માતાજીના મંદિર પાસેના તૈયાર કરાયેલા માનસરોવરને ખુલ્લું મૂકાયું.
૨૭ વિ.સં. ૧૯૫૬	:	છપ્પનીયો કાળ પડ્યો જેમાં બંધુકા વિવાહ બંધ રહ્યા.
૨૮ વિ.સં. ૧૯૬૬	:	ચોરાશીનો સમાજ રચાયો, બંધુકા વિવાહ થયા (કચ્છ, સૌરાષ્ટ્ર, માળવા, નિમાડ વગેરે પ્રદેશોમાં ગોળપ્રથા હજુ અમલમાં નહોતી આવી.)
૨૯ વિ.સં. ૧૯૭૬	:	બંધુકા વિવાહનો અંતિમ તબક્કો પૂર્ણ થયો અને હવે પછીથી છૂટક વિવાહ શરૂ થયા.
૩૦ વિ.સં. ૨૦૩૩	:	અઢારમી શતાબ્દી મહોત્સવ યોજાયો.
૩૧ વિ.સં. ૨૦૫૪	:	જ્યોતિરથે, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાનમાં પરિભ્રમણ કરવા પ્રસ્થાન કર્યું.
૩૨ વિ.સં. ૨૦૬૬	:	અઢારમી શતાબ્દી રજતજયંતી મહોત્સવ ઉજવ્યો.

(૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ની સ્મરણિકામાંથી આભાર સહ...)

૧૮મી શતાબ્દી મહોત્સવ-૧૯૭૬ની ઝાંખી (સંવત-૨૦૩૩)



શ્રી ઉમિયા માતાજી ઊંઝાએ વિશ્વના કડવા પાટીદારોની જાગૃતિની ચેતનાનો ૧૮મી શતાબ્દી મહોત્સવ-૧૯૭૬



મા ઉમા ઊંઝામાં પ્રગટ થયાની માન્યતા મુજબ માધાવતીના કૂર્મીરાજા વ્રજપાલજી કે કૃતપાલજી લડાઈમાં હારી જતાં માળવાથી સિદ્ધપુર માતૃશ્રાદ્ધ માટે આવ્યાની વાત અને ઊંઝામાં સંવત ૨૧૨ની સાલમાં આવ્યા અને શ્રી માતાજીનું મંદિરની પ્રતિષ્ઠા કર્યાની વાતની દંતકથાને મૂળ પાયો ગણી ઉમિયા માતાજીને ૧૮મી સદી ચાલે તેમ ગણવામાં આવ્યું છે.

સામાન્ય રીતે કોઈપણ મૂર્તિની સ્થાપના થયા પછી સમયે લગભગ એક સો વર્ષના અંકે તે જ મૂર્તિમાં નવું ચૈતન્ય પ્રગટ થાય, તે માટે શાસ્ત્રોક્ત રીતે ફરી પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવતી હોય છે. શાસ્ત્રનું પ્રમાણ આનું સમર્થન કરે છે. આમ શ્રી ઉમિયા માતાજીની મૂર્તિ સ્થાપના બાદ ફરી પ્રાણપ્રતિષ્ઠા માટે વિચારવામાં આવ્યું. આ માટે કેટલાક શ્રી ઉમા માઈ મંડળના માઈભક્તોના દિલમાં શ્રી માતાજીએ પ્રેરણા કરી અને માતાજીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવવાનો વિચાર રજૂ કરવામાં આવ્યો. માતાજીના પૂજારીશ્રીને આ વાત જણાવાઈ અને તેમણે શાસ્ત્રોક્ત

 જરૂરી છે, તેવું સમર્થન કર્યું. આ વાત માતાજીના વહિવટકર્તાઓના ધ્યાનમાં લાવવામાં આવી. માતાજીના વહિવટકર્તાઓએ આ વિચારને વધાવી લીધો. માત્ર ખર્ચની જોગવાઈઓનો સવાલ હતો. તે વખતે માતાજી સંસ્થાન પાસે અંદાજે રૂપિયા ત્રણેક લાખની સિલક હતી. ચર્ચા-વિચારણાને અંતે શ્રી માતાજીનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઊજવવાનું ઠરાવવામાં આવ્યું. કારોબારી સભામાં વાત રજૂ કરવામાં આવી અને સર્વએ આ વાત સહર્ષ સ્વીકારી લીધી.

મહોત્સવને '૧૮મી શતાબ્દી' એવું નામ આપવામાં આવ્યું. આ અંગે ગામસભા બોલાવવામાં આવી અને મહોત્સવના આયોજનની તૈયારીઓ ચાલુ થઈ ગઈ. તેના માટેની જુદી જુદી કમિટિઓની રચનાઓ કરવામાં આવી. છ માસ પહેલાંથી મહોત્સવના આયોજનનું કામ ચાલુ થઈ ગયું. રોજેરોજની મિટિંગો પોતપોતાની જવાબદારીઓ અદા કરવા લાગી અને મહોત્સવનો લોકજુવાળ કલ્પના બહારની રીતે ઉભરવા લાગ્યો. મહોત્સવની ઉજવણીના મૂળમાં માતાજીની પ્રેરણા જ કામ કરી હોય તેવું સ્પષ્ટ જણાવા લાગ્યું. લોકઉત્સાહ અને કાર્યકરોની ધગશ જોતાં સ્પષ્ટ જણાવા લાગ્યું કે, આ કામ માનવ કલ્પના કરતાં દૈવીશક્તિની સહાયનું જ કામ હોય લોકોનો અદમ્ય ઉત્સાહ, ગામની દરેક કોમની મહોત્સવની ઉજવણીની એક લાગણી જોતાં આ કામ માત્ર માતાજી જ કરતાં હોય તેમ લાગવા માંડ્યું. કડવા પાટીદારોનો દર્શનમેળો જામ્યો. પાંચથી સાત લાખ માણસો દર્શને આવવાની ગણતરી હતી તેના બદલે ૧૬ થી ૧૮ લાખ માણસોએ દર્શનનો લાભ લીધો. માતાજીના દ્વાર રાત્રે ૯-૧૫ વાગ્યે બંધ કરવામાં આવતા હતા.



તે દર્શનાર્થીઓના રાત-દિવસના અવિરત પ્રવાહને જોઈ માતાજીના દ્વાર ચોવીસ કલાક ખોલી નાંખવામાં આવ્યા. આયોજનકર્તાઓનાં આયોજનો કલ્પના બહાર ગયા. લોકજુવાળનો ધોધ જોતાં કોઈ આયોજન કારગત નીવડે તેમ ન લાગ્યું. આમ છતાં એક સંસ્કારી પ્રજાને શોભે તે રીતે લોકોએ સ્વયંભૂ રીતે માતાજીના દર્શનનો લાભ લીધો. સ્વયંસેવકોએ રાત દિવસ જોયા વગર ભૂખે તરસે પોતાની જગ્યાએ જ મોઢામાં નાસ્તા આપવાની વ્યવસ્થાઓ કરવામાં આવી. રસોઈનું કામ કલ્પનામાં ન આવે તે રીતે ટપોટપ આટોપાઈ જતું. રસોઈયાઓને માતાજીના નામે રસોઈઓ પાર પાડી સીધું સામાન ક્યાંથી આવ્યું ને કેમતેનો ઉકેલ થયો તે પણ આપોઆપ ચાલવા લાગ્યું. પાણીની તેમજ સેનિટેશનની વ્યવસ્થાઓ પણ યથાયોગ્ય રીતે પાર પાડી. વાહનવ્યવહારનું આયોજન પણ નાનું પડવા છતાં આપોઆપ પાર પડ્યું. લોકજુવાળે તો હદ કરી નાખી. લોકોએ તન-મન-ધનથી આ મહોત્સવ જોયો તે લોકો આજે પણ કહે છે કે, આ મહોત્સવ "न भूतो न भविष्यति" જેવો બની ગયો. સૌથી મહત્ત્વની વાત તો એ બની કે મહોત્સવના આયોજન પહેલાં લગભગ અઠવાડિયાથી વરસાદ ચાલુ હતો. વરુણદેવની હાજરી એ મહોત્સવનું પ્રથમ લક્ષણ બન્યું. કાર્યકરોએ ચિંતા ઊપજાવે તેવું બન્યું. વરસાદ બંધ ન થાય તો કેમ કરી આ મહોત્સવ પાર પાડવો તે મોટો યક્ષ પ્રશ્ન બન્યો. આગેવાનો આ માટે સિદ્ધપુરના તપસ્વી સંતશ્રી દેવશંકર મહારાજ કે જેઓ સરસ્વતીના કાંઠે શ્રી અરડેશ્વર મહાદેવની જગ્યા જોડે તપશ્ચર્યા કરતા હતા. તેમની પાસે ડૂબતો માણસ તરણું શોધે તેમ આશાનું કિરણ લઈ તેમની પાસે પહોંચ્યા. તેમને પૂછ્યું કે દાદા, અમે માતાજીના મહોત્સવનો મોટો અવસર આદર્યો છે અને વરસાદ વરસી રહ્યો છે. અમે શું કરીએ ? દાદાએ થોડાં અંતર્મૂખ થઈ જવાબ આપ્યો કે, ભાઈઓ ! તમે કોનો અવસર આદર્યો છે ? તો જેનો અવસર છે તે સાક્ષાત્ આ બધું નિહાળી રહી છે. તમે ચિંતા ન કરો અને કામ તેને સોંપી ચાલુ રાખો અને સર્વના આશ્ચર્ય વચ્ચે મહોત્સવના આગલા દિવસે રાત્રે લગભગ બાર વાગ્યાથી વરસાદ બંધ. જાણે વરુણદેવ પોતાની હાજરી બતાવી રસ્તાઓ છાંટી ગયા. આગલા દિવસે પવનદેવ પણ તોફાની બનેલા. તે પણ શાંત બન્યા. અગ્નિદેવ પણ પોતાની હાજરી બતાવી ગયા. વાતાવરણ એવું તો આહલાદક બન્યું કે શિયાળો હોવા છતાં અને આટલો વરસાદ વરસ્યો હોવા છતાં ઠંડીનું નામ નહીં. મહોત્સવના પાંચ દિવસ દરમિયાન ગામમાં કોઈ ગમખ્વાર કે મૃત્યુનો બનાવ બન્યો ન હતો. આટલો માનવ મહેરામણ ઊભરાતો હોવા છતાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી. આમ આ મહોત્સવ એ સ્વયંભૂ રીતે શ્રી માતાજીની પ્રેરણા અને સહાયથી ઊજવવામાં આવ્યો. જે ઊંઝાના ઈતિહાસમાં અવિસ્મરણીય અનુપમ બેજોડ બનાવ બની ગયો.



• • •

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના હોદ્દેદારો


સંવત ૨૦૩૩



શેઠશ્રી હરિપ્રસાદ દુર્ગાપ્રસાદ લશ્કરી (અમદાવાદ)
પ્રમુખ



પા. જમનાદાસ ત્રિકમલાલ (અમદાવાદ)
માનદ્‌મંત્રી



શ્રી મોતીલાલ ભીખાભાઈ મારફતિયા (અમદાવાદ)
ઉપપ્રમુખ




પા. કેશવલાલ વિઠ્ઠલદાસ (સિદ્ધપુર)
ઉપપ્રમુખ

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના હોદ્દેદારો


સંવત ૨૦૩૩



શ્રી ધરમચંદ શીવલાલ ચોક્સી (અમદાવાદ)
સહમંત્રી



શ્રી મણિલાલ અંબાલાલ (ઊંઝા)
સહમંત્રી




શ્રી ખોડિદાસ જોરદાસ પટેલ (ઊંઝા)
સહમંત્રી



પા. ઈશ્વરલાલ ગણેશદાસ (ઊંઝા)
સહમંત્રી

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના હોદ્દેદારો


સંવત ૨૦૩૩



પા. ઈશ્વરલાલ બેચરદાસ (ઊંઝા)
ખજાનચી



પા. મણિલાલ ઈશ્વરલાલ (ઊંઝા)
ખજાનચી



પા. કેશવલાલ જોઈતારામ પટેલ (ઊંઝા)
આંતરિક ઑડિટર



શ્રી પરસોત્તમદાસ સોમનાથ પટેલ (સરઢવ)
આંતરિક ઑડિટર

૧૮મી શતાબ્દી મહોત્સવ ૨૦૩૩ના સ્મૃતિગ્રંથમાંથી સાભાર સ્વીકાર...

૧૯૭૬ મહોત્સવની યાદગાર સ્મૃતિ, સંવત ૨૦૩૩













૧૯૭૬ મહોત્સવની યાદગાર સ્મૃતિ, સંવત ૨૦૩૩








૧૯૭૬ મહોત્સવની યાદગાર સ્મૃતિ, સંવત ૨૦૩૩













૧૯૭૬ મહોત્સવની યાદગાર સ્મૃતિ, સંવત ૨૦૩૩













૧૮મી શતાબ્દી મહોત્સવ ૨૦૩૩ના સ્મૃતિગ્રંથમાંથી સાભાર સ્વીકાર...

૧૯૭૬ના મહોત્સવની કમિટિઓ, સંવત ૨૦૩૩

સ્વાગત સમિતિ



ચેરમેન
પા. કેશવલાલ વિઠ્ઠલદાસ



: ટીમવર્ક :



૧૯૭૬ના મહોત્સવની કમિટિઓ, સંવત ૨૦૩૩

નાણાં સમિતિ



ચેરમેન
શેઠ શ્રી લક્ષ્મીકાન્ત ભગુભાઈ




: ટીમવર્ક :




૧૯૭૬ના મહોત્સવની કમિટિઓ, સંવત ૨૦૩૩

યજ્ઞસેવા સમિતિ



ચેરમેન
પા. ઈશ્વરલાલ શંકરલાલ



: ટીમવર્ક :



૧૯૭૬ના મહોત્સવની કમિટિઓ, સંવત ૨૦૩૩

મંડપ અને ઉતારા સમિતિ



ચેરમેન
પા. શંકરલાલ બાલચંદદાસ




: ટીમવર્ક :



૧૯૭૬ના મહોત્સવની કમિટિઓ, સંવત ૨૦૩૩

પ્રચાર અને પ્રકાશન સમિતિ



ચેરમેન
શ્રી મણિલાલ ઈશ્વરલાલ પટેલ (મમ્મી)



: ટીમવર્ક :



૧૯૭૬ના મહોત્સવની કમિટિઓ, સંવત ૨૦૩૩


જાહેર બંદોબસ્ત અને સલામતી સમિતિ



ચેરમેન
પા. ચતુરભાઈ ઈશ્વરલાલ



: ટીમવર્ક :



૧૯૭૬ના મહોત્સવની કમિટિઓ, સંવત ૨૦૩૩

વાહન વ્યવહાર સમિતિ



ચેરમેન
શ્રી ઈશ્વરલાલ ડી. પટેલ




: ટીમવર્ક :



આરોગ્ય, પાણી અને દીવાબત્તી સમિતિ



ચેરમેન
પા. જીવરામભાઈ છબિલદાસ




: ટીમવર્ક :



૧૯૭૬ના મહોત્સવની કમિટિઓ, સંવત ૨૦૩૩

પ્રસાદ સમિતિ



ચેરમેન
પટેલ ભોગીલાલ કેવળદાસ કમાણિયા



: ટીમવર્ક :



૧૯૭૬ના મહોત્સવની કમિટિઓ, સંવત ૨૦૩૩

ભોજન અને સરભરા સમિતિ



ચેરમેન
શ્રી શંકરલાલ માનચંદદાસ પટેલ (શકુરભાઈ)



: ટીમવર્ક :



૧૯૭૬ના મહોત્સવની કમિટિઓ, સંવત ૨૦૩૩

સ્વયંસેવક સમિતિ



ચેરમેન
પા. અંબાલાલ નાથાલાલ (ચારી)




: ટીમવર્ક :




'૧૮મી શતાબ્દી મહોત્સવ ૧૯૭૬ના સ્મૃતિગ્રંથમાંથી સાભાર'

આમંત્રણ પત્રિકા


મા નું તેડું
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
: નિમંત્રક :


૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
નારી
એકતા
સંકલ્પ
: નિમંત્રક :
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા


આશીર્વાદ
માતૃ
શાંતિ
પિતૃ
ભક્તિ
લક્ષ્મી
શ્રદ્ધા
બુદ્ધિ
લજ્જા
શક્તિ
વિદ્યા


૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
મા ઉમાના આંગણે યોજનાર આ દિવ્ય મહોત્સવ


૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯






પ્રેરણા સ્ત્રોત
મા ઉમિયા










ઊંડા અંધારેથી
પરમ તેજે તું લઈ જા... મા

"મા ઉમિયા"ના ઐતિહાસિક ઉત્સવની આમંત્રણ પત્રિકા

BOOK-POST

મા નું તેડું

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

પ્રારંભઃ તા. ૨૮-૧૧-૨૦૦૯
પૂર્ણાહુતિ : તા. ૨-૧૨-૨૦૦૯

શ્રી ______________________

____

____


____

: નિમંત્રક :

૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ સમિતિ   કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

ફોન :- +૯૧-૨૭૬૭-૩૨૩૩૬૬, ૨૪૫૯૭૨ ● ફેક્સઃ- ૨૪૫૭૭૨

Email: umiyamataji@gmail.com ● www.maaumiya.com


૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
વિશ્વ સમૃદ્ધિના પંથે જઈએ,
નારી
યુવા
જ્ઞાન
સંકલ્પ
સંગઠન
એકતા
: નિમંત્રક :
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા


આશીર્વાદ
માતૃ
શાંતિ
ભક્તિ
પિતૃ
લક્ષ્મી
શ્રદ્ધા
બુદ્ધિ
લજ્જા
શક્તિ
વિદ્યા

॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेष्वपि ॥

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

મા ઉમાના આંગણે યોજાનાર આ દિવ્ય મહોત્સવ

આસ્થા અભિવ્યક્તિનો અણમોલ છે અવસર

માનવથી માનવ ને જોડવાના છે મનોરથ

ભેરૂને હામ દેવાની છે કૃતનિશ્ચયતા

ત્રિવિધ સુસંકલ્પના સંગમનો છે મહોત્સવ

આગમન આપનું એ રૂડા ઉત્સવનો છે ઉજાસ

એટલેજ અંતરના ઊંડાણથી છે આમંત્રણ





૧૮ મી શતાબ્દી રજત

- ૨૧ યજમાનો દ્વારા પાંચ દિવસ ચાલનાર **સહસ્ત્રચંડી મહાયજ્ઞ.** (રૂા. ૪.૦૨ કરોડનું દાન)
- દેશ-વિદેશમાંથી અંદાજે ૪૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ આવવાની અપેક્ષા.
- આંતરરાષ્ટ્રીય કક્ષાનું ઈન્ડસ્ટ્રિયલ, કોમર્શિયલ અને એજયુકેશનલ એક્ઝિબિશન.
- કૃષિમેળો અને હસ્તકલા સહિત સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓનું એક્ઝિબિશન.
- હજારો શ્રદ્ધાળુઓ દ્વારા અવિરત દાનનો પ્રવાહ.
- **સૌપ્રથમ વખત અનોખી શૈલીમાં પાટીદાર ગૌરવગાથા અને સાંસ્કૃતિક વારસો દર્શાવતુ એક્ઝિબિશન.**



જયંતી મહોત્સવ ૨૦૦૯

- બ્રાન્ડેડ ફૂડ કોર્ટ અને એમ્યુઝમેન્ટ પાર્ક.
- દર્શનાર્થી ભક્તો માટે ભોજન-પ્રસાદની વ્યવસ્થા.
- વિક્રમી રક્તદાન આયોજન અને આધુનિક તબીબી સારવારની વ્યવસ્થા.
- લાખો યુવાનો વ્યસન મુક્તિ માટે સંકલ્પ લેશે.
- વિશાળ પાર્કિંગ વ્યવસ્થા.
- **મા ઉમિયા સમક્ષ ખૂબજ મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓ દ્વારા ડ્રિપ-ઈરિગેશન પધ્ધતિથી પિયત અંગેનો સંકલ્પ.**



શુભારંભ : તા. ૨૮-૧૧-૨૦૦૯ • પૂર્ણાહુતિ : તા. ૨-૧૨-૨૦૦૯

વૈશ્વિક ઉત્કર્ષના મહોત્સવધામ - "શ્રી ઉમિયાનગર" નું ઉદ્‌ઘાટન
અને
સહસ્ત્રચંડી મહાયજ્ઞનો શુભારંભ

વિક્રમ સંવત ૨૦૬૬ માગશર સુદ અગિયારસ
શનિવાર તા. ૨૮-૧૧-૨૦૦૯, સમય : સવારે ૮:૦૦ કલાકે

ઉદ્‌ઘાટન	:	શ્રી મુકેશભાઈ કેશવલાલ પટેલ ના વરદ્ હસ્તે ગોદરેજ પ્રોપર્ટીઝ લી. - શ્રી સિધ્ધિ ગ્રુપ (જે.વી.), અમદાવાદ. મુખ્ય સ્પોન્સર, "શ્રી ઉમિયાનગર"
દિપ પ્રાગટ્ય	:	શ્રી કેશવલાલ વી. પટેલ ના વરદ્ હસ્તે પ્રમુખશ્રી, કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
મુખ્ય યજમાન	:	શ્રી અમૃતભાઈ બબાભાઈ પટેલ (મુ.બ્રાહ્મણવાડા) અમદાવાદ.
સ્વાગત પ્રવચન	:	શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ ચેરમેનશ્રી, ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
અતિથિ વિશેષ	:	શ્રી સી. કે. પટેલ (USA) મુખ્ય ધ્વજદંડના યજમાનશ્રી, ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

"શ્રી ઉમિયાનગર"
વિવિધ પેવેલિયન ઉદ્દ્ઘાટન

વિક્રમ સંવત ૨૦૬૬ માગશર સુદ અગિયારસ
શનિવાર તા. ૨૮-૧૧-૨૦૦૯, સમય : સવારે ૯:૪૫ કલાકે

અન્નપૂર્ણા કક્ષ	:	શ્રી નરોત્તમભાઈ પટેલ માન. મંત્રીશ્રી - પંચાયત, ગ્રામ વિકાસ, નાગરિક પુરવઠો
પાટીદાર સાંસ્કૃતિક પ્રદર્શન	:	શ્રીમતી આનંદીબેન પટેલ માન. મંત્રીશ્રી - મહેસૂલ, માર્ગ-મકાન
ડ્રિપ ઈરિગેશન પ્રદર્શન	:	શ્રી નીતિનભાઈ પટેલ માન. મંત્રીશ્રી – શહેરી વિકાસ, પાણી પુરવઠા અને જળ સંપત્તિ
કૃષિ પ્રદર્શન	:	શ્રી દિલીપભાઈ સંઘાણી માન. મંત્રીશ્રી – કૃષિ, સહકાર
રક્તદાન શિબિર	:	શ્રી જયનારાયણભાઈ વ્યાસ માન. મંત્રીશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન
બાળનગરી	:	શ્રી રમણલાલ વોરા માન. મંત્રીશ્રી, શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ) ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ
ઔદ્યોગિક પ્રદર્શન	:	શ્રી સૌરભભાઈ પટેલ માન. મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) ઉદ્યોગ, ઉર્જા અને પેટ્રોકેમિકલ, નાણાં

૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

વિક્રમ સંવત ૨૦૬૬ માગશર સુદ અગિયારસ
શનિવાર તા. ૨૮-૧૧-૨૦૦૯, સમય : સાંજે ૫:૦૦ કલાકે

-: ઉદ્‌ઘાટન :-
સ્વર્ણિમ ગુજરાતના સ્વપ્ન શિલ્પી
શ્રી નરેન્દ્રભાઈ મોદી
માન. મુખ્યમંત્રીશ્રી - ગુજરાત રાજ્યના વરદ્ હસ્તે

સમારંભ પ્રમુખ : શ્રી વિષ્ણુભાઈ મફતલાલ પટેલ
સદ્‌ભાવ કન્સ્ટ્રક્શન કંપની, અમદાવાદ.

વિશિષ્ટ ઉપસ્થિતિ : શ્રી પરષોત્તમભાઈ રૂપાલા
પ્રમુખ, ગુજરાત પ્રદેશ ભાજપ
માન. સંસદ સભ્યશ્રી, રાજ્યસભા

: શ્રીમતી આનંદીબેન પટેલ
માન. મંત્રીશ્રી - મહેસૂલ, માર્ગ-મકાન

: શ્રી નીતિનભાઈ પટેલ
માન. મંત્રીશ્રી – શહેરી વિકાસ, પાણી પુરવઠા અને જળ સંપત્તિ

મુખ્ય મહેમાન : શ્રી મુકેશભાઈ કેશવલાલ પટેલ
ગોદરેજ પ્રોપર્ટીઝ લી. - શ્રી સિદ્ધિ ગ્રૃપ (જે.વી.), અમદાવાદ.

અતિથિ વિશેષ : શ્રી અમૃતભાઈ બબાભાઈ પટેલ
(મુ.બ્રાહ્મણવાડા) અમદાવાદ.

: શ્રી સી. કે. પટેલ
પ્રમુખશ્રી નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન અમેરિકન
એસોસિએશન (N.F.I.A.)

: શ્રી ગીરીશભાઇ નારાયણભાઈ પટેલ
સ્ટર્લિંગ - પારસ ગ્રૃપ, અમદાવાદ.

સાંસ્કૃતિક કાર્યક્રમ : પાટીદાર ગૌરવગાથા (શ્રી કપિલ શુક્લ કૃત)

પાટીદાર સમાજના ગૌરવવંતા શ્રેષ્ઠીઓ

પાટડી દરબારના વારસદાર શ્રી કર્ણિકસિંહજી દરબાર

શેઠ શ્રી બેચરદાસ અંબાઈદાસ લશ્કરીના વારસદાર શ્રી જાંબાલ ચંદ્રકાંતભાઈ લશ્કરી

શેઠ શ્રી મફતલાલ ગગલદાસ પરિવારના વારસદાર ઉદ્યોગપતિ શેઠ શ્રી પ્રદિપભાઈ મફતલાલ

શેઠ શ્રી જયકૃષ્ણ હરીવલ્લભદાસ પરિવારના વારસદાર અને ધર્મપત્ની શ્રીમતી પદ્માબેન જયકૃષ્ણભાઈ

શેઠ શ્રી નંદુલાલ મંછારામ પટેલ પરિવારના વારસદાર શ્રી સૌરભભાઈ પટેલ (દલાલ)

સન્માનનીય વિશિષ્ઠ પાટીદાર મહાનુભાવો

"સૂર્યપુરરત્ન" સન્માનિત શ્રી ગોવિંદભાઈ એલ. ધોળકીયા
શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટસ, સુરત

શ્રી લાલજીભાઈ ટી. પટેલ
પ્રમુખશ્રી - સમસ્ત પાટીદાર સમાજ, સુરત

શ્રી મથુરભાઈ એલ. સવાણી
પ્રમુખશ્રી – સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ, સુરત

સન્માનનીય સ્પોન્સરશ્રીઓ / દાતાશ્રીઓ

ડૉ. કરશનભાઈ કે. પટેલ - નિરમા લિમિટેડ, અમદાવાદ

શ્રી દિનેશભાઈ બી. પટેલ - સિન્ટેક્ષ ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડ, કલોલ

દક્ષિણ ગુજરાત ખાંડ સહકારી મંડળીઓ, સુરત

સુરત બિલ્ડર્સ એસોસિએશન, સુરત

શ્રી દીપકભાઈ એમ. પટેલ - ઓઝોન ઈન્ડિયા લિમિટેડ, અમદાવાદ

ધી મહેસાણા અર્બન કો. ઓ. બેન્ક લિમિટેડ, મહેસાણા

શ્રી દશરથભાઈ ડી. પટેલ (ડી.ડી. પટેલ), અમદાવાદ

શ્રી કનુભાઈ નારણદાસ પટેલ (એન. એસ. પરિવાર), અમદાવાદ

વિક્રમ સંવત ૨૦૬૬ માગશર સુદ બારસ
રવિવાર તા. ૨૯-૧૧-૨૦૦૯, સમય: સાંજે ૭:૦૦ કલાકે

સમારંભ પ્રમુખ	:	શ્રી નરોત્તમભાઈ પટેલ માન. મંત્રીશ્રી - પંચાયત, ગ્રામ વિકાસ, નાગરિક પુરવઠો
મુખ્ય મહેમાન	:	શ્રી દિલીપભાઈ સંઘાણી માન. મંત્રીશ્રી - કૃષિ, સહકાર
અતિથિ વિશેષ	:	શ્રી સિધ્ધાર્થભાઈ પટેલ માન. પ્રમુખશ્રી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
ભક્તિ સંધ્યા	:	અનુરાધા પૌડવાલ, રાજીવ ચોપરા, સાંઈરામ દવે અને સંગીત વૃંદ
	:	કુ. રૂત્વી એમ. પટેલ પ્રસ્તુત "અમે સૌ મા ઉમિયાના બાળ"

વિક્રમ સંવત ૨૦૬૬ માગશર સુદ તેરસ
સોમવાર તા. ૩૦-૧૧-૨૦૦૯, સમય: સાંજે ૭:૦૦ કલાકે

સમારંભ પ્રમુખ	:	શ્રી અમિતભાઈ શાહ માન. મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) - ગૃહ, વાહન વ્યવહાર
મુખ્ય મહેમાન	:	શ્રી શક્તિસિંહજી ગોહિલ માન. નેતાશ્રી - વિરોધ પક્ષ, ગુજરાત રાજ્ય વિધાનસભા
અતિથિ વિશેષ	:	શ્રી સૌરભભાઈ પટેલ માન. મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) ઉદ્યોગ, ઉર્જા અને પેટ્રોકેમિકલ, નાણાં
ભવ્ય લોકગીત - સંગીત સંધ્યા	:	ગુજરાતના વિશ્વ પ્રસિદ્ધ કલાકારો દ્વારા લોકગીતોનો રસથાળ

વિક્રમ સંવત ૨૦૬૬ માગશર સુદ ચૌદસ
મંગળવાર તા. ૧-૧૨-૨૦૦૯, સમય : સાંજે ૭:૦૦ કલાકે

સમારંભ પ્રમુખ : શ્રી જયનારાયણભાઈ વ્યાસ
માન. મંત્રીશ્રી - આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પ્રવાસન

મુખ્ય મહેમાન : શ્રીમતી જયશ્રીબેન કે. પટેલ
માન. સંસદ સભ્યશ્રી, મહેસાણા

અતિથિ વિશેષ : શ્રી નરહરીભાઈ અમીન
માન. માજી નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

: શેઠ શ્રી ઓધવજીભાઈ રવજીભાઈ પટેલ (અજન્તા ગૃપ), મોરબી

: શ્રી પોપટભાઈ નરસિંહભાઈ કણસાગરા (ફિલ્ડ માર્શલ), રાજકોટ

: શ્રી હંસરાજભાઈ ધોળું

સાંસ્કૃતિક કાર્યક્રમ : પ્રેરણાદાયી નાટક ''મુક્તિધામ'' - સ્મૃતિ ઈરાની (તુલસી) કૃત

વિક્રમ સંવત ૨૦૬૬ માગશર સુદ પૂનમ
બુધવાર તા. ૨-૧૨-૨૦૦૯, સમય : સાંજે ૭:૦૦ કલાકે

-: સમાપન :-

સમારંભ પ્રમુખ : શ્રી કેશુભાઈ પટેલ
માન. માજી મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય


મુખ્ય મહેમાન : શ્રી દિનશા પટેલ
માન. મંત્રીશ્રી, માઈક્રો, સ્મોલ એન્ડ મિડીયમ ઈન્ડસ્ટ્રિઝ
(સ્વતંત્ર હવાલો રાજ્ય કક્ષા), ભારત સરકાર

અતિથિ વિશેષ : શ્રી કમલેશભાઈ પટેલ
માન. ચેરમેનશ્રી, ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન લિ.


: શ્રી કૌશિકભાઈ પટેલ
માન. માજી મહેસૂલ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

: શ્રી બળવંતસિંહજી રાજપૂત
માન. માજી ધારાસભ્યશ્રી, સિધ્ધપુર

સાંસ્કૃતિક કાર્યક્રમ : લોકનૃત્ય - રાસ ગરબા (શ્રી કલ્પેશભાઈ દલાલ કૃત)
તથા મહાઆરતી
ભવ્ય આતશબાજી



realpatidar.com
realpatidar.com


realpatidar.com
97
realpatidar.com




ઊંડા અંધારેથી
પરમ તેજે તું લઈ જા... મા
૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ઊંઝા.
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા
હોદ્દેદારો સને ૨૦૦૯-૧૦



શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ (સિદ્ધપુર)
પ્રમુખ




શ્રી ઓધવજીભાઈ રવજીભાઈ પટેલ (મોરબી)
ઉપપ્રમુખ



શ્રી અનિલભાઈ ત્રિભોવનદાસ પટેલ (મહેસાણા)
ઉપપ્રમુખ

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા
હોદ્દેદારો સને ૨૦૦૯-૧૦




શ્રી નથ્થુભાઈ લાલદાસ પટેલ (ચાણસ્મા)
માનદ્‌મંત્રી



શ્રી દશરથભાઈ રેવાભાઈ પટેલ (વકીલ)ઊંઝા
સહમંત્રી



શ્રી અંબાલાલ નાથાલાલ પટેલ (ચારી)ઊંઝા
સહમંત્રી



શ્રી જયંતીભાઈ બાલચંદદાસ પટેલ (જે.બી.)ઊંઝા
સહમંત્રી



શ્રી નટવરલાલ હરગોવનદાસ પટેલ (ઊંઝા)
ખજાનચી



શ્રી ચીમનલાલ છબીલદાસ પટેલ (ઊંઝા)
ખજાનચી

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાના હોદ્દેદારો સને ૨૦૦૯-૧૦

શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ (સિદ્ધપુર)
પ્રમુખ

શ્રી ઓધવજીભાઈ રવજીભાઈ પટેલ (મોરબી)
ઉપપ્રમુખ

શ્રી અનિલભાઈ ત્રિભોવનદાસ પટેલ (મહેસાણા)
ઉપપ્રમુખ

શ્રી નથ્થુભાઈ લાલદાસ પટેલ (ચાણસ્મા)
માનદ્‌મંત્રી

શ્રી દશરથભાઈ રેવાભાઈ પટેલ, (વકીલ) (ઊંઝા)
સહમંત્રી

શ્રી અંબાલાલ નાથાલાલ પટેલ, (ચારી) (ઊંઝા)
સહમંત્રી

શ્રી જયંતિભાઈ બાલચંદદાસ પટેલ (જે.બી.) (ઊંઝા)
સહમંત્રી

શ્રી નટવરલાલ હરગોવિંદદાસ પટેલ (ઊંઝા)
ખજાનચી

શ્રી ચીમનલાલ છબિલદાસ પટેલ (ઊંઝા)
ખજાનચી

-: ટ્રસ્ટી મંડળ :-

શ્રી સી. કે. પટેલ (અમદાવાદ)
શ્રી ચુનીલાલ કાનજીભાઈ પટેલ (ઊંઝા)
શ્રી જીવરામભાઈ છબિલદાસ પટેલ (ઊંઝા)
શ્રી પોપટલાલ એન. પટેલ (રાજકોટ)
શ્રી ખેમાભાઈ હિરાભાઈ પટેલ (નવારેવાસ) (સાબરકાંઠા)

શ્રી શંકરલાલ લક્ષ્મીચંદ પટેલ (બેન્કર) (ઊંઝા)
આંતરિક ઓડિટર

શ્રી પ્રહલાદભાઈ મોહનલાલ પટેલ (બેન્કર) (ઊંઝા)
આંતરિક ઓડિટર

સંસ્થાની પેટા કમિટિઓ સને ૨૦૦૯-૧૦


	કમિટી	ચેરમેન
૧.	મિલકત ખરીદ વેચાણ કમિટિ	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સિદ્ધપુર
૨.	શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ	શ્રી કેશવલાલ વિઠ્ઠલદાસ પટેલ, સિદ્ધપુર
૩.	ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ કમિટિ	શ્રી અનિલભાઈ ટી. પટેલ, મહેસાણા મંત્રી, શ્રી વિક્રમભાઈ ધ. પટેલ, ઊંઝા
૪.	બાંધકામ કમિટિ	શ્રી મફતલાલ કિશોરદાસ પટેલ, ઊંઝા
૫.	રાજભોગ અને દેવસ્થાન કમિટિ	શ્રી વસંતભાઈ નારાયણદાસ પટેલ ચોકસી, ઊંઝા
૬.	પ્રચાર/પ્રકાશન કમિટિ	શ્રી સીતારામભાઈ જોઈતારામ પટેલ, ઊંઝા
૭.	કાયમી લગ્નોત્સવ કમિટિ	શ્રી પ્રહલાદભાઈ લક્ષ્મીચંદ પટેલ, ઊંઝા
૮.	વિશ્રાંતિગૃહ કમિટિ	શ્રી હરગોવનભાઈ પરસોત્તમદાસ પટેલ, (લાલો) ઊંઝા
૯.	ભોજનાલય કમિટિ	શ્રી ત્રિભોવનદાસ પી.પટેલ, ઊંઝા
૧૦.	કેળવણી સહાયક કમિટિ	શ્રી પ્રભુરામ મોતીરામ પટેલ, ઊંઝા
૧૧.	શ્રી ઉમિયા માતાજી પથિકાશ્રમ અંબાજી કમિટિ	શ્રી શિવરામભાઈ ઈશ્વરદાસ પટેલ, પાલનપુર
૧૨.	શ્રી ના.મા.પટેલ (લાટીવાળા) પરિવાર પથિકાશ્રમ બેચરાજી કમિટિ	શ્રી વિઠ્ઠલભાઈ માધવલાલ પટેલ, અમદાવાદ
૧૩.	શ્રી ઉમિયા માતાજી કેમ્પસ સોલા કમિટિ	શ્રી બાબુભાઈ દિપચંદદાસ પટેલ, સુરેન્દ્રનગર
૧૪.	સર્વે કમિટિ (વિધવા આર્થિક સહાય)	શ્રી કાન્તિલાલ ચતુરદાસ પટેલ,(કે.સી.) ઊંઝા
૧૫.	પ્રસાદ કમિટિ	શ્રી બાબુભાઈ શીવરામદાસ પટેલ, ઊંઝા
૧૬.	રામપારાયણ અન્ન સહાય/સદાવ્રત કમિટિ	શ્રી કુબેરભાઈ મગનલાલ પટેલ (રેવાભાઈ કાપડીયા)

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા ૦૨૭૬૭ ફોન : ૨૪૫૪૭૨, ૨૪૫૯૭૨, ૨૪૫૭૭૪, ફેક્સ : ૨૪૫૭૭૨

શ્રી ઉમિયા વિશ્રાંતિગૃહ, ઊંઝા ૦૨૭૬૭ ૨૪૬૪૭૪ ● શ્રી ઉમિયા પથિકાશ્રમ, અંબાજી ૦૨૭૪૯ ૨૬૨૧૬૯
શ્રી ઉમિયા પથિકાશ્રમ, બહુચરાજી ૦૨૭૩૪ ૨૮૬૩૩૦ ● શ્રી ઉમિયા માતાજી કેમ્પસ, સોલા ૦૭૯ ૨૭૬૬૫૯૫૮, ૨૭૬૬૨૬૮૬
Web : www.maaumiya.com • E-mail : umiyamatajiunjha@gmail.com


realpatidar.com
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
મહેન્દ્રભાઈ એસ. પટેલ
પ્રોજેક્ટ ચેરમેન
નારાયણભાઈ એલ. પટેલ
ચેરમેન
મણિભાઈ આઈ. પટેલ
કન્વીનર
103

શ્રી ઉમિયા માતાજીની સાત સવારી



રવિવાર - વાઘની સવારી
મા અંબિકા સ્વરૂપે

શનિવાર - ઐરાવત હાથીની સવારી
મા વૈભવ લક્ષ્મી સ્વરૂપે

સોમવાર - નંદીની સવારી
મા ઉમા પાર્વતી સ્વરૂપે

શુક્રવાર - કુકડાની સવારી
મા બાલા ત્રિપુરા સુંદરી
બહુચરાજી સ્વરૂપે

મંગળવાર - મયુરની સવારી
મા સરસ્વતી સ્વરૂપે

ગુરૂવાર - ગજરાજની સવારી
મા લક્ષ્મીજી સ્વરૂપે

બુધવાર - સિંહની સવારી
મા ચંડી દુર્ગા સ્વરૂપે

ધનતેરસ - કમળ સવારી - લક્ષ્મી સ્વરૂપે

કાળીચૌદશ - સિંહ સવારી - મા ચંડી કાલી સ્વરૂપે

સહસ્ત્રચંડી મહાયજ્ઞનું પ્રથમ સોપાન
ઐતિહાસિક ઉછામણી (બોલી)

કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી ઊંઝાના ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ-૨૦૦૯ની ભવ્યતાથી ભવ્ય તૈયારીઓ જોશભેર ચાલી રહી છે. આ મહોત્સવના એક અગત્યના પ્રસંગ તરીકે થનાર સહસ્ત્રચંડી મહાયજ્ઞની જુદી જુદી ૨૧ ઉછામણીઓના દાતાઓ નક્કી કરવા માટેની ઐતિહાસિક ઉછામણી (બોલી)નો ભવ્ય કાર્યક્રમનો એક ભાગ હતો. આ ઉછામણીને "ઐતિહાસિક ઉછામણી" એવો શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો હતો.

આ ઉછામણીની અસર ઊંઝાનગર અને સમગ્ર મહોત્સવ ઉપર થનાર હોવાથી આ ઉછામણી એક ઐતિહાસિક ઉછામણી બની રહે તે માટે ગુજરાતના જુદા જુદા સેન્ટરોમાં સંસ્થાની કારોબારીના સભ્યો અને સંભવિત દાતાઓ અને આગેવાનોની મિટિંગો રાખવામાં આવી હતી. આવી એક મિટિંગ શ્રી ઉમિયા માતાજી કેમ્પસ સોલા, અમદાવાદ મુકામે તા. ૧૨-૪-૨૦૦૯, રવિવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે રાખવામાં આવી હતી. આ મિટિંગમાં મહોત્સવ અંગેની વિસ્તારપૂર્વકની માહિતી આપવામાં આવી હતી. તે વખતે સંસ્થાના સભ્યશ્રી શંકરલાલ ગુરૂએ પ્રશ્ન કર્યો કે આ ઐતિહાસિક ઉછામણી શબ્દ પ્રયોગ કેમ કરવામાં આવ્યો છે ? ત્યારે તેના જવાબમાં જણાવ્યું કે ગુજરાતમાં કોઈપણ ધાર્મિક સંસ્થામાં ઉછામણીમાં પહેલા તબક્કે રૂપિયા પચ્ચીસ લાખથી શરૂઆત થાય તો તેને ઐતિહાસિક ગણી શકાય. ત્યારે બીજા ભાઈએ કહ્યું કે રૂપિયા પચ્ચીસ લાખ નહિ પણ રૂપિયા પચાસ લાખથી શરૂઆત થાય તો આ ઉછામણી ઐતિહાસિક ગણી શકાય આ મિટિંગમાં બેઠેલા જાણીતા ઉદ્યોગપતિ અને સંસ્થાના કારોબારી સભ્ય શ્રી ડી. ડી. પટેલે કહ્યું કે **પચાસ લાખથી મારી શરૂઆત કરજો.**






મહોત્સવની ઉછામણીના દાતાશ્રીઓ

યજમાનશ્રીઓ





મુખ્ય યજમાન

₹ ૧,૨૫,૧૧,૧૧૧/-
શ્રીમતી પટેલ બેનીબેન બબાભાઈ શિવરામદાસ કિયાદરા પરિવાર
હ. અમૃતભાઈ, રમેશભાઈ, પ્રવિણભાઈ, મનુભાઈ
મુ. બ્રાહ્મણવાડા, તા. ઊંઝા, જિ. મહેસાણા



શ્રી સી. કે. પટેલ, અમદાવાદ
મુખ્ય ધ્વજદંડના યજમાન
₹ ૬૫,૦૦,૦૦૦/-



શ્રી કનુભાઈ નારણદાસ પટેલ
સોલા, અમદાવાદ, વિજય ધ્વજના યજમાન
₹ ૨૫,૧૧,૧૧૧/-



શ્રી અશોકભાઈ અંબાલાલ પટેલ
બીજા યજ્ઞકુંડના યજમાન
₹ ૧૩,૧૧,૧૧૧/-



શ્રી ગણેશભાઈ શીવાભાઈ વરમોરા પરિવાર
મોરબી, ત્રીજા યજ્ઞકુંડના યજમાન
₹ ૧૨,૫૧,૧૧૧/-



શ્રી ડૉ. માધુભાઈ એમ. પટેલ
બહુચરાજી, ચોથા યજ્ઞકુંડના યજમાન
₹ ૧૧,૫૧,૧૧૧/-

106




શ્રી પ્રતાપભાઈ બુલાખીદાસ પટેલ
પાંચમા યજ્ઞકુંડના યજમાન
₹૧૧,૧૧,૧૧૧/-



શ્રી પોપટભાઈ નરસિંહભાઈ કણસાગરા
છઠ્ઠા યજ્ઞકુંડના યજમાન
₹૧૧,૧૧,૧૧૧/-



શ્રી અરવિંદભાઈ કચરાભાઈ પટેલ
સાતમા યજ્ઞકુંડના યજમાન
₹૧૧,૧૧,૧૧૧/-



શ્રી જગદીશભાઈ અંબાલાલ પટેલ
આઠમા યજ્ઞકુંડના યજમાન
₹૧૧,૫૧,૧૧૧/-



શ્રી પટેલ જયંતિભાઈ જોઈતનદાસ મુખી
નવમા યજ્ઞકુંડના યજમાન
₹૧૧,૧૧,૧૧૧/-



શ્રી વાસુદેવભાઈ ભવાનીશંકર મહેતા
બ્રાહ્મણ યજમાન
₹૧૧,૧૧,૧૧૧/-



શ્રી પટેલ વાલજીદાસ શંભુદાસ પાંચોટીયા
ઉમેશ્વર મહાદેવના સુવર્ણ મઢેલ ધ્વજદંડના યજમાન
₹૬,૧૧,૧૧૧/-



શ્રી પટેલ નરેશભાઈ લક્ષ્મણભાઈ ગોદડ
પૂર્વ દિશાના શિખર ઉપરના ધ્વજદંડના યજમાન
₹૬,૧૧,૧૧૧/-



શ્રી પટેલ સુરેશભાઈ નાથાલાલ સાંગણોત
ઉત્તર દિશાના શિખર ઉપરના ધ્વજદંડના યજમાન
₹૫,૨૫,૦૦૦/-



સ્વ. પટેલ રઈબેન માધવલાલ ભોળીદાસ રૂસાત
મધ્ય દિશાના શિખર ઉપરના ધ્વજદંડના યજમાન
₹૩,૫૧,૧૧૧/-



શ્રી વાસુદેવભાઈ લવજીભાઈ પટેલ (દિવપુરાવાળા)
દક્ષિણ દિશાના શિખર ઉપરના ધ્વજદંડના યજમાન
₹૧૧,૫૧,૦૦૦/-



શ્રી પટેલ સોમાભાઈ શંકરલાલ ગામી
ઉમેશ્વર મહાદેવના મહારૂદ્ર અભિષેકના યજમાન
₹૬,૫૧,૦૦૦/-



શ્રી રણછોડભાઈ ઈશ્વરલાલ પટેલ
ગણપતિ (ગણેશયાગ પાઠાત્મક) યજમાન
₹૧૮,૧૧,૧૧૧/-



શ્રી રાજેન્દ્ર મો... પટેલ
હનુમાનજીના વડવાળા સ્તોત્રથી
થતા મારૂતિયાગના યજમાન
₹૧૧,૧૧,૧૧૧



શ્રી દશરથભાઈ ... પટેલ (...)
માતાજીના મંદિરની ધજાના યજમાન
₹૨૫,૫૧,૦૦૦/-

આ મહોત્સવનું પ્રથમ સોપાન યજ્ઞના જુદા જુદા યજમાનોની ઉછામણીઓ મુખ્ય યજમાન તથા મંદિરના શિખર પરના સુવર્ણથી મઢેલ ધ્વજદંડના યજમાન સહિત ૨૧ યજમાનો નક્કી કરવાના હતા.

આ મહોત્સવ એ વિશ્વના કડવા પાટીદારોનો મહોત્સવ હતો, કારણ કે શ્રી ઉમિયા માતાજીનું મંદિર એ સમગ્ર કડવા પાટીદાર સમાજની સહિયારી માલિકીની સંસ્થા છે. એટલે આ મહોત્સવમાં આખો સમાજ સંગઠિત બની ભાગ લે તે માટેના પ્રયત્નો કરવામાં આવ્યા હતા. ઠેર ઠેર ગુજરાતના વિભાગવાર હિંમતનગર, અમદાવાદ, મહેસાણા, રાજકોટ, વાંઢાય (કચ્છ) અને વડોદરા એમ મિટીંગો કરી આ વાત સમજાવવામાં આવી હતી અને જે તે વિભાગના માતાજીની કારોબારીના સભ્યોને પણ ખાસ જવાબદારી સોંપવામાં આવી હતી. જેનું પરિણામ તા. ૨૬-૫-૨૦૦૯ને મંગળવારે ભવ્ય અને ઐતિહાસિક ઉછામણીમાં દેખાઈ આવ્યું. સમાજના દરેક વિભાગે આમાં ભાગ લીધો અને ઉછામણી ભવ્ય રીતે સંપન્ન થઈ, જેમાં ૨૧ ઉછામણીઓના રૂપિયા ચાર કરોડ અને બે લાખની રકમ એકત્રિત થઈ જેની વિગત નીચે પ્રમાણે છે.

મહોત્સવની ઉછામણીના દાતાશ્રીઓ

વિજય ધ્વજના યજમાન	૨૫,૧૧,૧૧૧/-	શ્રી કનુભાઈ નારણદાસ પટેલ (એન.એસ. પરિવાર) (માજી સરપંચ, સોલા ગામ, અમદાવાદ)
બ્રાહ્મણ યજમાન	૧૧,૧૧,૧૧૧/-	શ્રી વાસુદેવભાઈ ભવાનીશંકર મહેતા, ઊંઝા હ. શ્રી પ્રશાંતભાઈ (અમેરિકા) શ્રી ભાસ્કરભાઈ (બિલ્ડર)
મુખ્ય યજમાન	૧,૨૫,૧૧,૧૧૧/-	શ્રીમતી પટેલ બેનીબેન બબાભાઈ શિવરામદાસ કિયાદરા પરિવાર હ. અમૃતભાઈ, રમેશભાઈ, પ્રવિણભાઈ, મનુભાઈ, મુ. બ્રાહ્મણવાડા, તા. ઊંઝા, જિ. મહેસાણા
મુખ્ય ધ્વજદંડના યજમાન	૬૫,૦૦,૦૦૦/-	શ્રી સી. કે. પટેલ (પ્રમુખશ્રી વિશ્વ શ્રી ઉમિયા પાટીદાર પરિવાર) પ્રમુખશ્રી નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન-અમેરિકા એસોસિએશન (N.F.I.A.), અમદાવાદ
બીજા યજ્ઞકુંડના યજમાન	૧૩,૧૧,૧૧૧/-	શ્રી અશોકભાઈ અંબાલાલ સાંકળચંદદાસ પટેલ (તરાંગડી), મુંબઈ કનેરીપુરા, મુ. વસાઈડાભલા, તા. વિજાપુર, જિ. મહેસાણા
ત્રીજા યજ્ઞકુંડના યજમાન	૧૨,૫૧,૧૧૧/-	શ્રી ગણેશભાઈ શીવાભાઈ વરમોરા પરિવાર (સરાવાળા) હ. શ્રી ગોવિંદભાઈ, મુ. મોરબી (સન હાર્ટ ગ્રુપ)
ચોથા યજ્ઞકુંડના યજમાન	૧૧,૫૧,૧૧૧/-	સ્વ. મંગળભાઈ છગનદાસ પટેલ પરિવાર (માણેકપુરા-ડાભલા) હ. શ્રી ડૉ. માધુભાઈ એમ. પટેલ, મુ. બહુચરાજી
પાંચમા યજ્ઞકુંડના યજમાન	૧૧,૧૧,૧૧૧/-	શ્રી પ્રતાપભાઈ બુલાખીદાસ પટેલ (લાડોલવાળા) મુંબઈ
છઠ્ઠા યજ્ઞકુંડના યજમાન	૧૧,૧૧,૧૧૧/-	શ્રી પોપટભાઈ નરસિંહભાઈ કણસાગરા (ફિલ્ડ માર્શલ), રાજકોટ

સાતમા યજ્ઞકુંડના યજમાન	૧૧,૧૧,૧૧૧/-	સ્વ. કચરાભાઈ સેંધીદાસ પટેલ પરિવાર હ. શ્રી અરવિંદભાઈ કચરાભાઈ પટેલ (રાજા ઈન્ડસ્ટ્રીઝ) મુ. કડી, જિ. મહેસાણા (ઉ.ગુ)
આઠમા યજ્ઞકુંડના યજમાન	૧૧,૫૧,૧૧૧/-	શ્રીમતી પટેલ દિવાળીબેન અંબાલાલ નારાયણદાસ પાલડીયા હ. શ્રી જગદીશભાઈ, શ્રી કાંતિભાઈ, મુ. ઊંઝા, જિ. મહેસાણા
નવમા યજ્ઞકુંડના યજમાન	૧૧,૧૧,૧૧૧/-	શ્રી પટેલ જયંતિભાઈ જોઈતનદાસ મુખી પરિવાર (લાખવડવાળા) (સુરજ કોટન-વિજાપુર)
ઉમેશ્વર મહાદેવના સુવર્ણ મઢેલ ધ્વજદંડના યજમાન	૬,૧૧,૧૧૧/-	શ્રી પટેલ વાલજીદાસ શંભુદાસ પાંચોટીયા પરિવાર હ. શ્રી રેવાભાઈ, શ્રી પ્રભુરામભાઈ, શ્રી દેવચંદભાઈ C/o. મે. હિંમતલાલ રેવાભાઈ, ઊંઝા
પૂર્વ દિશાના શિખર ઉપરના ધ્વજદંડના યજમાન	૬,૧૧,૧૧૧/-	શ્રી પટેલ નરેશભાઈ લક્ષ્મણભાઈ ગોદડ પરિવાર, મુ. ઊંઝા, જિ. મહેસાણા
ઉત્તર દિશાના શિખર ઉપરના ધ્વજદંડના યજમાન	૫,૨૫,૦૦૦/-	શ્રી પટેલ સુરેશભાઈ નાથાલાલ સાંગણોત (મુખી), શ્રી પટેલ સતીષભાઈ ગોવિંદભાઈ (નુંગરા) શ્રી પટેલ દિલીપભાઈ નારાયણભાઈ (હજીપરા) મુ. ઊંઝા
મધ્ય દિશાના શિખર ઉપરના ધ્વજદંડના યજમાન	૩,૫૧,૧૧૧/-	સ્વ. પટેલ રઈબેન માધવલાલ ભોળીદાસ રૂસાત પરિવાર હ. શ્રી કનુભાઈ, શ્રી રાજુભાઈ - ઊંઝા
દક્ષિણ દિશાના શિખર ઉપરના ધ્વજદંડના યજમાન	૧૧,૫૧,૦૦૦/-	શ્રી પટેલ વાસુદેવભાઈ લવજીભાઈ (દેવપુરાવાળા) પટેલ કાંતિલાલ નારાયણદાસ કાપડીયા સહજાનંદ ડેવલોપર્સ, અમદાવાદ પ્રમુખશ્રી, ઝાલાવાડ ખાખરીયા ક.પા.મંડળ, અમદાવાદ પ્રમુખશ્રી, સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ, કડી
ઉમેશ્વર મહાદેવના મહારૂદ્ર અભિષેકના યજમાન	૬,૫૧,૦૦૦/-	શ્રી પટેલ સોમાભાઈ શંકરલાલ ગામી (કોન્ટ્રાક્ટર) મુ. ઊંઝા, જિ. મહેસાણા
ગણપતિ (ગણેશયાગ પાઠાત્મક) યજમાન	૧૮,૧૧,૧૧૧/-	હૃદયસ્થ માતા-પિતા રતનબેન તથા ઈશ્વરભાઈ તારવોત પરિવાર, હ. શ્રી પટેલ રણછોડભાઈ ઈશ્વરલાલ (મક્તુપુર), અમદાવાદ
હનુમાનજીના વડવાનલ સ્તોત્રથી થતા મારૂતિયાગના યજમાન	૧૧,૧૧,૧૧૧/-	સ્વ. પટેલ કાશીબેન મોહનલાલ કેશવલાલ મોખાર હ. શ્રી રાજેન્દ્ર મોહનલાલ પટેલ, ઊંઝા (વડોદરા)
માતાજીના મંદિરની ધજાના યજમાન	૨૫,૫૧,૦૦૦/-	શ્રી દશરથભાઈ ડી. પટેલ (ડી.ડી. પટેલ), અમદાવાદ પ્રમુખશ્રી, ૪૮ ગામ કડવા પાટીદાર સમાજ, માણસા

આ ઉછામણીઓ માટે ફાઈનલ પ્લોટ નં. ૩૯માં ડબલ માળના ભવ્ય મંડપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઠંડક માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મંડપમાં અંદાજે ૧૦થી ૧૨ હજારની મેદનીએ સતત સાત કલાક બેસી અવસર માણ્યો હતો. સાથે સાથે લાઈવ ટેલિકાસ્ટ દ્વારા પણ લોકોએ ઘેર બેઠા આ પ્રસંગને નિહાળ્યો હતો. ઉછામણી બપોરે ૧૨-૩૯ મિનિટે હતી. તે પહેલાં આમંત્રિતોએ ભોજન લઈ આવવાનું હતું. ભોજનની વ્યવસ્થા પણ વખાણવા લાયક હતી. કોઈને ભોજન માટે જરાયે તકલીફ પડી ન હતી. તે માટે ભોજન કમિટિ ધન્યવાદને પાત્ર છે. ઉછામણીના સાત કલાક સુધી સૌ બેઠા રહ્યા. તેમને સમયે સમયે પાણી વરિયાળીનું શરબત અને ચાની વ્યવસ્થા મળી

રહે તેવું આયોજન કર્યું હતું. આ માટે ચા-પાણી કમિટિ પણ ધન્યવાદને પાત્ર છે. ઉછામણીઓ માટે શાસ્ત્રીય રીતે આયોજન કરનાર યજ્ઞ સમિતિ આખા સમાજને એકત્રિત કરનાર પ્રચાર અને પ્રકાશન કમિટિ તથા જરૂરી સેવાની કામગીરી બજાવનાર સ્વયંસેવક કમિટિની સેવાઓ પણ ધન્યવાદને પાત્ર છે. આ કમિટિઓના સતત સંકલનથી આ પ્રસંગ સફળ બન્યો.

ઉછામણીનો આખો આંખે દેખ્યો અહેવાલ વિશ્વમાં મળી રહે તે માટે તેનું જીવંત પ્રસારણ લાઈવ ટેલિકાસ્ટ વેબસાઈટ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉછામણી વખતે ઠેરઠેર પહોંચી ઉછામણીના સંદેશની આપ-લે કરવા માટે ઝંડીઓ દ્વારા યુવાનોએ પણ સારી દોડાદોડ કરી હતી. આમ આ ઉછામણીમાં જે તે કમિટિઓએ ખૂબ મહેનતથી પ્રસંગને સફળ બનાવ્યો હતો.

ઉછામણીમાં ઉમંગ અને ઉત્સાહ પેદા કરવા જામનગરના આપણી કારોબારીના સભ્યશ્રી જયરામભાઈ વાંસજાળીયાએ તેમની આગવી શૈલીથી દાતાઓને પાનો ચઢાવ્યાની અમૂલ્ય કામગીરી બજાવી હતી. તેમની સાથે દશરથભાઈ જોષી અને તેમની ટીમે માહોલ જમાવ્યો હતો. ઉછામણીની સાથે સાથે હાજર જનતામાંથી દાનનો અવિરત પ્રવાહ ચાલુ હતો. આ સમયે એક કરોડથી વધુ દાન નોંધાયું હતું.

ઉછામણી પ્રસંગની શરૂઆત સંસ્થાના પ્રમુખશ્રી કેશુભાઈ શેઠ દ્વારા દીપ પ્રાગટ્યથી કરી હતી. તે બાદ નડીયાદવાસી અગ્નિહોત્રી અને ૧૮મી શતાબ્દી મહોત્સવ-૧૯૭૬ના તેમજ આ ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ-૨૦૦૯ના મુખ્ય આચાર્યશ્રી શુકદેવજી મહારાજે આશીર્વચનોથી ઉત્સવની મંગલકામના ઈચ્છી હતી. તે બાદ મહોત્સવ કમિટિના ચેરમેન અને ધારાસભ્ય તથા એગ્રી. પ્રોડયુસ માર્કેટ કમિટિ, ઊંઝાના પણ ચેરમેનશ્રી નારાયણભાઈએ સૌનું સ્વાગત કર્યું હતું. આ સંસ્થાના સહમંત્રીશ્રી અંબાલાલ ચારીએ મહોત્સવનો હેતુ સમજાવ્યો હતો. આ મહોત્સવના કન્વીનર અને મા ઉમાને સમર્પિત સમાજના વિકાસને જીવન ધ્યેય બનાવનાર શ્રી મણિભાઈ મમ્મીએ આખા મહોત્સવનો ખ્યાલ આપ્યો હતો. આ રીતે ઐતિહાસિક ઉછામણીનો પ્રસંગ ભવ્ય રીતે સંપન્ન થયો. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાનો તેમજ કડવા પાટીદાર સમાજનો આ એક અવિસ્મરણીય ઐતિહાસિક પ્રસંગ બન્યો. માએ આ પ્રસંગને ધારણા કરતાં પણ વધુ સફળ બનાવ્યો.

આ ઉછામણીમાં મળેલી અસાધારણ સફળતાએ મહોત્સવના હોદ્દેદારશ્રીઓ, કમિટિઓના ચેરમેનશ્રીઓ અને કાર્યકરોના ઉમંગ અને ઉત્સાહમાં ઘણો વધારો થયો અને મહોત્સવની સફળતા માટે પૂરજોશથી કામ શરૂ કર્યું જેનું પરિણામ આપણે મહોત્સવમાં જોઈ શક્યા.



ઐતિહાસિક ઉછામણીના ઝરૂખેથી....
















તા. ૨૬-૫-૨૦૦૯ જેઠ સુદ-૨,














તા. ૨૬-૫-૨૦૦૯




મા નું તેડું


૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
મા નું તેડું
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ઊંઝા.


મા નું તેડું
સહસ્ત્રચંડી મહાયજ્ઞ ઉછામણી


સહસ્ત્રચંડી મહાયજ્ઞ ઉછામણી
જેઠ સુદ-૨ ને મંગળવાર તા. ૨૬-૫-૨૦૦૯
મા નું તેડું
૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ઊંઝા.


એક અવસર કૃતજ્ઞતાનો...
મા નું તેડું
૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯





"મા નું તેડું",
"કડવો ત્યાં કંકોત્રી",
"મા અમે તૈયાર છીએ"...

આ ત્રણ સૂત્રોએ સમગ્ર પાટીદાર સમાજની ચેતનાને ઢંઢોળી મહોત્સવમાં આવવાની પ્રેરણા કરી.


૨૧મી સદીને અનુરૂપ આ મહોત્સવ ધાર્મિકતા સાથે જ્ઞાનનો ઉત્સવ અને સૌના ઉત્કર્ષનો ઉત્સવ બની રહે તે માટે સતત વિચાર-વિમર્શ થતો રહ્યો. આ મહોત્સવની જુદા જુદા પ્રસંગોની ઉછામણી કરવા માટેનો કાર્યક્રમ રાખવાનું મુહૂર્ત આવ્યું. સૌ પ્રથમ આ મહોત્સવના મુખ્ય યજમાન સાથે બીજા પ્રસંગોની ઐતિહાસિક ઉછામણીનો કાર્યક્રમ નક્કી થયો. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો સહભાગી બને અને આ ઐતિહાસિક ઉછામણીમાં ભાગ લઈ સાચા અર્થમાં ઐતિહાસિક ઉછામણી બની રહે તે માટે મોટી સંખ્યામાં આમંત્રણ આપવું તે માટે પ્રચાર અને પ્રકાશન સમિતિને આમંત્રણ પત્રિકા બનાવવા કામગીરી સોંપી. પ્રચાર અને પ્રકાશન સમિતિએ ઊંઝાની યુવાન જેસી ક્લબના યુવાનોને આ કામગીરી સોંપી. તેમને કહેવામાં આવ્યું સુંદર-આકર્ષક આમંત્રણ પત્રિકા બનાવો. શિક્ષિત યુવાનો કંઈક નવું



કરવાની ધગશવાળા હોવાથી આ સર્વે મિત્રોએ હિતેશભાઈની દોરવણી નીચે કામગીરી શરૂ કરી. સામાન્ય રીતે અત્યાર સુધી આપણે સાદી આમંત્રણ પત્રિકા કે નિમંત્રણ પત્રિકા બનાવતા. પરંતુ આ મિત્રોએ સતત મંથન અને ચિંતન કરી કંઈક નવું કરવાની ભાવનાથી એવું વિચાર્યું કે અહીં આવવાની ભાવના પ્રબળ બનાવે અને ઐતિહાસિક ઉછામણીમાં સહર્ષ ભાગ લેવાની ભાવના જાગે તેવી પત્રિકા બનાવવી.



માની કૃપાથી મિત્રમાં 'માનું તેડું', 'માઁકા બુલાવા', 'માનાં વધામણાં' આવા શબ્દોની ચર્ચા થવા લાગી. વાણીની જેમ આગવી તાકાત છે તેમ શબ્દોની પણ તાકાત હોય છે. **'મા નું તેડુ'** આ શબ્દ સહુને સ્પર્શી ગયો. એક સાથે સૌ મિત્રોએ આ શબ્દ પર મહોર મારી 'મા નું તેડું' ડિઝાઈન તૈયાર કરવા આપી. સુંદર લખાણ સાથેનું નિમંત્રણ તૈયાર થયું. આ ઐતિહાસિક ઉછામણીમાં ભાગ લેવા માટે માના તેડાંની હજારો પત્રિકાઓ મોકલવામાં આવી. સહુને માના તેડાંનો શબ્દ સ્પર્શી ગયો. સહુએ આવવાનું સ્વીકાર્યું. સહુને લાગ્યું કે મા એ અમને તેડાવ્યા છે. માટે અમારે જવું જ પડે. તેવી ભાવના થઈ. આપણે એ ઉછામણીનો ભવ્ય પ્રસંગ સફળતાપૂર્વક પાર પાડી શક્યા. જેના આપણે સૌ સાક્ષી છીએ.



ઐતિહાસિક ઉછામણીમાં મુખ્ય યજમાન શ્રી અમૃતભાઈ બબાભાઈ પટેલ જેઓ ઊંઝા બાજુના બ્રાહ્મણવાડા ગામના વતની છે. તેઓએ ભક્તિભાવથી રંગાઈ ૧ કરોડ ૨૫ લાખની બોલી બોલી મુખ્ય યજમાનનો ચઢાવો લઈ ઈતિહાસ સર્જ્યો. બીજા અન્ય ૨૦ ચઢાવા ભાવિક ભક્તોએ લઈ પાંચ કરોડ જેવી માતબર રકમ માના ચરણોમાં ધરી. ત્યારબાદ મહોત્સવની મુખ્ય આમંત્રણ પત્રિકાની ડિઝાઈન બનાવવા પ્રોજેક્ટ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈની ટીમને આ કામગીરી સોંપી. કારણ કે મહોત્સવને અનુરૂપ હાઈટેક મહોત્સવ બનવાનો હોવાથી તેને અનુરૂપ પત્રિકા બનવી જોઈએ તે માટે અનેક પ્રકારની ડિઝાઈનો તૈયાર કરી છેલ્લે મહોત્સવને શોભે તેવી પત્રિકા તૈયાર થઈ. તે આમંત્રણ પત્રિકાને 'મા નું તેડું' શબ્દ પ્રયોગથી નવાજાઈ. આ તેડાંનો વિચાર રજતજયંતી મહોત્સવની બુનિયાદ હોય તો તે મહોત્સવની વાતનો શુભ પ્રારંભ થયો ગણાય. આ માટે વિચારમંથન શરૂ થયું હશે તે વિચાર મંથનથી પ્રગટેલો અર્ક અમૃતમય શબ્દ એટલે 'મા નું તેડું' આ શબ્દ દરેકના હ્રદયભાવમાં ભક્તિનો તેજદીપ પ્રગટાવી દીધો. જેના હૈયામાંથી 'મા નું તેડું' શબ્દ પ્રગટ્યો હશે તેનું વિચારમંથન કેટલું ઊંડું હશે ? મા ઉમાની ભક્તિની સ્મરણયાત્રા શ્વાસોશ્વાસ એકરૂપ થઈ ગઈ હશે.



• • •


મા, અમે તૈયાર છીએ
ઊંઝામાં વિશ્વનો સૌથી મોટો
ઉત્કર્ષનો ઉત્સવ ઉજવવા
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
૨૮ નવેમ્બર થી ૨ ડિસેમ્બર
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
સહસ્રચંડી મહાયજ્ઞ | સાંસ્કૃતિક કાર્યક્રમો
એમ્યુઝમેન્ટ પાર્ક | કૃષિ મેળો | હસ્તકલા એક્ઝિબિશન
ઈન્ડસ્ટ્રિયલ, કોમર્શિયલ અને એજ્યુકેશનલ એક્ઝિબિશન
વિક્રમી સંખ્યામાં ડ્રિપ ઈરિગેશન સંકલ્પ
પાટીદાર ગૌરવગાથા
Ph :- +91-2767-323366, 9825492300, 9824115025 · Fax :- +91-2767-245772
umiyamatajiunjha@gmail.com
www.maaumiya.com
આવો, સાથે મળી આ મહોત્સવને અદ્ભૂત, અવિસ્મરણીય અને આપણા સૌના સર્વાંગી વિકાસને નવી દિશા આપનાર બનાવીએ...
117

સહસ્ત્ર જ્યોત રેલી

"મા અમે તૈયાર છીએ" તે શબ્દ પ્રયોગ બધાને ખૂબજ ગમી ગયો અને આ શબ્દ પ્રયોગ એટલો અસરકારક નિવડ્યો કે જે આપણે પ્રત્યક્ષ પરિણામ જોઈ શક્યા અને જેના કારણે વિસ્તારના હજારો ભાઈ-બહેનો આ કાર્યક્રમ સફળ બનાવવા ઉતરી પડ્યા આ માટે તેમણે સહસ્ત્ર રેલી જ્યોતનો જે કાર્યક્રમ ભવ્યાતિભવ્ય રીતે આયોજન કર્યું તેની વિગત

તા. ૨-૧૦-૨૦૦૯, શુક્રવાર

સમય : રાત્રે ૮-૧૫ કલાકે

પ્રસ્થાન : શ્રી ઉમિયા માતાજી મંદિર પરિસર, ઊંઝા

સમાપન : જીમખાના મેદાન, ઊંઝા

- **નારીશક્તિ નેતૃત્વ** : રેલીમાં સૌ પ્રથમ એક્ટીવા મોપેડ ઉપર ઊંઝા ગામની દીકરીઓ રેલીનું પ્રસ્થાન કરશે
- **મશાલ રેલીમાં પ્રતિનિધિત્વ (આગેવાની)**
- **હોદ્દેદારશ્રીઓ** : શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
- **ચેરમેનશ્રી** : ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ
- **કન્વીનરશ્રી** : ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ
- **ચેરમેનશ્રી** : શ્રી ઉમિયાનગર-૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ
- **ચેરમેનશ્રી** :
- **વાઈસ ચેરમેનશ્રી** : **૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવની દરેક કમિટિ**
- **કો.ઓર્ડીનેટરશ્રી** :
- સ્વયં સેવક કમિટિના ગૃપ લીડરો (૧૮૦)
- મહિલા સ્વયં સેવક કમિટિની આગેવાન બહેનો (૭૦)
- ગ્રામ્ય સ્વયંસેવક કમિટિના ગૃપ લીડરો
- ઊંઝાના તમામ એસોસિએશનના આગેવાનો
- ઊંઝામાં રહેતા તમામ જ્ઞાતિઓના વડાઓ
- ગ્રામસેવા સંકલન કમિટિના સભ્યો

ઉપરોક્ત નેતૃત્વની મશાલ રેલીમાં જોડાશે ઊંઝાના અને ઊંઝા તાલુકાના તમામ ગામોમાંથી માઈ ભક્તો.

● રેલીનો રૂટ ●

શ્રી ઉમિયા માતાજી મંદિર પરિસર, લાલ દરવાજા,
વડેચી માતા, રૂસાત ચોરો, કોટકુવા, આઝાદ ચોક,
ગાંધી ચોક, બાળોજ માતા, જીમખાના મેદાન મુખ્ય પ્રવેશદ્વાર

- **સહસ્ત્ર જ્યોત રેલી થીમ :**

દરેક વર્ગના પ્રતિનિધિત્વથી સંપન્ન થયેલ તમામ મશાલ જ્યોતમાંથી જીમખાના મેદાનમાં મા ઉમાની દિવ્ય જ્યોત પ્રગટાવવામાં આવશે જે સમગ્ર મહોત્સવ માટે એકતા શક્તિનું પ્રતિક હશે.

-: ડાયરો :-

તારીખ : ૨-૧૦-૨૦૦૯, શુક્રવાર

સમય : રાત્રે ૯-૦૦ કલાકે

સ્થળ : જીમખાના મેદાન, ઊંઝા





સહસ્ત્ર જ્યોત રેલીનું જીમખાના મેદાનમાં મા ઉમાના જયઘોષ સાથે આગમન

મહોત્સવની ટીમનું સ્ટેજ પર આગમન :

- ચેરમેન
- કન્વીનર
- પ્રો. ચેરમેન ઉમિયાનગર
- હોદ્દેદારશ્રીઓ - શ્રી ઉમિયા માતાજી સંસ્થાન
- દરેક કમિટિના ચેરમેનશ્રીઓ

સ્વાગત : શાબ્દિક અને પુષ્પથી

મહોત્સવના ચેરમેનશ્રી દ્વારા દિવ્ય જ્યોત પ્રાગટ્ય :

- માતાજીનો જયઘોષ
- આતશબાજી

ભીખુદાનભાઈ ગઢવી (જૂનાગઢવાળા) દ્વારા ડાયરો

વિશેષ :

- સમગ્ર ઉત્તર ગુજરાતમાં પ્રથમવાર ફોર-વે ફ્લાઈંગ સાઉન્ડ.

વ્યવસ્થા :

- રેલીમાં ફાયર ફાઈટર, એબ્યુલન્સ, પોલીસવાન
- રેલી દરમિયાન ટ્રાફિક વ્યવસ્થા
- જીમખાના મેદાનમાં પાર્કિંગ અને સિક્યુરીટી વ્યવસ્થા
- રેલીમાં પગપાળા આવ્યા હોય અને જેની પાસે ઘરે જવા માટે સાધનની સુવિધા ન હોય તો તેવા લોકોને ચોક્કસ સ્થળ સુધી મુકવા માટે ટ્રેક્ટરની સુવિધા (રાત્રે ૧૨-૦૦ વાગ્યા પછી)
- પીવાના પાણીની વ્યવસ્થા
- ચા-નાસ્તાના સ્ટોલની વ્યવસ્થા



-: પ્રચાર પ્રકાશન :-



બેનર-હોર્ડિંગ્સ :
- ૧૨' ૦૦" X ૪'-૦૦" નંગ-૧૦ ઊંઝામાં પ્રાઈમ લોકેશન
- ૨' - ૬" X ૨' - ૦૦" નંગ-૭૦ રેલ્વે ક્રોસીંગથી ગાંધીચોક થાંભલા ઉપર
- ૨૦'-૦૦" X ૨૦'-૦૦" ગંજબજાર સામે



હેન્ડબિલ-પેમ્ફલેટ :
- સાદાં પેમ્ફલેટ ન્યૂઝ પેપરમાં તા. ૧૩-૯-૦૯
- ફોર કલર પેમ્ફલેટ ૩૫૦૦૦

પોસ્ટર :
- ૧૨" X ૧૮' ના ૩૦૦૦ પોસ્ટર ઊંઝા તથા ઊંઝા તાલુકાના ૩૨ ગામોમાં



ગ્રામસભાઓ :
- દરેક ગામમાં રૂબરૂ જઈ ગ્રામસભાઓ

મિટિંગો :
- મહિલા સ્વયં સેવકો અને મહિલા મંડળ સાથે મિટિંગ
- એસોસિએશન, જ્ઞાતિઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ તથા સ્વયંસેવકોના વડાઓ સાથ મિટિંગ
- ગ્રામસેવા સંકલન કમિટિના સભ્યો સાથે મિટિંગ



પ્રેસનોટ :
- શબ્દ સ્વરૂપે રચના કરી સ્કૂલની બાળાઓનો ફોટો પાડી ન્યૂઝ પેપરમાં આપવા.
- તા. ૨-૧૦-૦૯ના અગાઉ ન્યૂઝ પેપરમાં જાહેરાત
- પ્રોગ્રામ પછી ન્યૂઝ પેપરમાં જાહેરાત



ડોર ટુ ડોર :
- ફોર કલર પેમ્ફલેટ ઊંઝા ગામઅને તાલુકાના ૩૨ ગામોમાં ઘરે ઘરે રૂબરૂ જઈ વિતરણ.
- મા ની નાની ધજાઓ ઊંઝાના દરેક ઘરે જઈ રૂબરૂ વિતરણ તા. ૨-૧૦-૦૯

આમંત્રણ પત્રિકા :
- ઊંઝા ગામમાં ઘરે ઘરે જઈ રેલીની આમંત્રણ પત્રિકા વિતરણ



SMS :
- સ્વયંસેવકો, મહિલા સ્વયંસેવકો, મહિલા મંડળો, ચેરમેનશ્રીઓ, સભ્યશ્રીઓ દરેકને દ્વારા

સ્કૂટર રેલી :
- તા. ૧-૧૦-૨૦૦૯ના રોજ ઊંઝા ગામમાં આશરે ૩૦૦ થી ૪૦૦ સ્કૂટર બાઈક રેલી.

  ઉપરોક્ત રેલીના ભાગ પાડી ગામડાંઓમાં સ્કૂટર રેલી



ચેનલ ઉપર જાહેરાત :
- ચેનલ ઉપર પટ્ટી મૂકી જાહેરાત.

લાઈવ પ્રચાર :
- ઊંઝા ગામમાં રીક્ષા દ્વારા જાહેરાત તા. ૨-૧૦-૨૦૦૯

એ.પી.એમ.સી. :
- એ.પી.એમ.સી.માં જાહેરાત

મા અમે તૈયાર છીએ



વિશ્વકક્ષાનો મા ઉમિયાનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ઉજવવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. દરેક કમિટિ પોતાને સોંપેલ કામગીરી બહુ જ ચોકસાઈ અને આયોજનપૂર્વક કરી રહી છે. આ ઉત્સવની સફળતા માટે સૌના સાથ-સહકારની જરૂર પડે. મહોત્સવની શરૂઆત પહેલાં ધ્વજદંડ સ્થાપનવિધિ અને મંદિરના શિખર ઉપર ચડાવવાના જે બે કાર્યક્રમ થયા તેમાં ઊંઝા નગરજનોની હાજરી મર્યાદિત જણાઈ. તેથી ઊંઝા જેસીસના મિત્રોમાં ચર્ચા થવા લાગી કે ઊંઝાના તમામ નગરજનોમાં આ મહોત્સવમાં ભારે ઉત્સાહભેર ભાગ લે અને મા મય બને તે માટે શું કરવું જોઈએ ?

ખૂબ ચર્ચાને અંતે વિચાર્યું કે એવો કેવો કાર્યક્રમ આપીએ કે જેથી ઊંઝા નગરના આબાલવૃદ્ધ સૌના ઉત્સાહમાં અનેરો વધારો દેખાય. ખૂબ વિચારને અંતે ઉમિયા માતાજીના પરિસરમાંથી મશાલ સરઘસ સહસ્ત્ર રેલીનો કાર્યક્રમ રાખવાનું ઠરાવ્યું. તે રેલી **"મા અમે તૈયાર છીએ"** એ સૂત્ર સાથે સમગ્ર નગરમાં પરિભ્રમણ કરી M.R.S. હાઈસ્કૂલના મેદાનમાં વિરાટ સભામાં પરિણમે અને ત્યાં લોકડાયરાનું આયોજન થાય તેમ વિચાર્યું.

મા ઉમિયાના ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવના પ્રથમ ચરણનો મંગળ પ્રારંભ વિજય ધ્વજરોપણ અને મંદિરના મુખ્ય શિખર ઉપરના સુવર્ણ દંડના સ્થાપન વિધિથી મહા મહોત્સવનો શુભારંભ થઈ ચૂક્યો હતો.

માતાજીના મંદિરના મુખ્ય શિખર પરના ધ્વજદંડનું સ્થાપન આશરે ૧૨૨ વર્ષ પછી બનનારી આ ઘટના ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. વડિલોના મુખે સાંભળેલું ૧૨૨ વર્ષ પૂર્વે માતાજીના મંદિરના મુખ્ય શિખર પરના ધ્વજદંડ સ્થાપન પ્રસંગે ટાંચા વાહનવ્યવહાર સુવિધા અને નહીંવત પ્રચારના સાધનો હોવા છતાં ૧૦૦૦૦ થી વધારે પાટીદારોએ ઉપસ્થિત રહી દર્શન કર્યાં હતાં.

ઊંઝા જેસીસના મિત્રોમાં ચર્ચા થઈ શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના વડીલોએ જે વિશાળ મહા મહોત્સવની સફળતા માટેની કલ્પના કરેલ છે તે મહોત્સવના ઊંઝાનગરના તાલુકાના આપણે સૌ નગરજનો યજમાન છીએ. સામાન્ય રીતે યજમાનના ઉત્સાહ પર પ્રસંગ દિપી ઊઠતો હોય છે, માટે આપણે તેમ સમજી કામ કરવું જોઈએ.

ઊંઝા જેસીસના મિત્રો આ મહોત્સવમાં કંઈક યોગદાન આપવા આતુર હતા અને યોગ્ય તકની શોધમાં હતા. ઊંઝા જેસીસના મિત્રોને લાગ્યું કે મા ઉમિયા પ્રત્યેની શ્રદ્ધા અને ભક્તિને આપણાં કાર્યો દ્વારા પ્રદર્શિત કરવાની આ યોગ્ય તક છે. નગરજનોમાં ઉત્સાહ બળવત્તર બને તે માટે પ્રયાસ કરવા.

મા ઉમિયાના મંદિરથી મશાલ રેલી નીકળી, જીમખાના મેદાનમાં ડાયરો યોજયો. આ કાર્યક્રમની જવાબદારી ઊંઝા જેસીસના મિત્રોએ પ્રોજેક્ટ ચેરમેન તરીકે હિતેશ જે. પટેલને આપી.

કાર્યક્રમ અમલીકરણ :

મહિલા સ્વયંસેવકો સાથે ગ્રુપ મિટિંગો કરી મહિલાઓ મા ઉમિયા પ્રત્યે અતિ ભાવનાશીલ હતી. ઊંઝા ગામના તમામ વિસ્તારોના સ્વયંસેવકો સાથે વન-ટુ-વન ગ્રુપ મિટિંગો કરી સ્વયંસેવકો સાથે મળવાનો આ મહોત્સવમાં પહેલો જ પ્રયાસ હતો અને તેઓનો ઉત્સાહ, ઉમંગ અને મા ઉમિયાના કાર્ય માટેની તેઓની તત્પરતા જોઈ સ્વયંસેવકોની આ ભાવનાને વધુ ભાવનાત્મક બનાવી શકાય તથા મા ઉમિયાને સમર્પિત થઈ જોરદાર જુસ્સો પેદા થાય તે માટે આ અભિયાનને શબ્દ સ્વરૂપે **'મા, અમે તૈયાર છીએ.'** રજૂ કર્યું.



ઉદ્દેશ

સ્વયંસેવકોમાં ઉત્સાહનો સંચાર કરવો તથા આ મહા વિરાટ મહોત્સવના આપણે સૌ યજમાન છીએ. આપણે સૌ આ ઉત્સવને ઉજવવા તૈયાર છીએ એ ઉત્સાહનું પ્રદર્શન કરી અને તે સંદેશો વિશ્વમાં મોકલવો.

શ્રદ્ધા, સેવા, સંયમ, શિસ્ત, સદ્‌ભાવ જેવા પંચગુણથી સજ્જ સ્વયંસેવકો વિશ્વના સૌથી મોટા ઉત્કર્ષના ઉત્સવને ઉજવવા કટીબદ્ધ થયા અને મા ઉમિયાને કાજે એવો સંદેશો આપ્યો.

"મા, અમે તૈયાર છીએ."

ઊંઝાનગરની તમામ જ્ઞાતિના આગેવાનો તથા તમામ એસોસિએશનના હોદ્દેદારો સાથે મિટિંગો કરી. ઊંઝાનગરની મહિલા મંડળો સાથે મિટિંગો કરી. ઊંઝા તાલુકાના ૪૨ ગામોમાં ગામે-ગામ ઊંઝા જેસીસના સભ્યોએ ગ્રામ સભાઓ યોજી. લોકોને મહોત્સવની માહિતી આપી. આપણે સૌ આ મહોત્સવના યજમાન છીએ અને આપણી જવાબદારીઓની માહિતી આપી.

૪૨ ગામના ગ્રામજનોને મા ઉમિયાના ભક્તિના રંગે રંગવા અને માના કાજે કટીબદ્ધ કરવા તમામ ગામમાંથી સમસ્ત ગામના પ્રતિનિધિઓની મા ઉમિયાના મંદિરે મિટિંગ કરી મા ઉમિયાની ધજાઓ પુજા કરીને આપી અને 'સહસ્ત્ર જ્યોત રેલી'ના દિવસે માની ધજાઓને વધાવવાનો કાર્યક્રમ રાખ્યો.

ઊંઝા તથા તાલુકાના સ્વયંસેવકોએ ૪૫૦૦૦ આમંત્રણ પત્રિકાઓની વહેંચણી સ્વયંભૂ રીતે અને પુરા ઉત્સાહ અને સન્માન સહિત ઢોલનગારાના નાદ વચ્ચે ઘરે ઘરે ફરી આમંત્રણ પત્રિકાની વહેંચણી કરી.

સહસ્ત્ર જ્યોત રેલીના આગળના દિવસે ઊંઝા નગરમાં ઊંઝાના સ્વયંસેવકોએ વિશાળ બાઈક રેલી કાઢી.

તા. ૨-૧૦-૨૦૦૯ : સંધ્યા સમયે એક પછી એક ગામમાંથી માની ધજાઓ લઈ સંઘો આવી રહ્યા છે. ઊંઝાનગરના રસ્તાઓ ભક્તિના રંગે રંગાઈ રહ્યા છે... મા ઉમિયાના મંદિરમાં ધજાઓના વધામણાં થઈ રહ્યાં છે... બહાર ચાચર ચોકમાં ગામે ગામથી પધારેલ સ્વયંસેવકો માના ગરબાની રમઝટ બોલાવી રહ્યા છે. માની રેલીના રસ્તાઓ ઝળહળાટ રોશનીથી ઝગમગી રહ્યા છે. મહિલા મંડળો તથા મહિલા સ્વયંસેવકો દરેક મોટા ચોકમાં માના ગરબા રમી રહ્યાં છે અને તેઓની મા પ્રત્યેની આસ્થા પ્રગટ કરી રહ્યાં છે.



ચારેકોર વાતાવરણ ભક્તિમય બની ચૂક્યું છે. ચાચર ચોક માનવ મહેરામણથી છલકાયો છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના હોદ્દેદારો, મહોત્સવ કમિટિઓના હોદ્દેદારો, તમામ જ્ઞાતિના આગેવાનો, એસોસિએશનના હોદ્દેદારો, સ્વયંસેવકોના ગ્રુપ લીડરો ૧૦૦૧ મશાલો સાથે ઉપસ્થિત છે.

શ્રી મા ઉમિયાના મુખ્ય મંદિરની જ્યોતથી મહોત્સવના ચેરમેન તથા શ્રી પ્રોજેક્ટ ચેરમેનશ્રીની જ્યોત પ્રગટાવેલ એ આ જ્યોતથી તમામ મશાલની જ્યોત પ્રગટાવી...

રેલીને ગુજરાતના યુવા ક્રિકેટર પાર્થિવ પટેલે ઝંડી ફરકાવી પ્રયાણ કરાવ્યું... અને ભવ્ય આતશબાજી સાથે પ્રારંભ થયો...

શક્તિસ્વરૂપ મા ઉમિયાની રેલી નારી શક્તિની આગેવાનીમાં થઈ. ૧૫૧ બાળાઓએ બાઈક સવારી કરી લીધી. રેલીમાં અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટ્યો. ગલી-ગલીએથી લોકોથી રસ્તા ઉભરાયા... ગલીએ ગલીએ માની રેલીનાં ભવ્ય સ્વાગત થયાં. માના ગગનભેદી જયઘોષથી વાતાવરણમાં ચરમસીમાનો અહેસાસ થતો હતો...

લગભગ ૩૫૦૦૦ લોકો રેલીમાં જોડાયા... જીમખાના મેદાન ઉભરાયું અને નાનું પડ્યું... જુદી જુદી વ્યક્તિઓ - જુદા જુદા વિચારોના પ્રતિકસમી અનેક મશાલોમાંથી મા ઉમિયાના મહોત્સવ માટે એક થઈ એકતારૂપી માની દિવ્ય જ્યોતિ ભવ્ય આતશબાજી સાથે જીમખાના મેદાન પર પ્રગટાવવામાં આવી.



ગુજરાતના ખ્યાતનામ કલાકાર પદ્મશ્રી ભીખુદાન ગઢવી (જૂનાગઢવાળા)એ તેઓની આગવી શૈલીથી સ્વયંસેવકોના ઉત્સાહને બિરદાવ્યો અને માના કામ માટેનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે જીવનની શ્રેષ્ઠ ઘડી કહેવાય... તેમ નિવેદિત કર્યું.

ત્રણ મહાનુભાવોના પ્રતિસાદ :

ચેરમેનશ્રી નારાયણકાકા : ઊંઝાના ઈતિહાસમાં ક્યારેય નીકળી ન હોય એવી અભૂતપૂર્વ રેલી... 'ન ભૂતો ન ભવિષ્યતિ... કહી અને સ્વયં સેવકોનો આ ઉત્સાહ મહોત્સવને અચૂક સફળ બનાવશે.

પ્રોજેક્ટ ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ : ૧૯૭૬માં યોજાયેલ મહોત્સવની સફળતાનો યશ સ્વયંસેવકોને ફાળે જાય છે. તેમ આ મહોત્સવની સફળતા સ્વયંસેવકો પર આધારિત છે અને આપ સૌનો ઉત્સાહ આપણા ઉત્સવને અવિસ્મરણીય સફળ બનાવશે જ.

કન્વીનરશ્રી મણિકાકાનો અનુભવ અને માર્ગદર્શન અમોને સતત મળતું રહેલ તથા વડીલ તરીકેની હૂંફ અમોને સતત કામ કરવાની પ્રેરણા આપતી રહેલ.

 આ મહોત્સવ દ્વારા કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી ઊંઝાના ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯માં મા ઉમિયાની અસીમ કૃપાથી અને આશીર્વાદથી સમાજના સહયોગથી પાટીદાર સમાજની સંગઠિત શક્તિના વિશ્વને દર્શન કરાવી શક્યા અને આ મહોત્સવમાં વિશ્વભરમાંથી ૫૦ લાખ ભક્તોમા ઉમિયાના દર્શન કરી ધન્ય બન્યા. મા ઉમિયાનો જય જયકાર થયો. ઊંઝાનગર અને ગ્રામવિસ્તારના હજારો સ્વયંસેવકોની નિષ્ઠાપૂર્વક




સેવાની નોંધ લઈ અભિનંદન આપી વંદન કર્યા. આ સંગઠિત શક્તિને સમાજની આર્થિક, સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક વિકાસમાં પરિવર્તિત કરી આવનારી પેઢી ૨૧મી સદીએ પરિવર્તન અને વિકાસની સદી હોવાથી નવી પેઢી સુખી, સમૃદ્ધ, શિક્ષિત, સંસ્કારી, સશક્ત અને નિર્વ્યસની બની વિશ્વમાં એક આગવી ઓળખ ઊભી કરવાનો આપણા સૌનો આ સહિયારો ભગીરથ પ્રયત્ન છે.

જય મા ઉમિયા



કડવો ત્યાં કંકોત્રી





કડવા પાટીદારોની કુળદેવી મા ઉમિયાનો ૧૮મી શતાબ્દી મહોત્સવ સને ૧૯૭૬માં ઉજવવા વિચાર્યું ત્યારે શ્રી ઉમિયા માતા સંસ્થાને ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ તેમજ અન્ય રાજ્યોમાં તેમજ પરદેશમાં વસતા કડવા પાટીદાર સમાજોને આ મહોત્સવનું આમંત્રણ આપવા માટે નક્કી કર્યું. પરંતુ તે સમયે સંસ્થા પાસે પૂરતા નામ-સરનામાની વિગતો ઉપલબ્ધ ન હોઈ, પ્રચાર-પ્રકાશન સમિતિના ચેરમેનશ્રી મણિભાઈ મમ્મીએ કચ્છના સરનામાં મેળવવા ધનસુરા જઈ 'જાગૃતિ' કચ્છ સમાજના માસિકના તંત્રીશ્રી કાંતિભાઈ પાસેથી કચ્છ, ભૂજ, નખત્રાણાના સરનામાં મેળવ્યાં. દરેક ગામોના નામ-સરનામાં મેળવ્યાં. એ રીતે સૌરાષ્ટ્ર સેવા સમાજ અમદાવાદથી તેમજ રાજકોટથી અને જિલ્લા મથકેથી સરનામાં મેળવ્યાં. આ રીતે જેમ બને તેમ અને જ્યાંથી શક્ય હોય ત્યાંથી સરનામાં મેળવી વ્યક્તિગત આમંત્રણો અને અખબારોથી જાહેર આમંત્રણ આપવાનું વિચાર્યું, ત્યારે એક એવો વિચાર ઉપસી આવ્યો કે આપણે કડવા પાટીદારની કુળદેવી શ્રી ઉમિયા માતાજી છે તો **'કડવો ત્યાં કંકોત્રી'** આ શબ્દ બધાને ખૂબ ગમશે. એ રીતે **'કડવો ત્યાં કંકોત્રી'**નો વિચાર મૂક્યો. પરંતુ નાણાકીય ભંડોળની એ સમયે મર્યાદા હોઈ તેનો અમલ કરી શક્યા નહીં. પરંતુ ૩૩ વર્ષ બાદ બે મહોત્સવ વચ્ચેના સમયગાળામાં સંસ્થાની વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ, સંમેલનો, સમાજયાત્રાઓના કારણે સમગ્ર સમાજ એકબીજાની નજીક આવ્યો તેથી આ મહોત્સવમાં **"કડવો ત્યાં કંકોત્રી"**ના વિચારને અમલમાં મૂકવાનું નક્કી થયું.




કડવા પાટીદાર કુળદેવી મા ઉમિયાનું અતિ પૌરાણિક મંદિર ઊંઝામાં આવેલું છે. લાખો ભક્તો પ્રચંડ આસ્થા અને શ્રદ્ધા સાથે મા ઉમિયાના દિવ્ય દર્શન કરી આશીર્વાદ મેળવે છે.



મહોત્સવના સમાચાર દરેકને ઘરે ઘરે પહોંચે, ભક્તિભાવ વધે તથા ઘેર ઘેર માતાજીની પૂજા અર્ચના થાય તે માટે "કડવો ત્યાં કંકોત્રી"માં કંકુ, અક્ષત અને માતાજીના તાંબાના શ્રીયંત્રની સાથે એક પત્રિકા મુકવામાં આવી જેમાં કંકુ અને અક્ષત પ્લાસ્ટીક પેકીંગમાં મશીનથી ૩ થી ૪ ગ્રામ ભરવામાં આવ્યું. દોઢ માસ સુધી આ કામગીરી કરવામાં આવી. આ પત્રિકામાં યજમાનશ્રીઓ, મંદિર પરીસરના દાતાશ્રીઓ તથા મા અન્નપૂર્ણા યોજનાના દાતાશ્રીઓની નામાવલિનો ઉલ્લેખ કરવામાં આવ્યો.

૮ થી ૯ લાખ પાટીદાર પરિવારોને "કડવો ત્યાં કંકોત્રી" જે એક કંકોત્રીનો ખર્ચ ૯ થી ૧૦ રૂા. થાય, જેથી સમગ્ર ખર્ચ લગભગ રૂા. ૯૦ થી ૯૫ લાખનો થાય, આવડો મોટો ખર્ચ થાય તેમ હોવાથી હોદ્દેદારો સાથે અને મહોત્સવના ચેરમેન, પ્રોજેક્ટ ચેરમેન અને કન્વીનર સાથે ખૂબ જ ચર્ચા-વિચારણાને અંતે આ વિચાર અમલમાં મૂકવાનું નક્કી કર્યું અને સ્પોન્સર દાતા માટે સંસ્થાના ઉપપ્રમુખશ્રી અનિલભાઈના સૂચનથી મહેસાણા અર્બન કો. બેંકના ચેરમેનશ્રી કે. કે. પટેલ અને ડિરેક્ટરશ્રીઓ સાથે મુલાકાત કરી વિચાર રજૂ કર્યો. શ્રી કે. કે. પટેલ અને તેમની ટીમે રૂા. ૩૧,૦૦,૦૦૦ લાખ મંજૂર કરીને કહ્યું કે આવડો મોટો માનો ઉત્સવ થતો હોય અને તેમાં અમારી બેંક સહભાગી થવા ભાગ્યશાળી બને તે અમારી બેંકનાં અહોભાગ્ય ગણાય.





ત્યારબાદ બીજા સ્પોન્સર દાતા મેળવવા માટે ચેરમેનશ્રી નારાયણકાકા, નાણા કમિટિ ચેરમેન શ્રી વિષ્ણુભાઈ સાથે ઓઝોન ઈન્ડિયા લિ.ના શ્રી દિપકભાઈ એમ. પટેલ સાથે મુલાકાત થઈ જેમણે સમગ્ર વિચાર જાણ્યા પછી બહુ જ હર્ષ અને ઉમંગથી રૂા. ૩૧,૦૦,૦૦૦ લાખના બીજા સ્પોન્સર થવાની તૈયારી બતાવી. આમ ઉદાર દિલના દાતાઓના કારણે આ વિચાર અમલમાં મૂકી શકાયો.

અને પછી તો **'કડવો ત્યાં કંકોત્રી'** છપાવીને ઘરે ઘરે પહોંચાડવા માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ. માનસરોવર પાસેના હોલમાં સમગ્ર ગામની મહિલાઓ તથા બાળકો રાત-દિવસ જોયા વગર સતત એક મહિના સુધી ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવથી કંકોત્રી પેકીંગની કામગીરીમાં જોડાઈ ગયાં.

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવની તૈયારી શરૂ થતાં જ પ્રચાર-પ્રકાશન સમિતિના કાર્યકરો પ્રહ્લાદભાઈ ગંગારામ, પ્રહ્લાદભાઈ મોહનલાલ, માધુભાઈ પરસોત્તમદાસ, ઈશ્વરભાઈ અમથારામ, મણિલાલ ત્રિભોવનદાસ, અમરતભાઈ ઈશ્વરલાલ, પ્રહ્લાદભાઈ લખુદાસ, ગોવિંદભાઈ હિરાલાલ વગેરેએ બાર મહિનાની અથાગ મહેનતથી સમગ્ર ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ તથા સમગ્ર ભારત અને પરદેશમાં વસતા લાખો પરિવારોની જિલ્લા, તાલુકા અને ગામની વિગતો એકઠી કરી.



સમગ્ર કામગીરીમાં પ્રચાર-પ્રકાશન કમિટિના ચેરમેન સીતારામભાઈ, વા.ચેરમેન દિલીપભાઈ નેતાજી તથા કમિટિ સભ્ય હરેશભાઈ કાપડીયા અને તેમની ટીમે અથાગ પ્રયત્નો કરીને સમગ્ર કંકોત્રીઓ પેકીંગ કરીને જ્યાં જ્યાં કડવા પાટીદાર કુટુંબ હોય ત્યાં ત્યાં કંકોત્રીઓ પહોંચાડી.








મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં હિન્દીમાં ૪૫૦૦૦ કંકોત્રીઓ મોકલવામાં આવી ત્યાંના કારોબારી સભ્યોએ સતત અઠવાડિયું ઊંઝાની ટીમ સાથે રહીને ઘરે-ઘરે પત્રિકાઓ પહોંચાડી. ગુજરાતમાં માતાજીના કારોબારી સભ્યોના સાથ-સહકારથી કંકોત્રી ઘરે-ઘરે પહોંચી ગઈ. અમદાવાદમાં પાટીદાર યુવા સંઘના મિત્રો દ્વારા આયોજન કરવામાં આવ્યું. સમગ્ર ભારતના તમામ રાજ્યોમાં જ્યાં જ્યાં કડવા પાટીદાર વસે છે ત્યાં કંકોત્રી મોકલવામાં આવી. વિદેશમાં પણ કડવો ત્યાં કંકોત્રી પહોંચાડવામાં આવી. ઊંઝા તાલુકામાં તથા ઊંઝા નગરમાં તમામ જ્ઞાતિના લોકોને, ગુજરાતની તમામ જ્ઞાતિના આગેવાનોને, કડવા પાટીદાર સમાજના વહીવંચા બારોટોના દરેક ઘરને તેમજ નાયક સમાજનાં દરેકને **"કડવો ત્યાં કંકોત્રી"**નું આમંત્રણ આપવામાં આવ્યું.

આમ પોસ્ટલ ખર્ચ વગર ૮ થી ૯ લાખ કંકોત્રી ઘરે ઘરે હાથો હાથ પહોંચી ગઈ. આવું અભિયાન સમગ્ર ભારતમાં કદાચ પ્રથમ વખત હશે !

આ અભિયાનથી દરેકના ઘરે માતાજીના યંત્રની પૂજા થશે, માતાજીનો ભક્તિભાવ વધશે, સમાજમાં નવી ચેતના જાગશે, જેથી સમાજ સંગઠિત બનશે અને આવનારી નવી પેઢી સુખી-સમૃદ્ધ-સશક્ત-સંસ્કારી, શિક્ષિત અને નિર્વ્યસની બનશે. આ શુભ કાર્ય રજતજયંતી મહોત્સવને ઉજ્જવળ કરતું ગયું.



શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાનો સમાજલક્ષી અભિગમ

મણિભાઈ ઈ. પટેલ (મમ્મી)
કન્વીનર, ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯

જગતજનની મા ઉમિયા સૌની માતા છે. વિશ્વના કડવા પાટીદારોના માદરે વતન ઉમાપુર ઊંઝામાં મા ઉમિયાનું અતિ પૌરાણિક-ઐતિહાસિક મંદિર છે. હજારો વર્ષથી પોતાની મનોકામનાઓ પરિપૂર્ણ કરવા માટે મા ઉમિયાના દિવ્ય દર્શનાર્થે લાખો લોકો આવે છે. આવો મા ઉમિયાનો આજથી ૩૬ વર્ષ પહેલાં ૧૮મી શતાબ્દી મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો, ત્યારે આ સંસ્થા પાસે માત્ર ૩,૫૦,૦૦૦/-ની સિલક હતી. એક નાનકડી ઑફિસમાં બેસી વહિવટ ચાલતો હતો. ૧૮મી શતાબ્દી મહોત્સવ યોજવામાં આવ્યો ત્યારે કોઈએ કલ્પના કરી ન હોય તેવો મહોત્સવ જામ્યો. દેશભરમાંથી ૧૮ થી ૨૦ લાખ ભક્તો મા ઉમિયાનાં દિવ્ય દર્શન કરવા પધાર્યા. તેથી રૂા. ૫૨ લાખ જેવી માતબર રકમમાના ચરણોમાં ધરી. તેમાંથી ૮ લાખ રૂા. જેવો ખર્ચ જતાં ૪૪ લાખ રૂા. જેવી બચત થઈ. આ મહોત્સવ કોઈ સામાન્ય મહોત્સવ નહોતો. પરંતુ સંસ્કારી પ્રજાનો સંસ્કારી મહોત્સવ બનાવવાનો આપણા સૌનો સહિયારો ભગીરથ પ્રયાસ હતો. આ મહોત્સવ પછી સમાજમાં જાગૃતિ અને ચેતના આવી. સમાજ માટે કંઈ કરી છૂટવાની ભાવના વધી. મા ઉમિયાનો ભક્તિભાવ વધ્યો. સામાન્ય રીતે કોઈ પણ ધાર્મિક સંસ્થા કે મંદિરોની પ્રવૃત્તિ ત્રણ ચાર બાબતો પૂરતી જેવી કે પૂજા આરતી કરવી, ચકલાંને દાણા, સદાવ્રત ચલાવવું, આવનાર યાત્રિઓની રહેવા-જમવાની સુવિધા કરવી. આ માટે મોટે ભાગે આપણું મંદિર જ આ કાર્ય કરે છે. જયારે ઉમિયા માતા સંસ્થાનના દીર્ઘદષ્ટા હોદ્દેદારો આગેવાનોને એમ લાગ્યું કે આપણે સમય સાથે આપણું મંદિર ફક્ત સીમીત પ્રવૃત્તિઓ ન કરતાં સમાજ સેવાની પ્રવૃત્તિઓ કરે એવા અભિગમ અંગે વિચારવું. ઉમિયા માતા સંસ્થાન એ વિશ્વના કડવા પાટીદારોની અંગત માલિકીની એકમાત્ર ધાર્મિક સંસ્થા છે. જેનો સમગ્ર વહિવટ કડવા પાટીદાર સમાજના ૨૫૧ની કારોબારીના સભ્યો કરે છે. આ સંસ્થાના દીર્ઘદષ્ટા અને સમાજ માટે કંઈક કરી છૂટવાની ભાવનાવાળા પ્રમુખ મા.શ્રી કેશુભાઈ શેઠ અને તેમના સહયોગી સમર્પિત આગેવાનો મણિભાઈ (મમ્મી), શ્રી વિક્રમભાઈએ આપણા સમાજનો આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક, સાંસ્કૃતિક વિકાસ કેમ થાય તે માટે વિચારમંથન કર્યું. તેમાં સૌ પ્રથમ આપણા સમાજમાં કેળવણીનો વ્યાપ વધે તે માટે આપણા તમામ કુમાર અને કન્યા છાત્રાલયોને કોઈપણ જાતની માંગણી વગર સામે ચાલીને રૂા. ૨૫,૦૦૦/- સહાય રૂપે આપવાનું શરૂ કર્યું. તે પછી જ્યાં કડવા પાટીદાર સમાજ સંચાલિત નવાં છાત્રાલય બાંધે તો ખર્ચના ૨૫ ટકા અને વધુમાં વધુ ૫ લાખ રૂા.ની મદદ કરવાનું શરૂ કરવામાં આવ્યું. આમ ગ્રામવિસ્તારમાં નવાં છાત્રાલયોની અદ્યતન સુવિધા થઈ. ત્યારબાદ સૌથી વધુ ક્રાંતિકારી અને ગુજરાતમાં કોઈપણ જ્ઞાતિએ ન




વિચાર્યું હોય તેવું આપણી સંસ્થાએ પાટીદાર સમાજમાં લગ્નો પાછળ દેખાદેખીથી થતા મોટા ખર્ચાઓ ટાળવાનો એકમાત્ર રામબાણ ઈલાજ સમૂહલગ્ન કરવાનું વિચાર્યું. આ વિચાર કારોબારી સમક્ષ મૂકવામાં આવ્યો. આ વિચારને સમાજમાં ફેલાવવા માટે આ સંસ્થાએ સૌ પ્રથમ સમૂહલગ્ન કરવાનો ઠરાવ કર્યો, તેની સંપૂર્ણ જવાબદારી શ્રી મણિભાઈ મમ્મીને આપવામાં આવી. મને જવાબદારી સોંપ્યા પછી બગલથેલો લઈ, એસ.ટી.માં સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાં સંપર્ક કરવા અને આ વિચારનો પ્રચાર કરવા સતત પ્રયત્ન કર્યો અને હું ઊંઝા એસ.ટી.માં ઉતરીને ઘરે આવું ત્યારે ગંજ આગળ બેઠેલા વેપારીઓ પૂછે મણિભાઈ કેટલાં લગ્ન લઈ આવ્યા. ત્યારે હું તેમને જવાબ આપતો કે આ વિચાર કેશુભાઈ કે મણિભાઈનો નથી પણ આ સમયનો તકાદો છે અને મા ઉમિયાની ઈચ્છા છે તેથી જરૂર આ વિચારનો અમલ થવાનો જ છે. થોડા દિવસ પછી અમને રાધનપુર સમાજના સમાચાર જાણવા મળ્યા કે તેઓ સમૂહલગ્ન કરવા વિચારે છે. તેથી હું ચાણસ્મા ગયો અને ત્યાંથી શ્રી નથ્થુભાઈ અને વિક્રમભાઈને લઈ રાધનપુર ગયા. ત્યાં બધા આગેવાનોને ભેગા કરી સમૂહલગ્નો ઉમિયા માતા સંસ્થાન કરે છે તેની વિગત જણાવી. તેમણે ૬ વરઘોડિયાની નોંધણી કરાવી. આમ આ વિચાર જેમ જેમ આગળ વધતો ગયો તેમ સમગ્ર ગુજરાત રાજ્યમાંથી માતાજીની કૃપા અને સમાજના સહયોગથી સૌ પ્રથમ ઉમિયા માતાજીના ચાચર ચોકમાં સંવત ૨૦૩૫, વૈશાખ સુદ-૩, તા. ૨૯-૪-૭૯, રવિવારના રોજ પ્રથમ સમૂહ લગ્નોત્સવનું સફળતાપૂર્વક આયોજન થયું. આ સમૂહલગ્નમાં ૨૪ વરઘોડિયાએ પ્રભુતામાં પગલાં માંડ્યા. આમ ગુજરાત રાજ્યમાં સમૂહલગ્ન પ્રવૃત્તિઓનો વિચાર ઊંઝા, ઉમિયા માતાજીએ આપ્યો. આજે ગુજરાતના તમામ જ્ઞાતિના લોકોએ આ વિચારને સ્વીકાર્યો છે. માતાજી સંસ્થાન દ્વારા આ એક મોટું સામાજિક ક્રાંતિનું વિચાર બીજ વવાયું હતું. તેનાં શુભ પરિણામો આજે સમાજમાં દેખાય છે. આ સમૂહલગ્નો દ્વારા સમાજનું કરોડો રૂપિયાનું આર્થિક ધોવાણ અટક્યું છે. જે પ્રત્યક્ષ આપણે જોઈએ છીએ. માતાજીએ પૂરા ગુજરાતમાં તમામ જ્ઞાતિભાઈઓને આ વિચાર આપી ભારે સામાજિક ક્રાંતિ કરી છે. આ એક માતાજીનો નવો અભિગમ હતો.

આપણા સમાજનો આર્થિક, શૈક્ષણિક વિકાસ કરવો હોય તો રૂા. ૧૦૦ કરોડ એકઠા કરીએ તો આપણે શૈક્ષણિક પ્રવૃત્તિઓ સારી રીતે કરી શકીએ એવું લાગવાથી, આ વિચાર કેવી રીતે અમલમાં મૂકવો તેની ચર્ચા-વિચારણાઓ થવા લાગી. તે સમયે માતાજી સમર્પિત મણિભાઈ મમ્મીએ 'જ્યોતિરથ' કાઢવો એવો વિચાર આપ્યો. તે વિચારને અમલીકરણ કરવા માટેનો ઠરાવ કર્યો અને જ્યોતિરથ તૈયાર કરી તા. ૩-૧૧-૧૯૯૭ના રોજ પ્રસ્થાન કરી ગુજરાતના ૩૫૦૦ ગામ, મધ્યપ્રદેશનાં ૭૯૦ ગામ અને રાજસ્થાનનાં ૧૩૬ ગામોમાં આ જ્યોતિરથની પરિક્રમા થઈ. ગુજરાતમાં ૧૩ા કરોડ રૂા. અને મ.પ્ર.માં ૪.૫ કરોડ રૂા. અને રાજસ્થાનમાં ૨ કરોડ રૂપિયા જેવી માતબર રકમ એકઠી કરી શક્યા. ગુજરાતમાં આપણે ૧૦૦ કરોડના સંકલ્પને પરિપૂર્ણ કરી શક્યા નથી. પરંતુ જ્યોતિરથના પદાર્પણ પછી સમગ્ર વિશ્વમાં પાટીદાર સમાજ જે રીતે જાગી રહ્યો છે, સંગઠિત થઈને શિક્ષણ પાછળ મચી પડ્યો છે તે આપણા ૧૦૦ કરોડના સંકલ્પનું મૂલ્યગામી ઉર્ધ્વગામી પરિબળનું સંમાર્જિત પરિમાર્જિત પરિણામ છે. તમે તેને રૂપિયામાં માપશો તો ૧૦૦ કરોડ નહીં પણ હજારો કરોડમાં તેની ફલશ્રુતિ દેખાઈ રહેશે. આ જ્યોતિરથ આપણા સમાજમાં શું કરીને ઊભો રહેશે તે તો સમય અને ઈતિહાસ કહેશે. આ જ્યોતિરથમાંથી ગુજરાતના ઠાકોર

ક્ષત્રિય સમાજ, ચૌધરી સમાજ તેમજ બીજા અનેક સમાજો પ્રેરણા લઈ પોતાના સમાજના વિકાસ માટેનું ભંડોળ એકઠું કરવા માટે પોતાના ઈષ્ટદેવ કે દેવીનો આવો જ્યોતિરથ બનાવી પોતાની વસ્તીવાળા ગામોમાં ફેરવી કરોડો રૂપિયાનું દાન એકઠું કરી શક્યા છે.


ઉમિયા માતાજીએ આજથી ૩૬ વર્ષ પહેલાં ૧૮મી શતાબ્દી મહોત્સવ કરેલ. તેમજ સંવત ૨૦૦૯માં ઉમિયા માતાજીનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો, જેમાં વિશ્વભરમાંથી ૫૦ લાખ ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. આ બંને મહોત્સવમાંથી પ્રેરણા લઈ ભારત અને ગુજરાતની અનેક ધાર્મિક સંસ્થાઓ તથા જ્ઞાતિ સમાજોએ આવા મોટા ઉત્સવ ઉજવવાની પ્રેરણા મેળવી છે. આ ઉપરાંત મોટાં શહેરોમાં ઉતરવા-રહેવા-જમવા માટે પથિકાશ્રમો બનાવવા, વિધવા-ત્યક્તા બહેનોના બાળકોને આર્થિક સહાય વિદ્યાભ્યાસ માટે કરવી તેમજ વિધવા-ત્યક્તા, નિરાધાર બહેનોને પેન્શન, ગૃહિણી તાલીમવર્ગો ચલાવવા, કાયમી સમાધાન પંચ, તેજસ્વી વિદ્યાર્થીઓને ઉમિયા ચંદ્રક આપી સન્માનિત કરવા, વિશિષ્ટ પ્રતિભાવંતોનું બહુમાન કરવું, ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને વગર વ્યાજની લોન આપવાની ઉચ્ચ શિક્ષણ સહાયનિધિ, વિકલાંગ બાળકોને ટ્રાઈ સાઈકલ આપવી, અસાધ્ય રોગોની સારવાર માટે સહાય આપવી, કુદરતી હોનારત વખતે સહાય કરવી, પોતાના સમાજની ભવ્યતાની ગાથા રજૂ કરતું સંગ્રહસ્થાન તૈયાર કરવું, ભારત સરકારની તેમજ રાજ્ય સરકારના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ માટે I.A.S. ટ્રેનિંગ સેન્ટર ચલાવવું, મનની શાંતિ અને ભક્તિ માટે શ્રી ઉમિયા શરણમ મમ્ લેખનપોથી પ્રવૃત્તિ ચલાવીને આજ સુધી પ્રવૃત્તિઓ પાછળ રૂા. ૨૩ કરોડ જેવી માતબર રકમ વાપરવામાં આવી છે તેમજ ગુજરાતને અન્ય રાજ્યોના આપણા જ્ઞાતિ સમાજોના સંપર્ક માટે સમાજયાત્રાઓ કરવી જ્ઞાતિ સંમેલનો બોલાવવાં તેમજ મહિલા અને યુવા સંમેલનો બોલાવવાં. ૨૧મી સદી જ્ઞાન અને વિજ્ઞાનની સદી હોવાથી નવી પેઢી તેજસ્વી અને સશક્ત બને તે માટે સેમિનારો, શૈક્ષણિક સંમેલનો યોજવા જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી છે. ગુજરાતના તેમજ ભારતના અનેક સમાજોએ ઉમિયા માતા સંસ્થાન ઊંઝાની પ્રવૃત્તિઓની જાણકારી મેળવી અનેક લોકોએ રૂબરૂ મુલાકાતો લઈ આ અંગેની માહિતી મેળવી છે. આમ શ્રી ઉમિયા માતા સંસ્થાન એક ધાર્મિક સંસ્થા હોવા છતાં સામાજિક ઉત્થાન કરે છે. આજ સુધી ધાર્મિક સંસ્થાઓ ત્રણ ચાર પ્રવૃત્તિઓ કરવા સિવાય બીજું કંઈ કરતી નહોતી તેવી સંસ્થાઓએ શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝામાંથી પ્રેરણા લઈ સમાજોપયોગી પ્રવૃત્તિઓ શરૂ કરી છે.

• • •



રા. બ. શેઠશ્રી બહેચરદાસ અંબાઈદાસ લશ્કરી

શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના આધશિલ્પી



શ્રી બાલચંદભાઈ ઉમેદરામ પટેલ (ઊંઝા)

મહોત્સવ સમિતિના આગેવાન



શેઠશ્રી રામચંદ્ર મનસુખરામ પટેલ (અમદાવાદ)

મંદિર બાંધકામના આધશિલ્પી

उत्सवप्रियाः खलु जनाः

જ્યારથી સૃષ્ટિ ઉપર માનવજાતનું નિર્માણ થયું ત્યારથી ઉત્સવો ઉજવાતા જાય છે. યજ્ઞો યોજાતા જાય છે, પણ બધા ઉત્સવો કે યજ્ઞો ઈતિહાસ રચતા નથી પણ સદીઓના મનોમંથન પછી એવા કેટલાંક યજ્ઞો અને ઉત્સવો સમાજની તાસીર બદલવાના પ્રયોગરૂપે થતા હોય છે અને તેથી તો યજ્ઞો અને ઉત્સવો એ આપણી સંસ્કૃતિ અને સંસ્કાર માટેના આયોજનબદ્ધ કાર્યક્રમ બનેલા છે. યજ્ઞનો આતશ માનવીના હૈયાને અજવાળે છે અને ઉત્સવનો ઉત્સાહ માનવજીવનના હૈયાને આનંદિત ભર્યું કરે છે અને તેથી આપણી પ્રજા '**ઉત્સવ પ્રિયા**' કહેવાઈ છે. આપણા પૂર્વજોએ સમાજના ઘાટ અને ઘડતરના પાયામાં ઉત્સવોનું સિંચન કરેલું છે. વિવિધ પ્રકારના યજ્ઞો અને ઉત્સવોના નિર્માણ પાછળ લોકોની ભાવના સમાજહિતમાં-સમાજકલ્યાણમાં પરોવાય તેવા શુભ-ઉમદા હેતુ માટે, નાના-મોટા પ્રસંગોને ઉત્સવના બીબામાં મઢીને તેને ઘડવામાં આવ્યા હોય તેમ સ્પષ્ટ દેખાય છે. આવા ઉત્સવોમાં ઉત્તરાયણ, વસંતપંચમી, શિવરાત્રી, હોળી-ધૂળેટી, રામનવમી, અખાત્રીજ, કુંભમેળા-જન્માષ્ટમી, નવરાત્રિ, દશેરા કે દીપોત્સવી જેવા મોટા ઉત્સવો હોય કે, અલગ-અલગ પંથોના-સંપ્રદાયોના નાના-નાના પ્રસંગોચિત્ત ઉત્સવો હોય તે બધા જ ઉત્સવો પાછળ આપણા સમાજના હિતચિંતકોએ દીર્ઘદૃષ્ટિથી સમાજની ઐક્યભાવના અખંડિત અને જાગ્રત રહે તેવા ઉમદા હેતુસર ઉત્સવોને નિમિત્ત રાખેલા હશે. અને તેથી તો આજે સદીઓની સદીઓ વહી જવા છતાં ભારતીય પ્રજા પોતાના માનીતા ઉત્સવો કોઈપણ પ્રકારના ભેદભાવ વગર હોંશેહોંશે ઉમળકાથી ઉજવે છે. આજે સેંકડો વર્ષ થઈ જવા છતાં શિવરાત્રી કે હોળી-ધૂળેટીના તહેવારનો ઉત્સવ કોણ ભૂલ્યું ? શિવરાત્રી આવતાં જ ભગવાન શંકર હિંદુ હૃદયના સ્મરણપટ ઉપર અંકિત થઈ જાય છે. કદીય મંદિરમાં નહિ જનારો હિંદુ એક દિવસ પૂરતું પણ ભગવાન શીવનું સ્મરણ કરતો કરતો મંદિર તરફ જરૂર જશે અને તેવી જ રીતે હોળી-ધૂળેટી આવતાંની સાથે મહોલ્લાના ફળિયા આગળ અગર ગામડાંના ગોંદરે બળતણનો ખડકલો કરી, સંધ્યા સમયે હોળી પ્રગટ થતાં જ આબાલવૃદ્ધ સૌ કોઈ ભેગા થશે અને તેના બીજા દિવસે અબિલ-ગુલાલના રંગ છાંટણાંનો રંગ ઉત્સવ સૌ કોઈ ઉજવશે અને આમ એક પછી એક આવતા રામનવમી, નવરાત્રિ કે વિજયાદશમી કે પછી દીપોત્સવી કે ગમે તે તહેવાર-ઉત્સવ હોય તેને હૈયાના ઉમંગ સાથે લોકો પોતપોતાની રીતે ઉજવે છે. આજે વિજ્ઞાનયુગમાં હજારો વોલ્ટના ઝળહળતા પ્રકાશ પાથરતાં બલ્બ સળગતા હોવા છતાં દીપોત્સવીના દિવસોમાં માટીના કોડિયામાં રૂની દીવેટ વણી, તેમાં તેલનું સિંચન કરી પોતાના



 આવાસના આંગણે કોડિયાનો દીવો મૂકવામાં ભારતીય માનવીને જે નૈસર્ગિક આનંદની અનુભૂતિ થતી હશે તે પેલા ઈલેકટ્રિક બલ્બના પ્રકાશથી પથરાતા અજવાળાથી થતી નહિ હોય અને તેથી તો આજે સેંકડો વર્ષથી સૂરજ-ચાંદો ઊગ્યા અને આથમ્યા છતાં માટીના કોડિયાના અજવાળાને માનવી નિરખે છે. અને એ પરંપરા અનુસાર ભારતીય પ્રજા પોતાના ગુણસંપન્ન રીતે ઉત્સવો ને તહેવારો ઉજવે છે અને આ ઊજવણીને જ 'ભારતીય પરંપરા' એવું સાર્થક નામ મળ્યું હશે અને આ સાત્વિક સંસ્કારોએ જ ભારતીય પ્રજાને જીવંત રહેવા દીધી છે અને આવી પરંપરાના સંદર્ભને કારણે ઉત્સવના આનંદમાં સદાય મસ્ત રહેનાર પ્રજા માટે 'ઉત્સવ પ્રિયા' જેવો સુવર્ણ શબ્દ કોતરાયો હશે. અને આ જ રીતે યજ્ઞો પણ વાતાવરણને શુદ્ધ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવતા હોય છે. વાતાવરણ માનવીના મનને અસર કરે છે તેવું આજના આધુનિક વિજ્ઞાને પણ સિદ્ધ કરેલું છે અને આજના વિજ્ઞાનના હેતુસર વિચારીએ તો પણ આપણા પૂર્વજોનું યજ્ઞ કે ઉત્સવોનું સંશોધન માનવીના વિચાર શુદ્ધિકરણ માટેનો એક ભાગ હશે તેમ વિચારવા લાલચ થાય છે અને તેથી આપણા શાસ્ત્રોમાં વિવિધ પ્રકારનાં કર્મો માટે યજ્ઞોનું આયોજન શાસ્ત્રીય રીતે કરેલું હશે. પણ કાળક્રમે તે શુદ્ધ શાસ્ત્રોની સરિતા વિદેશીઓના ધાર્મિક અને રાજકીય આક્રમણ આગળ ધીરે ધીરે સુકાવા લાગી અને યજ્ઞો અને ઉત્સવો એ 'જડ માણસોના કાર્યક્રમો છે' તેવા શબ્દધ્વનિના પડઘા શરૂ થયા અને ભારતીય શાસ્ત્રોક્ત યજ્ઞો અને ઉત્સવો ઉપર વિદેશીઓ તરફથી કુઠરાઘાત, અવળા પ્રચારોને કારણે અને અઢારમી સદીના મધ્યાંતર પછી શરૂ થયેલા એકધારા અંગ્રેજ શાસનકાળે આપણા સંસ્કારોના કરેલા અવમૂલ્યનથી યજ્ઞો અને ઉત્સવો લપાતા ગયા, સમયની કસોટીએ ઘસાતા ગયા તેમતેમ ધાર્મિક ભાવનાઓ ડગમગવા લાગી. આમ, આપણી પરંપરાને ઈરાદાપૂર્વક હાની પહોંચાડવાના આશયે જ કેળવણીના ખોરાકમાં ધાર્મિક આભડછેટનું ઈન્જેક્શન મારી તેને ધાર્મિક રીતે નષ્ટ-ભષ્ટ કરવાનું બૌદ્ધિક આયોજન અંગ્રેજ શાસને કર્યું હોવા છતાં ભારતીય સંસ્કારનાં મૂળ એટલાં ઊંડાં અને સ્થિર છે કે, તેને ઉચ્છેદવાં એ સહેલી વાત નથી એવું કેટલાક ઉજવાતા ઉત્સવોથી સાબિત થાય છે. અને એ ઉજવાતા ઉત્સવોમાં આછીપાતળી રીતે પણ આપણી તેજસ્વી પરંપરાનું દર્શન કરી શકીએ છીએ. ઉત્સવો વર્ષના એકધારા કામમાંથી માણસોને આનંદનો માહોલ પૂરો પાડે છે.

અને આમ ભારતીય પ્રજામાં, આ દેશની પરંપરામાં અડીખમ શ્રદ્ધા નિર્માણ કરવામાં યજ્ઞો અને ઉત્સવોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે અને ભારતની વિવિધ જ્ઞાતિઓમાં 'ખેડૂત' એ વિશેપ યજ્ઞકારક પ્રજા છે. તે સવારથી સાંજ સુધી ધરતી સાથે યજ્ઞક્રિયા કરતો જ રહે છે. સવારના સુપ્રભાતે ઊઠી પોતાનાં પ્યારાં પશુ-જાનવરોની ઉપર લાગણીસભર હાથ ફેરવી તે કર્મયજ્ઞની ક્રિયાનો પ્રારંભ કરે છે અને પછી તો તે ધરતીની માવજત, ધરતીની ખેડ, ખેડેલી ધરતીમાં બીજની આહૂતિ અર્પી, બીજની વૃદ્ધિ માટે વિવિધ પ્રકારની અર્પણ વિધિઓની ક્રિયાઓ એ સતત કરતો જ રહે છે અને તેથી ખેતી પણ એક પ્રકારનો સાત્ત્વિક યજ્ઞરૂપ છે. તેવી સદ્ભાવના સાથે ખેડૂતે પોતાનું પુરુપાર્થ સ્થળ કર્મ ક્રિયાકાંડ માટે ધરતીને પસંદ કરી છે. અને તે ધરતી સાથે એટલો બધો ઓતપ્રોત થયેલો છે કે, તેને બીજા અર્થમાં **'ધરતીપુત્ર'** એવી બહુમાન સૂચકવાળી પદવી પ્રાપ્ત થઈ છે. આવી પુરુપાર્થી અને ખમીરવંતી પ્રજાને કોઈ અપેક્ષાસહ પોતાનો હાથ લંબાવવાનો અવસર આવ્યો હશે તો તેણે પરમાત્મા સાથે લંબાવ્યો હશે, અને કંઈક માગણી માટે યાચના કરી હશે તો તે જગતપિતા પાસે કરી હશે. તેણે ઊંચી નજર કરી હશે તો તે આકાશ દેવતા સામે કરી હશે અને તેને નમન કરવાનો વખત આવ્યો હશે તો તે ધરતીમાતાને નમ્યો હશે. કારણ કે, તેને ઊઠવા, બેસવા કે ચાલવા વગેરેની તમામ પ્રકારની ક્રિયાનું ક્ષેત્ર ધરતીમાતા છે અને આવા **'ધરતીપુત્ર'** માટે **'કણબી પાછળ કરોડ, કણબી કોઈની પાછળ નહિ.'** તેવી ઉક્તિ ઘડાઈને લોકહૈયામાંથી બહાર આવી હશે. કારણ કે, આપવાના ઉમદા સંસ્કારપાઠ શીખીને તે જન્મ્યો અને તે કારણે કોઈ ધનલોભી વેપારીએ તેને 'સત્તર પંચા પંચાણું અને બે મુક્યા છૂટના, લાવો, પટેલ સોમાં બે ઓછા'નો હડહડતો ખોટો હિસાબ ગણાવ્યો હશે તો પણ તેવા ધનલોભી વેપારી સામે દલીલ કર્યા વગર બે હાથ જોડી વેપારીના હિસાબનાં નાણાં માથું નમાવી ધરી દીધાં હશે અને આવા ભોળા હૃદયના પટેલને છેતરીને ખંધો વેપારી બે ઘડી માટે મૂછમાં મલકાણો હશે, છતાં કાળના ક્રમ પ્રમાણે અને ઈશ્વરે ઘડેલા નિયમ મુજબ

આપનારો નહિ પણ ખોટું લેનાર જ હંમેશાં છેતરાતો હોય છે. આવા ભોળા હૃદયનો કણબી પટેલ સંજોગોવશાત્ કોઈ દિવસ કોઈના ઉપર ક્રોધે ભરાયો હશે તો પણ તેણે ઉમળકાથી સૂપડું ભરીને અનાજ સામા માણસને ધરી દેતાં અચકાયો નહિ હોય અને આવા કણબી-ખેડૂતની કહાની એટલે ભોળા હૃદયની ભાવિક કવિતા કહીએ તો અસ્થાને નથી અને આમ, કણબીના હૃદય સિંહાસનની પડખે હિંદુ સમાજની તમામ જ્ઞાતિઓ એકભાવથી ગૂંથાયેલી હતી. કણબી પટેલ એટલે બ્રાહ્મણને ભાવતો, પ્રજાપતિને પોસતો, વાળંદને વહાલ કરતો, સુથારને સાથ આપતો અને નાયક, ઘાંચી-મોચીને મન મમતાળી મા જેવો સૌનો સહૃદયી બનીને જીવતો અઢારે વર્ણનો પોષક આદમી એટલે કણબી ખેડૂત અને તેથી તો કોઈના હૃદયભાવે ગાયું હશે, **'રે ખેડૂત તું જગતનો તાત ગણાયો.'** આવો ભોળો કણબી-પટેલ સર્વજ્ઞાતિને મન પોષક હોવા છતાં તેના મનમાં કાંઈ લાલચની ભાવના નહિ, કોઈનું પડાવી લેવાની ઈચ્છા નહિ. કોઈને છેતરવાની છલના નહિ. વાડ વગરનાં ખુલ્લાં ખેતર અને ખરવાડ એના મોટા મનની નિશાનીઓના સાક્ષીઓ રહ્યાં છે. અને એ ફક્ત માનવીઓ પ્રત્યે જ પ્રેમ કરે છે તેમ નથી, પણ ચકલાંને ચણ, કૂતરાંને રોટલા અને સાધુબાવાના આયોજન માટે મહાદેવનો હિસ્સો એ ખરવાડમાંથી સીધો મોકલી દેતો. એવી ઉદાત ભાવના હોવા છતાં તેણે કુદરત પાસે ઝાઝી અપેક્ષાઓ રાખી નથી. એક મારવાડી કવિએ કણબી ખેડૂત માટે નીચેની ભાવના વ્યક્ત કરી છે :

નઈ મુજરી ખાટ કે ન ચ્યુ ટાપરી ; ભેંસ ડલ્યાં દો ચાર સે દૂઝ બાપડી,
બાજર રોદાં બાટ કે દહીં મેં ઓલણાં ; ઈતના દે કિરતાર કે ફિર નહીં બોલણાં.

(નવી મુંજની ખાટલી ને ચોમાસામાં ન ચૂએ એવી છાપરી અને ભેંસ વગેરે, બે-ચાર દૂઝણાં ને વાની દહીંમાં ખાવા માટે, હે કિરતાર તું આપી રહે એટલે અમારે કાંઈ દાદ-ફરિયાદ નથી.) બંદાના ફિરસ્તાનો કેવો મનોભાવ ! ફક્ત કુદરત ઉપર આધાર રાખતા માનવીની કેવી ભવ્ય તૃપ્તિ ! કોઈ પરિગ્રહ નહિ. આવા યોગીજન જેવો કણબી ખેડૂત તેના મોટા મનોભાવ અને મનની ઉદારતાથી ભરેલા કેટલાક સામાજિક રિવાજોનાં બંધનોથી બંધાઈ તે આર્થિક રીતે ઘસાતો જતો હતો. આપવા-વાપરવા પાછળ તેનું બે વિઘા જમીનનું ટૂકડું કાઢી નાખતાં સવારની સાંજ ન પડવા દે. ખાવા-ખવડાવવાની ભાવનામાંથી મરણોત્તર ક્રિયાઓના જમણવારો અને આપવાના મહાન ગુણોમાંથી દિકરા-દીકરીઓના અવસરો પાછળ ઘસાવાની વૃત્તિથી તે પૈસેટકે તૂટતો જતો હતો. તે આર્થિક રીતે લૂલા-લંગડા જેવી સ્થિતિની ચાલ ઉપર આવ્યો છતાં રિવાજોને તે પ્રિય ગણીને નભાવવા લાગ્યો. પણ ઓગણીસમી સદીના પ્રારંભે ભારતની પ્રજાના જૂની ચાલના ચીલા ભુસાવા લાગ્યા. હજારો વર્ષથી પૂર્વના વાયરા ખાતો માનવી પશ્ચિમના સુસવાટા મારતા ઠંડા પવનના ઝોકે ચડવા લાગ્યો અને પશ્ચિમના વાયરે ભારતીય પ્રજા નવા લેખાં, નવાં પલાખાં અને નવી નવી રીતોભાતો, વાતોમાં વણાવા લાગી અને અંગ્રેજી ભણતર અને નવી ઢબની રહેણીકરણીમાં તે ઓતપ્રોત થવા લાગ્યો અને આ નવા પશ્ચિમના પવનમાં પાટીદાર પણ બાકાત ન રહ્યો. તે પણ નવા ઘાટ અને ઘડતર તરફ વહેવા લાગ્યો. રાજકીય, ધાર્મિક અને સામાજિક વાતાવરણમાં નવાનવા પડઘાના પડઘમ પાટીદાર સમાજે પણ ઝીલવા માંડ્યા. તે રાજકીય ક્ષેત્રમાં પણ પ્રવેશ્યો, વેપારી ક્ષેત્રમાં પણ અગ્રણીય થયો અને નવાનવા ચીલા તે સાવધાનીપૂર્વક ચિતરી સૌની ચાલ પ્રમાણે તે પણ ચાલવા લાગ્યો.

આવો કડવો કણબી પાટીદાર ઉમિયા માતાજીના અઢારમી શતાબ્દી રજતજયંતી મહોત્સવનો ચરિત્ર નાયક રહ્યો છે. ઊંઝાના આંગણે ઉજવાઈ ગયેલા અઢારમી શતાબ્દી રજતજયંતી મહોત્સવે પાટીદાર જ્ઞાતિનું તેજ ઝળહળતું કર્યું છે. અઢારમી શતાબ્દી રજતજયંતી મહોત્સવે પાટીદાર જ્ઞાતિમાં નવો ઉત્સાહ, નવો ઉમંગ જન્માવ્યો છે. પશ્ચિમના નવા પવનમાંથી જન્મેલી ધાર્મિક ભાવના પ્રત્યેની જડતામાં ખોવાયેલી અસ્મિતા પુનઃ પ્રાપ્ત થઈ છે.

(૧૮મી શતાબ્દી મહોત્સવ ૧૯૭૬ના સ્મૃતિગ્રંથમાંથી સાભાર)

• • •

"મહા જાતિનો મહા મહોત્સવ"

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯

એક ઐતિહાસિક પ્રસંગ



– સીતારામભાઈ જો. પટેલ
ચેરમેન, પ્રચાર પ્રકાશન કમિટિ
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાએ તા. ૨૮-૧૧-૨૦૦૯ થી તા. ૨-૧૨-૨૦૦૯ સુધી ઉજવેલ મહોત્સવ અને સહસ્ત્રચંડી મહાયજ્ઞનો પ્રસંગ ધામધૂમથી અને રંગેચંગે સફળતાપૂર્વક પાર પડ્યો. આ મહોત્સવને ઐતિહાસિક, ભવ્ય, દિવ્ય, અભૂતપૂર્વ, ભવ્યાતિભવ્ય, યાદગાર, અવિસ્મરણીય જેવાં જે વિશેષણો આપો તે ખરેખર સાચાં છે.

આવો પ્રસંગ ઉજવવો અને સફળ બનાવવો એ પાટીદાર સમાજ માટે યશકલી સમાન છે. આ મહોત્સવની કેટલીક વિશેષતાઓ ધ્યાન ખેંચે તેવી છે.

આમતો સામાન્ય રીતે આ રજત જયંતી મહોત્સવ એ ૨૫ વર્ષે ઉજવાય, તેને રજત જયંતી કહેવાય પણ આ મહોત્સવ ૩૩ વર્ષે ઉજવાયો. કારણ કે જ્યાં સુધી ઊંઝા ગામ એક અવાજે ન થાય ત્યાં સુધી મહોત્સવ ન ઉજવાય. ૧૮મી શતાબ્દી મહોત્સવ ૧૯૭૬માં ઉજવાયો હતો. ખરેખર તેનો રજત જયંતી મહોત્સવ-૨૦૦૧માં યોજવો જોઈએ. તે માટે ઘણી મિટિંગો થઈ હતી, ચર્ચા-વિચારણાઓ પણ થઈ હતી. છતાં ઊંઝાનો એક રાગ તો આ વર્ષે ૨૦૦૯માં થયો અને આ ભવ્ય મહોત્સવ ઉજવાયો.

આ મહોત્સવ માટે ઊંઝાના પાટીદાર સમાજની, ઊંઝાની સર્વ જ્ઞાતિઓની, ઊંઝાની જાહેર તેમજ સરકારી સંસ્થાઓની તેમજ મહિલાઓની અલગ અલગ મિટિંગ કરવામાં આવી હતી. સર્વેએ પૂર્ણ સહકારની અને ગમે તે કામ જવાબદારીપૂર્વક અદા કરવાની ખાતરી આપી હતી.

આ મહોત્સવ માટે કારોબારી સભા અને જનરલ સભામાં ઠરાવો કરી કામગીરી શરૂ કરવામાં આવી હતી.

સૌ પ્રથમ પ્રચાર અને પ્રકાશન કમિટિ બનાવવામાં આવી હતી. આ કમિટિએ તેનું કામ છેલ્લા દોઢેક વર્ષથી સફળતાપૂર્વક પાર પાડ્યું હતું.

આ મહોત્સવની કામગીરીની શરૂઆતથી જ શુભ શુકન થતા હતા.

આ મહોત્સવનું આયોજન એક વર્ષ પહેલાંથી શરૂ થયું હતું. મહોત્સવની શરૂઆત તા. ૨૬-૫-૨૦૦૯ના રોજથી શરૂ થઈ હતી. આ દિવસે મહોત્સવના ધાર્મિક વિધિ-વિધાન માટે જુદા જુદા ૨૧ યજમાનશ્રીઓ ઉછામણીથી નિયુક્ત કરવાના હતા.

આ દિવસે માતાજીના વિસનગર રોડ પરના પ્લોટમાં ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો હતો. જેમાં પાણીના ફુવારાની વ્યવસ્થા હતી. જેથી ઉનાળાની મે મહિનાની ગરમીમાં પણ ઠંડક રહી હતી. લગભગ ૧૫,૦૦૦ની મેદનીએ સતત સાત કલાક બેસીને ઉછામણીમાં ભાગ લીધો હતો. ગુજરાતભરમાંથી લોકો આવ્યા હતા.

ઉછામણી પહેલાં ભોજનની વ્યવસ્થા હતી. ભોજન વ્યવસ્થા પણ ઉત્તમ હતી. સમારંભ બપોરે ૧૨-૩૯ કલાકે શરૂ થવાનો હતો. તે પહેલાં સર્વ ભોજન પ્રસાદ લઈ બેઠકે આવ્યા હતા. ઉછામણીની શરૂઆત સમયસર થઈ હતી. ઉછામણીમાં સૌથી મહત્વની મુખ્ય યજમાનની ઉછામણી રૂા. ૧,૨૫,૧૧,૧૧૧ - (અંકે રૂપિયા એક કરોડ પચ્ચીસ હજાર અગિયાર હજાર એકસો

અગિયારેમાં ઊંઝા નજીકના બ્રાહ્મણવાડા ગામના રહીશ શ્રી અમૃતભાઈ બબલદાસ પટેલે લીધી હતી. તે બાદ માતાજીના શિખર પરનો સોનેથી મઢેલ ધ્વજદંડ આરોપવાના યજમાનની ઉછામણી રૂપિયા ૬૫ લાખમાં સાબરકાંઠાના વતની શ્રી સી. કે. પટેલ જે અમેરિકા હતા તેમણે ફોન પર આ ઉછામણી લીધી હતી. સહસ્ત્રચંડી મહાયજ્ઞના બ્રાહ્મણ યજમાનની ઉછામણી શ્રી ઉમિયા માતાજીના પૂર્વ પૂજારી શ્રી ભવાની શંકર મહેતાના સુપુત્રી શ્રી વાસુદેવભાઈએ આ ઉછામણી રૂા. ૧૧,૧૧,૧૧૧/- અંકે રૂપિયા અગિયાર લાખ અગિયાર હજાર એકસો અગિયારમાં લીધી હતી. આમ બધા ૨૧ યજમાનોની ઉછામણી તે દિવસે સાંજે ૬-૩૦ વાગ્યા સુધી ચાલી હતી. બધી જ ઉછામણીઓમાં રૂા. ૪,૧૩,૦૦,૦૦૦/- રૂપિયા ચાર કરોડ તેર લાખ એકઠા થયા હતા.

માતાજીના કાર્યકર્તાઓ ખૂબ જ ખુશ હતા. મહોત્સવનો ઉછામણીનો પ્રથમ પ્રસંગ ધારણા કરતાંયે સારી રીતે પાર પાડ્યો હતો. સમાજે ખૂબ ઉમળકાભેર ભાગ લીધો હતો. બપોરથી સાંજ સુધી લોકોને ચા-પાણી, શરબત પીરસવાનું ચાલુ હતું. ચા-પાણી કમિટિએ ખડે પગે રહી લોકોને સેવા આપી હતી.

આ પ્રસંગે મહોત્સવના આચાર્ય નડિયાદના અગ્નિહોત્રી શ્રી શુકદેવજી મહારાજ જેઓ ૧૯૭૬માં ઉજવાયેલા ૧૮મી શતાબ્દી મહોત્સવના પણ મુખ્ય આચાર્ય હતા, તેમણે આશીર્વચન આપી પ્રસંગની શરૂઆત કરી હતી.

આ પ્રસંગ પછી ગુજરાતભરમાં પ્રચારની મિટિંગો યોજવામાં આવી હતી. સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર-દક્ષિણ ગુજરાતમાં ખૂબ મિટિંગો કરવામાં આવી હતી. લોકો તરફથી ખૂબ સારો પ્રતિભાવ મળતો હતો. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં પણ પ્રચાર અને પ્રકાશન કમિટિએ જોરદાર પ્રચાર કર્યો હતો. સર્વ જગ્યાએથી લોકો મહોત્સવમાં ઉમટી પડ્યા હતા.

આ પ્રસંગ પછી તા. ૨૨-૮-૨૦૦૯ના રોજ યજ્ઞની ભૂમિપૂજન અને પવિત્રીકરણનો કાર્યક્રમ સવારે ૭.૧૫ કલાકે હતો. સર્વ નિમાયેલા યજમાનો માટે ખાસ ઘોડાઓની બગીઓમાં બેસાડી શ્રી ઉમિયા માતાજીના મંદિરેથી યજ્ઞ સ્થળે રેલી કાઢી લઈ જવામાં આવ્યા હતા. બગીઓ પાછળ લગભગ ૧૦૦ કારની રેલી આખા ગામમાં ફરી યજ્ઞ સ્થળે પહોંચી હતી. આ વિધિ પત્યા બાદ મંદિરે આવી માતાજીના મુખ્ય ધ્વજદંડ સાથે અન્ય શિખરો પર પણ જુદા જુદા નક્કી થયેલા યજમાનો દ્વારા શાસ્ત્રોક્ત વિધિથી ધ્વજારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સવારે ૧૦.૦૦ વાગ્યાથી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી ચાલ્યો હતો. કાર્યક્રમપૂર્ણ થયા બાદ ભોજન પ્રસાદની વ્યવસ્થા હતી. સર્વએ પ્રસાદ લીધો હતો.

આ પ્રસંગે મંદિર પર વિમાન દ્વારા પુષ્પવૃષ્ટિ પણ કરવામાં આવી હતી. આ વિમાનના ભાડા પેટે એક ભાવિક જૈન ભાઈએ રૂા. ૯૧,૦૦૦/- ચૂકવ્યા હતા.

આ પ્રસંગ બાદ મહોત્સવની જુદી જુદી કમિટિઓએ પોતપોતાની કામગીરી ચાલુ કરી દીધી હતી. દિવસ-રાત મિટિંગોની હારમાળા ચાલતી હતી. સર્વનો ઉત્સાહ અનેરો હતો. શ્રી મહેન્દ્રભાઈ અને તેમની ટીમના માર્ગદર્શન નીચે શ્રી ઉમિયા નગરનું આયોજન થતું હતું. તેમની સાથે મિટિંગો થતી હતી. પ્રોજેક્ટના કાર્યક્રમની સીડી વિમોચન, ડાયરાનો કાર્યક્રમ થયો હતો.

ઊંઝા જેસીસ દ્વારા સહસ્ત્ર મશાલની "મા અમે તૈયાર છીએ"ના ભાવવાહી સૂત્રોચ્ચારોથી આખા ગામમાં રેલી કાઢવામાં આવી હતી. જેમાં ગુજરાત રાજ્યના પ્રધાનો હાજર હતા. આ રેલી બાદ જીમખાના મેદાનમાં ઊંઝાના ઈતિહાસમાં પ્રથમવાર અંદાજે ૨૫,૦૦૦ની મેદની સાથે શ્રી ભીખુદાન ગઢવીની આગેવાનીમાં ભવ્ય ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું.

બીજી બાજુ ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાઓમાં 'ચેતના જ્યોતિરથ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રથનું ગામે ગામ જોરદાર સ્વાગત થતું હતું. લોકો મામય બની ગયા હતા. પ્રચાર અને પ્રકાશન કમિટિ દ્વારા આ આયોજન થયું હતું. જેમાં કમિટિ સભ્યો ઉપરાંત ઊંઝાના દરસાલ નીકળતા પગપાળા સંઘોના કાર્યકર્તાઓએ રથ સાથે રહી લોકોમાં ધાર્મિક માહોલ અને ચેતના જગાવી હતી. રથના રાત્રિ રોકાણની જગ્યાએ ધર્મ સભાનું આયોજન થતું હતું. ઊંઝાથી આગેવાનો ત્યાં પહોંચી જતા હતા.

આ મહોત્સવ માત્ર કડવા પાટીદારનો ન હતો. મા ઉમિયા આદ્યાશક્તિ જગતજનની છે. ભગવાન સદાશિવ શંકરના અર્ધાંગિની છે. જેથી મા ઉમિયા સમાજના દરેક વર્ગની માતા છે. કડવા પાટીદારોની કુળદેવી હોવાથી તેમને મા પ્રત્યે વિશેષ મમતા હોય તે સ્વાભાવિક છે. મા ઉમિયા સમાજના પાટીદાર સિવાયના પણ ઘણા લોકોની કુળદેવી છે.

મહોત્સવના આયોજન માટે જુદી જુદી નીચે મુજબની કમિટિઓ બનાવવામાં આવી હતી.

૧. ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ કમિટિ ૨. સરભરા કમિટિ ૩. નાણાં કમિટિ ૪. પ્રચાર અને પ્રકાશન કમિટિ ૫. ઉતારા કમિટિ ૬. મંડપ ડેકોરેશન કમિટિ ૭. સ્વયંસેવક કમિટિ ૮. સલામતિ - બંદોબસ્ત કમિટિ ૯. યજ્ઞ સેવા કમિટિ ૧૦. દર્શન વ્યવસ્થા કમિટિ ૧૧. ભોજન - રસોડા કમિટિ ૧૨. સફાઈ સ્વચ્છતા - સેનિટેશન કમિટિ ૧૩. વાહન-વ્યવહાર અને પાર્કિંગ કમિટિ ૧૪. ચા-પાણી વ્યવસ્થા કમિટિ ૧૫. મેડીકલ સેવા કમિટિ ૧૬. પ્રસાદ કમિટિ ૧૭. પાણી પુરવઠા કમિટિ ૧૮. વિદ્યુત વ્યવસ્થા કમિટિ ૧૯. માહિતી પુછપરછ કમિટિ ૨૦. સરકારી સંકલન કમિટિ ૨૧. સાંસ્કૃતિક-સંસ્કાર કમિટિ ૨૨. મહિલા સેવા કમિટિ ૨૩. ગ્રામસેવા સંકલન કમિટિ ૨૪. જમીન સંપાદન કમિટિ ૨૫. શ્રી ઉમા બાળનગરી કમિટિ ૨૬. સાંસ્કૃતિક પ્રદર્શન કમિટિ ૨૭. ઔદ્યોગિક-વાણિજ્ય-કૃપિ સ્ટોલ કમિટિ ૨૮. સોવેનિયર કમિટિ ૨૯. હેલિકોપ્ટર ફૂલવર્ષા કમિટિ.

આ સર્વે કમિટિઓએ પૂર્ણ જવાબદારીપૂર્વક પોતાની સેવાભાવના પૂર્ણ કરી પ્રસંગને શોભાવ્યો છે.

આ મહોત્સવના આયોજનમાં મહત્ત્વપૂર્ણ ફાળો શ્રી મહેન્દ્રભાઈ એસ. પટેલ જેઓ ઊંઝાના વતની અને અમદાવાદ મ્યુ.માં ડેપ્યુટી કમિશ્નર છે, તેમણે તેમની ટીમ સાથે આપ્યો હતો. મહેન્દ્રભાઈએ આ મહોત્સવને ખાસ ઉમિયાનગરનું આયોજન કરી ભવ્યતા આપી. જો તેમણે આ આયોજન ન કર્યું હોત તો, કદાચ આવી વ્યવસ્થા ના જળવાઈ હોત. માતાજીના મંદિર પરિસર આસપાસ ચીલાચાલુ આયોજન કરી પ્રસંગ પૂરો થાત અને આવો આંતરરાષ્ટ્રીય, ઐતિહાસિક અને ભવ્ય મહોત્સવ ના થઈ શક્યો હોત. આ મહોત્સવમાં પધારેલ અંદાજે ૫૫ થી ૬૦ લાખ ભાવિકો પણ આવ્યા ના હોત. આથી તેમને આ મહોત્સવના પ્રોજેક્ટ ચેરમેન બનાવવામાં આવ્યા હતા. તેમણે ખૂબ જ રસથી આ કામ પૂર્ણ કર્યું હતું.

આજ રીતે આ મહોત્સવને ભવ્યતા પ્રદાન કરનાર બીજી વ્યક્તિ છે આ વિસ્તારના ધારાસભ્ય અને ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનશ્રી નારાયણભાઈ પટેલ. તેમની ફંડ મેળવી આપવાની મહેનતથી આ મહોત્સવને ચાર ચાંદ લાગી ગયા છે. તેમણે સ્પોન્સરરો, પ્લોટ હોલ્ડરો તથા દાતાઓનો રાત-દિવસ જોયા વગર સંપર્ક કરી મહોત્સવના દિવામાં તેલ પૂરવાનું કામ કર્યું છે. એમણે જો આ જવાબદારી ના નિભાવી હોત તો આ મહોત્સવને આટલી ભવ્યતા ન મળત. શ્રી નારાયણભાઈએ ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવના ચેરમેનની જવાબદારીથી મહોત્સવની દરેક કમિટિને માર્ગદર્શન આપ્યું, સાથે સાથે નાણાં કમિટિના હોદ્દેદારોને સતત સાથે રાખી ગુજરાતભરમાંથી ફંડ એકઠું કરવા દાતાઓનો સંપર્ક કરી સારું એવું ફંડ એકઠું કરી મહોત્સવના આધારસ્તંભ બન્યા. તેમણે ગુજરાત સરકારનો પણ પૂર્ણ સહકાર મેળવી આપવાનું મહત્ત્વનું કામ કર્યું છે. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તો સ્પષ્ટ કહ્યું હતું કે "નારણકાકા જે કહેશે તે અમારે કરવાનું છે." સરકારના દરેક મંત્રીશ્રીઓ અને દરેક ખાતાના અધિકારીશ્રીઓએ પણ સંપૂર્ણ સહકાર આપ્યો હતો.

એસ. ટી. નિગમે ગુજરાત ભરમાંથી એસ.ટી.ઓ ઊંઝા દોડાવવાનો આદેશ કર્યો હતો. રોડ, રસ્તાઓ પહોળા કરવા, નવા કરવા અને તકલીફ ના પડે તે રીતે તૈયાર કર્યા હતા. પાણી પુરવઠા માટે ટાંકીઓ અને પુરવઠો પૂરો પાડ્યો હતો. વિજ કંપનીએ જરૂર પ્રમાણે વીજળી પૂરી પાડી હતી. ઊંઝા મ્યુ.ને મહોત્સવ માટે બે કરોડ રૂપિયાની તાત્કાલિક ગ્રાન્ટ મંજૂર કરી ફાળવ્યા હતા, જેથી ઊંઝા વિસ્તારમાં બધા રોડ નવા થયા તેમજ અન્ય જરૂરી સેવાઓ ઉપલબ્ધ બની શકી. મહોત્સવના મુખ્ય દરવાજાની આગળ હાઈવે ક્રોસ થઈ શકે તે માટે હાઈવે પર લોખંડનો ઓવર બ્રીજ તાત્કાલિક ઊભો કરવામાં આવ્યો હતો.

સરકારના દરેક ખાતાના પ્રધાનો મહોત્સવમાં હાજર રહ્યા હતા. આ રીતે શ્રી નારણભાઈએ પણ મહોત્સવના ચેરમેનશ્રીની જવાબદારી પૂર્ણ નિષ્ઠાથી નિભાવી છે.

આ મહોત્સવ ઉજવવા માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાને જેમને ખાસ જવાબદારી સોંપેલી તે મહોત્સવના કન્વીનરશ્રી મણિભાઈ મમ્મી મહોત્સવના શિલ્પી ગણી શકાય. છેલ્લા ૩૫ વર્ષથી જેઓએ મા ઉમિયાને સમર્પિત રહી આ સંસ્થાનની જે સેવા કરી છે, તે ખરેખર અમૂલ્ય છે. ૧૮મી શતાબ્દી મહોત્સવ-૧૯૭૬ વખતે પણ તેઓએ પ્રચાર અને પ્રકાશન કમિટિના ચેરમેન તરીકે આખા મહોત્સવને સફળ બનાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. તેથી જ આ મહોત્સવમાં પણ તેમને કન્વીનરશ્રીની મુખ્ય જવાબદારી સોંપી હતી. જે તેમણે સફળતાપૂર્વક પાર પાડી છે. પાટીદાર સમાજના અગ્રણી તરીકે સર્વે જગ્યાએ છવાઈ ગયા છે. મહોત્સવ દરમિયાન તેમણે ગુજરાતમાં અને દુનિયાભરમાં રૂબરૂ અને ફોન પર સંપર્ક કરી આ મહોત્સવમાં સર્વને જોડવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેઓ પણ આ મહોત્સવના આધારસ્તંભ રહ્યા છે.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના વર્ષોથી પ્રમુખપદે રહી તેમની દીર્ઘદૃષ્ટિ અને સમય પારખવાની આગવી સૂઝથી આ સંસ્થાને ભારતભરમાં અગ્રસ્થાને લાવી મૂકી છે તેવા શ્રી કેશુભાઈ શેઠ જેઓ પાટીદાર સમાજના મોભી તરીકે હર જગ્યાએ સન્માનનીય છે, તેઓનું આ રજત જયંતી ઉજવવાનું એક સ્વપ્ન હતું જે સાકાર થતાં ખુશ છે.

સંસ્થાના અન્ય હોદ્દેદારશ્રીઓમાં મંત્રીશ્રી નથુભાઈ, સહમંત્રીશ્રીઓ શ્રી દશરથભાઈ, શ્રી અંબાલાલ ચારી તથા શ્રી જયંતીભાઈ, ટ્રસ્ટીશ્રી જીવરામભાઈ, ઓડિટરશ્રીઓ શ્રી પ્રહ્લાદભાઈ અને શંકરભાઈ, ખજાનચીશ્રી નટવરલાલ અને ચીમનલાલ સર્વેએ રાત-દિવસ જોયા સિવાય અવિરત રીતે મહોત્સવના ચિંતનથી મહોત્સવ માટે યોગ્ય માર્ગદર્શન આપી સફળ બનાવ્યો છે. ચાણસ્માના પૂર્વ ધારાસભ્યશ્રી વિક્રમભાઈએ જ્યોતિરથ અને ઉચ્ચ શિક્ષણ સહાયથી સર્વ સાથે સંપર્કમાં રહી મહોત્સવ સફળ બનાવવા મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

મહોત્સવની દરેક કમિટિએ પોતપોતાની જવાબદારી પૂરી નિષ્ઠાથી બજાવી છે.

પ્રચાર અને પ્રકાશન કમિટિએ ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં સભાઓ યોજી પ્રચાર કર્યો હતો. આ કમિટિએ 'કડવો ત્યાં કંકોત્રી' અભિયાન ચલાવ્યું. કમિટિના પાંચ સભ્યોએ છેલ્લા બારમાસથી ખૂણે ખૂણેથી કડવા પાટીદારના પરિવારોનું સંશોધન કરી, આખા કડવા પાટીદાર સમાજના પરિવારોની યાદી તૈયાર કરવાનું ભગીરથ કામ કર્યું, જેથી દરેક જગ્યાએ માતાજીની કંકોત્રી સાથે માતાજીનું યંત્ર, કંકુ-ચોખાની બે પડીઓ સાથે પહોંચાડ્યું. એટલું જ નહીં પરદેશોમાંથી પણ યાદી મેળવી કંકોત્રીઓ પહોંચાડી. આ કમિટિની અન્ય ટુકડીએ ઉત્તર ગુજરાતના પાંચ જિલ્લાઓમાં 'ચેતના જ્યોતિરથ' ફેરવ્યો અને માતાજીનો સંદેશો ઘેર ઘેર પહોંચાડ્યો. સાથે સાથે ટી.વી. માધ્યમો, ચેનલો, છાપાઓ, સામાયિકો દ્વારા મહોત્સવનો ખૂબ પ્રચાર કર્યો. હોર્ડીંગ્ઝ, બેનર, ચોપાનીયાં તો ઢગલાબંધ તૈયાર કરી પ્રચાર કર્યો. આ કમિટિની સક્રિયતાથી મહોત્સવમાં ૫૫ થી ૬૦ લાખ ભાવિકો ઉમટી પડ્યા, જેમાં સોરાષ્ટ્ર, કચ્છ, મધ્યપ્રદેશ, રાજસ્થન અને યુ.પી. થી પણ આવ્યા હતા.

સ્વયંસેવક કમિટિના સ્વયંસેવકોએ પોતાની ફરજ ગમે તેવા સંજોગોમાં ખૂબ વિવેક અને શાંતિથી નિભાવી સર્વેની વાહ વાહ મેળવી છે. આ મહોત્સવમાં બહેનોએ કામગીરીમાં પ્રથમ ભાગ લીધો હતો. બહેનોએ કંકોત્રીઓ તૈયાર કરવામાં અને રસોડામાં લાડુ તૈયાર કરવાથી પીરસવા સુધી, યજ્ઞમાં તેમજ દર્શન વ્યવસ્થામાં સ્વયંસેવકો તરીકે ઉત્તમ સેવા આપી હતી.

રસોડા કમિટિએ રસોઈની સુંદર વ્યવસ્થા કરી હતી. થ્રેસરથી લાડુ બનાવ્યા. જમવામાં કોઈને કંઈ તકલીફ ન પડે, તેની ખાસ કાળજી રાખી હતી. આ રસોઈ ગમે તેટલી વાપર્યા છતાં વધી પડી તેથી અનુભવ થયો કે મા ઉમિયા અન્નપૂર્ણા છે. ગોળ, ચોખા, તેલ, ઘી, દાળ બધુ જ સીધુ વધી પડ્યું. મહોત્સવના બીજા દિવસે આખા ઉમિયા તાલુકાને જમણ આપ્યું છતાં લાડુ વધ્યા. આ લાડુ છેક અમદાવાદ સુધીની કન્યા છાત્રાલયોને પહોંચાડવામાં આવ્યા. વધેલી બુંદી ગામમાં પ્રસાદ તરીકે વહેંચવામાં આવી.

રસોડા માટે સૌરાષ્ટ્રમાંથી ૧૨૦૦ ડબા તેલ, પાલનપુરના મુસ્લિમ પરિવારે ૧૦૧ ડબા તેલ કોઈપણ ચાર્જ વગર આપ્યાં. શાકભાજી તો એટલું આવ્યું કે વિનંતીસહ ના પાડવી પડી. કોઈએ ઈલાયચી, કોઈએ કેસર, કોઈએ બળતણના લાકડા મોકલી આપ્યાં. મા ઉમિયા સાચા અર્થમાં અન્નપૂર્ણારૂપે પ્રગટ થયાં.

આ રીતે મહોત્સવ દરમિયાન મહેમાનોની સરભરામાં પણ સરભરા કમિટિએ ઉત્તમ કામ કર્યું.

ઉતારા કમિટિએ ઊંઝા અને આજુ બાજુના વિસ્તારોમાં ઉતારાની સરસ વ્યવસ્થા કરી હતી. સોલા કેમ્પસમાં એન. આર. આઈ. અને દૂરથી આવતા મહેમાનોની સગવડ હતી. મધ્યપ્રદેશના મહેમાનો માટે ગણપત વિદ્યાનગરમાં વ્યવસ્થા હતી. સૌરાષ્ટ્ર માટે બહુચરાજીમાં અને કચ્છ માટે સિદ્ધપુરમાં વ્યવસ્થા હતી. આ સિવાય પણ મહેસાણા, પાટણ, વિસનગર, વિજાપુર, કોબા જેવા નગરોએ મહેમાનોની સારી વ્યવસ્થા કરી હતી. ઊંઝાના ગંજબજારમાં તમામ વેપારીઓએ પોતાની દુકાનોમાં મહેમાનોની વ્યવસ્થા કરી હતી. અંદાજે વીસેક હજાર મહેમાનોને ત્યાં ઉતારો આપ્યો હતો.

આ રીતે સલામતી બંદોબસ્તની વ્યવસ્થા પણ સુંદર હતી.

યજ્ઞ કમિટિએ યજ્ઞના યજમાનો અને બ્રાહ્મણોની સારવાર અને યજ્ઞના કામમાં ઉત્તમ સેવા આપી હતી. દર્શન-વ્યવસ્થા માટે પણ આ કમિટિએ એવું આયોજન કર્યું હતું કે કોઈને દર્શન માટે કોઈ તકલીફ ન પડે.

સફાઈ સ્વચ્છતાની પણ સરસ વ્યવસ્થા થઈ હતી.

કોઈને કોઈપણ વાહનના પાર્કિંગમાં કોઈ અગવડ ન પડે તેવી, વાહન વ્યવહારને પાર્કિંગ કમિટિએ વ્યવસ્થા કરી હતી.

જરૂર પ્રમાણે ચા-પાણી મળતી રહે તેવી વ્યવસ્થા ચા-પાણી કમિટિએ કરી હતી. આ કમિટિને કોરી ચા અને તેના કપનું જીવરાજની ચા વાળાએ યોગદાન આપ્યું હતું.

મેડીકલ સેવા કમિટિએ રક્તદાન કેમ્પ યોજી ૧૧,૭૦૦ બોટલ રક્ત એકઠું કર્યું હતું.

પ્રસાદ કમિટિએ દરેક ભાવિકને માતાજીનો પ્રસાદ મળી રહે તેવી વ્યવસ્થા કરી હતી.

પાણી પુરવઠા અને વિદ્યુત વ્યવસ્થા કમિટિઓએ સરકારની એજન્સીઓ સાથે સંકલન રહી સરસ વ્યવસ્થા કરી હતી.

યાત્રીને કોઈ મુશ્કેલી ના પડે તે રીતે માર્ગદર્શન માટે માહિતી પૂછપરછ કમિટિએ નકશા અને માર્ગદર્શનનાં હોર્ડીંગની અને જુદા જુદા કેન્દ્રોની વ્યવસ્થા કરી હતી.

સરકારી સંકલન કમિટિએ સતત સરકારી એજન્સીઓના સંપર્કમાં રહી સરસ કામગીરી બજાવી હતી.

ગ્રામસંકલન કમિટિના સભ્યોએ ઊંઝાના કાર્યકર્તાઓ સાથે મળીને તમામ કામગીરી બજાવી હતી. ગામેગામથી લોકોને ઊંઝા લાવવાની પણ વ્યવસ્થા કરી હતી.

જમીન સંપાદન કમિટિએ ઊંઝાના ઉમિયા નગરના નિર્માણની ૫૦૦ વીઘા જમીનના ખેડૂતો સાથે સંપર્ક કરી દરેક ખેડૂતની જમીનનું સંપાદન કર્યું હતું. ખેડૂતોએ પોતાનો બે સિઝનનો પાક જતો કરી જમીન આપી હતી.

મહિલા સેવા સમિતિ : આ મહોત્સવમાં દરેક કમિટિમાં બહેનોએ કરેલ કામગીરીની નોંધ લીધા સિવાય ચાલે તેમ નથી.

શ્રી ઉમિયા બાળનગરી એ ઉમિયાનગરમાં બાળકો માટે આકર્ષણનું કેન્દ્ર હતું. તેની પણ સુંદર વ્યવસ્થા હતી.

સાંસ્કૃતિક પ્રદર્શન મહોત્સવનું એક વિશેષ આકર્ષણ હતું. પાટીદાર સમાજનો ભૂતકાળ અને આજને ઉજાગર કરતું પ્રદર્શન જીવંત લાગતું હતું. તેમાં સમાજનો પહેરવેશ, દાગીના, ઓજારો, રાચરચીલું, ખેતીનાં સાધનો વગેરે પ્રદર્શિત થયાં હતાં. પાટીદારોની ઉત્પત્તિની ગાથા પણ સચિત્ર રજૂ થઈ હતી.

આ મહોત્સવમાં સરકારી અભિયાન રજૂ કરતાં ઔદ્યોગિક, વાણિજ્ય અને કૃષિ પ્રદર્શનોમાં સ્ટોલની વ્યવસ્થા હતી. તે પણ ઉત્તમ વ્યવસ્થા હતી. તેમાંથી આવક પણ સારી થશે.

સોવેનિયર કમિટિએ ગુજરાતભરમાં ફરી ફરીને શુભેચ્છા જાહેરાતો મેળવી એક સોવેનિયર બનાવવાનું આયોજન કર્યું છે.

આમ મહોત્સવની દરેક કમિટિઓએ ઉત્તમ કામ કરી મહોત્સવને સફળ બનાવ્યો છે.

આ ઉપરાંત સહસ્ત્રચંડી મહાયજ્ઞ અને માતાજીના મંદિરે હેલીકોપ્ટર દ્વારા પુષ્પવર્ષાનો કાર્યક્રમ પણ પાંચે દિવસ હતો.

માતાજીને મહોત્સવના પાંચે દિવસ પહેરાવેલી ખાસ તૈયાર કરેલી સાડીઓ પણ ભાવિક ભક્તો ઉછામણી કરી લઈ ગયા.

શ્રી ઉમિયા નગરની ભવ્યતા અને ક્ષતિશૂન્ય આયોજન દાદ માગી લે તેવું હતું. ઉમિયા નગરમાં મા ઉમિયાનું મંદિર અને માની મૂર્તિ, અલૌકિક અને આકર્ષણીય હતાં. યજ્ઞ સ્થળમાં યજમાનોની આરાધના અને વૈદિક મંત્રોની પવિત્રતાથી ઉમિયા નગરનું વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.

ગુજરાત સરકારના સામાજિક આયોજનો, ડ્રીપ ઈરીગેશનનો સંકલ્પ, નાના-મોટા ઉદ્યોગ સાહસિકોને માર્ગદર્શન, કૃષિ પ્રદર્શન, શૈક્ષણિક સેમિનારો, રક્તદાનમાં ૧૧૭૦૦ બોટલ રક્ત એકત્રિત કરાયું, સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવાના સંકલ્પ વગેરે સરકારી એજન્સીઓના માર્ગદર્શનથી કરવામાં આવ્યું.

પાટીદાર ગૌરવગાથાનું પ્રદર્શન સાચા અર્થમાં અતિત ગૌરવ બની રહ્યું.

રસોડામાં સર્વને પ્રેમથી જમાડવાની વ્યવસ્થા અને સ્વયંસેવકોની ભક્તિભાવથી સેવા સરાહનીય હતી.

ઉમિયા નગરમાં સુંદર રસ્તા, લાલ-લીલી નેટ લગાવી ભવ્ય બનાવ્યા હતા. બાળનગરી, રસોડા વિભાગ, જુદા જુદા પ્રદર્શનોના વિભાગ, યજ્ઞ સ્થળ અને યજ્ઞ દર્શનની વ્યવસ્થા જુદી જુદી પાર્કિંગ વ્યવસ્થાઓથી સર્વે અચંબિત થઈ ગયાં હતાં. ૫૫ થી ૬૦ લાખ ભાવિકોએ ખભે-ખભો મિલાવી મહોત્સવને મોકળાશથી માણ્યો.

વી.આઈ.પી. કક્ષમાં યોગ્ય મહેમાનોને માન સન્માન સાથે સરભરા કરવામાં આવી હતી. વી.વી.આઈ.પી. કક્ષમાં ગુજરાત સરકારના મંત્રીશ્રીઓ અને અન્ય સન્માનનીય મહેમનોની પણ યથાયોગ્ય સરભરા થતી હતી.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાનની વહિવટી ઓફિસ પણ ત્યાં જ હતી. આકસ્મિક સમયમાં ખાસ મિટિંગો માટે અને આખા મહોત્સવની કામગીરી પર નજર રાખવા માટે ખાસ મિટિંગ કક્ષ પણ હતો.

પર્યાવરણના અભિયાન માટે તિરૂપતિ ફાઉન્ડેશન, વિસનગર દ્વારા જુદા જુદા ૪.૫ લાખ રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવ ૨૧મી સદીને અનુરૂપ હોઈ ટેક્નોલોજીનો ઉપયોગ કરી આયોજવામાં આવ્યો હતો.

એક લાખ માણસો સમાઈ શકે તેવું અત્યાધુનિક ઓડીટોરીયમ બનાવવામાં આવ્યું હતું. તેના વિશાળ સ્ટેજ પરથી રોજેરોજના કાર્યક્રમો રાત્રે પ્રસારિત થતા હતા.

પ્રથમ દિવસ તા. ૨૮-૧૧-૨૦૦૯ના રોજ આ મહોત્સવનું ઉદ્દઘાટન ગુજરાત રાજ્યના મા. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થયું. જેમાં ભાજપ પ્રદેશ પ્રમુખ અને સાંસદ શ્રી પુરષોત્તમભાઈ રૂપાલા, મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, શહેર વિકાસ અને પાણી પુરવઠા મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ હાજર હતા. યજમાનો અને પાટીદાર શ્રેષ્ઠીઓ તેમજ દાતાઓ હાજર હતા. રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં શ્રી કપિલ શુક્લ કૃત 'પાટીદાર ગૌરવગાથા' રજૂ થઈ હતી.

બીજા દિવસે તા. ૨૯-૧૧-૨૦૦૯ના રોજ ગુજરાત રાજ્યના પંચાયત અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી નરોત્તમભાઈ પટેલ, કૃષિ સહકાર મંત્રીશ્રી દિલીપભાઈ સાંગાણી તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષશ્રી સિદ્ધાર્થભાઈ પટેલ હાજર હતા. રાત્રે અનુરાધા પોંડવાલ, સાંઈરામ દવેનો કાર્યક્રમ હતો.

ત્રીજા દિવસે તા. ૩૦-૧૧-૨૦૦૯ના રોજ ગુજરાત રાજ્યના ગૃહમંત્રી તથા વાહનવ્યવહાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ, ઉદ્યોગ, નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલ તથા રાજ્ય વિરોધપક્ષના નેતા કોંગ્રેસના શ્રી શક્તિસિંહજી ગોહિલ હાજર હતા. રાત્રે લોકગીતો અને ડાયરો હતો.

ચોથા દિવસે તા. ૧-૧૨-૨૦૦૯ના રોજ ગુજરાત રાજ્યના આરોગ્ય અને પ્રવાસન મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસ તથા મહેસાણાના સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલ તથા કોંગ્રેસી માજી નાયબ મુખ્યમંત્રીશ્રી નરહરિભાઈ અમીન તથા સૌરાષ્ટ્ર-કચ્છના પાટીદાર આગેવાનો હાજર હતા. રાત્રે સ્મૃતિ ઈરાની કૃત 'મુક્તિધામ' નાટક હતું.

પાંચમા અને છેલ્લે દિવસે તા. ૨-૧૨-૨૦૦૯ના રોજ ગુજરાત રાજ્ય ભાજપના માજી મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ, ગુજરાત રાજ્ય ટુરિઝમ કોર્પોરેશનના ચેરમેનશ્રી કમલેશ પટેલ, શ્રી કૌશિકભાઈ પટેલ - માજી મહેસૂલમંત્રી તથા સિદ્ધપુરના ભૂતપૂર્વ ધારાસભ્ય કોંગ્રેસના શ્રી બળવંતસિંહ રાજપૂત હાજર હતા. રાત્રે લોકનૃત્ય, રાસ-ગરબા, મહાઆરતી અને આતશબાજીનો ભવ્ય પ્રોગ્રામ હતો.

આ ઉપરાંત રોજ રોજ દાતાઓના સન્માનનો કાર્યક્રમ પણ રહેતો. આમ રોજ રાત્રે અને દિવસે ભરચક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાએ આ વખતે એક વિશેષ વિચાર અમલમાં મૂક્યો હતો - અત્યાર સુધીમાં શ્રી ઉમિયા માતાજી પરિસરમાં કોઈપણ દાતાનું નામ લખવામાં આવ્યું નથી. આ મહોત્સવમાં એવું નક્કી કરવામાં આવ્યું કે જે દાતા રૂા. ૧૧ લાખ કે તેથી ઉપરનું દાન આપશે, તેનું નામ માતાજીના પરિસરમાં મૂકવામાં આવશે.

આ મહોત્સવ દરમિયાન ગુજરાતભરમાંથી જુદી જુદી જગ્યાઓએથી પગપાળા સંઘો પણ માતાજીનાં અને યજ્ઞનાં દર્શને આવ્યા હતા. વિસનગર, મહેસાણાના મોટા સંઘો હતા. અમદાવાદથી મોટરબાઈક રેલી યોજાઈ હતી. જેમાં ૩૫૦૦ સવારો પોતાની મોટરબાઈક લઈ આવ્યા હતા. રાજકોટથી ૨૦૦ સાયકલ સવારોની રેલી આવી હતી.

આ મહોત્સવની ભવ્યતા કલ્પનાતીત હતી. જાણે એક સ્વપ્ન બની ગયું.

આ ઐતિહાસિક મહોત્સવની દુનિયાભરના લોકોએ નોંધ લીધી. આવા ૫૦ થી ૬૦ લાખ માનવ મહેરામણના મહોત્સવનું આયોજન પાટીદાર સમાજ જ કરી શકે, તેમાંએ ઊંઝા જ કરી શકે, તેવી લોકમુખે બિરદાવલી થતી હતી.

- આ મહોત્સવથી પાટીદાર એકતા અને સંગઠનને બળ મળ્યું.
- મા ઉમિયાનો ભક્તિભાવ વધ્યો.
- પાટીદાર સમાજની શક્તિ ક્ષમતા ઉજાગર થઈ.
- આ મહોત્સવે ઈતિહાસ રચ્યો અને ઈતિહાસ રચનારા સમાજના અગ્રસ્થાને રહી અન્ય સમાજોને પ્રેરણાદાયી બન્યા.
- સમાજ ચિંતન અને ઉત્થાનનો ધ્યેય પુષ્ટ થયો.
- રાજકીય ક્ષેત્રે પણ પાટીદારની ઉપેક્ષા ન થઈ શકે તેની નોંધ લેવાઈ.
- કૃષિ, ઉદ્યોગ અને શિક્ષણ વિકાસ માટે અગ્રતાક્રમે હોય તે સંદેશ બન્યો.
- મા ઉમિયાના આશીર્વાદ ડગલે ને પગલે જોવા મળ્યા.
- પાંચ દિવસનો મહાકુંભ થયો. માનવ મહેરામણ ઊભરાયો.
- પાટીદાર સમાજનો જાગૃતિ અને સંસ્કાર યજ્ઞ સાબિત થયો.
- આ મહોત્સવની દૂરગામી અસરો વિકાસની કેડી કંડારશે અને પાટીદાર મહાજાતિ પ્રસ્થાપિત થશે.

આ પ્રસંગે જ્ઞાતિ સમરસતાનાં દર્શન થયાં. ઊંઝાની તો દરેક જ્ઞાતિઓ આ પ્રસંગને પોતાનો સમજી કામગીરીમાં જોડાઈ ગઈ હતી. સાથે સાથે સર્વએ દાનનો પ્રવાહ પણ વહેવડાવ્યો હતો. ઊંઝાના એક હરિજન ભાઈએ રૂપિયા એક લાખ અગિયાર હજાર અગિયારનું દાન નોંધાવ્યું હતું. પાલનપુરના મુસ્લિમ વેપારીભાઈએ ૧૦૧ ડબા તેલ દાનમાં આપ્યા હતા. સુરતના મુસ્લિમ વેપારીઓએ લગભગ બે લાખનું દાન અને અન્ય જ્ઞાતિઓએ લગભગ ૮૦ લાખનું દાન આપ્યું હતું. મુંબઈના ખ્યાતનામ આગાખાન બેન્ડે મહોત્સવના પ્રથમ દિવસે પોતાના યુનિફોર્મમાં સજ્જ બની બેન્ડની સુરાવલિઓ ભક્તિસભર રીતે કોઈ પણ ચાર્જ લીધા વિના રેલાવી હતી. ઊંઝાની બાજુના ઉનાવા ગામ કે જે દુનિયાભરની મુસ્લિમકોમનું મીરા દાતારનું મુખ્ય યાત્રાધામ છે. તે ઉનાવાના મુસ્લિમ બિરાદરોએ માતાજી સંસ્થામાં આવી ઉનાવાનાં તેમનાં જેટલાં ગેસ્ટ હાઉસો છે, તે બધાને

 પવિત્ર બનાવી મહોત્સવના યાત્રીઓના ઉતારા માટે સુવિધા આપી હતી. ઊંઝા આજુબાજુના ભાંખર, દાસજ વગેરે ગામોના મુસ્લિમ ભાઈઓએ પણ રૂબરૂ આવી પૂર્ણ સહકાર અને સેવાની ખાતરી આપી હતી. ઊંઝાના રબારી સમાજે પણ દાન આપ્યું હતું.

ચેતના જ્યોતિરથ જ્યારે ગાંધીનગર જિલ્લાની મુલાકાતે હતો ત્યારે ત્યાંના શનાવડ ગામના ઠાકોર પ્રભાતસિંહ અને તેમના ભાઈઓ તરફથી મા ઉમિયાને પાંચ કિલો ચાંદીની તલવાર ભેટ આપી હતી.

આ રીતે આ મહોત્સવે સમાજના સર્વ વર્ગોને એકતા, ભાઈચારો અને સમરસતામાં જોડયા હતા.

આ મહોત્સવની ઘણી વિગતો અદ્વિતીય હતી. આવી વિગતોને 'ગ્રીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝ'માં સ્થાન મળી શકે તેમ છે. જે નીચે મુજબ છે.

(૧) દુનિયામાં એક જ જ્ઞાતિ પાટીદાર એક જ જગ્યાએ ૫૫ થી ૬૦ લાખની સંખ્યામાં ઉમટી પડી.

(૨) એક જ જ્ઞાતિ 'કડવો ત્યાં કંકોત્રી' અભિયાનથી કડવા પાટીદાર પરિવારને ઘેર ઘેર લગભગ આઠ લાખ ચાલીસ હજાર કંકોત્રી પહોંચાડવામાં આવી, જેમાં માતાજીનું ત્રાંબાનું યંત્ર અને કંકુ તથા ચોખાની પડીઓ માના ભક્તો દ્વારા હાથોહાથ પહોંચાડી.

(૩) આ મહોત્સવમાં ૩૦ લાખ ચોખા ઘીના લાડુ બનાવી જમાડવામાં આવ્યા.

(૪) ૪૦ લાખ કડવા પાટીદારોની એક જ કુળદેવી શ્રી ઉમિયા માતાજી છે અને આ સમાજ તેની છેક વેદકાળથી પૂજા કરતો આવ્યો છે.

(૫) આ મહોત્સવ ૫૦૦ એકરની વિશાળ જગ્યામાં ઉજવાયો.

આ મહોત્સવ રંગેચંગે ખૂબ ધામધૂમથી સંપન્ન થયો. સમાજે પૂર્ણ ભક્તિભાવથી અને તન, મન અને ધનથી ભાગ લીધો. જે જે લોકોએ આ મહોત્સવ માણ્યો એ દરેકે આયોજનનાં, વ્યવસ્થાનાં અને કાર્યકરોનાં મુક્તકંઠે વખાણ કર્યાં. આ કામ પાટીદારો જ કરી શકે અને તેમાં યે ઊંઝા જ કરી શકે - તેમ લોકો આફ્રિન પોકારી બોલતા હતા. જે લોકો આ પ્રસંગે ના આવી શક્યા, તે લોકો પસ્તાવાનો સૂર પ્રગટ કરતા હતા. કારણ કે આ પ્રસંગ લોકોની કલ્પના બહાર એક સ્વપ્નવત ઉજવાયો હતો. મહોત્સવ પછી માતાજી સંસ્થાનની મુલાકાતે આવનાર સર્વ લોકો કાર્યકર્તાઓને અભિનંદન પાઠવે જ છે. આ મહોત્સવને ભાગ લેનાર સર્વેએ પૂરા દિલથી અને માના ભક્તિભાવથી પોતાની ફરજ બજાવી સફળ બનાવ્યો છે.

હવે શું ? મહોત્સવ પૂરો થયો. હવે આ સંસ્થાનના સૂત્રધારોએ આ સંસ્થામાં હવે શું કરવું જોઈએ, તેનું ચિંતન જરૂરી છે.

સમાજ માતાજીના દર્શને વધુને વધુ આવશે. સમાજની અપેક્ષાઓ વધશે. લોકો અને સમાજ આ સંસ્થા માટે ઊંચી અપેક્ષાઓ રાખે છે. લોકોની નજર શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝા તરફ રહેવાની છે.

આ સંસ્થાન હવે એક આંતરરાષ્ટ્રીય ક્ષેત્રની સંસ્થા બની છે. ત્યારે આ સંસ્થાનના સૂત્રધારોની વિશેષ જવાબદારી બની રહે છે. તેમની દૃષ્ટિ આંતરરાષ્ટ્રીય ફલકને આવરી લેનારી બનવી જોઈએ. આ સંસ્થાના પદાધિકારીઓએ આ બાબતે વિશેષ ખ્યાલ રાખવાનો છે.

ખાસ કરીને માતાજીનો ભક્તિભાવ, આસ્થા, શ્રદ્ધા વધે અને સમાજ અન્ય સંપ્રદાયોમાં ન વહેંચાય અને મા મય બને તે અંગે વિચારવું જોઈએ. તે માટે યાત્રી સુવિધાને પ્રાથમિકતા આપવી જોઈએ.

આ સંસ્થા સમાજના ઉચ્ચ ધોરણોને સ્થાપિત કરી અને તે દ્વારા સમાજનો વિકાસ કરે, તે પણ વિચારવું જોઈએ.

હાલ ચાલતી પ્રવૃત્તિઓની સહાય રકમમાં જરૂરી જણાય તેટલો વધારો કરવો જોઈએ.

આ સંસ્થામાં ધાર્મિકતા સાથે જ સામાજિકતા ચાલે તેવું વિચારવું જોઈએ.

આ વિચારણા માટે એક ચિંતન શિબિરનું આયોજન કરવું જોઈએ.

• • •

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવની તૈયારીઓ...

– મણિભાઈ ઈ. પટેલ (મમ્મી)



વિશ્વના કડવા પાટીદારોના માદરે વતન ઉમાપુર ઊંઝામાં પોતાની કુળદેવી મા ઉમિયાનું અતિ પૌરાણિક શ્રી ઉમિયા માતાજીનું મંદિર આવેલું છે. જ્યાં હજારો વર્ષથી કડવા પાટીદારો પ્રચંડ આસ્થા અને શ્રદ્ધા સાથે મા ઉમિયાની પૂજા-અર્ચના કરતા આવ્યા છે. કડવા પાટીદાર સમાજને સંગઠિત રાખવા માટે અને પોતાની કુળદેવી મા ઉમિયાનો ભક્તિભાવ જળવાઈ રહે તે માટે હજારો વર્ષોથી કોઈપણ સમાજમાં ન હોય તેવો બંધૂકા વિવાહનો રિવાજ હતો. બંધૂકા વિવાહ એટલે દર બાર વર્ષે મા ઉમિયાનાં કમાડ ખૂલે અને ચિઠ્ઠી ઉપાડી મુહૂર્ત કાઢવામાં આવતું. તે મુહૂર્તમાં સમગ્ર કડવા પાટીદાર સમાજમાં એક જ દિવસે તમામ બાળકનાં લગ્ન થતાં. કોઈપણ કડવા પાટીદાર છૂટક વિવાહ કરી શકતો નહોતો. આવો પણ સમય હતો. આ પ્રથા બંધ થયા પછી ધીરે ધીરે નવી પેઢી પોતાની કુળદેવી શ્રી ઉમિયા માતાજી ઊંઝા છે તે ભૂલાવા લાગી તેમજ ઉમિયા માતાજી ઊંઝાનો કોઈ મોટો મહોત્સવ કે જે સમગ્ર સમાજને સંગઠિત કરે તેવો કોઈ ઉત્સવ ઉજવાયો નહોતો. શાસ્ત્રોક્ત દષ્ટિએ પણ અમુક અમુક અંતરે માતાજીમાં મોટા યજ્ઞો કરી માતાજી અને મૂર્તિમાં પ્રભાવ તે જ પુરાવા માટે પણ આવા યજ્ઞો જરૂરી છે. આવો ખ્યાલ ઉમિયા માતાજીના વિદ્વાન પૂજારીશ્રી ભવાનીશંકર મહેતાએ તેમજ માતાજીના નવરાત્રિ ઉત્સવ ઉજવતા માઈ મંડળના ભક્તોએ માતાજીના આગેવાનો સમક્ષ રજૂ કર્યો. એ વિચાર ધીરે ધીરે નક્કર સ્વરૂપ લેતો ગયો અને તે વિચાર ઊંઝા નગરના આગેવાનો સમક્ષ રજૂ થયો. માતાજીનો એક મોટો ઉત્સવ ઉજવવો તેવું નક્કી થયું તે પછી સંસ્થાની કારોબારી સમક્ષ અને જનરલ સભામાં આ વિચાર રજૂ કરતાં ઉત્સાહપૂર્વક સહુએ વધાવી લીધો. આમ ધીરે ધીરે ગુજરાત રાજ્યમાં આ વિચાર વધુ પ્રબળ થતો ગયો. તેનું મુહૂર્ત કઢાવ્યું.

માગસર સુદ-૪ થી માગસર સુદ-૮ ૨૦૩૩માં ઉત્સવ ઉજવવાનું નક્કી થયું તે વખતે સંસ્થા પાસે ફક્ત રૂા. ૩ા લાખ જેટલી જ સિલક હતી. છતાં ઘણાં વર્ષો બાદ અને આઝાદી મળ્યા પછી અનેક નવી ધંધાકીય તકો ઊભી થવાથી આપણા સમાજમાં ખેતી સિવાય બીજા અનેક ધંધા - વેપાર - ઉદ્યોગ - નોકરીઓ દ્વારા એક નવુ આર્થિક પરિવર્તન પણ આવ્યું હતું.

તેથી આ પ્રથમ ૧૮મી શતાબ્દી મહોત્સવનો જેમ જેમ પ્રચાર થતો ગયો તેમ તેમ લોકોનો ઉત્સાહ જબરજસ્ત જોવા મળ્યો. ફક્ત ગુજરાત જ નહીં પણ મધ્યપ્રદેશમાં જેઓ અહીંથી ઊંઝાથી સં. ૯૦૨માં ગાડાં બળદ લઈ મધ્યપ્રદેશના ફળદ્રુપ પ્રદેશમાં વસવાટ કરવા ગયેલા તેમનામાં પણ ખૂબ ઉત્સાહ જોવા મળ્યો અને માતાજીની અસીમકૃપા અને આશીર્વાદથી અને સમાજના સહયોગથી આપણે સહુ એને સંસ્કારી સમાજનો સંસ્કારી મહોત્સવ બનાવી શક્યા. આપણે ન ધાર્યું હોય, ન કલ્પ્યુ હોય તેવા ૧૮ થી ૨૦ લાખ લોકો માતાજીનાં દિવ્ય દર્શને પધાર્યા. તેમણે રૂા. પર લાખ જેવી માતબર રકમ માતાજીના ચરણોમાં ધરી. ખર્ચ કાઢતાં ૪૪ લાખ રૂા. જેવી બચત થઈ. નવી પેઢી જે પોતાની કુળદેવીને ભૂલવાની અણી ઉપર હતા તેવા સમયે આ ઉત્સવ ઉજવાયો. માતાજીનો પછી ખૂબ જ ભક્તિભાવ વધ્યો. સંસ્થાના દીર્ઘદૃષ્ટા આગેવાનોએ, હોદ્દેદારોએ સમાજનો આર્થિક, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક, રાજકીય વિકાસ થાય તે દષ્ટિએ અનેકવિધ પ્રવૃત્તિઓની શરૂઆત કરી. અને મંદિરના પરિસરમાં આવનાર યાત્રિઓની સુવિધા સાચવવા અદ્યતન વિશ્રાંતીગૃહ અને ભોજનાલય બનાવવામાં આવ્યું. વહિવટ માટે આધુનિક સગવડવાળું કાર્યાલય મંદિરની અંદર અને માનસરોવરમાં શિલ્પ સ્થાપત્યને ધ્યાનમાં રાખી અનેક પ્રકારના સુધારા કરી મંદિરને સુશોભિત, સ્વચ્છ અને આકર્ષક બનાવ્યું. આ મહોત્સવની ફળશ્રુતિ જોઈએ તો તે દરમ્યાન માતાજીનો જ્યોતિરથ કે જે તાતા ૪૦૭ની ચેસીઝ ઉપર મંદિરની પ્રતિકૃતિ સ્વરૂપે બનાવી શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે માતાજીની મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરી, ગુજરાતનાં ૩૫૦૦ ગામોમાં અને મધ્યપ્રદેશનાં ૭૯૦ ગામોમાં રાજસ્થાનનાં ૧૩૬ ગામોમાં ભારે ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવ સાથે જ્યોતિરથની પરિક્રમા કરવામાં આવી. આ જ્યોતિરથનું ગામે ગામ જતાં ઉત્સાહ ઉમંગથી સમગ્ર ગામ એક રસ થઈ, ભક્તિભાવના માહોલમાં સ્વાગત કરવામાં આવતું હતું તે અદ્વિતીય હતું. જેનું શબ્દોમાં વર્ણન શક્ય નથી. જ્યોતિરથ ઉપર લેવાતા સંકલ્પો જે એક આર્થિક બાબતનો અને બીજો નિર્વ્યસની બનવાનો હતો. જેની દૂરગામી અસરો આ સમાજ જીવન ઉપર વર્ષો સુધી રહેશે. આ મહોત્સવ પછી ઉમિયા માતા સંસ્થાન ઊંઝા એ સમાજના ઉત્કર્ષ માટે કરેલી અનેકવિધ પ્રવૃત્તિઓના પરિપાકરૂપે અને જ્યોતિરથની પરિક્રમાથી સમાજમાં જે જાગૃતિ અને ચેતના આવી તેથી સમાજ માટે કંઈક કરવાની ભાવના વધી. આ મહાઉત્સવને ઉજવે ૨૫ વર્ષ થઈ ગયાં. પછી ૨૫ વર્ષની ઉજવણી કરવાની થોડી થોડી વિચારણા ચાલી. પરંતુ તે વિચાર પ્રબળ ન બની શક્યો. પરંતુ ૨૦૦૪માં આ વિચારને પુનઃ આગળ ધપાવવા માટે દેવસ્થાન કમિટિ, માઈમંડળના સભ્યોએ આ વાત ફરી કરી કે માતાજીનો મોટો ઉત્સવ ઉજવવો. એવી થોડી હિલચાલ શરૂ થઈ અને આ અંગે સૌ પ્રથમ તા. ૯-૩-૨૦૦૪માં શ્રી મણિભાઈ ઘંટીના પ્રમુખપદે સ્થાનિક કારોબારી સભામાં ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ એ નામથી ઉજવવો એવું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. તેના એક વર્ષ પછી ૨૦૦૫માં મહોત્સવ રંગે ચંગે ઉજવાય તે માટે ઊંઝા ગામમાં વાતાવરણ તૈયાર કરવા માટે કાર્યવાહી કરવી એવું નક્કી થયું. ત્યારબાદ તા. ૨૭-૬-૨૦૦૬ના રોજ રાજભોગ અને દેવસ્થાન કમિટિમાં મહોત્સવ ઉજવવા માટે હોદ્દેદારશ્રીઓની કમિટિ અને કારોબારી સભાને ભલામણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. તા. ૩૦-૭-૨૦૦૬ જનરલ સભામાં રજત જયંતી મહોત્સવ ઉજવવાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ત્યારબાદ નીચે પ્રમાણેની કાર્યવાહી તબક્કાવાર કરવામાં આવી.

જે નીચે મુજબ છે.

તા. ૧૭-૧૦-૨૦૦૭ : હોદ્દેદારશ્રીઓની કમિટિમાં ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ સંવત ૨૦૬૫ના માગશર મહિનામાં ઉજવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. સંસ્થાના સક્રિય કારોબારી સભ્યશ્રી મણિભાઈ ઈશ્વરલાલ પટેલ (મમ્મી)ની કન્વીનર તરીકે નિયુક્તિ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

તા. ૨૨-૧૦-૨૦૦૭ : સ્થાનિક કારોબારી સભામાં હોદ્દેદારશ્રીઓની કમિટિએ કરેલ ઠરાવ મુજબ રજત જયંતી મહોત્સવ સંવત ૨૦૬૫ના માગશર માસમાં ધામધૂમથી ઉજવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ મહોત્સવને લગતી કાર્યવાહી કરવા અંગે સક્રિય કારોબારી સભ્ય શ્રી મણિભાઈ ઈશ્વરલાલ પટેલ (મમ્મી)ની કન્વીનર તરીકે કરેલ નિમણૂકને સહર્ષ વધાવી લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

તા. ૬-૭-૨૦૦૮ : કારોબારી સભામાં ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઉજવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ મહોત્સવને લગતી કાર્યવાહી કરવા અંગે સક્રિય કારોબારી સભ્ય શ્રી મણિભાઈ ઈશ્વરલાલ પટેલ (મમ્મી)ની કન્વીનર તરીકે કરેલ નિમણૂકને સહર્ષ વધાવી લેવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

તા. ૧૭-૮-૨૦૦૮ : જનરલ સભામાં ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ અંગે કારોબારીનો ઠરાવ વંચાણમાં લીધો. વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. મહોત્સવના કન્વીનર શ્રી મણિભાઈ ઈ. પટેલ (મમ્મી)એ અત્યાર સુધીમાં કરવામાં આવેલી કાર્યવાહી અને હવે પછી કરવાની કામગીરી વિશે માહિતી આપી. ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ નક્કી કરેલ મુહૂર્ત પ્રમાણે ધામધૂમથી ઉત્સાહ, ઉમંગ અને ભક્તિભાવના માહોલમાં એક સંપ, સહકારથી રંગેચંગે ઉજવવા શ્રી ઉમિયા માતાજીના જયઘોષ સાથે સમગ્ર સભાએ ઉત્સવ ઉજવવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

તા. ૧૪-૯-૨૦૦૮ : સ્થાનિક કારોબારી સભામાં મહોત્સવની સફળતા માટે વિવિધ કમિટિઓ બનાવવા અંગેની કાર્યવાહી કરવા ચર્ચા કરવામાં આવી. સ્થાનિક કારોબારી સભ્યશ્રીઓ જે કમિટિમાં રહેવા માગતા હોય તે ફોર્મમાં ભરી આપવાનું નક્કી કરવામાં આવ્યું.

તા. ૫-૧૦-૨૦૦૮ : કારોબારી સભામાં મહોત્સવની કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી. સફળતા માટે વિવિધ કમિટિઓ બનાવવા અંગેની કાર્યવાહી કરવા ચર્ચા કરવામાં આવી. કારોબારી સભ્યશ્રીઓ જે કમિટિમાં રહેવા માગતા હોય તે ફોર્મમાં ભરી આપવાનું નક્કી કરવામાં આવ્યું.

મહોત્સવના અંગે અંદાજે ૪ થી ૫ કરોડ ખર્ચ થનાર હોઈ ચાલુ સાલે બજેટમાં ૩૦ લાખની જોગવાઈ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

તા. ૨૧-૧-૨૦૦૯ : ખેતીવાડી ઉ. બ. સમિતિ ઊંઝાના સક્ષમ ચેરમેન અને ઊંઝા વિભાગના લોકપ્રિય ધારાસભ્યશ્રી નારાયણભાઈ એલ. પટેલની સેવાઓ અને માર્ગદર્શન જરૂરી હોઈ ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ કમિટિના ચેરમેન તરીકે અમો સૌ હોદ્દેદારો તેમની સર્વાનુમતે નિમણૂક કરીએ છીએ. આ મહોત્સવની સફળતામાં તેઓશ્રીની સેવાઓ મહત્વપૂર્ણ બની રહે તેવી મા ઉમાને પ્રાર્થના. એવું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

તા. ૨૨-૩-૨૦૦૯ : કારોબારી સભામાં મહોત્સવની કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી. મહોત્સવ અંગે અત્યાર સુધીમાં થયેલ ખર્ચ રૂા. ૧૬,૮૧,૪૧૭/- મંજૂર કરવામાં આવ્યું. મહોત્સવ માટે નિમાયેલ જુદી જુદી કમિટિઓના હોદ્દેદારશ્રીઓની યાદી કન્વીનરશ્રીએ રજૂ કરી. મહોત્સવના સુવ્યવસ્થિત આયોજન માટે હાઈટેક સુવિધાઓ માટે જરૂરી ખર્ચ કરવાની સત્તા હોદ્દેદારશ્રીઓને આપવામાં આવે છે. રજત જયંતી મહોત્સવ નિધિ કોપર્સ ફંડ ઊભું કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ મહોત્સવની નાણાકીય લેવડ-દેવડ કરવા જુદી-જુદી બેંકોમાં ખાતા ખોલાવવા હોદ્દેદારશ્રીઓને સત્તા આપવામાં આવી. જુદી જુદી સ્કીમો દ્વારા આર્થિક ફંડ મેળવવા નક્કી કરવામાં આવ્યું. ઉછામણી લેનાર યજમાનશ્રીઓ અને રૂા. ૧૧,૦૦,૦૦૦/-થી વધુ રકમ આપનાર દાતાશ્રીઓના નામની એક જ તકતીમાં નામ લખી મંદિરના પરિસરમાં લગાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

તા. ૨૨-૩-૨૦૦૯ : જનરલ સભામાં મહોત્સવની કાર્યવાહીની સમીક્ષા કરવામાં આવી. મહોત્સવ અંગે અત્યાર સુધીમાં થયેલ ખર્ચ રૂા. ૧૬,૮૧,૪૧૭/- મંજૂર કરવામાં આવ્યું. મહોત્સવ માટે નિમાયેલ જુદી જુદી કમિટિઓના હોદ્દેદારશ્રીઓની યાદી કન્વીનરશ્રીએ રજૂ કરી. મહોત્સવના સુવ્યવસ્થિત આયોજન માટે હાઈટેક સુવિધાઓ માટે જરૂરી ખર્ચ કરવાની સત્તા હોદ્દેદારશ્રીઓને આપવામાં આવે છે. રજત જયંતી મહોત્સવ નિધિ કોપર્સ ફંડ ઊભું કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. આ મહોત્સવની નાણાકીય લેવડ-દેવડ કરવા જુદી-જુદી બેંકોમાં ખાતા ખોલાવવા હોદ્દેદારશ્રીઓને સત્તા આપવામાં આવી. જુદી જુદી સ્કીમો દ્વારા આર્થિક ફંડ મેળવવા નક્કી કરવામાં આવ્યું. ઉછામણી લેનાર યજમાનશ્રીઓ અને રૂા. ૧૧,૦૦,૦૦૦/-થી વધુ રકમ આપનાર દાતાશ્રીઓના નામની એક જ તકતીમાં નામ લખી મંદિરના પરિસરમાં લગાવવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

તા. ૧૯-૭-૨૦૦૯ : કારોબારી સભામાં મહોત્સવ અંગે કન્વીનરશ્રી મણિભાઈ મમ્મીએ કરેલ કાર્યવાહીની સમીક્ષા રજૂ કરી. મહોત્સવ અંગે અત્યાર સુધીમાં થયેલ ખર્ચ રૂા. ૬૬,૫૦,૪૧૦/- મંજૂર કરવામાં આવ્યું.

તા. ૧૯-૭-૨૦૦૯ : કારોબારી સભામાં મહોત્સવ અંગે કન્વીનરશ્રી મણિભાઈ મમ્મીએ કરેલ કાર્યવાહીની સમીક્ષા રજૂ કરી. મહોત્સવ અંગે અત્યાર સુધીમાં થયેલ ખર્ચ રૂા. ૬૬,૫૦,૪૧૦/- મંજૂર કરવામાં આવ્યું.

તા. ૧૯-૮-૨૦૦૯ : શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ની ખાસ પ્રકારની કામગીરી કરવા માટે ઊંઝાના વતની અને હાલમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી કમિશ્નર તરીકે ફરજ બજાવતા શ્રી મહેન્દ્રભાઈ એસ. પટેલની પ્રોજેક્ટ ચેરમેન તરીકે નિમણૂંક કરવા આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

તા. ૧૩-૯-૨૦૦૯ : કારોબારી સભામાં મહોત્સવ અંગે મહોત્સવના ચેરમેન, કન્વીનરશ્રી, પ્રોજેક્ટ ચેરમેનશ્રીએ કરેલ કાર્યવાહીની સમીક્ષા રજૂ કરી. મહોત્સવ માટે સંપર્ક કરેલ એજન્સીઓ તરફથી મળેલ સહકાર અને પ્રતિભાવ વિશે માહિતી આપી મહોત્સવની સફળતા માટે સમગ્ર સભામાં આત્મવિશ્વાસ જાગૃત થયો.

તા. ૧૪-૫-૨૦૦૮ : સવારે ૯-૦૦ કલાકે રજત જયંતી મહોત્સવ અને માતાજીનો ધ્વજદંડ ચઢાવવાની વિધિ કરવા માટે પૂજ્યશ્રી શુકદેવજી મહારાજ પાસે નડીયાદ મુકામે મુહૂર્ત કઢાવવા ગયા.

મુહૂર્ત સંવત ૨૦૬૫ માગશર સુદ-૫ તા. ૩-૧૨-૨૦૦૮, બુધવારથી માગશર સુદ-૯ તા. ૭-૧૨-૨૦૦૮, રવિવાર સુધીનું આવેલ.

તા. ૧૬-૫-૨૦૦૮ : હોદ્દેદારશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, કમિટિના ચેરમેનશ્રીઓ, ખજાનચીશ્રીઓ, ઓડિટરશ્રીઓ સાથે સાંજના ૪-૦૦ કલાકે મિટિંગ મળી તેમાં આવેલ મુહૂર્ત અંગે ચર્ચા કરી. ૧૮મી શતાબ્દી મહોત્સવ યોજેલ તેના કરતાં ભવ્યતાથી ભવ્ય રીતે ઉજવવા માટે આવેલ મુહૂર્તનો સમયગાળો ટૂંકો હોવાથી ફરીથી મુહૂર્ત સંવત ૨૦૬૬નું મુહૂર્ત કઢાવવું. જે મુહૂર્ત આવે તે સર્વ સંમતિથી વધાવી લઈ આગળની કાર્યવાહી શરૂ કરવી.

બીજું મુહૂર્ત સંવત ૨૦૬૬, માગશર સુદ-૧૧ તા. ૨૮-૧૧-૨૦૦૯ શનિવારથી સંવત ૨૦૬૬ માગશર સુદ-૧૫ તા. ૨-૧૨-૨૦૦૯ બુધવાર સુધી ઉજવવાનું શુભ મુહૂર્ત આવેલ.

તા. ૯-૬-૨૦૦૮ : કડવા પાટીદાર સમાજોના હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓની રાત્રે ૯-૦૦ વાગે મિટિંગ મળી.

તા. ૫-૭-૨૦૦૮ : અન્ય જ્ઞાતિ સમાજોના હોદ્દેદારશ્રીઓ-આગેવાનોની રાત્રે ૯-૦૦ કલાકે મિટિંગ મળી.

તા. ૧૨-૭-૨૦૦૮ : ઊંઝા ગામની સરકારી કચેરીઓ, માર્કેટયાર્ડ, નગરપાલિકા, તમામ બેંકોના પદાધિકારીશ્રીઓની સાંજના ૫-૦૦ કલાકે મિટિંગ મળી.

તા. ૩૧-૭-૨૦૦૮ : મહોત્સવ અંગે શ્રી ઉમિયા માતાજીના તમામ મંદિરોને પત્ર લખ્યા.

તા. ૨૦-૮-૨૦૦૮ : મહોત્સવ અંગે કડવા પાટીદાર સમાજના આગેવાન ભાઈ-બહેનોના નામ, સરનામા, ટેલિફોન નંબરની માહિતી મેળવવા માટે સંસ્થાના કારોબારી સભ્યશ્રીઓ અને અન્ય આગેવાનોને પત્ર લખ્યા.

તા. ૧૭-૮-૨૦૦૮ : કારોબારી સભાએ પ્રમુખશ્રીને મહોત્સવની પ્રચાર અને પ્રકાશન કમિટિ બનાવવાની સંપૂર્ણ સત્તા આપેલી તે પ્રમાણે સભ્યશ્રીઓની નિમણૂક કરેલ તેની મિટિંગ સવારે ૧૦-૦૦ કલાકે મળી.

તા. ૧૮-૯-૨૦૦૮ : ઊંઝા ગામમાં ચાલતા તમામ મહિલા ભક્ત મંડળો, બહેનોની સેવાભાવી સંસ્થાઓ અને સ્ત્રી કાર્યકરોની મિટિંગ બપોરના ૩-૩૦ કલાકે મળી.

તા. ૧૫-૧૨-૨૦૦૮ : નાણાં કમિટિના હોદ્દેદારશ્રીઓની નિમણૂક કરવામાં આવી.

તા. ૩-૧-૨૦૦૯ : યજ્ઞ સેવા કમિટિ - દર્શન વ્યવસ્થા કમિટિના હોદ્દેદારશ્રીઓની નિમણૂક કરવામાં આવી.

તા. ૬-૧-૨૦૦૯ : સફાઈ, સ્વચ્છતા અને સેનિટેશન કમિટિ - પાણી પુરવઠા કમિટિ - મેડીકલ સેવા કમિટિના હોદ્દેદારશ્રીઓની નિમણૂક કરવામાં આવી.

તા. ૧૫-૧-૨૦૦૯ : ઉતારા કમિટિ - મંડપ ડેકોરેશન કમિટિ - સ્વયંસેવક કમિટિ - સલામતી બંદોબસ્ત કમિટિના હોદ્દેદારશ્રીઓની નિમણૂક કરવામાં આવી.

તા. ૧૭-૧-૨૦૦૯ : વાહનવ્યવહાર અને પાર્કિંગ કમિટિ - સરકારી સંકલન કમિટિ - ચા-પાણી કમિટિ - પ્રસાદ કમિટિના હોદ્દેદારશ્રીઓની નિમણૂક કરવામાં આવી.

તા. ૧૮-૧-૨૦૦૯ : વિદ્યુત વ્યવસ્થા કમિટિ, માહિતી અને પૂછપરછ કમિટિના હોદ્દેદારશ્રીઓની નિમણૂક કરવામાં આવી.

તા. ૨૦-૧-૨૦૦૯ : સાંસ્કૃતિક કમિટિ - ગ્રામસેવા સંકલન કમિટિ - મહિલા સેવા કમિટિના હોદ્દેદારશ્રીઓની નિમણૂક કરવામાં આવી.

તા. ૨૮-૧-૨૦૦૯ : ભોજન રસોડા કમિટિના હોદ્દેદારશ્રીઓની નિમણૂક કરવામાં આવી.

તા. ૧-૨-૨૦૦૯ : ઊંઝાનગરના વિવિધ સ્થળોનું નિરીક્ષણ કરવા માટે તમામ કમિટિઓના હોદ્દેદારશ્રીઓ તથા સંસ્થાન હોદ્દેદારશ્રીઓની મિટિંગ મળી.

તા. ૧૩-૨-૨૦૦૯ : ઊંઝા નગરપાલિકાના પ્રમુખશ્રી, ચીફ ઓફિસરશ્રી તથા સભ્યશ્રીઓ તથા માર્કેટયાર્ડના ચેરમેનશ્રી, સેક્રેટરીશ્રી તથા ડિરેક્ટરશ્રીઓ સાથે સંસ્થાના હોદ્દેદારો તથા તમામ કમિટિઓના હોદ્દેદારશ્રીઓની મિટિંગ મળી. જેમાં મહોત્સવને સફળ બનાવવા માટે બંને સંસ્થાઓએ સહકાર આપવા સહમતી આપી.

તા. ૧૫-૨-૨૦૦૯ : મહેન્દ્રભાઈ એસ. પટેલ ડેપ્યુટી કમિશ્નર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ, મહોત્સવનો માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે ચર્ચા કરવા માટે ઊંઝા આવી મિટિંગ મળી.

તા. ૨૩-૨-૨૦૦૯ : શિવરાત્રિના શુભ દિવસે મહોત્સવની વિવિધ કમિટિઓના કાર્યાલયોની સોંપણી તથા વિધિવત ઓફિસ પ્રવેશનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.

તા. ૨૩-૨-૨૦૦૯ : મહેન્દ્રભાઈ એસ. પટેલ ડેપ્યુટી કમિશ્નર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ, મહોત્સવનો માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે ચર્ચા કરવા માટે ફરીથી ઊંઝા પધાર્યા.

તા. ૮-૩-૨૦૦૯ : મહેન્દ્રભાઈ એસ. પટેલ ડેપ્યુટી કમિશ્નર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદ, મહોત્સવનો માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે ચર્ચા કરવા માટે ફરીથી ઊંઝા પધાર્યા.

તા. ૧૪-૩-૨૦૦૯ : મહેન્દ્રભાઈ એસ. પટેલ ડેપ્યુટી કમિશ્નરનાં ત્યાંથી જયેશભાઈ પટેલ આર્કિટેક્ચર વિવિધ કમિટિઓના હોદ્દેદારશ્રીઓ સાથે ચર્ચા કરવા માટે ઊંઝા આવ્યા.

તા. ૪-૪-૨૦૦૯ : મહોત્સવનું પ્લાનીંગ ટી.પી. નં. ૪ અને ૫ માં કરવા માટેની વિચારણા કરવા તમામ કમિટિઓના હોદ્દેદારશ્રીઓની મિટિંગ રાત્રે ૮-૩૦ કલાકે મળી.

તા. ૭-૪-૨૦૦૯ : ઊંઝાનગરના જુદા જુદા ધંધા-રોજગારના એસોસિએશનની મિટિંગ રાત્રે ૮-૩૦ કલાકે મળી.

તા. ૮-૪-૨૦૦૯ : મહોત્સવનું પ્લાનીંગ ટી.પી. નં. ૪ અને ૫ ના તમામ ફાઈનલ પ્લોટ હોલ્ડરોની મિટિંગ રાત્રે ૮-૩૦ કલાકે મળી.

તા. ૧૦-૪-૨૦૦૯ : સાબરકાંઠા જિલ્લાના આપણા સમાજના લોકો મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લે તે માટે સાબરકાંઠા જિલ્લાના કારોબારી સભ્યશ્રીઓની મિટિંગ શ્રી ઉમિયા પરિવાર કન્યા છાત્રાલય, હિંમતનગર મુકામે મળી.

તા. ૧૨-૪-૨૦૦૯ : અમદાવાદ જિલ્લાના આપણા સમાજના લોકો મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લે તે માટે અમદાવાદ જિલ્લાના કારોબારી સભ્યશ્રીઓની મિટિંગ શ્રી ઉમિયા માતાજી કેમ્પસ સોલા ખાતે મળી.

તા. ૧૯-૪-૨૦૦૯ : મહેન્દ્રભાઈ એસ. પટેલ ડેપ્યુટી કમિશ્નરે સૂચિત ઓપરેશન પ્લાનની બુક તથા સી.ડી.નું અનાવરણ હોદ્દેદારશ્રીઓના વરદ્‌હસ્તે રાખવામાં આવ્યો.

તા. ૧૯-૪-૨૦૦૯ : મહોત્સવને સફળ બનાવવા સર્વ ગોળ-સમાજના હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ તથા મંદિરોના પૂજારીશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ અને હોદ્દેદારશ્રીઓ મિટિંગ મળી.

તા. ૨૪-૪-૨૦૦૯ : મહેસાણા જિલ્લાના આપણા સમાજના લોકો મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લે તે માટે મહેસાણા જિલ્લાના કારોબારી સભ્યશ્રીઓની મિટિંગ અર્બન બેંક વિદ્યાલય, મહેસાણા મુકામે મળી.

તા. ૨૫-૪-૨૦૦૯ : મહોત્સવનું પ્લાનીંગ ટી.પી. નં. ૪ અને ૫ માં કરવા માટેની વિચારણા કરવા તમામ કમિટિઓના હોદ્દેદારશ્રીઓની મિટિંગ રાત્રે ૮-૩૦ કલાકે મળી.

તા. ૮-૫-૨૦૦૯ : મહોત્સવ અંગે માહિતી અને માર્ગદર્શન આપવા માટે મા.શ્રી જયનારાયણભાઈ વ્યાસ મંત્રીશ્રી યાત્રાધામ, પ્રવાસન, આરોગ્ય વિભાગ ગુજરાત રાજ્ય આવ્યા હતા.

તા. ૧૦-૫-૨૦૦૯ : સૌરાષ્ટ્રના આપણા સમાજના લોકો મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લે તે માટે સૌરાષ્ટ્રના કારોબારી સભ્યશ્રીઓની મિટિંગ ફિલ્ડ માર્શલ કન્યા છાત્રાલય-રાજકોટ મુકામે મળી.

તા. ૧૫-૫-૨૦૦૯ : કચ્છના આપણા સમાજના લોકો મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લે તે માટે કચ્છના કારોબારી સભ્યશ્રીઓની મિટિંગ શ્રી ઉમિયા માતાજી મંદિર વાંઢાય મુકામે મળી.

તા. ૧૮-૫-૨૦૦૯ : મહોત્સવની ઐતિહાસિક ઉછામણીમાં વધુમાં વધુ લોકો ભાગ લે તે માટેની ચર્ચા-વિચારણા કરવા સ્થાનિક કારોબારી સભ્યશ્રીઓની મિટિંગ મળી.

તા. ૧૯-૫-૨૦૦૯ : વડોદરા-ખેડા-આણંદના આપણા સમાજના લોકો મહોત્સવમાં ઉત્સાહભેર ભાગ લે તે માટે વડોદરા-ખેડા-આણંદના કારોબારી સભ્યશ્રીઓની મિટિંગ ઉમા બેંક વડોદરા મુકામે મળી.

તા. ૨૬-૫-૨૦૦૯ : મહોત્સવની ઐતિહાસિક ઉછામણી બપોરે ૧૨-૩૯ ના વિજય મુહૂર્તથી શરૂ થઈ. જેમાં ભારતભરમાંથી લગભગ ૮૦૦૦ થી ૧૦૦૦૦ લોકોએ ભાગ લીધો. મહોત્સવની ઉછામણીમાં રૂા. ૪,૦૨,૦૦,૦૦૦/- જેટલી રકમ એકઠી થઈ. બીજા દાન પણ નોંધાયા.

તા. ૩૦-૬-૨૦૦૯ : મહોત્સવ અંગે માહિતી અને માર્ગદર્શન આપવા કલેક્ટરશ્રી ઊંઝા ઓફિસે આવ્યા હતા.

તા. ૫-૬-૨૦૦૯ થી : મહોત્સવમાં સેવા આપવા માટે સ્વયંસેવકો નોંધવા માટે કડવા પાટીદાર સમાજની સાત
તા. ૧૧-૬-૨૦૦૯ દેશમાં જુદી જુદી મિટિંગો મળી.

તા. ૯-૬-૨૦૦૯ : મહોત્સવમાં ગુજરાત સરકારશ્રીનો સહયોગ મેળવવા મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મંત્રીશ્રીઓની મુલાકાત માટે ગાંધીનગર મળવા ગયા.

તા. ૧૭-૬-૨૦૦૯ : મહોત્સવમાં સેવા આપવા માટે ઊંઝાનગરના અન્ય સમાજના સ્વયંસેવકો નોંધવા માટેની મિટિંગ મળી.

તા. ૨૪-૬-૨૦૦૯ : મહોત્સવમાં સેવા આપવા માટે મહિલાઓની મિટિંગ રાત્રે ૮-૩૦ કલાકે મળી.

તા. ૨૮-૬-૨૦૦૯ : મહોત્સવની વિવિધ કમિટિઓએ શું કામગીરી કરી તેની સમીક્ષા કરવા મહેન્દ્રભાઈ એસ. પટેલ સાથે મિટિંગ મળી.

તા. ૩૦-૬-૨૦૦૯ : ઊંઝાનગર તેમજ આજુબાજુ ગામોના કેળવણી મંડળોના હોદ્દેદારશ્રી તથા તમામ કોલેજોના પ્રિન્સીપાલશ્રીઓ, શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી, શાસનાધિકારીશ્રી, માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓની મિટિંગ મળી.

તા. ૫-૭-૨૦૦૯ : ભાદરવા સુદ-૨ તા. ૨૨-૮-૨૦૦૯ના રોજ વિજય ધ્વજ અને સોને મઢેલ મુખ્ય ધ્વજદંડ તેમજ બીજા ધ્વજદંડના ચઢાવા માટેની ધાર્મિક ક્રિયા ભવ્યાતિભવ્ય રીતે ઉજવાય તે માટેની ચર્ચા કરવા તમામ કમિટિઓના હોદ્દેદારશ્રીઓની મિટિંગ મળી.

તા. ૭-૭-૨૦૦૯ : મહોત્સવની નાણાં કમિટિ તથા કન્વીનરશ્રી વદરાડ મુકામે નાણાં એકઠા કરવા ગયાં.

તા. ૧૨-૭-૨૦૦૯ : મહોત્સવની વિવિધ કમિટિઓએ શું કામગીરી કરી તેની સમીક્ષા કરવા મહેન્દ્રભાઈ એસ. પટેલ સાથે મિટિંગ મળી.

તા. ૨૬-૭-૨૦૦૯ : મહોત્સવની વિવિધ કમિટિઓએ શું કામગીરી કરી તેની સમીક્ષા કરવા મહેન્દ્રભાઈ એસ. પટેલ સાથે મિટિંગ મળી.

તા. ૯-૮-૨૦૦૯ : મહોત્સવની વિવિધ કમિટિઓએ શું કામગીરી કરી તેની સમીક્ષા કરવા મહેન્દ્રભાઈ એસ. પટેલ સાથે મિટિંગ મળી.

તા. ૨૧-૮-૨૦૦૯ : મહોત્સવના પ્રચાર-પ્રસાર અર્થે પત્રકાર પરિષદ ઊંઝા ઓફિસ હોલમાં મળી. પત્રકારોએ મહોત્સવનો પ્રચાર સારી રીતે કરીશું તે અંગે ખાતરી આપી.

તા. ૨૧-૮-૨૦૦૯ : શ્રી ઉમિયાનગરમાં ભૂમિદહનનો કાર્યક્રમ થયો.

તા. ૨૨-૮-૨૦૦૯ : વિજય ધ્વજદંડ અને વિવિધ શિખર ધ્વજદંડોનું આરોહણવિધિ.

તા. ૨૯-૮-૨૦૦૯ : મહોત્સવની પ્રોજેક્ટ સીડીનું વિમોચન અને ડાયરો.

તા. ૯-૯-૨૦૦૯ : જીમખાના મેદાનમાં મહોત્સવની પ્રોજેક્ટ સીડીનું વિમોચન અને ડાયરો.

તા. ૨-૧૦-૨૦૦૯ : જેસીસ ક્લબ દ્વારા સહસ્ત્ર જ્યોત રેલી અને ભીખુદાન ગઢવીનો ડાયરો.

તા. ૨૬-૧૦-૨૦૦૯ : એ.પી.એમ.સી.ના સૌજન્યથી સ્વયંસેવકોનો સ્નેહમિલન સમારંભ શ્રી ઉમિયા માતાજી પ્લોટ, વિસનગર રોડ, ઊંઝામાં રાખેલ.

તા. ૩૧-૧૦-૨૦૦૯ : સૌરાષ્ટ્રનું પ્રતિનિધિ મંડળ શ્રી ઉમિયાનગરની મુલાકાતે.

ત્યારબાદ તા. ૨૭-૧૧-૨૦૦૯ સુધી તમામ કમિટિના હોદ્દેદારો અને સભ્યો સાથે મહોત્સવની સફળતા માટે મિટિંગોનો દોર સતત ચાલુ રહ્યો. સંસ્થાના હોદ્દેદારો અને મહોત્સવ ચેરમેન, કન્વીનર, પ્રોજેક્ટ ચેરમેન વગેરે કાર્યોની ઝીણવટથી તપાસ કરતા રહી કોઈ કાર્ય બાકી તો રહી જતું નથી તેનું ધ્યાન સતત રાખતા રહ્યા.

મહોત્સવનું મુહૂર્ત જોવડાવ્યાથી મહોત્સવ શરૂ થયાના દોઢ વર્ષ સુધી આપણે સૌએ સાથે રહી, સંગઠિત બની મા ઉમિયાની પ્રેરણા અને આશીર્વાદથી માએ સૂઝાડ્યા પ્રમાણે કાર્ય કરતા રહ્યા અને આપણને થાક, કંટાળો, ગુસ્સો, ઈર્ષ્યા અસર કરી શક્યાં નહીં તે જ મા ઉમિયાની અનુભૂતિ.

મા ઉમિયાના મહોત્સવમાં ઊંઝાનગરના અબાલવૃદ્ધો સુધી તમામ નગરજનોમાં એવો ભક્તિભાવ જાગ્યો કે આ મહોત્સવમાં કોઈપણ પ્રકારનું કાર્ય કરવાથી પુણ્ય મળે તેવો ભાવ પ્રગટ થયો જેથી કરી ઊંઝાનગરના સૌ ભાઈ-બહેનોએ કોઈપણ જાતની શેહ-શરમ રાખ્યા વગર જે કામ બતાવ્યું તે કામ કરવાની ઉત્કંઠા બતાવી. આજ માનો પ્રભાવ હતો.

આ પાંચ દિવસનો મહોત્સવ કોઈપણ પ્રકારના અજુગતા બનાવ સિવાય નિર્વિઘ્ને, રંગેચંગે, ઉત્સાહ ઉમંગના માહોલમાં પરિપૂર્ણ થયો અને તેથી આપણે વિશ્વને પાટીદાર સમાજની સંગઠિત શક્તિનાં દર્શન કરાવી શક્યા અને મા ઉમિયાનો જય જયકાર થયો.

• • •

મહોત્સવની પૂર્વ તૈયારી









૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવની તૈયારીઓ...











૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવની તૈયારીઓ...







૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવની તૈયારીઓ...

























નારી શક્તિ
એકતા શક્તિ
સંકલ્પ શક્તિ













૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
અભિયાન એકસુત્રતાનું
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
સર્વ ગોળ-સમાજના હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, મા ઉમિયાના પુજારીશ્રીઓ,
ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારશ્રીઓ નું હાર્દિક સ્વાગત કરે છે.
તારીખ : ૧૯-૦૪-૨૦૦૯, રવિવાર ▪ સમય : સવારે ૯-૦૦ કલાકે ▪ સ્થળ : ઊંઝા

આમંત્રણ પત્રિકા


















તા. ૨૩-૨-૨૦૦૯ મહા શિવરાત્રીના પવિત્ર દિવસે વિવિધ કમિટિઓને કામગીરીની ફાઈલની સોંપણી



શ્રી ઉમિયા નગર બનાવવામાં ચાલતી તડામાર તૈયારીઓ












શ્રી ઉમિયા નગર તૈયાર થવાના પૂર્ણતાના આરે..












૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯ ઊંઝા માટે બૃહદ અમદાવાદની ભૂમિકા

અહેવાલ :- ડૉ. પ્રભુદાસ પટેલ, અમદાવાદ



પ્રાચીન ઉમાપુર એ આજનું ઊંઝા વિક્રમ સંવત ૨૧૨માં શિવભક્ત રાજવી વ્રજપાલે સિદ્ધપુર નજીક એક નગર વસાવેલું ને પોતાના કુળદેવી ઉમિયાની પવિત્ર સ્મૃતિ સ્મરણીય બની રહે તે માટે નગરનું નામ "ઉમાપુર" રાખ્યું. આ ઉમાપુર તે આપણું "ઊંઝા".

ઊંઝામાં, ઉમિયા સંસ્થાન ઊંઝાનો જન્મ થયો. કેટલીક સંસ્થાઓ લાંબુ આયુષ્ય-ઉંચું ભવિષ્ય લઈને જન્મતી હોય છે. ઊંઝા ઉમિયા સંસ્થાન પણ એવું જ એક લાંબુ આયુષ્ય લઈને જન્મી છે. ૧૯૭૬માં અઢારમી શતાબ્દી ઉજવાઈ. અને પછી તો આ સંસ્થાને સંત કોટિના કેશુભાઈ શેઠ જેવા સુકાની મળ્યા. શ્રીમાન મણિભાઈ મમ્મી અને વિક્રમભાઈ જેવા સંનિષ્ઠ સંવર્ધકો મળ્યા. આ સંસ્થાનો ભવ્ય અને ભાતીગળ ભૂતકાળ છે, તો અત્યંત ઉજ્જવળ એવો વર્તમાન છે, અને એથી વધુ એવું આશાસ્પદ ભવિષ્ય છે. એક દિવસ એવો આવશે કે ભારત નહીં દુનિયાભરમાં ધાર્મિક લોકપ્રિયતાના શિખર પર 'મા ઉમિયા' બિરાજમાન થવાની છે !

હા, કોઈપણ સિદ્ધિ સામુદાયિક પરિશ્રમનું ફળ છે. દિલની ભાવના, હૃદયમાં સચ્ચાઈ અને મા પ્રત્યેની ભક્તિ હંમેશા સકારાત્મક વલણો ઉત્પન્ન કરતાં હોય છે. વિચારોમાં મક્કમતા છે અને દૃઢ નિશ્ચય છે તો તેનાં ઉમદા ફળો મળે જ છે. પવન અને પ્રવાહ હંમેશા સંકલ્પ બળવાળા માનવીના પક્ષમાં જ રહે છે. જે વખતે લોકો સંપત્તિ અને સત્તા વધારવાની ચિંતા કરતા હતા તે સમયે શ્રી મણિભાઈ તથા શ્રી વિક્રમભાઈ પટેલ અને તેમની સમગ્ર ટીમ(બધા નામોનો ઉલલેખ શક્ય નથી) શેઠશ્રી કેશુભાઈ પટેલની આગેવાની હેઠળ સંસ્કાર, ભક્તિ અને મા પ્રત્યેની શ્રદ્ધા સાથે ફક્ત ધાર્મિક નહીં પણ શૈક્ષણિક અને સામાજિક વિકાસ માટે ઝઝૂમતા હતા - ચિંતા કરતા હતા ! ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ તો દુર્લભ અવસર હતો. 'મા' ના સંતાન તરીકે મહોત્સવમાં હાજર હોવું એ કેટલી મોટી વાત છે ! આવા પ્રસંગો-મહોત્સવો માણસની અંદર પડી રહેલા ધાર્મિક સંસ્કારોના તણખાને ફૂંક મારીને તગતગતો અને સમસમતો કરી મૂકે છે. કડવા પાટીદારોનો અતીત સ્વર્ણિમહતો અને મહોત્સવ પછી તે સવાયો થઈને ઊભરી રહ્યો છે.

'મા' ના આશીર્વાદ તમામ કડવા પાટીદાર ઉપર ઉતર્યા છે. આ આશીર્વાદનું વળતર આપવા રજત જયંતી મહોત્સવમાં આશરે લગભગ ૫૦ લાખ કડવા પાટીદાર જ નહીં અન્ય ઇતર કોમના માણસો પણ ઉપસ્થિત રહ્યા ! અવસર માણ્યો, અને મા પ્રત્યેની પોતાની શ્રદ્ધા-ભક્તિ અનન્ય છે તે સાબિત કર્યું. ગુજરાત કડવા પાટીદારોએ



અન્ય સમાજ અને ધર્મના લોકોને ધર્મ-પ્રેમના પ્રતીક સમાન ઉમિયા મહોત્સવ દ્વારા એકતા સંગઠન અને વિકાસનો રાહ ચીંધ્યો. એક નવી પરંપરાને જન્મ આપીને આવનારી પેઢીઓ માટે એક બહેતર સમાજનું નિર્માણ કરવાની શરૂઆત થઈ.

"ઊંઝા ઉમિયા સંસ્થાન" ભારત નહીં દુનિયાભરમાં પથરાયેલા તમામ કડવા પાટીદારો માટે એક કિંમતી સંપત્તિ છે. ધન કમાવવાનું નસીબ લઈને ઘણા જન્મે છે પરંતુ સેવા કે પુણ્ય કાર્યમાં ધન વાપરવાનું નસીબ લઈને કોઈક જ જન્મે છે. એવા આ મહોત્સવમાં લાખો અને કરોડો રૂપિયા આપવાની હોડ જામી હોય તેમ લગભગ ૩૫ કરોડ રૂપિયા માના ચરણે જુદા જુદા સ્વરૂપે લોકોએ સમર્પિત કર્યાં. રૂપિયો અને લક્ષ્મી વચ્ચે ફેર છે. કંજૂસનું ધન રૂપિયો છે, અને દાતાનું ધન લક્ષ્મી છે - મહાલક્ષ્મી છે. મા ઉમિયા લોકોની આસ્થાનું પ્રતિક છે. 'મા' એ આપણને ઘણું આપ્યું છે તેના વળતર માટે અર્પણ, તર્પણ અને સમર્પણની ભાવના હૃદયમાં જાગૃત થઈ ! વિચાર એ માણસની સૌથી મોટી તાકાત છે. જો વિચારો સાથે કામ પાડતાં આવડી જાય તો કશું જ અસંભવ નથી. ઊંઝાથી ઉઠેલો વિચાર વાયા અમદાવાદ સમગ્ર ગુજરાત, ભારત અને દુનિયાભરમાં પ્રસરી ગયો. બૃહદ અમદાવાદમાં વસતા કડવા પાટીદારો ઉમિયા કેમ્પસ સોલા ખાતે એકઠા થયા. તન-મન અને ધનની તમામ તાકાતથી મહોત્સવ સફળ બનાવવા આહ્વાન થયું. એક નાદની ગર્જના થઈ અને તમામે તે ઝીલી લીધી.



અમદાવાદની ક.પા.ની લાગણીઓના કુંભમેળા સમાન કુળદેવી મા ઉમિયાની પવિત્ર સ્મૃતિ સ્મરણીય બની રહે તે માટે એક વિશાળ સંમેલન ઉમિયા કેમ્પસ ખાતે તા. ૧૪-૧૧-૨૦૦૯માં યોજાયું. અમદાવાદના તમામ ક.પા.ગોળ સમાજના હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યો, ક.પા.મંડળો શૈક્ષણિક સંસ્થાના સંચાલકો વિશાળ સંખ્યામાં ઉમટી પડ્યા અને એક અવાજે રજત જયંતી મહોત્સવમાં તમામ પ્રકારે તન-મન-ધનથી સંપૂર્ણ સાથ સહકાર આપવાની જાહેરાત થઈ.

 અમદાવાદના ઉત્સાહ અને સામર્થ્યને એક સલામ! જુદી જુદી સમિતિઓની રચના થઈ, કામની વહેંચણી થઈ, પાંચે દિવસ દરમિયાન ખડે પગે સેવા કરવાની હોડ જામી. લોકો કહેવા લાગ્યા "આતો આપણું સદ્‌ભાગ્ય છે. મા આપણને નોતરું આપીને બોલાવે છે. મા ઉમિયાતો યુગ પ્રવર્તક છે - યુગ સર્જક છે !" આ સદીનું મહોત્સવ એક એક મોટું પર્વ સાબિત થશે અને તે પ્રમાણે થયું.

ઇતિહાસ પુનર્જીવીત થતો હોય તેમ લાગ્યું. રજત જયંતી મહોત્સવમાં ભાગ લેવા-સેવા કરવી, સહયોગ આપવો એ તો અનંત પુણ્યરાશિ એકઠી થાય ત્યારે જ લાભ મળે. ઐતિહાસિક ઉછામણીથી શ્રી ગણેશ થયા અને અમદાવાદના અગ્રણી પાટીદારો શ્રી ડી. ડી. પટેલ, શ્રી સી. કે. પટેલ, શ્રી વાસુદેવભાઈ, શ્રી કનુભાઈ પટેલ વગેરેએ જોરદાર બોલી બોલી અનેકોને પ્રેરણા આપી. તો મહોત્સવના ચેરમેનશ્રી નારણકાકાએ અમદાવાદના અગ્રણીઓને સાથે રાખી નાણાં સમિતિના ચેરમેન શ્રી વિષ્ણુભાઈ તથા શ્રી રમેશભાઈ દૂધવાળા વગેરેએ ગણતરીના દિવસોમાં રૂપિયા આઠથી નવ કરોડનો સહયોગ પ્રાપ્ત થયો.

દિવાલ ઉપર લખી રાખવું કે આ સમય પણ ચાલ્યો જશે, પણ અઢારમી શતાબ્દીમાં ઉજવાયેલો મહોત્સવ અને તેની યાદમાં રજત જયંતી મહોત્સવનાં સમયની રેતી ઉપર કાયમ પગલાં અંકિત થઈ જશે. ઊંઝા (ઉમાપુર) એક સમયે એક નાનું ગામ હતું. તેમાંથી નગર થયું, તેમાંથી ઊંઝા તીર્થ થયું અને અઢારમી શતાબ્દી મહોત્સવ પછી તે મહાતીર્થ બન્યું. રજત જયંતી મહોત્સવ પછી તો ઊંઝા-ઉમિયા મંદિર 'મોક્ષદાયિની' નગરી કહેવાશે. અને ઊંઝા ગુજરાતનું 'કાશી' કહેવાશે. લોકો કાશીને બદલે ઊંઝામાં મરવાનું પસંદ કરી મોક્ષ પ્રાપ્ત કરશે.

અઢારમી શતાબ્દી રજત જયંતી મહોત્સવની પૂર્ણાહુતિ પ્રસંગે યજ્ઞશાળા-ઉમાનગરી અને મંદિર ઉપર આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ ત્યારે તો જાણે આકાશમાંથી દેવતાઓ પુષ્પો દ્વારા મહોત્સવ માણતા ભક્તોને આશીર્વાદ આપતા હોય તેમ લાગતું હતું. નજરની લંબાઈ ટૂંકી પડે તેવો અફાટ માનવ સાગર લહેરાતો હતો 'મા' ઉમિયા પ્રસન્ન હતી ને તેથી દેવો પણ પ્રસન્ન હતા. મા અને દેવો બંને પ્રસન્ન હોવાને કારણે સમગ્ર ઊંઝા ઉમિયા સંસ્થાન,



તમામ ભાવિક ભક્તો પ્રસન્નતાથી ખીલી ઉઠ્યા હતા. રાત્રે તો પૂનમનો ચાંદ ધરતી ઉપર ઉતરી આવ્યો હોય તેમ વર્તાતું હતું. એક લાખ પુનમના અજવાળા પણ ઓછા પડે તેવા માના મંદિરનો શણગાર હતો.

ખુદાભી આસમાંસે જબ જમી પેં દેખતા હોગા
યે ઉમિયાનગર કિસને બનાયા સોચતા હોગા.

આજે અમદાવાદ ગુજરાતના પાટીદારોનું હબ બની ચૂક્યું છે. અઢારમી શતાબ્દી રજત જયંતી મહોત્સવમાં આ શહેરની અદની ભૂમિકા બની રહી. અમેરિકામાં વસતા ગુજરાત-ભારતના કડવા પાટીદારોનું ૨૪-૨૫ જુલાઈ ૨૦૦૯ દરમિયાન સાતમું કન્વેશન ભરાયું. ઉમિયા સંસ્થાન ઊંઝાના પ્રમુખ સ્વ. શેઠ શ્રી કેશવલાલે નવે-ડિસે. ૨૦૦૯ ઊંઝા ખાતે ઉજવનારા મહોત્સવ પ્રસંગે સૌને ઉપસ્થિત રહેવા 'મા'નું નોતરું મોકલી આપ્યું અને સ્વ. થી સર્વના હૃદય સુધી પહોંચવાનું આહ્‌વાન કર્યું. પ્રત્યેક કડવા પાટીદાર મા ઉમિયાની ટપાલ થઈને જન્મે છે તેવો ખ્યાલ આપ્યો. મા ઉમિયામાં વિશ્વાસ અને શ્રદ્ધા રાખવાનું કહેતાં ઉમેર્યું

હું 'મા' ઉમિયાનો 'મા' મમરક્ષક એ ભરોસો જાય નહીં
'મા' કરે તે મમહિતનું એ વિશ્વાસ બદલાય નહીં.

અમદાવાદમાં રહેતા તમામ કડવા પાટીદારના ઘરે 'માનું નોતરું' જ્યાં કડવો ત્યાં કંકોતરીનું ઘર દીઠ થઈ નિમંત્રણ અપાયું. તે માટે અમદાવાદ શહેર કડવા પાટીદાર સમિતિની રચના થઈ શ્રીમાન ડી. ડી. પટેલ અધ્યક્ષ થયા, વાસુદેવભાઈ પટેલ, શ્રીમાન પ્રહલાદભાઈ કામેશ્વર અને શ્રીમાન રમેશભાઈ દૂધવાળા અલગ અલગ કમિટીના કન્વીનર બન્યા અને એક જબદસ્ત માહોલ અમદાવાદના પગલે રચાયો. સૌ અમદાવાદ શહેર કડવા પાટીદારોનો ઉત્સાહ, સામર્થ્ય અને 'મા' ઉમિયા પ્રત્યેની ભક્તિના સાક્ષી બન્યા. 'મા' પ્રત્યેની પરાયણતા દર્શાવી અને પ્રત્યેકે પોતાની કૃતજ્ઞતા સાબિત કરી.



તા. ૧૪-૧૧-૨૦૦૯, રવિવારના રોજ અમદાવાદ ઉમિયા કેમ્પસ સોલા, ગાંધીનગર-સરખેજ હાઈવે ખાતે એક મહાસંમલેનનું આયોજન કર્યું. આ કડવા પાટીદારોની મીની કુંભમેળો સમાન મહાસંમેલનમાં અમદાવાદ, ગાંધીનગર શહેરના તમામ શ્રેષ્ઠીઓ, દાતાઓ, સમાજ-ગોળના પ્રમુખો, શૈક્ષણિક સંસ્થાઓના સંચાલકો ઉપરાંત ગુજરાત સરકારના કેબીનેટ મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, શ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રીમતી આનંદીબેન પટેલ, શ્રી નરેન્દ્રભાઈ પટેલ, શ્રી સિદ્ધાર્થભાઈ પટેલ, શ્રી નરહરિભાઈ અમીન, શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, શ્રી સૌરભભાઈ પટેલ સહિત સૌ આગેવાનોને નિમંત્રણ અપાયાં. સૌ ઉપસ્થિત રહ્યા. 'મા' ઉમિયા પ્રત્યે પોતાનો વિશ્વાસ ભક્તિ અને શ્રદ્ધા બતાવવા-મહોત્સવમાં સૌ સાથ સહકાર આપવા આહવાન થયાં અને સૌને તન-મન-ધનથી ઉપયોગી થયા હાકલથી, એ દિવસે અમદાવાદમાં કડવા પાટીદારોની એકતાનાં દર્શન થયાં. કહેવામાં આવ્યું

કત્રે હો તો મિલ જાઓ
બનેગા સમંદર મહાન

એ જ પ્રમાણે અમદાવાદ પૂર્વ વિસ્તારમાં પણ આવું જ એક મહાસંમલેન શ્રી વાડિભાઈ પટેલ અને કોર્પોરેટરશ્રી દેવચંદભાઈ પટેલના સહયોગથી બોલાવવામાં આવ્યું. પાટીદાર એકતા ઝીંદાબાદના સૂત્રો વહેતાં થયાં. આ બંને વિરાટ મહાસંમેલનના કારણે અમદાવાદ નગરના કડવા પાટીદાર સૌ સાથે બેઠા, સામાજિક વિકાસ માટે વિચારતા થયા અને ખાસ તો એક તાકાતવાન સંગઠનનાં મંડાણ થયાં. બંને મહાસંમેલનમાં ઊંઝા





ઉમિયા સંસ્થાનના પ્રમુખ શેઠશ્રી કેશવલાલ સહિત તમામ હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા અને રજત જયંતી મહોત્સવ ઉજવવા અંગેનું માર્ગદર્શન આપ્યું. અમદાવાદ આ મહોત્સવમાં મહત્ત્વનો ભાગ ભજવી શકશે એવી આશા વ્યક્ત કરી.



હૂંડી સ્વીકારો ને મા પ્રત્યે ભક્તિ દર્શાવો

એક અનોખી રીત મા ઉમિયા પ્રત્યે ભક્તિ ને શ્રદ્ધા ધરાવતા અનેકો માટે ૫૦ ૧૦૦, ૫૦૦, ૧૦૦૦રૂ.ની હૂંડીની સ્વીકારે ને જેટલા રૂપિયાની હૂંડી સ્વીકારે તેટલી રકમ અઢારમી સદી રજત જયંતી મહોત્સવમાં ભેટ રૂપે આપે આ પ્રકારની હૂંડી અમદાવાદ કેન્દ્ર ખાતેની જવાબદારી શ્રી પ્રહલાદભાઈ કામેશ્વરવાળાએ ઉપાડી પૂર્વ વિસ્તારની જવાબદારી શ્રી વાડિભાઈ પટેલે ઉપાડી અને એક જ સપ્તાહમાં લગભગ ૫૦ લાખ રૂપિયાની હૂંડીની વહેંચણી થઈ ગઈ. જે ભક્તો મોટી ઉછામણીમાં ભાગ ન લઈ શક્યા તેમણે તેમના ગજા પ્રમાણે હૂંડી સ્વીકારી મા પ્રત્યે તેમની પરાયણતા દર્શાવી એક એક રૂપિયા સાથેનો હિસાબ ઊંઝા સંસ્થાનમાં જમા કરાવ્યો.

યુવા સંગઠનો દ્વારા બાઈક રેલી :

અમદાવાદ થી ઊંઝા સુધી એક અદ્‌ભુત બાઈક રેલીએ યુવાનોએ તેમનો મા પ્રત્યેનો સદ્‌ભાવ અને ઉમંગ બતાવ્યો. અમદાવાદ સુભાષ સર્કલથી નીકળેલી આ રેલીમાં આવતાં તમામ ગામોએ હર્ષભેર ઉલ્લાસથી સ્વાગત કર્યું... છત્રાલ, કલોલ, નંદાસણ, મહેસાણા મુકામે તો હજારો લોકોએ રેલીને આવકારી અને યુવાનોને પ્રોત્સાહિત કર્યા.

અઢી લાખ કુટુંબોને "કડવો ત્યાં કંકોતરી"

માં નું નોતરું આમંત્રણ પત્રિકા પોસ્ટ કર્યા વગર રૂબરૂ હાથોહાથ જઈને ઘરે ઘરે પહોંચાડી કેટલીક સોસાયટીમાં તો બહેનો ભેગી થઈ કંકુ-ફુલથી માંના વધામણાં આવ્યાં તેમગાતાં ગાતાં આમંત્રણને વધાવવામાં આવતું બહેનોના આ ઉમંગ અને મા પ્રત્યેનો ભાવ અવર્ણનીય છે.


ઐતિહાસિક ઉછામણી :

અઢારમી શતાબ્દી રજત જયંતી મહોત્સવની મોટા પાયે તૈયારીઓ થઈ રહી હતી ત્યારે આયોજન પાછળ થનાર લાખો-કરોડો રૂપિયાના ખર્ચને પહોંચી વળવા મહોત્સવના એક માસ અગાઉ પંચદિવસીય કાર્યક્રમ દરમિયાન થનાર કાર્યક્રમ **શોભાયાત્રાથી માંડી પૂર્ણાહૂતિ સમારંભ સુધીના તમામ એક એક કાર્યક્રમની ઐતિહાસિક ઉછામણી કરવામાં આવી.** ઉછામણીમાં ઉત્સાહ આવે તે માટે મોટી સંખ્યામાં બોલી બોલનાર થઈએ તે કાર્ય અમદાવાદના શ્રેષ્ઠીઓએ સિદ્ધ કરી બતાવ્યું. અમદાવાદથી શ્રી ડી.ડી.પટેલ, શ્રી કનુભાઈ (સોલા) પટેલ, શ્રી વાસુદેવભાઈ પટેલ તો વળી અમેરિકામાં બેઠાં બેઠાં સૌથી ઊંચી ૭૧ લાખની બોલનાર શ્રી સી.કે.પટેલ સૌ દાનવીરોએ બોલીમાં રંગત લાવી દીધી. અને તેને કારણે જ આયોજકોમાં અપૂર્વ ઉત્સાહ આવ્યો.


મહોત્સવનાં પાંચે દિવસો દરમિયાન અમદાવાદ ઉમિયા કેમ્પસ ખાતે રહેવા-જમવા-ઉતારાની વિશિષ્ટ સેવા પૂરી પાડી. બહારથી આવેલા તમામ ભક્તોને ઉતારા સાથે ભોજન, એસ.ટી.બસની સ્પેશિયલ સગવડ અને તાત્કાલિક દવા-સારવારની વ્યવસ્થા ઊભી કરી. શ્રી રણછોડભાઈ, શ્રી ઘનશ્યામભાઈ, શ્રી દામોદરભાઈ તથા સોલા ઉમિયા કેમ્પના કર્મચારી મિત્રોએ અપૂર્વ ઉત્સાહ સાથે કામગીરી બજાવી.

આપણે સૌ સાક્ષી છીએ કે આ સદીનો એક મહાઉત્સવ ઊંઝાને આંગણે ઉજવાયો. સમગ્ર ઉત્સવના ચેરમેન તરીકે શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ, કન્વીનરશ્રી મણિભાઈ ઈશ્વરભાઈ પટેલ, પ્રોજેક્ટ ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ સોમાભાઈ પટેલ તથા જુદી જુદી સમિતિઓના ચેરમેનશ્રીઓના અથાગ પ્રયત્નોના કારણે સમગ્ર **પંચદિવસીય મહોત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થયો તેમાં પણ માની કૃપા જ સમજવી રહી.**

- ડૉ. પ્રભુદાસ પટેલ, અમદાવાદ



ઉદ્‌ઘાટન સમારોહ
realpatidar.com
realpatidar.com
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, સ્મૃતિગ્રંથ
170
।। श्री उमिया शरणम् मम : ।।


realpatidar.com


realpatidar.com









'ઉદ્‌ઘાટન સમારોહ'
પ્રસંગે પધારેલ માનવંતા મહેમાનશ્રીઓ...







'ઉદ્‌ઘાટન સમારોહ' પ્રસંગે પધારેલ માનવંતા મહેમાનશ્રીઓ...













'ઉદ્‌ઘાટન સમારોહ' પ્રસંગે પધારેલ માનવંતા મહેમાનશ્રીઓ...












'ઉદ્‌ઘાટન સમારોહ' પ્રસંગે પધારેલ માનવંતા મહેમાનશ્રીઓ...







'ઉદ્‌ઘાટન સમારોહ' પ્રસંગે પધારેલ માનવંતા મહેમાનશ્રીઓ...











‘ઉદ્‌ઘાટન સમારોહ’ પ્રસંગે પધારેલ માનવંતા મહેમાનશ્રીઓ...







'ઉદ્‌ઘાટન સમારોહ' પ્રસંગે પધારેલ માનવંતા મહેમાનશ્રીઓ...















'ઉદ્‌ઘાટન સમારોહ' પ્રસંગે પધારેલ માનવંતા મહેમાનશ્રીઓ...













ઋણસ્વીકાર

પાટીદાર સમાજના ગૌરવવંતા શ્રેષ્ઠીઓનું સન્માન :



પાટડી દરબારના વારસદારશ્રી કર્ણિસિંહજી કિસનસિંહજી દેસાઈ અને તેમની સાથે દિલીપસિંહજી દેસાઇ



શેઠશ્રી બેચરદાસ અંબાઈદાસ લશ્કરીના વારસદાર શ્રી જાંબાલ ચંદ્રવદનભાઈ લશ્કરી



શેઠશ્રી નંદુલાલ મંછારામ પટેલ પરિવારના વારસદાર શ્રી સૌરભભાઈ પટેલ



શેઠશ્રી જયકૃષ્ણ હરિવલ્લભદાસ અને ધર્મપત્ની શ્રીમતી પદ્માબેન પરિવારના વારસદાર શ્રી મૃગેશભાઈ જયકૃષ્ણભાઈ

શેઠશ્રી મફતલાલ ગગલદાસ પરિવારના વારસદાર શેઠશ્રી પ્રદિપભાઈ રશેસભાઈ મફતલાલ (મુંબઈ)

મહોત્સવને સફળ બનાવવા માટેના સોનેરી સૂચનો

આ મહોત્સવ જગત જનની કુળદેવી મા ઉમિયાનો પ્રસંગ છે તેવા અંતરના ભાવ સાથે આપણે સૌ ભક્તિભાવથી સોંપેલું કાર્ય પૂર્ણ નિષ્ઠાથી કરીએ.

દરેક સમિતિને કયા પ્રકારની કામગીરી કરવાની છે તેની પૂરેપૂરી સમજ કેળવીએ અને સોંપેલ કાર્યને સંપૂર્ણ રીતે પાર પાડવા માટેનું આયોજન કરીએ.

તમામ સમિતિઓ વચ્ચે સંકલન જળવાઈ રહે તે માટે એકબીજાને આદર-માનથી પૂછીને કાર્ય કરવું.

સમગ્ર મહોત્સવની સફળતા આપણા નિષ્ઠાવાન કાર્યદક્ષ અને સેવાભાવી સ્વયંસેવકો ઉપર આધારિત છે. એટલે સ્વયંસેવકો શિસ્તબદ્ધ અને અનુશાસનથી પોતાને સોંપેલી ફરજ બજાવે તેવું કાર્ય કરવું.

આવનાર યાત્રાળુઓ આપણા મહેમાન છે તેમને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે સતત જાગૃત રહેવું અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું.

મહોત્સવમાં નાનાં બાળકો અને વૃદ્ધોની ખાસ સંભાળ રાખવાની વ્યવસ્થા કરવી.

મહોત્સવ દરમિયાન સ્વચ્છતા અને શિસ્ત જળવાઈ રહે તે ખૂબ જ જરૂરી છે. આ મહોત્સવ દરમિયાન ઊંઝા નગરના સૌ નગરજનો એક સંપ, સહકારની ભાવનાથી આવનાર યાત્રાળુઓની સેવામાં લાગી જાય તેવું વાતાવરણ સર્જવું.

મહોત્સવમાં કોઈપણ પ્રકારનો અઘટિત બનાવ ન બને તે માટે મહોત્સવના કાર્યવાહકોએ સતત જાગૃત રહેવું.

મહોત્સવમાં સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓનો સહયોગ લઈ દરેક કાર્યને સફળતાપૂર્વક પાર પાડવા આયોજન કરવું.


મહોત્સવ દરમિયાન તાત્કાલિક નિર્ણયો લેવાની જરૂર પડે તે માટે સંસ્થાના અને મહોત્સવના વડવાઓનો સંપર્ક કરવો.

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ના સુકાનીઓ

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯



શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ
ચેરમેન



શ્રી મણિભાઈ ઈશ્વરલાલ પટેલ (મમ્મી)
કન્વીનર




શ્રી મહેન્દ્રભાઈ સોમાભાઈ પટેલ
પ્રોજેક્ટ ચેરમેન

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવના વિચાર બીજને પરિપક્વ બનાવવા માટે આ સુકાનીઓ...

સમગ્ર મહોત્સવને સફળ બનાવવા માટે આર્થિક ભંડોળ, સમાજ સંગઠન, સ્વયંસેવકોની ફોજ તૈયાર કરવા માટે વહિવટી મુત્સદ્દીગીરીનું ધાર્મિકતા સાથે આયોજનનું માળખું તૈયાર કર્યું. માત્ર આ મહોત્સવ ધર્મોત્સવ ન બની રહે તે માટે વેપાર, ઔદ્યોગિક, કૃષિ અને શિક્ષણ જેવા વિષયોનું વિશાળ પ્રદર્શન અને માર્ગદર્શનના આયોજન થકી સર્વ સમાજનો ઉત્સવ બને.



પ્રચાર-પ્રકાશન કમિટિ



ચેરમેનશ્રી
સીતારામભાઈ જોઈતારામ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
દિલીપભાઈ મણિભાઈ પટેલ
(નેતાજી)




કો.ઓર્ડિનેટરશ્રી
જેઠાભાઈ મગનલાલ પટેલ



: વિશેષતા :

'માનુ તેડું' નામની ઐતિહાસિક આમંત્રણ પત્રિકા કડવો ત્યાં કંકોતરી નામે ૮ લાખ પરિવારોને પહોંચાડવી.






: ટીમવર્ક :



પ્રચાર અને પ્રકાશન કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	: શ્રી સીતારામભાઈ જે. પટેલ	કમિટિ સભ્યો	:	૮૫
વાઈસ ચેરમેન	: શ્રી દિલીપભાઈ એમ. પટેલ			
કો-ઓર્ડિનેટર	: શ્રી જેઠાભાઈ એમ. પટેલ			

શ્રી ઉમિયા માતાજી સંસ્થા, ઊંઝાની જનરલ સભામાં મા ઉમિયાનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ઉજવવાનો ઐતિહાસિક ઠરાવ કરવામાં આવ્યો અને આ મહોત્સવને સફળ બનાવવા અને માતાજીના ઈતિહાસમાં સોનેરી પૃષ્ઠોમાં યાદગીરી રૂપે લખાય તેવી રીતે ભવ્યાતિભવ્ય પ્રસંગ કરવાની જવાબદારીરૂપે મહોત્સવના કન્વીનર તરીકે મા ઉમિયાના સેવક અને મા ઉમિયાનું નામ વિશ્વપ્રસિદ્ધ કરી પાટીદારોના ઘેરઘેર પહોંચતું કરવાનો યશ જેમને ફાળે જાય છે તેવા શ્રી મણિભાઈ મમ્મી સાહેબની ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવના કન્વીનર તરીકેની મા ઉમિયાના ઉપાસક અને મા ઉમિયાની જ્યોતને જ્વલંત રાખનાર તેમજ ઊંઝાને ભારતના ધર્મસ્થાનોમાં એક શક્તિપીઠ તરીકે ખ્યાતિ અપાવનાર એવા શેઠશ્રી કેશવલાલ વી. પટેલની દરખાસ્તને સમગ્ર સભ્યોએ ઉલ્લાસ અને હર્ષોનાંદથી વધાવી લઈને
શ્રી મણિભાઈ મમ્મી સાહેબને મહોત્સવની વિશેષ જવાબદારી સોંપી.



શ્રી ઉમિયા માતાજીના આ મહોત્સવને સફળતા મળે તે હેતુસર સૌ પ્રથમ મહોત્સવના પ્રચાર અને પ્રકાશન માટેની કામગીરી મહોત્સવના લગભગ ૧૮ (અઢાર) માસ અગાઉ બનાવવામાં આવી. તે કમિટિમાં ચેરમેન તરીકે પટેલ સીતારામભાઈ જોઈતારામ તેમજ વાઈસ ચેરમેન તરીકે પટેલ દિલીપભાઈ મણીલાલ નેતાજી અને કો.ઓર્ડિનેટર તરીકે પટેલ જેઠાભાઈ મગનલાલની નિમણૂક કરવામાં આવી અને પચાસ જેટલા સક્રિય સભ્યોની નિમણૂક કરીને મા ઉમિયાના મહોત્સવના પ્રચારનો શુભારંભ કરવામાં આવ્યો. મહોત્સવને હજુ ઘણો સમય હતો પરંતુ મહોત્સવનું રૂપ વિશાળ, બ્રુહદ અને મોટા કદનું કલ્પવામાં આવ્યું જેથી પ્રચારની વિશેષ જવાબદારી બની. સમય જતાં આ કમિટિમાં બીજા સભ્યોનો ઉમેરો કરતાં કુલ ૮૫ સભ્યો થયા.

પ્રચારનો હેતુ સુંદર રીતે સફળ બને અને મહોત્સવનો સારો એવો પ્રચાર થાય અને અંદાજે ૫૦/૬૦ લાખ મા ઉમિયાના ભક્તો આ મહોત્સવમાં પધારે તેવા શુભ સંકલ્પ સાથે પ્રચારનું

આયોજન કરવામાં આવ્યું. પ્રચાર કામગીરી સારી રીતે સુસંકલીત રીતે થાય તેમજ સૌને સાથે રાખી શકીએ તે શુભ આશયથી પ્રચારના કામકાજ માટે (૧૨) બાર જેટલી પેટા કમિટીઓ બનાવી પ્રચારના કામકાજની વહેંચણી કરી. તેના ઉપર ચેરમેન અને વાઈસ ચેરમેનની સીધી દેખરેખ અને દોરવણીથી કામકાજ શરૂ થયું. આ મહોત્સવમાં સમગ્ર પાટીદાર વિશ્વના કોઈપણ ખૂણે રહેતા કડવા પાટીદારને મા ઉમિયાના આ મહોત્સવનું આમંત્રણ મળે તે અભિયાનરૂપે 'મા ઉમિયાનું તેડું'ના શીર્ષક હેઠળ 'કડવો ત્યાં કંકોતરી'ના નારા રૂપે આમંત્રણ કાર્ડ મોકલવાનો સંકલ્પ કરવામાં આવ્યો. તે આમંત્રણ કાર્ડમાં કંકુ, ચોખા, આમંત્રણ કાર્ડ તેમજ મહોત્સવની રૂપરેખાની માહિતી સાથેનું લિટરેચર મોકલવાનું આયોજન કર્યું. સમગ્ર પ્રચાર કામ માટે વિવિધ કમિટિઓની રચના કરવામાં આવી. જેવી કે -

(૧) સમગ્ર કડવા પાટીદારોની માહિતી-સંશોધન એકઠી કરવાની કમિટિ જેની જવાબદારી કમિટિના સક્રિય સભ્ય પ્રહ્‌લાદભાઈ મોહનલાલ પટેલને સોંપવામાં આવી.

(૨) કડવો ત્યાં કંકોતરી વિતરણ વ્યવસ્થા કમિટિ જેની જવાબદારી પટેલ હરેશભાઈ ગોવિંદભાઈ કાપડીયાને સોંપવામાં આવી.

(૩) પ્રચાર-સાહિત્ય છપામણી કમિટિ જેની જવાબદારી હિતેષભાઈ જયંતિલાલ બાંગાને સોંપવામાં આવી.

(૪) બેનર-ટીકર્સ-કેલેન્ડર વિગેરે સાહિત્ય કમિટિ જેની જવાબદારી પટેલ કૌશિકભાઈ ગોવિંદભાઈ ગોદડને સોંપવામાં આવી.

(૫) ચાંદીના ફોટા તેમજ સિક્કા તૈયાર કરવાની કમિટિ જેની જવાબદારી પટેલ ચીમનલાલ છબીલદાસ પટેલને સોંપવામાં આવી.

(૬) ચેતના જ્યોતિરથ કમિટિ ઉત્તર ગુજરાત પાંચ જિલ્લાના પાટીદાર સમાજના દરેક ગામમાં રથ દ્વારા પ્રચારની વિશેષ કામગીરી મહોત્સવના પ્રચાર કમિટિના વાઈસ ચેરમેન દિલીપભાઈ મણિલાલ પટેલ નેતાજીને કન્વીનર તરીકેની જવાબદારી સોંપવામાં આવી. જેમાં શ્રી કાંતિભાઈ પ્રેસ અને શ્રી અંબાલાલભાઈ રૂસાતને સક્રિય રસ લઈ સમગ્ર ઉત્તર ગુજરાતનાં ગામમાં પ્રચારનું જબરજસ્ત અભિયાન ગામેગામ ચલાવ્યું અને દરેક મોટા ગામમાં સભાઓનું આયોજન કરવામાં આવ્યું.



(૭) ધાર્મિક સાહિત્ય વેચાણ સ્ટોર કમિટિ જેની વિશેષ જવાબદારી કમિટિના સક્રિય સભ્ય પટેલ ગોપાલભાઈ નાથાલાલ અલોડીયાને સોંપવામાં આવી. જેમણે મહોત્સવમાં મહોત્સવ કમિટિના (૧૦) દશ જેટલા જુદા જુદા સ્ટોલો ઉભા કરી લાખો રૂપિયાના ધાર્મિક સાહિત્યનું વેચાણ કર્યું.

(૮) મીડિયા-ચેનલ-ટીવી-ન્યુઝ પ્રિન્ટ વિગેરે માટેની કમિટિની વિશેષ જવાબદારી પટેલ દિનેશભાઈ મોલ્લોતને સોંપવામાં આવી.

(૯) પ્રચાર સભાઓ તેમજ સંમેલનોના આયોજન માટેની કમિટિ જેની જવાબદારી ચેરમેન શ્રી સીતારામભાઈ જોઈતારામ પટેલ, વાઈસ ચેરમેન દિલીપભાઈ મણિલાલ પટેલ તેમજ કમિટિના સક્રિય સભ્યો શ્રી પ્રહ્‌લાદભાઈ,

શ્રી મધુભાઈ પરસોત્તમદાસ, શ્રી ઈશ્વરભાઈ અમથારામ વિગેરે સક્રિય સભ્યો તેમજ સંસ્થાના હોદેદારો તથા મહોત્સવના હોદેદારો વગેરે સાથે મળીને આયોજન કરવામાં આવ્યાં. જેમાં ઊંઝા શહેરમાં જુદા જુદા સાત જગ્યાએ મિટિંગોનું આયોજન કરવામાં આવ્યું. તેમજ અમદાવાદ - રાજકોટ - ભૂજ - વાંઢાઈ - વડોદરા - સુરત - મુંબઈ - ભરૂચ - હિંમતનગર - મહેસાણા - પાટણ - વિસનગર - પાલનપુર - વિજાપુર - અંકલેશ્વર - સિદ્ધપુર - મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાનના પાટીદારોના જિલ્લાઓમાં પ્રચાર સભાઓનું આયોજન કરવામાં આવ્યું. મહોત્સવને હાઈટેક રૂપ આપવા માટે તેમજ પરદેશમાં લોકો પણ ઘર બેઠા મહોત્સવ જોઈ શકે તે હેતુથી મા ઉમિયાના આ મહોત્સવની કાયમી યાદગીરી બને તે માટે વેબસાઈટ અને ઈન્ટરનેટ વ્યવસ્થાની કમિટિ બનાવવા માટેની વિશેષ જવાબદારી પટેલ સુનિલભાઈ પરાસડાને સોંપવામાં આવી.

મહોત્સવના દિવસોમાં વિશેષ મહેમાનોના સન્માન માટે દાતાશ્રીઓ અને V.I.P. મહેમાનોને સ્મૃતિ ભેટ તેમજ અન્ય વિશેષ ભેટની વ્યવસ્થાની કામગીરી માટે.

(૧૦) સ્મૃતિભેટ બનાવવા માટેની વ્યવસ્થા કમિટિના જવાબદારી પટેલ હિતેશભાઈ જયંતિલાલ બાંગાને સોંપવામાં આવી.

(૧૧) ધાર્મિક-લેખન-સાહિત્ય કમિટિ જેની જવાબદારી શ્રી કેશુભાઈ સાહેબ મહેસાણાવાળાને સોંપવામાં આવી. જે માતાજીની ધાર્મિક કેસેટ બનાવવા માટે આરતી - ગરબા - ધુન - થાળ - ચાલીસા વિગેરે તૈયાર કરીને ધાર્મિક કેસેટ બનાવવા માટેનું સાહિત્ય તૈયાર કરવાની જવાબદારી સોંપી. જેમાં ગુજરાતના સાહિત્યકાર સભ્યોને જોડવામાં આવ્યા.

મહોત્સવ માટેના આયોજન અને તેને લગતી નાની-મોટી મિટિંગો-સભાઓ વિગેરેના આયોજનની જવાબદારી પ્રચાર કમિટિને શીરે રહેતી. તે માટેની વિશેષ જવાબદારી એનાઉન્સમેન્ટ તેમજ તેની તૈયારી વિગેરે કામકાજની કમિટિ તરીકે પટેલ આત્મારામભાઈ અમરતલાલ મુખી અને પટેલ નિલેષભાઈ રસિકલાલને સોંપવામાં આવી. ઉપર મુજબની વિવિધ કમિટિઓના જવાબદાર કન્વીનરો અને ઊંઝાના સક્રિય સભ્યોએ ખૂબ જ ઉમદા જવાબદારીપૂર્વક કામકાજ કર્યું. સમગ્ર પ્રચાર કમિટિ તેમજ ધાર્મિક સાહિત્યના સ્ટોરોની કામગીરી વિગેરેમાં કમિટિ સભ્ય તરીકે અંદાજીત ૯૦ (નેવું) સભ્યો તેમજ સ્વયંસેવક તરીકે અંદાજીત ૨૨૫ સભ્યોએ આ તમામ કામગીરીમાં સહયોગ આપ્યો. જે અભિનંદનને પાત્ર છે. મા ઉમિયા સૌના ઉપર કૃપા કરે તેવી પ્રાર્થના.

મહોત્સવમાં કરેલ કામગીરીની આંકડાકીય માહિતી નીચે મુજબ છે.

- મહોત્સવના પ્રચાર હેતુ તેમજ માહિતી અંગેના પેમ્ફલેટ ચોપાનીયાં વિગેરે જુદી જુદી માહિતીઓ પ્રસંગો પ્રમાણે અને મહોત્સવની પૂરી જાણકારી વિગેરે માટે અંદાજી સાત લાખ કોપી.
- 'કડવો ત્યાં કંકોતરી' મા ઉમિયા મહોત્સવનું આમંત્રણ. આમંત્રણ પત્રિકામાં વિવિધ સામગ્રી જેવી કે -
  - આઠ લાખ કંકુની પડિકીઓ
  - આઠ લાખ ચોખા (અક્ષત)ની પડિકીઓ
  - આઠ લાખ સંકલ્પ પત્રો
  - આઠ લાખ મહોત્સવની વિગતવાર માહિતી.



આ સમગ્ર સાથે મા ઉમિયાના આમંત્રણ કવરમાં પેક કરી ઘરે ઘરે પહોંચાડવાનું ભગીરથ કામ કરીને ઘરે ઘરે પહોંચાડી.

- મહોત્સવના પ્રચાર હેતુથી વાર્ષિક કેલેન્ડર્સ એક લાખ પચીસ હજાર કોપી સામાન્ય રૂા. ૫ (પાંચ)ના ભાવથી વેચાણ કર્યું.
- માતાજીનો દરેક ઘરે પ્રચાર થાય અને શ્રદ્ધા-ભક્તિ-આસ્થા વધે તે હેતુસર માતાજીની ધાર્મિક કેસેટ તૈયાર કરવામાં આવી. જેમાં ગુજરાતના સુપ્રસિદ્ધ ગાયક - હેમંત ચૌહાણ તેમજ અન્ય કલાકારોના સ્વરથી કેસેટ તૈયાર કરી; જેનું વેચાણ

 ૨૦,૦૦૦ (વીસ હજાર)થી પણ વધારે કરવામાં આવ્યું. આ કેસેટ તૈયાર કરવામાં જયેશભાઈ પી. પટેલ અને તેમની ટીમે ખૂબ જ મહેનત ઉઠાવી.

- બેનર્સ, પ્લાસ્ટીકના લીટરેચરવાળા નાના-મોટા પડદા અંદાજીત ૧૨,૦૦૦ (બાર હજાર) જેટલા તૈયાર કરી ગામેગામ તેમજ નગરો અને શહેરોમાં મોકલવામાં આવ્યા. કેટલાક ધાર્મિક ભક્તોએ પોતાના ખર્ચે તૈયાર કરીને મોકલેલ છે.
- સ્ટીકર્સ, પ્રચાર સભાઓ તેમજ મંદિરમાં આવતાં વાહનો ઉપર તેમજ જુદા જુદા શહેરો અને ગામોમાં મોકલવામાં આવ્યા. જેની સંખ્યા અંદાજીત ૨,૫૦,૦૦૦ (બે લાખ પચાસ હજાર) જેટલી છે. કેટલાક દાતાઓએ પોતાના ખર્ચે બનાવીને મોકલેલ છે.
- માતાજીના નાના-મોટા ફોટાઓ - પેન તેમજ અન્ય માતાજીના ફોટાવાળા તેમજ મહોત્સવની તારીખના પ્રચારવાળા એન્ટીક પીસ હજારોની સંખ્યામાં તૈયાર કરીને વેચાણ કરવામાં આવ્યું. મહોત્સવ અગાઉ આવા સાહિત્યનું વેચાણ-પ્રચાર માટે જુદા જુદા શહેરો અંબાજી - બહુચરાજી - અમદાવાદમાં તેમજ ઊંઝા માતાજીમાં સ્પેશ્યલ સ્ટોલ ઊભા કરીને વેચાણ કરવામાં આવ્યું. મહોત્સવ અગાઉ તેમજ મહોત્સવના દિવસો દરમ્યાન.
- ચાંદીના સિક્કા - પાંચ ગ્રામ - દસ ગ્રામ - વીસ ગ્રામ - પચાસ ગ્રામ તેમજ ચાંદીની માતાજીના ફોટાવાળી ફ્રેમવાળા ફોટાનું હજારોની સંખ્યામાં મહોત્સવ અગાઉ તેમજ મહોત્સવના દિવસો દરમ્યાન વેચાણ થયું.
- માતાજી સંસ્થાનની ધાર્મિક બુકો તેમજ મહોત્સવની સ્પેશ્યલ બનાવેલ માતાજીના તેમજ કુર્મિ ક્ષત્રિય પાટીદારની વિકાસગાથાની બુકો પ્રચાર કમિટિ દ્વારા તૈયાર કરેલ તેમજ અન્ય સંસ્થાઓએ તૈયાર કરીને વેચાણ માટે આપેલ તેવી ધાર્મિક બુકોનું હજારોની સંખ્યામાં વેચાણ કરવામાં આવ્યું.
- મહોત્સવની સ્પેશ્યલ જાણકારી પાટીદારોના સમગ્ર જાણકારી-માહિતી પાટીદારોના સમગ્ર સમજો તેમજ ભારતના જુદા જુદા પાટીદાર સમાજના અગ્રણીઓ - સંસ્થાઓ - દાતાઓ વિગેરેને ખાસ માહિતી સભર કવર તેમજ મહોત્સવની પ્રચાર કેસેટ વિગેરે લિટરેચર સાથે કવર, પોસ્ટ તેમજ કુરીયર દ્વારા હજારોની સંખ્યામાં મોકલવામાં આવ્યાં.
- સમગ્ર ગુજરાતની ટી.વી. ચેનલો તેમજ મિડિયા પ્રિન્ટ મિડિયા - ઈલેક્ટ્રો મિડિયાને માતાજીના મહોત્સવની જાણકારીનું લિટરેચર તેમજ મહોત્સવની કેસેટ તેમજ માતાજીની ધાર્મિક કેસેટ મોકલવામાં આવી.
- 'કડવો ત્યાં કંકોતરી' પરદેશ રહેતા કડવા પાટીદારોના ઘરે અમેરિકા - ઈંગ્લેન્ડ - કેનેડા - ઓસ્ટ્રેલિયા - આફ્રિકાના દેશો વિગેરે જુદા જુદા દેશોમાં હજારોની સંખ્યામાં પહોંચાડવામાં આવી.
- મા ઉમિયા સંસ્થાના પ્રમુખ શ્રી કેશુભાઈ શેઠના વિચારને મૂર્તિમંત કરવાના શુભ હેતુસર કડવા પાટીદારના દરેક ગામમાં મા ઉમિયાનો ફોટો હોવો જોઈએ. મહોત્સવની સ્મૃતિભેટ તરીકે ૩૬૦૦ ગામોમાં મા ઉમિયાનો ફોટો વિના મૂલ્યે આપવાનું આયોજન કરવામાં આવ્યું. જે ગામના મંદિરમાં મૂકવામાં આવ્યો.
- સમગ્ર ઉત્તર ગુજરાત તેમજ ગુજરાતના પાટીદારોના વિસ્તારો વચ્ચે શહેરો-નગરોમાં મા ઉમિયા મહોત્સવના પ્રચારના હોર્લ્ડીંગ હજારોની સંખ્યામાં લગાવવામાં આવ્યા.
- મહોત્સવના પ્રચાર હેતુ તેમજ માતાજીની કાયમી આધુનિક વેબસાઈટ - ઈન્ટરનેટ ઉપર તૈયાર કરવામાં આવી તેમજ ઓનલાઈન દર્શન વ્યવસ્થા ઊભી કરવામાં આવી.
- મહોત્સવના નજીકના દિવસો દરમ્યાન ટી.વી.ની જુદી જુદી ચેનલોમાં મા ઉમિયાના મહોત્સવના પ્રચારની કેસેટ તૈયાર કરીને જાહેરાત સ્વરૂપે દર્શાવવામાં આવી. ચેનલોવાળાઓએ મહોત્સવની ભવ્યતા જોઈને સમાચારરૂપે પણ પ્રસિદ્ધિ કરી.
- મહોત્સવના પ્રચારની કેસેટ ઈન્ટરનેટ - વેબસાઈટ ઉપર પણ મૂકવામાં આવી. તે દ્વારા પરદેશમાં રહેતા પાટીદારોમાં પ્રચાર કરવામાં આવ્યો.

- પ્રિન્ટ મિડિયા - મેગેઝીનો - માસિકો - સાપ્તાહિકો તેમજ દૈનિક પેપરોમાં માતાજીની જાહેરાત રૂપે તેમજ સમાચારરૂપે મહોત્સવની પ્રચાર કામગીરી કરવામાં આવી.
- મહોત્સવની પ્રચાર કેસેટ ગુજરાતની સ્થાનિક ચેનલો દ્વારા પહોંચાડીને વિના મૂલ્યે કેસેટ દ્વારા પ્રચાર કરવામાં આવ્યો.
- મહોત્સવના પ્રચાર માટે 'ચેતના જ્યોતિરથ' ઉત્તર ગુજરાતના પાટીદારોના ગામોમાં ૬૦ (સાઈઠ) દિવસ સુધી ફેરવીને દરેક ગામમાં પ્રચાર કરવામાં આવ્યો. ગામેગામ સુંદર સ્વાગત કરવામાં આવ્યું. અંદાજીત એક હજારથી પણ વધારે ગામોમાં પ્રચાર માટેની ધાર્મિક 'ધર્મસભાઓ'નું આયોજન કરવામાં આવ્યું. તાલુકા મથકોએ મોટી વિશાળ ધર્મસભાઓ કરવામાં આવી. જેનો જબરજસ્ત પ્રભાવવાળો પ્રચાર થયો. રથની સાથે પ્રચારની કેસેટ પડદા ઉપર બતાવવામાં આવતી હતી.
- મા ઉમિયાના મહોત્સવ માટે જુદા જુદા મોટાં શહેરો - નગરો - જિલ્લા - તાલુકા મથકો તેમજ મોટા ગામોમાં પ્રચાર સભાઓ કરવામાં આવી.
- સમગ્ર પાટીદારોના સમાજો - ગોળસમાજ - મંડળોના આગેવાનોનું સંમેલન બોલાવવામાં આવ્યું. તેમજ મા ઉમિયાના દરેક મંદિરોના પૂજારીશ્રીઓ તેમજ વહિવટ કર્તાઓનું સંમેલન બોલાવવામાં આવ્યું.
- મહોત્સવ દરમ્યાન શ્રી ઉમિયાનગર તેમજ શહેરના અન્ય વિસ્તારો મળી ૧૨ (બાર) જેટલા ધાર્મિક વેચાણ સ્ટોર ઊભા કરવામાં આવ્યા. જેમાં માતાજીનું ધાર્મિક સાહિત્ય લાખો રૂપિયાનું વેચાણ કરવામાં આવ્યું. જેમા સ્વયંસેવકોની મદદથી કામગીરી કરવામાં આવી.
- મહોત્સવના દાતાશ્રીઓ તેમજ V.I.P. મહેમાનો માટે વિશેષ મોમેન્ટો તેમજ સન્માનની જવાબદારી પ્રચાર કમિટિના ભાગરૂપે - મોમેન્ટો તેમજ સન્માનની અન્ય સામગ્રી તૈયાર કરીને કામગીરી સંભાળવામાં આવી. તેમજ મહોત્સવના દિવસો દરમ્યાન સ્ટેજ કાર્યક્રમોમાં પ્રચાર કમિટિની જવાબદારીના ભાગરૂપે સ્ટેજ કમિટિમાં જોડાઈને વિશેષ કામગીરી સંભાળી.
- મહોત્સવના દિવસો દરમ્યાન મિડિયા - વ્યવસ્થાની જવાબદારી સંભાળીને તેમજ જરૂરી સમયે વ્યવસ્થા વિગેરે કરી આપવામાં આવી. તેમજ ઈલેક્ટ્રીક મિડિયા તેમજ પ્રિન્ટ મિડિયાને મહોત્સવને લગતી માહિતીથી વાકેફ કરવામાં આવ્યાં.
- હિન્દી ભાષામાં પણ પત્રિકાઓ તેમજ કેલેન્ડર્સ - બેનર્સ - સ્ટીકર્સ વિગેરે હજારોની સંખ્યામાં તૈયાર કરી મોકલવામાં આવ્યાં.

આ ઉપરાંત મહોત્સવના પ્રચાર-પ્રકાશન માટેની નાની-મોટી ઘણી જવાબદારી સંભાળવામાં આવી. હજુ ઘણું કહી શકાય તેમ છે. મા ઉમિયાનો આ મહોત્સવ આવનાર પેઢી માટે આશીર્વાદરૂપ બની રહે અને સમગ્ર પાટીદાર સમાજ મા ઉમિયાના નેજા નીચે ભક્તિભાવથી જોડાઈને મા ઉમિયાના માધ્યમ દ્વારા પ્રગતિના પંથે પહોંચે તેવી મા ઉમિયા પાસે પ્રાર્થના. મહોત્સવમાં પ્રચાર-પ્રસારનાં કાર્યોમાં ઘણા સભ્યોનો સહકાર મળ્યો તે તમામ ઉપર મા ઉમિયાની કૃપા રહો તે શુભેચ્છાઓ સહ...







પ્રચાર સાહિત્ય
૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા
આપનું હાર્દિક સ્વાગત કરે છે.
॥ श्री उमाम्बा शरणमस्तु जन्मान्तरेऽपि ॥
૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
અભિયાન એકસુત્રતાનું
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
સર્વ ગોળ-સમાજના હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, મા ઉમિયાના પુજારીશ્રીઓ,
ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારશ્રીઓ નું હાર્દિક સ્વાગત કરે છે.
તારીખ : ૧૯-૦૪-૨૦૦૯, રવિવાર ▪ સમય : સવારે ૯-૦૦ કલાકે ▪ સ્થળ : ઊંઝા
મા નું તેડું
મા નું તેડું
મા નું તેડું
શ્રી ઉમિયા માતાજી
૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
સહસ્ત્રચંડી મહાયજ્ઞ
પ્રારંભ : માગસર સુદ-૧૧, તા. ૨૮-૧૧-૨૦૦૯ શનિવાર
પૂર્ણાહુતિ : માગસર સુદ-૧૫, તા. ૨-૧૨-૨૦૦૯ બુધવાર
મહોત્સવ સ્થળ : શ્રી ઉમિયાનગર, ઊંઝા.



realpatidar.com
૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
ઐતિહાસિક ઉછામણી
૨-૧૦-૨૦૦૯
મા, અમે તૈયાર છીએ.
આવો, સહસ્ત્ર જ્યોત રેલી
ભવ્ય ડાયરો
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
આમંત્રણ
SATYAM
મા નું તેડું
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ - ૨૦૦૯
આમંત્રણ
18वीं शताब्दी रजत जयंती महोत्सव 2009
मा का बुलावा



શુભ દિપાવલી
નૂતન વર્ષાભિનંદન
શુભ દિપાવલી
નૂતન વર્ષાભિનંદન
श्री उमिया माताजी
१८ वीं शताब्दी रजत जयंती महोत्सव २००९
ऐतिहासिक समारोह
કડવા પાટીદાર કુળદેવી
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા.
સન્માન પત્ર
સન્માન પત્ર
સહસ્ત્ર જ્યોત રેલી
મા
અમે
તૈયાર છીએ...


realpatidar.com
18TH CENTENARY
SILVER JUBILEE
CELEBRATION 2009
GLOBAL POWER
GLOBAL PROGRESS
KADVA PATIDAR KULDEVI SHREE UMIYA MATAJI SANSTHAN
OZONE
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, સ્મૃતિગ્રંથ
192
realpatidar.com
॥ श्री उमिया शरणम् मम : ॥







૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯












પ્રેરણા સ્ત્રોત
મા ઉમિયા










VIP
ભોજન • દર્શન
સાંસ્કૃતિક કાર્યક્રમ




ભોજન
સાંસ્કૃતિક
કાર્યક્રમ
દર્શન પાસ


ઊંડા અંધારેથી
પરમ તેજે તું લઈ જા... મા

નાણાં કમિટિ



ચેરમેનશ્રી
વિષ્ણુભાઈ વિઠ્ઠલદાસ પટેલ



વાઈસ ચેરમનશ્રી
મણિલાલ કાનજીદાસ પટેલ



કો-ઓર્ડિનેટરશ્રી
બાબુભાઈ માધવલાલ પટેલ
(બેંકર)



: વિશેષતા :

રૂા. ૧૦૦ કરોડનું ભંડોળ એકત્ર કરીને સમાજના વિકાસ કાર્યો માટે શ્રી સંસ્થાનને સોંપવું.





: ટીમવર્ક :





નાણાં કમિટિ કાર્યસિદ્ધિ


ચેરમેન : **શ્રી વિષ્ણુભાઈ વિઠ્ઠલદાસ પટેલ**
વાઈસ ચેરમેન : **શ્રી મણિલાલ કાનજીદાસ પટેલ**
કો-ઓર્ડિનેટર : **શ્રી બાબુભાઈ માધવલાલ પટેલ (બેંકર)**

કમિટિ સભ્યો : **૯૦**
મા ઉમિયાના સ્વયંસેવકો : **ભાઈઓ - ૨૦૦**
બહેનો - ૧૦૦

શ્રી ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ દરમ્યાન પ્રસંગને અનુલક્ષીને જુદી જુદી કમિટિઓનું આયોજન કરવામાં આવેલ હતું. નાણાં કમિટિ ૧૦૦ સ્થાનિક કાર્યકરો સાથેની કમિટિ બનેલી હતી. નાણાં કમિટિનું સુકાન ચેરમેન તરીકે શ્રી વિષ્ણુભાઈ વિઠ્ઠલદાસ પટેલ, વા.ચેરમેન તરીકે શ્રી મણિલાલ કાનજીદાસ પટેલ અને કો.ઓર્ડિનેટર તરીકે શ્રી બાબુભાઈ માધવલાલ પટેલે (બેંકર) સંભાળેલ હતી.

આમ તો નાણાં કમિટિની કામગીરી ઘણી વિકટ હોય છે. લોકોમાં માતાજી તરફની ભાવના-શ્રદ્ધા તથા લોકો તરફથી આપવામાં આવેલું દાન માતાજીના નિર્ધારિત ઉદ્દેશોમાં વાપરવું તેમજ સમાજના ઉત્કર્ષને ધ્યાનમાં રાખી સમાજ ઉપયોગી વિકાસને કેન્દ્રમાં રાખવા આવા ચોક્કસ ધ્યેય સાથે કામ કરવા અમને માતાજી સંસ્થાન તરફથી સતત પ્રેરણા મળતી હતી. માતાજીની પ્રેરણા એ અમારે માટે ઊર્જાનું પાવર હાઉસ હતું.

શરૂઆતના સમયમાં મહોત્સવનું આયોજન ધર્મ અને એકતાને કેન્દ્રમાં રાખી મર્યાદિત હતું જેથી બજેટ પણ મર્યાદિત હોય. પરંતુ જેમ સમય વિતતો ગયો અને સમાજના ધુરંધરો અનુભવી લોકો મહોત્સવમાં સામેલ થતા ગયા ત્યારે આ પ્રસંગ એકલો ધર્મ અને એક્તાનો ન રહેતા સમગ્ર મહોત્સવમાં ભાવિપેઢીને ધર્મ એક્તા સાથે ધંધા-રોજગારને કેન્દ્રમાં રાખી ભાવિ પેઢીના વિકાસને ધ્યાનમાં રાખી ઈન્ડસ્ટ્રીયલ ફેર - સાંસ્કૃતિક - સમાજસેવા જેવો વિકલ્પોને આવરી લેતાં સમાજ માટે કંઈક કરી બતાવવાની ભાવના તમામ કમિટિઓમાં ઉછાળા લેતી હતી.





શરૂઆતમાં મર્યાદિત ખર્ચના બજેટમાં મહોત્સવનું આયોજન વિચારવામાં આવેલ હતું. પરંતુ સમય અને સંજોગોની માંગને પરિણામસ્વરૂપ ૫૦ થી ૭૦ લાખ યાત્રિકોની સંભાવનાને ધ્યાને રાખી આયોજન કરવામાં આવ્યું. વિશાળ આયોજનથી અમે પણ પૂરા ઉત્સાહી બન્યા. શરૂઆતમાં ૧-૨ માસ ધીમી ગતિએ માત્ર ઊંઝામાં અમે ૧.૫ થી ૨ કરોડ દાન એકત્ર કરી શક્યા. પરંતુ આયોજન વિશાળરૂપ ધારણ થતાં અમે જનજાગૃતિને સાથે લઈ ઊંઝા બહારના વિસ્તારમાં લોકફાળા માટે સંપર્ક માટે શરૂઆત કરી.

ઊંઝા બહાર અમોએ જુદા જુદા વિસ્તારોમાં જે તે વિસ્તારના ઉમિયા માતાજીના કારોબારી સભ્યો તેમજ સમાજના આગેવાનો તથા સંસ્થાનના હોદ્દેદારોના સહયોગથી સમગ્ર ગુજરાતમાં કચ્છ-ભુજથી સુરત સુધીના કેન્દ્રોમાં મિટિંગોનું આયોજન કરવામાં આવ્યું. આ સમગ્ર આયોજનમાં મહોત્સવના કન્વીનરશ્રી નારાયણકાકા, ધારાસભ્ય ઊંઝા, ચેરમેનશ્રી ઊંઝા એ.પી.એમ.સી.નો સંપૂર્ણ સહયોગ અમોને પ્રેરણા તેમજ માર્ગદર્શકરૂપ બની રહ્યો. APMCના કોન્ફરન્સ હોલમાં તમામ મિટિંગોનું આયોજન કરવામાં આવ્યું.

મહોત્સવનો સમય નજીક આવતાં અમો રકમ અને સમયના ટાર્ગેટથી ઘણા-ઘણા પાછળ હતા. સમય નજીક આવતાં મુરબ્બીશ્રી નારાયણકાકાની રાહબરી નીચે કમિટિના હોદ્દેદારો સાથે મળી તમામ વ્યૂહરચના બદલી અમદાવાદના સાધન સંપન્ન પરિવારના અંગત સંપર્ક સાધવો આપણા સામાજિક ઢાંચાની એક વિષમતા છે કે જેને દાન આપવું છે તેની પાસે ટાઈમ નથી અને જેને દાન લેવું છે તે સમાજના સ્પષ્ટ ધ્યેયો સાથે તેમનો વિશ્વાસ સંપન્ન કરી દાનનો પ્રવાહ સમાજના ઉત્કર્ષ તરફ વાળી શકાય તેવી કોઈ વિશિષ્ટ વ્યવસ્થા કે માધ્યમ નથી. મુરબ્બી નારાયણકાકાની રાજકીય પ્રતિભાના કારણે તેમનો સારો પ્રભાવ હતો. અમોએ તેમને સાથે રાખી અમદાવાદના બીજા સાધનસંપન્ન-પ્રતિષ્ઠિત આગેવાનોની સાથે એક ટીમ બનાવી અમોએ વ્યક્તિગત સંપર્ક કરી મહોત્સવ માટે નાણાં એકત્ર કરવાનું આયોજન કરવામાં આવ્યું.

અમદાવાદમાંથી અમોને અનેક મહાનુભાવોએ અંગત દાન આપેલ છે તેમજ મહોત્સવ માટે અન્ય દાન માટે સમયનું દાન તેમજ મિટિંગોનું આયોજન કરવામાં સાથ અને સહકાર આપેલ છે તે તમામના નામોનો ઉલ્લેખ કરવો શક્ય નથી અને તેમના સહકાર વિના અમારા અભિયાનને કદાચ સફળતા પણ મળી ના હોત.

મહેસાણા-અમદાવાદ-વડોદરા-હિંમતનગર જેના નજીકના કેન્દ્રોના આગેવાનોનું મિટિંગોમાં મિલન અને તેમના ઉત્સાહથી અમારો ઉત્સાહ ઘણો વધી ગયો. બે-ત્રણ માસ તો નારાયણકાકાની રાહબરી નીચે સવારે ઘેરથી માતાજીનું સ્મરણ કરી બહારગામ નીકળવું અને રાત્રે ૧૧ા-૨ વાગે પરત આવવું તેમાં નારાયણકાકાની પ્રેરણાથી અમોને સફળતા મળી.

મહોત્સવને સફળતા અપાવવા માટે ફેરમાં સ્ટોલોનું બુકિંગ તેમજ ઈન્ડસ્ટ્રીયલ સ્ટોલ - ખેતી વિષયક માહિતી વગેરે માટે બીજા પચ્ચીસ જેટલા કાર્યકરોએ આ અંગેની જવાબદારી સ્વીકારી સફળતામાં સહયોગી બન્યા.

મહોત્સવ દરમ્યાન હૂંડી વેચાણ માટે જુદી જુદી પોઈન્ટ ઉપર ૩૦૦ કાર્યકરો દ્વારા ૨૪ કલાક હૂંડી પ્રસાદીનું વેચાણ કરવામાં આવતું હતું. આમ મહોત્સવ દરમ્યાન નામી-અનામી પ્રત્યક્ષ-પરોક્ષ રીતે અમારા આયોજનને સફળતા અપાવવા મદદરૂપ થયેલ તમામ લોકોનો નાણાં કમિટિ આભાર માને છે અને ભવિષ્યમાં મા ઉમિયાના ધામ અને વિકાસકુચ કરવા માટે માતા સૌને શક્તિ આપે તેવી પ્રાર્થના.

• • •

મંદિર પરિસર તક્તી યોજનાનાં દાતાશ્રીઓ

₹ ૭૫,૦૦,૦૦૦/- ગોદરેજ પ્રોપર્ટીઝ લિમિટેડ તથા શ્રી સિદ્ધિ ગ્રુપ, અમદાવાદ, હ. શ્રી મુકેશભાઈ કેશવલાલ પટેલ (ખોરજવાળા)

₹ ૫૧,૦૦,૦૦૦/- સદ્ભાવ કન્સ્ટ્રક્શન કંપની, અમદાવાદ, હ. શ્રી વિષ્ણુભાઈ મફતલાલ પટેલ

₹ ૫૧,૦૦,૦૦૦/- સ્વ. નારાયણભાઈ આત્મારામદાસ પટેલની યાદમાં શારદાબેન નારાયણભાઈ પટેલ વતી દાન આપ્યું. સ્વ. દિલીપભાઈ બાબુભાઈ પટેલ, સ્વ. પ્રમુખભાઈ આત્મારામદાસ પટેલ તથા તેમના પુત્રો, સ્ટર્લિંગ પારસ, અમદાવાદ

₹ ૫૧,૦૦,૦૦૦/- સ્વ. શેઠશ્રી રસેશભાઈ નવિનચંદ્ર મફતલાલ હ. પ્રદિપભાઈ આર. મફતલાલ, ઉમિયા રીયલ એસ્ટેટ પ્રા. લિ. મુંબઈ

₹ ૩૧,૦૦,૦૦૦/- ધી મહેસાણા અર્બન કો.ઓ. બેંક લિ., મહેસાણા

₹ ૩૧,૦૦,૦૦૦/- ઓઝોન ઈન્ડિયા લિમિટેડ, અમદાવાદ

₹ ૩૧,૦૦,૦૦૦/- નિરમા લિમિટેડ, અમદાવાદ

₹ ૨૭,૦૦,૦૦૦/- શેઠશ્રી નંદલાલ મંછારામ દલાલ પૂ. મંત્રી ઉમિયા માતાજી સંસ્થાન.
હ. સૌરભ દલાલ, મંત્રીશ્રી ગુજરાત રાજ્ય

₹ ૨૫,૦૦,૦૦૦/- સિન્ટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ, કલોલ

₹ ૨૨,૧૧,૦૦૦/- દશરથભાઈ ડી. પટેલ (ડી. ડી. પટેલ), અમદાવાદ

₹ ૨૧,૦૦,૦૦૦/- દક્ષિણ ગુજરાત ખાંડ સહકારી મંડળીઓ, સુરત

₹ ૨૧,૦૦,૦૦૦/- સુરત બિલ્ડર્સ એસોસિએશન, સુરત

₹ ૧૫,૧૧,૧૧૧/- શેઠશ્રી ઓધવજીભાઈ રવજીભાઈ પટેલ (અજન્તા ગ્રુપ), મોરબી

₹ ૧૫,૦૦,૦૦૦/- શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ (બી.જે.પી.), ધારાસભ્યશ્રી-દશક્રોઈ, અમદાવાદ

₹ ૧૨,૧૧,૪૫૧/- શ્રી ઊંઝા ઉમિયા મંડળ, સુરત

₹૧૧,૮૧,૧૧૧/- શ્રી મહેન્દ્રભાઈ ભોળાભાઈ પટેલ (લોદરાવાળા) હાલ-યુ.એસ.એ., હ. કોકિલાબેન

₹૧૧,૭૧,૦૦૦/- તિરૂપતિ સર્જન લિ., વિસનગર, હ. શ્રી જીતુભાઈ, શ્રી ઋષિકેશભાઈ

₹૧૧,૫૧,૧૧૧/- જીવરાજની ચા, હ. વિરેન્દ્રભાઈ શાહ, સુરત

₹૧૧,૩૬,૪૧૩/- કડવા પાટીદાર કેળવણી મંડળ, સુરત

₹૧૧,૩૧,૭૭૭/- શ્રી મનુભાઈ અંબાલાલ આંગડીયા, સુરત-ઊંઝા

₹૧૧,૩૧,૧૧૧/- શ્રી આંટા કડવા પાટીદાર સમાજ, ઊંઝા

₹૧૧,૩૧,૧૧૧/- સન સિલિયમ ઈન્ડસ્ટ્રીઝ પરિવાર (સન ગ્રુપ), ઊંઝા

₹૧૧,૩૧,૦૦૦/- શ્રી કાનજીભાઈ તુલસીદાસ પટેલ પરિવાર (ઉનાવાવાળા), ઊંઝા

₹૧૧,૨૫,૦૦૦/- શ્રી કે. આઈ. પટેલ (ઊંઝાવાળા) એરીસ ગ્રુપ, અમદાવાદ

₹૧૧,૧૭,૭૭૭/- શ્રી ભીખુભાઈ સોમાભાઈ બુલાખીદાસ પટેલ (લાડોલવાળા), અમદાવાદ

₹૧૧,૧૫,૦૦૦/- શ્રી પ્રહ્લાદભાઈ અંબારામદાસ પટેલ, કામેશ્વર પરિવાર (ટુંડાવવાળા), અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- શ્રી અનિલભાઈ ત્રિભોવનદાસ પટેલ (એપોલો ગ્રુપ), મહેસાણા

₹૧૧,૧૧,૧૧૧/- શ્રી આર. પી. પટેલ (ધરતીગ્રુપ), મહેસાણા

₹૧૧,૧૧,૧૧૧/- શ્રી ચંદુભાઈ ઈશ્વરલાલ પટેલ (જાસલપુરવાળા), વિમલ ગ્રુપ, મહેસાણા

₹૧૧,૧૧,૧૧૧/- સ્વ. હેતીબેન પ્રભુરામના સ્મરણાર્થે... (બ્રાહ્મણવાડા) હ. જયંતિભાઈ, દિપકભાઈ - અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- શ્રી જે. એસ. પટેલ (બિલ્ડર્સ), આજોલ, તા. માણસા

₹૧૧,૧૧,૧૧૧/- રણજીત બિલ્ડકોન પ્રા. લિ., અમદાવાદ હ. શ્રી રણછોડભાઈ, શ્રી પશાભાઈ

₹૧૧,૧૧,૧૧૧/- શ્રી હસમુખભાઈ રામાભાઈ પટેલ પરિવાર રામદેવ ગ્રુપ - રામદેવ ફુડ પ્રોડક્ટ પ્રા. લિ., અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- પોપ્યુલર એસ્ટેટ મેનેજમેન્ટ લિમિટેડ, હ. શ્રી રમણભાઈ, અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- શ્રી બાબુભાઈ જેસંગભાઈ દેસાઈ (મક્તુપુરવાળા), ધારાસભ્ય - કાંકરેજ

₹૧૧,૧૧,૧૧૧/- તપોવન ઈન્ટરનેશનલ સ્કૂલ હ. શ્રી દશરથભાઈ (મલ્ટીગેસ - મહેસાણા)

₹૧૧,૧૧,૧૧૧/- સ્વ. લાલબહાદુર શાસ્ત્રી સ્મૃતિ એજ્યુકેશન ટ્રસ્ટ સ્વ. પ્રહ્લાદભાઈ શંભુદાસ પટેલ
હ. શ્રી વિવેકભાઈ પ્રહ્લાદદાસ પટેલ, અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- શ્રી પી. એમ. પટેલ (ધરતી ગ્રુપ), મહેસાણા

₹૧૧,૧૧,૧૧૧/- 'કમળા અમૃત' શ્રી નયનભાઈ અમૃતભાઈ પટેલ, શ્રી રાજુભાઈ અમૃતભાઈ પટેલ, કલોલ

₹૧૧,૧૧,૧૧૧/- સ્વ. ભરતભાઈ ત્રિકમદાસ પટેલ (બાટા), હ. શ્રી રૂપેશભાઈ તથા શ્રી ધીરેનભાઈ, કલોલ

₹૧૧,૧૧,૧૧૧/- મંગલા પ્રોપર્ટી લિ, હ. શ્રી કિરીટભાઈ છોટાલાલ પટેલ, વડોદરા

₹૧૧,૧૧,૧૧૧/- શ્રી લાલજીદાસ લક્ષ્મીદાસ પટેલ પરિવાર, ચાણસ્મા

₹૧૧,૧૧,૧૧૧/- દેવરાજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા. લિ., અમદાવાદ, હ. અજયભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ

₹૧૧,૧૧,૧૧૧/- ફલોકેમ ઈન્ડસ્ટ્રીઝ, અમદાવાદ, હ. દશરથભાઈ વાડિલાલ પટેલ, સિદ્ધપુર, રમણભાઈ દ્વારકાદાસ પટેલ, ટુંડાવ

₹૧૧,૧૧,૧૧૧/- પટેલ જમનાદાસ મગનદાસ ભગત પરિવાર (કરજીસણવાળા), હ. ભગુભાઈ, બળદેવભાઈ, ત્રિકમભાઈ, થલતેજ, અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- શ્રીમતી મેનાબા અંબાલાલ પટેલ એજ્યુકેશન એન્ડ મેડિકલ ચેરિટેબલ ટ્રસ્ટ, માંકણજ, હ. જીવરાજભાઈ એ. પટેલ (માજી સાંસદ સભ્ય) અને પરિવાર

₹૧૧,૧૧,૧૧૧/- પટેલ પ્રમુખભાઈ ડાહ્યાભાઈ (બિલ્ડર્સ), રાયસણ, ગાંધીનગર

₹૧૧,૧૧,૧૧૧/- જયંતિભાઈ મફતલાલ પટેલ પરિવાર, ભાવના એન્જિનીયરીંગ કંપની, ઈસનપુર મોટા, ગાંધીનગર

₹૧૧,૧૧,૧૧૧/- શેઠશ્રી પ્રભુદાસ કિશોરદાસ ટેલિફોન બીડી, અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- મેઘમણી પરિવાર, અમદાવાદ, હ. શ્રી ઈશ્વરભાઈ પટેલ

₹૧૧,૧૧,૧૧૧/- ગણપતભાઈ કેવળદાસ પટેલ (એન.જી.), સેટેલાઈટ, અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- સ્વ. ઈશ્વરલાલ બેચરદાસ પટેલ, કાંતિલાલ બેચરદાસ પટેલ (હા. રાજકોટ) ચતુરભાઈ બેચરદાસ પટેલ (હા. કોલ્હાપુર) હ. ઈશ્વરલાલ બેચરદાસ આંગડીયા સહ પરિવાર, રૂપાલ, મહેસાણા

₹૧૧,૧૧,૧૧૧/- સ્વ. પટેલ નરસિંહદાસ ગીરધરદાસ, મુંબઈ (કહોડાવાળા), હ. મુકુંદભાઈ, સુરેશભાઈ, ચંદ્રકાંતભાઈ, મહેશભાઈ

₹૧૧,૧૧,૧૧૧/- મોન્ટેકાર્લો કન્સ્ટ્રક્શન લિમિટેડ, અમદાવાદ, હ. કનુભાઈ મફતલાલ પટેલ

₹૧૧,૧૧,૧૧૧/- કે. બી. ઝવેરી, હ. કંચનલાલ, અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- પટેલ રામભાઈ મોહનલાલ આંગડીયા, સુરેશભાઈ કાંતિલાલ (બોદલવાળા), અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- પટેલ અંબાલાલ સોમનાથ સરકાર જ્વેલર્સ, અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- સ્વ. શાંતાબેન કેશવલાલ પટેલ (એન. કે. પ્રોટીન), અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- પટેલ ગોરધનભાઈ બેચરદાસ (ઉન્નતિવાળા), અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- અશ્વિનભાઈ અમૃતલાલ પટેલ (મુખી પરિવાર), પલિયડવાળા, હાલ-યુ.એસ.એ. હ. કનુભાઈ (સોલા સરપંચ)

₹૧૧,૧૧,૧૧૧/- મહેન્દ્રભાઈ મુખી પરિવાર સુદામા રીસોર્ટ, અમદાવાદ

₹૧૧,૧૧,૧૧૧/- સ્વ. કુંદનબેન અને સ્વ. ભાઈલાલભાઈના સ્મરણાર્થે, હ. રાની જયેશ વડોદરા

₹૧૧,૧૧,૧૧૧/- પટેલ ગણેશભાઈ મોતીદાસ પરિવાર, હ. હરગોવનભાઈ, મંગળદાસ અને નારણભાઈ ગ. પટેલ, મુંબઈ

₹૧૧,૧૧,૧૧૧/- શ્રી મણિલાલ વિરચંદદાસ પટેલ, એપોલો ગ્રુપ, મહેસાણા

₹૧૧,૧૧,૧૧૧/- સંદેશ લિ., હ. ફાલ્ગુનભાઈ, તંત્રીશ્રી, સંદેશ

₹૧૧,૧૧,૧૧૧/- સ્વ. ચીમનભાઈ પટેલ, હ. સિદ્ધાર્થભાઈ પટેલ

₹૧૧,૧૧,૧૧૧/- શ્રી હરગોવિંદભાઈ અંબાલાલ પટેલ નંદાસીયા પરિવાર (ચાણસ્માવાળા), યુ.એસ.એ.

₹૧૧,૧૧,૧૧૧/- રૂસાત પરિવાર, મોલ્લોત પરિવાર, ઊંઝા

₹૧૧,૦૦,૦૦૦/- દૂધ સાગર ડેરી, ચેરમેનશ્રી વિપુલભાઈ - મહેસાણા

મા અન્નપૂર્ણા યોજનાનાં દાતાશ્રીઓ

₹ ૭,૫૦,૦૦૦	શ્રીમતી પુષ્પાબેન પુરસોત્તમભાઈ પી. પટેલ (ચાણસ્માવાળા), અમદાવાદ
₹ ૬,૫૧,૧૧૧	શ્રી આર. કાંતિલાલ એન્ડ કંપની આંગડીયા, સુરત
₹ ૬,૦૧,૦૦૦	શ્રી પટેલ નટવરલાલ પરસોત્તમદાસ (એન.સી.) આંગડીયા, બલોલ, સુરત
₹ ૫,૫૫,૫૫૫	શ્રી ગોવિંદભાઈ લાલજીભાઈ ધોળકીયા, રામકૃષ્ણ એક્સપોર્ટ, સુરત
₹ ૫,૩૧,૦૦૦	પટેલ કરશનભાઈ શંકરદાસ (ઉમતા), અમદાવાદ હ. રોહિતભાઈ, હરેશભાઈ, હર્ષદભાઈ
₹ ૫,૧૧,૧૧૧	શ્રીમતી બબીબેન નારાયણભાઈ લલ્લુદાસ પટેલ (મોલ્લોત), ઊંઝા. હ. નારાયણભાઈ લલ્લુદાસ પટેલ, ધારાસભ્યશ્રી
₹ ૫,૧૧,૧૧૧	સ્વ. કાનજીભાઈ ચેલદાસ પટેલ, શ્રી કરશનભાઈ મગનલાલ પટેલ, કિસાન ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ, પાલનપુર, હ. શ્રી રમણભાઈ
₹ ૫,૧૧,૧૧૧	સ્વ. અમથાભાઈ નાથાભાઈ પટેલ પરિવાર, સાખે નવેરીયા, મક્તુપુર, હિરાલાલ રૂગનાથભાઈ ગંજબજાર, ઊંઝા
₹ ૫,૧૧,૧૧૧	સ્વ.વિઠ્ઠલભાઈ સોમદાસ પટેલ, આખજવાળા, કલોલ, હ. શ્રી દિપકભાઈ તથા શ્રી રાજેશભાઈ
₹ ૫,૧૧,૧૧૧	ભગવતી ફલોર મિલિંગ પ્રા. લિ., કલોલ, ભગુદેવ ફલોર મીલ પ્રા. લિ., મોરૈયા, હ. ભગુભાઈ અમથાભાઈ પરિવાર, ચાણસ્મા
₹ ૫,૧૧,૧૧૧	જેટ ગ્રેનાઈટો, મોરબી, હ. જયરામભાઈ ગોવિંદભાઈ વાંસજાળીયા
₹ ૫,૧૧,૧૧૧	પટેલ સોમાભાઈ અંબાલાલ, કામેશ્વર પરિવાર, ટુંડાવવાળા, અમદાવાદ
₹ ૫,૦૧,૧૧૧	પટેલ અંબાલાલ હરગોવનદાસની કંપની આંગડીયા, સુરત, હ. જોઈતારામ ગલબાભાઈ પટેલ
₹ ૫,૦૦,૧૦૧	શ્રી ઉમા સંસ્કાર તીર્થ, ચંદ્રાલા, હ. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, મનુભાઈ કે. પટેલ
₹ ૫,૦૦,૦૦૧	સ્વ. ગોપાલભાઈ ભગવાનદાસ પટેલ (રૂપાણી) (ચાણસ્માવાળા), હાલ લંડન, હ. નિલેશભાઈ, પંકજભાઈ, મયુરભાઈ, જતિનભાઈ
₹ ૫,૦૦,૦૦૦	શ્રીમતી પટેલ શાંતાબેન રેવાભાઈ જોરદાસ વકીલ પરિવાર, ઊંઝા
₹ ૫,૦૦,૦૦૦	શ્રી પટેલ કાનજીભાઈ અમથારામ કમાણીયા પરિવાર, ઊંઝા, હ. હર્ષદરાય કાનજીભાઈની પેઢી, ઊંઝા (ઉનાવાવાળા)
₹ ૫,૦૦,૦૦૦	શ્રી ગોવિંદભાઈ મફતલાલ પટેલ, સવિતા ગોવિંદ સદન, અંબાજીવાળા, ઈસનપુર મોટા, અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	શ્રીમતી રૂખીબેન કાશીરામ પ્રભુદાસ રૂસાત પરિવાર, ઊંઝા, હ. શ્રી ખોડભાઈ, શ્રી મનુભાઈ અને શ્રી કનુભાઈ

₹ ૫,૦૦,૦૦૦	શ્રી તુલસીભાઈ માધવલાલ પટેલ (રોયલ કન્સ્ટ્રક્શન), મહેસાણા
₹ ૫,૦૦,૦૦૦	શ્રી માનચંદદાસ કામરાજદાસ પરિવાર, શ્રી ડી. એમ. પટેલ, મહેસાણા
₹ ૫,૦૦,૦૦૦	શ્રી અરવિંદભાઈ રામભાઈ પટેલ (કિચન એક્સપ્રેસ મસાલા), અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	શ્રી નવિનભાઈ મંગળદાસ જોઈતારામ પટેલ, અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	શ્રી રમણભાઈ ડી. પટેલ, સ્ટારલાઈન, મહેસાણા
₹ ૫,૦૦,૦૦૦	સેફોની, મહેસાણા, હ. શ્રી અમરતભાઈ
₹ ૫,૦૦,૦૦૦	મર્ચન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ, હ. શ્રી રાજુભાઈ દાળીયા, વિસનગર
₹ ૫,૦૦,૦૦૦	શ્રી પટેલ અંબાલાલ કેશવલાલ (નવાબ) દેલવાડા, અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	અમૃત એન્જીનીયરીંગ પ્રા. લિ., વિસનગર
₹ ૫,૦૦,૦૦૦	ગોકુલ રિફોઈલ એન્ડ સોલ્વન્ટ લિ., સિદ્ધપુર
₹ ૫,૦૦,૦૦૦	શ્રી બાબુભાઈ કે. પટેલ ખોરજ JSIW પરિવાર, અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	પટેલ માધવલાલ મગનલાલની કંપની આંગડીયા, સુરત, હ. શ્રી બાબુભાઈ
₹ ૫,૦૦,૦૦૦	પટેલ મોહનલાલ ચેલદાસ પરિવાર આંગડીયા, બલોલવાળા, સુરત, હ. શ્રી ચીનુકાકા
₹ ૫,૦૦,૦૦૦	શ્રી પટેલ સંજીવકુમાર કિરીટભાઈ (વિજય કો.ઓપ. બેંક), અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	શ્રી પટેલ બળદેવભાઈ જોઈતારામ(રૂપાલવાળા), સમૃદ્ધિ એગ્રોટેક, કલોલ
₹ ૫,૦૦,૦૦૦	શ્રી પટેલ પ્રવિણભાઈ ડાહ્યાલાલ (છત્રાલવાળા), કલોલ
₹ ૫,૦૦,૦૦૦	શ્રી પટેલ વિષ્ણુભાઈ વિઠ્ઠલદાસ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ઉમતા, અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	સ્વ. પટેલ હરગોવિંદદાસ શંકરલાલ, સીઓડીયા, હ. શ્રી દિનેશભાઈ હરગોવિંદદાસ પટેલ, ઊંઝા
₹ ૫,૦૦,૦૦૦	રાજ કન્સ્ટ્રક્શન કંપની, મહેસાણા
₹ ૫,૦૦,૦૦૦	પટેલ ગોવિંદભાઈ અંબાલાલ, કામેશ્વર પરિવાર, ટુંડાવવાળા, અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	ડૉ. ચતુરભાઈ અંબાલાલ પટેલ, કામેશ્વર પરિવાર, ટુંડાવવાળા, અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	પટેલ કેશવલાલ ઝવેરચંદદાસ (કે. ઝેડ. ગ્રુપ), અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	પટેલ રમેશચંદ્ર કેશવલાલ (અર્જુન ગ્રુપ), અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	પટેલ વિઠ્ઠલભાઈ જોઈતારામ, અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	સાંકળચંદદાસ સી. પટેલ (સુપર માર્બલ), અમદાવાદ
₹ ૫,૦૦,૦૦૦	પટેલ ચતુરભાઈ રેવાભાઈ, કાંઠાવાળા, અમદાવાદ

₹૫,૦૦,૦૦૦	સુરેશભાઈ બી. ઝવેરી, અમદાવાદ
₹૫,૦૦,૦૦૦	સ્વ. બુધાલાલ ગંગારામદાસ પટેલ, અમદાવાદ હ. રમેશભાઈ બુધાલાલ પટેલ (વડનગરવાળા)
₹૫,૦૦,૦૦૦	કિરીટભાઈ ડાહ્યાલાલ પટેલ (દેવગઢવાળા), અમદાવાદ
₹૫,૦૦,૦૦૦	શ્રી દશરથભાઈ, શ્રી રમેશભાઈ દૂધવાળા તથા શ્રી પ્રકાશભાઈ, શ્રીરામ બિલ્ડર્સ (જમીયતપુરાવાળા), અમદાવાદ
₹૫,૦૦,૦૦૦	ધરતી વિકાસ પરિવાર, મુંબઈ
₹૫,૦૦,૦૦૦	પટેલ બબીબેન નરસિંહભાઈ (ભાટસરવાળા), હ. સંદિપભાઈ, ગૌરાંગભાઈ, અમદાવાદ
₹૫,૦૦,૦૦૦	અશોકજી પાટની, આર. કે. માર્બલવાળા, ઊંઝા
₹૫,૦૦,૦૦૦	સુદામા રીસોર્ટ (દિનેશભાઈ કલગી), અમદાવાદ
₹૫,૦૦,૦૦૦	શેખરભાઈ ગોવિંદભાઈ પટેલ, ગણેશ હાઉસીંગ કોર્પોરેશન લિ., અમદાવાદ



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન. ઊંઝા

૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

આવક જાવકની વિગત

ઉપજ	રકમ રૂ.	ખર્ચ		રકમ રૂ.
દાનભેટ (પાવતી UMN)	૧૮૧૫૪૫૦૭-૦૦	મંડપ ખર્ચ (લલ્લુજી એન્ડ સન્સ)	૩૬૨૬૪૭૩૩-૦૦	
સ્ટીલ આવક	૩૪૧૯૩૪૯૪-૯૦	મંડપ ખર્ચ ડેકોરેશન (જનરલ)	૩૯૩૪૯૩૮-૦૦	૪૦૧૯૯૬૭૧-૦૦
સ્પોન્સરશીપ આવક	૭૮૮૭૫૭૯-૩૨	ભોજન રસોડા ખર્ચ		૩૫૫૬૧૭૩૫-૦૦
સોવિનીયર જાહેરાત આવક	૪૭૪૧૬૫૬-૦૨	વીજ કનેકશન વપરાશ ખર્ચ		૪૮૫૯૮૧૨-૯૪
બાલનગરી આવક	૭૨૪૬૭૫-૦૦	વિદ્યુત વ્યવસ્થા ખર્ચ		૬૩૨૬૯૪૬-૦૦
ગોલખ (ઉમિયાનગર)	૨૬૬૫૫૮૭-૦૦	મહોત્સવ વિડિયોગ્રાફી ખર્ચ		૧૧૫૧૦૧૫૧-૦૦
ચેતના જ્યોતિરથ ગોલખ	૬૧૦૧૫૯-૦૦	જાહેરાત ખર્ચ		૮૯૮૫૭૦૧-૦૦
દાનભેટ (હુંડી)	૫૩૫૬૨૩૦૦-૦૦	પ્રચાર પ્રકાશન ખર્ચ		૮૯૦૯૪૦૪-૦૦
અન્નદાન ભેટ	૩૯૯૯૫૭૯-૦૦	સાંસ્કૃતિક કાર્યક્રમ ખર્ચ		૬૪૩૬૭૩૫-૦૦
બેંક વ્યાજ (સેવિંગ્ઝ)	૮૬૯૯૧૮-૦૦	મહોત્સવ પ્રોજેકટ ખર્ચ		૫૭૯૯૦૯૭-૦૦
	૧૨૭૪૦૬૪૫૫.૨૪	પ્રસાદ ખર્ચ		૫૩૮૨૫૦૨-૦૦
		સાંસ્કૃતિક પ્રદર્શન ખર્ચ		૫૩૯૦૧૩૩-૦૦
શ્રી ઉ.મા. સંસ્થાનમાંથી હવાલો		સ્ટેજ સાઉન્ડ સિસ્ટમ ખર્ચ		૪૪૬૪૦૦૦-૦૦
		ઉતારા ખર્ચ (ઊંઝા)		૨૨૦૧૬૩૮-૦૦
સાડી વેચાણ (ઉછામણી) આવક	૧૫૦૬૬૦૦-૦૦	ઉતારા ખર્ચ (સોલા કેમ્પસ)		૧૧૬૬૯૫૪-૦૦
ચાંદીની મુદ્રા વેચાણ આવક	૫૦૦૦૦૦-૦૦	ઉતારા ખર્ચ (બેચરાજી)		૧૪૪૨૬૫-૦૦
સાહિત્ય વેચાણ આવક	૪૫૦૦૦૦-૦૦	પાણી પુરવઠા ખર્ચ		૩૫૧૨૮૪૧-૦૦
કુલ આવક	૧૨૯૮૬૩૦૫૫.૨૪	યજ્ઞ સેવા ખર્ચ		૩૩૦૬૭૩૩-૦૦
		યાત્રિક સુવિદ્યા ખર્ચ		૨૭૨૬૨૦૨-૦૦
સને ૨૦૦૯-૧૦ કોર્પસ ફંડ	૧૫૫૬૬૨૬૮૫-૦૨	ગૃપ અકસ્માત વિમા પ્રિમીયમ ખર્ચ		૨૫૦૯૭૦૮-૦૦
		દર્શન વ્યવસ્થા ખર્ચ		૨૩૯૩૯૪૧-૦૦
સને ૨૦૧૦-૧૧ આવક	૮૧૫૭૬૧૪-૨૬	ચા પાણી વ્યવસ્થા ખર્ચ		૨૨૮૦૧૬૦-૦૦
		સફાઈ સ્વચ્છતા અને સેનિટેશન ખર્ચ		૨૨૩૩૩૫૮-૦૦
સને ૨૦૧૦-૧૧ કોર્પસ ફંડ	૨૬૧૮૪૭૬૯-૦૦	સ્વયં સેવક ખર્ચ		૧૭૨૪૮૮૮-૦૦
		પુષ્પ વર્ષા ખર્ચ		૧૭૧૦૧૪૫-૦૦
સને ૨૦૧૧-૧૨ કોર્પસ ફંડ	૧૦૯૬૭૫૬૦-૦૦	જમીન વપરાશ વળતર ખર્ચ (ઉમિયાનગર)		૧૬૨૭૨૮૦-૦૦
		સ્મૃતિ ચિન્હ ખર્ચ		૧૨૩૧૨૧૬-૦૦
સને ૨૦૧૨-૧૩ કોર્પસ ફંડ	૮૭૨૮૬૬૭-૦૦	સ્ટેશનરી છપામણી ખર્ચ		૩૨૮૪૪-૦૦
		સ્ટેશનરી છપામણી ખર્ચ (નાણાં કમિટિ)		૫૫૮૪૦૪-૦૦
		મેડીકલ સેવા ખર્ચ		૪૯૬૧૮૪-૦૦
		તાર ટપાલ ખર્ચ		૨૬૭૯૮૪-૦૦
		સલામતી ખર્ચ		૨૪૩૭૩૩-૦૦
		સ્વયં સેવક સન્માન સમારંભ ખર્ચ		૨૩૩૬૦૯-૦૦
		મુસાફરી ખર્ચ		૨૨૪૫૭૧-૦૦
		માહિતી અને પૂછપરછ ખર્ચ		૧૪૩૭૬૩-૦૦
		ચેતના જ્યોતિરથ ખર્ચ		૧૩૬૨૦૬-૦૦
		પગાર ખર્ચ		૧૩૫૩૮૦-૦૦
		સરભરા ખર્ચ		૫૪૫૧૭-૦૦
		સ્વાગત અને સરભરા ખર્ચ		૬૬૩૧૬-૦૦
		કૃષિ ઔદ્યોગિક પ્રદર્શન ખર્ચ		૧૦૫૪૧૦-૦૦
		પરચુરણ ખર્ચ		૧૪૮૨૫૦-૦૦
		શૈક્ષણિક સેમિનાર ખર્ચ		૬૮૬૭૦-૦૦
		ટેલિફોન ખર્ચ		૭૧૫૩૯-૦૦
		વાહન વ્યવહાર અને પાર્કિંગ ખર્ચ		૫૧૭૪૯-૦૦
		ગ્રામ સેવા સંકલન ખર્ચ		૩૦૩૦૭-૦૦
		સોવિનિયર ખર્ચ		૩૨૧૦૦-૦૦
		વકીલ ફી ખર્ચ		૨૫૦૦૦-૦૦
		બાલનગરી ખર્ચ		૨૦૭૫૦-૦૦
		મહિલા સેવા ખર્ચ		૨૨૫૦૫-૦૦
		બોનસ ખર્ચ		૧૧૦૬૭-૦૦
		વટાવ ખર્ચ		૫૩૯૦-૦૦
		સિક્યુરીટી ખર્ચ		૨૦૦૦-૦૦
		ઈન્કમટેક્ષ કપાત વ્યાજ ખર્ચ		૫૫૧-૦૦
		કસર		૧-૦૦
કુલ રૂપિયા	૩૩૯૫૬૪૩૫૦-૫૨		કુલ રૂપિયા	૧૭૫૮૦૬૦૧૮-૪૪

(સંસ્થાના અહેવાલના આધારે સાભાર સ્વીકાર)

યજ્ઞસેવા કમિટિ



ચેરમેનશ્રી
કુબેરભાઈ મગનલાલ પટેલ
(રેવાભાઈ) (કાપડીયા)



વાઈસ ચેરમેનશ્રી
વસંતભાઈ નારાયણદાસ પટેલ
(ચોક્સી)



કો.ઓર્ડિનેટરશ્રી
દશરથભાઈ શીવરામદાસ પટેલ
(મીલવાળા)



: વિશેષતા :

યજ્ઞમાં થનારી આહૂતિથી ઉત્પન્ન થનારા તરંગોથી સમગ્ર પ્રદેશ, પ્રજા અને સર્વજીવોનું કલ્યાણ થશે.





: ટીમવર્ક :



યજ્ઞ કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	: શ્રી (રેવાભાઈ) કુબેરભાઈ મગનભાઈ પટેલ (કાપડીયા)	કમિટિ સભ્યો	: ૭૩
વાઈસ ચેરમેન	: શ્રી વસંતભાઈ નારાયણભાઈ પટેલ (ચોક્સી)	મા ઉમિયાના સ્વયંસેવકો	: ૩૫૦
કો-ઓર્ડિનેટર	: શ્રી દશરથભાઈ શીવરામદાસ પટેલ (મીલવાળા)		

૧૮મી શતાબ્દી રજત જયંતી સહસ્ત્રચંડી મહાયજ્ઞનું મુહૂર્ત સંવત ૨૦૬૬ના
માગસર સુદ-૧૧ને શનિવાર તા. ૨૮-૧૧-૨૦૦૯ થી માગસર સુદ-૧૫ બુધવાર, તા. ૨-૧૨-૨૦૦૯ સુધી



આ સમિતિમાં કુલ ૭૩ કાર્યકર્તા સભ્યો હતા. જેમાં જુદી જુદી કમિટિ બનાવેલી

(૧) યજ્ઞ કમિટિ

(૨) યજ્ઞ મંડપ કમિટિ

(૩) ઉતારા કમિટિ

(૪) યજ્ઞ મંડપ સુશોભન કમિટિ

(૫) યજ્ઞ યજમાન અને બ્રાહ્મણ રસોડા ભોજન કમિટિ



યજ્ઞ નિર્વિઘ્ને પાર પડે તે માટે ત્રણ દેવોના સૌ પ્રથમ યજ્ઞ કર્યા.

(૧) શ્રી ગણપતિ મહારાજનો ગણેશયાગ

(૨) મહાદેવજીનો લઘુરૂદ્ર અને ચાર પહોરની પૂજા

(૩) હનુમાનજી મહારાજનો મારૂતિ યાગ

યજ્ઞના યજમાન માટે ૨૧ પાટલાની ઉછામણી સંવત ૨૦૬૫ને જેઠ સુદ-૨ મંગળવાર, તા. ૨૬-૫-૨૦૦૯ના દિવસે ભવ્ય રીતે કરી. ઐતિહાસિક ઉછામણીની વ્યવસ્થા યજ્ઞ કમિટિના કાર્યકર્તાઓએ કરી બહેનોએ ઉછામણીમાં આવનાર ભાવિક ભક્તોનું માતાજીનાં કુમકુમ તિલક કરી ખેસ પહેરાવી સ્વાગત કર્યું. ઉછામણી બોલનાર વ્યક્તિ પાસે માતાજીની ઝંડી બતાવી બોલનાર વ્યક્તિનો ઉત્સાહ વધાર્યો અને ઊંચી બોલીથી ઉછામણી લેનાર યજમાનને વાજતે ગાજતે ઊંચકીને ખભે બેસાડીને સ્ટેજ પર લઈ જઈ તેમનું ભવ્ય સન્માન કર્યું. સખ્ત ગરમીના સમયમાં ફુવારાવાળો ભવ્ય મંડપ બનાવ્યો હતો. સભા મંડપ ખીચોખીચ ભરાયેલ હતો. જેમાં યજમાનોએ ૨૧ ઉછામણીમાં ભવ્ય ઉત્સાહથી ભાગ લીધો. મુખ્ય યજમાન માટે રૂા. ૧ કરોડ ૨૫ લાખની બોલી બોલી શ્રી અમૃતભાઈ બબલદાસ પટેલ બ્રાહ્મણવાડાએ મુખ્ય પાટલો લીધો.

ભાદરવા સુદ-૧ને શુક્રવાર તા. ૨૧-૮-૨૦૦૯ના રોજ મુખ્ય યજમાનશ્રીના વરદ્દહસ્તે ઉમિયાનગરમાં સાંજે ચાર વાગે જમીન શુદ્ધિકરણ વિધિ કરવામાં આવી.

ભૂમિ દહન શાસ્ત્રોક્ત રીતે ભાદરવા સુદ-૨ને શનિવાર, તા. ૨૨-૮-૨૦૦૯ના રોજ સવારે તમામ યજમાનશ્રીઓને શ્રી ઉમિયા માતાજીના મંદિરમાં પાવડી પૂજા કરાવી માનાં દર્શન કરી આશીર્વાદ લઈને વાજતે ગાજતે બેન્ડવાજા સાથે દરેક યજમાન પરિવાર સાથે ૨૧ બગીઓ ડબલ ઘોડાવાળીમાં બેસાડી માનભેર સમગ્ર ગ્રામજનો સાથે શોભાયાત્રારૂપે ઉમિયાનગર ખાતે યજ્ઞ મંડપ સ્થળે પહોંચાડી ત્યાં વિજય ધ્વજના યજમાનશ્રી કનુભાઈ નારણભાઈ પટેલ (સોલાવાળા)ના પરિવારના વરદ્દહસ્તે શાસ્ત્રોક્ત વિધિવિધાન સાથે સવારે ૭-૫૧ થી ૯-૨૨ કલાક સુધી પૂજન કરાવી ધ્વજારોહણ કર્યું, તેમજ ઉમિયાનગરનું ખાતમુહૂર્ત કર્યું. સમગ્ર ઊંઝા ગામ ભક્તિ ભાવનાના રંગે રંગાઈ ગયું.

તે દિવસે સવારે ૧૦ કલાકે ઉમિયા માતા પરિસરમાં શ્રી ઉમિયા માતાજીના નીજ મંદિરનો મુખ્ય સુવર્ણ ધ્વજદંડ તેમજ ચાર ચોકીના ચાર સુવર્ણ ધ્વજદંડ તેમજ ઉમેશ્વર મહાદેવ મંદિરના સુવર્ણ ધ્વજદંડની પુનઃપ્રતિષ્ઠા માટે ઉછામણીના પરિવારના વરદ્દહસ્તે પૂજનવિધિ કરાવી યજ્ઞ મંડપ ૨૭ x ૨૭માં યજ્ઞ કરવામાં આવ્યો. સુવર્ણ ધ્વજદંડ ૧ કિલો સોનાથી મઢેલો તેની સાંજે ૪-૫૬ કલાકે માતાજીના શિખર ઉપર પ્રતિષ્ઠા કરવામાં આવી તે સમયે હેલિકોપ્ટર દ્વારા શિખર ધ્વજ ઉપર સતત પુષ્પવૃષ્ટિ કરી માનો જયઘોષ કરવામાં આવ્યો. આતશબાજી કરી બેન્ડવાજા વગાડ્યાં, માતાજીનો મહાપ્રસાદ વહેંચવામાં આવ્યો.









આસો સુદ-૧ નવરાત્રીના પ્રારંભથી આચાર્યશ્રી શુકદેવજી પાસેથી પૂજાના લીસ્ટ પ્રમાણે ખરીદીની શરૂઆત કરી. યજ્ઞવેદી ૫૧ x ૫૧ ફૂટની હતી. જમીન લેવલથી ૨૭ ઈંચ ઊંચાઈ, કાચી માટીની ઈંટો તથા ગાયના છાણથી ચણતર કર્યું. તેના ૧૭ x ૧૭ ઈંચના કુલ નવ યજ્ઞ કુંડના ભાગ ચણતર કરીને પાડ્યા તેમાં વચ્ચેનો ૧૭ x ૧૭ ઈંચનો ભાગ તેમાંથી ૧૪ ઈંચ ઊંચાઈનો બનાવ્યો તેમાં માટીનું પુરાણ કરી ગાયના છાણથી તથા ગંગાજળથી લીંપ્યો. ૫૧ x ૫૧ ફૂટની ફરતે ચારેબાજુ ૨૭ x ૨૭ ઈંચની વિશિષ્ટ દાતાઓની પૂજન માટેની બેઠક વ્યવસ્થા વેદીતળથી ૬ ઈંચ ઊંચી છાણ માટીથી લીંપીને બનાવી.

યજ્ઞ ઉપર જે મંડપ બનાવેલો તેમાં લાકડાની વળીઓ, લાકડાની પટ્ટીઓ, તાંબાની સળીઓ છત ઉપર માટીનાં વિલાયતી નળીયાં, છાદડીઓ વગેરેનો ઉપયોગ કરીને બનાવેલ, તેમાં લોખંડનો ક્યાંય પણ ઉપયોગ કરેલ ન હતો. શાસ્ત્રોક્ત નિયમ અનુસાર યજ્ઞ મંડપ બનાવેલ હતો.

યજ્ઞના ચારે બાજુ દરવાજાનું નામાભિધાન :

(૧) અથર્વવેદ (૨) સામવેદ (૩) ઋગ્વેદ (૪) યજુર્વેદ

તે રીતે નામ આપવામાં આવેલ હતાં. ૫૧ X ૫૧ની યજ્ઞની ચારે બાજુ ઘઉંના ઝવેરા ૮ ઈંચના પટ્ટામાં વાવેલા હતા. મહોત્સવ દરમિયાન યજ્ઞ મંડપમાં દરરોજ ફૂલ તોરણથી નવીન ડિઝાઈનમાં સુશોભન કરવામાં આવતું હતું. યજ્ઞવેદીથી ઈશાન ખૂણામાં ૧૦૦ બ્રાહ્મણ બેસી શકે તેવી વિશાળ પાઠશાળા ૪૧ X ૪૧ની બનાવેલ. તેની સામે પૂજાપા માટેનો ભંડારરૂમ, યજમાનોને કપડાં બદલવા તેમજ ફ્રેસ થવા માટેનો રૂમ પણ બનાવેલ. તેની બાજુમાં બ્રાહ્મણોને બપોરે ફરાળ માટેનું વિશાળ જગ્યાનું આયોજન કરેલ. આચાર્ય અને વી.આઈ.પી. માટે અલગ અલગ સુંદર રૂમો પણ બનાવેલ.

યજ્ઞ મંડપની સામે યજમાનો, પરિવાર તથા આમંત્રિત મહેમાનો તથા વિશિષ્ટ દાતા પરિવારો માટે અંદાજે ૧૫૦૦ માણસ બેસી શકે તેવી જગ્યામાં ગાદી તકીયા સોફા ખુરશીઓ વિગેરેની સુંદર વ્યવસ્થા કરેલ. યજ્ઞ શાળાની ફરતે ૧૫ X ૧૫ ફૂટની પહોળાઈની પ્રદક્ષિણા માટેની ફરતી વ્યવસ્થા કરેલ.

બ્રાહ્મણ યજમાન પરિવાર માટે સુંદર જુતાંઘર તથા પાણી, ટોઈલેટ બાથરૂમ તથા હાથ-પગ ધોવા માટે ચોકડીની વ્યવસ્થા કરેલ હતી.

યજ્ઞમાં ભાગ લેનાર યજમાન પરિવારો તથા યજ્ઞવિધિ કરાવનાર શાસ્ત્રીઓને રહેઠાણ માટેની સુંદર વ્યવસ્થા પાટણ રોડ ઉપર આવેલ મારૂતીનંદન સોસાયટીમાં કરવામાં આવી તથા તેમના માટે ચા, નાસ્તો, ફરાળ તેમજ ભોજન વ્યવસ્થા માટે વિશિષ્ટ રસોડું બનાવવામાં આવેલું. દરેક યજમાન પરિવારને અલગ અલગ બંગલો આપવામાં આવેલ તેમાં પ્રાથમિક જરૂરિયાતની તમામ વસ્તુ, નવાં ગાદલાં, ચાદર, ખુરશી, ટેબલ વિગેરે સગવડ આપેલ. તેમના દરેક બંગલાને ઋષિ મુનિઓનાં નામ આપેલ.

આચાર્ય શુકદેવજીના પરિવાર માટે પાટણ રોડ ઉપર આવેલ જજીસ બંગલામાં સુંદર વ્યવસ્થા કરવામાં આવેલી. બાકીના શાસ્ત્રીઓ માટે મારૂતિનંદન બે સોસાયટીમાં બંગલાઓ આપવામાં આવેલ. રોજ સવારે ગરમ પાણીની સુવિધા પણ કરેલ.

સહસ્ત્રચંડી યજ્ઞમાં અગિયાર નદીઓનું જળ, ચાર સરોવરનું જળ, ઘોડાસરની માટી, હાથીખાનાની માટી, કોર્ટ કચેરીની માટી, રાજધાની ચોકની માટી, કેશર, ચંદન, કસ્તુરી, અત્તર, અબીલ-ગુલાલ, ૨૧ ડબ્બા ગાયનું ઘી, માતાજીની સોનાની મૂર્તિઓ, ગણેશજી, નવગ્રહ મંડળ, મહાદેવજી, છત્ર પાદુકાઓ વગેરે ચાંદીની મૂર્તિ બનાવેલ. માતાજીનો પૂજાપો, શણગાર, ચાંદીની ૧૧ દિવીઓ, કટોરીઓ, ૧૧ તથા યજમાનોના માટે તાંબાના લોટા, તરભોણી, ચમચી વિગેરે વ્યવસ્થા કરેલી.

તા. ૨૭-૧૧-૨૦૦૯ના રોજ સવારે ૭ કલાકે શ્રી ઉમિયા માતાજી નીજ મંદિરે માતાજીનાં દર્શન કરી આશીર્વાદ લઈ પ્રાયશ્ચિત વિધિ માટે સિદ્ધપુર મુકામે અરડેશ્વર મહાદેવના સાંનિધ્યમાં (તપોવનમાં) બપોરે ૧ કલાક સુધી પૂજન કરવામાં આવ્યું તથા પ્રસાદ (ભોજન) લીધો.

















સંવત ૨૦૬૬ના માગસર સુદ-૧૧નો શનિવાર, તા. ૨૮-૧૧-૨૦૦૯ના રોજ સવારે પ્રાતઃકાળે દરેક યજમાન પરિવારે ૭ કલાકે માતાજીના આશીર્વાદ લઈ સહસ્ત્રચંડી યજ્ઞ પૂજામાં ભાગ લેવા ઉમિયાનગર ખાતે વાજતે ગાજતે પ્રસ્થાન કર્યું. દરેક યજમાન પરિવારની ગાડીઓ માટે યજમાન પરિવાર સ્ટીકર લગાવી અને વી.વી.આઈ.પી. વ્યવસ્થા કરી આપેલ. સવારે ૮-૧૧ કલાકે સહસ્ત્રચંડી મહાયજ્ઞમાં ૨૧ નાયક ભાઈઓ દ્વારા ભૂગોળ વગાડી, બ્રાહ્મણો દ્વારા શંખનાદ, આગાખાની બેન્ડવાજા સાથે વૈદિક મંત્રોચ્ચાર દ્વારા શ્રી ઉમિયા માતાજીના પ્રમુખ શેઠશ્રી કેશવલાલ વી. પટેલના વરદ્‌હસ્તે દિપપ્રાગટ્ય કરીને ઉદ્‌ઘાટન કર્યું.

માગસર સુદ-૧૩ના રોજ બપોરે ૩ કલાકે શ્રી ઉમિયા માતાજી મંદિરમાં મુખ્ય યજમાનશ્રી તથા બ્રાહ્મણ યજમાનશ્રીના વરદ્‌હસ્તે મહાપૂજા કરવામાં આવી. જેમાં શેરડીના રસ, ગાયનું દૂધ, ઘી, કેશર, કસ્તૂરી, અત્તર, મધ, ચંદન જુદી જુદી નદીઓનું જળ, સરોવરનું જળ, કૈલાસ માન સરોવરનું જળ વગેરેથી અભિષેક ત્રણ કલાક સુધી કરવામાં આવ્યો. માતાજીને નવો શણગાર કરવામાં આવ્યો.

માગસર સુદ-૧૫ બુધવાર, તા. ૨-૧૨-૨૦૦૯ના રોજ પૂર્ણાહુતિના રોજ બપોરે ૧૨ કલાકે ઉમિયાનગર યજ્ઞ મંડપમાં હવન રોહણ કર્યું. બપોરે ૧૨-૩૯ કલાકે નીજ મંદિર ખાતે ધ્વજારોહણ તે યજમાનશ્રીએ પરિવાર સાથે વાજતે ગાજતે કર્યું. તે સમયે વિમાન દ્વારા માતાજીના મંદિર ઉપર પુષ્પવર્ષા કરવામાં આવી. સૌ ભક્તિભાવથી રંગાઈ ગયાં. ત્યારબાદ બપોરે ૩ કલાકે ઉમિયાનગરમાં યજ્ઞ પૂર્ણાહુતિનો પ્રારંભ થયો. લાખો ભાવિક ભક્તોએ લાભ લીધો.

યજ્ઞનાં યજમાનશ્રીઓ
















યજ્ઞનાં યજમાનશ્રીઓ










યજ્ઞનાં યજમાનશ્રીઓ


















યજ્ઞનાં યજમાનશ્રીઓ
















realpatidar.com
216
realpatidar.com



૧૯૭૬ના મુખ્ય યજમાન



પા. સોમાભાઈ શંકરલાલ સાખે મોલ્લોત (ઊંઝા) તથા શ્રીમતી મણિબેન સોમાભાઈ

૨૦૦૯ના મુખ્ય યજમાન




શ્રી અમરતભાઈ બબલદાસ પટેલ તથા શ્રીમતી શાંતાબેન અમરતભાઈ પટેલ



realpatidar.com
આશીર્વાદ
માતૃ
શાંતિ
ભક્તિ
પિતૃ
લક્ષ્મી
શ્રદ્ધા
બુદ્ધિ
લજ્જા
વિદ્યા
શક્તિ
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી
ઊંઝા
realpatidar.com
219

સરકારી સંકલન કમિટિ


ચેરમેનશ્રી
કાંતિભાઈ મૂળજીભાઈ પટેલ
(કા.મુ.)


વાઈસ ચેરમેનશ્રી
દશરથભાઈ નાથાભાઈ પટેલ
(બજરંગ)


કો.ઓર્ડિનેટરશ્રી
પ્રવિણભાઈ ભગવાનદાસ પટેલ




: વિશેષતા :

ઐતિહાસિક આયોજન માટે ગુજરાત સરકાર મહેસાણા જિલ્લા વહિવટીતંત્રના સહકાર માટે કડીરૂપ સંકલન.





: ટીમવર્ક :



સરકારી સંકલન કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન : **શ્રી કાંતિભાઈ મૂળજીભાઈ પટેલ (કા.મુ.)**

વાઈસ ચેરમેન : **શ્રી દશરથભાઈ નાથાભાઈ પટેલ (બજરંગ)**

કો-ઓર્ડિનેટર : **પ્રવિણભાઈ ભગવાનદાસ પટેલ**

કમિટિ સભ્યો : **૫૭**



શ્રી ઉમિયા માતાજી ઊંઝાનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ વિશ્વ કક્ષાનો યોજવા વિચાર્યું ત્યારે આ મહોત્સવને સફળ બનાવવા માટે વિવિધ કામગીરી કરવા માટે જુદી જુદી કમિટિઓની રચના કરવામાં આવી હતી. આ મહોત્સવ વિશ્વ કક્ષાનો બનાવવાનો હોઈ તે માટે અનેક સરકારી તંત્રોનો મોટા પાયે સંપર્ક કરવો પડે. સહકાર લેવો પડે તે ખૂબ જ જરૂરી હોવાથી આ માટે સંસ્થા અને સરકારી અને અર્ધસરકારી સંસ્થાઓ સાથે સહયોગ કરી શકે અને જેની વહિવટી જાણકારી હોય તેવા સભ્યોની એક સરકારી સંકલન કમિટિની રચના કરવામાં આવી. જેમાં ચેરમેન તરીકે શ્રી કાંતિભાઈ મુળજીભાઈ પટેલ (કા.મુ.), વા.ચેરમેન તરીકે દશરથભાઈ નાથાલાલ પટેલ (બજરંગ), કો.ઓર્ડીનેટર તરીકે શ્રી પ્રવિણભાઈ ભગવાનદાસ પટેલની વરણી કરવામાં આવી. ૫૭ કમિટિના સભ્યો હતા. આ કમિટિએ ઊંઝાના તલાટીથી માંડી ગુજરાત રાજ્યના સચિવશ્રી સુધી સરકારી અધિકારીઓ સાથે મળી એટલું સરસ સુંદર સંકલન કરી તાલુકા જિલ્લાના ઉચ્ચ કક્ષાના શ્રી કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પોલીસ વડાશ્રી અને બીજા જુદા જુદા વિભાગોના વડાઓ સાથે બેઠકો કરી સમગ્ર મહોત્સવની કામગીરી અંગે ચર્ચા-વિચારણા કરી એવો સહયોગ મેળવ્યો જેથી સમગ્ર તંત્ર આ મહોત્સવના કાર્ય માટે ખડેપગે તૈયાર રહ્યું. આમ સરકારી તંત્ર સાથે, અર્ધસરકારી તંત્ર સાથે મળી તેઓ સારી કામગીરી કરે તે માટે સતત કાર્યશીલ રહ્યા.

કેન્દ્ર સરકાર સાથે પણ રેલ્વે ડિપાર્ટમેન્ટ સાથે સંકલન કરી તેમના સહકારથી સ્પે. ટ્રેઈનો દોડાવવાની વ્યવસ્થા કરી. આમ આ સરકારી સંકલન કમિટિએ સમગ્ર તંત્રને મહોત્સવની કામગીરી કરવા દોડતું કર્યું. જેનો આપણે બધા સૌએ અનુભવ કર્યો.

આ કમિટિએ સરકારશ્રીના જુદા જુદા ખાતાઓના વડાઓ સાથે અનેક મિટિંગોનું આયોજન કરી સમગ્ર મહોત્સવ કેવા પ્રકારનો અને કેવો રહેશે અને અંદાજે કેટલા લોકો આવશે અને તે તમામ બાબતોનો વિચાર કરી સમગ્ર તંત્ર અને સંસ્થાના હોદ્દેદારો અને જુદી જુદી કમિટિઓ સાથે સંકલન કરી નીચે પ્રમાણેનું આયોજન કર્યું.

ગુજરાત રાજ્યના તમામ ખાતાઓના મંત્રીશ્રીઓ :

(૧) ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી તેમજ જુદા જુદા ખાતાઓના મંત્રીશ્રીઓ અને દરેક ખાતાના ઉચ્ચ અધિકારીઓએ મહોત્સવમાં હાજર રહી માર્ગદર્શન પૂરું પાડી મહોત્સવ સફળ બનાવવામાં સહકાર આપ્યો.



(૨) આ મહોત્સવના આયોજન માટે જિલ્લા કલેક્ટરશ્રી અજય ભાદુ, ડી.ડી.ઓ., શ્રી જે. જી. હીંગળાજીયા તથા ડી.એસ.પી. શ્રી રાજુ ભાર્ગવ વિગેરે જિલ્લાના વડાએ મળી અનેક મિટિંગો કરી માર્ગદર્શન આપ્યું અને પ્રસંગના પાંચે દિવસ ખડેપગે હાજર રહી સુંદર સાથ-સહકાર આપ્યો.







(૩) ગુજરાત સરકારના પાણી પુરવઠા બોર્ડ તરફથી પાણી સપ્લાય માટેની પાણીની પાઈપો તેમજ પાણીનો પૂરવઠો પૂરો પાડવામાં આવ્યો.

(૪) એસ. ટી. બોર્ડ તરફથી ગુજરાતભરમાંથી તમામ ડેપો ઉપરથી યાત્રિકો માટે ઊંઝા આવવા-જવા માટે વધારાની સ્પેશિયલ હજારો બસોની વ્યવસ્થા કરી.



(૫) સલામતી અને બંદોબસ્ત જળવાઈ રહે તે માટે ગુજરાત રાજ્યના ગૃહવિભાગ તરફથી પોલીસ, મહિલા પોલીસ, ઘોડેસવાર પોલીસ, ટ્રાફિક પોલીસ, કંટ્રોલરૂમ અને ફરતા વાહનો સાથેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

(૬) માર્ગમકાન વિભાગ તરફથી ઊંઝાનગરની આજુબાજુના તમામ રસ્તાઓનું નવીનીકરણ કરવામાં આવ્યું. ખાસ કરીને ઐઠોર ઉનાવાનો ડબલ રોડ કરી આ મહોત્સવની જરૂરિયાત પૂરી પાડી.







(૭) જિલ્લા પંચાયત તરફથી જુદા જુદા વિભાગો તરફથી જરૂરી વ્યવસ્થા અને ખાસ કરીને જરૂરી દવાઓનો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો.


(૮) વિદ્યુત બોર્ડ તરફથી પણ જરૂરી વિજળી પુરવઠો કોઈપણ પ્રકારના ફોલ્ટ વગર પૂરો પાડવામાં આવ્યો હતો.


(૯) ભારત સરકારના રેલ્વે બોર્ડ તરફથી કચ્છ, સૌરાષ્ટ્ર તેમજ સુરત તરફથી સ્પેશિયલ ટ્રેનોની પૂરી સગવડ આપવામાં આવી.

(૧૦) ઊંઝા નગરપાલિકાએ ટી.પી. સ્કીમ નં. ૪ ફરતે ૮૦ ફૂટના રીંગરોડ ઉપર તાત્કાલિક નવો રોડ બનાવ્યો જેથી મહોત્સવમાં હજારો વાહનોના પાર્કિંગની ઉત્તમ વ્યવસ્થા થઈ શકી. અગિયાર નાળાથી રૂસાતનગર સુધીનો સીધો ડામર રોડ કરવામાં આવ્યો. જેથી મંદિર તરફ જવાની અનુકૂળતા રહે તેમજ ગામની અંદરના વિવિધ રોડનું નવીનીકરણ કરવામાં આવ્યું.

મહોત્સવની સારી સફળતા મળતા પછી સંસ્થા તરફથી સરકારી તંત્રના જુદા જુદા ખાતાઓના વડાઓનો આભાર માનવામાં આવ્યો હતો.







ભોજન-રસોડા કમિટિ



ચેરમેનશ્રી
ત્રિભોવનભાઈ પરસોત્તમદાસ પટેલ





વાઈસ ચેરમેનશ્રી
નારાયણભાઈ બેચરદાસ પટેલ





વાઈસ ચેરમેનશ્રી
કાંતિલાલ ચતુરદાસ પટેલ
(કે.સી.)



વાઈસ ચેરમેનશ્રી
અમૃતભાઈ ઈશ્વરભાઈ પટેલ
(ગીધાભાઈ)





કો.ઓર્ડિનેટરશ્રી
ભુપેન્દ્રભાઈ વિરમભાઈ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
રામજીભાઈ મોહનલાલ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
પ્રહ્લાદભાઈ મોહનલાલ પટેલ

: વિશેષતા :

આઠ કલાક ઉમિયાનગરમાં પધારનાર અઢી લાખથી વધુ ભાવિકો ઉમિયા માતાનાં પ્રસાદ-ભોજન આરોગી તૃપ્તિનો ઓડકાર લે તેવું અદ્‌ભુત આયોજન આ સમિતિના શીરે છે, જે સમગ્ર મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરશે.





: ટીમવર્ક : કુલ ૭ ટીમો







: ટીમવર્ક : ફુલ ૭ ટીમો







: ટીમવર્ક : ફુલ ૭ ટીમો




કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા
૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯
ભોજન રસોડા વ્યવસ્થા કમિટીઓ
રસોઈ તૈયાર કરવાની
પાણી તથા લાઈટ
શાકભાજી
સાફ સુફી
ટીકીટ આપનાર લાડુ સપ્લાય
વાસણ
ચોખા
તોલાટ કમિટિ
ચા-પાણી
સપ્લાય કમિટિ
બળતણ કમિટી
ખાલી ડબ્બા તથા બારદાનનો હિસાબ


WELCOME
ઉમિયા માતાની દેશ
WELCOME

ભોજન રસોડા કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	:	શ્રી ત્રિભોવનભાઈ પરષોત્તમદાસ પટેલ
વાઈસ ચેરમેન	:	(૧) શ્રી અમૃતભાઈ ઈશ્વરભાઈ પટેલ
		(૨) શ્રી નારાયણભાઈ બેચરદાસ પટેલ
		(૩) શ્રી કાંતિલાલ ચતુરદાસ પટેલ (કે.સી.)
કો-ઓર્ડિનેટર	:	(૧) શ્રી ભૂપેન્દ્રભાઈ વિરમભાઈ પટેલ
		(૨) શ્રી રામજીભાઈ મોહનલાલ પટેલ
		(૩) શ્રી પ્રહ્લાદભાઈ મોહનલાલ પટેલ

કમિટિ સભ્યો	:	૪૨
કારોબારી સભ્યો	:	૨૧૦
મા ઉમિયાના સ્વયંસેવકો	:	ભાઈઓ - ૧૮૦૦
		બહેનો - ૫૦૦



ઊંઝા શ્રી ઉમિયા માતાજીનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ઉજવવાનું નક્કી થયું. આ મહોત્સવમાં આવનાર યાત્રાળુઓને વિના મૂલ્યે ભોજન-પ્રસાદ મળી રહે તે માટે વ્યવસ્થા કરવા માટે ભોજન રસોડા કમિટિની રચના કરવામાં આવી હતી. જ્યારે કોઈપણ ઉત્સવ-મહોત્સવ, સંમેલનો કે કોઈપણ મોટા કાર્યક્રમો ગોઠવવામાં આવતા હોય છે ત્યારે તેમાં સૌથી પ્રથમ વ્યવસ્થા ભોજન અને ઉતારાની વ્યવસ્થા કરવાની રહે છે. એમ આ મહોત્સવમાં આવનાર યાત્રાળુઓને કોઈપણ પ્રકારની ભીડ-ભાડ વગર શાંતિથી કોઈપણ પ્રકારની ધક્કામુક્કી સિવાય ભોજન-પ્રસાદ મળી રહે તેવી ઉત્તમ વ્યવસ્થા કરવા માટે ભોજન રસોડા કમિટિએ આ દિશામાં વિચારવાનું શરૂ કર્યું ત્યારે સૌ પ્રથમ આ મહોત્સવમાં કેટલી સંખ્યા આવશે અને કેટલા લોકોની ભોજન-પ્રસાદની વ્યવસ્થા કરવાની રહેશે તે અંગે ચર્ચા-વિચારણા કરતાં એવો અંદાજ મૂકવામાં આવ્યો કે ૪૫ થી ૫૦ લાખ







યાત્રાળુઓ આવે તો તેમાંથી ૨૫ થી ૩૦ લાખ યાત્રાળુઓ ભોજન-પ્રસાદ લે એવો અંદાજ મુકાયો. આ અંદાજ મુકાયા પછી વ્યવસ્થા કેવા પ્રકારની કરવી તેની વિચારણા કરવામાં આવી. આ માટે શ્રી ઉમિયાનગરમાં રસોડા માટે સૌથી વિશાળ જગ્યામાં રસોડું બનાવવાનું નક્કી કર્યું. આ જગ્યા ઉપર કાચું સીધું રાખવા માટે ગોડાઉનની વ્યવસ્થા કરવા નક્કી કર્યું. તેમાં અનાજ, તેલ, ઘી, ખાંડ, મસાલા, શાકભાજી, બળતણ, વાસણો, રસોઈના વાસણ તેમજ જમવાની ડીશો, વાસણ સફાઈ માટે જરૂરી પાણી પુરવઠો વિગેરે માટે નાનામાં નાની બાબતોનો વિચાર કરી એવું આયોજન કરવામાં આવ્યું જેથી ભોજન બનાવવાથી જમવા સુધીની સુંદર વ્યવસ્થા જળવાઈ રહે. જ્યારે ભોજન બનાવવાની વિચારણા કરવામાં આવી ત્યારે શું ભોજન આપવું તેની ખૂબ જ ચર્ચા-વિચારણા થઈ ત્યારે ભોજનમાં લાડુ, દાળ, ભાત, કઠોળ, શાક બનાવવાનું નક્કી કર્યું. પાંચે દિવસે લાડુ આપવાનું નક્કી કર્યું ત્યારે દરરોજ લાડુ ન આપતાં બુંદી પણ રાખવી પરંતુ રસોડા કમિટિના ઉત્સાહી ભાઈઓને થયું કે તમે જરાય ચિંતા ન કરો અમો સૌ વ્યવસ્થિત રીતે લાડુ બનાવી તમામને પૂરતા પ્રમાણમાં વ્યવસ્થિત રીતે લાડુનું ભોજન મળી રહેશે તેવી અમે લાડુ બનાવવાથી માંડી પીરસવા સુધીની સુંદર વ્યવસ્થા કરીશું અને તે પ્રમાણે આ કમિટિએ જીમખાના મેદાનમાં ભવ્ય શમિયાણો બાંધી મોટા ૪ થી ૫ ફૂટ ઊંડા ૨૧ ચૂલા બનાવી મોટા પાયા ઉપર તા. ૧૭-૧૧-૨૦૦૯ થી શરૂ કરી તા. ૨૫-૧૧-૨૦૦૯ સુધીમાં ૩૦ લાખ જેટલા લાડુ ૫૦૦૦ મણના લાડુ તેમજ ૩ લાખ યાત્રાળુઓ ભોજન લઈ શકે એટલી બુંદી બનાવવામાં આવી. તા. ૧૭-૧૧-૨૦૦૯ના રોજ સવારે ૮-૩૦ કલાકે શ્રી ઉમિયા માતાજીમાંથી બેંડવાજા સાથે રથ લઈ ચારી વધાવવાનું મુહૂર્ત કર્યું. ૯ દિવસ સુધી ૧૫૦૦ બહેનો અને ૫૦૦ સ્વયંસેવકોએ સતત હાજરી આપી હતી. જીમખાના હોલ, સ્વામિનારાયણ પ્રાર્થના હોલ, નવજીવન સ્કૂલ પ્રાર્થના હોલમાં સ્ટોરેજ કરવામાં આવ્યા.













રસોડા કમિટિની કામગીરીનો જ્યારે વિચાર કરીએ છીએ ત્યારે તેની વિશાળતા એટલી મોટી છે કે જાણે મોટી ચેલેન્જ આપણી સામે હોય તેને કોઈપણ પ્રકારની અવ્યવસ્થા વગર પાર પાડવી તે ઘણી જ અઘરી કામગીરી હતી. છતાં આ કમિટિએ જે ઝીણવટપૂર્વક આયોજન કરી દરેક કામગીરીની જુદી જુદી કમિટિઓ બનાવી દરેક કમિટિને અધિકારો આપી તેમને સોંપેલ કામગીરી કરવી એવું નક્કી કર્યું જેથી કોઈપણ પ્રકારની ક્ષતિ ન રહી.

ભોજન-પ્રસાદ માટે જે બ્લોક બનાવવામાં આવેલા તે બ્લોકની તમામ જવાબદારી એ રીતે ગોઠવવામાં આવી. આપણા ઊંઝા ગામમાં ૪ આંટા કડવા પાટીદારની દેશ રૂસાત પાર્ટી અને મોલ્લોત પાર્ટી તેમજ બહાર ગામના ઊંઝા રહેતા કડવા પાટીદારોની એક દેશ એમ કુલ મળી ૭ દેશોને બ્લોકની વહેંચણી કરવામાં આવી અને એક બ્લોક ઊંઝાનગરની બહેનોને ખાસ ફાળવી આપવામાં આવેલ હતો જેની સંપૂર્ણ વ્યવસ્થા માત્ર બહેનોએ કરવાની હતી. મહોત્સવમાં આવનાર V.I.P. મહેમાનો માટે પણ ખાસ V.I.P. કક્ષ થ્રી સ્ટાર હોટલ જેવો બનાવવામાં આવ્યો હતો જેમાં ખુરશી, ટેબલ, કારપેટ, ફુલદાની, ડિસ્ટલ, વૉટર, નેપકીનની તમામ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ V.I.P. કક્ષ કોને સોંપવો તે માટે બધી દેશો વચ્ચે ચીઠ્ઠીઓ નાખવામાં આવી હતી અને આ ચિઠ્ઠી દૂધલીની દેશના ફાળે આવેલ. આમ સમગ્ર ભોજન તૈયાર થયા પછી લાખો યાત્રાળુઓ કોઈપણ જાતની ભીડભાડ વગર શાંતિથી ભોજન લઈ શક્યા અને આ ઉત્તમ વ્યવસ્થા જોઈ આવનાર લાખો યાત્રાળુઓએ ખૂબ ખૂબ અભિનંદન આપી વખાણ કર્યાં. મા અન્નપૂર્ણાની એટલી કૃપા થઈ કે આપણી પાસે બીજા દિવસે સમગ્ર ઊંઝા તાલુકાના તમામ ગામોના હરીજનથી માંડી બ્રાહ્મણ સુધી તમામ જ્ઞાતિના લોકોને લગભગ ૧ લાખ ૨૦ હજાર જેટલા લોકોને ભોજન આપવામાં આવ્યું. આટલા વ્યક્તિઓ જમ્યા પછી પણ આપણી પાસે લાડુ અને બુંદી એટલું બધુ વધ્યુ કે આખા ઉત્તર ગુજરાતના આપણા તમામ છાત્રાલયોને લાડુ પ્રસાદ રૂપે મોકલી આપ્યા અને બુંદીની સમગ્ર ઊંઝાનગરમાં ઘેર ઘેર તમામ ઘરે પ્રસાદ રૂપે વહેંચણી કરવામાં આવી. કાચુ સીધુ પણ મોટા પ્રમાણમાં વધ્યું જેનું વેચાણ કરવામાં આવ્યું.

આટલી મોટી સંખ્યામાં યાત્રિકોને ભોજન-પ્રસાદ પિરસવાનો હોઈ તેના માટે કાચુ સીધુ પણ મોટા પ્રમાણમાં જરૂર પડે એટલે અગાઉથી જથ્થાબંધ વહેપારીઓ પાસેથી જથ્થાબંધ ખરીદ કરવામાં આવ્યું.

૧. ચોખા : દિલ્હીથી દહેરાદુન બાસમતી ખરીદ કર્યા.

૨. ઘી : સાબરડેરી હિંમતનગરમાંથી ૬૦૦ ડબ્બા (૧૫ કિલોવાળા) ખરીદવા નક્કી કર્યું.

૩. તુવેરદાળ : ગણપતિ પલ્સ મિલ ઊંઝામાંથી બજારભાવ કરતાં નીચા ભાવે ખરીદ કરી.

૪. ઘઉં : હિંમતનગર માર્કેટયાર્ડમાંથી હરાજીમાં ખરીદ કર્યા.

૫. ચણાદાળ : સેદ્રાણા તા. સિદ્ધપુરના મોમીન પાસે ખરીદ કરી.

૬. સીંગતેલ : ચંડીસર (પાલનપુર) મોરારજી ઊંઝાવાળા પાસેથી ખરીદ કર્યું. તેમના ભાગીદાર મોમીનભાઈએ ૧૦૦ ડબ્બા માતાજીના ચરણે ભેટ ધર્યું.

૭. બટાટા : ડિસા કોલ્ડ સ્ટોરેજમાંથી ખરીદ કર્યા.

૮. પરચૂરણ મસાલા : અમદાવાદ માધુપુરામાંથી ખરીદ કર્યા.

૯. ગોળ : કોલ્હાપુરમાંથી હોલસેલ ભાવે ખરીદ કર્યો.

૧૦. ખાંડ : ગુજરાત સુગર એસોસીએશન તરફથી ભેટ મળી. બજારમાંથી પણ ખરીદ કરી.

૧૧. મીઠુ : રણછોડરાય મસાલા ઈન્ડસ્ટ્રીઝ વડોદરા તરફથી (૧૨૦૦૦ કિ.ગ્રામ) ભેટ મળ્યું.

૧૨. શાકભાજી : લીલા મસાલા - સાબરકાંઠાના જુદા જુદા સેન્ટરોમાંથી ફ્રી મળ્યા.

૧૩. સીંગતેલ : ઘાંટીલા મંદિર (સૌરાષ્ટ્ર) તરફથી એક ગાડી ફ્રી મળ્યું. (૧૨૦૦ ડબ્બા)

(૧) લાડુ બનાવવા માટે વિજય ટ્રેઈલર ઊંઝાના વિજયભાઈ પંચાલ તરફથી અનાજ લેવાના થ્રેસરની ટ્રોલી બનાવી ભેટ આપી જેની મદદથી આટલા મોટા જથ્થામાં લાડુ બનાવી શક્યા.

(૨) લાડુ ભરવા માટે ૧૦૦૦ ગેલ્વેનાઈઝ પતરાના ખૂમચા બનાવ્યા. ૧૫૦૦ નંગ કોરૂ ગેટેડ પતરાંનો ઉપયોગ કર્યો.

(૩) ભાત માટે ૩૦૦ ખાટલા બનાવ્યા.

રસોઈ બનાવવા માટે ભારતના મોટા મોટા કેટરર્સનો સંપર્ક કરી ઉદેપુર (રાજસ્થાન)ના કેટરર શ્રી મારવાડી બર્તન હાઉસને કોન્ટ્રાક્ટ આપ્યો. રસોઈ બનાવવાના નાના-મોટા વાસણો પીરસવાની ડિસો સાથે એક ડિસના મજૂરી રૂા. ૧-૮૦ (એક રૂપિયો એંસી પૈસા) નક્કી કર્યા.











 રસોઈના કારીગર - શ્રી મધુકાન્ત જોષી રતલામ, રાજસ્થાન હતા.

રસોઈના કારીગરો ૫૦ અને મજૂરો ૨૦૦ સાથે શ્રી ઉમિયાનગરમાં એક જ જગ્યાએ રસોડું બનાવવા નક્કી કરવામાં આવ્યું હતું.





(૧) રસોડાનું પેવેલિયન સૌથી મોટું ૨૨૫૦૦ ચો.મીટર જગ્યામાં હતું.

(૨) ડાઈનીંગ હોલ ૩૨૫૦૦ ચો.મી. જગ્યામાં જુદા જુદા ૭ (સાત) બ્લોક બનાવ્યા હતા. એક VIP બ્લોક બનાવ્યો હતો જેમાં ખુરશી ટેબલની વ્યવસ્થા હતી.

(૩) ૧૫૦ x ૧૫૦ ફૂટના ૧૪ બ્લોક જમવા માટે એક બ્લોકમાં પિરસવાના ૧૦ કાઉન્ટર એક કાઉન્ટર ઉપર એક કલાકમાં ૫૦૦ વ્યક્તિ જમી શકે.

૧૦ કાઉન્ટરમાં ૧૦ x ૫૦૦ = ૫૦૦૦

૧૪ બ્લોકમાં ૧૪ x ૫૦૦૦ = ૭૦,૦૦૦ યાત્રાળુઓ ૧ કલાકમાં જમી શકે.

(૪) રસોઈ માટે ૪ થી ૫ ફૂટ ઊંડા ૩૨ ચુલા બનાવ્યા હતા જે સતત ૧૪૪ કલાક ચાલુ રહ્યા હતા.

પાંચ દિવસ રસોઈ ઉપર દેખરેખ રાખવા તેમજ પીરસવાની વ્યવસ્થા કરવા નીચે પ્રમાણે કમિટિઓની રચના કરવામાં આવી હતી.





(૧) ફ્રી પાસ વહેંચણી કમિટિ

(૨) ગોડાઉન કીપર કમિટિ

(૩) વાનગી માટેની કમિટિઓ

(અ) શાકભાજી કમિટિ

(બ) દાળ કમિટિ

(ક) ભાત કમિટિ

(ડ) કઠોળ કમિટિ

(ઈ) સાંજે ખીચડી-કઢી-પુરી બનાવી પીરસવા માટે ૪ (ચાર) કમિટિઓ બનાવવામાં આવી હતી.

દરેક આઈટમ તૈયાર થયા પછી ૭ (સાત) બ્લોકમાં પહોંચાડવા ૨૦ થી ૨૫ મેટાડોર ટ્રોલીવાળા રાખવામાં આવ્યા હતા.

આમ જુદી જુદી કમિટિઓ દ્વારા તા. ૨૮-૧૧-૨૦૦૯ થી તા. ૨-૧૨-૨૦૦૯ દરમિયાન ૫ (પાંચ) દિવસ આયોજનબદ્ધ, શિસ્તબદ્ધ, કોઈપણ જાતની ભીડ સિવાય વ્યવસ્થિત રીતે જમવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કોઈપણ જગ્યાએ લાઈનમાં ઊભા રહેવું પડતું ન હતું.

આ મહોત્સવમાં પાંચ દિવસ દરમિયાન ૨૫ (પચ્ચીસ) લાખ યાત્રાળુઓએ ભોજન-પ્રસાદનો લાભ લીધો. જેમાં નીચે પ્રમાણે સીધુ સામાન વપરાયું.

ઘી	૪૮૦૦	ડબ્બા (૧૫ કિલો ગ્રામ વાળા)
ખાંડ	૬૧૨	ક્વિન્ટલ
ઘઉં	૧૨૦૦	ક્વિન્ટલ
ચોખા	૧૧૦૦	ક્વિન્ટલ (દેહરાદુન-બાસમતી)
ગોળ	૪૫૦૦	રવા (૧૦ કિ.ગ્રામવાળા) કોલ્હાપુરી
સીંગતેલ	૩૨૦૦	ડબ્બા (૧૫ કિ.ગ્રા.)
તુવરદાળ	૪૫૦	ક્વિન્ટલ
કઠોળ	૪૦૦	ક્વિન્ટલ
શાકભાજી	૧૦૦૦	ક્વિન્ટલ


રસોડાની વ્યવસ્થા અને રસોઈ માણી આવનાર યાત્રિકોએ મહોત્સવની રસોડા કમિટિનાં મુક્તકંઠે વખાણ કર્યાં હતા અને ધન્યવાદ આપ્યા.














realpatidar.com
ભોજન રસોડા કમિટી
આપનું હાર્દિક સ્વાગત કરે છે.
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, સ્મૃતિગ્રંથ
234

મંડપ-ડેકોરેશન કમિટિ



ચેરમેનશ્રી
મનુભાઈ કેશવલાલ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
મનુભાઈ નાથાલાલ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
અમિતભાઈ મણિલાલ પટેલ



: વિશેષતા :

૫૦૦ એકરમાં ઉમાનગરને પૂર્ણતઃ મંડપથી ઢાંકી દેવો,
મંડપમાં મહેમાનોને તમામ પ્રકારની સુવિધાઓ માટે ૬૫૦ સેવકોની ફોજ





: ટીમવર્ક :



મંડપ ડેકોરેશન કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન : શ્રી મનુભાઈ કેશવલાલ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી મનુભાઈ નાથાલાલ પટેલ
કો-ઓર્ડિનેટર : શ્રી અમિતભાઈ મણિલાલ પટેલ

કમિટિ સભ્યો : ૮૫
સહાયક એન્જીનીયર : ૧૧

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ ઉજવવા માટે સૈદ્ધાંતિક સ્વીકાર કરી તેની તૈયારી માટે શરૂઆત થઈ. તેના માટે ઘણી ચર્ચાઓ થઈ. મહોત્સવ ક્યાં અને કેવી રીતે ઉજવવો તેની ખૂબ જ ચિંતનપૂર્વક ચર્ચાઓ થઈ. અમે ૨૧મી સદીની વાતો કરવાવાળા મિત્રોએ ૨૧મી સદીને વિશ્વના કડવા પાટીદારો માટે ઐતિહાસિક અને યાદગાર નમૂનાદાર અને પારિવારિક ભાવના વધે તેવા સુમેળભર્યા વાતાવરણવાળો અને પાટીદારો સંગઠિત થાય તેવો સાંસ્કૃતિક ઉજાગર થાય, સમાજ આર્થિક રીતે સક્ષમ બને અને શિક્ષણનો વ્યાપ વધે તેવો, પર્યાવરણમાં સમતુલા આવે, નાનાં બાળકો, વૃદ્ધો, બહેનો, યુવાનો, ખેડૂતો વગેરેને આ મહોત્સવથી કંઈ ને કંઈક જાણવા-સમજવાનો મોકો મળે તેવો આંતરરાષ્ટ્રીય મહોત્સવ થવો જોઈએ તેવું વિચારી રાખેલ.

આ મહોત્સવ ઊંઝા શહેર બહાર એક જ જગ્યાએ કરવાનું નક્કી થયું. સ્થળની પણ પસંદગી નક્કી થઈ ગઈ. મુહૂર્ત અને સમય તારીખ નક્કી થઈ ગયાં. મેં મંડપ ડેકોરેશન કમિટિના ચેરમેન તરીકેની જવાબદારી સ્વેચ્છાએ સ્વીકારી. મારો ગમતો વિષય હતો. નાના-મોટા ઘણાં કામો મારા દ્વારા ભૂતકાળમાં થયેલાં તે અનુભવ તથા ગુજરાત તથા ગુજરાત બહાર નાના-મોટા ઈવેન્ટ જોયેલા અને અનુભવેલા જેથી મારામાં તેની દૃષ્ટિ અને દિશા નક્કી જ હતી.

પ્રથમ કામની શુભ શરૂઆત તા. ૨૬-૫-૨૦૦૯થી થઈ. સૌ પ્રથમ આ મહોત્સવનો પ્રથમ તબક્કો વિવિધ ઉછામણીથી શરૂ કરવાનો હતો. તેના માટે અમારા આદરણીય કન્વીનરશ્રી મણિભાઈ મમ્મીએ મને બોલાવી સૂચના આપી કે આપણે 'ઐતિહાસિક ઉછામણી' કરવાની છે તો તે પ્રમાણે મંડપ વ્યવસ્થા ગોઠવશો. મેં મા ઉમિયાના ચરણોમાં ભાવવિભોર થઈ વિનંતી પ્રાર્થના કરી કે હે મા આ તારો મહોત્સવ ઉત્સવ છે. અમને એવી શક્તિ અને માર્ગદર્શન આપજે જેથી અમારા દ્વારા તારો જયજયકાર થાય. પ્રાર્થના કરી રાત્રે ઘેર આવ્યો પણ રાત્રે ઊંઘ આવે નહીં. એક જ ચિંતા

એપ્રિલનો મહિનો ૪૩ થી ૪૪ સે.ગ્રે. ગરમીના દિવસો આવનાર મહેમાનોને ૭ કલાક મંડપમાં બેસાડી રાખવા પડશે. કારણ ઉછામણીનો પ્રસંગ હતો. ખૂબ જ ચિંતનને અંતે મા ઉમિયાએ જેમ સુઝાડ્યું તેમ કામ કરતા ગયા. ઊંઝાનગરના ઈતિહાસમાં આવડો મોટો ભવ્ય મંડપ વિશિષ્ટ ટેક્નોલોજી સાથેનો પહેલીવાર જ બનેલ. સ્થળ શ્રી ઉમિયા માતાજી ફા. પ્લોટ નં. ૩૯ વિસનગર રોડ ચોકડી. મંડપ અને બે લેયરનો (એટલે ડબલમાળનો મંડપ) બંને લેયર વચ્ચે ત્રણ ફૂટનો ગેપ આપ્યો. જેથી ઉપરની ગરમી નીચેના મંડપમાં ઓછી આવે. અને બંને મંડપ વચ્ચેથી ગરમી બહાર નીકળી શકે. પછી મંડપમાં ઈઝરાઈલ પદ્ધતિવાળી ફુવારા સિસ્ટમ આખા મંડપમાં ગોઠવી તે સિસ્ટમથી બરફથી કરેલ ઠંડું પાણી તથા તેમાં ગુલાબની ખુશ્બુ ફોગરમાં આવે અને જેવું પાણીનું ટીંપું નીચે પડવા જાય કે તરત જ હવામાં વાદળ બંધાય તેવું વાદળ જેવો ભાગ થઈ જાય અને પંખાઓથી આખા મંડપમાં ઠંડક તથા ગુલાબની ખુશ્બુ બની રહે. ફોગર સિસ્ટમથી ગરમી ૨૦ થી ૨૫ સે.ગ્રે. મંડપમાં સતત ૭ કલાક જ્યાં સુધી સભા ચાલી ત્યાં સુધી ઠંડક સચવાઈ રહી. કોઈ કામ માટે વ્યક્તિ મંડપ બહાર નીકળે કે તરત જ તેનું કામ પતાવી મંડપમાં તરત જ પાછી ફરી જતી કારણ મંડપ બહાર ગરમી ૪૪/૪૫ સે.ગ્રે. હતી. મંડપમાં જ ચા, વરિયાળીનું ઠંડુ શરબત, પાણી વગેરે દરેકની બેઠક વ્યવસ્થા ઉપર જ મળતું અને તે વ્યવસ્થા સતત સભા ચાલી ત્યાં સુધી ચાલુ રાખી. સભા મંડપ, વિશાળ સ્ટેજ વ્યવસ્થા, સોફા તેમજ આગળની હરોળ ભારતીય બેઠકવાળી જેથી વડીલોનો વધુ સમાવેશ થઈ શકે તેમજ પાછળ સરસ સોફાઓ મુકેલા. દરેક ઉછામણી પ્રમાણે સ્ટીકર લગાવેલા જેથી જે ઉછામણીમાં ભાગ લીધો હોય અને તે ઉછામણીના વિજેતાને વાજતે-ગાજતે સન્માનપૂર્વક સ્ટેજ ઉપર સ્થાન આપવામાં આવતું. મંડપમાં મહેમાનો માટે સોફા તથા ખુરશીની આમને-સામને વ્યવસ્થા, દરેક બ્લોકમાં સ્વયંસેવકની હાજરી તથા ભારતીય બેઠકની સ્ટેજની આગળના ભાગમાં વ્યવસ્થા દરેક ઝોન પ્રમાણે જેમ કે - અમદાવાદ, બરોડા, સૌરાષ્ટ્ર, સાબરકાંઠા વગેરે એક સાથે બેસી શકે તે પ્રમાણેની વ્યવસ્થાનું આયોજન, પત્રકારો માટે અલગ વ્યવસ્થા, સંગીતકારો માટે મંડપની વચ્ચે સુંદર વ્યવસ્થા વગેરે કરેલ. માતાજીની કૃપાથી ઉછામણી પણ ઐતિહાસિક થઈ. મંડપ વ્યવસ્થા પણ ઐતિહાસિક થઈ. બધી જ વ્યવસ્થાઓ સુંદર થઈ. આવનાર મહેમાનોએ મન મૂકીને વ્યવસ્થાને મુક્ત કંઠે વખાણી. ઘણા લોકોએ કહ્યું કે આવી ગરમીમાં સાત કલાક બેસવું અઘરૂ પડે પરંતુ વ્યવસ્થાથી બેસી શક્યા અને જીવનમાં પ્રથમ આવી વ્યવસ્થા જોઈ.





હવે અમારા શીરે મોટી જવાબદારી આવવાની હતી, કારણ કે ઊંઝા શહેર બહાર ટીપી સ્કીમ નં. ૪માની ૬૦૦ એકર ભૂમિમાં ઉમિયાનગર ઊભું કરવાનું હતું. તેની ટેન્ડર પ્રક્રિયા ચાલુ કરી. ત્રણ માસે ટેન્ડર બનીને આવ્યું. ભારતના મોટા ઈવેન્ટ કરેલ પાર્ટીઓ દિલ્હી, મુંબઈ, હૈદ્રાબાદ, અમદાવાદ વગેરેને પેપરમાં જાહેરાત આપી ઊંઝા બોલાવવામાં આવ્યા. ટેન્ડરો આપવામાં આવ્યાં અને ટેન્ડરો પાર્ટીઓની રૂબરૂમાં ખોલવામાં આવ્યાં. આપણા પેરામીટર પ્રમાણે બે જ પાર્ટીઓનાં ટેન્ડરો મંજૂર થઈ શક્યાં. તેમાં નીચે લો રેટમાં લલ્લુજી એન્ડ સન્સનું ટેન્ડર પાસ થયું. પાછો આખા ટેન્ડરોનો અભ્યાસ કરવામાં આવ્યો. આપણે આપણી રીતે ટેન્ડર ગણી રકમ નક્કી કરી. પછી લલ્લુજી એન્ડ સન્સ પાર્ટીને અમદાવાદ ફાઈનલ કરવા માટે બોલાવવામાં આવી અને ભાવો ઓછા કરી ટેન્ડર આપવામાં આવ્યું. જ્યારે ટેન્ડર પાર્ટીને આપ્યું તે દિવસથી આપણો મહોત્સવ ચાલુ થવાના બે મહિના (૬૦ દિવસ જ) બાકી રહેતા હતા. અમારા માટે આ મોટો પડકાર હતો, કારણ આવડો મોટો ઈવેન્ટ પહેલી વખત તથા અમારા બધા જ સાથીદારોને કોઈ અનુભવ ન હતો. બધા જ બિનઅનુભવી હતા. અમારા માટે દિવસો ટૂંકા અને ૬૦૦ એકર ભૂમિમાં ઉમિયાનગર બનાવવું તે એક મોટો પહાડ જેવો પડકાર હતો. પરંતુ આ કામ મા ઉમિયાનું હતું અને મને પૂરેપૂરી શ્રદ્ધા અને વિશ્વાસ હતો કે મા ઉમિયા અમારામાં શક્તિ અને બુદ્ધિની પ્રેરણા કરતી રહેશે. હું રોજ સવારે મા ઉમિયાને અને મારા ગુરુદેવને પ્રાર્થના કરતો કે અમે લીધેલ જવાબદારી સારી રીતે પૂરી કરાવજો.

ઉમિયાનગર ઊભું કરવાની જવાબદારી આવીને ઊભી રહી. રાત-દિવસ સખત મહેનત કરી સર્વ મિત્રોનો સહકાર લીધો. અમારી ટીમનો પણ સારો સહકાર મળ્યો. જેને જે જવાબદારી સોંપવામાં આવી તે જવાબદારી સારી રીતે ઉપાડી કામ કરવા લાગ્યા. ઉમિયાનગરમાં જેટલા મોટા મોટા ઈવેન્ટ ઊભા કરવાના હતા તે દરેક ઈવેન્ટ પ્રમાણે એક નાની કમિટિ અને ચેરમેન બનાવી કામ સોંપવામાં આવ્યું. તેમની દેખરેખમાં કામ ચાલુ કરવામાં આવતું. દરેક ઉપર મારી સતત દેખરેખ રહેતી. જેમ જેમ કામ વધતું ગયું તેમ તેમ કામ કરવાનો ઉત્સાહ વધતો ગયો. છેલ્લા ૨૦ દિવસ બાકી હતા અને અમને ૧૧ એન્જિનિયરોની સેવા મળી તેમને તેમની પસંદગી પ્રમાણેના કામની વહેંચણી કરી અને ટેન્ડર પ્રમાણે કામ કરાવવાની જવાબદારી આપવામાં આવી. ઉત્સવ ચાલુ થવામાં એક મહિનો બાકી રહેલો હતો, કામ ૨૫ ટકા પણ પૂરું થયું ન હતું. બધાં જ કામ અધૂરાં હતાં. તેવામાં સોરાષ્ટ્રથી એક મોટી ટીમ અભ્યાસ કરવા અને સલાહ-સૂચનો માટે આવી. તેમને ઉમિયાનગરના બધા જ ઈવેન્ટરીની માહિતી આપી, ચર્ચાઓ થઈ, તેમણે મને જણાવ્યું કે મનુભાઈ મહિનો બાકી છે કામ કંઈ ખાસ દેખાતું નથી. તેમની ચિંતા વ્યાજબી હતી. અમારા ઉમિયા માતાજીના હોદેદારો પણ મને વારંવાર જણાવતા હતા કે મનુભાઈ કામ બાકી છે પૂરું થશે કે નહીં ? ખૂબ જ ચિંતા કરતા અમારા કન્વીનરશ્રી મણિભાઈ મમ્મી પણ વારંવાર ફોન કરી તાકીદ કરતા. હું દરેકને જણાવતો કે તા. ૨૫-૧૧-૨૦૦૯ પહેલાં સર્વ કામ પૂરું થઈ જશે. મને પણ વાસ્તવિકતાની ખૂબ જ ચિંતા રહ્યા કરતી. એટલે છેલ્લા ૧ાા મહિનાથી મારી ઓફિસ (દુકાન) કઈ બાજુ છે તેનો પણ ખ્યાલ રાખ્યા વગર સવારે ૮-૦૦ વાગે ઉમિયાનગર આવવાનું રાત્રે ૧ થી ૨ વાગે ઘેર જવાનું. પાછલા દિવસોમાં સવારે ઘેર ફક્ત નાહવા જવાનો જ પ્રોગ્રામ થઈ ગયેલો. ઉમિયાનગર બનાવવાના પહેલાં મા ઉમિયાજીની આરાધના વિધિવત કરેલ. રોજ તેમને ફુલહાર-દિવો-આરતી વગેરે નિયમિત કરતો જેથી એમની શક્તિ અને પ્રેરણા મળતી હતી.



ઉમિયાનગર સિવાય ઊંઝાનગરની મંડપ ડેકોરેશનની જવાબદારી અમારી કમિટિની હતી. તેના માટે પણ જુદા ટેન્ડરો પાડી લોકલ મંડપવાળા પાસે કામ કરવાનું નક્કી કરેલ અને તેની જવાબદારી વાઈસ ચેરમેનશ્રી મનુભાઈ નાથાલાલ પટેલ (મયુર મંડપવાળા)ને સોંપવામાં આવેલ. જેથી કામનો લોડ પડે નહીં, અને સારી રીતે કામ થઈ શકે. મનુભાઈ (મયુર મંડપવાળા) તથા તેમની ટીમ દ્વારા ઊંઝાનગરની બધી જ વ્યવસ્થા અને શણગારવાનું ગેટ ઊભા કરવાના તેમજ દરેક કમિટિની સૂચના પ્રમાણે કામ પૂરાં કરવામાં આવ્યાં, તે પણ એક પ્રશંસનીય કામ થયું.

અમારી મંડપ ડેકોરેશન કમિટિને ૨૯ કમિટિઓની દરેક માગણીઓ પૂરી કરવાની અને સર્વને સાથે રાખીને દરેક કમિટિને સંતોષકારક જવાબો સાથે તેમનાં સગળાં કામો પૂરાં કરાવવાનાં હતાં. એક કામ પૂરું થયું હોય અને બીજા ૧૦ કામો આવીને ઊભાં થઈ જતાં. અમારા ઉપર સતત દરેક કમિટિના કામો માટે મારો થતો. કોઈ કમિટિનું સમયસર કામ ના થયું હોય તો અમારા ઉપર તેમજ લલ્લુજી એન્ડ સન્સ કંપનીના માણસો ઉપર પણ માણસો ગરમ થઈ જતા. અમો સતત ટેન્શનમાં રહેતા. કારણ દિવસો ઓછા થતા જતા અને કામનો સરવાળો વધે જતો હતો. આવા કપરા સમયે રોજ ઉમિયા માતાજી સંસ્થાના પ્રમુખ શેઠશ્રી કેશવલાલ મારી પાસે આવતા ધીરજ અને હૂંફ આપતા. આદરણીય શ્રી નારાયણકાકા પણ રાત્રે ૧૧-૧૨ વાગે પણ ઉમિયાનગર આવતા શ્રી મહેન્દ્રભાઈનો પણ રોજ ફોન આવતો. આમ અમને હૂંફ અને હિંમત મળતી. લખવું ઘણું છે લેખના વિસ્તારનો વિચાર આવતાં અહીં મારી મુશ્કેલીઓ ટાંકવાનું બંધ કરી ઉમિયાનગરી વિશે લખું છું.



ઉમિયાનગરી :


ઉમિયાનગરી એક ભવ્ય નગરી બનાવવાની હતી અને વિશ્વમાં એક જ સમાજે આવડો મોટો ઈવેન્ટ ન કર્યો હોય તેવો વિશાળ ૫૦૦ એકર ભૂમિમાં ભવ્ય અદ્દ્ભુત ઈવેન્ટ બની શક્યો. ૫૦ લાખ ભક્તો જેમાં યુવાનો, બાળકો, વૃદ્ધો, સ્ત્રીઓ વગેરે ઈવેન્ટ સારી રીતે માણી શકે, નિહાળી શકે, ધક્કા-મુક્કી ન થાય, લોકોના ઘસારાથી જમીનમાંથી રેત ન ઉડે અને લોકોનું સ્વાસ્થ્ય ન બગડે તેનું પણ ધ્યાન રાખી ૫૦૦ એકર ભૂમિ ઉપર ક્યાંય પણ રેત-માટી વગેરે ન દેખાય તે માટે લાખો મીટર ગ્રીન નેટ પાથરી આખો ઈવેન્ટ હરીયાળો બનાવ્યો જે એક અદ્દ્ભુત કામ થયું.

ઉમિયાનગરની રચના :

ઉમિયાનગરી (ઈવેન્ટ) ઉમિયાનગરમાં ૧૫૦ ફૂટના રસ્તાઓ લાલ કારપેટથી અલગ તરી આવતા. વચ્ચે સુંદર લાઈટ ડેકોરેશનથી સુશોભિત અને ચાર રસ્તાઓ ઉપર રંગીન ફુવારા તેમજ જુદા જુદા ટેબલો રસ્તાઓમાં બેસવા સુંદર ડિઝાઈનના બાંકડા. રસ્તાની બંને બાજું સરસ રેલીંગ, દરેક ઈવેન્ટ જોવા જવા માટેના સાઈન બોર્ડ, તમે હાલ ક્યાં છો ? અને ઈવેન્ટ કઈ સાઈડ છે તેની માહિતી, ૫૦ જેટલા અદ્યતન કેમેરા હતા. કચરો નાખવા માટે કચરા પેટીઓ, LED સ્ક્રીન આખું ઉમિયાનગર એક સરખું અને ભવ્ય લાગે તે માટે કલરોનું પણ ધ્યાન રાખવામાં આવેલ. ફૂલો, ગ્રીનરી, ફાઉન્ટેનો, ગ્રીન કાર્પેટ, રેડ કાર્પેટ તથા જૂટ કાર્પેટનો ઉપયોગ કરી તેમજ નાનામાં નાની બાબતનું ધ્યાન આપી સલાહ-સૂચનોનો ઉપયોગ કરી આખી ઉમિયાનગરી એક અદ્દ્ભુત નગરી બનાવી હતી. તેમાં રાત્રિનો નજારો જોવા જેવો અદ્દ્ભુત હતો.

પાર્કિંગ વ્યવસ્થા :

ઉમિયાનગરીના ફરતે રીંગરોડ ફરતે સાઈડમાં ૧૫૦ એકર ભૂમિમાં ૧૪ પાર્કિંગ પ્લોટની વ્યવસ્થા કરેલ, તેમાં VIP, VVIP, યજ્ઞના યજમાનોનું પાર્કિંગ, ડૉક્ટરોનું પાર્કિંગ, અધિકારીઓ માટેનું પાર્કિંગ, મોટી બસો, નાની ગાડી, સ્કૂટર, મોટરસાયકલ આમ અલગ અલગ દરેકનું વ્યવસ્થિત અલાયદું પાર્કિંગ ગોઠવેલ. દરેક પાર્કિંગ બેરીગેટ તથા રસ્સાઓથી અલગ પાડવામાં આવેલ. દરેક પાર્કિંગમાં પાણી, લાઈટ, સંડાસ, બાથરૂમ, પંકચરવાળા, ગાડી રીપેરીંગ વર્કશોપ તથા ડ્રાઈવરો, સ્વયંસેવકો માટે બેસવાના મંડપ રાખેલ. પાર્કિંગ ક્ષમતા એક વખતે ૩૦,૦૦૦ ટુ વ્હીલર, ૨૫૦૦૦ લકઝરી બસ, ૮૦૦ ટ્રેક્ટર, ૧૯૦૦ સંઘના રથ તેમજ એસ.ટી. બસો માટે જુદા જુદા સ્થળે એસ.ટી. સ્ટેન્ડ મંડપ તેમજ સર્વ વ્યવસ્થાવાળું જેવાં એસ.ટી. મથકો હોય છે તેવી પૂર્ણ સુવિધાવાળું મથક બનાવેલ. તેમજ હાઈવે રસ્તામાં ગાડી બગડે તો ફરતું સર્વિસ વાન (ગેરેજ), ક્રેન સર્વિસ વગેરે હતાં. ઉમિયાનગરીથી હાઈવે પાસ કરવા માટે લોખંડનો ઓવરબ્રિજ વગેરેની સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવેલ. ઉમિયા માતાજી મંદિર દર્શનાર્થી માટે મંદિરની પાસે પાર્કિંગની વ્યવસ્થા પણ કરવામાં આવેલ.







પ્રચાર પ્રકાશન કમિટિ માટે :

ઉમિયાનગરીમાં તથા ઊંઝા શહેરમાં મેઈન જગ્યા ઉપર લાઈવ જોવા માટે જુદી જુદી જગ્યાએ ૧૨ LED સ્ક્રીન લગાવેલ. ઉમિયાનગર, ઉમિયા માતાજી મંદિર તથા ઊંઝા શહેર ઉમિયાનગર આજુબાજુના રસ્તાઓ વગેરે કવર કરવા માટે ૫૦ અદ્યતન કેમેરા, ૧૨ વિડીયો પ્રોજેક્ટર, ૩૦૦ ટેકનિશ્યનોની ટીમને કામે લગાડવામાં આવેલ. ઉમિયાનગરમાં એક અદ્યતન સ્ટુડીયો ઊભો કરવામાં આવેલ ત્યાં બધા જ ડેટા ભેગા થતા અને ત્યાંથી લાઈવ રીલે થતું હતું. સમગ્ર પ્રચાર અભિયાન માટે જુદી જુદી ચેનલો, વેબસાઈટની વ્યવસ્થા હતી.

આગેવાન દૈનિકોના ગુજરાતભરના સાપ્તાહિકોના પત્રકારો તથા દેશવિદેશના પ્રિન્ટ મિડિયા, ઈલેકટ્રીક મિડિયા વગેરે માટે એક ૬૦૦ મીટરનો અદ્યતન પુરી સગવડવાળો જેવી કે અલગ અલગ રૂમો, TV ફોન, ઓનલાઈન સમાચાર મોકલવાની પૂરતી સગવડવાળો પ્લાયવુડથી બનેલ અદ્યતન મિડિયા હોલ તૈયાર કરેલો. સમગ્ર ભારતમાં વેબકાસ્ટીંગ દ્વારા ધાર્મિક ઉત્સવમાં ઈલેકટ્રીક મિડિયાની વ્યવસ્થા આવડી મોટી પ્રથમવાર હશે.












પ્રવેશદ્વાર :

ધાર્મિક ઉત્સવ હતો જેથી મંદિર ટાઈપ પ્રવેશદ્વારો બનાવેલાં, તેમાં મેઈન પ્રવેશ દ્વારા ૨૦૦ ફૂટ પહોળાઈ અને ચાર ગેટવાળો સુંદર કલાત્મક મેઈન ગેટ બનાવેલ. બીજા ત્રણ ગેટ અલગ અલગ દિશાના ૧૫૦ ફૂટ લંબાઈના બનાવેલા તે ઉમિયાનગરની ભવ્યતામાં વધારો કરતા હતા.



યજ્ઞસ્થળ :

અદ્‌ભુત અને અલૌકિક ૨૬૦૦ સ્કે. મીટરમાં યજ્ઞસ્થળ, વેદી ૫૧ x ૫૧ ફૂટ જમીનથી ૨૭ ઈંચ ઊંચી, ઈંટ-માટીનું ચણતર, ૧૭ ઈંચ x ૧૭ ઈંચના નવ યજ્ઞકુંડ, દાતાઓના પૂજન માટે સારી રીતે બેસી શકે તેવી વધુ વિસ્તારની બેઠકો. સમગ્ર યજ્ઞમંડપ નિલગિરિ લાકડાથી બનાવેલ. તેમાં ક્યાંય પણ ખીલી તાર કે લોખંડ વાપરવામાં આવ્યું નહીં. યજ્ઞમંડપનું છાપરું મોરબીનાં વિલાયતી નળીયાંથી સજાવવામાં આવેલું.



પાઠશાળા :

બ્રાહ્મણોને અલગ ચંડીપાઠ કરવા માટે ૪૧ x ૪૧ ઈંચની યજ્ઞવેદીના ઈશાન ખૂણામાં છતવાંસની પાઠશાળા જે જમીનથી ૬ ઈંચ ઊંચી નવી માટી પાથરી ગાયના છાણ માટી તથા પવિત્ર ગંગાજળથી લીંપણ કરવામાં આવેલ ભૂમિ પર હતી.

યજ્ઞ મંડપ ખૂણાના વિભાગમાં સંડાસ, બાથરૂમ, આરામ કક્ષ, સામાન કક્ષ, ભોજન-નાસ્તા કક્ષ વગેરે હતા તથા યજ્ઞમંડપની એક સાઈડ પર મંડપ નીચે આરામથી બેસી યજ્ઞ નિહાળી શકાય તેવી સોફાખુરશીની વ્યવસ્થા હતી. યજ્ઞની ચારે બાજુ પ્રદક્ષિણા કરવા માટે પેબર બ્લોક સિમેન્ટના કલર ડિઝાઈનવાળા બ્લોક પાથરેલ હતા.

પેવેલિયન :

યજ્ઞ મંડપનાં દર્શન થઈ શકે અને જ્યાં બેઠાં બેઠાં ૧૯૦૦ માણસો જપ કરી શકે તેવું વિશાળ જમીનથી ૪ ફૂટ ઊંચાઈવાળું સ્ટેપવાળું પેવેલિયન બનાવેલ હતું.

યજ્ઞ મંડપ ગેટ :

યજ્ઞ મંડપ પ્રવેશ દ્વાર અલગ કલાત્મક ગેટ બનાવેલ. પેવર બ્લોક પાથરી કારપેટ પાથરી પ્રવેશ દ્વાર કરવામાં આવેલ.

ધૂન મંડપ :

૫૦૦ સ્કે. મીટરનો પૂર્ણ સગવડવાળો ૨૪ કલાક સતત ધૂન કરવા માટે અલગ વ્યવસ્થાનો બ્લોક, યજ્ઞ મંડપથી થોડે જ દૂર રાખવામાં આવેલ.

ભોજન રસોડા મંડપ :

ભોજન રસોડા મંડપ કુલ ૩૧૨૦૦ ચો.મીટરમાં બનાવવામાં આવેલ. તેમાં રસોઈ બનાવવા ૧૫૦૦ ચો.મીટરમાં લોખંડના પતરાનો શેડ તથા તેની બાજુમાં લાકડાં મુકવા માટેનો શેડ.

રસોડા સ્ટોર રૂમો :

મિઠાઈ મુકવા માટે, કાચો માલ-સામાન મુકવા માટે તેમજ શાકભાજી મસાલા વગેરે મુકવા માટે પતરાંવાળા તથા જમીનથી ઊંચા પ્લેટફોર્મવાળા અલગ અલગ રૂમો બનાવેલા. અંદરની સાઈડો પ્લાયવુડ તથા કાપડથી મઢી બનાવવામાં આવેલા જેનો કુલ એરિયા ૧૨૨૦૦ ચો.મીટરનો હતો.









વૉશ એરિયા :

વાસણો સફાઈ માટે ૬૦૦ સ્કે. મીટરની કુલ ૨ બનાવેલ તે પાણીની ટાંકીઓ તેમજ પાકા પ્લાસ્ટરવાળા બનાવેલ.

ડાઈનીંગ રૂમો :

જમવા માટેના મંડપો ૧૫૦ x ૧૫૦ ફુટના કુલ ૧૪ મંડપો બનાવેલ દરેક બ્લોકમાં ટેબલ ઉપર થાળી, વાડકી, ચમચી, નેપકીન તથા હાથ ધોવાના સ્ટેન્ડ તથા પાણી પીવાનાં સ્ટેન્ડ હતા. એક કલાકમાં એક બ્લોકમાં ૫૦૦૦ વ્યક્તિઓ જમી શકે, ૧૪ બ્લોકમાં ૧ કલાકમાં ૭૦,૦૦૦ વ્યક્તિ જમીન શકે તેવી વ્યવસ્થા હતી.

VIP ડાઈનીંગ રૂમ :

૬૦૦ સ્કે. ચો.મીટરના એરિયામાં સુંદર સુશોભિત ગોળટેબલો, ખુરશી તેમજ મીનરલ બોટલ પાણી વગેરેવાળા ડાઈનીંગ રૂમ બનાવેલા હતા.

યજમાન તથા બ્રાહ્મણ રસોડું :

ઉમયાનગરીની બાજુમાં સુંદર સુશોભિત ૧૦૦૦ સ્કે. ચો.મીટરમાં બધી જ સગવડોવાળો મંડપ બનાવેલ.

VVIP લોન્જ (સ્વાગત કક્ષ)

૬૦૦ સ્કે. ચો.મીટરમાં જમીનથી એક ફૂટ ઊંચે પ્લાયવુડથી અદ્યતન ટોયલેટ પેન્ટ્રીમાં સુંદર બેઠક વ્યવસ્થા સાથે જાણે નવું જ મકાન રંગરોગાનથી બનાવેલ હોય તેવું પ્રથમ નજરે જોઈ ખુશી થાય તેવો કક્ષ બનાવેલ. તેમાં બધી જ વ્યવસ્થા સાથે સેન્ટ્રલ AC એરકંડીશન હતો. તેમાં બેઠક વ્યવસ્થ, પર્સનલ મિટિંગરૂમ, કોન્ફરન્સ રૂમ તેમજ સ્ટુડીયો વગેરેની વ્યવસ્થાવાળો ભવ્ય VVIP કક્ષ બનાવેલ. તેમાં નેતાઓ તથા મા.મુખ્યમંત્રીશ્રી, સાધુ-સંતો વગેરે વગેરે પધારેલા.

VIP લોન્જ (કક્ષ) :

૬૦૦ ચો. સ્કે. મીટરમાં જમીનથી ૧ ફૂટ ઊંચે પ્લાયવુડથી બનાવેલ તેની શિલિંગ પણ પ્લાયવુડની હતી. તે આમંત્રિત મહેમાનો તથા N.R.I. તથા અધિકારીઓ માટે બનાવેલ. તેમાં સોફા, સેન્ટ્રલ ટેબલો, લાઈટ-ડેકોરેશન, ફૂલોથી ડેકોરેશન, કાપડના પડદાઓ, સેન્ટ્રલ એરકંડીશન, ટોયલેટ, પેન્ટ્રીરૂમ, મિટિંગરૂમ, કોન્ફરન્સ રૂમ વગેરે સગવડોવાળો હતો. તે VVIP કક્ષ જેવો જ બનાવેલ.


















સેન્ટ્રલ કાર્યાલય :

૮૦૦ સ્કે. ચો.મીટરમાં જમીનથી ૧ ફૂટ ઊંચે અને ચારે બાજુ બધી શિલિંગ પ્લાયવુડથી બનાવેલ અને ભોંયતળીયે લાલ કારપેટ તથા ૩૦ રૂમોવાળુ ૧ મિટિંગરૂમ, ૧ કોન્ફરન્સ રૂમ, સેન્ટ્રલ કાર્યાલય બનાવેલ. દરેક રૂમમાં ટેબલ, ખુરશી, ટેલિફોન સાથે પૂર્ણ સગવડવાળો કાર્યાલય હોલ હતો. ઉમિયાનગરની બધી જ કમિટિઓ માટે રૂમો ફાળવેલ, જેથી સેન્ટ્રલ કાર્યાલયનું U યુ શેપમાં આયોજન કરેલ, તેથી વચ્ચે સુંદર લોનવાળો ગાર્ડન, ફાઉન્ટેન, વૃક્ષો વચ્ચે સરસ મજાનો કલાત્મક હિંચકો તેમજ ૬ ફૂટ પહોળાઈવાળો સિમેન્ટના પેપર બ્લોક અને તેના ઉપર લાલ કારપેટવાળો રસ્તો જેથી દરેક VIP, VVIP થી સેન્ટ્રલ કાર્યાલય ફરી શકાય. આ જગ્યા એવી અદ્દ્ભુત લાગતી હતી કે જાણે કોર્પોરેટ ઓફિસો બનાવી હોય ! લાઈટ ડેકોરેશન પણ ભવ્ય બનાવેલ.

જનરલ મંડપ (આરામ કક્ષ) :

૧૦૦૦ સ્કે. ચો.મીટરના કુલ ૨ મંડપ બનાવેલા. તેમાં ગાદલાં, ખુરશી તેમજ પંખા અને ૧ LED TV મોટી સાઈઝનું જેથી લોકો આરામ કરી શકે અને લાઈવ પ્રોગ્રામ પણ જોઈ શકે.

ઔદ્યોગિક ઈન્ડસ્ટ્રીયલ નગરી :


૧૫૦૦૦ ચો.સ્કે. મીટર જગ્યામાં આખી ઔદ્યોગિક નગરી બનાવેલ અને તેના માટે U યુ શેપમાં બે ઊભા અને એક આડો કુલ ત્રણ ડોમ ઊભા કરેલા. ડોમ જમીનથી ૧ ફૂટ અદ્ધર પ્લાયવુડથી મઢીને બનાવેલા. તેના ઉપર ગ્રીન રેડ કારપેટ લગાવડાવેલી. એક ડોમની સાઈઝ ૩૨ x ૨૮ મીટરની આવા ત્રણ ડોમ બનાવેલા, અને એ ત્રણે ડોમ સેન્ટ્રલી એરકન્ડીશનના બનાવેલ. તેમાં ઔદ્યોગિક, કૃષિ, ગવર્મેન્ટ, પ્રાઈવેટ મોટી કંપનીઓ, ટુરીઝમ વગેરે માટે જરૂરિયાત પ્રમાણે સ્ટોલો બનાવેલ. અંદર ફરો ત્યારે એક એરકંડીશન મોટા મોલમાં ફરો તેવું લાગે. ત્રણે ડોમની વચ્ચે મોટી ખુલ્લી જગ્યા રાખેલ. દરેક ડોમમાં જવા માટે પેવર બ્લોકથી રસ્તા બનાવેલા. ખુલ્લી જગ્યાઓમાં ગાર્ડન વૃક્ષો હતાં તેમજ ઔદ્યોગિક ઈન્ડસ્ટ્રીયલ AC કાર્યાલય પૂરી સગવડવાળું પણ બનાવેલ.

સેમિનાર હોલ :

ડોમમાં સેન્ટ્રલી એરકંડીશનવાળા શૈક્ષણિક કૃષિ અને બિઝનેસ પરિસંવાદ કુલ ત્રણ હોલ બનાવેલ. તેમાં શૈક્ષણિક માટે 'એકલવ્ય', કૃષિ માટે 'ભૂમિપુત્ર' અને બિઝનેશ પરિસંવાદ માટે 'કર્મવીર' એવાં હોલની ઉપર નામો આપેલાં. આવા ત્રણ હોલ બનાવેલ. દરેક ૨૦૦ ની કેપીસીટીવાળા પૂર્ણ સગવડવાળા હોલ બનાવેલ.

પાટીદાર અતિત ગૌરવ :

૪૦૦૦ સ્કે. ચો.મીટરના એરિયામાં બનાવેલ. તેમાં ગામડું, આર્ટ ફોટોગેલેરીમાં લાઈવ ખેતરનું દશ્ય તેમજ બાવન પુતળાંના પ્રદર્શન માટેનો હોલ તેમજ ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવા માટે જર્મન ટેક્નોલોજીનો બનેલ મંડપ જેમાં કોઈ જગ્યાએ વચ્ચે થાંભલા નહીં, અને વચ્ચેનો ભાગ ૨૫ ફૂટ ઊંચાઈવાળો એક મોટો ભવ્ય સિનેમા હોલ બનાવેલ; તેમાં ૫૦૦૦ માણસો બેસી ફિલ્મ જોઈ શકે તેવી કેપીસીટીવાળો પૂર્ણ સગવડવાળો હોલ બનાવેલ. આ વ્યવસ્થા અદ્ભુત હતી તેને જોવા લાંબી લાઈનો લાગતી.





કૃષિ પ્રદર્શન :

૨૦૦૦ સ્કે.ચો. મીટર એરિયામાં કૃષિ પ્રદર્શન રાખેલ હતું.

(૧) ટપક સિંચાઈ પદ્ધતિથી થતી ખેતીનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન.

(૨) કૃષિને લગતા ૨૫ સ્ટોલનું આયોજન.

(૩) સરદાર સરોવરનું ડેમોન્સ્ટ્રેશન.

(૪) ટપક પદ્ધતિથી સિંચાઈ કરવા માટે ખેડુતો સંકલ્પપત્ર ભરી શકે માટે તેની સમજ માટેનું પ્લેટફોર્મ બનાવેલ.

સ્વયંસેવક આરામ કક્ષ :

૧૦૦૦ સ્કે. ચો. મીટરનો પૂર્ણ વ્યવસ્થાવાળો હોલ જેમાં સ્વયંસેવકો આરામ કરી શકે અને LED સ્ક્રીન લગાવેલ જેથી ઉમિયાનગરની બધી જ ગતિવિધિ જોઈ શકે.

સાંસ્કૃતિક સંસ્કાર ઝોન :

(૧) ૨૫૦૦૦ સ્કે. મીટરનું ઓપન એરીયા.

(૨) ૧૦૦ x ૭૦ ફૂટનું ચાર ફૂટ ઊંચાઈવાળું સ્ટેજ અને બે સ્ટેપ ઊંચાઈવાળું જેના ઉપર એકી સાથે ૨૦૦ કલાકારો પોતાની કલા રજૂ કરી શકે.

(૩) LED સ્ક્રીન સ્ટેજની પાછળના ભાગમાં ૫૦ x ૧૫નો વિશાળ સ્ક્રીન જે કલાકારોનું એક સપોર્ટર હતું.





(૪) સ્ટેજની બંને બાજુ પ્લાઝમા TV

(૫) સ્ટેજની બંને સાઈડ તથા આખા મેદાનમાં ૧૦ x ૧૨ના સ્ક્રીન પડદાઓ.

(૬) એક લાખ માણસો રાત્રિ પ્રોગ્રામ નિહાળી શકે તેવું ઓપન એર થિયેટર પાણી, તથા સંડાસ પેશાબઘરની વ્યવસ્થાવાળું.

(૭) સ્ટેજની પાછળ ૭૫૦ સ્કે. ચો. મીટરના બે લેડીઝ તથા જેન્ટસ રૂમો મેઈકઅપ, ડ્રેસ ચેન્જ કરી શકે તેવો હોલ.

(૮) સ્ટેજની પાસે ૪૦૦ સ્કે.ચો. મીટરનો VVIP કક્ષ પ્લાયવુડથી બનાવેલો જમીનથી ૧ ફૂટ ઉપર પ્લેટફોર્મવાળો, સેન્ટ્રલી એરકંડીશનવાળો, પેન્ટ્રીરૂમ, ટોઈલેટ, સોફા, સેન્ટ્રલ ટેબલો પડદાઓ વગેરેથી શણગારેલો. VVIP કક્ષ જે રાત્રિ પ્રોગ્રામમાં મહેમાનો આવે તેમના સ્વાગત માટે બનાવેલ હતો.

(૯) ઓપન એર થિયેટરમાં સોફાઓ, ખુરશીઓ તથા ભારતીય બેઠક ગાદલાં તકિયા વગેરે વ્યવસ્થા કરવામાં આવેલ.

(૧૦) સાઉન્ડ સિસ્ટમ અદ્યતન ટેક્નોલોજીવાળી હતી જેથી છેવાડા બેઠેલા માણસો સારી રીતે સાંભળી શકે અને સ્ક્રીન પડદા ઉપર જોઈ શકે. (ભારતની બેસ્ટ કંપનીને કોન્ટ્રાક્ટર આપેલ.)





ઉમિયા બાળનગરી :

૪૦,૦૦૦ ચો.મીટરમાં બાળનગરી બનાવવામાં આવેલ. તેમાં LED TV સ્ક્રીન મુકવામાં આવેલ, જેથી ઉમિયાનગરી તથા ઉમિયા માતા પરિસર વગેરેની ગતિવિધિ નિહાળી શકાય અને નાના બાળકોથી માંડી મોટા વૃદ્ધો તેનો આનંદ લઈ શકે તેવી ગુજરાતની સારી કંપનીની વિવિધ રાઈડ્ઝ હતી. સાથે સાથે ૨૦૦ સ્ટોલનું આયોજન કરેલ જેથી નાની-મોટી વસ્તુઓ લોકો ખરીદી શકે.

સફાઈ-સ્વચ્છતા :

ઉમિયાનગરીમાં પાણી તથા ગટર લાઈન અંડર-૧ ગ્રાઉન્ડ પુરી ઉમિયા નગરમાં બનાવવામાં આવી હતી. પાઈપ લાઈન દ્વારા નર્મદાનું પાણી મોટા સમમાં નાખવાની વ્યવસ્થા હતી. સિન્ટેક્ષ ૧૦,૦૦૦ લીટરથી ૧૫,૦૦,૦૦૦ લીટર ક્ષમતાવાળી ટાંકીઓની વ્યવસ્થા ઉમિયાનગરીમાં હતી. પાકા હંગામી ટોઈલેટ ચારે દિશામાં ચાર ઝોન પ્રમાણે ૧,૦૦૦ (એક હજાર) ટોઈલેટની વ્યવસ્થા, ૯ મોબાઈલ ટોઈલેટની વ્યવસ્થા, સફાઈનાં સાધનો, સ્વચ્છતા રહે તે માટે TCL પાવડર, ગેમેક્ષીન પાવડર, ફીનાઈલ વગેરેની વ્યવસ્થા હતી. રસોડાના વેસ્ટ કચરાનો નિકાલ કરવા ૧૫૦ x ૧૫૦નું નાનું તળાવ (કુવો) બનાવી બધું વેસ્ટ પાઈપલાઈનથી તેમાં આવે અને બે પમ્પો ૨૦ HR ના લગાવેલ જેના દ્વારા ટેન્કરો મારફત કચરો બહાર અલગ જગ્યાએ ભેગો કરવામાં આવેલ. અને તે કચરો (વેસ્ટ) વૈજ્ઞાનિક ઢબે લિકવિડ કચરાનો નિકાલ કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ. ઉમિયાનગરીમાં કચરો ન રહે તે માટે માણસોની વ્યવસ્થા તથા ઠેર ઠેર કચરા પેટીઓની વ્યવસ્થા કરેલ.

ઉમિયાનગરીની લાઈટ વ્યવસ્થા :



ઉમિયાનગરમાં અંડર ગ્રાઉન્ડ લાઈટ વ્યવસ્થા.

૧,૨૦૦ નંગ ૪૦૦ વોલ્ટની મેટલ લાઈટો

૮૦૦ નંગ ૫૦૦ વોલ્ટની સાદી હેલોજન

૫૦૦ નંગ ૧૦૦૦ વોલ્ટની હેલોજન

૫,૦૦૦ નંગ ટ્યુબ લાઈટ

૫૦૦ નંગ સ્પોટ અને પાર લાઈટ

૨,૦૦૦ નંગ શિલીંગ ફેન, ૨૦૦ નંગ પેડરફેન લાઈટ માટે ૫,૦૦૦ K.V. ની લોડ લઈ શકાય તે માટે પાંચ ડીઝલ જનરેટર સેટની અલગ વ્યવસ્થા કરેલ. ઉમિયાનગરને ઝળહળતું કરવા માટે ૫,૬૦૦ K.V.A. ના વધારાના લોર્ડ માટે ૧૯ નવા D.B. ની વ્યવસ્થા તેમજ ઈમરજન્સી માટે ૨૫૦ K.V.A. ના વધારાનાં ૧૨ જનરેટર તૈયાર રાખવામાં આવેલ.

ઔદ્યોગિક કૃષિ સ્ટોલના AC ડોમ માટે ૪,૦૦૦ KVA ની અલગ વ્યવસ્થા કરેલી હતી.

ઉમિયાનગરની પાણી વ્યવસ્થા :

ઉમિયાનગરમાં ૨૪ કલાક પાણી મળી રહે તે માટે અંડર ગ્રાઉન્ડ પાઈપલાઈન વ્યવસ્થા કરી વિવિધ સ્થળે પાણીના સ્ટેન્ડ, નળ (ચકલીવાળા), દરેક સ્ટેન્ડમાં ઓવરહેડ પાણી માટે સિન્ટેક્ષ ટાંકી, પાઈપ લાઈનથી ટાંકીમાં પાણી આવે પછી નળમાં ૨૪ કલાક પાણી રહે તેવી વ્યવસ્થા હતી. એક કલાકમાં ૧૦,૦૦૦ (દસ હજાર) લીટર ક્ષમતાવાળા પાણીના શુદ્ધિકરણવાળા આરા પ્લાન્ટની વ્યવસ્થા હતી તેમજ મિનરલ પાણીની બોટલની વ્યવસ્થા અને તે પણ ફક્ત ૫ (પાંચ) રૂપિયામાં જ મળે તેવી વ્યવસ્થા RO પ્લાન્ટના પાણીની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ગુજરાત પાણી પુરવઠા બોર્ડ તરફથી નિષ્ણાતોની ટીમ ૨૪ કલાક હાજર

રહે તેવી વ્યવસ્થા હતી. ૨૦ લીટરના મિનરલ વોટરના કેરબાની વ્યવસ્થા પણ હતી. નર્મદાનું પાણી પણ શુદ્ધ થઈને આવે તેની પણ વ્યવસ્થા કરેલ હતી. પાણીના સ્ટોરેજ માટે મોટો સમ્પ અને ઓવર હેડ ટાંકી હતી. જેથી પ્રેસરથી આખા ઉમિયાનગરને પાણી મળે.

મેડીકલ સેવા :

ઉમિયાનગરમાં ૨૦ પથારીની અદ્યતન હોસ્પિટલ અને ૭ પ્રાથમિક સારવાર કેન્દ્ર, આઈ.સી.યુ. વાન-૨, એમ્બ્યુલન્સ વાન ૮ની વ્યવસ્થા હતી. ૧૦૮ની ૪ એમ્બ્યુલન્સ, ૪ મોબાઈલ વાનની વ્યવસ્થા હતી. તથા આજુબાજુનાં શહેર અમદાવાદ શહેરના નામાંકિત ડૉક્ટરો, ઊંઝા શહેરના બધા જ ડૉક્ટરો સ્ટાફ સાથે તથા વિવિધ ક્લબો જેવી કે રોટરી, લાયન્સ, જેસીઝ વગેરે ક્લબોના મેમ્બરો તથા સરકાર તરફથી આવેલા ડૉક્ટરો અને નર્સ વગેરેની ટીમો તેમજ પાટણ, ઊંઝા, સિદ્ધપુર, મેડીકલ એસોસીએશન તથા વિવિધ સંસ્થાઓને કામ સોંપવામાં આવેલ. ઉમિયાનગરમાં બ્લડ ડોનેશન કેમ્પ માટે (૨૫૦) પથારીની હોસ્પિટલ ઊભી કરવામાં આવેલ અને ગુજરાતની ૩૦ બ્લડ બેંકોની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.



પૂછપરછ કેન્દ્રો :

ઉમિયાનગરમાં જુદી જુદી જગ્યાએ ૧૫ ઓફિસો પુરતી સગવડ વ્યવસ્થાવાળી પૂછપરછ માટે બનાવવામાં આવી.

CC કેમેરા :

ઉમિયાનગરમાં ૩૬ (કેમેરા) ગેટથી શરૂ કરી ઉમિયાનગરમાં CC કેમેરાની વ્યવસ્થા કરવામાં આવી, જેથી દરેક ગતિવિધિ પોલીસ ચેક કરે અને તેના કંટ્રોલ રૂમમાં બેસી નિગરાની રાખી શકે તેવી વ્યવસ્થા હતી.

પ્રસાદ અને ડોનેશન કાઉન્ટર :

ઉમિયાનગરમાં દરેકને માતાજીનો પ્રસાદ મળે અને ભેટ લખાવી શકે તેના માટે ૧૫ કાઉન્ટર પૂર્ણ વ્યવસ્થાવાળાં બનાવ્યાં હતાં.

ફૂડ સ્ટોલ :

ઉમિયાનગરમાં આવનાર ભક્તોને સારો અને સ્વાદિષ્ટ નાસ્તો મળી રહે તે માટે ગુજરાતની નામાંકિત બ્રાન્ડેડ કંપનીના સ્ટોલો બનાવેલા અને એક સેન્ટરમાં ૧૦૦ સ્ટોલની વ્યવસ્થા તેવા ચાર દિશામાં અલગ અલગ ચાર ફુડ સ્ટોલનું આયોજન કરેલ હતું. દરેકમાં ટેબલ, ખુરશી, બેઠકની વ્યવસ્થા કરવામાં આવેલ તેમજ ખાદ્યપદાર્થની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ગુજરાત સરકાર તરફથી ફુડ ઈન્સ્પેક્ટરની ટીમોની વ્યવસ્થા કરેલ હતી.



ફાયર ફાઈટર

ઉમિયાનગરમાં જુદી જુદી જગ્યાએ કુલ ૧૨ નંગ ફાયર ફાઈટરની વ્યવસ્થા કરવામાં આવેલ.

ઉમિયા માતા મંદિર :



ઉમિયા માતાનું નિજ મંદિરની પ્રતિકૃતિવાળું ૨૫ ફૂટ ઊંચાઈવાળું ભવ્ય મંદિર બનાવેલ. આ મંદિરના ગર્ભ ગૃહમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરી નિજમંદિરની માતાજીની મૂર્તિનાં લાઈવ દર્શન થાય તેવી વ્યવસ્થા કરી હતી. મંદિરથી બાજુમાં જ્યોતિરથ પણ મુકવામાં આવેલ જેથી તેનાં પણ દર્શન થઈ શકે અને પ્રદક્ષિણા પણ કરી શકે તેવી વ્યવસ્થા કરેલ હતી. આ આખા એરિયા લોન ગાર્ડન રંગોળીથી સુશોભિત કરેલો હતો.

ઉમિયા માતાજીની મૂર્તિ :

ઉમિયાનગરના મેઈન ગેટથી દાખલ થતાં ચાર રસ્તા વચ્ચે પૃથ્વીના ગોળા ઉપર નંદીની સવારી ઉપર માતાજી બિરાજમાન એવી ભવ્ય કલાત્મક મૂર્તિનું આયોજન કરેલ. આ મૂર્તિ જમીનથી ૩૦ ફૂટ ઊંચાઈવાળી સમગ્ર મહોત્સવની શોભામાં અભિવૃદ્ધિ કરતી તેમજ મહોત્સવમાં ખોવાએલાને ભેગા કરવાની જગ્યા બતાવતી બની ગઈ હતી. મા ઉમિયા સાક્ષાત ખોવાયેલાંને પોતાની પાસે બોલાવી મેળાપ કરાવી આપતાં હતાં.

કંટ્રોલ રૂમ (પોલીસ કાર્યાલય) :



૬૦૦ ચો.મીટરમાં અદ્યતન સગવડવાળા જુદા જુદા ડીપાર્ટમેન્ટ જેવા કે D.S.P. કાર્યાલય, કલેક્ટર કાર્યાલય, C.I.D. કાર્યાલય વગેરે માટેની અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવેલ હતી. મેઈનગેટ ઉપર એક વધારાનો પોલીસ કંટ્રોલ રૂમ બનાવેલ જે ૧૯૦ ચો.મી.નો હતો.

જનરલ કંટ્રોલ રૂમ :

૨૦૦૦ ચો.મીટરમાં પ્લાયવુડથી અદ્યતન ઓફિસો સંપૂર્ણ વ્યવસ્થાવાળી બનાવેલ. તેમાં સરકારી તથા અર્ધસરકારી તથા અન્યની ઉમિયાનગરમાં કંટ્રોલ કરવાની ઓફિસો હતી. આખા ઉમિયાનગરમાં માઈક એલાઉન્સ કરી સતત જરૂરી સૂચના આપી શકાય તેવી વ્યવસ્થા હતી તેમજ ઉમિયાનગર અને પુરા ઊંઝા શહેર તથા ઊંઝાને જોડતા દરેક રસ્તાઓ ઉપર માઈક ભૂંગળાથી P.A. સીસ્ટમની વ્યવસ્થા કરેલ. જેથી એકી સાથે બધાંને સૂચના મળી શકે તેવી વ્યવસ્થા હતી.

ચાના સ્ટોલો :

ઉમિયાનગરીમાં સરળ રીતે સતત ચા મળી શકે તે માટે અલગ અલગ જગ્યાએ ૬ ચાના મોટા સ્ટોલ ઊભા કરવામાં આવેલ.



સિક્યોરીટી વૉચ ટાવર :

ઉમિયાનગરમાં સતત વોચ રાખી શકાય તે માટે ૨૦ ફૂટ ઊંચાઈવાળા જુદી જુદી જગ્યાઓ ઉપર કુલ ૬ વોચ ટાવર ઊભા કરવામાં આવેલા.

પોલીસ શમિયાણા (પોલીસ ચોકી) :

ઉમિયાનગરમાં જુદી જુદી જગ્યાઓ તથા ચારે ગેટ ઊભા કુલ ૧૨ પોલીસ ચોકી ઊભી કરવામાં આવી હતી.

ક્રાફ્ટ માર્કેટ :

૧૨૦૦૦ ચો.મીટરમાં ૨૦૦ સ્ટોલવાળુ સરસ માર્કેટ બનાવેલ. તેમાં સૌરાષ્ટ્ર, કચ્છ, ડાંગ વગેરે સંસ્કૃતિના કારીગરોએ બનાવેલ હસ્તકલાની વસ્તુઓનું સારી રીતે પ્રદર્શન અને વેચાણ થઈ શકે તેવી વ્યવસ્થા કરેલી.

ફાઉન્ટેન (ફુવારા) :

ઉમિયાનગરના ચાર રસ્તાઓ ઉપર કુલ ૧૨ રંગીન ફુવારાવાળા ફાઉન્ટેન ગોઠવવામાં આવેલ.

ફ્લેગ ઝંડા :

ઉમિયાનગરના રસ્તાઓ ઉપર તથા ઈવેન્ટની આગળ તથા રોડ ઉપર કલાત્મક ઝંડા લગાવી ઉમિયાનગરની શોભા વધારેલ.

રજીસ્ટ્રેશન તથા પ્રચાર સાહિત્ય સ્ટોલ :

૧૦૦૦ ચો.મીટર જગ્યામાં જ ૧૦૦ સ્ટોલ બનાવવામાં આવેલ તેમાં સાહિત્ય વગેરે વેચાણ કરાતું હતું.

બેરીગેટ (આડશ) :

ઉમિયાનગરીમાં રસ્તાઓ ઉપર ઈવેન્ટની આગળ વગેરે જગ્યાઓ ઉપર લોખંડની પાઈપથી રેલીંગ કરવામાં આવેલ અને તેના ઉપર સિલ્વર કલર કરવામાં આવેલ, તેમજ આખા ઉમિયાનગરને ફરતે પતરાંથી ૯ ફૂટ ઊંચાઈવાળી દિવાલ ઊભી કરવામાં આવેલ. (૫૦૦ વિઘા જમીનની ફરતે દિવાલ)

રસ્તાઓ શણગાર :

ઉમિયાનગર તથા ઉમિયાનગર બહારના રસ્તાઓ નાના-મોટા ગેટ, ફુલો, ફુલોના છોડ, કુંડા, ગ્રીનલોન, ઈલેક્ટ્રીક સિસ્ટમથી શણગારવામાં આવેલા.

ગેટ (દરવાજા) :

ઉમિયાનગર ઊંઝા આવવાના હાઈવે રસ્તાઓ ઉપરની જેમ ગાંધીનગર, અડાલજ, પાટણ, સિદ્ધપુર, મહેસાણા, ઉનાવાથી આવતા તથા ઉમિયાનગરમાં દાખલ થવાના દરેક રસ્તાઓ ઉપર મોટા સ્વાગત ગેટ ઊભા કરવામાં આવેલ. તેમજ ઉમિયાનગર ઉમિયા માતાજીના નીજ મંદિર જવાના રસ્તા ઉપર સ્વાગતના ૨૦ ગેટ ઊભા કરવામાં આવેલ અને તેની ઉપર જુદી જુદી સંસ્થાનાં સ્વાગત બોર્ડ લગાવેલાં હતાં.



સાઈન બોર્ડ :

મહેસાણા ઊંઝા હાઈવે ઉપર ઉમિયાનગર કેટલા કી.મી. બાકી તેનાં સુંદર મોટાં જુદી જુદી કલાકૃતિ દર્શાવતાં સાઈન બોર્ડ મૂકેલાં હતાં. તથા ઉમિયાનગરમાં દરેક એક્ટિવિટીની સાઈડ બતાવતાં શોભામાં વૃદ્ધિ કરતાં બોર્ડની વ્યવસ્થા હતી.

ગ્રીનરોપા :

ઉમિયાનગરમાં આવતા દરેકને રોપા ફ્રી ભેટ આપવા માટે ૧૧ લાખ રોપાની વિતરણ વ્યવસ્થા પર્યાવરણની સમતુલા જાળવવા તથા ગ્લોબલ વોર્મિંગ નિવારવા માટેની વ્યવસ્થા વિસનગરના દાતા જીતુભાઈ તરફથી આપવામાં આવેલા.

વિશેષ :

ઉમિયાનગર તથા ઊંઝા શહેરને તથા ઉમિયા માતાજી મંદિરને સુંદર રીતે શણગારી સુશોભિત કરવામાં આવેલ. દરેક જગ્યાએ નાનામાં નાની બાબતનો ખ્યાલ રાખવામાં આવેલ હતો. દરેક નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવેલ. આવનાર યાત્રિક દરેકને સગવડ મળે, કોઈ જાતની તકલીફ ના પડે, તેનો પણ વિચાર કરી વ્યવસ્થા ગોઠવવામાં આવેલ, પુરા ઉમિયાનગરની જમીનને ગ્રીન કાર્પેટથી ઢાંકવામાં આવેલ. ક્યાંય પણ ખુલ્લી જમીન ન દેખાય, ધૂળ ન ઊડે, લોકોનું સ્વાસ્થ્ય ન બગડે તેનો પણ વિચાર કરી વ્યવસ્થા ગોઠવેલ. આ મહોત્સવ આંતરરાષ્ટ્રીય મહોત્સવ અને તેનો પણ ખ્યાલ રાખી આયોજન કરવામાં આવેલ. ઉમિયાનગરમાં મેઈન રસ્તાથી દરેક ઈવેન્ટ તરફ જવા માટે ઈવેન્ટગેટ પણ ઊભા કરેલા જેથી દરેક ઈવેન્ટની ભવ્યતા અને અલગતા દેખાઈ આવે.

હેલીકોપ્ટર વ્યવસ્થા :

આ મહોત્સવ દરમ્યાન મહોત્સવમાં પધારેલ યાત્રિક તથા ઊંઝા તથા બાજુના ગામોનાં માણસો હેલિકોપ્ટરમાં બેસી સહસ્ત્રચંડી મહાયજ્ઞ અને મા ઉમિયાના મંદિર ઉપર ફૂલ વર્ષા કરી શકે અને આકાશમાંથી ઉમિયાનગર અને સુશોભિત ઊંઝાનગરીની ભવ્યતા નિહાળી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવેલ. વધુમાં વિમાન (પ્લેન)માં બેસવાનો લાભ મળી શક્યો હોય, પરંતુ ઘરડાં મા-બાપ, બાળકોને હેલિકોપ્ટરમાં બેસવાનો લહાવો મળે અને જીવનપર્યંત આ પ્રસંગને વાગોળવા મળે તે માટેનો પણ એક ઉદ્દેશ હતો જેથી આ વ્યવસ્થા ઉમિયાનગરની બહારની સાઈડમાં કરેલી. ત્યાં સતત પાણી છંટકાવ થતો. લોકો બેસી શકે તેવડો મંડપ, ખુરશી, ટેબલો, ટીકીટ કાર્યાલય, પાણી પીવાની વ્યવસ્થા બેરીગેટ (આડાશ) વગેરે વ્યવસ્થા ગોઠવેલ હતી.



સફાઈ-સ્વચ્છતા-સેનિટેશન કમિટિ



ચેરમેનશ્રી
મફતલાલ કિશોરદાસ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
રાજેન્દ્રભાઈ જીવરામદાસ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
ગણપતભાઈ નરોત્તમદાસ પટેલ



: વિશેષતા :

આટલો મોટો માનવ મહેરામણ જ્યાં ઊમટશે ત્યાં ગંદકીનું નામોનિશાન ન રાખવાનો આ સમિતિનો નિર્ધાર છે.





: ટીમવર્ક :



સફાઈ સ્વચ્છતા-સેનિટેશન કમિટિ કાર્યસિદ્ધિ


ચેરમેન	:	શ્રી મફતલાલ કિશોરદાસ પટેલ
વાઈસ ચેરમેન	:	શ્રી રાજેન્દ્રભાઈ જીવરામદાસ પટેલ
કો-ઓર્ડિનેટર	:	શ્રી ગણપતભાઈ નરોત્તમદાસ પટેલ

કમિટિ સભ્યો	:	૫૫
મા ઉમિયાના સ્વયંસેવકો	:	ભાઈઓ - ૫૫
		બહેનો - ૬૦
સફાઈ કામદારો	:	૭૦૦
સફાઈ કામદારો કોન્ટ્રાક્ટ થી	:	૧૫૦
સફાઈ કામદારો મહેસાણા નગર પાલિકાના		૭૫

મહોત્સવ દરમિયાન પાંચ દિવસમાં સમગ્ર ગુજરાત અને દેશ-પરદેશમાંથી અંદાજે ૪૫ થી ૫૦ લાખ લોકો એક જ જગ્યાએ ઊંઝા જેવા નાના શહેરમાં એકઠા થવાના હોઈ ત્યારે તે તમામ લોકોની સુખાકારી જળવાઈ રહે અને તેમનું સેનિટેશન જળવાઈ રહે તે ખૂબ જ મહત્ત્વનું હોવાથી આ મહોત્સવમાં સફાઈ-સ્વચ્છતા-સેનિટેશન કમિટિની ખાસ રચના કરવામાં આવી હતી. જે કમિટિમાં ૫૫ સભ્યો હતા અને મા ઉમિયાના ૫૫ સ્વયંસેવક ભાઈઓ અને ૬૦ બહેનો હતી. આ કમિટિની સૌથી મોટી જવાબદારી એ હતી કે જે સ્થળ ઉપર આ મહોત્સવ એક જ જગ્યાએ ૫૦૦ એકર જગામાં મહોત્સવ થનાર હોવાથી આ સમગ્ર ઊંઝાનગરની સફાઈની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સમગ્ર સફાઈનું તંત્ર ગોઠવવા માટે ઊંઝા નગરપાલિકાના તમામ તંત્રને કામે લગાડવામાં આવ્યું હતું. આ ઉપરાંત સિદ્ધપુર, પાટણ અને મહેસાણાથી ૭૦૦ સફાઈ કામદારો, સફાઈ કામદારોના કોન્ટ્રાક્ટર તરફથી ૧૫૦, મહેસાણા નગરપાલિકાના ૭૫. એક જ સ્થળે ૪૫ થી ૫૦ લાખ વ્યક્તિઓ એકઠા થતા હોય ત્યારે તેમના ઝાડા, પેશાબ, કચરો વિગેરેના નિકાલ માટે સતત આ માટેની વ્યવસ્થા ગોઠવવી અને રાતોરાત આખા કેમ્પસની સફાઈ કરવી તેમજ તેની સાથે સમગ્ર ઊંઝાનગરની સફાઈ સ્વચ્છતા જળવાઈ રહે તે માટે એક મોટી ચેલેન્જ હતી. પરંતુ આ કમિટિએ તેમની કમિટિના સભ્યો અને સ્વયંસેવકોના સાથ-સહકારથી એવું તંત્ર ગોઠવ્યું કે આવનાર યાત્રિકોએ સ્વચ્છતાની નોંધ લીધી. સમગ્ર ઊંઝાનગરમાં ક્યાંય પણ કચરો









દેખાયો નહિ તેમજ સેનિટેશનની જરૂર બાથરૂમ માટે જંતુનાશક દવાઓનો ભરપૂર ઉપયોગ કરી પાંચ દિવસ સુધી ઉત્તમ પ્રકારની સ્વચ્છતા જાળવી. આ માટે ઉમિયાનગર તેમજ ઊંઝામાં હંગામી ૧૦૦૦ ટોઈલેટની વ્યવસ્થા તથા ૯ મોબાઈલ ટોઈલેટ અમદાવાદ કોર્પોરેશનના સહયોગથી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મહોત્સવના પાંચ દિવસ દરિયાન સ્વચ્છતા જાળવવા માટે ૧૨૫૦૦ કિલો ટી.સી.એલ. પાવડર, ૫૦૦૦ કિલો ગેમેક્ષીન પાવડર, ૧૦૦૦ લીટર ફિનાઈલ તેમજ ૩૦૦ નંગ પાવડા, ૩૦૦ નંગ ટોકર, ૩૦૦૦ નંગ ઝાડુ, ૨૦૦ નંગ બ્રશ, ૫૦૦ નંગ ડસ્ટબીન, ૨૦૦ નંગ ડ્રમ અને ૫૦ નંગ દંતાળીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તેમજ ઊંઝા નજીક મહેસાણા, કડી, વિસનગર, ખેરાળુ, વિજાપુર, સિદ્ધપુર, નગરપાલિકામાંથી ૧૨ ફાઈટર, ૪ વેક્યુમ, એમ્રીયર, ૬ પાણીનાં ટેન્કર, ૨ રોડ સ્વીપર વગેરેની સેવાઓ લેવામાં આવી હતી. આ તમામ સાધનો અને મેન પાવરનો તમામ રીતે ઉપયોગ કરી બેનમૂન વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યમાં ઊંઝા નગરપાલિકાના પ્રમુખ, સભ્યશ્રીઓ, ચીફ ઓફિસર, તમામ સ્ટાફ તેમજ ખાસ કરીને વાલ્મિકી સમાજના ભાઈ-બહેનો રાત-દિવસ જોયા સિવાય આ મહોત્સવ અમારા ગામનો છે એવા ભાવ સાથે તેમણે ઉત્તમ પ્રકારની કામગીરી કરી જેની નોંધ લીધા સિવાય ચાલી શકે નહિ.



•••



સલામતી-બંદોબસ્ત કમિટિ



ચેરમેનશ્રી
હસમુખભાઈ અમરતલાલ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
મુકુન્દભાઈ રમણલાલ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
જગદીશભાઈ પ્રાણલાલ પટેલ



: વિશેષતા :

મહોત્સવના પાંચ દિવસ દરમિયાન શ્રદ્ધાળુઓની સલામતીમાં ૨૨૦૦ સ્વયંસેવકો સાથે આ કમિટિએ જડબેસલાક આયોજન કર્યું.





: ટીમવર્ક :



સલામતી બંદોબસ્ત કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	: શ્રી હસમુખભાઈ અમૃતલાલ પટેલ	કમિટિ સભ્યો	:	૫૫
વાઈસ ચેરમેન	: શ્રી મુકુંદભાઈ રમણલાલ પટેલ	મા ઉમિયાના સ્વયંસેવકો	: ભાઈઓ -	૧૯૦૦
કો-ઓર્ડિનેટર	: શ્રી જગદીશભાઈ પ્રાણલાલ પટેલ	પ્રાઈવેટ સિક્યુરીટી	:	૨૦૦

આ મહોત્સવ દરમિયાન ગુજરાત અને દેશ-પરદેશમાંથી અંદાજે ૪૫ થી ૫૦ લાખ યાત્રાળુઓ પોતાનાં અને બીજાં વાહનો દ્વારા ઊંઝા આવનાર હોઈ તેમની તમામની સલામતી, કોઈપણ પ્રકારનો અજુગતો બનાવ ન બને, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, કોઈ અઘટીત બનાવ ન બને, અસામાજિક તત્ત્વો, ખિસ્સા કાતરૂઓ વિગેરેથી સલામતી રહે અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સલામતી બંદોબસ્ત કમિટિની રચના કરવામાં આવી હતી. જેમાં કમિટિના પણ સભ્યો મા ઉમાના ૧૯૦૦ સ્વયંસેવક ભાઈ-બહેનો, પ્રાઈવેટ સિક્યોરીટીના ૨૦ જવાનો તેમજ ગુજરાત સરકારશ્રીના ગૃહખાતા તરફથી ૩૦ મોબાઈલ વાન દ્વારા ચોવીસ કલાક પેટ્રોલિંગ. બે આઈ.જી.પી.ના ઈન્સ્પેકશન વચ્ચે પાંચ જિલ્લાની પોલીસ સલામતી અંગે લોખંડી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. શ્રી ઉમિયા માતાજીના મંદિરથી શ્રી ઉમિયાનગર તેમજ સમગ્ર ઊંઝા ફરતે વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.



આ માટે એસ.પી. પાંચ, ડી.વાય.એસ.પી. ૧૯, પી.એસ.આઈ. ૨૫૨, પોલીસ કર્મચારી ૧૮૦૦, એસ.આર.પી. કંપની ૪, ટ્રાફિક પોલીસ ૧૦૦, પેટ્રોલીંગ વાન ૩૦, મેટલ ડિટેક્ટર ૨૫, સી.સી. કેમેરા ૧૫, વૉચ ટાવર-૨ (બે) વિગેરેની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આ ઉપરાંત કમિટિ તરફથી એટલી સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી જેથી સલામતી અને બંદોબસ્ત દરમિયાન એકપણ અજુગતો બનાવ બનવા પામેલ ન હતો. આ માટે સ્વયંસેવકોના દરેક ગ્રુપના લીડરને ઝડપી માહિતીની આપ-લે કરે તે માટે વૉકી-ટૉકીની વ્યવસ્થા આપવામાં આવી હતી. ઉમિયાનગર તેમજ પાર્કિંગમાં બધી જગ્યાએ સી.સી. કેમેરા અને ચારે દિશાઓમાં ચાર ફાયર ફાઈટર સ્ટેશનો ઊભા કરવામાં આવેલ હતા. સમગ્ર ઊંઝાનગર તેમજ ચારે દિશાઓમાંથી આવનાર ટ્રાફિકને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે





૨૪ કલાક ખડે પગે સ્વયંસેવક ભાઈ-બહેનોએ કોઈપણ પ્રકારના થાક-કંટાળા વગર ભક્તિભાવથી ઉત્તમ પ્રકારની સેવા કરી, સલામતી અને બંદોબસ્તની વ્યવસ્થા જાળવી. આ માટે સમગ્ર ઉમિયાનગર, ઊનાવા ગામથી રોડેશ્વર મહાદેવ મક્તુપુર હાઈવે સુધી, ઊંઝા બસ સ્ટેશન હાઈવેથી વૃદ્ધાશ્રમ-પાટણ રોડ સુધી, ગોમાઈ ફાટકથી વૈજનાથ મહાદેવ કેવળેશ્વર મહાદેવ સુધી, શ્રી ઉમિયા માતાજીના મંદિરથી ગાંધીચોક મેઈન ફાટક સુધી, ભરતનગર ફાટક દૂધલીની દેશ જી.એલ. હાઈસ્કૂલ માતાજીના પરિસર સુધીની વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

આમ મહોત્સવના પાંચે દિવસ સુધી અદ્ભુત સલામતી અને બંદોબસ્ત ગોઠવવામાં આવેલ જેથી કોઈપણ પ્રકારના અજુગતા બનાવ સિવાય મહોત્સવમાં સફળતા મળી.

• • •









સ્વયંસેવક કમિટિ



ચેરમેનશ્રી
વસંતભાઈ શિવરામદાસ પટેલ
(કેપ્ટન)



વાઈસ ચેરમેનશ્રી
ભરતભાઈ ઈશ્વરલાલ પટેલ
(ભલો)



કો.ઓર્ડિનેટરશ્રી
કાંતિલાલ વિરદાસ પટેલ
(ગૌતમ)



: વિશેષતા :

ઊંઝા ગામના શ્રીમંત ગરીબ તમામ વર્ગ, જ્ઞાતિ, જાતિના ભેદ ભૂલાવીને ૧૫ હજાર સ્વયંસેવકો શિસ્તબદ્ધ ફોજ તૈયાર કરી.



: ટીમવર્ક :



સ્વયંસેવક કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	: શ્રી વસંતભાઈ શિવરામદાસ પટેલ (કેપ્ટન)	કમિટિ સભ્યો	: ૫૨
વાઈસ ચેરમેન	: શ્રી ભરતભાઈ ઈશ્વરલાલ પટેલ (ભલો)	મા ઉમિયાના સ્વયંસેવકો	: ભાઈઓ - ૧૫૦૦૦
કો-ઓર્ડિનેટર	: શ્રી કાંતિલાલ વિરદાસ પટેલ (ગૌતમ)		બહેનો - ૨૦૦૦

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ની જ્યારે સમગ્ર પ્રદેશની જનતા છેલ્લા છ મહિનાથી રાહ જોઈને બેઠી હોય ત્યાં તા. ૨૮-૧૧-૨૦૦૯, શનિવાર, માગસર સુદ-૧૧ના રોજ પ્રસંગની શરૂઆત થઈ. ત્યારથી તા. ૨-૧૨-૨૦૦૯ના રોજ સમગ્ર મહોત્સવ પૂરો થયો, ત્યાં સુધીમાં મહોત્સવમાં આવનાર સૌ યાત્રાળુઓ તથા તમામ મિડીયા જગત, તેમાં પછી તે ચાહે પ્રિન્ટ મિડીયા હોય, ઈલેક્ટ્રોનિક મિડીયા હોય કે ટીવી માધ્યમ ચેનલો હોય કે ભારત કે વિશ્વની જનતા હોય સૌએ મોંફાટ ઊંઝાનગરનાં વખાણ કર્યાં કે જે ઊંઝાનગર માત્ર ૫૦ થી ૫૫ હજારની વસ્તી ધરાવતું આ ઊંઝાનગર પાંચ દિવસમાં સમગ્ર વિશ્વમાંથી ૫૦ થી ૬૦ લાખ યાત્રાળુઓની આટલી બધી સુંદર વ્યવસ્થા કરી શકે અને તે પણ વ્યવસ્થામાં જોડાયેલા તમામ સ્વયંસેવક ભાઈઓ અને બહેનો જ કરી શકે.

ચાહે આટલી વિશાળ પાર્કિંગ વ્યવસ્થા હોય, ચા-પાણી વ્યવસ્થા, લાડુ સાથેનું ભોજન હોય, ઉતારા વ્યવસ્થા, સુંદર દર્શન વ્યવસ્થા હોય, સલામતી વ્યવસ્થા હોય, યજ્ઞસેવા, સફાઈ સ્વચ્છતા, મેડીકલ સેવા, પ્રસાદ વ્યવસ્થા, માહિતી પૂછપરછ, વિદ્યુત વ્યવસ્થા, પ્રચાર-પ્રકાશન, નાણાં વ્યવસ્થા, સાંસ્કૃતિક કાર્યક્રમ, પાણી પુરવઠા કે સાંસ્કૃતિક પાટીદાર ગાથા હોય, તમામ પ્રકારની વ્યવસ્થામાં જોડાયેલા પંદર હજાર કરતાં વધુ સ્વયંસેવક ભાઈઓ તથા બહેનો કે જેઓએ દિવસ, રાત, તડકો, છાંયડો, ચા-પાણી કે જમવાનું ભૂલીને માત્ર ઉમિયા માતામય થઈને અને આવનાર યાત્રાળુઓને કોઈપણ જાતની તકલીફ ન પડે તેની પૂરેપૂરી કાળજી રાખી આ એક અદ્‌ભુત વ્યવસ્થા માત્ર ઊંઝાનગર જ કરી શકે તેવા શબ્દો આવનાર યાત્રાળુઓના હતા.





૧૫૦૦૦ કરતાં વધુ સ્વયંસેવકો :

ઘણા બધા યાત્રાળુઓ પૂછતા કે આટલા સ્વયંસેવકો ક્યાંથી અને કેવી રીતે ભેગા કર્યા. ત્યારે આનો જવાબ એ હતો કે ઊંઝાનગરમાંથી તમામ પાટીદાર સમાજો અને અન્ય જ્ઞાતિના સમાજોની મિટિંગો ભરવામાં આવી. અમારી સ્વયંસેવક કમિટિના તથા ઉમિયા માતાજીના મહોત્સવના કન્વીનર મારફતે ઊંઝાનગરમાં જુદી જુદી મિટિંગોનું આયોજન કરવામાં આવ્યું. આવી મિટિંગોની શરૂઆત થઈ. જેમાં ઉમિયા માતાજી સંસ્થાનના હોદ્દેદારો પણ હાજર હતા.

તા. ૫-૬-૨૦૦૯ના રોજ રંગપુર સમાજ .... કડવા પાટીદાર સમાજ (રંગપુરવાડી)

તા. ૬-૬-૨૦૦૯ના રોજ દુધલી ની દેશ ..... કડવા પાટીદાર સમાજ (રમણવાડી)

તા. ૭-૬-૨૦૦૯ના રોજ ઉનાવાદેશ ..... કડવા પાટીદાર સમાજની (ઉનાવા દેશની વાડી)

તા. ૮-૬-૨૦૦૯ના રોજ ઉમિયા માતાદેશ .... કડવા પાટીદાર સમાજ (ઉમિયા માતા દેશની વાડી)

તા. ૯-૬-૨૦૦૯ના રોજ મોલ્લોત સમાજ (અચલેશ્વરની વાડી)

તા. ૧૦-૬-૨૦૦૯ના રોજ રૂસાત સમાજ (સંસ્કાર ભવન)

તા. ૧૧-૬-૨૦૦૯ના રોજ ઊંઝા ગામમાં વસતા બહારગામના કડવા પાટીદાર સમાજ (બાળોજ માતાજી મંદિર)

તા. ૧૭-૬-૨૦૦૯ના રોજ ઊંઝા ગામમાં વસતા તમામ જ્ઞાતિના સમાજોની મિટિંગ(ઉનાવાદેશની વાડી)

તા. ૨૪-૬-૨૦૦૯ના રોજ ઊંઝા નગરની તમામ પાટીદાર બહેનોની મિટિંગનું આયોજન



(મહિલા સેવા-સમિતિ) મારફતે ઉમિયા માતાજી સંસ્થાનમાં ઉપર મુજબ સ્વયંસેવકો નોંધવા માટેની મિટિંગોનું આયોજન કરવામાં આવ્યું અને મહોત્સવ વિશે જાણકારી આપવામાં આવી અને સ્વયંસેવકો એટલે શું અને તેમની ભૂમિકા શું તે વિશે દરેક મિટિંગોમાં ઘણા બધા વક્તાઓએ વિગતવાર જાણકારી આપી. સ્વયંસેવકો નોંધણી માટેનાં અરજી ફોર્મનું વિતરણ કરવામાં આવ્યું. ફોર્મની અંદર માતાજીના મહોત્સવમાં સેવા આપવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી.

ઊંઝા નગરની આજુબાજુના ગ્રામ વિસ્તારમાંથી આશરે ૨૦ ગામોમાંથી ૨૧૦૦ જેટલા સ્વયંસેવક ભાઈઓની નોંધણીનું કામ (ગ્રામસેવા સંકલન કમિટિ) મારફતે કરવામાં આવ્યું.







આવી રીતે ઊંઝાનગરના ૭૩૦૦ યુવાનો

ગ્રામ વિસ્તારના ૨૧૦૦ યુવાનો

ઊંઝાનગરની ૨૧૦૦ બહેનો

કુલ મળીને ૧૧,૫૦૦ યુવાનો અને બહેનોની નોંધણી માત્ર દસ દિવસમાં થઈ ગઈ. ત્યારબાદ મહોત્સવના ૩૦ દિવસ પહેલાં બીજા ૩૫૦૦ યુવાનોએ સ્વયંસેવકો માટે તૈયારી બતાવી અને તેઓની નોંધણી કરવામાં આવી. કુલ મળીને ૧૫૦૦૦ પંદર હજાર કરતાં વધુ સ્વયંસેવકો ભાઈ-બહેનોની યાદી તૈયાર કરવામાં આવી. આ સમય દરમ્યાન દિવાળીનો પ્રસંગ આવવાથી સ્વયંસેવક ભાઈ-બહેનોનો સ્નેહમિલન સમારંભ યોજવામાં આવ્યો. જેમાં ગુજરાત રાજ્યના શહેરી વિકાસ મંત્રી નીતીનભાઈ પટેલ, નારાયણકાકા, જયશ્રીબેન પટેલ, અંબાલાલ ચારી, મણિભાઈ મમ્મી વગેરેએ આયોજન અંગે સુંદર માર્ગદર્શન આપ્યું.

મહોત્સવના ૩૦ દિવસ બાકી હતા ત્યારે મહોત્સવની તમામ કમિટિઓને પોતાને કેટલા સ્વયંસેવકો જરૂર પડશે તેની યાદી મંગાવવામાં આવી. ત્યારબાદ અમારી સ્વયંસેવક કમિટિ મારફતે ૧૫૦૦૦ પંદર હજાર સ્વયંસેવક ભાઈ-બહેનોની દરેક કમિટિઓને જરૂરિયાત મુજબની ફાળવણી કરવામાં આવી.

આ મહોત્સવમાં સેવામાં જોડાનાર સ્વયંસેવક ભાઈ-બહેનોને પીળા કલરમાં જેકેટ અને પીળા, રેડ કલરની ટોપી દરેકને સુંદર દેખાય તેવી તૈયાર કરીને આપવામાં આવી. ખરેખર આ મહોત્સવનો સુંદર દેખાવ એક જ કલરના ડ્રેસ-ટોપીના આધારે હોય તેવું લાગતું હતું. જેકેટ તથા ટોપીના દાતા સિન્ટેક્ષ કંપની તરફથી રૂા. ૨૫ લાખની જાહેરાત પેટે રકમ મળેલી જેથી જેકેટ, ટોપીનો ખર્ચ પાડવો પડ્યો નહતો.

ત્યાર પછી મહોત્સવની તૈયારી શરૂ. કલાકો ગણવાની શરૂઆત. તા. ૨૭-૧૧-૨૦૦૯ની રાત્રિથી યાત્રાળુઓની શરૂઆત થઈ ગઈ અને તમામ સ્વયંસેવકો પોતપોતાની કમિટિઓમાં ગોઠવાઈ ગયા અને સેવા કરવાની શરૂઆત





થઈ, તમામ કમિટિઓએ પોતાનો સારો અને સુંદર સેવા કર્યાનો પ્રતિભાવ ઊભો થાય તે માટે દરેક કમિટિના તમામ સ્વયંસેવક ભાઈઓ અને બહેનોએ અથાગ પ્રયત્નો કર્યા છે. મારા સ્વયંસેવક ભાઈઓ અને બહેનોને જેટલા ધન્યવાદ આપું તેટલા ઓછા છે તે માટે મારી પાસે શબ્દો નથી. મા ઉમા તેઓને શક્તિ, બુદ્ધિ અને ધનધાન્યથી હર્યાભર્યા રાખે, તેમના સૌનાં કુળ આગળ ધપતાં રહે. ફરીથી આવો સુંદર અવસર મહોત્સવ આવે અને ફરીથી માની સેવામાં જોડાઈએ અને લોકોની સેવા કરવાની તક મળે તેની તમામ સ્વયંસેવકો રાહ જોઈ રહ્યા છે.

• • •







દર્શન વ્યવસ્થા કમિટિ



ચેરમેનશ્રી
સુરેશભાઈ કાંતિલાલ પટેલ
(એન્જિનીયર)



વાઈસ ચેરમેનશ્રી
ગોવિંદભાઈ હિરાલાલ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
વિષ્ણુભાઈ ભગવાનદાસ પટેલ
(પ્રિન્સ)



: વિશેષતા :

ટેક્નોલોજીની સાથે અભૂતપૂર્વ રીતે ૧૬૦૦ શિસ્તબદ્ધ સ્વયંસેવકો શ્રદ્ધાળુઓને દર્શન કરાવશે.





: ટીમવર્ક :




દર્શન વ્યવસ્થા કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	: શ્રી સુરેશભાઈ કાંતિલાલ પટેલ (એન્જિનીયર)
વાઈસ ચેરમેન	: શ્રી ગોવિંદભાઈ હિરાલાલ પટેલ
કો-ઓર્ડિનેટર	: શ્રી વિષ્ણુભાઈ ભગવાનદાસ પટેલ (પ્રિન્સ)

કમિટિ સભ્યો : ૬૨

મા ઉમિયાના સ્વયંસેવકો : ૧૬૦૦



૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ના પ્રસંગ માટે મા ઉમિયાના દર્શનની વ્યવસ્થા કરવા માટે દર્શન વ્યવસ્થા કમિટિ બનાવવાનું સંસ્થાના હોદ્દેદારશ્રીઓએ નક્કી કર્યું તેમાં ઊંઝાનગરના કડવા પાટીદારના સાત સમાજ. દરેક સમાજમાંથી ૫ સભ્યો લેવા તે રીતે ૩૫ સભ્યો તથા શ્રી ઉમા માઈ મંડળના સભ્યો તેમ કરીને ૬૪ સભ્યોની કારોબારી કમિટિની રચના કરવામાં આવી.

દર્શન વ્યવસ્થા કમિટિની પહેલી મિટિંગ માતાજીના સત્સંગ હોલમાં તા. ૩-૧-૨૦૦૯ના રોજ સાંજના ૪-૦૦ કલાકે સંસ્થાના પ્રમુખશ્રી તથા હોદ્દેદારશ્રી સાથે મળી.

આ મિટિંગમાં દર્શન વ્યવસ્થા કમિટિના હોદ્દેદારોની વરણી કરવામાં આવી. ચેરમેન તરીકે શ્રી એસ. કે. પટેલ એન્જીનીયર (ભેમાત)ની દરખાસ્ત પટેલ ગોવિંદભાઈ હીરાલાલે મુકી તેને સર્વેએ વધાવી લીધી. વાઈસ ચેરમેન તરીકે પટેલ ગોવિંદભાઈ હીરાલાલ ઘુઘડાની દરખાસ્ત શ્રી પટેલ દશરથલાલ બેચરદાસ ગોદડે મૂકી, તેને સૌએ વધાવી લીધી, કો.ઓર્ડિનેટર તરીકે શ્રી વિષ્ણુભાઈ ભગવાનદાસ પટેલ (પ્રિન્સ)ની દરખાસ્ત શ્રી કાંતિલાલ પ્રેસે મૂકી, તેને સર્વે વધાવી લીધી.



દર્શન વ્યવસ્થા કમિટિની મિટિંગ તા. ૧૮-૧-૨૦૦૯ના રોજ રાત્રે ૮-૩૦ કલાકે કાર્યાલય ઉપરના હોલમાં મળી. તેમાં દરેક સભ્યે પોતાનો પરિચય આપ્યો. તન, મન અને ધનથી આ મહોત્સવને સફળ બનાવવાનો અને મહોત્સવ દરમિયાન કોઈએ પાન, મસાલા કે બીડી પીવી નહી તેવો સંકલ્પ કર્યો.

દર્શન વ્યવસ્થા કમિટિની મિટિંગ તા. ૧૭-૮-૨૦૦૯ના રોજ મળી તેમાં તા. ૨૨-૮-૨૦૦૯ના રોજ માતાજીના ધ્વજદંડના પ્રોગ્રામ માટેની તૈયારી કરવા માટે મળી તેમાં દર્શન વ્યવસ્થા માટે મંદિર પરિસરમાં સ્ટેજ બનાવી દર્શન માટે ચાર લાઈનથી યાત્રિક દર્શન કરી શકે તેવી વ્યવસ્થા કરવી તેમજ આવેલ દર્શનાર્થી માઈભક્તોને ચંપલ મુકવા માટે ચંપલ સ્ટોલ બનાવી તેમાં ટોકન આપી ચંપલ લેવા તેવો ઠરાવ કરવામાં આવ્યો. તેમાં દર્શન વ્યવસ્થા કમિટિ તેમજ ચંપલ વ્યવસ્થા કમિટિની રચના કરી સભ્યોને કામની ફાળવણી કરવામાં આવી.

દર્શન વ્યવસ્થાની મિટિંગ તા. ૨૮-૧૦-૨૦૦૯ના રોજ રાત્રે ૯-૦૦ કલાકે ઓફિસ હોલમાં મળી તેમાં યાત્રિકોને દર્શન કરાવવા માટે ક્યાંથી લાવવા તેમના માટે રેલીંગની વ્યવસ્થા ક્યાંથી કરવી તેમજ ચંપલ



વ્યવસ્થા, લગેજ વ્યવસ્થા તેમજ શ્રીફળની વ્યવસ્થા ક્યાં કરવી તેની ચર્ચા-વિચારણા કરવામાં આવી. અંતે તેનો નકશો બનાવવાનું નક્કી કરવામાં આવ્યું ને પહેલાં મંડપ કમિટિએ અમારી કમિટિને વિશ્વાસ આપેલો કે રેલીંગ વ્યવસ્થા તમને મંડપ કમિટિ કરી આપશે. પરંતુ તેમનાથી આ શક્ય ના બનતાં તાત્કાલિક અમારી કમિટિએ આના ઉપર નિર્ણય કરી કામ આગળ વધારવાની વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું. ત્યારબાદ કમિટિએ દરરોજ હાજરી આપી. આ કામ પરિપૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો.

તા. ૧-૧૧-૦૯ના રોજ દર્શન વ્યવસ્થા કમિટિની મિટિંગ મળી તેમાં દર્શન વ્યવસ્થા માટેનો જે નકશો તૈયાર કરવામાં આવ્યો હતો તેનો અભ્યાસ કરી તેમાં આગળ વધવાનું નક્કી કરવામાં આવ્યું. અમારી પાસે સમય એક મહિનાનો બાકી હતો. કામને પરિપૂર્ણ કરવા માટે મેકવેલ ઈન્ડસ્ટ્રીઝ (સમ્રાટ પ્રેશર)વાળા ભાઈને મંદિર પરિસરના અંદરનો ભાગ તૈયાર કરવા માટેનું કામ આપવામાં આવ્યું તથા મંદિર પરિસરના બહારના ભાગનું કામ ન્યુ અંબિકા ફેબ્રીકેશન વર્કસને આપ્યું. બહારની રેલીંગનું વજન અંદાજે ૨૫૫૬૦ કિલો લોખંડમાં બનાવવામાં આવ્યું. દર્શન કરવાની વ્યવસ્થા આઠ લાઈનથી માતાજીના દર્શન યાત્રિકો કરી શકે તેવી રીતે કરવામાં આવી. તેની ગણતરી એક સેકન્ડમાં ૮ (આઠ) યાત્રિક દર્શન કરી શકે તેવી રીતે એક કલાકમાં ૨૮૮૦૦ વ્યક્તિ દર્શન કરી શકે અમારી પાસે ચોવીસ કલાકમાં (૨૨) બાવીસ કલાક દર્શન કરાવી શકીશું તેવી શક્યતા હતી તો અમે એક દિવસમાં ૬,૩૩,૬૦૦ યાત્રિકોને એક દિવસમાં દર્શન કરાવી શકીએ તો પાંચ દિવસમાં ૩૧,૬૮,૮૦૦ યાત્રિકોને દર્શન કરાવી શકીએ તેવી ગોઠવણી અમોએ કરી હતી.



દર્શન વ્યવસ્થા માટે વિસનગર રોડ ઉપર માતાજીના પાર્ટીપ્લોટમાંથી શરૂઆત કરવાનું આયોજન કરેલ. દર્શન કરવા માટે યાત્રિક માતાજીના પ્લોટમાં પ્રવેશ કરે તેના માટે બેસવાની વ્યવસ્થા, ચા-પાણી કમિટિ તરફથી ચોવીસ કલાક ચાની વ્યવસ્થા તેમજ યાત્રિકને ફ્રેસ થવા માટે ટોઈલેટ-બાથરૂમની પણ વ્યવસ્થા કરવામાં આવી. યાત્રિક દર્શન કરવા માટે લાઈનમાં પ્રવેશ કર્યા પછી તે માતાજીની પાછળ હનુમાન ચોકમાં તેમના માટે શ્રીફળ મુકવાની વ્યવસ્થા, લગેજ મુકવાનો સ્ટોલ તથા પગરખાં કેન્દ્ર એમ ત્રણ મોટા સ્ટોલની રચના કરેલી. ત્યારબાદ યાત્રિકે ફરીથી લાઈનમાં જઈને માતાજીના મંદિરે દર્શન કરી તેમને બહાર નિકળવાના બે માર્ગ હતા. માતાજીનો સત્સંગ હોલ તેમજ માતાજીના મંદિર પાછળ પશ્ચિમ દિશાના દરવાજે થઈને બહાર નીકળે એટલે તરત જ તેમને તેમનાં પગરખાં, લગેજ તેમજ શ્રીફળ પરત લઈ શકે તેવી ગોઠવણી કરવામાં આવી. ચાલતા સંઘો માટે દર્શન કરવા તેમજ માતાજીની ધજા ચડાવવાની અલગ વ્યવસ્થા કરવામાં આવી. ચંપલ વ્યવસ્થા માટે પ્લાસ્ટીકની ૨૦,૦૦૦ (વીસ હજાર) થેલીઓ બનાવવામાં આવી. એક થેલીમાં ચાર જોડ ચંપલ રહી શકે તે રીતની થેલીઓ બનાવવામાં આવી. તેમજ વી.આઈ.પી., વી.વી.આઈ.પી.શ્રીઓને દર્શન કરાવવા માટેની અલગ વ્યવસ્થા કરવામાં આવી હતી.



આ દરમિયાન સ્વયંસેવક કમિટિએ અમોને ૧૦૩૬ સ્વયંસેવકની ફાળવણી કરી તથા મહિલા સ્વયંસેવક કમિટિએ ૫૫૦ બહેનોની ફાળવણી કરી તથા ૬૪ કારોબારી સભ્યો એમ કરી કુલ ૧૬૫૦ સભ્યોની દર્શન વ્યવસ્થા કમિટિમાં જોડાઈ સેવા આપી. દર્શન કરવાનો ટાઈમ ચોવીસ કલાકનો હોઈ તેને ત્રણ પાળીમાં વહેંચણી કરવામાં આવી. તેમાં આઠ ગ્રુપ બનાવવામાં આવ્યા તેમાં કારોબારીના સભ્યોમાંથી નવ કન્વીનર બનાવવામાં આવ્યા.

(૧) પટેલ હસમુખભાઈ પરસોત્તમદાસ
(૨) પટેલ મહેશભાઈ નાથાલાલ
(૩) પટેલ વિષ્ણુભાઈ ઈશ્વરલાલ
(૪) પટેલ ભરતભાઈ નરસિંહભાઈ
(૫) પટેલ ચિમનભાઈ ભગવાનદાસ
(૬) પટેલ રજનીભાઈ બળદેવભાઈ
(૭) પટેલ જયેશભાઈ બાબુલાલ
(૮) પટેલ ચંદ્રેશભાઈ જોઈતારામ
(૯) પટેલ વિનુભાઈ મોહનલાલ



આ કન્વીનરોને ૧૬૫૦ સભ્યોની વહેંચણી કરવામાં આવી. આઠ ગ્રુપના કન્વીનરો સાથે આઠ મહિલા કન્વીનરની નિમણૂક કરવામાં આવી. એક ગ્રુપ સાથે ચાર કો.કન્વીનરની નિમણૂક કરવામાં આવી. દરેક કમિટિને અંદાજે ૨૦૦ સભ્યોની ફાળવણી કરવામાં આવી તેમાં ત્રણ પાળી ગોઠવવામાં આવી. સવારે ૫ થી ૧, બપોર ૧ થી ૯, રાત્રે ૯ થી ૫ એમ ત્રણ પાળી નક્કી કરવામાં આવી. દરેક ટીમને કઈ પાળીમાં ક્યાં ગોઠવવા તેના આયોજન માટે તેના આઠ ભાગ પાડવામાં આવ્યા. (૧) ઉમિયા માતાજીનો પાર્ટી પ્લોટ (૨) નાળાંથી વિસનગર રોડ, (૩) શ્રીફળ વ્યવસ્થા, (૪) લગેજ વ્યવસ્થા (૫) ચંપલ વ્યવસ્થા (૬) હનુમાન ચોક, (૭) મંદિર બહારનો પરિસર (૯) મંદિર અંદરનો પરિસર એમ આઠ વિભાગ પાડવામાં આવ્યા.

મા ઉમિયાના પાંચ દિવસના મહોત્સવમાં અંદાજે ૨૭,૦૦,૦૦૦ (સત્યાવીસ લાખ) યાત્રિકોએ દર્શનનો લાભ લીધો.



દર્શન વ્યવસ્થા કમિટિના દરેક સ્વયંસેવક ભાઈ-બહેનોએ કઈપણ વિચાર્યા વગર હું પોતે મા ઉમિયાનો સેવક છું અને મા ઉમિયાનું કામકરી આ મારો પ્રસંગ છે, તે રીતનું વર્તન કરીશ, સ્વયંસેવકોએ જે મહેનત કરી છે તે સોનાના અક્ષરોથી લખીએ તો પણ ઓછું છે. અમારી કમિટિના ૫૦% સભ્યો પોતાના ઘરે કામવાળી, નોકર-ચાકર પાસે કામકરાવે તેવા શ્રીમંત પરિવારોએ યાત્રિકને ભગવાન માની તેમના પગનાં પગરખાં પોતાના હાથે ઉપાડી થેલીમાં મુકવાની તેમજ ટોકન પરત આપે ત્યારે તેને પરત ગણી આપવાની જે સેવા કરી છે તે સન્માનને પાત્ર છે. ઘરડાં યાત્રિકો જે ચાલી શકતા ના હોય, શરીરે ખોડ-ખાંપણવાળા યાત્રિકોને અમારા સ્વયંસેવકોએ તેમને વ્હીલચેર તથા બે ચાર માણસોએ તેમને ઉપાડીને પણ માનાં દર્શન કરાવ્યાં. અમારો એક જ મંત્ર હતો જે આવશે તે માના દર્શન કરશે. તેવા ભાવથી મા ઉમિયાના આશીર્વાદથી અમારી વ્યવસ્થામાં કોઈપણ યાત્રિકને તથા અમારા સ્વયંસેવકોને કોઈપણ જાતની તકલીફ વગર મા ઉમિયાએ જશ આપ્યો છે તેવી મા ઉમિયાને લાખ લાખ વંદન. નામી-અનામી જો કોઈ ભાઈ-બહેનોએ દર્શન વ્યવસ્થામાં સાથ અને સહકાર આપ્યો તે બદલ તેઓનો દર્શન વ્યવસ્થા કમિટિ આભાર માને છે.





• • •





સાંસ્કૃતિક-સંસ્કાર કમિટિ



ચેરમેનશ્રી
ચતુરભાઈ જોઈતારામ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
પ્રવિણભાઈ પ્રહ્લાદભાઈ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
ધર્મેન્દ્રભાઈ કાંતિલાલ પટેલ



: વિશેષતા :

પાટીદારોના ઐતિહાસિક ગૌરવની ગાથા ૪૫૦ કલાકારો રજૂ કરશે, ઉપરાંત અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.





: ટીમવર્ક :



સાંસ્કૃતિક સંસ્કાર કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	: શ્રી ચતુરભાઈ જોઈતારામ પટેલ
વાઈસ ચેરમેન	: શ્રી પ્રવિણભાઈ પ્રહ્લાદભાઈ પટેલ
કો-ઓર્ડિનેટર	: શ્રી ધર્મેન્દ્રભાઈ કાંતિલાલ પટેલ
કમિટિ સભ્યો	: ૩૫
મા ઉમિયાના સ્વયંસેવકો	: ૩૬૫
ગૌરવ ગાથા દિગ્દદર્શક	: કપિલ શુક્લ

મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું ત્યારે આ મહોત્સવને કેવું સ્વરૂપ આપવું તેની ઘણી ચર્ચા વિચારણાઓ થઈ. છેવટે બધા વિચારોના અંતે આ મહોત્સવ વિશ્વકક્ષાનો સૌના ઉત્કર્ષનો ઉત્સવ બની રહે તેવો ભવ્યાતીભવ્ય ઉજવવો એવું નક્કી કર્યું. આવો ભવ્ય ઉત્સવ ઉજવવાનું નક્કી થયું તો તેને અનુરૂપ પાંચે દિવસમાં એવા સાંસ્કૃતિક અને સંસ્કાર કાર્યક્રમ આપવા જેથી આવનાર ભક્તો તેમાંથી કંઈક મેળવીને જાય તે વિચારવામાં આવ્યું અને તેની સંપૂર્ણ જવાબદારી આ કમિટિના હોદ્દેદારો અને ઉત્સાહી પ્રોજેક્ટ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ સાથે અનેક બેઠકો કરી અને ચર્ચા વિચારણાના અંતે પાંચે દિવસના અદ્‌ભૂત અને કાયમી સંભારણું બની રહે એવા





કાર્યક્રમોનું આયોજન કર્યું. આ પાટીદાર સહિત તમામ સમાજના ભક્તોને જીવનમાં પ્રગતિ કરવા અને ખમીરવંતા બનવા પ્રોત્સાહિત કરતી "પાટીદાર ગૌરવ ગાથા" સહિત ગુજરાત રાજ્યના વિશ્વપ્રસિદ્ધ નામી કલાકારો દ્વારા પાંચે દિવસ નીચે પ્રમાણે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનો રસથાળ પિરસવામાં આવ્યો.

તારીખ	સાંસ્કૃતિક કાર્યક્રમ
૨૮-૧૧-૨૦૦૯	"પાટીદાર ગૌરવ ગાથા" શ્રી કપિલ શુક્લ કૃત નાટીકા
૨૯-૧૧-૨૦૦૯	"ભક્તિ સંધ્યા" અનુરાધા પૌંડવાલ, રાજીવ ચોપરા, સાંઈરામદવે અને સંગીત વૃંદ કુ. રૂત્વી એમ. પટેલ પ્રસ્તુત "અમે સૌ મા ઉમિયાના બાળ"





૩૦-૧૧-૨૦૦૯	"ભવ્ય લોકગીત સંગીત સંધ્યા"
	ગુજરાતના વિશ્વપ્રસિદ્ધ કલાકારો દ્વારા લોકગીતોનો રસથાળ
૧-૧૨-૨૦૦૯	"પ્રેરણાદાયી નાટક"
	'મુક્તિધામ' સ્મૃતિ ઈરાની (તુલસી) કૃત
૨-૧૨-૨૦૦૯	"લોકનૃત્ય-રાસગરબા"
	શ્રી કલ્પેશ દલાલ કૃત તથા મહાઆરતી
	ભવ્ય આતશબાજી

આ પાંચે દિવસના એકએકથી ચઢિયાતા સાંસ્કૃતિક કાર્યક્રમો જોઈ લાખો દર્શકોએ મુક્તપણે પ્રસંશા કરતા થાકતા નહિં. સમગ્ર કાર્યક્રમ સ્ટેજથી માંડીને બેઠક સુધીના સુંદર આયોજન બદલ આ કમિટિને સૌ લોકોએ ધન્યવાદ આપ્યા.

સાંસ્કૃતિક સંસ્કાર કમિટિની રચના થઈ ત્યારથી મહોત્સવ સુધીમાં અંદાજિત ૩૦ કારોબારી મિટીંગમાં સભ્યોની ૧૦૦% હાજરી રહેલ.




મહોત્સવના ૨ (બે) મહિના પહેલાં પ્રોજેક્ટ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ એસ. પટેલના ત્યાં અમદાવાદ મુકામે તેમના નિવાસસ્થાને પાંચ દિવસના કલાકારો તેમજ પ્રોગ્રામ નક્કી કરવા માટે મિટીંગ કરવામાં આવી હતી.



કલાકારોનો ઉતારો કન્યા વિદ્યાલય, ઊંઝા તથા ઉમિયા માતાજી વિશ્રાંતિ ગૃહ તથા અમદાવાદ થ્રી-સ્ટાર હોટલમાં રાખવામાં આવ્યા હતા.


ઊંઝાની બાળાઓનો ગ્રુપ માતાજીનો ગરબો ગૌરવ ગાથાના પ્રોગ્રામમાં રાખવામાં આવ્યો હતો જેની તૈયારીઓ ઉમિયા માતાજી વિશ્રાંતિ ગૃહમાં કરવામાં આવી હતી. આ ગરબાની સંપૂર્ણ તૈયારી સાંસ્કૃતિક સંસ્કાર કમિટિ દ્વારા કરવામાં આવી હતી.

કલાકારોને લાવવા લઈ જવા માટે સંસ્થાનની ગાડીનો ઉપયોગ કરવામાં આવતો હતો. કલાકારોને જમવાની વ્યવસ્થા ઉમિયાનગરના રસોડામાં (વી.આઈ.પી.) લોન્જમાં કરવામાં આવી હતી.



realpatidar.com






૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, સ્મૃતિગ્રંથ
276


realpatidar.com
॥ श्री उमिया शरणम् मम : ॥


















વાહનવ્યવહાર અને પાર્કિંગ કમિટિ



ચેરમેનશ્રી
કસ્તુરભાઈ વિઠ્ઠલદાસ પટેલ
(ગણેશ ટ્રા. કું.)



વાઈસ ચેરમેનશ્રી
બાબુલાલ નાથાલાલ પટેલ
(બેજુ ટ્રાવેલ)




કો.ઓર્ડિનેટરશ્રી
સોમાભાઈ વિઠ્ઠલદાસ પટેલ
(પટેલ ટ્રા. કું.)



: વિશેષતા :

ઊંઝાની ચોતરફ આઠ કિલોમીટરના વર્તુળમાં વાહનને લગતી એક નાની પણ સમસ્યા પણ મિનિટોમાં ઉકેલવા ૭૦૦ સેવકો ખડેપગે.





: ટીમવર્ક :



વાહનવ્યવહાર અને પાર્કિંગ કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન : **શ્રી કસ્તુરભાઈ વિઠ્ઠલદાસ પટેલ (ગણેશ ટ્રા. કું.)**
વાઈસ ચેરમેન : **શ્રી બાબુલાલ નાથાલાલ પટેલ (બૈજુ ટ્રાવેલ)**
કો-ઓર્ડિનેટર : **શ્રી સોમાભાઈ વિઠ્ઠલદાસ પટેલ (પટેલ ટ્રા. કું.)**

કમિટિ સભ્યો : **૬૨**
મા ઉમિયાના સ્વયંસેવકો : **૪૯૬**

સૌ પ્રથમ માતાજીની મિટીંગમાં મહોત્સવ કમિટિઓની રચના કરવામાં આવેલ તેમાં વાહનવ્યવહાર અને પાર્કિંગ કમિટિની રચના કરવામાં આવેલ. આ કમિટિમાં સભ્યોની સંખ્યા ૬૨ તથા સ્વયંસેવકોની સભ્ય સંખ્યા ૪૯૬ની હતી.

કમિટિ અને હોદ્દેદારોની વરણી બાદ કમિટિની પ્રથમ મિટીંગમાં કામગીરીની રૂપરેખા નક્કી કરી કામકાજ શરૂ કરેલ. લગભગ મહોત્સવના ચાર માસ પહેલાં કામગીરી શરૂ કરેલ કે લગભગ ૧૫૦ એકર જમીનમાં પાર્કિંગની વ્યવસ્થા કરવાની હોઈ ટાઈમ ઘણો લાગેલ કારણ કે એની લાયક જમીનો સમથળ કરી રોડ વાહન પાર્કિંગ માટે તૈયાર કરવાના હોવાથી ખાડા-ટેકરા ઝાડી-ઝંખરા, વાડ જેવી વસ્તુઓ દૂર કરીને પાર્કિંગ માટે યોગ્ય કરવાની હોવાથી ટ્રેક્ટરો, જી.સી.બી. તથા અન્ય વાહનો મારફત પાર્કિંગ લાયક જમીન કરતાં ત્રણ માસ લાગેલ. ત્યારબાદ વાહન કેવી રીતે પાર્કિંગ વ્યવસ્થિત થઈ શકે તેના એન્જિનીયરો મારફતે નકશા દોરાવી તે લાઈન દોરી મારી ચુનાથી દોરીને કંપલીટ કરેલ. ચૌદ બ્લોક બનાવેલ. વાહનોની અંદાજીત સંખ્યા ગણીને તે મુજબ પ્લાન તૈયાર કરેલ. ચુનો અંદાજી ૨૦ ટન જેટલો લાઈનદોરી માટે વપરાયેલ જે ચુનો દાતા તરફથી મફત મળેલ.

કુલ પાર્કિંગ બ્લોક ૧૪ બનાવેલ. દરેક પાર્કિંગ બ્લોકમાં આવવા માટે તથા જવા માટે રસ્તાની અલાયદી વ્યવસ્થા કરેલ. ભાવીભક્તોને વાહનમાંથી ઉતરી ઓછું ચાલવું પડે તેવી વ્યવસ્થા કરેલ. વાહન પાર્કિંગ માટે ૧૫૦ એકર જમીનમાં ૧૪ બ્લોકમાં વ્યવસ્થા કરેલ. કાર ફોરવ્હીલર ગાડી માટે અલગ પાર્કિંગ, સ્કૂટર ટૂ વ્હીલર માટે અલગ પાર્કિંગ, ટ્રેક્ટર, મીની બસ, ૪૦૭ ટ્રક વિગેરે માટે અલગ પાર્કિંગ, ખાનગી લકઝરી બસ, ટ્રક માટે અલગ પાર્કિંગની વ્યવસ્થા કરેલ તથા મહોત્સવ સ્વયંસેવકો માટે પણ અલાયદી પાર્કિંગ વ્યવસ્થા કરેલ.



S.T. બસ માટે ચારે દિશામાં પાર્કિંગ જુદા કરેલ. તેમાં ઓફિસ, લાઈટ, પાણી, બાથરૂમ, સંડાસની વ્યવસ્થા કરેલ. આવનાર ભાવિકભક્તોને S.T. બુથ ઉપરથી જવા માટે વેરકેટીંગની સુંદર વ્યવસ્થા કરેલ તથા મુસાફરોને સૂચના માટે કન્ટ્રોલ રૂમની માઈક વોઈસની વ્યવસ્થા કરેલ.

બસની કુલ ટ્રીપ અંદાજે ૧૨,૦૦૦ થયેલ.

મહોત્સવ દરમ્યાન ફાળેલ બસ અંદાજે ૭૦૦

મહોત્સવ દરમ્યાન આવેલ સાધનોની સંખ્યા રોજની

(૧) ટુ વ્હીલર સ્કૂટર, બાઈલ અંદાજે ૪૦,૦૦૦

(૨) લાઈટ વ્હીકલ કાર, જીપ, ફોર વ્હીલર અંદાજે ૩૦,૦૦૦

(૩) ટ્રેક્ટર મીની બસ, ૪૦૭ અંદાજે ૨,૫૦૦

(૪) ખાનગી લકઝરી બસ, ટ્રક અંદાજે ૧,૧૦૦

(૫) સંઘના માતાજીના રથ અંદાજે ૧૫૦



સ્વયંસેવકોને ટ્રાન્સપોર્ટ એન્જીનીયરો દ્વારા તાલીમ આપવામાં આવેલ. દરેક બ્લોકમાં ચોવીસ કલાક પોલીસ બંદોબસ્ત કરેલ.

મહોત્સવમાં આવનાર કોઈપણ વાહનને કંઈપણ જરૂરિયાત પડે તો મોબાઈલ પંક્ચર વાન મોબાઈલ રીપેરીંગ વાન તથા ત્રણ ક્રેઈનની વ્યવસ્થા કરેલ. દરેક બ્લોકમાં વોકીટોકી સાથે વ્યવસ્થા હતી.

અંદાજે પંકચર વાન મારફતે ૪૦૦વાહનોએ લાભ લીધેલ તથા રીપેરીંગ માટે મારૂતી કંપની તરફથી મોબાઈલ રીપેરીંગ વાન દ્વારા ૩૦૦ વાહનોએ લાભ લીધેલ.

માનનીય મુખ્યમંત્રીશ્રીએ હેલીકોપ્ટર દ્વારા પાર્કિંગની સુંદર વ્યવસ્થા જોઈને કમિટિને ખૂબ ધન્યવાદ આપેલ.

V.I.P. માટે અલાયદી પાર્કિંગ વ્યવસ્થા સુંદર કરેલ તેમજ માતાજી રથ માટે પણ સુંદર અલાયદી વ્યવસ્થા કરેલ. રથ પાર્કિંગ માટે અલાયદી જગ્યાએ મહોત્સવ સ્થળની બાજુમાં જ વ્યવસ્થા કરેલ.



દરેક પાર્કિંગ પ્લોટ ધજાઓ-પતાકાથી સુશોભિત કરેલ. મહોત્સવમાં રોજેરોજ અંદાજે ૯૦% પાર્કિંગ પ્લોટ ભરાઈ ગયેલ હતા. છતાં પણ કોઈપણ વાહનને પાર્કિંગની અગવડતા પડેલ નહીં. દરેક બ્લોકમાં રાત્રિ-દિવસ માટે ૫૦ સ્વયંસેવકો ફાળવેલ હતા તથા પોલીસ બંદોબસ્ત પણ દરેક બ્લોકમાં કરવામાં આવેલ હતો.

મહોત્સવ દરમ્યાન કોઈપણ બ્લોકમાં ટ્રાફિક જામ થયેલ ન હતો.





અમદાવાદ પાલનપુર હાઈવેને પ્રથમ વખત મહોત્સવ પાંચ દિવસ બાયપાસ કરવામાં આવેલ. મોટા વાહનો માટે મહોત્સવ દરમ્યાન મહેસાણાથી ચાણસ્મા પાટણ ખળી ચાર રસ્તા સિદ્ધપુર બાયપાસ આપેલ.


અમદાવાદ તથા સૌરાષ્ટ્ર તરફથી વાહનોનો ટ્રાફિક વધારે હોઈ મહેસાણા ખાતે ટ્રાફિક પોઈન્ટ ઊભો કરેલ જે જરૂરિયાત મુજબ ટ્રાફિક બંદોબસ્ત કરેલ.

મહેસાણાથી ઊંઝા ટ્રાફિકના કારણો લગભગ ચાર કલાકે પહોંચાતું હતું પરંતુ જ્યારે ટ્રાફિકમાં અગવડતા ઊભી થયેલ નહતી. આ મહોત્સવમાં આશરે ૫૦ લાખ જનમેદની પાંચ દિવસમાં આવેલ. પરંતુ કોઈપણ જાતનો અનિચ્છનીય બનાવ અથવા અકસ્માત માતાજીની કૃપાથી થયેલ નથી.

આ સમગ્ર મહોત્સવ દરમ્યાન કમિટિના સભ્યો તેમજ સ્વયંસેવકોએ ખડેપગે રહીને સેવા આપેલ તે બદલ ધન્યવાદ.

• • •





ચા-પાણી વ્યવસ્થા કમિટિ



ચેરમેનશ્રી
જયંતિભાઈ સોમાભાઈ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
રમેશભાઈ સોમાભાઈ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
જીવરામભાઈ નારાયણદાસ પટેલ



: વિશેષતા :

૭૫૦ સ્વયંસેવકો સવારે દર્શને જવા તૈયાર ભાવિકોને ચા અલ્પાહારના ભૂખ્યા પેટે નહીં રહેવા દે.





: ટીમવર્ક :



ચા-પાણી વ્યવસ્થા કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	: શ્રી જયંતિભાઈ સોમાભાઈ પટેલ	કમિટિ સભ્યો	:	૫૫
વાઈસ ચેરમેન	: શ્રી રમેશભાઈ સોમાભાઈ પટેલ	મા ઉમિયાના સ્વયંસેવકો	:	ભાઈઓ - ૪૩૬
કો-ઓર્ડિનેટર	: શ્રી જીવરામભાઈ નારાયણદાસ પટેલ			બહેનો - ૧૪૭



ઊંઝાના આંગણે મા ઉમિયાની પ્રેરણા અને આશીર્વાદથી સંસ્થાનના હોદ્દેદારોએ ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ અને સહસ્ત્ર ચંડી મહાયજ્ઞ ઉજવવાનો સંકલ્પ કર્યો અને અમારા જેવા યુવા સંગઠનોનું માના ઉત્સવમાં સેવા કરવા મન થનગની ઉઠ્યું. ૩૩ વર્ષ અગાઉ યોજાયેલ મહોત્સવની ઉજવણીની ભવ્યતાની લોકમુખે થતી ચર્ચા અમારા કાને ગુંજતી હતી. મા ઉમાએ અમોને આ મહોત્સવમાં સેવા કરવાની તક આપી અમો સેવામાં જોડાવા તત્પર થયા અને મા ઉમિયાના સેવાકાર્યમાં કોઈ પણ સેવાનું કાર્ય સ્વીકારવા તૈયાર થઈ ગયા. ઊંઝાનગરમાં વસતા આંટાસમાજ રૂસાત પાર્ટી, મોલ્લોત પાર્ટી તેમજ બહારગામના ભાઈઓમાંથી ૫૫ સભ્યોની 'ચા કમિટિ'ની રચના કરવામાં આવી. તેમાં ચેરમેન, વા.ચેરમેન અને કો.ઓર્ડિનેટરની નિમણૂક કરવામાં આવી.

ત્યારબાદ અમારી ચા કમિટિમાં વધારે સ્વયંસેવકોની જરૂરિયાત હોવાથી અમોએ જુદાં જુદાં ગ્રુપ, મંડળો, સોસાયટીના ગ્રુપ સભ્યો, સ્વયંસેવક ભાઈઓ, સ્વયંસેવિકા બહેનોનાં નામ સ્વયંસેવક કમિટિ પાસેથી અમારી કમિટિએ મેળવ્યાં અને તેમાં લગભગ ૪૩૬ ભાઈઓ અને ૧૪૭ બહેનો સેવા આપવા માટે ઉત્સુક નામ મળ્યાં જેથી અમારી એક મજબૂત ટીમ તૈયાર થઈ. આ ટીમમાં લાખીયા ગ્રુપના ભાઈઓ, ઈન્ડિયન ગ્રુપના ભાઈઓ, ચેમ્પિયન ગ્રુપના ભાઈઓ, નવા કૃષ્ણ પરાની બહેનો, વિશ્વકર્મા સોસાયટીના ભાઈઓ, રીલાયન્સ ગ્રુપના ભાઈઓ, ઉમિયા માતા દેશની બહેનો, શીતલ સોસાયટીના ભાઈઓ, પીકે ગ્રુપ રૂસાત ચોરાના ભાઈઓ, દૂધલીની દેશના ભાઈઓ, સીંધી સમાજના ભાઈઓ, ઉનાવા દેશની બહેનો, બજરંગ ગ્રુપ બહાર માઢના ભાઈઓ, બાળગણેશ મિત્ર મંડળના ભાઈઓ, બાળોજનગર સોસાયટીના ભાઈઓ, રંગપુર સમાજની બહેનો, મહેરવાડા અને લીઓડાના સ્વયંસેવકો અમારી ટીમમાં જોડાયા અને સાથે સાથે ૧૪ ભાઈઓ ચા બનાવવાવાળા પણ અમારી સાથે જોડાયા.



અમારી કમિટિના કાર્યની શુભ શરૂઆત તો તા. ૨૬-૫-૨૦૦૯ના રોજ મા ઉમાના રજત જયંતી મહોત્સવ માટે આયોજિત ભવ્ય ઐતિહાસિક ઉછામણી પ્રસંગે પધારેલ સૌ મહેમાનો, માનાસેવકો માટે ચા-કોફી અને બપોરે ગરમીમાં ઠંડક માટે વરીયાળીનો શરબત અને ઠંડા પાણીની વ્યવસ્થાથી કરવામાં આવી. તેમાં ૧૨૦ કિલો લખનૌની વરિયાળી તેમજ ઠંડા પાણીના કેરબા/જગ અંદાજીત ૯૨૫ થી વધારેની વ્યવસ્થા કરવામાં આવી હતી અને તેનો લગભગ ૯૦૦૦ મહેમાનો, માના સેવકોએ લાભ લીધો હતો.

તા. ૨૧-૮-૨૦૦૯ના રોજ ભૂમિ શુદ્ધિકરણ કાર્યક્રમમાં પણ ચા કમિટિ દ્વારા ઉમિયાનગર હાઈવે ઉપર જ્યાં ઐતિહાસિક ઉત્સવ ઉજવવાનું નક્કી કરેલ તે ૫૫૦ વીઘા જમીન ઉપર જ્યાં સહસ્ત્રચંડી મહાયજ્ઞ યોજવાનો હતો તે ભૂમિ શુદ્ધિકરણનો કાર્યક્રમ રાખેલ જેમાં ૨૫૦૦થી વધારે માના ભક્તો પધારેલ ત્યારે તેમના માટે ચા/પાણીની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ.

તા. ૨૨-૮-૨૦૦૯ના રોજ ઉમિયાનગર હાઈવે મુકામે સહસ્ત્રચંડી મહાયજ્ઞની ભૂમિ ઉપર વિજય ધ્વજ રોપણ સમારંભ વખતે ઉપસ્થિત યજમાનો, આમંત્રિત મહેમાનો, દાતાશ્રીઓ, માના ભક્તો તથા માના સેવકો માટે ચાનું સુંદર આયોજન ચા કમિટિ દ્વારા કરવામાં આવેલ, જેમાં ૧૨૦૦થી વધારે કપ ચા આપવાની વ્યવસ્થા કરવામાં આવી.









તા. ૨૬-૧૦-૨૦૦૯ના રોજ ૭ થી ૮ હજાર સ્વયંસેવકોનો સ્નેહમિલન સમારંભ માતાજીના માલિકીના પ્લોટમાં રાખવામાં આવેલ. જેમાં ચા કમિટિ દ્વારા ચાની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ; જેમાં ૧૦ કિલો ચા, ૫૦ કિલો ખાંડ અને ૪૬૦ લીટર દૂધમાંથી ૭૦૦૦ કપ ચાનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યમાં અમારી કારોબારી કમિટિ તથા ચા કમિટિના સ્વયંસેવકોએ સારી સેવા આપી. અમારી ચા કમિટિએ ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવની પૂર્વ તૈયારી માટે થતી મિટિંગો તેમજ પ્રસાદ અને કડવો ત્યાં કંકોતરીમાં કંકુ, ચોખા, માનુતેડુ આમંત્રણ પત્રિકા, માતાજી યંત્ર વગેરે ભરવાની સેવા આપવા આવનાર સૌ ભાઈઓ-બહેનો-બાળકો માટે બપોરે અને રાત્રિના સમયે લગભગ ૧ માસ સુધી અમારી ચા કમિટિએ ચાનું આયોજન કરેલ. આમ અમારી કમિટિએ નાના-મોટા કામમાં સેવા આપતા રહી અમો સૌ તા. ૨૮-૧૧-૨૦૦૯ના દિવસ માટેના આયોજનમાં લાગી ગયા. અમોને આયોજનમાં ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવના પ્રોજેક્ટ ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ સોમાભાઈ પટેલ, મહોત્સવ કન્વીનરશ્રી મણીભાઈ આઈ. પટેલ (મમ્મીસાહેબ) અને સંસ્થાનના સહમંત્રીશ્રી અંબાલાલભાઈ ચારીએ ખૂબ જ જરૂરી માર્ગદર્શન અને પ્રેરણા આપી જેના દ્વારા અમો આ ઐતિહાસિક મહાઉત્સવમાં સુંદર આયોજન કરી શક્યા.



તા. ૨૮-૧૧-૨૦૦૯, માગસર સુદ-૧૧નો દિવસ આવી ગયો. અમો સૌ તૈયાર હતા. માના ભક્તોને આવકારવા અને તે માટેની સંપૂર્ણ તૈયારી કરી ચૂક્યા હતા અને તે શુભ ઘડી અને શુભપળ આવી ગઈ જેમાં અગણિત માના ભક્તો ઊંઝાનગરે અને ઉમિયાનગરે દર્શનાર્થે પધાર્યા. ત્યારે તેમના સ્વાગતમાં અમોએ સુંદર ચાની વ્યવસ્થાનું આયોજન કર્યું. આવનાર સૌ દર્શનાર્થીને ચા પીવડાવ્યા પછી જ દર્શન કરવા આગળ મોકલતા. દર્શનાર્થીઓને જોઈને અમારો સ્વયંસેવકોનો ઉત્સાહ અનેરો વધી ગયો. દર્શનાર્થીઓ માટે ઉમિયા માતાજીના માલીકી પ્લોટમાં ૨૪ કલાક ચાની સેવા પૂરી પાડી.

એ ઉપરાંત ઉતારાની વ્યવસ્થા જ્યાં હતી તે દરેક સ્થળે ચા મોકલવાની અને બનાવવાની વ્યવસ્થા કરી. મુખ્ય ઉતારા વ્યવસ્થા ગંજબજારમાં હતી. ત્યાં ચા બનાવવાનું આયોજન કર્યું અને બીજા ઉતારા સ્થળે સ્ટીલની મોટી કિટલીઓ દ્વારા દરેક સ્થળે ચા પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું; તે ઉપરાંત ઉમિયાનગરમાં ૫ ચાનાં કેન્દ્રો બનાવવામાં આવેલ. તેના દ્વારા આવનાર સૌ દર્શનાર્થીઓનું ચા આપી સ્વાગત કરવામાં આવતું. આવાં ચાનાં કેન્દ્રો ઉમિયાનગરના મેઈન ગેટ ઉપર, થોડા આગળ જતાં પૃથ્વીના ગોળા ઉપર બિરાજમાન મા ઉમિયાની મૂર્તિની બાજુમાં, ત્યારબાદ ઉમિયા હોસ્પિટલ-રક્તદાન કેન્દ્રની બાજુમાં તથા ઉમા બાળનગરીની બાજુમાં હતી અને પાણી શુદ્ધિકરણ R.O. પ્લાન્ટની બાજુમાં પણ ચાનો સ્ટોલ બનાવેલ. આમ આ કેન્દ્રો દ્વારા આવનાર સૌ ભક્તોનું ચાથી સ્વાગત કરવામાં આવતું.

આ ભગીરથ કાર્યની અંદર સેવાભાવી સદ્‌ગૃહસ્થો તરફથી વિના મૂલ્યે ઘણી સેવાઓ મળી જેમાં ખાસ નોંધ લેવા જેવી સેવા 'જીવરાજની ચા'ની હતી, જેણે ૧૬૧૯ કીલો ચા અને ૨૫ લાખ ૮૦ હજાર ચાના કપ અમોને વિનામૂલ્યે આપ્યા તેમજ 'પ્રભાત ચા' તરફથી ૫૬૦ કિલો ચા વિના મૂલ્યે મળી તેમજ અમદાવાદના એક સદ્‌ગૃહસ્થ તરફથી ૧૦ લાખ ચાના કપ વિનામૂલ્યે મળ્યા. સાથે સાથે ચાના મસાલા માટે લક્ષ્મી માર્ડમ અમદાવાદ તરફથી મસાલા માટે ૭૦ કિલો જાયફળ તથા ૭૫ કિલો તજ વિના મૂલ્યે તેમજ ૫૦ કિલો ઈલાયચી પડતર કિંમતે અમોને મળ્યાં. જુદી જુદી સંસ્થાઓ દ્વારા ચા બનાવવા માટે વાસણો, સગડા, કિટલી વપરાશ માટે મળ્યાં જેમાં ઉમિયા માતા દેશની વાડી, સંસ્કાર ભવન વાડી, સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ આશ્રમ, આગિયા વિર વૈતાલ મંદિર ભાંખર, દાસજીયા ગોગા મહારાજ મંદિર ટ્રસ્ટ, બાળોજનગર-સોસાયટીનો સહયોગ મળ્યો તેમજ ૫ દિવસના ઉત્સવ માટે હેરાફેરી તેમજ માલસામાન લાવવા લઈ જવા માટે ૨ પીકઅપ જીપ ૨ લોડીંગ રીક્ષા તથા ચાના ખાલી કપ બહાર નિકાલ કરવા માટે ટ્રેક્ટર સાથે ટ્રેક્ટરવાળા 'ગોયાભાઈ'ની સુંદર સેવા મળી. આ ઉપરાંત મહોત્સવ અને તે પહેલાં ઊંઝાનગરના વેપારી મિત્રોએ મફત કે પડતર કિંમતે માલસામાન આપ્યો.



આ મહોત્સવમાં વપરાયેલ માલસામાન ઉપર નજર કરીએ તો કુલ ૨૨૪૬ કિલો ચા, ૧૧૦૯૦ કિલો ખાંડ, ૬૯૫૦૦ લીટર દૂધ, ૩૧ લાખ કપ, ૧૮૦ કિલો ચાનો મસાલો, ૧૨૦ કિલો લખનૌની વરિયાળીનો ઉપયોગ થયો.





અમારા સ્વયંસેવકો દિવસ-રાત જોયા વગર જ્યાં અને જ્યારે ચાની જરૂરિયાત ઊભી થઈ ત્યાં અને ત્યારે સ્થળ-સમય જોયા વગર ચાની સેવા પૂરી પાડતા. રાત્રે સેવા ઉપર રહેલા સ્વયંસેવક ભાઈઓ માટે બધા જ ઉતારા ઉપર ચા પહોંચાડવાની સેવા થતી. બ્લડ ડોનેશન કેમ્પ ઉપર કોફીની વ્યવસ્થા, ઉમિયાનગરની બહાર પાર્કિંગમાં સેવા તેમજ હાઈવે ઉપર ટ્રાફિક બંદોબસ્તમાં સેવા આપતા સ્વયંસેવકો માટે ચાની વ્યવસ્થા કરવામાં આવતી. તેમજ વૃક્ષારોપણ માટે રોપા વિતરણ સ્થળે તેમજ અન્ય જ્યાં જરૂરિયાત રહેતી





ત્યાં અમારા સ્વયંસેવકો વિના સંકોચે ત્યાં ચાની સેવા પૂરી પાડતાં.

૧૮મી શતાબ્દી મહોત્સવમાં કુલ (૭) સાત ચાના સ્ટોલ બનાવવાનું નક્કી કરેલ. એમાંથી (૫) પાંચ સ્ટોલ ઉમિયાનગર (૧) એક સ્ટોલ ગંજબજાર ટાવર નીચે અને (૧) એક સ્ટોલ ઉમિયા માતાજીના પાર્ટી પ્લોટમાં બનાવેલ.

આ ઐતિહાસિક ઉત્સવ સૌના સહકારથી અને સેવાથી અને માની કૃપાથી પરીપૂર્ણ થયો.

• • •



મેડિકલ આરોગ્ય સેવા કમિટિ



ચેરમેનશ્રી
ડૉ. અમૃતભાઈ જે. પટેલ



વાઈસ ચેરમેનશ્રી
ભરતભાઈ શિવરામદાસ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
રાકેશભાઈ જયંતિભાઈ પટેલ
(જે.પી.)



: વિશેષતા :

રાજ્યના સહકારથી આયોજકોએ પાંચ દિવસ દરમિયાન આકસ્મિક ઘટના વખતે
અધૂરી સારવારની કોઈ બૂમ ના પડે તેની ખાતરી કરી છે.





: ટીમવર્ક :



મેડિકલ આરોગ્ય સેવા કમિટિ

ચેરમેન : ડૉ. અમૃતભાઈ જે. પટેલ

વાઈસ ચેરમેન : શ્રી ભરતભાઈ શિવરામદાસ પટેલ

કો-ઓર્ડિનેટર : શ્રી રાકેશભાઈ જયંતિભાઈ પટેલ (જે.પી.)

ઊંઝા, સિદ્ધપુર, પાટણ મેડિકલ એસોસિએશનના : ૧૩૦ ડૉક્ટર્સ

સંજીવની સુપર સ્પેશ્યાલિટી હોસ્પીટલ, અમદાવાદના : ૩૦ ડૉક્ટર્સ

ઊંઝાના કેમિસ્ટ : ૧૧૦

સ્વયંસેવક સહયોગ :

- લાયોનેસ ક્લબ, ઊંઝા
- ઈનર વ્હીલ ક્લબ, ઊંઝા
- પાટીદાર યુવા સંગઠન, અમદાવાદ
- સદ્‌ભાવના ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા
- કોઈપણ રક્તદાતાને કોઈ ગંભીર તકલીફ ન પડી તથા સર્વ રક્તદાતાઓને હેમખેમ શકુશળ રહ્યા.
- વિપુલ સંખ્યામાં મહિલાઓએ રક્તદાન કર્યું.
- સ્વયંસેવકો દ્વારા અવિરત પ્રશંસનીય સેવા.



તા. ૨૫-૧૧-૭૬ થી તા. ૨૯-૧૧-૧૯૭૬ ૧૮મી શતાબ્દી મહોત્સવનો ભવ્ય કાર્યક્રમ ઊંઝા ખાતે યોજાયેલ. તે સમયે આરોગ્ય, પાણી તથા સફાઈ વગેરે બાબતોમાં આજની સરખામણીયે વિકાસ થયેલ નહોતો. એટલે તે વખતે ત્રણે બાબતો માટે એક જ કમિટિની રચના કરવામાં આવી હતી. તેના ચેરમેન હતા શ્રી જીવરામભાઈ છબીલદાસ પટેલ તે વખતે ડૉક્ટર તરીકે સેવાઓ આપવાની એક સુંદર તક મળી હતી.

આજે જ્યારે આ ત્રણે બાબતોમાં ખૂબ જ વિકાસ થયેલ છે ત્યારે આયોજકોએ ત્રણેની જુદી જુદી કમિટિઓની રચના કરી તે તેમની દીર્ઘદૃષ્ટિ છે. તા. ૬-૧-૦૯ના રોજ મળેલ સભામાં આરોગ્ય કમિટિના ચેરમેનપદે સર્વાનુમતે મારી અર્થાત્ ડૉ. અમૃતલાલ જે. પટેલની નિમણૂક કરી. તે માટે હું ગૌરવ અને હર્ષની લાગણી વ્યક્ત કરું છું. મનમાં આનંદ હતો અને તેજ દિવસથી આયોજનની વિચારધારા મનમાં ચાલવા લાગી.





તા. ૨૩-૨-૨૦૦૯ના રોજ અમારી કમિટિ માટે કાર્યાલયની ફાળવણી કરવામાં આવી. જરૂરી તમામ સ્ટેશનરી તથા કબાટ વગેરેની સંપૂર્ણ સગવડ સાથે અમારી કાર્યવાહી આગળ ધપાવવાનો નિર્ણય કર્યો. જ્યારે જ્યારે સંસ્થા તરફથી મિટિંગ માટેનો પરિપત્ર મળે તે પ્રમાણે ૧૦૦% હાજરી આપેલ છે. તા. ૮-૫-૨૦૦૯ના રોજ આરોગ્યમંત્રી શ્રી જયનારાયણ વ્યાસ સાથે મિટિંગ યોજવામાં આવી. તે સમયે મા. શ્રી જયનારાયણભાઈએ આરોગ્ય માટે જે જોઈએ તે બધી જ સગવડ સરકાર તરફથી આપવામાં આવશે તેવી જાહેરાત કરી. દવાઓ, સ્ટાફ તથા સરકારી મશીનરીના ઉપયોગ માટે જરૂરી માર્ગદર્શન સાથે મિટિંગ પૂરી થઈ.

અવારનવાર અમારી કમિટિની મિટિંગ મળતી અને કાર્યવાહીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન તથા સૂચનો મેળવતા.

આ રીતે એક મિટિંગમાં મેં સૂચન કર્યું કે આપણા આ ઉત્સવમાં લગભગ ૫૦ લાખથી પણ વધારે ભક્તો માના દર્શને આવશે. તો શા માટે આપણે રક્તદાન શિબિરનું આયોજન ન કરવું અને આ સૂચનને બધા જ સભ્યોએ સર્વાનુમતે સ્વીકારી યોગ્ય કાર્યવાહી કરવાની મને મંજૂરી આપી.



ત્યાર પછી અમારા મેડિકલ એસોસીએશનની મિટિંગમાં આ વાતની ચર્ચા કરી અને અંતે રક્તદાન સમિતિની રચના કરવામાં આવી જેનાં પ્રોજેક્ટ ચેરમેન પદે ડૉ. બાબુભાઈ જે. પટેલ અને કો.પ્રોજેક્ટ ચેરમેનપદે ડૉ. મુકુંદભાઈ બી. પટેલની વરણી કરવામાં આવી અને તેમને સ્વતંત્ર રીતે પોતાની યોગ્ય કાર્યવાહી કરવાની મંજૂરી આપી. તે વખતે અમે ૧૫૦૦૦ બોટલ બ્લડ લેવા માટેની માનસિક તૈયારી સાથે કામ આગળ વધારવાનું કહ્યું. હવે હું આ અહેવાલને બે ભાગમાં વહેંચીશ.

પ્રથમ મેડીકલ સેવા કમિટિ અને બીજી રક્તદાન કમિટિ

પ્રથમ અમારી મેડીકલ એસોસીએશનના ડૉક્ટર મિત્રોની મિટિંગમાં નક્કી થયેલ મુજબ ઉમાના કેમીસ્ટ એસોસીએશનના સભ્યોની મિટિંગ રાખી તેમાં સહકાર માટે વિનંતી કરવામાં આવી. જે તેમણે સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી આપી અને મહોત્સવ દરમિયાન દવા વિતરણની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લેવાની ખાતરી આપી.

ગોઠીલા, તા. વંથલી, જિ. જૂનાગઢ સૌરાષ્ટ્ર ખાતે શ્રી મા ઉમા પ્રાગટ્ય રજત જયંતી તથા પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ-૨૦૦૮ ઉજવાયેલ અને તે સ્થળે લાખો ભક્તોની હાજરી હોઈ તેમની પાસેથી આરોગ્ય સમિતિ દ્વારા કેવી તૈયારી કરેલી તેની માહિતી માગી. આરોગ્ય સમિતિના સલાહકાર ડૉ. મોહનભાઈ એચ. રાબડીયાનો તા. ૨૬-૬-૨૦૦૯ના રોજ પત્ર મળ્યો. જેમાં તેમના દ્વારા આરોગ્યની સેવાઓની જે વ્યવસ્થા કરવામાં આવી હતી તેનો પ્લાન મોકલેલ. જેનો અભ્યાસ કરી અમારી વ્યવસ્થા માટે ઉપયોગી સૂચનોનો સ્વીકાર કર્યો.

તા. ૨૩-૧૦-૦૯ના રોજ ઊંઝાની આજુબાજુ આવેલ સિદ્ધપુર, પાટણ, મહેસાણા, વિસનગરના મેડીકલ એસોસીએશનના ડૉક્ટર મિત્રોને પત્ર લખી જાણ કરી જે મિત્રો સ્વૈચ્છિક સેવા આપવા ઉત્સુક હોય તેમના નામ-સરનામા તથા ટેલિફોન નંબરોની માહિતી મોકલવાની વિનંતી કરવામાં આવી. તેના પ્રત્યુત્તરમાં અમને અમારે જોઈએ તે કરતાં પણ વધારે અને જુદા જુદા દર્દોના નિષ્ણાત ડૉક્ટરોની યાદી મળી ગઈ.

તા. ૩-૯-૦૯ના રોજ સંજીવની સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલ પ્રા. લિ. અમદાવાદના ડૉ. વિનય ભોમિયા સાહેબનો પત્ર તેમના તરફથી મળ્યો.

તેમના તરફથી

(૧) ૪ એમ્બ્યુલન્સ

(૨) ૧ ICU Van

(૩) નર્સીંગ તથા ડૉક્ટર્સનો ૨૫નો સ્ટાફ

(૪) ECG, BP, Diabeties ડાયાબીટીસ વગેરેની તપાસ માટેની સગવડ.

(૫) જરૂરી દવાઓ સાથે કોઈપણ વળતરની અપેક્ષા સિવાય સેવાઓ આપવાની વિનંતી કરી જે અમોએ માન્ય રાખી.



એપોલો હોસ્પિટલ અમદાવાદ તરફથી નીચેની સેવાઓ માટે ઓફર આપી.

(૧) ૨ એમ્બ્યુલન્સ

(૨) ૧ ICU Van

(૩) મેડીકલ નર્સીંગ તથા ડૉક્ટર-૧૫ તેમનો અમે સ્વીકાર કર્યો.

પગપાળા યાત્રિકો માટેની સારવાર માટે :

સરકાર તરફથી નીચેની સગવડ કરવામાં આવી.

બે મેડીકલ ઓફિસર્સ, બે ફાર્માસીસ્ટ તથા ૨ નર્સ સાથે ૪ ટીમ બનાવવામાં આવી.

(૧) ઊંઝાથી પાટણ રોડ

(૨) ઊંઝાથી મહેસાણા રોડ

(૩) ઊંઝાથી વિસનગર રોડ

(૪) ઊંઝાથી સિદ્ધપુર રોડ

ઉપરોક્ત ૪ મોબાઈલ ટીમો ૨૪ કલાક સેવામાં. ડ્રાઈવર સાથે વાહનની ફાળવણી કરવામાં આવી.

ઊંઝા શહેરમાં જુદી જુદી જગ્યાએ સહેલાઈથી આરોગ્યની પ્રાથમિક સારવાર મળી રહે તે માટેની ૩ ઊંઝા શહેરમાં અને ૭ ટીમો ઊમિયાનગરમાં.

સ્વાઈન ફ્લુનો ભય પ્રજામાં ખૂબ જ હતો. કારણ કે દુનિયાના દેશોમાં ઝડપથી વાઈરસ તાવ ફેલાઈ ચૂક્યો હોઈ સાવચેતી રાખવા માટે થર્મલ સ્કેનર મૂકવા માટે વિચાર્યું. સરકાર તરફથી બે યુનિટ એક મંદિરના પરિસરમાં તથા બીજું ઉમિયાનગરના મુખ્ય પ્રવેશદ્વારે ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું.

તા. ૧૯-૧૧-૦૯ના રોજ બપોરે ૩-૦૦ કલાકે કોટેજ હોસ્પિટલ-ઊંઝા ખાતે મદદનીશ અધિક નિયામકશ્રી તબીબી સેવાઓ ગાંધીનગરના અધ્યક્ષસ્થાને બેઠકનું આયોજન થયું. સરકાર તરફથી રૂા. ૪૫,૭૨૮-૦૦ની દવાઓનો પ્રથમ જથ્થો મંજૂર થઈ કોટેજ હોસ્પિટલમાં આવી ગયો.





રક્તદાન કમિટિ :

પ્રોજેક્ટ ચેરમેન :	ડૉ. બાબુભાઈ જે. પટેલ	ચેરમેન :	ડૉ. અમૃતભાઈ જે. પટેલ
પ્રો.કો.ચેરમેન :	ડૉ. મુકુંદભાઈ બી. પટેલ	કો.ચેરમેન :	ભરતભાઈ એસ. પટેલ
કો.ઓર્ડીનેટર :	રાકેશ જે. પટેલ		





વ્યવસ્થાપક કમિટિઓ :

ઐઠોર ચોકડી હોસ્પિટલ :	ડૉ. રાકેશ જે. પટેલ, ડૉ. કીર્તિભાઈ એચ. પટેલ
ઉમિયાનગર :	ડૉ. અનિલ એસ. પટેલ, ડૉ. મુકુંદ બી. પટેલ, ડૉ. અમૃતભાઈ એન. પટેલ
ઉતારા કમિટિ :	ડૉ. રમેશ સી. પટેલ
મોમેન્ટો :	મહેશ ત્રિભોવન પટેલ, વિસુભાઈ ચુનીલાલ પટેલ
ચા-પાણી :	બાબુભાઈ વિરચંદભાઈ પટેલ, દિલીપ પટેલ, જસ્મીન પટેલ
કેમિસ્ટ :	ગણેશભાઈ ચૌધરી, રમેશભાઈ બી. પટેલ, રાજુભાઈ એસ. પટેલ, સોમાભાઈ સી. પટેલ
સહયોગી હોસ્પિટલ-અમદાવાદ :	સંજીવની સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ ડૉ. વિનય ભોમિયાની ટીમ
એપોલો હૉસ્પિટલ અમદાવાદ :	ડૉ. કેતન પટેલની ટીમ
સહયોગી મેડીકલ એસો. :	પાટણ, સિદ્ધપુર તથા મહેસાણા મેડીકલ એસો. ડૉ. બી. કે. પટેલ અમદાવાદ

કોટેજ હોસ્પિટલ તથા ગવર્મેન્ટ દ્વારા નિયુક્ત કરેલ સ્ટાફ.





ઉમિયાનગર ખાતે	:	૧૨ બેડની હોસ્પિટલ, ઉમિયાનગર હોસ્પિટલ
		૭ પ્રાથમિક સારવાર કેન્દ્ર
		સંજીવની સુપર સ્પેશ્યાલિટીની ICU વાન + ૨ એમ્બ્યુલન્સ વાન
		પાલનપુરની એમ્બ્યુલન્સ તથા ગોકુલ હોસ્પિટલ સિદ્ધપુરની ૧ એમ્બ્યુલન્સ
		ચાર ૧૦૮ એમ્બ્યુલન્સ
		ચાર મોબાઈલ મેડિકલ સારવાર વાન
ઊંઝાનગરની અંદર	:	ઐઠોર ચોકડી ખાતે ૧૨ બેડની હોસ્પિટલ ૨૪ કલાક
		એપોલો હોસ્પિટલની ICU વાન + ૧ એમ્બ્યુલન્સ
		ગાંધીચોક કણાદ ક્લિનીક ખાતે પ્રાથમિક સારવાર કેન્દ્ર
		ઉમિયા માતાજી ચોક ખાતે ડૉ. જગદીશ પટેલના દવાખાને પ્રાથમિક સારવાર કેન્દ્ર
		કોટેજ હોસ્પિટલ ખાતે ૬૦ બેડની વ્યવસ્થા
		ગવર્મેન્ટ દ્વારા સ્વાઈન ફ્લુ માટે ૨ થર્મલ ડિટેક્ટર
દર્દીઓ	:	૬૭૦૭૦ દર્દીઓની તપાસ તથા સારવાર
		૫૫૦ ઈન્ડોર દર્દી
ડોક્ટર્સ	:	ઊંઝા, સિદ્ધપુર, પાટણ મેડિકલ એસોસીએશનના ૧૩૦ ડૉક્ટર્સ
		ઊંઝાના ૧૧૦ કેમિસ્ટ
		સરકાર દ્વારા નિયુક્ત થયેલ ડૉક્ટર્સ, નર્સિંગ તથા પેરામેડિકલ સ્ટાફ.

રક્તદાન કમિટિનો અહેવાલ :

તા. ૯-૧૦-૦૯ના રોજ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમદાવાદ તથા અમદાવાદ રેડ ક્રોસ સોસાયટી સાથે રૂબરૂ મુલાકાત લઈ ૧૫૦૦૦ યુનિટ લોહી લેવાના આયોજન માટે વિચાર કરી માસ્ટર પ્લાન બનાવ્યો. ડૉ. બાબુભાઈ તથા ડૉ. એ. જે. પટેલે ગુજરાતની બ્લડ બેંકોનો ટેલિફોનીક સંપર્ક કરી તેમને બ્લડ ડોનેશન કેમ્પમાં આવવા માટે જણાવ્યું. તેના પ્રત્યુત્તરમાં ગુજરાતની ૩૦ બ્લડ બેંકોએ હકારાત્મક જવાબ આપ્યો.

કેમ્પ માટે રક્તદાતાઓને સન્માનિત કરવા માટે પ્રિન્ટેડ બેડનો ઓર્ડર મુકવામાં આવ્યો. તા. ૧૮-૧૧-૦૯ના રોજ તેનો જથ્થો આવી ગયો.











તા. ૨૮-૧૧-૨૦૦૯ના રોજ રક્તદાન શિબિરનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસના શુભ હસ્તે કરવામાં આવ્યું. તેનો સંપૂર્ણ અહેવાલ નીચે પ્રમાણે છે :

- ઉમિયાનગર ખાતે રક્તદાન માટે ૧૦૫' x ૨૪૦' ફૂટનો મંડપ.
- મંડપ નીચે ડસ્ટ ફ્રી ફ્લોરીંગની વ્યવસ્થા.
- ૨૪૦ પલંગ બ્લડ ડોનેશન માટે વ્યવસ્થા કરવામાં આવી.
- ગુજરાતની ૩૦ બ્લડ બેંકને આમંત્રણ આપ્યું.
- લાઈટ, પંખા, ટ્યુબસીલર તથા બ્લડ કલેક્શન મોનીટર માટે પ્લગ પોઈન્ટ, રજીસ્ટ્રેશન ટેબલ, ડોનરની તપાસ તથા Hb% ચકાસણી માટે ટેબલ, ૪ ડીપફ્રીજ, ફ્લુન્ટ આઈસપેક રાખવા માટે તથા ૬૦૦ આઈસ પેકની વ્યવસ્થા કરવામાં આવી.
- ચા-કોફી-બિસ્કીટની અલાયદો વિભાગ, મિનરલ વોટરની વ્યવસ્થા.
- આમંત્રિત બ્લડ બેંકોના મેડીકલ ઓફિસર અને ટેપીંગ ટેક્નિશ્યન ઉપરાંત સંસ્થા તરફથી ૧૦ ડૉક્ટર્સ અને ૧૫ ટેક્નિશ્યનની વ્યવસ્થા કરવામાં આવી.
- રક્તદાન શિબિરની સાથે ૧૨ બેડની હોસ્પિટલ તથા ICU વાનની સગવડ કરવામાં આવી કે જે બ્લડ ડોનર્સને કોઈ તકલીફ થાય તો તાત્કાલિક સારવાર માટે ઉપલબ્ધ હતી.
- દરેક બ્લડ બેંકને તેમની સ્ટોરેજ કેપેસીટી ટ્રાન્સપોર્ટ વખતે સ્ટોરેજની વ્યવસ્થા, ટેપીંગ માટે મેડિકલ ઓફિસર, ટેક્નિશ્યન તથા અન્ય સ્ટાફ દર મહિને વિતરણ કરાતા રક્તનો જથ્થો અને અન્ય આનુષાંગિક બાબતોને ધ્યાનમાં લઈ બ્લડ કલેકશનનું ટાર્ગેટ આપવામાં આવેલ.
- FDA ની માન્યતા પ્રાપ્ત તથા ગુજ. સ્ટેટ બ્લડ ટ્રાન્સફ્યુઝન કાઉન્સીલ દ્વારા આઉટડોર કેમ્પની પરમીશનવાળી બ્લડ બેંકને જ આમંત્રણ આપવામાં આવેલ.
- FDA તથા ગુજ. સ્ટેટ બ્લડ ટ્રાન્સફ્યુઝન કાઉન્સીલના નીતિનિયમો તથા માર્ગદર્શિકાઓનું પાલન કરવામાં આવેલ.
- ચેરિટેબલ ટ્રસ્ટ રેડ ક્રોસ અને સરકારી હોસ્પિટલને જ આમંત્રણ આપ્યું.
- બ્લડ ડોનેશન શિબિરનું ઉદ્‌ઘાટન માન. આરોગ્યમંત્રી શ્રી જયનારાયણ વ્યાસના વરદ્‌હસ્તે તા. ૨૮-૧૧-૨૦૦૯ના રોજ થયેલું.

તારીખ-વાર નીચે મુજબ બ્લડ બેંક દ્વારા બ્લડ કલેકશન કરવામાં આવેલ.

તા. ૨૮-૧૧-૨૦૦૯	
૧. પટેલ રેડક્રોસ	૧૫૧
૨. હેલ્પ વોલન્ટરી અમદાવાદ	૧૧૧
૩. સરદાર સેવા ટ્રસ્ટ ઊંઝા	૮૦
૪. ભણસાલી ડીસા	૧૬૨
૫. ભણસાલી રાધનપુર	૧૨૨
૬. કેન્સર હોસ્પિટલ અમદાવાદ	૨૫૬
૭. અમદાવાદ રેડક્રોસ	૨૦૦
૮. અમદાવાદ સિવિલ	૧૫૪
૯. પ્રથમા અમદાવાદ	૩૩૧
કુલ	૧૫૬૭

તા. ૨૯-૧૧-૨૦૦૯	
૧. અમદાવાદ સિવિલ	૩૨૧
૨. અમદાવાદ કેન્સર	૩૦૩
૩. અમદાવાદ કીડની	૩૦૫
૪. લોક સમર્પણ સુરત	૩૧૫
૫. લાયન્સ ખંભાત	૧૦૦
૬. રેડક્રોસ નવસારી	૧૪૫
૭. રેડક્રોસ હિંમતનગર	૫૦૮
૮. જલારામવડોદરા	૧૧૦
૯. પાટણ એસ. કે.	૧૦૦
૧૦. પ્રથમા અમદાવાદ	૫૩૪
કુલ	૨૭૪૧

તા. ૩૦-૧૧-૨૦૦૯	
૧. અમદાવાદ સિવિલ	૨૬૭
૨. અમદાવાદ રેડક્રોસ	૩૫૮
૩. સુરક્ત વડોદરા	૪૦૦
૪. રેડક્રોસ કપડવંજ	૧૫૩
૫.	૨૮૧
૬. રળીયાતી દાહોદ	૧૦૫
૭. વિસનગર	૧૭૫
૮. પ્રથમા અમદાવાદ	૪૩૬
૯. વાડીલાલ સારાભાઈ અમદાવાદ	૩૦૩
કુલ	૨૪૨૮

તા. ૧-૧૨-૨૦૦૯	
૧. મહેસાણા જેસીસ	૭૨૯
૨. ભાવનગર બ્લડબેંક	૨૬૦
૩. ગોધરા રેડક્રોસ	૫૧૫
૪. મહેસાણા સિવિલ	૧૦૫
૫. કલોલ રેડક્રોસ	૨૦૨
૬. પ્રથમા અમદાવાદ	૬૦૫
કુલ	૨૪૧૬

તા. ૨-૧૨-૨૦૦૯	
૧. માણસા IMA	૧૨૦
૨. પ્રથમા અમદાવાદ	૪૪૩
૩. દાહોદ રેડક્રોસ	૩૪૨
૪. અમદાવાદ સિવિલ	૫૧૫
૫. આણંદ રેડક્રોસ	૩૧૫
૬. અમદાવાદ કેન્સર	૩૦૭
૭. અમદાવાદ રેડક્રોસ	૫૦૩
કુલ	૨૪૪૫

કુલ	
૧. ૨૮-૧૧-૨૦૦૯	૧૫૬૭
૨. ૨૯-૧૧-૨૦૦૯	૨૭૪૧
૩. ૩૦-૧૧-૨૦૦૯	૨૪૨૮
૪. ૧-૧૨-૨૦૦૯	૨૪૧૬
૫. ૨-૧૨-૨૦૦૯	૨૪૪૫
કુલ	૧૧૬૯૭

કુલ બ્લડ યુનિટ કલેકશન

કુલ ૩૦ બ્લડ બેંક

પ્રસાદ કમિટિ



ચેરમેનશ્રી
બાબુલાલ ગણેશદાસ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
બાબુલાલ શિવરામદાસ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
ચીમનભાઈ વિઠ્ઠલદાસ પટેલ



: વિશેષતા :

૩૫૦ સ્વયંસેવકો ડ્રાયફ્રુટ, શુદ્ધ ઘીના મગદળ, બુરુ ખાંડ અને કોપરાના લાડુનો પ્રસાદ લાખો શ્રદ્ધાળુઓને વહેંચશે.





: ટીમવર્ક :




પ્રસાદ કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન : શ્રી બાબુલાલ ગણેશદાસ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી બાબુલાલ શિવરામદાસ પટેલ
કો-ઓર્ડિનેટર : શ્રી ચીમનભાઈ વિઠ્ઠલદાસ પટેલ

કમિટિ સભ્યો : ૯૦
મા ઉમિયાના સ્વયંસેવકો : ભાઈઓ - ૩૦૦
બહેનો - ૧૦૦

અંદાજિત ખર્ચ : ૫૫,૦૦,૦૦૦/- (પંચાવન લાખ રૂપિયા)


મહોત્સવના પ્રસાદ માટે મગદાળના લાડુ બનાવવા માટે ઊંઝા નગરની મહિલાઓએ મહોત્સવ પહેલાં ૧૦ દિવસથી ઉત્સાહભેર સેવાર્થે સત્કાર્ય કર્યું



કુલ પ્રસાદ કેટલો બનાવ્યો : ત્રણ પ્રકારની પ્રસાદી બનાવી

૪,૦૦,૦૦૦/- ચાર લાખ લાડુ મગદળના નાણાં કમિટિ માટે.
૧૫,૦૦,૦૦૦/- પંદર લાખ પેકેટ ડ્રાયફ્રુટના પાઉચ ૩૦ ગ્રામનું એક, માતાજીના ફોટા સાથેનું ઓટોમેટિક પ્લાન્ટમાં બનાવ્યાં.
૩૦,૦૦૦/- કિલો બુરૂ-ખાંડ તેમજ ટોપરાની છીણની પ્રસાદ.
(૨૦,૦૦૦ કિલો બુરૂ-ખાંડ - ૧૦,૦૦૦ કિલો ટોપરાની છીણ)

ડ્રાયફ્રુટ પ્રસાદી : કાજુ, દ્રાક્ષ, ક્રીસ્ટલ સાકર, રેવડી, સીંગદાણા કુલ પાંચ આઈટમ ૨૦% લેખે એક પાઉચ ૩૦ ગ્રામ વજનનું માતાજીના દર્શન માટે આવેલ દર્શનાર્થીને માતાજીના પરિસરમાં આપવા માટે.



મગદળના લાડું : ભેટ લેવા માટે બેઠેલા નાણા કમિટિના સ્ટોલ ઉપર ભેટ આપનારને આપવા માટે માતાજીના પરિસર માટે તેમજ ઉમિયા નગર માટે.



બુરૂ-ખાંડ તથા ટોપરાની છીણ : ઉમિયા નગરમાં આવેલ તમામ યાત્રિકોને મોટો સ્ટોલ બનાવી વહેંચવા માટે વ્યવસ્થા કરી.

રજત જયંતીના દિવસો દરમ્યાન ૮ (આઠ) કલાકની એક પાળી તે રીતે સ્વયંસેવકોની વ્યવસ્થા કરી રાત-દિવસ માતાજીના પરિસર તેમજ ઉમિયાનગર હાઈવે ઉપર પ્રસાદ વહેંચવા માટેની વ્યવસ્થા કરેલી.

મગદળના લાડુ બનાવવા માટે સમગ્ર ઊંઝા શહેરની બહેનોએ ૧૦ દિવસ રાત-દિવસ કામ કરી પ્રસાદ કમિટિને જે સહકાર આપ્યો હતો તે ખૂબ જ નોંધપાત્ર હતો. બહેનોનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

અંતમાં રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ માટે પ્રસાદ કમિટિના ચેરમેન માટે મારી નિયુક્તિ કરી મને સેવા કરવાની તક આપવા બદલ સમગ્ર ઊંઝા શહેરના નાગરિકોનો તેમજ શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના હોદ્દેદારોનો તેમજ મને તન-મન-ધનથી સહકાર આપવા બદલ મારી પ્રસાદ કમિટિના સભ્યો તેમજ સ્વયંસેવકોનો આભાર માનું છું.

આવનાર યાત્રાળુઓને નીજ મંદિરે દર્શનાર્થીઓને પ્રસાદ મળી રહે તે માટે પ્રસાદ કમિટિએ દર્શન કરી બહાર નીકળનાર દરેકને પ્રસાદ મળી રહે તેવી વ્યવસ્થા કરેલી. આ પ્રસાદ તૈયાર પેકેટમાં આપવામાં આવતો.

દાનભેટ આપનાર દરેકને પ્રસાદ રૂપે મગજનો લાડુ આપવામાં આવતો. આ માટે ૪ લાખ મગજ લાડું બનાવેલ.

હવે ઉમિયાનગરમાં આવનાર દરેકને પ્રસાદ મળી રહે તે માટે કોપરાની છીણ-બુરૂ-ખાંડનો પ્રસાદ આપવામાં આવતો. આ માટે ટેબલો ઉપર પ્રસાદનાં ટોકર મૂકી ૫૦ થી ૬૦ સ્વયંસેવક ભાઈ-બહેનો પ્રસાદનું વિતરણ કરતાં હતાં જેથી ભીડ થયા વગર સૌને સરળતાથી પ્રસાદ મળે તેવી ઉત્તમ પ્રકારની વ્યવસ્થા ગોઠવવામાં આવેલી.



















પાણી-પુરવઠા કમિટિ



ચેરમેનશ્રી
ભગવાનભાઈ રણછોડદાસ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
શૈલેષભાઈ રણછોડદાસ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
અમરતભાઈ કાશીરામદાસ પટેલ



: વિશેષતા :

ઉમિયા નગરમાં ધરોઈ ડેમનું પાણી પાઈપલાઈન દ્વારા મીનરલ વૉટર પ્લાન્ટમાં શુદ્ધિકરણ કરાશે.





: ટીમવર્ક :



: ટીમવર્ક :


૧૮મી શતાબ્દી ર... જયંતી મહોત્સવ ૨૦૦૯


૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
પાણી પુરવઠા કમિટી

પાણી પુરવઠાં કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન : **શ્રી ભગવાનભાઈ રણછોડદાસ પટેલ**
વાઈસ ચેરમેન : **શ્રી શૈલેષભાઈ રણછોડદાસ પટેલ**
કો-ઓર્ડિનેટર : **શ્રી અમરતભાઈ કાશીરામદાસ પટેલ**

કમિટિ સભ્યો : **૯૧**
મા ઉમિયાના સ્વયંસેવકો : **૧૨૫**

શ્રી ઉમિયા માતાજી ઊંઝાનો આ મહોત્સવ વિશ્વ કક્ષાનો આ ઉત્સવ બની રહે તે માટે ભવ્યતાથી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉત્સવમાં વિશ્વભરમાંથી ૫૦ લાખથી પણ વધુ મા ઉમાના ભક્તો આવવાના હોઈ તે તમામ માટે પાણીની પ્રાથમિક જરૂરિયાત હોઈ તેનું આયોજન કરવાનું હતું. આ માટે પાણી પુરવઠા કમિટિના ઉત્સાહી હોદ્દેદારો સભ્યો અને સ્વયંસેવક ભાઈ-બહેનોએ પૂરતી લગનથી આયોજન કર્યું હતું. પ્રથમ દરેક વિભાગને કેટલું અને કેટલા પ્રમાણમાં પાણીની જરૂરિયાત રહેશે તેનું પ્રાથમિક સર્વે કરી કુલ કેટલો પાણીનો પુરવઠો જોઈશે તેનું આયોજન કર્યું હતું. પ્રથમ રસોડા કમિટિને પૂરતા પ્રમાણમાં પૂરતા ફોર્સથી સ્વચ્છ પાણી મળી રહે તેવું આયોજન કરી રસોડા કમિટિને તેમની જરૂરિયાત મુજબ જે જે જગ્યાએ જરૂર પડે તે જગ્યાએ પાઈપ લાઈન દ્વારા પૂરતા જથ્થામાં પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ આવનાર યાત્રિકોને આર.ઓ.પ્લાન્ટનું મિનરલ પાણી મળી રહે તે માટે સમગ્ર ઉમિયા નગરમાં જુદી જુદી જગ્યાએ પૂરતા પ્રમાણમાં પીવા માટેનું પાણી મળી રહે તે માટે જુદા જુદા સ્ટેન્ડો દ્વારા પાઉચ દ્વારા કેરબા દ્વારા, સિન્ટેક્ષની ટાંકીઓ દ્વારા પાણીનો પુરવઠો પહોંચાડવામાં આવ્યો હતો. પીવાના પાણીની જરા પણ કોઈને તકલીફ પડી ન હતી. એટલું જ નહિ પણ જુદી જુદી જગ્યાએ આવેલા સ્ટોલ, જુદી જુદી જગ્યાએ ઓફિસોમાં વી.આઈ.પી. ઓફિસોમાં તેમજ દરેક જગ્યાએ પાણીના જગ દ્વારા પૂરતા પ્રમાણમાં પાણી પહોંચાડવામાં આવ્યું હતું. આ માટે સ્પેશિયલ મિનરલ વોટર કરવા માટેના મોટી કેપેસીટીવાળા આર.ઓ.પ્લાન્ટ નાખવામાં આવ્યા હતા. આ માટે કલોલ-સિન્ટેક્ષ ટાંકી વાળા શ્રી દિનેશભાઈ પટેલ (કલોલ) દ્વારા પૂરતા પ્રમાણમાં પાણીની ટાંકીઓ વાપરવા માટે આપવામાં આવી હતી. સ્વચ્છતા માટે જાજરૂ, બાથરૂમ, મૂતરડીઓ તેમજ





જ્યાં જરૂર પડે ત્યાં મોટા પ્રમાણમાં પાણીનો પુરવઠો પહોંચાડવામાં આવ્યો હતો. પાણી પુરવઠો પહોંચાડવામાં વિસનગરના સેવાભાવી ધારાસભ્ય શ્રી ઋષિભાઈ પટેલે તેમજ આપણી આજુબાજુ આવેલ નગરપાલિકાઓએ પાણીના ટેન્કરોની વ્યવસ્થા પુરી પાડી હતી. પાણીનો પુરતો પુરવઠો પુરો પાડવા ધરોઈ ડેમના એન્જિનીયર શ્રી એ. આર. પટેલ સાહેબ, મહેસાણાના શ્રી માંકડ સાહેબ તથા પાણી પુરવઠા મંત્રીશ્રી નિતીનભાઈ પટેલ સાહેબ તરફથી દરરોજ એક કરોડ લિટર જેટલું પાણી મફત પુરું પાડવામાં આવ્યુ હતું.

ઊંઝાના સ્થાનિક ટેન્કરોવાળા ભાઈઓએ તેમજ પ્લમ્બરવાળા ભાઈઓએ પણ સારી સેવા પૂરી પાડી હતી. આ ઉપરાંત ઊંઝા નગરમાં જુદી જુદી જગ્યાએ પૂરતા પ્રમાણમાં સ્પેશિયલ પાણીના સ્ટેન્ડ ઊભા કરી ૪૦-૫૦ ચકલીઓવાળા સ્ટેન્ડ ઉભા કરવામાં આવ્યા હતા. આમ સમગ્ર ઉમિયાનગરમાં જોઈતું પૂરતા પ્રમાણમાં દરેક જગ્યાએ પાણી મળી રહે તેવું સુંદર આયોજન કર્યું હતું. તેજ રીતે ઊંઝા નગરની અંદર શ્રી ઉમિયા માતાજીના મંદિર પાસે પણ









= પાણી

પૂરતી સગવડ કરવામાં આવી હતી. આમ પાણી પુરવઠા કમિટિના કાર્યશીલ હોદ્દેદારો ચેરમેન, વા.ચેરમેન અને કો.ઓર્ડીનેટર અને કમિટિના સભ્યોએ અને સ્વયંસેવક ભાઈબહેનોએ ખડેપગે રહી પાણીની સુંદર વ્યવસ્થા પૂરી પાડી હતી.

• • •











વિદ્યુત વ્યવસ્થા કમિટિ



ચેરમેનશ્રી
ડાહ્યાભાઈ પિતામ્બરદાસ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
કાંતિભાઈ જીવરામદાસ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
ડાહ્યાભાઈ શિવરામદાસ પટેલ



: વિશેષતા :

ઊંઝા અને આજુબાજુના આઠ કિલોમીટર વિસ્તારને પોણા બે લાખ બલ્બથી અજવાળી દેવાશે.





: ટીમવર્ક :



વિદ્યુત કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન : શ્રી ડાહ્યાભાઈ પિતામ્બરદાસ પટેલ
વાઈસ ચેરમેન : શ્રી કાંતિભાઈ જીવરામદાસ પટેલ
કો-ઓર્ડિનેટર : શ્રી ડાહ્યાભાઈ શિવરામદાસ પટેલ


કમિટિ સભ્યો : ૪૦
મા ઉમિયાના સ્વયંસેવકો : ૩૦૦

શ્રી ઉમિયા માતાજીના ૧૮મી શતાબ્દી રજત જયંતી વખતે પ્રારંભ તા. ૨૮-૧૧-૨૦૦૯, શનિવારથી પૂર્ણાહુતિ તા. ૨-૧૨-૨૦૦૯ને બુધવાર સુધીના ૫ દિવસ સુધી અમારી વિદ્યુત કમિટિના ચેરમેન શ્રી ડાહ્યાભાઈ પિતામ્બરદાસ પટેલ, વાઈસચેરમેન શ્રી કાંતિભાઈ જીવરામદાસ પટેલ, કો.ઓર્ડિનેટર શ્રી ડાહ્યાભાઈ શિવરામદાસ પટેલ કુલ કમિટિના ૪૦ સભ્યો અને બીજા ૩૦૦ વિદ્યુત સભ્યોએ મા ઉમિયાના શતાબ્દી મહોત્સવ સમયે તન-મન-ધનથી સાથે રહીને બહુ સરસ કામ કરી બતાવ્યું હતું.

અમારી કમિટિના સાથે મળીને છ મહિના પહેલેથી લાઈટ વ્યવસ્થા કરવામાં સાથ આપેલ અમારી કમિટિ માટે મા ઉમિયાની ઓફિસ ઉપર અમને એક ઓફિસ માટે રૂમ આપેલ. તેમાં અમારી કમિટિનું કામકાજ ૪ મહિના પહેલાંથી શરૂ કરેલ. તેમાં અમારી કમિટિના ૪૦ સભ્યો મહિનાની ૧ તારીખ અને ૧૫મી તારીખે અમારી મિટિંગો કરતા અને તારીખ ૨૧-૧૧-૨૦૦૯ના દિવસે કામકાજ માટે ૭ કમિટિ બનાવી દરેક કમિટિમાં ૨૫ સભ્યોને કામ સોંપેલ.

મા ઉમિયાના શતાબ્દી મહોત્સવના કમિટિ ચેરમન શ્રી નારાયણભાઈ એલ. પટેલ, કન્વીનર શ્રી મણિભાઈ આઈ. પટેલ, પ્રોજેક્ટ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ એસ. પટેલના હાથ નીચે વિદ્યુત વ્યવસ્થા કરવા માટે અમને સોંપેલ. તેના પછી અમોએ ઉમાનગર લાઈટીંગ, ઊંઝાનગરની લાઈટીંગ અને મા ઉમાના મંદિરની રોશની

વ્યવસ્થા અમારી કમિટિના સભ્યો સાથે મળીને કરી. અમોએ દરેક જગ્યાનું ૨ દિવસ કામકાજ કઈ કઈ જગ્યાએ કેવી રીતે કામ કરવું તેની વિચારણા કરેલ. તેના પછી અમોએ આ કામ માટે લાઈટીંગ કરનાર કોન્ટ્રાક્ટરોને અમોએ ઊંઝા બોલાવેલ અને કામકાજની વિગત બતાવેલ અને તેના પછી અમારી માગણીમાં જનરેટર, ટ્યુબલાઈટો, મેટલલાઈટ, હેલોજન લાઈટ, રોશની માટે જીણા બલ્બ અમારી જરૂરી હોઈ ૫ દિવસ માટે અમોને આ કામ માટે ૫ દિવસમાં ટેન્ડર કોપી દરેક લાઈટીંગ કરનારે અમોને વિદ્યુત કમિટિની ઓફિસમાં મોકલાવવી તેમ જણાવ્યું. અને પછી બધા કોન્ટ્રાક્ટરોની કોપી આવ્યા પછી કેવા કોન્ટ્રાક્ટરો કામ કરી શકે છે તેવા દરેક કોન્ટ્રાક્ટર ત્યાં કેટલો સામાન છે તેની તપાસ કરી પછી કોન્ટ્રાક્ટ આપેલ.




(૧) શર્મા ઈલેટ્રીક ગ્વાલિયરના કોન્ટ્રાક્ટરને ઊંઝાનગરની લાઈટીંગનો કોન્ટ્રાક્ટર આપેલ.

(૨) ઉમિયાનગર માટે રાજકોટ લાઈટીંગ કોન્ટ્રાક્ટરને કામ આપેલ લાઈટીંગ માટે.

(૩) મા ઉમિયાના મંદિર અને પરિસરમાં અજમેરના કોન્ટ્રાક્ટરને ડેકોરેશન માટે કોન્ટ્રાક્ટ આપેલ.

(૪) લાઈટીંગ માટે GEBમાં માગણી ઉમાનગર માટે તેના માટે ૫૦૦/૩૦૦/૨૦૦/૧૦૦ના KVA ડી.પી. ભાડેથી લાવેલ.

(૫) ઊંઝાનગર માટે જનરેટર સાથે લાઈટીંગ કરેલ છે. આ બધું લાઈટીંગ ટોટલી જનરેટર ઉપર કરેલ.





(૬) મા ઉમિયાના મંદિર માટે અને ઊંઝા નગરના સ્વાગત ગેટો માટે થ્રી ફેજના ૨૫ KVA ના નં. ૧૬ મીટર / ૪૦૦ KVA ટોટલ લોડ માટે.

ઊંઝાનગરથી ઐઠોર ગામ સુધી કેવળેશ્વર સુધી ડબલ લાઈન કી. ૫ ટ્યુબો.

ઊંઝાનગરથી વેજનાથ મહાદેવ સુધી સીંગલ લાઈન કી. ૫ ટ્યુબો.

ઊંઝાનગરથી રામપરા સેવાડા સુધી સીંગલ લાઈન કી. ૭ ટ્યુબો.

ઊંઝાનગરથી નમેણ માતા સુધી સીંગલ લાઈન કી. ૬ ટ્યુબો.

ઊંઝાનગરથી વૃદ્ધાઆશ્રમ સુધી ડબલ લાઈન કી. ૫ ટ્યુબો.

ઊંઝાનગરથી ઉનાવા ગુજકો માસોલ સુધી ડબલ લાઈન કી. ૬ ટ્યુબો.

ઊંઝાનગરથી મકતુપુર તેજેન્દ્ર પ્રસાદ સ્કૂલ સુધી ડબલ લાઈન કી. ૫ ટ્યુબો.

તદ્ઉપરાંત આખા ઊંઝા નગરમાં કી ૪૦ સીરીઝ અને ટ્યુબોનું લાઈટીંગ કરેલ.

ઉમાનગરની બહારના ભાગમાં મેટલ લાઈટીંગ પાર્કિંગ વિભાગમાં પણ લાઈટ ઉપર કરવામાં આવેલ.

મા ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ વખતે વિદ્યુત લાઈટીંગ વ્યવસ્થામાં વપરાયેલી વિદ્યુતની માહિતી

ઉમાનગરમાં વાપરેલ લાઈટીંગની વિગત :

D.P. નંગ 19	KVA ૪૦૦૦ રોજની વપરાશ
જનરેટર નંગ ૫	૪૫૦૦ KVA ની સળંગ ૫ દિવસ વપરાશ
જનરેટ નંગ ૧૪	૬૦૦૦ KVA ઈમરજન્સી લાઈટીંગ માટે તથા રાત્રીના વપરાશ માટે
મેટલ લાઈટ	૪૦૦ વોટ નંગ ૧૨૦૦
સાદા હેલોજન	૫૦૦ વોટ નંગ ૮૦૦
સાદા હેલોજન	૧૦૦૦ વોટ નંગ ૫૦૦
ટ્યુબ લાઈટ	૪૦ વોટ નંગ ૫૦૦૦
સીલીંગ ફેન	૬૦ વોટ નંગ ૨૦૦૦
પેડલ ફેન	૧૦૦ વોટ નંગ ૧૦૦
સ્પોટ લાઈટ	૧૦૦૦ વોટ નંગ ૫૦૦



ઊંઝાનગરમાં વાપરેલ લાઈટીંગની વિગત :



૨૫ KVA થ્રી ફેજના ને ૧૬ લાઈટીંગ મીટર ટોટલ ૪૦૦ KVA ની વપરાસ મંદિર ગેટો માટે


જનરેટર નંગ ૨૯નો ટોટલ વોલ્ટેજ ભાડે ૫૫૦૦ KVA રોડ લાઈટ માટે

જીણા બલ્બવાળી સીરીજ લેમ્પ	નંગ ૨,૫૩,૦૦૦
ટ્યુબ લાઈટ ૪ ફૂટ ૪૦ વોટ	નંગ ૩૫,૦૦૦
મેટલ લાઈટ ૪૦૦ વોટ	નંગ ૧,૦૦૦
એલેડી સીરીજ	ફુટ ૪,૦૦૦
ડેકોરેશન લેમ્પ ૧૦૦ વોટ	નંગ ૮૫૦
સીંગલ ફેન ૬૦ વોટ	નંગ ૨૬૨

ઉમિયા માતાજી મંદિરનાં લાઈટીંગની વિગત :



નેવાર લાઈટ	૯૦,૦૦૦ બલ્બવાળી
ઝાલર સીરીજ	૪૫,૦૦૦ બલ્બવાળી
સીરોજો ૧,૦૦,૦૦૦	૧૦૦ બલ્બવાળી
ઝુંમર નંગ ૨૫૦	૧૦૦ વોટ
પારલાઈટ નંગ ૭૫	૧૦૦૦ વોટ
બીમલાઈટ નંગ ૧	૧૦૦૦ વોટ
હાન્ડી ગ્લોબ નં. ૩૦૦	૧૦૦ વોટ
હેલોજન સાદા નંગ ૧૦૦	૫૦૦ વોટ
મેટલ લાઈટ કલર નંગ ૨૫	૪૦૦ વોટ
કલર ડેકોરેન લેમ્પ નંગ ૩૦૦૦	૪૦ વોટ
શેપ લાઈટ ૧૦૦ મીટર	૧૦૦ વોટ



મા ઉમાના ૧૮માં શતાબ્દી રજત જયંતી મહોત્સવમાં ૫ દિવસ માટે થયેલ ખર્ચ અંદાજે રૂા. ૧,૧૧,૮૬,૭૫૮-૦૦ થયેલ છે.

મા ઉમાનું આ કામ હોદ્દેદારો અને સ્વયંસેવકો વગેરેના સહકારથી શક્ય બનેલ.

માના આ કામ માટે અમને મોટો સાથ સહકાર તો પટેલ પ્રભુરામ શિવરામદાસે આપેલ તેઓએ અમને ટોટલ ૭૫ દિવસ સુધી તેમનો પોતાનો પ્લોટ અને ઓફિસ લાઈટ-પાણીની સગવડ વિના મુલ્યે કરી આપેલ.

D.P. નંગ ૧૯ ભાડેથી લાવવા-લઈ જવાનો ખર્ચ પણ કરેલ.

કોન્ટ્રાક્ટર સિવાય પાછળથી જનરેટરો પણ ભાડાપટ્ટે લાવેલ.

GEB નો મોટો સહકાર અમને મળેલો. મહેતા સાહેબ, જોશી સાહેબ અને અંબાલાલ સાહેબનો મોટો સહકાર મળેલ.









માહિતી-પૂછપરછ કમિટિ



ચેરમેનશ્રી
ભુપેન્દ્રભાઈ નટવરલાલ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
ભરતભાઈ દેવચંદદાસ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
જયેશભાઈ નટવરલાલ પટેલ



: વિશેષતા :

૪૫૦ સ્વયંસેવકોની ટીમ ૫૫૦ વિઘા જમીનમાં પથરાયેલા ઉમિયાનગરમાં શ્રદ્ધાળુઓને સચોટ માહિતી પૂરી પાડશે.





: ટીમવર્ક :



પૂછપરછ-માહિતી કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	: શ્રી ભુપેન્દ્રભાઈ નટવરલાલ પટેલ		કમિટિ સભ્યો	: ૪૫
વાઈસ ચેરમેન	: શ્રી ભરતભાઈ દેવચંદદાસ પટેલ		મા ઉમિયાના સ્વયંસેવકો	: ૬૦૦
કો-ઓર્ડિનેટર	: શ્રી જયેશભાઈ નટવરલાલ પટેલ			



ઉત્સવ માટે ૪૫ સભ્યોની કારોબારી બનાવવી, સેવા માટે ૬૦૦ સ્વયંસેવકની ટીમ તૈયાર કરવી, કારોબારી સભ્યોના સૂચનો, વિચારો અને ટેક્નિકલ જ્ઞાનનો લાભ લઈ જરૂરી માહિતી એકત્રિત કરવી, દરેક કમિટિના હોદ્દેદારોના ટેલિફોન નંબર તેમજ વિવિધ કમિટિઓના નંબર સાથેની માર્ગદર્શિકા તૈયાર કરવી વિગેરે. વિવિધ કમિટિઓ જેવી કે ઉતારા વ્યવસ્થા, દર્શન વ્યવસ્થા, પાર્કિંગ વ્યવસ્થા, પાણી વ્યવસ્થા, દર્શન કરવા જવાના રૂટ, જતા-આવતાના રૂટ વગેરે મેડિકલ સેવાનાં કેન્દ્રોની માહિતી વગેરે તૈયાર કરવી. દર્શનાર્થે આવેલ યાત્રિકો નાના-મોટા તેમના સ્વજનથી છુટા પડી જાય તો તેમને મેળાપ કરાવવા માટે ખાસ પોઈન્ટ ઊભાં કરવાં. જાહેરાત માટે રીલે કેન્દ્રો ઊભા કરવા. પોલીસ બંદોબસ્તની ખાસ વ્યવસ્થા કરવી. પૈસા-પાકીટ-દાગીના-મોબાઈલની ચીલ ઝડપ ન થાય તે માટે મજબૂત સિક્યુરીટીની ગોઠવણ કરવી. સીસી ટીવી કેમેરા મૂકવા. સાદા ડ્રેસમાં પોલીસ અને સિક્યોરીટીવાળા રાખવા. વૃદ્ધ કે અપંગ માટે અલગથી દર્શનની વ્યવસ્થા કરવી અને તેમના માટે અલગથી દર્શન સ્થળે પહોંચવા માટે વાહનની વ્યવસ્થા રાખવી. ઊંઝાનગરને જોડતા રોડ-રસ્તા ઉપર માહિતી કેન્દ્રો ઊભા કરવા અને માર્ગદર્શક બોર્ડ લગાવવા. મહોત્સવ સ્થળે તથા ઊંઝાનગરમાં પણ જ્યાં જરૂરી લાગે ત્યાં માર્ગદર્શક બોર્ડ લગાવવાં. માહિતી કેન્દ્રો જ્યાં હોય ત્યાં દૂરથી દેખાય તેવા માહિતી કેન્દ્રોના બોર્ડ લગાવવા. કાર્યક્રમો માટે માહિતી કેન્દ્ર ઉપર ચા-નાસ્તા-પાણીની વ્યવસ્થા ખાસ કરવી. રેલ્વે, બસ સ્ટેન્ડ, માતાજી મંદિરે તેમજ મહોત્સવ સ્થળે ૨૪ કલાક સેવા આપતા માહિતી કેન્દ્રો ઊભા કરવાં. દરેક કમિટિના હોદ્દેદારો અને મહોત્સવના કન્વીનર અને હોદ્દેદારો સાથે સંકલન રાખવું.





મહોત્સવ દરમિયાન કરેલ કામોની વિગત :

- માહિતી પૂછપરછ કમિટિમાં (૧) ચેરમેન, વાઈસ ચેરમેન તથા કો.ઓર્ડિનેટર તથા ૪૫ (પીસ્તાલીસ) સભ્યોની ટીમ બનાવેલ હતી.
- અમારી ટીમ સાથે સ્વયંસેવક કમિટિમાંથી ૬૦૦ સભ્યો અમારી ટીમમાં અમે લીધેલ હતા.
- માહિતી પૂછપરછ કેન્દ્રો ઊંઝા ગામમાં બારથી ચૌદ કેન્દ્રો બનાવેલ હતાં. ઉમિયાનગરની અંદર ૬ કેન્દ્રો બનાવેલ તથા બસ સ્ટોપની આગળ હાઈવે રોડ, મકતુપુર હાઈવે, વિસનગર ચોકડી, દાસજ ચોકડી,



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝા

માર્ગદર્શિકા

૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ ૨૦૦૯

૨૮ નવેમ્બર થી ૨ ડિસેમ્બર

ફોન નં. : ૩૨૩૩૬૬, ૨૪૫૯૭૨, ફેક્સ : ૨૪૫૭૭૨
www. maaumiya.com • Email : umiyamataji@gmail.com

★ શ્રી ઉમિયા માતાજી મંદિરના દર્શનનો સમય :-

- શ્રી ઉમિયા માતાજી મંદિર દર્શનાર્થીઓ માટે ૨૪ કલાક ચાલુ રહેશે. (સવારે ૩-૦૦ થી ૫-૦૦ માતાજીનો શણગાર)
- મંગળા આરતી સવારે ૫-૦૦ કલાકે અને સાંયકાળ આરતી સાંજે ૬-૦૦ કલાકે થશે.

શ્રી ઉમિયા માતાજી મંદિરમાં દર્શન માટે શ્રી ઉમિયા માતાજી માલિકી પ્લોટ વિસનગર રોડ, ઐઠોર ચોકડી પાસે આવવાનું રહેશે.

દર્શનાર્થીઓની સુવિધા માટે શ્રી ઉમિયા નગરમાં શ્રી ઉમિયા માતાજી મંદિરની મૂર્તિ (પ્રતિકૃતિ) LCD ડીસ્પ્લે દ્વારા સતત લાઈવ દર્શન થશે.

★ શ્રી ઉમિયાનગર થી શ્રી ઉમિયા માતાજી મંદિર જવાના રસ્તા :-

- હાઈવે - ફાયર સ્ટેશન (અતુલ ફાટક) - વિસનગર રોડ - શ્રી ઉમિયા માતાજી માલિકી પ્લોટ
- હાઈવે - અગિયાર ગરનાળા - વિસનગર રોડ - શ્રી ઉમિયા માતાજી માલિકી પ્લોટ

★ શ્રી ઉમિયા માતાજી મંદિરથી શ્રી ઉમિયાનગર, હાઈવે જવાનો રસ્તો ★

ગાંધીચોક - ગંજબજાર - સરદાર ચોક - હાઈવે - ઉમિયાનગર

— સહસ્ત્રચંડી મહાયજ્ઞનો સમય —

સવારે ૮-૦૦ થી ૧૨-૦૦ • બપોરે ૨-૩૦ થી ૬-૦૦
• સ્થળ : શ્રી ઉમિયાનગર

— પાર્કિંગની વ્યવસ્થા —

રીલાયન્સ પેટ્રોલ પંપ થી અવધપુરી સોસાયટી સુધી ૮૦ ફૂટનો રીંગ રોડ (શ્રી ઉમિયાનગર)

— ભોજન વ્યવસ્થા —

સવારે ૧૦-૦૦ થી સાંજે ૮-૦૦ કલાકે
• સ્થળ : શ્રી ઉમિયાનગર
(દરેક દર્શનાર્થીઓએ ફ્રી પાસ મેળવવો ફરજીયાત છે.)

— ચા-કોફીની વ્યવસ્થા —

- શ્રી ઉમિયાનગરમાં પાંચ (૫) સ્ટોલ (સવારે ૬-૦૦ થી ૧૦-૦૦, બપોરે ૨-૩૦ થી ૪-૩૦)
- શ્રી ઉમિયા માતાજી પાર્ટી પ્લોટ, વિસનગર રોડ (સવારે ૬-૦૦ થી સાંજે ૬-૦૦)
- ગંજબજાર ટાવરની બાજુમાં (ઉતારા વિભાગ) (સવારે ૬-૦૦ થી ૧૦-૦૦, સાંજે ૨-૩૦ થી ૪-૩૦)
- સાંસ્કૃતિક કાર્યક્રમ દરમિયાન ચા કોફી રાત્રે ૧૦-૦૦ થી ૧૨-૦૦ કલાક સુધી

અગત્યના ફોન નંબર

• કંટ્રોલ રૂમ	
શ્રી ઉમિયા માતાજી મંદિર	૨૪૫૭૭૪
શ્રી ઉમિયા નગર	૨૪૦૦૦૦
	૨૪૦૬૭૧/૭૨
• યજ્ઞ દર્શન	૨૪૦૬૭૮
• ભોજન વ્યવસ્થા	૨૪૦૬૭૯
• મેડીકલ સેવા	૨૪૦૬૮૦
• સાંસ્કૃતિક કાર્યક્રમ	૨૪૦૬૮૧
• બાળનગરી	૨૪૦૬૮૨
• પાટીદાર પ્રદર્શન	૨૪૦૬૮૩
• ઔદ્યોગિક - કૃષિ શૈક્ષણિક પ્રદર્શન સેમિનાર	૨૪૦૬૮૪

ઊંઝા આજુબાજુ જોવાલાયક સ્થળો

(૧) ઊંઝા - બાળોજ માતાજી મંદિર, ગંજબજાર, માન સરોવર, ઉમિયા માતાજીનો ગોખ (ખજુરી પોળ)
(૨) ઐઠોર - ગણપતિ મંદિર
(૩) સિદ્ધપુર - બિંદુ સરોવર, મુક્તિધામ
(૪) પાટણ - સહસ્ત્રલિંગ તળાવ, રાણકી વાવ

★ સ્પેશ્યલ બસ સ્ટેશનની વ્યવસ્થા :

ક્રમ	સ્થળ	રૂટ	નોંધ
૧	શ્રી ઉમિયાનગરની બાજુમાં (ઉનાવા હાઈવે)	મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, સૌરાષ્ટ્ર, દ.ગુજરાત, મધ્ય ગુજરાતના જિલ્લાઓ માટે	રેગ્યુલર અને સ્પેશ્યલ બસોની સેવા માટે સંપર્ક નંબર ૦૨૭૬૭-૨૫૩૫૬૫
૨	પાટણ-સીદ્ધી રોડ (વૃદ્ધાશ્રમ)	પાટણ, રિઢોરી, રાધનપુર, કચ્છ-ભૂજ માટે	
૩	ગજાનંદ પાર્ટી પ્લોટ પાસે (ઊંઝા-સિદ્ધપુર રોડ)	પાલનપુર, અંબાજી, ડીસા બનાસકાંઠા જિલ્લા માટે	
૪	હીરામણી પાર્ટી પ્લોટ પાસે, (દાસજ રોડ)	ખેરાલુ, સતલાસણા, વડનગર તાલુકા માટે	

★ ઉતારાની વ્યવસ્થા :

દર્શનાર્થીઓ માટે રહેવાની વ્યવસ્થા :- • ગંજબજાર - ૯૮૨૫૨૩૪૪૧૮ • નવજીવન હાઈસ્કૂલ - ૯૮૨૫૦૬૯૫૮૮,
• અં.શી પ્રાથમિક શાળા - ૯૯૨૫૪૪૦૮૧૮ • વૃદ્ધાશ્રમ, પાટણ રોડ - ૯૮૨૫૦૪૯૨૦૦
• નગરપાલિકા ટાઉનહોલ તથા ઉમિયા બિલ્ડીંગ, હાઈવે - ૯૮૨૫૦૬૬૩૭૨,
આમંત્રિત મહેમાનો માટે રહેવાની વ્યવસ્થા :
• જી.મ. કન્યા છાત્રાલય - ૯૮૨૫૦૧૩૦૯૨ / ૯૮૯૮૫૬૩૪૧૪,
• સરસ્વતી શિશુમંદિર - ૯૯૦૯૪૧૦૧૬૩ • જી.એલ વિદ્યાલય અને કે.એલ.પટેલ હાઈસ્કૂલ - ૯૪૨૬૭૫૨૬૭૦
• ઉમિયા વિશ્રાંતિગૃહ - ૯૮૯૮૪૦૪૧૦૪, ૯૮૨૫૦૭૩૮૫૫
સરકારી કર્મચારી માટે રહેવાની વ્યવસ્થા : • ગંજબજાર (ઉનાવા) - ૯૮૭૯૬૪૬૧૪૫
નજીકના શહેરોમાં રહેવાની વ્યવસ્થા :
• મહેસાણા - ગણપત વિદ્યાલય-૦૨૭૬૨-૨૮૦૧૦૭, સીમંધર દેરાસર, સ્વામિનારાયણ ગુરૂકુળ
• વિસનગર - ઉમિયા માતાજી મંદિર - ૯૪૨૬૬૩૧૭૧૧, ગંજબજાર, સ્વામિનારાયણ ગુરૂકુળ
• સિદ્ધપુર - સ્વામિનારાયણ ગુરૂકુળ - ૯૭૨૪૪૭૪૫૨૫, • પાટણ - ઉમા પરિવાર હોસ્ટેલ - ૯૪૨૭૦૪૦૫૬૩
• બહુચરાજી - ઉમિયા પથિકાશ્રમ (૦૨૭૩૪ - ૨૮૬૩૩૦, ૯૮૨૫૦૧૩૪૫૬),
• અમદાવાદ (સોલા હાઈવે) - ઉમિયા માતા કેમ્પસ - ૦૭૯-૨૭૬૬૫૯૫૮, મેઘમણી હોસ્ટેલ - ૯૯૨૪૪૫૨૨૩૩ ભાગવત વિદ્યાપીઠ - ૯૮૨૪૦૧૧૬૯૩,
• કલોલ - ઉમા પરિવાર હોસ્ટેલ, કલોલ હાઈવે - ૯૮૨૫૦૭૦૮૦૬

★ આરોગ્ય સેવાઓ :-

૬૦ પથારી	- કોટેજ હોસ્પિટલ - ફોન નં. ૨૫૪૦૨૯	(૨૪ કલાક)
૧૨ પથારી (ICU) સાથે	- શ્રી ઉમિયાનગર	(સવારે ૮-૦૦ થી રાત્રે ૧૨-૦૦)
૧૨ પથારી (ICU) સાથે	- શ્રી ઉમિયા માતાજી માલિકી પ્લોટ, ઐઠોર ચોકડી પાસે	(૨૪ કલાક)
ડૉ. જગદીશભાઈનું દવાખાનું	- શ્રી ઉમિયા માતાજી ચોક	(૨૪ કલાક)
કણાદ ક્લીનીક (ડૉ. એ.જે. પટેલ)	- ગાંધી ચોક ફોન નં. ૨૪૭૭૪૮	(૨૪ કલાક)

આટલું તો કરીએ જ

૧. ઘેર ઘેર કુળદેવી શ્રી ઉમિયા માતાજીનો ફોટો રાખીએ અને યથાશક્તિ માતાજીમાં ફાળો આપીએ.

★ સૂચના :

આ પ્રસંગ આપણા સૌનો છે. • સંડાસ, પેશાબખાના, પાણીની પરબ તથા કચરા પેટીનો ઉપયોગ કરી સફાઈ અને આરોગ્યની સાચવણીમાં સહકાર આપીએ. • પાણીનો કરકસરયુક્ત ઉપયોગ કરીએ. • સ્વયંશિસ્ત જાળવીએ. • માતાજીના ધામમાં એક સારો સંકલ્પ કરીએ. • આપના સ્વજન કે નાનાં બાળકો આપનાથી વિખૂટા પડી ગયાં હોય તો માહિતી અને પૂછપરછ કેન્દ્રનો સંપર્ક કરીએ. • આ પ્રસંગે કરેલી વ્યવસ્થામાં સહકાર આપી સહભાગી બનીએ.

આ પત્રિકા ફેંકી ન દેતાં બીજા દર્શનાર્થીઓને વંચાવીએ.



ઉમિયા માતા મંદિર પરીસર આગળ, વિસનગર ચોકડી, રેલ્વે સ્ટેશન રોડ તથા ગંજબજારના મેઈન રસ્તા ઉપર એવી રીતે અમારી કમિટિએ કેન્દ્રો બનાવેલ હતાં.

- માહિતી પૂછપરછ કમિટિએ મહેસાણાથી ઊંઝા ૨૫ કિ.મી.માં જાહેરાત સ્વરૂપે મોટા સાઈન બોર્ડ, પાટણથી ઊંઝા ૨૨ કિ.મી.માં જાહેરાત સ્વરૂપે મોટા સાઈન બોર્ડ, પાલનપુરથી ઊંઝા હાઈવે જાહેરાત સ્વરૂપે મોટા સાઈન બોર્ડ, વિસનગરથી ઊંઝા ૨૩ કિ.મી.ના અંતરમાં મોટા સાઈન બોર્ડ લગાવેલ.





- માહિતી પૂછપરછ કમિટિએ આવનાર યાત્રાળુઓને કોઈપણ જાતની તકલીફ ના પડે તે માટે ઊંઝા ગામના રસ્તા તથા બસ સ્ટેન્ડ તથા રેલ્વે સ્ટેશન તથા ઐઠોર ગણપતિ દાદા મંદિર તથા દાસજ ગોગા મહારાજ મંદિર તથા ઊંઝાની અંદર જોવા લાયક ગંજબજાર તથા ઊંઝાની અંદર જોવાલાયક જુનો ઉમિયા માતાજીનો ગોખ વગેરે જોવા લાયક સ્થળો યાત્રાળુઓને સહેલાઈથી મળી શકે તે માટે ભોમીયાના સ્વરૂપે અમે નકશો બનાવેલ હતો.
- અમારી કમિટિના સાત કેન્દ્રો ચોવીસ કલાક ચાલુ રાખેલ હતા.

• • •



ઉતારા કમિટિ



ચેરમેનશ્રી
નિતીનભાઈ નરોત્તમદાસ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
રતીભાઈ બબાભાઈ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
ઘનશ્યામભાઈ કાનજીભાઈ પટેલ



: વિશેષતા :

પાંચ દિવસમાં ચોમેરથી ઉમટનારા શ્રદ્ધાળુઓને ન્હાવા-ધોવાથી લઈને રાત્રિ રોકાણની ખડે પગે વ્યવસ્થા.





: ટીમવર્ક :



ઉતારા કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	: શ્રી નિતીનભાઈ નરોત્તમદાસ પટેલ		કમિટિ સભ્યો	: ૬૨
વાઈસ ચેરમેન	: શ્રી રતિભાઈ બબાભાઈ પટેલ		મા ઉમિયાના સ્વયંસેવકો	: ૭૫૦
કો-ઓર્ડિનેટર	: શ્રી ઘનશ્યામભાઈ કાનજીભાઈ પટેલ			

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯માં પધારનાર યાત્રાળુ તેમજ મહેમાનોની રાત્રિ રોકાણ દરમ્યાન ઉતારાની વ્યવસ્થાના આયોજન માટે તા. ૧૫-૧-૨૦૦૯ના રોજ ઉમિયા માતાજીના મંદિરના સત્સંગ હોલમાં મિટિંગ રાખવામાં આવેલ જેમાં ઉતારા કમિટિના હોદ્દેદારોની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવેલ.

તા. ૪-૨-૨૦૦૯ના રોજ ઉતારા કમિટિના ૬૨ સભ્યોની કમિટિ બનાવવામાં આવી. ૬૨ સભ્યોમાંથી દસ દસ સભ્યોની છ પેટા કમિટિ બનાવવામાં આવી.

ઉતારા કમિટિની રચના બાદ શરૂઆતના ત્રણ મહિનામાં મહોત્સવના પંદર દિવસે મિટિંગ બોલાવવામાં આવતી. ત્યારબાદ ચાર મહિના સુધી દર અઠવાડિયે મિટિંગ કરવામાં આવતી. મહોત્સવના બે મહિના બાકી હતા ત્યારે ઉમિયા માતા સંકુલમાં કાર્યાલય ખાતે રોજ રાત્રે કમિટિના સભ્યો આવીને ઝીણવટપૂર્વક થયેલ કામગીરીની ચર્ચા કરતા ને બીજા દિવસની કાર્યવાહી જે તેને સોંપવામાં આવતી. સૌ સભ્યો દિવસ દરમ્યાન કામે લાગી જતા.

ઉતારા કમિટિની કાર્યવાહી પદ્ધતિમાં ખાસ લખવાનું કે પ્રથમ કાર્યવાહીમાં ઠંડીના દિવસો હોઈ રાત્રિ રોકાણની વ્યવસ્થા પાકા મકાનમાં કરવા સ્થળો નક્કી થયા બાદ કમિટિના હોદ્દેદાર તેમજ કમિટિના સભ્યોએ સ્થળોની રૂબરૂ મુલાકાત કરેલ તેમાં દરેક સ્થળ જેવાં કે મંદિરના સંકુલ, શૈક્ષણિક સંકુલ, પ્રાઈવેટ માલિકીનાં સ્થળ, APMC ગંજબજાર (વેપારી પાસેથી ઉતારાની વ્યવસ્થા આપવા માટે સંમતિપત્રક લેવામાં આવેલ). સંમતિપત્રક મળ્યા બાદ દરેક સ્થળોનું નિરીક્ષણ કરવામાં આવ્યું. રૂમની સંખ્યા તેમજ સંડાસ-બાથરૂમની સંખ્યાની નોંધ કરવામાં આવી. લાઈટ-પાણીની વ્યવસ્થા ચકાસવામાં આવી. ત્યારબાદ જે સ્થળોએ જરૂર જણાઈ ત્યાં હંગામી ધોરણે તાત્કાલિક સંડાસ-બાથરૂમ તેમજ લાઈટ-પાણીની વ્યવસ્થા કરવામાં આવી.

ઊંઝા શહેરમાં ઉતારાની વ્યવસ્થાનાં સ્થળો :

(૧) ઉમિયા માતાજી ગેસ્ટ હાઉસ
(૨) APMC - ગંજબજાર
(૩) કન્યા છાત્રાલય
(૪) મહિલા કોલેજ
(૫) નગરપાલિકાના ક્વાટર્સ પાટણ રોડ
(૬) નવજીવન કેળવણી મંડળ
(૭) વૃદ્ધાશ્રમ, પાટણ રોડ
(૮) K. L. હાઈસ્કૂલ
(૯) G. L. હાઈસ્કૂલ
(૧૦) શીશુ મંદિર, સેફાલ
(૧૧) અં. સી. સ્કૂલ
(૧૨) BRC ભવન
(૧૩) વૈજનાથ મહાદેવ
(૧૪) કેવળેશ્વર મહાદેવ
(૧૫) ઊંઝા નગરપાલિકા હોલ



બહારગામથી આવતા પોતાના વ્હીકલના યાત્રાળુઓ માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવેલ.

(૧) દક્ષિણ વિભાગ તેમજ સૌરાષ્ટ્રથી આવતા યાત્રાળુઓ માટે :



(૧) સોલા કેમ્પસ, અમદાવાદ
(૨) કોબા સર્કલ, રાયસણ ગામ
(૩) ઉમિયા સંકુલ, બેચરાજી
(૪) સીમંધર જૈન મંદિર, મહેસાણા
(૫) H. P. હાઈસ્કૂલ, ઉનાવા
(૬) ઉનાવાના તમામ ગેસ્ટ હાઉસ

(૨) કચ્છ તેમજ બનાસકાંઠા તરફથી આવતા યાત્રાળુઓ માટે :

(૧) તેજેન્દ્રપ્રસાદ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ, મકતુપુર
(૨) સ્વામિનારાયણ ગુરૂકુળ, સિદ્ધપુર
(૩) સીંહીં પ્રાથમિક શાળા
(૪) વૃદ્ધાશ્રમ પાટણ રોડ, ઊંઝા

(૩) સાબરકાંઠા, મધ્યપ્રદેશ, રાજસ્થાન તરફથી આવતા યાત્રાળુઓ માટે :



(૧) ગણપત વિદ્યાનગર, ખેરવા
(૨) સ્વામિનારાયણ ગુરૂકુળ, વિસનગર
(૩) બાવીસ બાવન પટેલ સમાજ વાડી, વિસનગર
(૪) ગણપતિ મંદિર, ઐઠોર
(૫) ગોગા મહારાજનું મંદિર, દાસજ

ઊંઝા તેમજ આજુબાજુનાં ગામ મળીને કુલ ૩૦ સ્થળોએ ઉતારાની વ્યવસ્થા કરેલ. ખાસ નોંધનીય બાબતમાં કોબા સર્કલ રાયસણ ગામ તેમજ અનેક ગામ કે સ્થળોએ સ્વયંભુ રીતે ઘણા લોકોએ ઉતારાની વ્યવસ્થા તેમજ સવારે ચા-નાસ્તાની વ્યવસ્થા વિના મૂલ્યે કરીને યાત્રાળુઓની ખૂબ જ પ્રશંસા મેળવી હતી. ખૂબ જ સારી વ્યવસ્થા બદલ તમામ યાત્રાળુઓએ ખૂબ જ સંતોષ વ્યક્ત કરેલ હતો. જે તે સંસ્થાના કાર્યકરો અને સ્વયંસેવકોની સેવાની નોંધ લઈ અભિનંદન આપ્યા હતા.

યાત્રાળુઓ માટે ગાદલાં, રજાઈ, ઓશીકાંની વ્યવસ્થા માટે પરમાર કિશોર મંડપ, રાજકોટથી મંગાવેલ જેનું ભાડું આખા મહોત્સવ દરમિયાન

ગાદલાં નંગ-૧નાં ૪૫ રૂપિયા રજાઈ નંગ-૧નાં ૩૦ રૂપિયા ઓશીકા નંગ-૧નાં ૧૦ રૂપિયા

સારી ક્વોલીટીમાં ગાદલાં, રજાઈ, ઓશીકાની વ્યવસ્થા કરવામાં આવેલ.

ઉતારા કમિટિ માટે આ મહોત્સવમાં આવનાર લાખો યાત્રાળુઓને ક્યાં ઉતારવા અને તેમની વ્યવસ્થાઓ પૂરી પાડવાની અમારી ઉતારા કમિટિ સામે એક ચેલેન્જ હતી, કારણ કે કોઈપણ મહોત્સવમાં આવનાર યાત્રાળુ માટે અમે તેમના ઉતારાની કેવી વ્યવસ્થા કરીએ છીએ તેના ઉપર મહોત્સવની સફળતાનો આધાર હતો, અમે ઉતારાની વ્યવસ્થા માટે જ્યાં ગયા ત્યાં સામેથી તમામ સંસ્થાઓએ હર્ષભેર અમને આ મહોત્સવના સહભાગી બનાવી અમને જે તક આપી એ માટે અમારો આભાર વ્યક્ત કરતા હતા આવો ઉમંગ અને ઉત્સાહ જોવા મળ્યો.

દરરોજ ૬૦૦૦૦ યાત્રાળુઓની વ્યવસ્થા કરવામાં આવી હતી તે પૈકી ૨૦૦૦૦ યાત્રાળુની વ્યવસ્થા ગંજ બજાર APMC ઊંઝામાં કરવામાં આવી હતી.

નીચે મુજબના વ્યક્તિઓ માટે ઉતારાની ખાસ વ્યવસ્થા કરેલ.

(૧) સહસ્ત્રચંડી મહાયજ્ઞના યજમાનશ્રીઓ
(૨) સરકારી વહીવટી અધિકારીશ્રીઓ
(૩) પોલીસ અધિકારીશ્રી તેમજ તમામ સ્ટાફ
(૪) જી.ઈ.બી. કર્મચારી
(૫) ડૉક્ટર્સ, નર્સ તમામ પ્રકારના મેડિકલ સ્ટાફ
(૬) એસ.ટી. કર્મચારી
(૭) સફાઈ કામદાર
(૮) મહોત્સવ દરમિયાન સાંસ્કૃતિક પ્રોગ્રામમાં આવેલ કલાકાર તેમજ તેમનો સ્ટાફ
(૯) કૃષિ-ઔદ્યોગિક-વાણિજ્ય સ્ટોલમાં આવેલ તમામ સ્ટોલ ધારકોની વ્યવસ્થા કરવામાં આવેલ.









ખાસ નોંધ : દરેક સ્થળોએ યાત્રાળુ માટે ગરમ પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ હતી. ૬૦૦ નંગ મોબાઈલ ટોઈલેટ બનાવવામાં આવ્યાં હતાં.

ઉમિયાનગરમાં રાત્રિ દરમિયાન થતા સાંસ્કૃતિક પ્રોગ્રામ મોડી રાત્રી સુધી માણીને ઘણા જ યાત્રાળુઓ ઉમિયાનગરમાં જ સુઈ જતાને સવારે ઉમિયાનગરમાં કરેલી સંડાસ-બાથરૂમની વ્યવસ્થાનો લાભ લઈને ફ્રેશ થઈ જતા તેનાથી અમોને ઘણી જ રાહત મળી હતી.

: ખાસ આભાર :

(૧) ઉમિયા માતાજીના સંસ્થાના હોદ્દેદાર તેમજ મહોત્સવના હોદ્દેદારોનો ખૂબ આભાર.

(૨) ઉતારા કમિટિના સભ્યો તેમજ કુલ સ્વયંસેવકો અને ૯૦૦ મહિલા સ્વયંસેવિકાઓ સહિત સૌનો આભાર માનીએ તેટલો ઓછો ગણાશે.

(૩) મહોત્સવના યજમાનશ્રીઓ માટે મળેલ મારૂતિનંદન સોસાયટી, પાટણ રોડનો આભાર માનીએ છીએ.

(૪) તિરૂપતી ફાર્મ હાઉસ, વાલમના માલિકોનો ઉતારા માટે VIP રૂમોની વિનામૂલ્યે સેવા બદલ આભાર.

(૫) ઉનાવાના મુસ્લીમ સમાજના માલિકીના ગેસ્ટ હાઉસ વિનામૂલ્યે આપવા બદલ આભાર, કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ.

(૬) યાત્રાળુઓના કિંમતી માલ-સામાન સાચવવા માટે ૨૪ કલાકની લોકરની સુવિધા APMC ગંજબજારના કર્મચારી મિત્રોએ પૂરી પાડવા માટે તેમનો આભાર.

(૭) દરેક ઉતારાના સ્થળોએ ચા-પાણી કમિટિ દ્વારા ચાની વ્યવસ્થા માટે તેમનો આભાર.

(૮) સફાઈ કમિટિ, પાણી કમિટિ, લાઈટ કમિટિ દ્વારા ખૂબ જ સારી સેવા આપવા બદલ તેમનો આભાર માનવામાં આવે છે.



















મહિલા સ્વયંસેવક કમિટિ



ચેરમેનશ્રી
શ્રીમતી દિવાળીબેન લક્ષ્મણભાઈ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
શ્રીમતી ચંદ્રિકાબેન દશરથભાઈ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
શ્રીમતી સુરેખાબેન હર્ષદભાઈ પટેલ



: વિશેષતા :

આ પ્રસંગે પુણ્યનું ભાથુ બાંધી લેવા ઊંઝા આવનાર મહેમાનોની આગતા સ્વાગતા માટે મહિલા સ્વયંસેવકો કટિબદ્ધ





: ટીમવર્ક :



મહિલા સ્વયંસેવક કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન : **શ્રીમતી દિવાળીબેન લક્ષ્મણભાઈ પટેલ**
વાઈસ ચેરમેન : **શ્રીમતી ચંદ્રિકાબેન દશરથભાઈ પટેલ**
કો-ઓર્ડિનેટર : **શ્રીમતી સુરેખાબેન હર્ષદભાઈ પટેલ**

કમિટિ સભ્યો : **૭૬**
મા ઉમિયાના સ્વયંસેવિકાઓ : **૨૦૦૦**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાની ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ઉજવવાની ચર્ચા-વિચારણા જનરલ સભામાં કરવામાં આવી. મણીભાઈ મમ્મીએ કહ્યું કે સં. ૨૦૩૩માં શ્રી માતાજીનો ૧૮મી શતાબ્દી મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. તેનાથી પણ અતિ ભવ્ય ઉત્સાહથી આ ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ઉજવાશે. આ વિચાર સાંભળી બધા જ ભાઈઓ અને બહેનો ઉત્સાહમાં આવી ગયાં અને આ પ્રસંગ ક્યારે ઉજવીએ અને ક્યારે સેવા કાર્યમાં લાગી જઈએ !

આ મહોત્સવ ઉજવવાની તારીખ નક્કી કરવામાં આવી એટલે બહેનોના ઉત્સાહમાં ઓર વધારો થયો અને એમ લાગ્યું કે શ્રી માતાજીનો ઉત્સવ નક્કી કરેલ દિવસે ભવ્ય અને અતિ ભવ્ય રીતે ઉજવાશે.

સૌ પ્રથમ ઊંઝા ગામની સમગ્ર બહેનો. મહિલા મંડળો, મહિલા સામાજિક સંસ્થાઓ, મહિલા ક્લબો તેમજ ઊંઝા નગરની સંનિષ્ઠ અને જાગૃત મહિલા કાર્યકર બહેનોની મિટિંગ તા. ૨૪-૪-૨૦૦૯ના રોજ બોલાવવામાં આવેલ. તો ઘણી મોટી સંખ્યામાં એટલે કે મિટિંગમાં ૫૦૦૦ પાંચ હજાર બહેનો હાજર રહી અને એક જ અવાજે સભામાં રહેલી બહેનોએ સાથ અને સહકાર, ખંત, ઉત્સાહ સાથે તન-મન-ધનથી ઉજવવાની ભાવના વ્યક્ત કરતો અવાજ ઉઠાવ્યો.

ઊંઝાના સાત સમાજો :

(૧) આંટા કડવા પાટીદાર ઉનાવા દેશ
(૨) આંટા કડવા પાટીદાર દૂધલીની દેશ
(૩) આંટા કડવા પાટીદાર રંગપુર (બહારમાઢ) સમાજ
(૪) ઉમિયા માતાજી દેશ સમાજ
(૫) રૂસાત પરિવાર સમાજ
(૬) મોલ્લોત પરિવાર સમાજ
(૭) બહારગામના પરિવાર સમાજ



દરેક સમાજમાંથી દસ બહેનોની કારોબારીની નિમણૂક કરી આ રીતે ૭૦ બહેનોની કારોબારીની કમિટિ બનાવી.

તે પછી મહિલા કારોબારીની મિટિંગ બોલાવી અને તેમાં મહિલા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી.

સમગ્ર મહોત્સવમાં જુદી જુદી જગ્યાએ સેવાઓ આપવા માટે બહેનોનાં ફોર્મ વિતરણ કરી તેમની પાસેથી પસંદગીની કમિટિઓમાં સેવા આપવા માટેની સંમતિનાં ફોર્મ ભરાઈને આવી ગયાં.



જુદી જુદી કમિટિઓમાં સેવા આપવા નોંધાવેલ બહેનોની મિટીંગો ચાલુ થઈ અને તેઓશ્રીને કયા પ્રકારની અને કઈ જગ્યાએ સેવા આપવી તેની ચર્ચા-વિચારણા કરવામાં આવી અને તેઓને ઉત્સવ વિશેનું માર્ગદર્શન આપવામાં આવ્યું.

તા. ૨૬-૫-૨૦૦૯ના રોજ શ્રી માતાજીના મહોત્સવમાં યજમાનોના પાટલાની ઉછામણીનો દિવસ નક્કી થયો. તેમાં ભાગ લેવા સમગ્ર કડવા પાટીદાર સમાજના ભક્તો દૂર દૂરથી ઉમટી પડ્યા અને તેમાં બહેનોએ તેઓશ્રીને સૌ પ્રથમ ગોળ, તિલક, ચોખા, માતાજીના લોગોવાળા દુપટ્ટાથી અને પુષ્પવૃષ્ટિથી ભવ્ય સ્વાગત કરી આવકાર્યા.

બહેનોએ ઉછામણીના પ્રસંગના દિવસે સવારથી સાંજ સુધી થાકની પરવા કર્યા વગર લીંબુ સરબત અને ઠંડા પાણીની સતત અવિરત પ્રશંસનીય સેવાઓ આપી.

મહોત્સવના યજમાનો નક્કી થયા પછી કડવો ત્યાં કંકોત્રી આપવા માટે આશરે નવ લાખ પત્રિકાઓ ભરવામાં આવી. આ પત્રિકામાં કંકુ, ચોખા, તાંબાનું શ્રીયંત્ર, પુષ્પ, માતાજીના ભક્તિભાવનું સાહિત્ય મૂકવામાં આવ્યું. આ કાર્ય બહેનોએ સતત ૬૦ થી ૬૫ દિવસ કરી પૂર્ણ કર્યું. તેમાં દરરોજ ૮૦૦ થી ૧૦૦૦ બહેનો કામમાં જોડાણી હતી.

ત્યારબાદ દર્શનાર્થીઓને આપવા માટે સૂકામેવા સાથેનો પ્રસાદ ભરવાની કામગીરી હાથ પર લીધી તેમાં નાનાં-નાનાં પાઉચ ભરવામાં આવ્યાં. પાઉચમાં સીંગદાણા, કાજુ, દ્રાક્ષ, બદામ, સાકર, તલરેવડી વિગેરે ભરવા માટે ૩૦૦ બહેનો અને સતત એક મહિના સુધી કામ કર્યું.

મહોત્સવમાં દર્શનાર્થે આવનાર અને દાનભેટ આપનાર ભક્તો માટે મગદળના લાડુના પ્રસાદનાં પેકીંગ બનાવવા ૪૦૦ બહેનોએ સતત ૨૦ દિવસ સુધી કામકરી પૂર્ણ કર્યું.

આવનાર દર્શનાર્થીઓના ભોજનનું સીધું-સામગ્રી અનાજ કઠોળ સાફ કરવા ૨૦૦ બહેનોએ દસ દિવસ સુધી કામ કર્યું.

મહોત્સવમાં મીષ્ટાન, ભોજન આપવા માટે જીમખાના મેદાનમાં લાડું બનાવવા માટે ૮૦૦ થી ૧૦૦૦ બહેનોએ સતત પંદર દિવસ સુધી કામકર્યું અને ૩૦ લાખ લાડુ બનાવ્યા, ઓગણીસ ટેક્ટરની ટોલી ભરી બુંદી બનાવવામાં આવી.

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ તા. ૨૯-૧૧-૨૦૦૯ થી તા. ૨-૧૨-૨૦૦૯ સુધી ઉજવવાનો હોઈ તેની જાહેરાત માટે ગામડે ગામડે અને મહેસાણા, પાટણ, વિસનગર, પાલનપુર જેવા શહેરોમાં રથની સાથે પ્રચારમાં બહેનો જોડાઈ.

સમગ્ર મહોત્સવમાં સેવા આપવા માટે પંદર વર્ષથી પંચોતેર વર્ષ સુધીની બહેનો જોડાઈ.

સ્વયંસેવક બહેનોને જેકેટ, ટોપી, વિસલ અને હાથમાં લાકડી આપવામાં આવી. આ યુનિફોર્મમાં ફરજ ઉપર હાજર રહી સેવા બજાવી.

બહેનો પોતાની આવડત અને લાયકાત પ્રમાણે જુદી જુદી કમિટિઓમાં સેવા આપવા માટે ગોઠવાઈ ગઈ.

(૧)	નાણાં કમિટિમાં	૯૦	(૧૧)	સરભરા કમિટિ (વી.આઈ.પી.)	૪૦
(૨)	યજ્ઞ કમિટિમાં	૯૦	(૧૨)	મેડીકલ કેમ્પમાં	૧૭૫
(૩)	કૃષિ કમિટિમાં	૨૪૦	(૧૩)	સાહિત્ય વેચાણમાં	૮૫
(૪)	જનરલ રસોડામાં	૭૦૦	(૧૪)	આરોગ્ય કમિટિમાં	૨૭૦
(૫)	વી.આઈ.પી. રસોડામાં	૨૦૦	(૧૫)	બાળનગરી	૧૦૦
(૬)	યજમાન રસોડામાં	૪૦	(૧૬)	ઉતારા કમિટિમાં	૬૫
(૭)	મ્યુઝિયમ પ્રદર્શનમાં	૧૭૦	(૧૭)	દર્શન કમિટિમાં	૫૦૦
(૮)	સલામતીમાં	૧૫૫	(૧૮)	પ્રસાદ કમિટિમાં	૨૨૫
(૯)	ઉમિયા માતાજી રસોડામાં	૧૬૦	(૧૯)	ચા કમિટિ	૫૩૦
(૧૦)	સાંસ્કૃતિક કમિટિમાં	૧૯૦	(૨૦)	લેઉવા પાટીદાર ગ્લોબલ કમિટિમાં	૭૫
					૩૨૦૫



ઉપરોક્ત કમિટિમાં કયા સમાજની કેટલી બહેનો મહિલા સ્વયંસેવકમાં રોકાયેલ તેની યાદી :

(૧)	દૂધલિજા દેશ મહિલા સ્વયંસેવક બહેનો	૬૫૦
(૨)	ઉનાવા દેશ મહિલા સ્વયંસેવક બહેનો	૬૧૦
(૩)	રંગપુર (બહારમાઢ) મહિલા સ્વયંસેવક બહેનો	૪૬૦
(૪)	ઉમિયા માતાજી દેશ મહિલા સ્વયંસેવક બહેનો	૩૯૫
(૫)	મોલ્લોત પાર્ટી મહિલા સ્વયંસેવક બહેનો	૮૩
(૬)	રૂસાત પાર્ટી મહિલા સ્વયંસેવક બહેનો	૧૦૨
(૭)	બહારગામ સમાજ મહિલા સ્વયંસેવક બહેનો	૪૪૦
(૮)	અન્ય કોમની મહિલા સ્વયંસેવક બહેનો	૪૩૦
(૯)	સુરત, રાજકોટ, અમદાવાદ, મહેસાણાથી મહિલા સ્વયંસેવક બહેનો	૩૫
		૩૨૦૫

ભોજનાલયમાં યાત્રિકોનો ધસારો વધતાં શીહિ, સુણોક, ડાભીથી વાસણોની સફાઈ કરવા માટે વધારાની બહેનો ટ્રેક્ટરોમાં ભરીને લાવવામાં આવી હતી.











ગ્રામસેવા સંકલન કમિટિ



ચેરમેનશ્રી
જયપ્રકાશ કાશીરામ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
મુકેશભાઈ માધવલાલ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
પ્રવિણભાઈ અંબાલાલ પટેલ



: વિશેષતા :

ઊંઝામાં ઉમટી પડનાર ૪૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ માટે આજુબાજુના ૧૪ ગામોમાં અનોખું આયોજન.





: ટીમવર્ક :



: ટીમવર્ક :





ગ્રામસેવા સંકલન કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન : **શ્રી જયપ્રકાશ કાશીરામ પટેલ**
વાઈસ ચેરમેન : **શ્રી મુકેશભાઈ માધવલાલ પટેલ**
કો-ઓર્ડિનેટર : **શ્રી પ્રવિણભાઈ અંબાલાલ પટેલ**

કમિટિ સભ્યો : **૪૦**
મા ઉમિયાના સ્વયંસેવકો : **૨૫૦૦**

ઊંઝા તાલુકાના ૩૫ ગામોના સ્વયંસેવકો :

વડનગર તાલુકો : સુઢિયા, બાબીપુરા, જાસ્કા
વિસનગર તાલુકો : દેણપ, જેતલવાસણા, બોકરવાડા, તરભ, ગણેશપુરા
સિદ્ધપુર તાલુકો : બિલિયા, ચંડાળજ, ખળી
પાટણ તાલુકો : વિસલવાસણા



શ્રી ઉમિયા માતાજી ઊંઝાનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ ઉજવવાનું જ્યારે નક્કી કર્યું ત્યારે આ મહોત્સવમાં હજારો સ્વયંસેવક ભાઈઓ ઊંઝાનગરમાંથી સેવા આપવા માટે તલપાપડ થઈ રહ્યા હતા અને સ્વયંસેવક તરીકે પોતાના નામો લખાવવા પડાપડી કરવા લાગ્યા ત્યારે આ મહોત્સવમાં ઊંઝાનગરમાં રહેતા બહારગામના ભાઈઓને પણ એમ લાગ્યું કે ઊંઝાની આજુબાજુના ગ્રામવિસ્તારના ભાઈઓનો પણ સ્વયંસેવક તરીકેની સેવાઓ આપવા માટે સાથ લેવા વિચાર રજૂ કર્યો.

ત્યારે ઊંઝા તાલુકા પંચાયતના માજી પ્રમુખશ્રી જયપ્રકાશ કાશીરામ પટેલે ગ્રામવિસ્તારના સ્વયંસેવકોની નોંધ કરવાની જવાબદારી લીધી અને તેમની સાથે તેમને શ્રી મહેશભાઈ પટેલ ઉનાવા તથા શ્રી પ્રવિણભાઈ પટેલ કામલીએ આ જવાબદારી લઈ ઊંઝા તાલુકાનાં ૩૫ ગામોમાંથી અને વિસનગર પાલુકાનાં ૫ ગામો, વડનગર તાલુકાનાં ૩ ગામ, સિદ્ધપુર તાલુકાનાં ૩ ગામ, પાટણ તાલુકાનું એક ગામ, એમ મળી કુલ ૪૭ ગામોમાંથી ૨૫૦૦ સ્વયંસેવકોની નોંધ કરી. આ ગામવિસ્તારના સ્વયંસેવકોનું કામગીરી કરવાનો એટલો ઉત્સાહ હતો કે અમને ગમે તેવી અઘરી જવાબદારી સોંપવામાં આવશે તો પણ અમો કરવા માટે તૈયાર છીએ અને તે રીતે ગ્રામસંકલન કમિટિના સભ્યોની નોંધ કરવા ગામેગામ આ ત્રણે મિત્રોએ ફરી નોંધ કરી. તમામની મિટિંગો કરી મહોત્સવ દરમિયાન કરવાની કામગીરીની સમજ આપી. આ ઉપરાંત આ બધા સ્વયંસેવકો તથા કમિટિના સભ્યોની પણ ઊંઝામાં મિટિંગો કરવામાં આવી.

ગ્રામવિસ્તારના તમામ સ્વયંસેવકોએ મોટા ભાગની જવાબદારી ઉપાડી ઊંઝા ગામથી ૨૦ કિલોમીટર દૂર દરેક રોડ ઉપર ૨૪ કલાક ખડેપગે રહી સેવાઓ આપી. આ ઉપરાંત તેમની રસોડા કમિટિ, સલામતી-બંદોબસ્ત, બાળનગરી, સરભરા, વાહનવ્યવહાર જેવી કમિટિઓમાં વહેંચણી કરવામાં આવી હતી.

સરભરા કમિટિ



ચેરમેનશ્રી
ખોડાભાઈ શંકરલાલ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
ગટોરભાઈ કાનજીભાઈ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
હંસરાજભાઈ દેવજીભાઈ ધોળું



: વિશેષતા :

પ્રોટોકોલ પ્રમાણે મહોત્સવમાં ઉપસ્થિત થનારા તમામ મહાનુભાવોનું સન્માન જળવાય એ પ્રકારે સરભરા કરાશે.





: ટીમવર્ક :



સરભરા કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	**: શ્રી ખોડાભાઈ શંકરલાલ પટેલ**	**કમિટિ સભ્યો**	**:**	**૫૦**
વાઈસ ચેરમેન	**: શ્રી ગટોરભાઈ કાનજીભાઈ પટેલ**	**મા ઉમિયાના સ્વયંસેવકો**	**:**	**૬૦**
કો-ઓર્ડિનેટર	**: શ્રી હંસરાજભાઈ દેવજીભાઈ ધોળું**			

શ્રી ઉમિયા માતાજીનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ જગતજનની મા ઉમિયાનો ભવ્યાતિભવ્ય રીતે ઉજવાઈ ગયો. આ મહોત્સવમાં ઐતિહાસિક આયોજન કરવામાં આવેલ અને વિવિધ પાસાંઓ અંગે ચર્ચા-વિચારણા કરવા મહોત્સવના સફળ આયોજન માટે વિવિધ કમિટિઓ કરવામાં આવેલ. જેમાં આ મહોત્સવની સરભરા-સ્વાગત માટેની કમિટિનું આયોજન નીચે મુજબ હતું :

- આ મહોત્સવ સંવત ૨૦૬૬ના માગસર સુદ-૧૧, શનિવાર, તા. ૨૮-૧૧-૨૦૦૯ થી માગસર સુદ-૧૫, તા. ૨-૧૨-૨૦૦૯ દરમિયાન ઉજવવામાં આવ્યો.
- સરભરા કમિટિમાં સભ્યો-૫૦, સેવકો-૫૦ કુલ ૧૦૦.
- આ કમિટિ માટે ૧૦ એકર જમીનમાં પથરાયેલા, વિશાળ સુંદર સ્વાગત કક્ષ બનાવવામાં આવ્યા હતા.
- આ સ્વાગત કક્ષમાં ટોઈલેટની વ્યવસ્થા, બાથરૂમની સગવડ, પાણી ૨૪ કલાક સગવડ સાથેની વ્યવસ્થા કરવામાં આવી હતી.
- આ સ્વાગત કક્ષમાં વી.વી.આઈ.પી., વી.આઈ.પી.ના સ્વાગત કરવા માટે વ્યવસ્થા હતી.
- વી.આઈ.પી. કક્ષમાં સંપૂર્ણ સુવિધાઓ સાથેનો કક્ષ - ખુરશીઓ, ટેબલ, સોફા વિશેષ ગોઠવવામાં આવ્યા હતા.
- આ કક્ષમા પત્રકારોની સગવડો અલગ કરવામાં આવેલ હતી.
- મીડિયા રૂમ, કોમ્પ્યૂટર તથા પ્રિન્ટર વિ. સગવડો આપવામાં આવી.
- આ કક્ષની બાજુમાં રસ્તાઓ, કાર્પેટ, બંને બાજુ લાઈટીંગ, ફુલપેન્ડ, સાઈન બોર્ડ તથા ફુવારાઓ કરવામાં આવેલ.
- આ કક્ષનું બાંધકામ ૬૦૦ ચો.વારમાં પ્લાયવુડથી કરવામાં આવેલ.
- જેમાં પ્લાઝમા ટી.વી., એરકંડીશન, અદ્યતન કેમેરો મુકવામાં આવેલ.









- આ કક્ષની આજુબાજુમાં સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ. સ્વચ્છતા જાળવવા માટે ૨૪ કલાક સફાઈ કરવામાં આવતી.
- આ કક્ષમાં મીનરલ પાણીની બોટલની વ્યવસ્થા હતી.
- આ કક્ષમાં ઠંડા શરબત, ચા, દૂધ, કોફી વિ. વ્યવસ્થા હતી.
- આ કક્ષની બાજુમાં વી.આઈ.પી. પાર્કિંગ ઝોન, બાથરૂમ, ટોઈલેટ, પાણી સાથેનો બાંધવામાં આવેલ.
- આ કક્ષમાં સ્વાગત-સરભરા માટે મહેમાન માટે સુંદર નાસ્તો, કાજુ, બદામ, ચા, બિસ્કીટ, કોફી, મીનરલ પાણીની બોટલ વિ.ની વ્યવસ્થા કરવામાં આવેલ.
- વી.આઈ.પી., વી.વી.આઈ.પી.માં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાત સરકારના ઉચ્ચ અધિકારીઓ, સરકારના પ્રધાનો, ધારાસભ્યશ્રીઓ, એન.આર.આઈ. (વિદેશથી) પધારેલ. જેઓએ આ કક્ષની મુલાકાત લીધેલ અને દરેક સમાજના સન્માનનીય શ્રેષ્ઠીઓનું ફૂલોની કલગી આપી સ્વાગત કરવામાં આવતું હતું અને આ કક્ષમાં ૧ લાખથી સવા લાખ શ્રેષ્ઠીઓનું સ્વાગત કરવામાં આવ્યું છે.
- આ વી.આઈ.પી. સરભરા કમિટિમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને રાજ્યોમાંથી આવેલ દરેક સન્માનનીય શ્રેષ્ઠીઓનું ફૂલોની કલગી આપી, ચા, નાસ્તો, પાણી, કોફી વિ.થી સ્વાગત કરવામાં આવ્યું છે.
- આ કમિટિમાં સ્વાગત કરવા માટે ૫૦ સભ્યો તથા ૫૦ સ્વયંસેવકો સાથે ખભેખભો મિલાવીને આ મા ઉમિયાના મહોત્સવને સાચા અર્થમાં ઐતિહાસિક અને અવિસ્મરણીય બનાવવા જાણે શપથ જ લીધી હતી તેવી સંપૂર્ણ સુંદર વ્યવસ્થા કરવામાં રાત-દિવસ જોયા વગર કાર્યદક્ષતાથી ભગીરથ કાર્ય માટે પુરૂષાર્થ કરવામાં બાકી રાખેલ નથી.

• • •







જમીન-સંપાદન કમિટિ



ચેરમેનશ્રી
મહેન્દ્રભાઈ રેવાભાઈ પટેલ
(વકીલ)



વાઈસ ચેરમેનશ્રી
દશરથભાઈ બેચરદાસ પટેલ
(રાજા)



વાઈસ ચેરમેનશ્રી
ગોપાલભાઈ નાથાલાલ પટેલ





કો.ઓર્ડિનેટરશ્રી
રમેશભાઈ માધવલાલ પટેલ
(બડે)



કો.ઓર્ડિનેટરશ્રી
જશવંતભાઈ ભગવાનદાસ પટેલ
(એન્જિનીયર)



: વિશેષતા :

૩૦૦ થી ૪૦૦ ધરતીપુત્રો ઉમિયા મહોત્સવની ઉજવણી કાજે ત્રણ સિઝનનો પાક જતો કરીને પોતાની જમીન મા ઉમાના ઉત્સવથી પાવન કરવા માટે પ્રેરાયા.

: ટીમવર્ક :



જમીન સંપાદન કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	: શ્રી મહેન્દ્રભાઈ રેવાભાઈ પટેલ (વકીલ)
વાઈસ ચેરમેન	: શ્રી દશરથભાઈ બેચરદાસ પટેલ (રાજા)
વાઈસ ચેરમેન	: શ્રી ગોપાલભાઈ નાથાલાલ પટેલ
કો-ઓર્ડિનેટર	: શ્રી રમેશભાઈ માધવલાલ પટેલ (બડે)
કો-ઓર્ડિનેટર	: શ્રી જશવંતભાઈ ભગવાનદાસ પટેલ (એન્જિનીયર)

કમિટિ સભ્યો : ૫૧

શ્રી ઉમિયા માતાજીની કારોબારી તથા જનરલ સભાએ ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ઉજવવો એવું નક્કી કરતાં ઉમિયા માતાજીની નજીકમાં મહોત્સવ કરવો તેવું વિચારણામાં લીધેલ. ત્યારબાદ મહેન્દ્રભાઈ સાહેબ ડે. કમિશ્નર મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદની સલાહ-સૂચન મુજબ સદર પ્રસંગે દર્શનાર્થીઓ ધારણા કરતાં ખૂબ જ મોટી સંખ્યા આવશે માટે એક જ જગ્યાએ યજ્ઞ, ભોજન વ્યવસ્થા, ઔદ્યોગિક પ્રદર્શન, ખેતી વિષયક પ્રદર્શન, નાના બાળકો માટે બાળનગરી, પાટીદારોની ગૌરવગાથા, વિશાળ સ્ટેજ તથા વિશાળ વાહન પાર્કિંગ માટે અંદાજે ૭૦૦ વીઘાથી વધારે જમીનની જરૂર પડશે તેવો અંદાજ મળતાં માતાજીના હોદ્દેદારશ્રીઓ તથા કન્વીનરશ્રી, પ્રોજેક્ટ ચેરમેનશ્રી, મહોત્સવ કમિટિ ચેરમેનશ્રીઓએ ટી.પી. સ્કીમ નં. ૪ની જમીન ૯૫% ખુલ્લી હોવાથી ત્યાં મહોત્સવ કરવા વિચારણા કરી. ત્યારબાદ ટી.પી. ૪ તથા ટી.પી. ૫ ના જમીન માલિકોની એક સભા ઉમિયા માતાજી સંસ્થા ખાતે રાખવામાં આવી જેમાં જમીન માલિકોએ તેમની જમીનમાં મા ઉમિયાનો આવો પ્રસંગ ઉજવવા જમીન પસંદ કરી તે માટે સંસ્થાના વ્યવસ્થાપકોનો આભાર માન્યો તથા એકી અવાજે જમીન વગર વળતરે બે પાક જતા કરવા તૈયારી સાથે સંમતિ આપી.




ત્યારબાદ માતાજી સંસ્થાનમાં આ જમીન સંપાદન કરવા માટે એક કમિટિની રચના કરવાનું નક્કી કરતાં ચેરમેન મહેન્દ્રભાઈ રેવાભાઈ વકીલ, પટેલ દશરથભાઈ બેચરદાસ (રાજા) તથા રમેશભાઈ માધવલાલ (બડે) કો-ઓર્ડીનેટર તરીકે ગોપાલભાઈ નાથાલાલ અલોડીયા તથા જશવંતભાઈ ભગવાનદાસ નુંગરા કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન પંચાયત તથા ૫૧ સભ્યો સાથેની કમિટિની રચના કરી.

ત્યારબાદ નિમણૂક થયેલ કમિટિની મિટિંગ બોલાવી. ૪૦૦ જેટલા ખેડૂતો દરેક ખેતર માલિક પાસેથી લેખિતમાં સંમતિ લેવાનું નક્કી કરવામાં આવ્યું અને સદર જમીન જે લોકો ખેતી આધારિત જીવન નિર્વાહ ચલાવતા હતા. તેવા ખેડૂતોએ વળતર ન લેવા જણાવવા છતાં ખેતી બે પાક ન કરવાના ૧ વિઘે ૫,૦૦૦/- તથા થુવારની વાડ હટાવી ફરીથી નવેસરથી કરવા માટેનું વળતર એક ફૂટે રૂા. ૧૫/- આપવાનું નક્કી કરવામાં આવ્યું. જેમાં ૮૦% લોકોએ વગર વળતરે માતાજી સાથેના ભક્તિભાવથી સર્વસંમતિ વાપરવા માટે આપી સદર ટીપી ૪ તથા ૫ ના ફાઈનલ પ્લોટ (ખેતર) માલિકોના ક્ષેત્રફળ સાથેના પત્રકો બનાવી તૈયાર કર્યા. જેમાં ઊંઝાનગરના સર્વેયરશ્રી જગદીશભાઈ તરફથી ખૂબ જ સહકાર મળેલ.

સદર ફાયનલ પ્લોટના ટ્રેસીંગ સીટ નગરપાલિકા મારફત એકઠી કરવામાં આવી. જેમાં અમુક જગ્યાએ માપોમાં માર્જીન છોડાતું હોવાથી સ્થળ સ્થિતિ મુજબ ઈલેક્ટ્રોનિક સાધનોથી કબજા મુજબની દરેક ફાઈનલ પ્લોટની સીટો તૈયાર કરાવી સદર સ્તરોમાં નગરપાલિકા સીટ મુજબનું માપ તથા સ્થળ સ્થિતિ મુજબનું માપ બંને એક જ સીટમાં રેકોર્ડ કબજો મેળવતી વખતે આપવામાં આવ્યો.


ત્યારબાદ આ જગ્યાના ઉપયોગ સારા સમથળ કરવા દરેક ખેતરના વાડ, શેડ નાબુદ કર્યા અને પ્રસંગ પુરો થયેથી ફરીથી જમીન માપણી કરી પરત આપવા હાલના હયાત ટી.પી.ના પત્થરો જમીનની અંદર ૧ ફૂટ નીચે ઉતારીને આમા ૭૦૦ વીઘા જમીનને એક જ પ્લોટમાં ફેરવવામાં આવી. ત્યારબાદ પ્રસંગ માટે તૈયાર કરેલા લેઆઉટ મુજબ તથા જે તે વિભાગોને ફાળવેલ જગ્યાઓ અલગ પ્લેસીંગ કરી આપવામાં આવ્યું.

સદર કમિટિની કાર્યવાહી શરૂમાં ફક્ત જમીન સંપાદન કરવાની જવાબદારી આપેલ પરંતુ જરૂરિયાત મુજબ વાડ, શેડ દૂર કરી રસ્તાઓમાં રોડ રોલર તથા પાણી છંટકાવ કરવાની જવાબદારી પણ આ કમિટિએ પૂરી કરી.



પ્રસંગ ધારણા કરતાં પણ સારી રીતે કોઈપણ વિઘ્ન વિના પુરો થતાં ફરીથી સદર જમીનમાં જમીન અંદર ઉતારેલ ટી.પી.ના પથ્થર બહાર કાઢી દરેક ખેતર માલિકને સ્થળ ઉપર હાજર રાખી માપણી કરી મુળ સ્થિતિ પ્રમાણે ફાઈનલ પ્લોટના લેખિતમાં કબજા પરત સોંપવામાં આવી. જેમાં એકપણ તકરાર ઊભી થઈ ન હતી. ખેતર માલિકોએ જ્યારે સદર જમીન સોંપણી કરી અને પ્રસંગ પૂરો થયા પછી પરત જમીન કબજા મેળવવાના સમયમાં માતાજીની કૃપાથી આ જમીન ભાવો દોઢા થયેલ હોઈ કૃપાનો અહેસાસ કરી ધન્યતા અનુભવી.

• • •



શ્રી ઉમા બાળનગરી કમિટિ



ચેરમેનશ્રી
કૃષ્ણચંદ્ર ભોગીલાલ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
જશવંતભાઈ બાબુલાલ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
રમેશભાઈ શંકરલાલ પટેલ





કો.ઓર્ડિનેટરશ્રી
ભરતભાઈ નારાયણદાસ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
મનુભાઈ હરગોવનદાસ પટેલ



: વિશેષતા :

ભારતમાં કદાચ ક્યારેય તૈયાર નહીં થઈ હોય તેવી ભારતના જ જુદા જુદા રાજ્યોના કારીગરો દ્વારા તૈયાર કરાયેલી ૬૦ ફૂટ ઊંચી ગટોત્કચની રાઈડ્સ આકર્ષણ કેન્દ્ર

: ટીમવર્ક :



શ્રી ઉમા બાળનગરી કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	: શ્રી કૃષ્ણચંદ્ર ભોગીલાલ પટેલ
વાઈસ ચેરમેન	: શ્રી જશવંતભાઈ બાબુલાલ પટેલ
વાઈસ ચેરમેન	: શ્રી રમેશભાઈ શંકરલાલ પટેલ
કો-ઓર્ડિનેટર	: શ્રી ભરતભાઈ નારાયણદાસ પટેલ
કો-ઓર્ડિનેટર	: શ્રી મનુભાઈ હરગોવનદાસ પટેલ

કમિટિ સભ્યો	: ૩૫
મા ઉમિયાના સ્વયંસેવકો	: ૩૮૦

મા ઉમિયાના ધામ ઊંઝાના આંગણે વિશ્વના કડવા પાટીદારોના મહાકુંભ સમાન ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ તા. ૨૮-૧૧-૨૦૦૯ થી તા. ૨-૧૨-૨૦૦૯ દરમ્યાન ઉજવાઈ ગયો. જે તેના ભવ્યાતિભવ્ય આયોજનના કારણે ઊંઝા નગરના નગરજનો અને સમગ્ર કડવા પાટીદારો માટે એક અવિસ્મરણીય અને યાદગાર પ્રસંગ બની ગયો.

મા ઉમિયાના આશીર્વાદ, આયોજકોની દીર્ઘદષ્ટિ, નગરજનોના સંપૂર્ણ સાથ-સહકાર, ભક્તજનોના ભાવ અને એમ્યુઝમેન્ટ કમિટિના સભ્યોના અદમ્ય ઉત્સાહ અને સમર્પણ દ્વારા મહોત્સવની ઉજવણી માટે ૫૦૦ એકર જમીનમાં તૈયાર કરેલ શ્રી ઉમિયાનગરમાં ૨૦ એકરથી વધુ જમીનમાં શ્રી ઉમા બાળનગરીના નિર્માણ દ્વારા ભક્તિ તથા આનંદનો અદ્ભુત સમન્વય સાધવામાં આવ્યો હતો. શ્રી ઉમિયાનગરમાં લાખો દર્શનાર્થીઓના આકર્ષણનું કેન્દ્ર બનેલ શ્રી ઉમા બાળનગરીનું ઉદ્ઘાટન માનનીય શિક્ષણમંત્રી શ્રી રમણલાલ વોરા દ્વારા કરવામાં આવેલ હતું.


શ્રી ઉમા બાળનગરીનું આયોજન એ શ્રી ઉમિયાનગરની વિશિષ્ટતા હતી. શ્રી ઉમા બાળનગરીમાં અત્યાધુનિક ૫૦ રાઈડ્સ, ૪૦ બ્રાન્ડેડ ફૂડ કોર્ટ અને વિવિધ ચીજવસ્તુઓના ૨૦૦ સ્ટોલનો સમાવેશ કરવામાં આવેલ હતો.



સુપર સ્ટાર એમ્યુઝમેન્ટ રાઈડ્સના કર્તા પટેલ ઘનશ્યામભાઈ કાનજીભાઈ, બાલવાટીકા, કાંકરિયા, અમદાવાદ સાથે ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવના શ્રી ઉમા બાળનગરીમાં એમ્યુઝમેન્ટ રાઈડ્સને લાઈટ ડેકોરેશન સાથે સુશોભિત કરવાનો કરાર કરવામાં આવેલ હતો. જેમાં

જાયન્ટ વ્હીલ	૩	બ્રેક ડાન્સ	૩	ટોરા-ટોરા	૩
ઓક્ટોપસ	૧	ફીશ બી	૧	રેઈન્બો	૧
સુપર ડુપર	૩	ડ્રેગન ટ્રેન	૨	સેલમ્બો	૨
એન્ટરપ્રાઈઝ	૨	ટુસ્ટર	૨	મોતનો કુવો	૨
બમ્પ જમ્પ	૧	કોલંબસ	૨	મીની ટ્રેન	૨
મુન વોકર	૩	કટરપીલર	૨	એરોપ્લેન	૨
બુલ (ગેંડો)	૧				





અનો વીર ઘટોત્કચ જેવી વૈવિધ્યસભર રાઈડ્સે વિશ્વમાંથી પધારેલ લાખો યુવકો તથા બાળકોના હૈયા જીતી લીધા હતા. શ્રી ઉમા બાળનગરીમાં યુવાનો, યુવતીઓ, બાળકો અને વૃદ્ધોએ વિવિધ રાઈડ્સની સવારી કરવાનો લ્હાવો લીધો હતો. આનંદપ્રેમી વ્યક્તિઓ કીડીયારાની જેમ ઉભરાતા હતા. જેથી જુદી જુદી અનેક રાઈડ્સમાં બેઠેલા વ્યક્તિઓના આનંદની ચિચિયારીઓથી સમગ્ર શ્રી ઉમા બાળનગરી ગુંજી ઉઠતી હતી. આ ઉપરાંત રીમોટ દ્વારા ઉડતા હેલિકોપ્ટર સૌનું આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

૨૦ એકર કરતાં વધારે જમીનમાં પથરાયેલ શ્રી ઉમા બાળનગરીની ૫૦ રાઈડ્સમાં ૧ કલાકમાં ૧૨૦૦૦ વ્યક્તિઓ મનોરંજનની મજા માણતી હતી. દિવસના ૧૫ કલાકમાં ૧,૮૦,૦૦૦ કરતાં વધારે વ્યક્તિઓ વિવિધ રાઈડ્સની સવારી કરી આનંદ મેળવતી હતી. કુલ ૫ દિવસના આ મહોત્સવમાં ૭,૫૦,૦૦૦ કરતાં વધુ વ્યક્તિઓએ એમ્યુઝમેન્ટ રાઈડ્સની સવારી કરી આનંદ ઉલ્લાસ કર્યો હતો. આ ઉપરાંત બ્રાન્ડેડ ફૂડકોટના ૪૦ સ્ટોલમાંથી સ્વાદિષ્ટ નાસ્તા, ઠંડાપીણાં, આઈસ્ક્રીમના વિવિધ સ્વાદ માણી અનેક જનસમુદાયે આનંદ માણ્યો હતો. સમગ્ર મહોત્સવ દરમ્યાન શ્રદ્ધાના અને આનંદના ઘોડાપૂર ઉમટ્યાં હતાં. જે સમગ્ર કડવા પાટીદારો માટે એક નવલું નજરાણું બની રહ્યું છે.

વૈવિધ્યસભર રાઈડ્સની સંખ્યા વધારે હોવા છતાં મા ઉમિયાના આશીર્વાદથી કોઈપણ એક્સિડન્ટ કે અનિચ્છનીય બનાવ બનેલ નથી. તે જ પુરવાર કરી આપે છે કે નિઃસ્વાર્થ ભાવે કરેલ સેવામાં મા ઉમિયા હંમેશાં સાથે જ છે.





શ્રી ઉમિયા બાળનગરીના આયોજનના સહભાગી કો.ચેરમેન શ્રી જશવંતભાઈ બાબુલાલ પટેલ (R.T.O.) શ્રી રમેશભાઈ શંકરલાલ પટેલ (રમો), કો.ઓર્ડિનેટર શ્રી મનુભાઈ હરગોવનદાસ પટેલ (બર્કલી), શ્રી ભરતભાઈ નારાયણદાસ પટેલ

તેમજ ઊંઝા તાલુકાના વિવિધ વિસ્તારના ઉત્સાહી યુવકો (સ્વયંસેવકો)એ સેવા અને સમર્પણની ભાવના સાથે શ્રેષ્ઠ કામગીરી કરી શ્રી ઉમા બાળનગરીના આયોજનને સફળતાપૂર્વક પાર પાડેલ હતું. કોઈપણ કાર્યમાં સફળ થવું એ માનવજીવનનું ધ્યેય હોય છે. મા ઉમિયા પ્રત્યે શ્રદ્ધા હોય તો મન વધુ દૃઢ બને છે અને ધ્યેય પર પહોંચાડે છે.

મા ઉમિયાના આશીર્વાદથી અને આયોજકોએ અમારા ઉપર મૂકેલ વિશ્વાસથી આ ધ્યેય અમારી કમિટિ દ્વારા પૂર્ણ થયેલ છે.

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવમાં યોગદાન આપી જીવનનું શ્રેષ્ઠ પૂણ્યકાર્ય કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે બદલ હું શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાનો ઋણ સ્વીકાર કરું છું. સર્વેને મા ઉમિયાના આશીર્વાદ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના સાથે વિરમું છું.









સાંસ્કૃતિક પ્રદર્શન કમિટિ




ચેરમેનશ્રી
ડૉ. અમૃતભાઈ પરસોત્તમદાસ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
દિપકભાઈ માધવલાલ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
મહેશભાઈ મણિલાલ પટેલ



: વિશેષતા :

માત્ર ધર્મોત્સવ જ નહીં, પ્રસંગ લોકજીવનની વહી ગયેલી વાતો અને ઉજ્જવળ ભવિષ્યનો દિશા નિર્દેશ રજૂ કરશે.







પાટીદાર સાંસ્કૃતિક પ્રદર્શન કમિટિ કાર્યસિદ્ધિ

કમિટિ સભ્યો : ૯
મા ઉમિયાના સ્વયંસેવકો : ૩૫૦

ચેરમેન : શ્રી અમૃતભાઈ પરસોત્તમદાસ પટેલ (મક્તુપુર)
વાઈસ ચેરમેન : શ્રી દિપકભાઈ માધવલાલ પટેલ (રૂસાત) ઊંઝા
કો-ઓર્ડિનેટર : શ્રી મહેશભાઈ મણિલાલ પટેલ (ફોક) ઊંઝા

ઈ.સ. ૧૯૭૬, તા. ૨૫-૧૧-૧૯૭૬ થી તા. ૨૯-૧૧-૧૯૭૬, વિ.સંવત ૨૦૩૩, માગસર સુદ-૪ થી માગસર સુદ-૮ દરમ્યાન ઊંઝાના આંગણે અઢારમી શતાબ્દી મહાયજ્ઞ યોજાઈ ગયો. જેના આયોજનની સમગ્ર ગુજરાત તથા વિશ્વમાં દરેક જગ્યાએ વસતા પાટીદારોએ નોંધ લીધી. આ મહોત્સવના આયોજનથી સૌ અચંબિત થઈ ગયા. કડવા પાટીદારોને એક નવી ઓળખ મળી.

આ મહોત્સવની રજત જયંતી ઉજવણી કરવાના મનસૂબા ઘડવામાં આવ્યા. તડામાર તૈયારીઓ શરૂ થઈ. મુહૂર્ત આવ્યું સંવત ૨૦૬૬, માગસર સુદ-૧૧ થી માગસર સુદ-૧૫, તા. ૨૮-૧૧-૨૦૦૯ થી તા. ૨-૧૨-૨૦૦૯, શનિવારથી બુધવાર આશરે અઢાર માસ પહેલાંથી કમિટિની રચનાઓની શરૂઆત થઈ ચૂકી હતી. તૈયારીઓનાં પગરણ મંડાઈ ચૂક્યાં હતાં.




ચર્ચા-વિચારણા, મનન-મંથનના અંતે પાટીદાર સંસ્કૃતિને ઉજાગર કરે, પ્રાચીન ઈતિહાસ નવી પેઢી સમક્ષ આવે તે ઉદેશથી એક પાટીદાર સાંસ્કૃતિક પ્રદર્શન યોજવાનું નક્કી થયું અને જન્મ થયો એક નવીન કમિટિનો "પાટીદાર સાંસ્કૃતિક પ્રદર્શન કમિટિ". આ કમિટિની રચના કદાચ ખૂબ મોડેથી કરવામાં આવી. તા. ૧-૬-૨૦૦૯ના રોજ કમિટિને આ પ્રકારનું પ્રદર્શન કરવાની કપરી જવાબદારી સોંપવામાં આવી. રાચરચીલું, ખેતીના ઓજાર, જૂના પહેરવેશ, જૂના રીતરિવાજ, ખેત પદ્ધતિ આ બધું હજુ તો શોધીને ભેગું કરવાનું હતું. તેમ છતાં કમિટિના સભ્યો ઉત્સાહિત હતા. ચેરમેન, વાઈસ ચેરમેન તથા કો-ઓર્ડિનેટર ઉપરાંત નીચે મુજબના કમિટિના સભ્યો હતા.



સભ્ય : શ્રી રમેશભાઈ ઈશ્વરલાલ પટેલ (સાંગણોત) ઊંઝા
સભ્ય : શ્રી હસમુખભાઈ કચરાલાલ પટેલ (રૂસાત) ઊંઝા
સભ્ય : શ્રી દિપકભાઈ જયંતિભાઈ પટેલ (રૂસાત) ઊંઝા
સભ્ય : શ્રી નટવરલાલ શિવરામદાસ પટેલ (રૂસાત) ઊંઝા
સભ્ય : શ્રી પુલકિતભાઈ વસંતલાલ પટેલ (પાલડીયા) ઊંઝા
સભ્ય : શ્રી બાબુભાઈ અંબાલાલ પટેલ


જગતજનની "મા ઉમાના" આશીર્વાદ લઈ કમિટિએ કામનો પ્રારંભ કર્યો. સૌ પ્રથમ પ્રદર્શનમાં મૂકવા માટેની વસ્તુઓ એકઠી કરવાનું શરૂ કર્યું. આ માટે ગામડાંમાં જવું અનિવાર્ય હતું. ચેરમેન સાહેબની રાહબરી નીચે કમિટિના સભ્યોએ અલગ અલગ દિવસોએ લગભગ પંદર જેટલા ગામતળના પ્રવાસો કર્યા. જેમાં મહેસાણા, મોઢેરા, બહુચરાજી આજુબાજુનો વિસ્તાર મુખ્ય છે. કમિટિએ લીધેલ મુલાકાતમાં સુણોક, પલાસર, વિરતા, કંથરાવી, ચાણસ્મા, વડાવલી, મોઢેરા, વણોદ, આલમપુર, વનપરડી, ડાલોદ, વરવાડા, મકતુપુર, બ્રાહ્મણવાડા, દાસજ, ભાંખર, ઐઠોર, રીબડી, નાના ઉભડા, ટેન્ટ, માંડલ, શેલાવી, પીંઢારપુરા, લોજ (સૌરાષ્ટ્ર) વગેરે ગામનો સમાવેશ થાય છે. આ ગામડાંઓમાં ફરીને ખેતીનાં ઓજાર, રાચરચીલું, ભરતકામના નમુના, દાગીના, બળદગાડાં વગેરે મેળવ્યું તથા તેને ઊંઝા લાવ્યા. એકઠી કરેલ વસ્તુઓની વિસ્તૃત માહિતી નીચે મુજબ છે.





ખેતીનાં ઓજાર :

કોસ અને તેની સામગ્રી (સેટ), આરી, તળાવા, રાસ, વરેડું, કાંબી, આડાં, બળદગાડુ, ઝાકડો, માંચી, ઘૂસરી, માળવી, હળ, દેશી હળ, ચાવળ, ખંપો, દંતાળી, પાવડી, કુહાડી, કોદાળી, દાતરડા, ખુરશી, ગોફણ, ફરકડું, પાંસીયુ, ધારીયું, ગરગડી, રોપડી, જાકળો.





રાચરચીલું :

લાકડાની મંજૂષ, માટીની મંજૂસ (પટારો), છાશ વલોણુ, દળવાની ઘંટી, ઘીની વાઢી (માટીની), માટલાં, રવૈયો, ડાલો, કથરોટ, ખાંણિયો, સૂપડું, છાબડા, બેલુ, ઓસી, સુંડલો, સુંડલી, બોંગરા, માટીની ઘડી (કોઠી), હોકો, માચી, લગ્નના વેલળુનો શણગાર, બળદનો શણગાર, શીંગડાના શણગાર, કાંસાની થાળી-વાટકી-લોટો-પવાલુ, ચૂલો, દેગડી, દીવડો, ફાનસ, માડ, શેર વજનના બાટ, ઘોડાયું, તરબાયો, રાંપ, ચબૂતરો, હીંચકો, ઘૂંસરું, ખાંડી, તેરલુ વગેરે.

દરદાગીના :

કાંબીયુ, હાથનો ચુડો, હાથી દાંતના ચૂડા, ઝાંઝર, કલ્લાં, કડલાં, માદળીયાં, પહેરવેશના પોષાક વગેરે.

ઉપર દર્શાવેલ પ્રવાસ દરમ્યાન જે ગામમાં જઈએ ત્યાં અનહદ પ્રેમ મળતો હતો. ગામ લોકો નજીકના રામજી મંદિર, મહાદેવ મંદિર, વાડી કે અન્ય સાર્વજનિક સ્થળે ભેગા થઈ ધ્યાનથી અમારી રજૂઆતો સાંભળતા હતા અને પૂરો સહકાર આપતા હતા. અમારો પ્રેમથી આદર-સત્કાર કરતા હતા.

એક ગામમાંથી બંદૂકા વિવાહની અલભ્ય કંકોત્રી અમને મળી આવી તે અમારા માટે ખૂબ આનંદની વાત હતી. આ કંકોત્રી ફોટો ગેલેરીમાં પ્રદર્શિત કરવામાં આવી હતી.

ઉપર મેળવેલી તમામ ચીજો ખંડ-રમાં પ્રદર્શિત કરવામાં આવી હતી.



આ ઉપરાંત કમિટિના સભ્યોએ પાટીદાર રાજવીઓ પાસેથી ફોટોગ્રાફ્સ મેળવવા માટે વિરમગામ, પાટડી, સચાણા તથા અમદાવાદની મુલાકાતો લીધી હતી. તે દરમ્યાન રાજવીશ્રીના હયાત વારસદારો પાસેથી ફોટોગ્રાફ તથા જૂની માહિતી એકત્રિત કરી હતી. જેનો પ્રદર્શનમાં બખૂબીથી ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ દરમ્યાન પ્રદર્શન બનાવવા તેના ટેબ્લો બનાવ્યા, દૃશ્યનું ચિત્રાંકન કરવા, ફોટો ગેલેરી બનાવવાનાં આયોજન કરવા ટેન્ડર તથા ભાવ મંગાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી હતી. દસેક જેટલી એજન્સીઓએ તેમાં રસ લીધો હતો. તેઓ અવારનવાર ઊંઝા ઉમિયા માતાજી સંસ્થામાં આવતા રહીને તેમના પ્રેઝન્ટેશન રજૂ કરતા હતા. તે દરમ્યાન કમિટિના મેમ્બર ઉપરાંત સંસ્થાના હોદ્દેદારો પણ તે અંગે જાતમાહિતી મેળવતા હતા. પ્રેઝન્ટેશન દરમ્યાન એજન્સીઓ ડ્રોઈંગ, લેપટોપ ઉપર, સ્લાઈડ શો દ્વારા ઉપરાંત મૌખિક રજૂઆત કરતા હતા. આ અંગે કમિટિના સભ્યોએ અમદાવાદના પ્રવાસો કર્યા. મોડી રાત સુધી અમદાવાદમાં મીટીંગો કરી અંતે ભાવ-તાલના દોર શરૂ થયા અને ખૂબ ચર્ચા-વિચારણાના અંતે યોગ્ય એજન્સીને કામ અપાયું.

અમદાવાદના પ્રસિદ્ધ ફોટોગ્રાફર શ્રી પ્રાણલાલ પટેલ પાસેથી પ્રાચીન પાટીદાર જીવન રીતિના આશરે ચાલીસ જેટલા અમૂલ્ય પ્રાચીન ફોટા ખરીદીને લાવવામાં આવ્યા તેનું આકર્ષક ફ્રેમિંગ કરવામાં આવ્યું. સાથે સાથે રાજવી ફોટોગ્રાફનું પણ ફ્રેમિંગ કરવામાં આવ્યું.



બળદ ગાડા મેળવવા માટે પાનસરના જૈન મંદિરમાં વિહાર અર્થે ચાતુર્માસ ગાળતા આચાર્ય હિતવિજયસૂરિજી મહારાજ સાહેબ સાથે કમિટિના ચેરમેનશ્રી ડૉ. અમૃત પટેલને લાંબા ગાળાથી પરિચય હોઈ ચેરમેનશ્રીની આગેવાની નીચે મહારાજ સાહેબની મુલાકાત લીધી. મહારાજશ્રીએ એક ક્ષણનો વિલંબ કર્યા વિના બનાસકાંઠાના ભડથ ગામેથી સાત નવાં ગાડાં તૈયાર કરાવી મહોત્સવમાં આપવા માટે તેમના સેવકોને સૂચના આપી. ભડથ ગામેથી સાત સુંદર ગાડાં લાવીને પ્રદર્શનમાં મૂકવામાં આવ્યાં. જે મહોત્સવ પૂર્ણ થયે આભાર સહ તેમની સૂચના મુજબ અમદાવાદ ખાતે મોકલી આપવામાં આવ્યાં.





પ્રાચીન વસ્તુઓ એકઠી થવા માંડી, પ્રદર્શન માટે પૂતળાં - ઘર વગેરે બનાવવાના ઓર્ડર અપાઈ ચૂક્યા હતા. હવે કમિટિની પ્રદર્શનની ડિઝાઈન કરવાની જવાબદારી શરૂ થઈ. કમિટિના સભ્યોએ મિટિંગો કરી ખૂબ સંશોધન કર્યા બાદ પ્રદર્શનની ડિઝાઈન નક્કી કરી. પ્રદર્શન ચાર ખંડમાં યોજવાનું નક્કી થયું.

વિભાગ-૧ : ઉમિયા માતાજી અને કડવા પાટીદારોની ઉત્પત્તિ વિષયક પ્રથમ વિભાગ હતો. શિવ-પાર્વતીની બાવન પૂતળાની વાર્તાનો ટેબ્લો પ્રકાશ-ધ્વનિ ઈફેક્ટ સાથે રાજા અવનીપતનું દૃશ્ય, પ્રગતિચિત્ર.

વિભાગ-૨ : પાટીદારોના સમાજજીવન વિષે હતો પાટીદારના કાળક્રમે બદલાતા જતા ઘરો, તેમનું રાચરચીલું, રહેણી કરણી, ખેતીના ઓજારો, દાગીના, ભરતકામના નમૂના વગેરે પ્રદર્શિત કરવા.

વિભાગ-૩ : પાટીદાર કૃષિજીવન વિશે હતો જેમાં જીવંત ખેતરનું દૃશ્ય ચાડીયો, માળો, કૂવા, હળ, બળદ, કોષ સાથે બનાવવું.

વિભાગ-૪ : પાટીદાર ફોટો ગેલેરીમાં પાટીદાર સમાજજીવન વિષે, પાટીદારોના ઉત્સવો અને પાટીદાર રાજા-રજવાડાઓ વિષે ફોટોગેલરીનો હતો.

વિભાગ-૫ : પાટીદાર સાંસ્કૃતિક ફિલ્મ, પાટીદારો વિષે પ્રદર્શનમાં સાંસ્કૃતિક ફિલ્મ પલાસર, સુણોક, મકતુપુર, પિંઢારપુરા, વિરમગામ, અમદાવાદ વગેરે જેવા સ્થળોએ શૂટીંગ કરીને તૈયાર કરવામાં આવી હતી જેના માટે પાંચ હજાર માણસો એક સાથે બેસીને જોઈ શકે તેવો ખાસ વિશાળ ડોમ બનાવવામાં આવ્યો હતો.

પ્રદર્શનને "અતિત ગૌરવ" નામ અપાયું.





આ રીતે જોરશોરથી તૈયારી શરૂ થઈ ગઈ. પૂતળાં બનાવવા માટે સુણોક ગામે એક મોટો શેડ ભાડેથી રાખ્યો. ગામ લોકોનો આમાં સેવા-સહકાર મળી રહે છે. ત્યાંની કામગીરી જોવા મુલાકાતીઓનો ઘસારો રહે છે. ઓરિસ્સાના કારીગરો હતા.

આ દરમ્યાન અચરજ સાથે સ્વયંસેવકોને સલામ કરવાનું મન થાય તેવી ઘટના બની ગઈ. ફોટો ગેલેરી બનાવવા માટે મંડપ એજન્સી સાથે તાલમેલ બેઠો નહીં, તેથી ઈંટોની ડિઝાઈનીંગ દિવાલ બનાવવાનું નક્કી થયું. જોતજોતામાં કામ શરૂ થઈ ગયું. દિવાલ બની ગઈ હવે વાત આવી તેને લીંપણ કરવાની તો સ્વયંસેવક બહેનોએ એ કામ ઉપાડી લીધું અને છાણ માટી ભેગી કરી એ દિવાલોને છાણથી લીંપણ કરી આપ્યું. સતત ત્રણ દિવસ એ કામ ચાલ્યું હતું. તો સ્વયંસેવક ભાઈઓ પણ કમ નહોતા. પ્રદર્શન ફરતે શેરડીની દિવાલ બનાવી દીધી સુણોકથી પૂતળાં લાવ્યા, વસ્તુઓ પ્રદર્શનમાં ગોઠવી દીધી તથા ખંતથી પ્રદર્શનની પૂર્વ તૈયારીમાં લાગી ગયા.

છેલ્લા દિવસોમાં સ્થળ ઉપર કામગીરી ખૂબ ઉત્સાહપૂર્વક ચાલી રહી હતી. બધા સ્વયંસેવકો તથા કમિટિ મેમ્બરો આવતા રહે છે. દરેક એજન્સીઓ કાર્યરત છે પ્રદર્શનને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.



'અતિત ગૌરવ'નું ઉદ્‌ઘાટન રાજ્યના મહેસુલમંત્રી આનંદીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું.


મહોત્સવના ચેરમેનશ્રી, કન્વીનરશ્રી તથા પ્રોજેક્ટ ચેરમેનશ્રીના માર્ગદર્શન મળતાં રહે છે. પ્રદર્શનની ગોઠવણી આગળ ધપતી જાય છે. આયોજન કર્યા મુજબ પ્રદર્શનના દરેક ખંડ તૈયાર થઈ ગયા. બાવન પૂતળાની વાર્તા - દૃશ્યો - પાટીદાર જીવન ચરિત્ર - ખેતર તથા ફિલ્મ ડોમ બધુ જ તૈયાર છે.

આ સમગ્ર કાર્યવાહી દરમ્યાન કમિટિએ લગભગ ૮૦ મીટીંગો કરી, ૧૫ જેટલા ગ્રામ્ય પ્રવાસ તથા ૫ જેટલા અમદાવાદના પ્રવાસ કર્યા. કમિટિમાં ૯ સભ્યો (કદાચ મહોત્સવની બધી કમિટિ પૈકી નાનામાં નાની કમિટિ) તથા ૩૦૦ સ્વયંસેવક ભાઈ-બહેનોએ સેવા આપી. આશરે ૨૫ લાખથી વધુ લોકોએ પ્રદર્શન નિહાળ્યું.

અંતે જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે દિવસ આવી ગયો. શુભ મુહૂર્તમાં મહાયજ્ઞનો આરંભ થયો. પ્રદર્શન 'અતિત ગૌરવ'નું ઉદ્‌ઘાટન રાજ્યના મહેસુલમંત્રી આનંદીબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ પ્રદર્શન સામાન્ય મુલાકાતી માટે ખુલ્લું મૂકાયું. 'અતિત ગૌરવ'માં પાટીદાર ઈતિહાસને જોવા-સમજવા પ્રેક્ષકોએ એક-દોઢ કિલોમીટર જેટલી લાંબી લાંબી લાઈનો લગાવી દીધી. લોકોએ અનહદ લોકચાહનાથી પ્રદર્શનને વધાવી લીધું. પ્રચંડ પ્રતિસાદ મળ્યો. પ્રેક્ષકોએ શિસ્તબદ્ધ રીતે કલાકોની કલાકો સુધી લાઈનમાં ઊભા રહી પ્રદર્શન નિહાળ્યું. આશરે ૨૫ લાખથી વધુ લોકોએ નિહાળ્યું.

'અતિત ગૌરવ'માં પાટીદાર ઈતિહાસને જોવા-સમજવા પ્રેક્ષકોએ એક-દોઢ કિલોમીટર જેટલી લાંબી લાંબી લાઈનો લગાવી દીધી.

હવે કામગીરીનો બોજ સ્વયંસેવકો ઉપર હતો. અવિરત ધસારાને કાબૂમાં રાખવા તેમણે ખૂબ જહેમત ઉઠાવી. ભૂખ્યા-તરસ્યા, તડકો-છાંયો જોયા વગર, શીફ્ટ ભૂલીને સળંગ ૮ રાત્રી સુધી તેમણે ફરજ બજાવી. ફરજના સ્થળ ઉપર જે મળ્યો તે નાસ્તો આરોગી-પાણી પી ખડેપગે ફરજ બજાવી. તેમની તનતોડ મહેનત દાદ માગી લે તેવી હતી. આટલી મોટી જનમેદનીને કાબૂમાં રાખવી સહેલું કામ નહતું.



આખરે **'અતિત ગૌરવ'** પ્રદર્શન મહોત્સવનું એક યાદગાર મુલાકાતનું સ્થળ બની રહ્યું. બધાએ મુક્તકંઠે તેની પ્રશંસા કરી.

છેલ્લા દિવસે પ્રદર્શનની પૂર્ણાહુતિ પછી સૌ સ્વયંસેવક ભાઈ-બહેનો તથા કમિટિના સભ્યો આનંદમાં આવી ગયા અને આ સફળતા 'મા'ના આશિષથી જ મળે તેમ માની 'મા'ને વંદન કર્યાં. ત્યાર બાદ બધાએ ભેગા મળી આનંદથી ઝૂમ્યા-નાચ્યા, ગરબા ગાયા અને ઉત્સાહભેર સફળતાની ઉજવણી કરી. છેલ્લે સૌ એકબીજાને અભિનંદન આપી મોડી રાત્રે છૂટા પડ્યા.

મહોત્સવ પૂર્ણ થયાના બીજા દિવસે બધા જ કમિટિ મેમ્બરો સ્થળ ઉપર ભેગા થયા અને બધો જ સામાન પૂતળાં - ફોટા - રાચરચીલું - ઓજારો વગેરે ઉમિયા માતાજીના પ્રાંગણ માનસરોવરની જગ્યામાં એક રૂમમાં ગોઠવીને મૂકી આવ્યા. ભવિષ્યમાં જ્યારે આવું કાયમી પ્રદર્શન કરવાની યોજના બને તો આને ઉપયોગમાં લઈ શકાય તેમ છે.





આખરે 'અતિત ગૌરવ'પ્રદર્શનની બધાએ મુક્તકંઠે તેની પ્રશંસા કરી. પ્રદર્શનની પૂર્ણાહુતિ પછી સૌ સ્વયંસેવક ભાઈ-બહેનો તથા કમિટિના સભ્યો આનંદમાં આવી ગયા 'મા'ને વંદન કર્યાં. ત્યારબાદ બધા ભેગા મળી આનંદથી ઝૂમ્યા-નાચ્યા, ગરબા ગાયા અને ઉત્સાહભેર સફળતાની ઉજવણી કરી.

ઘરનું રાચરચીલું


ક્રમ	તારીખ	આઈટમનું નામ	નંગ
૧	૧૭-૯-૦૯	કંકોતરી (લગ્ન પત્રિકા)	૧
૨	૧૭-૯-૦૯	દાગીના મુકવાનો પિત્તળનો ડબો	૧
૩	૧૭-૯-૦૯	શાખીયા	૨
૪	૧૭-૯-૦૯	ગાલમસુરીયા	૨
૫	૧૭-૯-૦૯	ટોડલા	૬
૬	૧૭-૯-૦૯	પંછીત પાટી	૧
૭	૧૭-૯-૦૯	તોરણ	૨
૮	૧૭-૯-૦૯	ઘરણીયો	૧
૯	૧૭-૯-૦૯	હોકો અને નેટ	૧
૧૦	૧૭-૯-૦૯	ખલેચો	૧
૧૧	૧૭-૯-૦૯	લગ્નની માંચી	૧
૧૨	૧૭-૯-૦૯	આભલાના તોરણ	૧
		કુલ	૨૦

પશુનો સામાન

ક્રમ	તારીખ	આઈટમનું નામ	નંગ
૧	૪-૧૦-૦૯	બળદના ઘુઘરાનો બેલ્ટ	૧
૨	૪-૧૦-૦૯	પિત્તળનો ઘુઘરો	૧
૩	૧૭-૦૯-૦૯	બળદના ઓઢા	૩
૪	૧૭-૦૯-૦૯	શીંગડાનો શણગાર	૪
૫	૧૭-૦૯-૦૯	કપાળીયા	૪
૬	૧૭-૦૯-૦૯	મસીયાળ	૨
૭	૧૭-૦૯-૦૯	બળદની ઝૂલ	૨
૮	૧૭-૦૯-૦૯	ગાડા	૧

ખેતીના ઓજારો

ક્રમ	તારીખ	આઈટમનું નામ	નંગ
૧	૬-૯-૦૯	ચાવેર	૨
૨	૬-૯-૦૯	રોપડી	૩
૩	૬-૯-૦૯	હરાણી	૨
૪	૬-૯-૦૯	ઘુસરા	૪
૫	૬-૯-૦૯	રોપનો સેટ	૧
૬	૬-૯-૦૯	તરબાચો	૧
૭	૬-૯-૦૯	સાંઠબો	૧
૮	૬-૯-૦૯	ડાબો	૧
૯	૬-૯-૦૯	ઘોડી ત્રણ પાયાની	૧
૧૦	૬-૯-૦૯	હાંસી	૧
૧૧	૬-૯-૦૯	વલોણુ	૧
૧૨	૬-૯-૦૯	કોષના છૂપભાગો	
૧૩	૬-૯-૦૯	કથરોટ (લોખંડનું)	૧
૧૪	૬-૯-૦૯	ફરકડી	૧
૧૫	૬-૯-૦૯	દંતાળી	૧
૧૬	૬-૯-૦૯	ખાંડી	૨
૧૭	૬-૯-૦૯	દોરડું (વરપ)	૧
૧૮	૬-૯-૦૯	જોતર	૧
		કુલ	૨૫





ઔદ્યોગિક-વાણિજ્ય-કૃષિ સ્ટોલ કમિટિ



ચેરમેનશ્રી
અરવિંદભાઈ સોમાભાઈ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
જયેશભાઈ જયંતિલાલ પટેલ



કો.ઓર્ડિનેટરશ્રી
કુલદીપભાઈ જયંતિભાઈ પટેલ



: વિશેષતા :

સામાજિક ઉત્થાનની સાથે વિશ્વભરમાં ગુજરાતના વેપાર વાણિજ્યનો પરિચય લહેરાવવા ઔદ્યોગિક વાણિજ્ય અને કૃષિ સંશોધનનું ભવ્ય પ્રદર્શન









કૃષિ-ઔદ્યોગિક-વાણિજ્ય પ્રદર્શન કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન : **શ્રી અરવિંદભાઈ સોમાભાઈ પટેલ**
વાઈસ ચેરમેન : **શ્રી જયેશભાઈ જયંતિલાલ પટેલ**
કો-ઓર્ડિનેટર : **શ્રી કુલદીપભાઈ જયંતિભાઈ પટેલ**

કમિટિ સભ્યો : **૫૫**
મા ઉમિયાના સ્વયંસેવકો : **૨૫૦**



મા ઉમિયાનો મહોત્સવ સમગ્ર પાટીદાર સમાજ માટે ગૌરવવંતો અને અદ્‌ભુત અવર્ણનીય માનવ-મહેરામણની ઉપસ્થિતિમાં વિના વિઘ્ને પૂર્ણ થયો... તેમાં અનેક વિભાગોએ-સમિતિઓએ સ્વેચ્છાએ સંપૂર્ણ જવાબદારી લઈ મા ઉમિયાના આ મહોત્સવને ચાર ચાંદ લગાવ્યા. તે પૈકી અમારા શિરે ધરતી પુત્રો / ઉદ્યોગપતિઓ / વિદ્યાર્થી ભાઈ-બહેનોને જીવન-પર્યંત ઉપયોગી થઈ શકે તેવું અનોખું માહિતીસભર માર્ગદર્શન મળી રહે તેવું સુંદર આયોજન "કૃષિ-ઔદ્યોગિક-વાણિજ્ય પ્રદર્શન"ના બેનરતળે લગભગ ૨૫૦ સ્વયંસેવક ભાઈ-બહેનોના સામૂહિક પ્રયત્નોથી કરવામાં આવ્યું.

જેમાં બધા જ સ્વયંસેવક ઉપરાંત મહોત્સવના ચેરમેનશ્રી નારાયણકાકા, કન્વીનરશ્રી મણિકાકા, પ્રોજેક્ટ ચેરમેનશ્રી એમ. એસ. પટેલ, નાણાં કમિટિના ચેરમેનશ્રી વિષ્ણુભાઈ, મંડપ કમિટિ ચેરમેનશ્રી મનુભાઈ તેમજ મા ઉમિયા સંસ્થાનના માનનીય પ્રમુખસાહેબ શ્રી કેશુભાઈ શેઠનું અનન્ય માર્ગદર્શન અને પીઠબળ મળી રહ્યું.



કૃષિ-ઔદ્યોગિક-વાણિજ્ય પ્રદર્શનમાં માન.સરકારશ્રીના અનેક મંત્રાલયો અને કૃષિ-ઔદ્યોગિક વિભાગ સાથે સંકળાયેલ સ્ટોલનું આયોજન લાખો રૂપિયાના અનુદાનની ભાવના સાથે ખેડૂતો અને ઉદ્યોગગૃહોને આગામી સમયમાં આર્થિક ઉન્નતી કઈ રીતે વધારી શકાય તે અંગેનું વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું. જેમાં ડ્રીપ-ઈરીગેશન પદ્ધતિનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરવામાં આવ્યું અને સમગ્ર દેશ અને દુનિયામાંથી પધારેલ ખેડૂત મિત્રોને ડ્રીપ-ઈરીગેશન આધારિત ખેત-સિંચાઈ પદ્ધતિથી જોડવા માટે સંકલ્પ ફોર્મ ભરવામાં આવ્યાં.

ઉપરોક્ત પ્રદર્શનનો શમિયાણો એ.સી.ની કુલીંગ સીસ્ટમ સાથે એકદમ આધુનિક દરજ્જાનો બનાવવામાં આવ્યો અને તેમાં સમગ્ર દેશ અને દુનિયાના અનેક ઉત્પાદક-એકમો, જ્વેલર્સો, બિલ્ડર્સ તેમજ નાના ઉદ્યોગકારોએ પોતપોતાનાં ઉત્પાદનોનું વેચાણ તેમજ પ્રદર્શન કર્યું. ઓટોમોબાઈલ્સ ક્ષેત્રેના કાર-ટ્રેક્ટરના ઉત્પાદકો પણ આ પ્રદર્શનમાં જોડાયા.

આ પ્રદર્શનમાં જીવંત પશુધન ગાય, બળદ, કચ્છી ઘોડી જેવાં અનેક દૂધાળાં પશુઓની જાતોના પ્રદર્શનનું સરકારશ્રીના સહયોગથી અને આપણા પશુ-ચિકિત્સાલય ઊંઝાના ડૉક્ટરશ્રી આશિષભાઈ પટેલના માર્ગદર્શન અને પ્રયત્નોથી આયોજન કરવામાં આવ્યું.


આજના આધુનિક યુગમાં વિદ્યાર્થીઓ માટે પોતાની કારકિર્દીના અનેક અભ્યાસક્રમો અંગે સુંદર માહિતીસભર સતત સેમિનારોનું આયોજન જેસીસ મેમ્બર શ્રી હર્ષદભાઈ મોદી, શ્રી તુષારભાઈ શાહ, શ્રી જીતેન્દ્રભાઈ જૈન અને એમની ટીમના અન્ય મેમ્બરોના સહયોગ અને પરિશ્રમથી ખૂબ જ સફળ રીતે કરવામાં આવ્યું.

જ્યાં મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું તે સ્થળે મા ઉમિયાના હુબહુ મંદિરની પ્રતિકૃતિ જાહેર જનતાના દર્શનાર્થે એલઈડી સીસ્ટમ દ્વારા લાઈવ માતાજીનાં દર્શન, કરવા, માટે કરવામાં આવી. લાખ્ખો ભક્તોને કતારબદ્ધ-ધક્કામુક્કી ન થાય તે રીતે શાંતિમય દર્શન કરાવવા માટે શ્રી ધર્મેન્દ્રભાઈ અને તેમની ટીમના મિત્રો અને દૂધલીની દેશની બહેનો ખડેપગે સંચાલન કર્યું.



ઉપરોક્ત પ્રદર્શનના સફળ સંચાલન અને માર્ગદર્શનમાં અમને મહોત્સવના પ્રોજેક્ટ ચેરમેનશ્રી એમ. એસ. પટેલ અને તેમના સહયોગી અધિકારીશ્રીઓએ અથાગ મહેનત અને મેનેજમેન્ટ કરી સફળ બનાવવામાં મહત્તમ ફાળો આપ્યો.

ઊંઝા તેમજ ગ્રામ્ય વિસ્તારના મળી કુલ ૨૫૦ સ્વયંસેવક મિત્રો, જેમાં ઊંઝા જેસીસ, રૂસાત પરિવારના મિત્રો, આંટા સમાજની બહેનો અને પેપળીયા પરિવારના મિત્રો તેમજ શ્રી કમલેશભાઈ, શ્રી દેવેન્દ્રભાઈ, શ્રી જીજ્ઞેશભાઈ, શ્રી હિતેષભાઈ, શ્રી હિરેનભાઈ જેવા અનેક મા ઉમાને સમર્પિત સ્વયંસેવક મિત્રોના સહયોગ થકી અમને "કૃષિ-ઔદ્યોગિક-વાણિજ્ય પ્રદર્શન"નું સફળ આયોજન પૂર્ણ કરવાનો શ્રેય મળી શક્યો. તે બદલ અમો સૌ કોઈનો ખરા દિલથી હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.



અંતમાં ઉપરોક્ત પ્રદર્શનમાં જેઓએ એક નિર્માતા તરીકે રાત-દિવસ જોયા વિના સતત કામકર્યું છે તેવા આ વિભાગના વાઈસ ચેરમેનશ્રી જયેશભાઈ અને કન્વીનરશ્રી કુલદીપનો ખરા અંતઃકરણથી આભાર માનું છું. અને મા ઉમિયાની નિશ્રામાં આવા અનેક આયોજન થકી આપણે સૌ સંગઠિત રહી સમગ્ર સમાજ અને નગરનું ગૌરવ વધારીએ એવી મા ઉમાને પ્રાર્થના...

• • •

સોવિનિયર કમિટિ




ચેરમેનશ્રી
કૌશિકભાઈ ગોવિંદભાઈ પટેલ



વાઈસ ચેરમેનશ્રી
આતિશકુમાર અમૃતલાલ પટેલ
(મુખી)



કો.ઓર્ડિનેટરશ્રી
આનંદભાઈ સોમાભાઈ પટેલ



: વિશેષતા :

મહોત્સવના વિચારબીજથી લઈને તે પૂર્ણાહુતિ સુધીના ક્ષણે ક્ષણે, પળેપળના પ્રસંગો સાચવવા માટે ઊંઝાની યુવા ટીમે ખાસ સોવિનિયર તૈયાર કરવાનું બીડું ઝડપ્યું છે. તેના માટે આ કમિટિએ દિવસ-રાત એક કરીને તમામ ગતિવિધિનું દસ્તાવેજીકરણ કર્યું છે. મહોત્સવ પૂર્ણ થયા બાદ દોઢ મહિનામાં સોવિનિયર સમગ્ર સમાજ અને વિશ્વ સમક્ષ ઉમિયા માતાજીના મંદિરેથી લોકાર્પણ થશે.












: ટીમવર્ક :



સોવેનિયર કમિટિ કાર્યસિદ્ધિ

ચેરમેન	: શ્રી કૌશિકભાઈ ગોવિંદભાઈ પટેલ	કમિટિ સભ્યો	: ૫૫
વાઈસ ચેરમેન	: શ્રી આતિશકુમાર અમૃતલાલ પટેલ (મુખી)	મા ઉમિયાના સ્વયંસેવકો	: ૨૫૦
કો-ઓર્ડિનેટર	: શ્રી આનંદભાઈ સોમાભાઈ પટેલ		



૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ ઉજવવાની તૈયારી પુરજોશમાં ચાલુ હતી. લગભગ બધી જ કમિટિઓ પોતપોતાના કામમાં વ્યસ્ત હતી. ઉજવણીની તારીખ નજીક આવી રહી હતી. ત્યારે ચેરમેનશ્રી નારાયણકાકા, કન્વીનરશ્રી મણિભાઈ મમ્મી, પ્રો.ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ પટેલ સરકારી સંકલન કમિટિના ચેરમેન શ્રી કા. મુ. પટેલ વગેરેને વિવિધ સહકારી સંસ્થાઓના આગેવાનોએ વિનંતી કરી કે અમારી સંસ્થા મહોત્સવમાં સહકાર આપવા માગે છે. પરંતુ જાહેરાત સિવાય અમે નાણાં આપી શકીએ નહીં. તથા મહોત્સવ પછી મહોત્સવની યાદગીરી જળવાઈ રહે તે માટે પણ તેના પોઈન્ટ ટુ પોઈન્ટ દસ્તાવેજીકરણની પણ જરૂર પડવાની હતી. આ માટે તમામ આગેવાનોએ સોવેનિયર કમિટિ બનાવવી અને આ કમિટિને ગુજરાતભરની A.P.M.C. માર્કેટ, સહકારી બેંકો, મંડળીઓ વગેરે વિવિધ એકમોમાંથી જાહેરાત સ્વરૂપે દાન ઉઘરાવવું તથા મહોત્સવ પૂર્ણ થયેથી તેની કામગીરીની યાદસ્વરૂપે સોવેનિયર બનાવી તેને પ્રકાશિત કરવાનું કામ કરવાનું હતું. વિચારણાને અંતે પ્રચાર પ્રકાશન કમિટિમાં સતત બે વર્ષથી કામ કરી રહેલ યુવા ટીમને આ કામગીરી સોંપીને સોવેનિયર કમિટિ બનાવવામાં આવી.


૨૫ યુવા સભ્યોની બનેલી સોવેનિયર કમિટિએ ટૂંકા ગાળામાં જાહેરાત એકઠી કરવાનું કઠીન કામ બાખૂબી નિભાવ્યું. શ્રી નારાયણકાકાના સહકારથી A.P.M.C. માર્કેટોની જાહેરાતો મેળવવાનું સરળ બન્યું. પ્રો. ચેરમેન શ્રી મહેન્દ્રભાઈની પ્રોજેક્ટ ટીમ અને તેમના સહકારથી સુરત, અમદાવાદ, વલસાડના અધિકારી સાહેબશ્રીઓના સાથ-સહકારથી જાહેરાતો સારી એવી સંખ્યામાં મેળવી શક્યા. આ ઉપરાંત સરકારી સંકલન કમિટિના ચેરમેનશ્રી કા. મુ. પટેલ, બંદોબસ્ત કમિટિના ચેરમેનશ્રી, હસમુખભાઈ પટેલ તથા સોવેનિયર ટીમના સભ્યોએ સતત એક મહિના સુધી ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ભ્રમણ કરીને મહોત્સવ વિશે પ્રચારની સાથે સાથે જાહેરાતો એકઠી કરી.



સોવેનિયર કમિટિ વિવિધ વિસ્તારો જેવા કે પાલનપુર, મહેસાણા, વિસનગર, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, ભરૂચ,



અંકલેશ્વર, સુરત, રાજકોટ વગેરે સ્થળોએ રૂબરૂ મિટિંગો યોજીને ત્યાંના પાટીદાર ભાઈઓને આવનાર મહોત્સવ વિશે માહિતગાર કર્યા અને જાહેરાત સ્વરૂપે દાન પણ મેળવ્યું.



ઉપરાંત મહોત્સવ દરમ્યાન શ્રી ઉમિયાનગરમાં સોવેનિયર કમિટિના સ્ટોલ બનાવવામાં આવ્યા. અભૂતપૂર્વ માનવ મહેરામણને લીધે મહોત્સવમાં પાણીની સગવડ મળી રહે તે માટે પાણીના પાઉચની વ્યવસ્થામાં માહિતી કમિટિની સાથે ખભેખભા મીલાવીને સોવેનિયર કમિટિના યુવાન સભ્યો જોડાઈ ગયા.

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ અભૂતપૂર્વ અને અવિસ્મરણીય યાદો સાથે રંગેચંગે ઉજવાઈ ગયો. સોવેનિયર કમિટિને માટે હવે સોવેનિયર બનાવી મહોત્સવની નાનામાં નાની ઘટનાને યાદગીરી સ્વરૂપે સાચવીને તેનું વિમોચન કરવાની કઠિન કામગીરી શરૂ કરવાની હતી.

સર્વ પ્રથમ મેળવેલી જાહેરાતોને સુંદર બનાવી જાહેરાત આપનાર સંસ્થા પાસે તેનું પ્રુફ કરાવી તેને આખરી ઓપ આપવાની કામગીરીમાં ત્રણ થી ચાર મહિનાનો સમય નીકળી ગયો. સમગ્ર મહોત્સવની ૨૧ કમિટિઓના ચેરમેનશ્રીઓને રૂબરૂ મળીને તેમની કમિટિએ કરેલ કાર્યોની મુદ્દાસર માહિતી મેળવી. વિવિધ ફોટોગ્રાફરો પાસેથી એકઠા કરીને મેળવેલ. મહોત્સવના ૨૦૦૦૦ થી ૨૫૦૦૦ ફોટોગ્રાફમાંથી પસંદગી કરીને વિવિધ પ્રસંગો પ્રમાણેના ફોટોગ્રાફ પસંદ કરવાનું કાર્ય કઠિન હતું. લાંબા-લાંબા લખાણોથી દૂર રહીને સચોટ માહિતી અને આકર્ષક ફોટોગ્રાફ સાથેનું સોવેનિયર જે મહોત્સવની યાદગીરી માટે એક પાયાનો આધારસ્તંભ બની શકે તે માટે સતત ૧ વર્ષ સુધી રાત-દિવસ જોયા વગર કરેલી કામગીરીને અંતે ૨૮૦ પેજનું સોવેનિયર મા ઉમિયાની કૃપાથી પૂરું કરી શક્યા. જેનો આનંદ શબ્દોમાં વર્ણવવો શક્ય નથી.



શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના હોદ્દેદારો અને મહોત્સવની વિવિધ કમિટિઓના હોદ્દેદારશ્રીઓની હાજરીમાં શ્રી ઉમિયા માતાજી મંદિરના સત્સંગ હોલમાં સોવેનિયરનું વિમોચન કાર્યકારી પ્રમુખશ્રી અનિલભાઈ પટેલ અને માનદ્મંત્રીશ્રી લીલાચંદભાઈ પટેલના વરદ્હસ્તે કરવામાં આવ્યું.



સમગ્ર સોવેનિયર તૈયાર કરવામાં ચેરમેનશ્રી કૌશિકભાઈ પટેલ, વાઈસ ચેરમેનશ્રી આનંદભાઈ પટેલ, સમગ્ર સોવેનિયર કમિટિ, ઉપરાંત મહોત્સવના કન્વીનરશ્રી મણિભાઈ મમ્મી, પ્રોજેક્ટ ચેરમેનશ્રી મહેન્દ્રભાઈ પટેલ, પ્રોજેક્ટ ટીમના સભ્યશ્રી ચિરાગભાઈ પંચાલ - અમદાવાદ, પ્રચાર-પ્રકાશન કમિટિ ચેરમેન શ્રી દિલીપભાઈ પટેલ (નેતાજી), શ્રી દિપક જે. પટેલ (ડી.જે.), શ્રી હિતેષ જે. પટેલ (જે.બી.) ઉપરાંત ખાસ તો સમગ્ર સોવેનિયરના ડિઝાઈનરશ્રી હસમુખભાઈ ગુરુ અને તમામ કમિટિઓના ચેરમેનશ્રીઓ, વા.ચેરમેનશ્રીઓ અને કો.ઓર્ડીનેટરશ્રીઓના સાથ અને સહકારથી ટૂંકી, મુદ્દાસર અને પાયાની માહિતી સાથેનું સુંદર સોવેનિયર બનાવી શક્યા તે માટે તમામને શ્રી ઉમિયા માતા સુખ શાંતિ અને સમૃદ્ધિ બક્ષે તેવી અભ્યર્થના સહ...

• • •





હેલિકોપ્ટર પુષ્પવર્ષા કમિટિ

: ટીમવર્ક :





ડાબેથી શ્રી વિષ્ણુભાઈ નારાયણદાસ પટેલ (ચોક્સી), શ્રી બિપીનભાઈ ચીમનલાલ પટેલ, શ્રી મહેશભાઈ મણિલાલ પટેલ (નુંગરા), શ્રી મુકેશભાઈ સોમાભાઈ પટેલ, શ્રી સંદિપકુમાર વસંતભાઈ પટેલ (કેપ્ટન), શ્રી દશરથભાઈ નાથાલાલ પટેલ, (બજરંગ), શ્રીઘનશ્યામભાઈ બાબુલાલ પટેલ, શ્રી ગીરીશભાઈ પરસોત્તમદાસ પટેલ (ટોમી)



હેલિકોપ્ટર પુષ્પવર્ષા કમિટિ કાર્યસિદ્ધિ


શ્રી ઉમિયા માતાજી ઊંઝાનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ તા. ૨૮-૧૧-૨૦૦૯ થી તા. ૨-૧૨-૨૦૦૯ પાંચ દિવસ માટે ઉજવવાનું નક્કી થયું. આ મહોત્સવની સફળતા માટે વિવિધ કમિટિઓની રચના કરવામાં આવી હતી. દરેક કમિટિ પોતાની શ્રેષ્ઠ કામગીરી બતાવવા માટે સતત કાર્યશીલ બની પોતાની કામગીરી શરૂ કરી. હેલિકોપ્ટર કમિટિની રચના કરવામાં આવેલ ન હતી. પરંતુ ભાદરવા સુદ-રને શનિવાર, તા. ૨૨-૮-૨૦૦૯ના રોજ સવારના ૧૦-૦૦ કલાકે મંદિર પરિસરમાં મુખ્ય ધ્વજદંડના યજમાન શ્રી સી. કે. પટેલ પરિવારના વરદ્હસ્તે શ્રી ઉમિયા માતાજીના નિજમંદિરના શિખર ઉપર મુખ્ય સુવર્ણ ધ્વજદંડ તેમજ ચારે ચોકીના ચાર ધ્વજદંડ તથા ઉમેશ્વર મહાદેવના મંદિરના શિખર ઉપરના ધ્વજદંડની પુનઃ પ્રતિષ્ઠા માટે મંદિર પરિસરના ચાચર ચોકમાં ૨૭ x ૨૭ યજ્ઞ મંડપમાં શાસ્ત્રોક્ત વિધિ સાથે જે તે ઉછામણીના દાતાશ્રીઓના પરિવારના વરદ્હસ્તે પૂજનવિધિ કરી દરેક ધ્વજદંડની સાંજના ૫-૫૬ કલાકે પહેલાં શિખર ઉપર મા ઉમિયા જયઘોષ સાથે પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રસંગને વધુ દિપાવવા માટે હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા કરવામાં આવી હતી. હેલિકોપ્ટર દ્વારા જ્યારે મંદિરના શિખર ઉપર પુષ્પવર્ષા ચાલુ હતી ત્યારે હજારો ભક્તોએ મા ઉમિયાનો જયઘોષ બોલાવી વાતાવરણ મા મય બનાવ્યું હતું. આ પ્રસંગને ધ્યાને લઈ આયોજકોને એમ લાગ્યું કે




realpatidar.com
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, સ્મૃતિગ્રંથ
361
॥ श्री उमिया शरणम् मम : ॥
realpatidar.com

આ મહોત્સવ દરમિયાન પાંચ દિવસ હેલિકોપ્ટર લાવી તેમાં ઉમાનગરના યજ્ઞ મંડપ ઉપર અને નિજમંદિરના શિખર ઉપર પુષ્પવૃષ્ટિ કરવામાં આવે તો મહોત્સવની ભવ્યતામાં વધારો થાય. આ વિચારના અમલીકરણ માટે પ્રોજેક્ટ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈના માર્ગદર્શન અને સરકારી સંકલન કમિટિના ચેરમેન શ્રી કાંતિભાઈ પટેલ (કા.મુ.)ની સલાહ-સૂચન મુજબ છેલ્લે હેલિકોપ્ટર કમિટિના સભ્યોની રચના કરવામાં આવી.

આ કાર્યક્રમની તૈયારીઓ માટે હરિકૃપા ટ્રાન્સપોર્ટવાળા શ્રી સંજયભાઈએ પોતાની ઓફિસ ઉપયોગ માટે આપી





તા. ૨૮-૧૧-૨૦૦૯ના રોજ મહોત્સવના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ હોવાથી મુખ્યમંત્રીશ્રી મા.નરેન્દ્રભાઈ મોદી આવવાના હોવાથી તા. ૨૯-૧૧-૨૦૦૯ થી તા. ૨-૧૨-૨૦૦૯ સુધી એટલે કે કુલ ૪ દિવસ માટે આ કાર્યક્રમ રાખવામાં આવ્યો. જેમાં તા. ૨૯-૧૧-૨૦૦૯ના પ્રથમ દિવસે પ્રથમ પુષ્પવૃષ્ટિ કરવા માટે ઉછામણી રાખવામાં આવી હતી. જેનો લાભ તિરૂપતી સર્જન પ્રા. વાળા શ્રી જીતુભાઈ પટેલ તથા ધારાસભ્ય શ્રી ઋષિભાઈ પટેલે લીધો હતો તે જ રીતે તા. ૩૦-૧૧-૨૦૦૯ના રોજ શ્રી બિપીનભાઈ ભગવાનદાસ પટેલ, ઊંઝા (તિરૂપતી ડેવલપમેન્ટ લિ. યુગાન્ડા) તા. ૧-૧૨-૨૦૦૯ના રોજ શ્રી અરવિંદભાઈ ભવાનીશંકર મહેતા (માજી પુજારી શ્રી ઉમિયા માતાજી મંદિર-ઊંઝા) તથા તા. ૨-૧૨-૨૦૦૯ના રોજ શ્રી ગોવિંદભાઈ પટેલ (વરમોરા ગ્રુપ મોરબી) યજ્ઞ પૂર્ણાહુતિ પુષ્પવર્ષા શ્રી ડી. ડી. પટેલ (અમદાવાદ). આ કાર્યક્રમ પછી સવારે ૯ થી ૫ કલાક સુધી હેલિકોપ્ટર દ્વારા ૧૨ મિનિટમાં એક ચક્કર લગાવવામાં આવતું હતું જેનો ૫૦૦ જેટલા યાત્રિકોએ લાભ લીધો અને ધન્યતા અનુભવી. આ હેલિકોપ્ટરમાં એક સાથે ૪ વ્યક્તિ બેસી શકતા હતા. આ એક અનોખા પુષ્પવર્ષાના કાર્યક્રમથી મહોત્સવમાં આવેલા લાખો ભક્તોએ આ કાર્યક્રમ નિહાળી ધન્યતા અનુભવી અને આ મહોત્સવનું એક યાદગાર સંભારણું બની રહ્યું.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આ કમિટિના આઠ યુવાન સભ્ય મિત્રોએ ખૂબ જ કાળજી અને ઝીણવટપૂર્વક આયોજન કરેલ હોવાથી કોઈપણ પ્રકારનો અઘટીત બનાવ બન્યા સિવાય બહુ જ સફળતાપૂર્વક આ કાર્યક્રમ પૂર્ણ થયો તેજ મા ઉમિયાની કૃપા.






SAR AVIATION
realpatidar.com
realpatidar.com


realpatidar.com
१८મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, સ્મૃતિગ્રંથ
365
॥ श्री उमिया शरणम् मम : ॥
realpatidar.com

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

ઉમિયા મહોત્સવમાં શ્રધ્ધાળુઓનો માનવ મહેરામણ



પગપાળા જતાં સંઘો માટે બુટ્ટાપાલડીમાં વ્યવસ્થા

મા ઉમિયા મહોત્સવમાં ઘીથી લચપચ ૩૦ લાખ લાડુ અને ૪૦ હજાર કિલો બુંદી

ઉમિયા મહોત્સવ સમસ્ત ગુજરાતીઓનો ઉત્સવ : નારણભાઈ પટેલ

મુસ્લિમ સમાજે ૧૦૧ ડબ્બા તેલ મોકલ્યું

ઉનાવા મીરા દાતારના ગેસ્ટ હાઉસ મુસ્લિમ સમાજે ઉમિયાજીના ભક્તોને ફાળવ્યા : ઠાકોરોએ પાંચ કિલો ચાંદીની તલવાર ભેટ આપી

ઊંઝા મહોત્સવમાં સ્વાઈન ફ્લૂ ચકાસણીના બે સ્કેનર મુકાશે

વાલ્મીકી સમાજના ૫૦૦ જણા શ્રમયજ્ઞમાં જોડાશે

ધર્મોત્સવ માટેની તૈયારીઓ દોઢ વર્ષ પૂર્વે શરૂ કરાઈ હતી

ભક્તોના ભોજનપ્રસાદની રસોઈના ચૂલા ફૂંકાયા

૧૦ લાખ પાટીદારોએ માતાજીનાં દર્શન કર્યાં : જયઘોષનો ગુંજારવ

મહેરામણ ઊમટ્યો, મહાયજ્ઞનો પ્રારંભ

દેશની ઔદ્યોગિક કંપનીઓ મા ઉમાની શરણમાં

નિરમા,ગોદરેજ,ટાટા સહિત રિયલ એસ્ટેટ ક્ષેત્રની કંપનીઓ જોડાઈ

માને પ્રથમવાર ૨૦૫ ફૂટની ધજા ચઢશે

એક લાખ શ્રદ્ધાળુએ દર્શન કર્યાં

ઊંઝામાં ભક્તિનું ઘોડાપૂર

રજતજયંતિ મહોત્સવમાં કડવા પાટીદારોની એકતા-શક્તિનાં દર્શન

મહોત્સવની ઉછામણીના ૨૧ યજમાનો

...તે મહોત્સવનો શાનદાર પ્રારંભ

ઊંઝામાં પાંચ લાખ ભક્તો ઉમટી પડ્યા



ગુજરાત સમાચાર

મહેસાણા, પાટણ બનાસકાંઠા જિલ્લા આવૃત્તિ

ઉમિયા મહોત્સવમાં ૧૫ લાખ ભક્તો ઉમટ્યા

ઉમિયાનગરમાં બીજા દિવસે ૭ લાખ લોકોએ ભોજન લીધું

ઊંઝામાં બીજા દિવસે દાતાઓએ ૨૫૬૦ બોટલ રક્ત આપ્યું

... લોકોએ મા ઉમાના દર્શન કર્યા : ઐતિહાસિક ... લાખો ભક્તોથી છલકાઇ ગયું

સંદેશ

દબદબાભર્યા ઊંઝા મહોત્સવનો ... પ્રારંભ

વૈશ્વિક ઉત્કર્ષના કેન્દ્ર સહસ્ત્ર ચંડી મહાયજ્ઞનો સવારે પ્રારંભ : ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કરશે

પૂર્વસંધ્યાએ ૧.૭૦ લાખે દર્શન કર્યા

ઊંઝામાં ૧૧ પેસેન્જર ટ્રેનોને સ્ટોપેજ : ૮ સ્પેશિયલ ટ્રેન

વેસ્ટર્ન ટાઇમ્સ

સદીના સૌથી મોટા મા ઉમિયાના ૧૮મી શતાબ્દી રજતજયંતિ મહોત્સવનો આજથી પ્રારંભ

મુખ્યમંત્રીના હસ્તે મહોત્સવનું ઉદ્ઘાટન

અવસાન નોંધ

ઉમિયા મહોત્સવ સમસ્ત ગુજરાતીઓનો ઉત્સવ : નારણભાઈ પટેલ

મુસ્લિમ સમાજે ૧૦૧ ડબ્બા તેલ મોકલ્યું

ઉનાવા મીરા દાતારના ગેસ્ટ હાઉસમુસ્લિમ સમાજે ઉમિયાજીના ભક્તોને ફાળવ્યા

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯


દિવ્ય ભાસ્કર

ઉમિયામાતાજી વિશેષ આવૃત્તિ

નભયાત્રા

18

72



ધર્મોત્સવના અવસરે....

મહાઅવસરે માને મહાભિષેક

મંદિરમાં ઉમિયા માતાજીને ૧૧ નદી, ચાર સરોવરોનાં જળથી અભિષેક કરાતાં જયઘોષ ગૂંજ્યા

ઊંઝામાં જરૂરી ચીજવસ્તુની કટોકટી ટાળવા દુકાનો શરૂ

મહાદાન | એક સમાજ દ્વારા એક જ દી'માં ૨૭૫૦ બોટલ રક્ત એકત્રની પહેલી ઘટના

પાટીદાર સમાજ : રક્તદાનમાં પણ રેકોર્ડ

રક્તદાન માટે ૩૦થી ૩૫ ટકા યુવતીઓ ઉત્સાહ દર્શાવે છે...

ભાસ્કર ન્યૂઝ.ઊંઝા

...લાનગરી ઊંઝાની સોડમ હવે ...દાનના સેવાકીય કાર્ય થકી પણ ...તી રહેશે. હા, મા ઉમાના ...સવ પ્રસંગે આયોજિત મેગા બ્લડ ...ન કેમ્પમાં માઈભક્તોએ ...ની લાંબી ...

2013 -18mi Shatabadi Rajat Jayanti Mahotsav 2009 -Smrutigranth (1507)

કડવા પાટીદારોની ઉત્પત્તિની કથાની એક આછેરી ઝલક

પાટીદાર લવ-કુશના વારસદાર

બીજી પૌરાણિક કથામાં પાટીદારો શ્રીરામચંદ્રજીના પુત્રો લવ અને કુશના વંશજો હોવાનું દર્શાવાય છે. સીતામાતા મા ઉમિયાની પૂજા કરતાં હતાં. સીતાજીને શ્રીરામજીનાં પ્રથમ દર્શન બગીચામાં થયાં હતાં અને તેમણે મા ઉમિયાને શ્રીરામ પતિ તરીકે મળે તેવી પ્રાર્થના કરી હતી. મા ઉમિયાએ તેમને આશીર્વાદ આપી તેમની મનોકામના પૂર્ણ કરી હતી. સીતાજી જ્યારે ધરતીમાં સમાય ત્યારે તેઓ લવ-કુશને મા ઉમિયાને ... છે. ત્યારથી લવ-... મા ઉમિ...

તેમનાં વંશજોમાં અગ્નિવર્ણ થયા. સ્કન્દપુરાણના સહ્યાદ્રિ ખંડમાં વર્ણન છે કે, અગ્નિવર્ણનાં વંશમાં અશ્વપતિ રાજા થયા. તેમણે પુત્રેષ્ટિ યજ્ઞ કર્યો. તેના પરિણામે ૧૨ પુત્રો થયા. અનુજ, દેવક, પૃથ, ઋતપર્ણ, જય, સુશિભુ, સૌદામ, સુમન્તુ, કૌડિન્ય, મન્ડૂક, કુશિક અને માર્તન્ડ. ... કુશવંશ ચાલ્યો. ... ઉદ્ભવેલા 'કુર્મિ'ઓ કુશવંશના કુર્મિ 'કડવા' નામથી અને જ્યાં જ્યાં કડવા પાટીદારો ઉમિયાની પૂજા ... છે. કડવા ... પ્રત્યે વધુ ... જ્યાં-જ્યાં ...નાં ગામ

છે, ત્યાં ત્યાં રામમંદિર હોય છે. શ્રીરામ ગૃહમંદિરો પણ પાટીદારોમાં જોવા મળે છે. કડવા પાટીદારોને કુશના વંશ છે તેમ જણાય છે. વ... સીતાજીના પિતાજી જનક વિદે... ખેતી કરતા હતા.

હળ હાંકતાં જમીનમાંથી તેમને અયોનિજા સીતા મળ્યાં હતાં. પાટીદારોનો મૂળગત વારસામાં મળેલ વ્યવસાય ખેતી જ છે, જે બતાવે છે કે સીતાજી મા ઉમિયાની પૂજા કરતાં હતાં અને તેમનું વાહન નંદીશ્વર (પોઠિયો) ખેતી માટેનું મુખ્ય પાત્ર છે, જેથી પાટીદારો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે અને સીતાજી તથા લવ-કુશનાં આરાધ્ય દેવી મા ઉમિયાને 'કુળદેવી' તરીકે પૂજતા આવ્યા છે. આ સિવાય પણ સૂર્યવંશમાં થયેલા કશ્યપ ઋષિના પુત્રો તરીકે પાટીદારોનું ગોત્ર કશ્યપ ગણાય છે. કુર્મિ ઋષિના પુત્રો તરીકે પણ પાટીદારોને ઓળખવામાં આવે છે. વળી, એક માન્યતા એવી પણ છે કે ભગવાનનો કુર્માવતાર થયો હતો. પાટીદારોને તેમના વંશજો પણ ગણવામાં આવે છે. આ બધી કથાઓથી સાબિત થાય છે કે પાટીદારો ક્ષત્રિયો હતા અને તેમની કુળરક્ષક તરીકે કુળદેવી મા ઉમિયા જ છે.





મહોત્સવનું મેનેજમેન્ટ સ્ટડી

મહોત્સવની ઉછામણીના ૨૧ યજમાનો

શ્રી ઉમિયા માતાજીના મંદિરેથી, તા. ૨૭

(૧)વિજય ધ્વજ(ધ્વજરોપણ)ના યજમાન:- કનુભાઈ નારાયણદાસ પટેલ, સરપંચ સોલા રૂ.૨૫,૧૧,૧૧૧/-
(૨)બ્રાહ્મણ યજમાન:- વાસુદેવભાઈ ભવાનીશંકર મહેતા, ઊંઝા રૂ.૧૧,૧૧,૧૧૧/-
(૩)મુખ્ય યજમાન:- અમૃતભાઈ બબલદાસ પટેલ, બ્રાહ્મણવાડા અમદાવાદ (બિલ્ડર) રૂ.૧,૨૫,૧૧,૧૧૧/-
(૪)મુખ્ય ધ્વજદંડ(મંદિરના શિખર ઉપર)ના યજમાન ચંદુભાઈ કેશવલાલ પટેલ, અમદાવાદ, રૂ.૬૧,૬૧,૧૧૧/-
(૫)બીજા યજ્ઞકુંડના યજમાન :- અશોકકુમાર અંબાલાલ સાંકળચંદ પટેલ, ઊંઝા, રૂ.૧૩,૧૧,૧૧૧/-
(૬) ત્રીજા યજ્ઞકુંડના યજમાન : ગોવિંદભાઈ ગણેશભાઈ વરમોડાગૃપ મોરબી રૂ.૧૨,૫૧૦૦૦/-
(૭)ચોથા યજ્ઞકુંડના યજમાન :- ડૉ.માધુભાઈ બહુચરાજીવાળા, રૂ.૧૧,૫૧,૧૧૧/-
(૮)પાંચમા યજ્ઞકુંડના યજમાન :- પ્રતાપભાઈ બુલાખીદાસ પટેલ, મુંબઈ રૂ.૧૧,૧૧,૧૧૧/-
(૯)છઠ્ઠા યજ્ઞકુંડના યજમાન :- પોપટભાઈ નરસિંહભાઈ પટેલ, રાજકોટ રૂ.૧૧,૧૧,૧૧૧/-
(૧૦)સાતમા યજ્ઞકુંડના યજમાન :- અરવિંદભાઈ કચરાભાઈ પટેલ, રૂ.૧૧,૧૧,૧૧૧/-
(૧૧)આઠમા યજ્ઞકુંડના યજમાન :- જગદીશભાઈ અંબાલાલ પટેલ(જગદુશા) ઊંઝા, રૂ.૧૧,૫૧,૧૧૧/-
(૧૨)નવમા યજ્ઞકુંડના યજમાન :- જયંતિભાઈ જોઈતારામ પટેલ, લાખવડ રૂ.૧૧,૧૧,૧૧૧/-
(૧૩)ઉમેશ્વર મહાદેવ ધ્વજદંડના યજમાન :- વાલજીભાઈ શંભુભાઈ પાંચોટીયા પરિવાર, રૂ.૬,૧૧,૧૧૧/-
(૧૪) પૂર્વ દિશાના શિખર ધ્વજદંડના યજમાન :- નરેશકુમાર લક્ષ્મણભાઈ પટેલ,ઊંઝા રૂ.૬,૧૧,૧૧૧/-
(૧૫)ઉત્તર દિશાના શિખરના ધ્વજદંડના યજમાન :- જયેશભાઈ/નરેશભાઈ પટેલ કલોલ રૂ.૫,૧૧,૧૧૧/-
(૧૬)મધ્ય ગર્ભગૃહના શિખરના ધ્વજદંડના યજમાન માધવલાલ ભોળીદાસ પટેલ,ઊંઝા રૂ.૩,૫૧,૧૧૧/-
(૧૭)દક્ષિણ દિશાના શિખરના ધ્વજદંડના યજમાન વાસુદેવ લવજીભાઈ પટેલ અમદાવાદ રૂ.૪,૧૧,૧૧૧/
(૧૮)ઉમેશ્વર મહાદેવના મહારૂદ્ર અભિષેકના યજમાન સોમાભાઈ શંકરદાસ પટેલ ગામી, રૂ.૬,૫૧,૧૧૧/-
(૧૯)ગણપતિના (ગણેશયાગ પાઠાત્મક) યજમાન રણછોડભાઈ પટેલ, મકતુપુર, રૂ.૧૮,૧૧,૧૧૧/-
(૨૦)હનુમાનજીના વડવાનલ સ્ત્રોત્રથી મારૂતિયાગના યજમાન :- કાશીબેન મોહનભાઈ પટેલ, ઊંઝા (રાજુભાઈ મોખાત) રૂ.૧૧,૧૧,૧૧૧/-
(૨૧)માતાજીના મંદિરની ધજાના યજમાન : ડી.ડી. પટેલ રૂ.૨૫,૫૧૦૦૦/-

મા ઉમાને આજે ઐરાવત સવારી

ભાસ્કર ન્યૂઝ. ઊંઝા

ધર્મનગરીના શણગાર સજીને થનગની રહેલા ઊંઝામાં મા ઉમિયા મંદિરના ૧૮મી શતાબ્દી રજતજ્યંતિ મહોત્સવનો આજે દબદબાભેર પ્રારંભ થનાર છે ત્યારે શનિવારે મહોત્સવના પ્રથમ દિવસે ઉમિયા મંદિરમાં જગતજનનીને ઐરાવત સવારી કરાવી ૭૦ કિલો ફુલોની આંગીનો શણગાર મંદિરમાં સજાવાશે. ઉમિયા મહોત્સવના પ્રથમ દિવસ શનિવારે માતાજીને ઐરાવત સવારીમાં બિરાજમાન કરાશે. જેમાં લાલ કલરની સાડીમાં મા ઉમિયા માઈભક્તોને દર્શન દેશે. માતાજીના શણગારમાં ડમરો, પીળા, સફેદ કલરના ફુલ અને ઈંગ્લીશ કલરની ૯૦ વેલ મળી કુલ ૭૦ કિલો ફુલનો આંગી શણગાર કરવામાં આવશે. નિત્યક્રમ મુજબ માતાજીની સવારી રોજેરોજ બદલાતી રહેશે તેવું દર્શન ... જણાવ્યું હતું.

૧૮ લાખ ...



ઊંઝામાં શનિવારે ઉમિયા માતાજીનો સહસ્ત્રચંડી મહાયજ્ઞનો દબદબાભેર શ્લોકોના નારા વચ્ચે શુભારંભ થયો હતો. મા ઉમિયાના મંદિરે બે લાખ ભક્તોએ દર્શન કર્યા હતા જ્યારે ઉમિયા નગરમાં પ્રથમ દિવસે પાંચ લાખ યાત્રાળુઓએ મુલાકાત લીધી હતી. (તસવીર: સુરેશ મિસ્ત્રી)

પાંચ લાખ ભાવિકોના માનવમહેરામણ વચ્ચે

ઊંઝામાં ઉમિયા મહોત્સવનો શ્રધ્ધાપૂર્ણ, દબદબાભર્યો આરંભ

સવારે સહસ્ત્રચંડી યજ્ઞ યોજાયો



ત્રીજા દિવસે પણ ઉમિયાનગર શ્રદ્ધાળુઓથી ઊભરાયું

ન્યૂઝ ઇન બોક્સ



માના અભિષેકમાં કેસર......



હાશ તરસ બૂઝી...



સંભારણું

45

ઇતિહાસ ઊંઝા (ઉમાપુર)ની વિશેષતા



પશુપાલનને નફાકારક બનાવવામાં પાટીદારોનો વિશેષ ફાળો

દર્શન માટે જોખમ....



ઉમિયા ધર્મોત્સવમાં બેન્કરોની અનન્ય સેવા:ગોલક છલકાયા

કડવા ...

...ો મા ઉમિયાને ધામે......



ઉમિયા માતાજી દર્શનાર્થે ઊંઝા પહોંચવા હજુ પણ પગપાળા સંઘો રગડા લઇને હાલ્યા આવે છે. જીતેન્દ્ર પંડ્યા

ઉમા મહોત્સવના પ્રથમ દિવસે ...માંથી ૨૨૦૦ ટ્રીપ

ઉમિયાનગરની ... દાતાઓ મોટે

સાબલવાડના યુવાનો રૂ.૨.૫૦ લાખના ટામેટાં પહોંચાડશે

પાટીદારના અતીત ગૌરવમાં એન.આર.આઇ. હરખાયા

અમેરિકાના લોસએન્જલસ અને કેલિફોર્નીયામાં રહેતા પાટીદારોએ ઉમિયાનગરનું નજરાણું માણ્યું

દિવ્ય ભાસ્કર


ન્યૂઝ ઇન બોક્સ





ઉમિયાનગરમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી દ્વારા ઊભી કરાયેલી મંદિર દર્શન અને દ્રષ્ટિની ઝાંખી દર્શન કરવા ભીડ જામી હતી. - રાજન ચૌધરી

૮૦ હજાર માણસો સાથે જમે તેવું માઇક્રો આયોજન







જમવા માટે ભક્તોની કતારો જામી



૧૮ લાખ લાડુ સફાચટ

હાલો મા ઉમિયાને ધામે......



પાટીદારના અતીત ગૌરવમાં એન.આર.આઈ. હરખાયા

અમેરિકાના લોસએન્જલસ અને કેલિફોર્નીયામાં રહેતા પાટીદારોએ ઉમિયાનગરનું નજરાણું માણ્યું





એક જ વારમાં પાંચસોથી સાતસો રોટલી તૈયાર કરતું મશીન



લોટ બાંધવા માટે પણ ઓટોમેટીક મશીન

શ્રી ઉમિયા માતાજીના મંદિરેથી, તા. ૨૭

ઊંઝામાં ઉમિયા મહોત્સવ ભવ્યતાને પણ ભવ્ય લાગે તેવો થવા જઈ રહ્યો છે. ત્યારે આ રસોડા વિભાગમાં રોટલી બનાવવા અને લોટ બાંધવા માટે સંપૂર્ણ ઓટોમેટિક મશીન લાવવામાં આવ્યું છે. આ મશીનની ખાસિયત છે કે તેમાં એક વારમાં અંદાજે ૫૦૦ થી ૭૫૦ જેટલી રોટલી વણાઈને તૈયાર થઈને બહાર આવી જાય છે. આમ,લાખો લાકોના ભોજનની વ્યવસ્થા દાદ માગી તેવી સાબિત થઈ રહી છે.

ઉમિયાનગરમાં આવેલા ભોજન કક્ષમાં એક કલાકમાં આશરે ૮૦ હજાર લોકો આરામથી જમીને બહાર નીકળી શકે તેનું આયોજન કરવામાં આવ્યું છે. જેના હિસાબે રોટલી અને તૈયાર વાનગીઓ પણ એટલી જ જલ્દી તૈયાર થાય તે જરુરી છે.

આ માટે ઉદેપુરના રસોયાઓ દ્વારા રોટલી બનાવવા માટેનું ખાસ મશીન લાવવામાં આવ્યું છે. જેમાં એક વારમાં ૫૦૦ થી ૭૫૦ જેટલી રોટલીઓ તૈયાર થઈ જશે. જે વીજળીથી સંચાલિત છે. આ રીતે લોટ બાંધવા માટે પણ એક મશીન લાવવામાં આવ્યું છે. તેમાં મળતી માહિતી મુજબ એક જ વાર અંદાજે ૩૦ કિલો જેટલો લોટ પણ બાંધીને તૈયાર કરવામાં આવે છે. જેના કારણે રસોઈ બનાવવાની ગતિમાં નોંધપાત્ર વધારો થશે.

ઉમિયાનગરની રક્તદાન શિબિરમાં રક્તદાતાઓ મોટી સંખ્યામાં ઉમટી પડયા

ઊંઝા,

શ્રી ઉમિયા માતાજી ૧૮મી શતાબ્દી રજત જયંતિમહોત્સવના ભાગરૂપે આજે ઉંઝાના ઉમિયા નગર ખાતે આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણભાઈ વ્યાસે વિશ્વરેકોર્ડ સ્થાપવાની અપેક્ષા ધરાવતી રક્તદાન શિબિરનો શુભારંભ કર્યો હતો.

આરોગ્ય મંત્રી શ્રી જયનારાયણભાઈ વ્યાસે ઉમિયામાતાની સંસ્થાની સામાજીક આરોગ્ય વિષયક સેવાઓને બિરદાવી હતી. રક્તદાતાઓને ઉમિયામાતાજી સંસ્થાન દ્વારા પ્રમાણપત્ર તથા મા ઉમિયામાતાના આર્શીવાદ રૂપે મોમેન્ટો આપવામાં આવ્યા હતા. રક્તદાન સમયે આ રક્તદાન શિબિરમાં પ્રથમ દિવસની શરૂઆતમાં જ ઉદ્દઘાટન પૂર્વેજ રક્તદાતાઓ મોટી સંખ્યામાં ... પડયા હતા. શ્રી ઉમિયાનગર ખાતે ગુજરાતભરની ૩૧થી વધુ સેવાભાવી બ્લડ કલેકશન માટે આમંત્રિત કરવામાં આવી છે. આ મહોત્સવના તમામ ૫ દિવસો દરમ્યાન સવારે ૯.૦૦ થી ૫.૦૦ સુધી બ્લડકલેકશન કરવામાં આવે છે. આ માટે અહીં ૨૩૫ પલંગની વ્યવસ્થા કરવામાં આવી છે. બ્લડ બેંકની સ્ટોજ ક્ષમતા તેમના વપરાશ તથા બ્લડબેંક અને ઉમિયાનગર વચ્ચેના અંતરને ધ્યાનમાં રાખીને રક્તનો કોઈ બગાડ ન થાય તે બાબતનો પુરતો વિચાર કરીને આ મહાન રક્તદાન શિબિરમાં વધુ રક્તની ક્ષમતા હોવાછતાં દરરોજના ૩ હજાર પ્રમાણે ૧૫ હજાર બોટલ રક્તનું કલેકશન કરવામાં આવશે.

આ રક્તદાન શિ... રક્તદાન કરવા ઈચ્છન રક્તદાતાઓ પાસેથી સંકલ્પ પ... લેવામાં આવી રહયાં છે. આ સંકલ્પ પત્રો ને રક્તદાતાની નજીકની ગુજરાત ભરની બ્લડબેંકમાં મોકલી આપવામાં આવશે. જે રક્ત ખરી જરૂરીયાત પ્રમાણે રક્તદાતાઓને આમંત્રિત કરીને રક્તનો શ્રેષ્ઠ ઉપયોગ કરાશે. આ મહાન રક્તદાન શિબિરમાં અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, દાહોદ, કપડવંજ, ગોધરા તેમજ મહેસાણા સહીતના ઉત્તર ગુજરાતના વિસ્તારની સેવા ભાવી ગુજરાત સ્ટેટએઈડ્સ (જી.એસ.એ.સી.) ... તથા માત્ર અને માત્ર ... સેવાકીય પ્રવૃત્તિઓ કરતાં ... જેટલી બ્લડબેંક ... પાસેથી તથા હવે પછી ...

રસોડા વિભાગમાં કઠોળ અને મસાલાનો મોટો જથ્થો ઉતારવાનું શરૂ કરાયું

ઊંઝામાં ઉમિયા મહોત્સવમાં રસોડા વિભાગની જવાબદારી પણ નોંધપાત્ર છે. જેમાં ઉમિયા મહોત્સવમાં આવનાર દરેક વ્યક્તિને જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના ભાગરુપે આજે રસોડા વિભાગમાં અનાજ,કરિયાણાનો જરુરી જથ્થો મોકલવામાં આવ્યો હતો. જેમાં હજારો કિલો શાકભાજી, ઘી, કઠોળ અને અન્ય મસાલાનો સમાવેશ થાય છે.રસોડા વિભાગ દ્વારા તેમના એકશન પ્લાન મુજબ એક કલાકમાં ૮૦ હજાર લોકો આરામથી જમી શકે તે માટે ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. જે મુજબ પાંચ દિવસમાં અંદાજે ૪૦ લાખ લોકો ભોજન લેશે. જેથી રસો... વસ્તુની જરુર છે તે મંગાવી... ...વિકોને જમાવડાની તૈયારી ચાલી રહી છે. ... જેને હવે યોગ્ય ...

sunday
મહેસાણા ભાસ્કર
ઊંઝા • વિસનગર • કડી • બહુચરાજી • વિજાપુર • વડનગર • ખેરાલુ • સતલાસણા

પાટીદારોની પદયાત્રા : આસ્થાનો ઈતિહાસ

ઊંઝામાં ઉમિયા મહોત્સવના પ્રારંભે મહેસાણાથી ઊંઝા ૧૩ કિમી લાંબી વિરાટ ઐતિહાસિક પદયાત્રામાં હાઈવે ઢંકાયો







ભાસ્કર ન્યૂઝ. મહેસાણા

મહાજાતિ પાટીદાર-૧૮

હું તો ઉમિયાજીને વધાવવા જઈશ મારો સોના સરીખો સૂરજ ઉગિયો

આજથી મા ઉમિયાજીના આંગણે ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવનો ઊંઝા ખાતે આરંભ થઈ રહ્યો છે. પાટીદારોના શુભ પ્રસંગે ગવાતું એક સુંદર ગીત છે :


"હું તો થાળ ભરું રે શગ મોતીડે
હું તો ઉમિયાજીને વધાવવા જઈશ
મારો સોના સરખો સૂરજ ઉગિયો"

દેવ-દેવીઓને વધાવવાનો પ્રસંગ સોનાનો સૂરજ ઊગવા સમાન ગણાય છે. આજે દેશ-વિદેશના લાખો કડવા પાટીદારો એકત્ર થઈ રહ્યા છે ત્યારે કડવા પાટીદાર સમાજની લુપ્ત થઈ ગયેલી "અંધુકાવિવાહ" ની રસપ્રદ કથા અહીં પ્રસ્તુત છે.

દેશની કોઈ પણ જ્ઞાતિમાં જોવા મળે નહીં એવી 'અંધુકા વિવાહ'ની વિશિષ્ટ લગ્નપ્રથા આ જ્ઞાતિમાં હતી. એક જમાનામાં કડવા પાટીદારોમાં જ દર દસ વર્ષે (૫-૭-૯-૧૦ કે બાર વર્ષે) લગ્ન થતાં હતાં. વિ.સં. ૧૯૦૯થી આ ... વિવાહની તિથિ અને વર્ષ નિશ્ચિત કરવામાં આવ્યાં હતાં.

... આવક ઓછી થતી લાગી.

બુદ્ધિશાળી પ્રધાન ચાંપરાજે આ કુર્મીઓને અન્ય પ્રદેશમાં ન જવા ઘણું સમજાવ્યા, પણ તેમને રોકી શકાય તેમ ન હોઈ તેણે યુક્તિ ઘડી કાઢી. આ કડવા પાટીદારો પોતાની કુળદેવી શ્રી ઉમિયા માતાજીમાં પ્રચંડ આસ્થા ધરાવતા હોઈ તેના પૂજારી નાગર બ્રાહ્મણને સઘળી બીના સમજાવી. રાજ્ય તરફથી લાલચ આપીને આ ... માળવા, નિમાડ તરફ જતા અટકાવવા ધાર્મિક ભય ઊભો કર્યો. આ નાગર બ્રાહ્મણે માતાજીના નામે ધૂણીને કડવા કણબીઓના આગેવાનોને કહ્યું : "હે મારા પુત્રો ! હું તમારા ઉપર કોપિત થઈ છું. તમે મારા આશ્રયમાં રહીને સુખી, સમૃદ્ધ અને આબાદ થયા છો તેમ જ જુદા જુદા રોગચાળાથી હું તમને મુક્ત રાખું છું. તેમ છતાં લગ્ન જેવા પવિત્ર કાર્ય માટે તમે વારંવાર પરદેશ જતા રહો છો. તેથી લગ્ન નિમિત્તે મને બલિ મળતાં નથી. તેથી તમારે મારી આ પવિત્ર અને પ્રિય એવી ગુજરાતની ભૂમિને છોડીને



બાળનગરીમાં ૧૦૦થી વધુ રાઇડ્સ

શ્રી ઉમિયા માતાજીની ૧૮ મી શતાબ્દી મહોત્સવમાં ઉમિયાનગરમાં આવનાર તમામ લોકોના મનોરંજન મળી રહે તે માટે સુંદર બાળનગરી બનાવવામાં આવી છે તથા બાળ નગરીમાં ૧૦૦ કરતાં પણ વધારે અવનવી રાઇડ્સ, ચગડોળ, ...

પ્રારંભે હુંડીના શુકન, સવા કરોડ

ઉમિયા માતા મંદિરના પાંચ દિવસીય ધર્મોત્સવ અવસરે માતાજી સંસ્થાન દ્વારા જાહેર કરાયેલી હુંડીને મહોત્સવ પૂર્વે ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો. જયારે શનિવારે આ મહોત્સવના પહેલા દિવસે અલગ-અલગ સંસ્થાનનાં કેન્દ્રો પરથી હોંશભેર હુંડી લેતાં સવા કરોડની હુંડીનું અનુદાન મળ્યું હતું તેમ અમદાવાદ કડવા પાટીદાર સમાજના પ્રમુખ ડી.ડી. પટેલે જણાવ્યું હતું.

ઉમાધામમાં મા અંબાની ઉપસ્થિતિ

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા માતાજીની શણગારેલી મૂર્તિ અને અંબાજી મંદિરના મોડ્યુલ સાથે ઝાંખીદર્શન



સમાજના ઉત્કર્ષ માટે રૂ.૧૦૦ કરોડ ઉભા કરવાનો સંકલ્પ

જ્યોતિરથના પરિભ્રમણ સમયે લેવાતા સંકલ્પો

ઉમાધામમાં મા અંબાની સાક્ષીએ ... લાખ ભાવિકોનો 'બેટી બચાવો' સંક...

ભાસ્કર ન્યૂઝ.ઊંઝા

વિશ્વભરમાં વસતા કડવા પાટીદાર સમાજના કુળદેવી શ્રી ઉમિયા માતાજીનો ૧૮મી શતાબ્દી-રજતજયંતી મહોત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ ન બની રહેતાં સામાજિક ઉત્કર્ષની જવાબદારીઓ પણ વહન કરી રહ્યો છે. મહોત્સવમાં શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ચલાવાઇ રહેલી ઝૂંબેશ અંતર્ગત લાખો માઇભક્તોએ બેટી બચાવો સહિત પર્યાવરણ જતન અંગેના સંકલ્પ લીધા હતા.

ઉમિયા માતાજીનો ઉત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ ન બની રહેતા વિશ્વકલ્યાણનો ઉત્સવ બની રહે તે માટે આયોજકો દ્વારા સામાજિક જવાબદારીઓ અંગે જાગૃતિ...

બહેનોએ મોટી સંખ્યામાં સંકલ્પપત્રો ભર્યા...



આ અંગે દેવસ્થાન ટ્રસ્ટના ઇજનેર જી.એલ.પટેલના જણાવ્યા મુજબ, મહોત્સવના ત્રણ દિવસ દરમિયાન ત્રણ લાખથી વધુ ભાવિકોએ બેટી બચાવો અને મિશન ગ્રીન અર્થ અંતર્ગત પર્યાવરણ જાગૃતિના સંકલ્પ લીધા હતા. જેમાં બહેનોએ મોટી સંખ્યામાં બેટી બચાવવાના સંકલ્પપત્રો ભર્યા છે. પાંચ દિવસમાં પાંચ લાખથી વધુને સંક... ...વડાવવાનો ...

ખાસ પ્રકારના પ્રદર્શનો ... યોજ્યા છે. ...

...તિની ટહેલ ...ટ્રસ્ટ દ્વારા ...ની વિશાળ

ઊંઝામાં ૧૧ પેસેન્જર ટ્રેનોને સ્ટોપેજ : ૮ સ્પેશિયલ ટ્રેન

મહેસાણા : ઊંઝા મહોત્સવમાં લોકોને રેલવે સુવિધા મળે તે માટે મહોત્સવ દરમ્યાન ૧૧ ટ્રેનના સ્ટોપેજ મંજુર કરાયા છે અને ૮ વિશેષ ટ્રેન દોડાવવાની જાહેરાત પણ કરાઇ છે. ઊંઝામાં બિરાજમાન ઉમિયા માતાજી મંદિરના ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવમાં આગામી પાંચ દિવસ દરમિયાન ૫૦ લાખ શ્રધ્ધાળુને ધ્યાનમાં રાખી મહેસાણા લોકસભાના સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલે રેલમંત્રી મમતા બેનર્જીને રજૂઆત કરતાં ૧૧ પેસેન્જર ટ્રેનોને ઊંઝા સ્ટોપેજ તેમજ ઊંઝા આવવા માટે ખાસ ૮ સ્પેશ્યલ પેસેન્જર ટ્રેન મંજુર કરવામાં આવી છે.

ઊંઝા રેલ્વે સ્ટેશનથી પસાર થતી ૧૧ એક્સપ્રેસ પેસેન્જર ટ્રેનો પૈકી જયપુર-બાંદ્રા, પોરબંદર-દિલ્હી, બિકાનેર-ભૂજ, ત્રિવેન્દ્રમ-પોરબંદર-મોતીહારી, મુંબઈ-ફીરોજપુર, બિકાનેર, બેંગ્લોર-અજમેર, સીકંદરાબાદ-જયપુર, યશવંતપુરમ-બેંગ્લોર, મૈસુર-અમદાવાદ, પાલનપુર-જયપુરનો સમાવેશ થા... તેમજ પાલનપુર-જયપુરનો યાત્રાળુઓ માટે પાંચ દિ... છે. ઉપરાંત યાત્રાળુઓ માટે સ્પેશ્યલ ટ્રેન દોડાવ... દરમિયાન ત્રણ સ્પેશ્યલ ટ્રેન દોડાવ... જેમાં ઓખા, અમદાવાદ-ઊંઝા, ... ઊંઝા-પાલનપુરનો સમાવેશ થાય છે.

ઉલ્લેખનીય છે કે, કડવા પાટીદ... કુળદેવી મા ઉમિયા મહોત્સવમાં... વિશ્વમાંથી મોટી સંખ્યામાં યાત્રા... ધસારાને ધ્યાનમાં લઈ રેલવે તંત્ર... ખાસ આયોજન કરવામાં આવ્યું...

સ્પેશિયલ ટ્રેનો

સમય	ક્યાંથી ક્યાં
૦૮.૪૫	અમદાવાદથી ઊંઝા
૧૮.૩૫	અમદાવાદથી ઊંઝા
૧૩.૫૦	ઊંઝાથી અમદાવાદ
૦૬.૨૦	ઊંઝાથી અમદાવાદ
૧૦.૫૦	પાલનપુરથી ઊંઝા
૨૦.૧૫	ઊંઝાથી પાલનપુર
૧૨.૧૫	પાલનપુરથી ઊંઝા
૦૫.૨૦	પાલનપુરથી ઊંઝા

ઊંઝાના મહોત્સવમાં કૃષિ મેળામાં ખેડૂતલક્ષી યોજનાઓ

મહેસાણા, તા. ૨૮

ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાના સુપ્રસિધ્ધ તિર્થધામ ઊંઝા ખાતે શ્રી કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા ૧૮મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ ૨૦૦૯ના ઉપક્રમે તા. ૨૮ નવેમ્બરથી ૨ ડિસેમ્બર ૨૦૦૯ દરમિયાન યોજાઇ રહેલ ભવ્ય કૃષિમેળામાં આપણા ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશમાં વ્યાપક નાણાંકીય સમાવેશનના લક્ષ્યાંકને સફળતાપૂર્વક હાંસલ કરવાની દેશવ્યાપી ઝુંબેશ અને પોતાની સ્થાપનાના ૭૫માં વર્ષને પ્લેટિનમ જયંતી વર્ષ તરીકે ઉજવવાના આયોજન અંતર્ગત રાષ્ટ્રની મધ્યસ્થ બેંક ભારતીય રિઝર્વ બેંક પણ ભાગ લઈ રહી છે.

ખેડૂતોને અદ્યતન ટેકનોલોજીથી માહિતગાર કરવા રિઝર્વબેંકની સેવાઓ

કૃષિમેળા દરમિયાન રિઝર્વ બેંકના સ્ટોલ પરથી બેંકના અમદાવાદસ્થિત પ્રાદેશિક કાર્યાલય દ્વારા ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવેલ નાણાકીય સાક્ષરતાને લગતી કોમિક પુસ્તિકાઓ, સચિત્ર માહિતી પુસ્તિકા, પેમ્ફલેટ ઇ. જેવા માહિતીસભર સાહિત્યની મદદથી નાણાકીય તેમજ બેંકિંગ સેવાઓને દેશના છેવાડાના આદમી સુધી પહોંચાડવા માટે જરૂરી એવા નાણાકીય શિક્ષણની સંપૂર્ણ જાણકારી, શૂન્ય અથવા નહિવત્ રકમ વડે બેંકમાં ખોલાવી શકાતાનો ફ્રિલ ખાતા, કિસાન ક્રેડિટ ... જાણકારી, વિવિધ યોજનાઓની માહિતી દેશમાં તેમ જ વિદેશમાં ઉચ્ચાભ્યાસ માટે બેંકો તરફથી ઉપલબ્ધ શૈક્ષણિક ઋણ (એજ્યુકેશન લોન), જનતાને બેંકો તરફથી ઉપલબ્ધ સુવિધાઓ તેમજ તે અંગે ગ્રાહક તરીકે મળવાપાત્ર હક્કોની વિસ્તૃત જાણકારી અને આ હક્કોની જાળવણી તેમ જ બેંકોની સેવામાં ત્રુટિઓ, ખામીઓ વગેરેને લગતી ફરિયાદોના ઝડપી નિ:શુલ્ક તથા અસરકારક ... રિઝર્વ બેંક દ્વારા અમલમાં ...

પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

મહેસાણાનાં બજારો સ્વયંભૂ બંધ

મહેસાણા : શ્રી ઉમિયા માતાજી મહોત્સવના પ્રારંભે સ્વૈચ્છિક દૂકાન સંસ્થા બંધ કરવાના વેપારીઓએ કરેલા ઠરાવ વચ્ચે ગુમાસ્તાધારાની ... માં કરાયેલી છૂટને પ...

સમાજના ઉત્કર્ષ માટે રૂ.૧૦૦ ...ડ ઉભા કરવાનો સંકલ્પ



...વાર દ્વારા ...ટે ...ર્માણનું

...માતાજી સંસ્થાન-ઊંઝાએ કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે ૧૦૦ ક... ...નો ઉભા કરવાનો સંકલ્પ કર્યો છે. આ કામ કઈ રીતે ...

જ્યોતિરથના પરિભ્રમણ સમયે લેવાતા સંકલ્પો

(૧) 'શ્રી ઉમિયા માતાજીનાં અમો સૌ સંતાનો, આથી સંકલ્પ કરીએ છીએ કે, આપણા સમાજના સર્વાંગી વિકાસ માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન-ઊંઝાએ શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધીમાં રૂ. ૧૦૦ કરોડ એકઠા કરવાનો જે સંકલ્પ કરેલ છે. તેને અમે સૌ તન-મન-ધનથી પરિપૂર્ણ કરીશું.

(૨) 'શ્રી ઉમિયા પરિવારના અમો સૌ સં... ...અત્યારથી પ્રતિજ્ઞા કરીએ છીએ કે ...

ઉમિયાજીના મંદિરમાં પહેલાં યંત્ર નહોતું

સને ૧૯૭૬માં ૧૮મી શતાબ્દી મહોત્સવના પ્રથમ દિવસે મંદિરમાં યંત્રની સ્થાપના થઈ

અતીતનાદ

ડો. પ્રણવ દવે.ઊંઝા




ઉમિયા માતાજીના મંદિરમાં પહેલા યંત્ર નહોતું. યંત્રની સ્થાપના તો ૧૯૭૬માં ૩૩ વર્ષ પૂર્વે ઉજવાયેલા ૧૮મી શતાબ્દી મહોત્સવના પ્રથમ દિવસે કરવામાં આવી હતી, એમ સહસ્રચંડી મહાયજ્ઞના આચાર્ય અને અગ્નિહોત્રી જાણીતા શુકદેવપ્રસાદજીએ 'દિવ્ય ભાસ્કર'ને રવિવારે ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ અંતર્ગત ઉમિયાનગર ખાતેની સહસ્રચંડી મહાયજ્ઞની યજ્ઞશાળા ખાતે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ૩૩ વર્ષ અગાઉ ઊંઝામાં યોજાયેલા ૧૮મી શતાબ્દી ... આચાર્ય પણ ... જાણીતા શુકદેવપ્રસાદજી જ હતા.

આચાર્ય શુકદેવપ્રસાદજીએ માતાજીના મંદિરમાં યંત્ર કેવી રીતે આવ્યું તેની રસપ્રદ વિગતો આપતા જણાવ્યું કે જ્યારે ૧૮મી શતાબ્દી મહોત્સવમાં યોજાયેલ યજ્ઞના આચાર્યપદ માટે કહેવામાં આવ્યું ત્યારે મેં આ સમાજના અગ્રણી કેશુભાઇને કહ્યું કે આ મંદિરમાં યંત્ર નથી માટે અહીં યંત્રની સ્થાપના કરો. આ યંત્ર સવા પાંચ તોલા સોનાનું બનવું જોઇએ. આ વાત માત્ર હું અને કેશુભાઇ જાણતા. તેમણે કહ્યું કે ... માતાજી મંદિરના ... પહેલાને માતાજીએ આદેશ આપ્યો કે મારું અહીં યંત્ર મૂકો એવો આદેશ આપ્યો. ત્યારે મુખ્યપૂજારી ભવાનીશંકર મહેતાએ જણાવ્યું કે મને યંત્ર કેવું અને ક્યાં મુકવું તેની ખબર નથી. એટલે મા ઉમિયાએ કહ્યું કે તું શુકદેવને કહે એને ખબર છે, એવો આદેશ થયો. એટલે હું જ્યારે ઊંઝા આવેલો ત્યારે આ વાત મુખ્ય પૂજારીએ મને કહી ત્યારે મેં કેશુભાઇને પૂછ્યું કે તમે આમને કંઇ કીધું હતું ત્યારે તેમણે નકાર ભણ્યો હતો. આમ સ્વયં માતાજીએ યંત્ર મુકવાની વાત મુખ્યપૂજારીજીને કહી અને મને પણ તેનો વિચાર આપ્યો. ત્યારબાદ ૧૯૭૬માં આ યંત્રની સ્થાપના મહોત્સવના પ્રથમ દિવસે નવરાત્રિમાં ખાસ પૂજન-વિધિ બાદ કરવામાં આવી હતી.

ઊંઝાનો અર્થ : દુર્વૃત્તિનો ત્યાગ કરવાની પ્રેરણા આપે તેવી ભૂમિ...



ઊંઝાના ઉમિયા ભક્તોનો 'કુંભમેળો' જામ્યો છે ત્યારે અહીં ૧૮મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવમાં સહસ્રચંડી મહાયજ્ઞમાં વ્યાકરણાચાર્ય, રાષ્ટ્રપતિ પુરસ્કાર વિજેતા ડો. ભગવતી પ્રસાદ પંડ્યા પણ છે. તેમણે મા ઉમિયા અને ઊંઝા અંગે જણાવ્યું કે મહાકવિ કાલિદાસે ઉમાનો ઉલ્લેખ કુમારસંભવમ્‌માં કર્યો છે. જે દુર્વૃત્તિનો ત્યાગ કરવાની પ્રેરણા આપે તેવી ભૂમિ એવો અર્થ ઊંઝા શબ્દથી સમજાય છે.



ગુજરાત સમાચાર
MEHSANA
મહેસાણા, પાટણ
બનાસકાંઠા જિલ્લા
આવૃત્તિ



ઉમિયા રજતજયંતિ મહોત્સવનું ભવ્ય સમાપન

ઊંઝામાં ઉજવાયેલા ધર્મોત્સવમાં ૫૫ લાખથી વધુ શ્રદ્ધાળુઓ

વિપત્તિનાશ અને વિશ્વ કલ્યાણ માટે ચાલી રહેલો સહસ્ત્રચંડી

ઊંઝામાં મોબાઈલ ATMમાંથી દાન માટે લોકોએ ૩૦ લાખ ઉપાડ્યા

મહોત્સવમાં ૨૦૦ કરોડનું ટર્ન ઓવર બંધ રાખનાર

...ના વેપારીઓ પર ૧૨ કરોડની ધનવર્ષા

સંદેશ
સુપ્રભાત ગુજરાત
પાટીદારો વિશેનો સંશોધનાત્મક અહેવાલ... જુઓ પાના નં. 2
Website: www.sandesh.com
૨ એકતરફી પ્રેમમાં યુવકે ભાઈ સાથે મળી યુવતીને જલાવી દીધી
૧૦ ગંભીર ફરી પહેલા સ્થાને, મુરલી ત્રીજા સ્થાને સરક્યો
૧૨ ૯/૧૧ હુમલા બાદ લાદેન સહેજમાં છટકી ગયો હતો
૧૪ વિ.હિ.પ.ના પ્રમુખ અશોક સિંઘલે આસારામ આશ્રમની મુલાકાત લીધી
અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગરથી પ્રસિદ્ધ થતું દૈનિક
REG NO. GAMC-26 RNI REG NO. 1584/57 Valid up to 31-12-2011

આસ્થાનું મહાપર્વ, શ્રદ્ધાનો મહાસાગર

૪૮ કલાકમાં ૨૫ લાખ શ્રદ્ધાળુ ઊમટ્યા : ૧૬ લાખે ભોજન લીધું : પરોઢિયે ૪ વાગ્યાથી સ્વયંસેવકો સ્ટેન્ડ ટુ : જયઘોષથી ઊંઝાધામ ગાજ્યું

જય મા ઉમિયા...



મા ઉમિયાને આંગણે અવસર

- મહોત્સવના ૪૮ કલાકમાં ૨૫ લાખ શ્રદ્ધાળુ ઊમટ્યા
- ૧૬ લાખ ભક્તોએ ભોજન લીધું, ૧૬ લાખ લાડુ વપરાય ખવાઈ ગયા
- ૮ લાખ વાહનોનો ભારે ટ્રાફિક, ૧૬ લાખ વાહનોનો સ્ટોક
- ૧૨ લાખ લાડુ બનાવવા હજારો મહિલાઓ કાર્યરત
- મહોત્સવ માટે ૨૨ કરોડ દાન

'પટેલો'નો મેળો : સતત વહેતી સૂચનાઓ

ધર્મોત્સવના ચેરમેનનું ટિફિન ઘેરથી આવે છે



મહોત્સવમાં લાખો ભાવિકો ઉમટી રહ્યા છે જેઓ મહાપ્રસાદનો લાભ લઇને ક્ષુધાતૃપ્તિ કરે છે, પરંતુ આ મહોત્સવના ચેરમેન એવા ધારાસભ્ય નારાયણભાઇ પટેલનું ટિફિન તેમના ઘરેથી આવે છે. આ અંગે ધારાસભ્ય નારાયણભાઇ પટેલના અંગત વિશ્વાસુ એવા વિષ્ણુભાઇ પટેલે દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, મહોત્સવના ચેરમેન નારાયણકાકા મહોત્સવ શરૂ થયો ત્યારથી જ કામમાં એકદમ વ્યસ્ત રહે છે જેને કારણે તેમના જમવાનું કોઇ નક્કી હોતું નથી. જેને કારણે તેઓ તેમના ઘરેથી જ ટિફિન મંગાવીને ભોજન લે છે. વધુમાં તેમના જણાવ્યા મુજબ આજે બપોરે પણ તેમણે ભોજન લીધુ ન હતું.

માના મહાકુંભમાં માનવસાગર

ધર્મોત્સવના ત્રીજા દિવસે ભાવિકોનો અવિરત પ્રવાહ : ત્રણ દિવસમાં ૩૬ લાખ ઉમટ્યા

મા ઉમિયા મહોત્સવની બુધવારે રાજ્યપાલની હાજરીમાં પૂર્ણાહુતિ







નવ લાખ ભાવિકોનો પ્રવાહ ઊમટ્યો

રાજસ્થાન, છત્તીસગઢ, બિહારના પાટીદારોએ આકર્ષણ જમાવ્યું : મોડી સાંજ પછી પરપ્રાંતીય યાત્રાળુઓનો ધસારો

૧૮૩૩ વર્ષ જૂના મંદિરમાં ૬૪ દ્રવ્યોનો મહાભિષેક

■ માનસરોવર અને ૧૦૮ ... મંગાવાયાં

૧૮ લાખથી વધુ શ્રદ્ધાળુઓ ઊમટ્યા

મંદિર પર હેલિકોપ્ટર દ્વારા પુષ્પવૃષ્ટિ કરાઇ: આજે ૧૧ નદીઓનાં જળનો અભિષેક થશે : રવિવાર હોવાથી શ્રદ્ધાળુઓની સંખ્યા વધી



બે જ દિવસમાં ૨૦ લાખથી વધુ લાડુનો પ્રસાદ વહેંચાયો

પુષ્પવૃષ્ટિનો ૧૦૦થી વધુ લોકોએ લાભ લીધો

૧ લાખથી વધુ લોકોએ માતાજીના ગોખની મુલાકાત લીધી

સંદેશ
SANDESH : AHMEDABAD THURSDAY, 03 DECEMBER 2009
04

શ્રી ઉમિયા માતાજીના મંદિરેથી....



માઈ ભક્તોએ બાવન ગજની ધજા માતાજીને અર્પણ કરી







માનો નેટ ઉપર દબદબો:નવ લાખે માણ્યાં

પ્રતિ સેકન્ડે ૨૫ શ્રદ્ધાળુ જીવંત કાર્યક્રમ માણે છે : વેબ સાઈટ માટે ૧૦ હજાર ગીગા બાઈટ વપરાયા

એસટીની ૧૦,૧૨૫ ટ્રીપોએ ૭ લાખ ભકતોનું વહન કર્યું

ઉમિયાધામમાં ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવમાં એસ.ટી. વિભાગે ૧૦,૧૨૫ ટ્રીપોનું




વિદેશી યુનિવર્સિટીઓ ધાર્મિક અને સાંસ્કૃતિક સંગઠનોને પુરાવા અપાશે



મહેસાણાથી ઊંઝા પદયાત્રામાં જોડાયેલ

તમામ રથો માટે રૂ.૫ હજારનું ઈનામ









૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, સ્મૃતિગ્રંથ

॥ શ્રી ઉમિયા શરણમ્ મમ : ॥

તેજોમયી દેવી વધુ દેદિપ્યમાન બન્યાં !

ઉમાધામમાં ૧૮૩૩ વર્ષ બાદ ભક્તોએ નવા પ્રાણ ફૂંક્યા છે

આવનાર સમયમાં યાત્રાળુઓ અને ભક્તોમાં અનેક ગણો વધારો થશે

શ્રી ઉમિયા માતાજીના મંદિરેથી તા.૧

કડવા પાટીદારોની કુળદેવી મા ઉમિયાની સ્થાપના ભલે ઊંઝાની પવિત્ર ભૂમિમાં વ્રજપાલજી મહારાજના હસ્તે ૧૮૩૩ વર્ષ પહેલાં થઈ હોય, પરંતુ, મા ઉમાની દેદિપ્યમાન મૂર્તિની સાચી પ્રાણ પ્રતિષ્ઠા આ મહોત્સવ દરમ્યાન જ થઈ છે. ૫૦ લાખ ભક્તોના ઘુઘવતા મહાપૂરની આસ્થાથી મા ઉમાની તેજસ્વિની મૂર્તિ ૧૫ ... દેદિપ્યમાન બની છે અને સમગ્ર ઉમાધામમાં શ્ર...

દેશ-વિદેશથી ઉમટેલા ઉમાનાં સંતાનો... સરવાણીથી ઊંઝાની ભૂમિની પવિત્રતા વધી ... આવનાર સમયમાં જોવા મળશે. આ ઐતિહાસિ... દર્શને આવતા યાત્રાળુઓમાં અનેક ગણો વ... યાત્રાળુઓ અને આસ્થાળુઓનો અન્ય ધાર્મિક ... માર્ગે ફંટાશે. તેજોમયી મા ઉમાના ભક્તો તો ... અવશ્ય બન્યા છે.

પરંતુ, ઉમાધામની સુવાસ દેશભરમાં ... આતિથ્ય ધર્મના સાક્ષાત્કાર કરાવનાર આ મ... જોડાયેલા મધ્યમવર્ગના રહીશોના અર્થતંત્ર... યાત્રાળુઓના વધાર અનેક ગણા વધારો... નાના વેપારીઓ...

પાંચ દિવસના મહોત્સવની ઝલક

57,00,000 શ્રદ્ધાળુઓ મહોત્સવના સાક્ષી	• ૬ લાખથી વધુ મહેમાનોનું ઊંઝામાં રાત્રિ રોકાણ. • ૪.૫૦ લાખ શ્રદ્ધાળુઓએ ચાની ચુસ્કી લીધી. • ૬૬,૦૦૦ લિટર દૂધ, ૧૩,૦૦૦ કિલો ખાંડ, ૩૨૦૦ કિલો ચા વપરાઈ	**34 કરોડ** મહોત્સવમાં મળેલી દાનની રકમ
46,00,000 માઈભક્તોએ માના ગર્ભગૃહનાં દર્શન કર્યાં	• એસ.ટી.ની ૧૨,૦૨૫ ટ્રીપ, ૭ લાખથી વધુની આવન-જાવન • એસ.ટી.ને રૂ.૨.૬૦ કરોડનો વકરો.	**15 કરોડ** મહોત્સવ પાછળ થયેલો ખર્ચ
42,00,000 ઉપરાંત શ્રદ્ધાળુઓ ભોજનથી તૃપ્ત	• મહોત્સવ પૂર્વે ૩૫ લાખ, મહોત્સવમાં ૨૨ લાખ લાડુ બનાવાયા. • પાંચ દિવસમાં ૧૧,૭૦૦ બોટલ રક્ત, ૫૫,૦૬૫ સંકલ્પપત્ર એકત્ર	**9,00,000** લોકોએ ઇન્ટરનેટ પર મહોત્સવ માણ્યો
8,00,000 વાહનોની મહોત્સવમાં અવર જવર	• સ્ટોપેજ અને ખાસ ટ્રેનમાં રેલવેને રૂ.૧૨ લાખની આવક • રેલવે દ્વારા ૨.૬૦ લાખ મુસાફરોની આવન-જાવન. • હેલિકોપ્ટરની ૧૦૦ ટ્રીપ, ૪૦૨ ભક્તોએ પુષ્પવર્ષા કરી	**8,00,000** અશક્તો, વ...

અનુ. પાના નં ...

મહોત્સવમાં મળેલા દાનથી ઉમિયા યુનિવર્સિટી શરૂ કરાશે

■ સોલામાં ૧૦૦ કરોડના ખર્ચે ઉમિયા કેમ્પસ

શ્રી ઉમિયા માતાજીના મંદિરેથી તા.૦૨

ઊંઝામાં પાંચ દિવસના મા ઉમિયા ૧૮મી શતાબ્દી રજત જયંતિ મહોત્સવની આજે લાખો શ્રદ્ધાળુઓની હાજરીમાં ભવ્યાતિભવ્ય પૂર્ણાહુતિ થઈ હતી. આ પૂર્ણાહુતિ સમારોહમાં આ મહોત્સવમાં એકત્ર થયેલા દાનમાંથી ઊંઝા નજીક ૩૦૦ વીઘા જમીનમાં ઉમિયા યુનિવર્સિટી બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ... અમદાવાદના સોલા ખાતે ૧૦૦ ... વિકાસવાનો ...



જણાવ્યું હતું કે, 'આ મહોત્સવ ગુજરાતમાં જ નહીં વિશ્વમાં ધ્રુજારી પેદા કરશે. પાટીદારોએ માત્ર પોતાના સમાજ જ નહીં અનેકવિધ વ્યવસ્થામાં સર્વ સમાજ માટે ઘણું બધું આપ્યું છે અને હજુ આપવાનું છે.

... માગશર સુદ પૂર્ણિમાના સંયોગ સાથે ... ભવ્ય કેન્દ્ર સહસ્ર ચંડી ...

યજમાનો, ૧૨૫ બ્રાહ્મણો અને શ્રદ્ધાળુઓની આંખો છલકાઈ ગઈ. યજ્ઞકુંડમાં છેલ્લી આહુતિ સમયે યજ્ઞ પર ૩૦ મિનિટ સુધી હેલિકોપ્ટરમાં પુષ્પવર્ષા કરાઈ હતી. શ્રી ઉમિ... માતાજીના ૧૮૩૩ વર્ષ પ્રાચિન દેવસ્થાન પ્રતિમાજીને દેદિપ્યમાન કરવા માટે પાંચ દિવસના મહાયજ્ઞમાં ૧૦૦૮ ચંડીપાઠનાં ... આચાર્યપદે યજ્ઞનુ પુનઃ સંચાલન કરનાર અગ્નિહોત્રી ... વ્યાસજીએ કહ્યું હતું કે ૧૯૦૭માં થયેલા મહાયજ્ઞને કારણે જ પાટીદારો આ વિસ્તાર અને પ્રદેશ સમૃદ્ધ બન્યા છે. ૩૩ વર્ષ પછી આજે સંપન્ન થયેલા મહાયજ્ઞને કારણે આવનાર સમયમાં પાટીદારો પ્રદેશની ભવ્ય ઉન્નતી થશે. ભવ્ય આતશબાજીથી લાખો ... હાજરીમાં આ મહોત્સવની ...

યાત્રાળુઓએ મોબાઈલ કંપનીઓને ૩૨ લાખની કમાણી કરાવી

માના મહોત્સવમાં ૩૨.૫ લાખ મોબાઈલ કોલ!

શ્રી ઉમિયા માતાજીના મંદિરેથી તા.૦૨

મા ઉમિયાના ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવમાં ઉમટી પડેલા ભક્તોએ સળંગ પાંચ દિવસ દરમ્યાન માના કાર્યક્રમોની વિગતો જાણવા તેમજ વ્યવસ્થા તંત્ર જાળવવા માટે ૪૩,૧૫,૧૬૫ જેટલા ... થયા હતા. ઊંઝા ખાતે આવેલી મોબાઈલ કંપનીઓનાં ... સચોટ આંકડા મળ્યા હતા. ... અનુસાર ભારતીય સંચાર નિગમના ... ૬.૫ ટકા કોલ તરંગગ્રહણ ... ગયા હતા. ... પટેલના ...

આજની ...

મા ઉમિયા... ઉમાધામ... થનાર... બની... એક... કે, દેશ... મ...



૧૧ લાખ વૃદ્ધોએ ધ્વજદંડના દર્શન કરી ધન્યતા અનુભવી | **૪૬** લાખ લોકોએ માના ગર્ભગૃહના દર્શન કર્યાં | **૪૨** લાખ દર્શનાર્થીઓએ ભોજન લીધું | **૪.૫** લાખ દર્શનાર્થીઓએ ચાની ચુસકી લીધી | **૨** લાખ લીટર છાશ વહેંચાઈ | **33** કરોડનું દાન એકત્ર | **૧૦,૫૫૫** બોટલ રક્ત એકત્ર

THURSDAY 3 DECEMBER 2009

સંદેશ

સુપ્રભાત ગુજરાત

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને ભાવનગરથી પ્રસિદ્ધ થતું દૈનિક

૫ દિવસમાં ૫૭ લાખ ભાવિકો ઊમટ્યાં





રાજ્યના કોઈ પણ ધાર્મિક અને સામાજિક ઉત્સવ કરતાં ઊંઝામાં વિક્રમ ભીડ જામી

શ્રી ઉમિયા માતાજીના મંદિરેથી તા.૦૨



NRIઓએ વાત્સલ્ય ગ્રામ માના ચરણે ધર્યું

આસ્થાનો માહોલ : અનાથોને નાથ મળશે

... બનશે કન્યાઓના પાનેતર


realpatidar.com
પાટીદાર ગાથા-૨
ગુજરાતમાં 'પટેલ' શબ્દની શરૂઆત કેવી રીતે થઈ ?
પટેલ શબ્દનું મૂળ પટલિક
પાટીદાર ગોળ
મુખી
પટેલ શબ્દની શરૂઆત
વીર વસનદાસ
અમદાવાદના કુળવાન પાટીદારો
મહાજાતિ પાટીદાર-૩
'મહેંદી તે વાવી માળવે'એ ગીતની રચના કેમ થઈ ?
શ્રી ઉમિયા માતાજી
મહાજાતિ પાટીદાર-૫
પાવાગઢના પતન બાદ પટેલો અમદાવાદ આવ્યા
દેવેન્દ્ર પટેલની કલમે
મહાજાતિ પાટીદાર-૬
હેમાળા પટેલ રાજમાતા મીનળદેવીના પિતા કેમ ?
મહાજાતિ પાટીદાર-૭
લેઉઆ પાટીદારોની પહેલી મુખ્ય વસાહત - અડાલજ
અડાલજની વાવ
વાવનો શિલાલેખ
મહાજાતિ પાટીદાર-૮
ઔરંગઝેબે પાટીદારો જમીનના માલિક બનાવ્યા
અડાલજના ૭૦૦ માઠ
અડાલજ અને ઘીના ૭૦૦ કોટા
ઔરંગઝેબ
પાટીદારોનું ભટકતું જીવન
realpatidar.com
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, સ્મૃતિગ્રંથ
378
॥ શ્રી ઉમિયા શરણમ્ મમ : ॥

મહાજાતિ પાટીદાર-૯

બે હજાર વર્ષ પૂર્વે ઊંઝા ભૂકંપથી નાશ પામ્યું હતું



મહાજાતિ પાટીદાર-૧૦

લશ્કરીની હવેલીનો વૈભવ એક રજવાડા જેવો હતો



બેચરદાસ લશ્કરી

મહાજાતિ પાટીદાર-૧૧

ગવર્નરને બેસવાની ખુરશી લશ્કરીની હવેલીથી આવતી



બેચરદાસ લશ્કરી

મહાજાતિ પાટીદાર-૧૨

રૂપાળી ગંગાને બચાવવા એ બ્રાહ્મણ કવિ વટલાયો



મહાજાતિ પાટીદાર-૧૮

હું તો ઉમિયાજીને વધાવવા જઈશ મારો સોના સરીખો સૂરજ ઊગિયો



મહાજાતિ પાટીદાર-૨૦

પાટડી, વિરમગામ, માંડલમાં પાટીદાર રાજાઓ હતા



પાટડી દરબાર ભેરમસિંહજી

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, સ્મૃતિગ્રંથ

379


॥ શ્રી ઉમિયા શરણમ્ મમ : ॥

શ્રી ઉમિયા પાટીદાર દર્શન

તંત્રીની કલમે

– અનિલ પટેલ

ઉમિયા દર્પણ : અતીત અને સાંપ્રત



કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ઊંઝા.

એક સમયનું ઉત્તર ગુજરાતનું ગામ ઊંઝા (ઉમિયાપુર) રાજા વ્રજપાલજીએ વિકસાવેલું. તેમણે અહીં અખંડસ્વરૂપા જગતજનની 'ઉમિયા માતા'નું મંદિર બાંધ્યું હતું. કાળક્રમે તેનું નવનિર્માણ થતું રહ્યું. મંદિરે અઢારસો વર્ષની લાંબી મંજીલ કાપી. કડવા પાટીદારોની શ્રદ્ધા, ભક્તિ અને સેવાનું અનોખું ધામ બન્યું. શ્રી ઉમિયા માતાજીનો ૧૮મી શતાબ્દી મહોત્સવ ઉજવાયો હતો. (૧૯૭૬) ત્યારે કડવા પાટીદારના નાના-મોટા સમાજો ભેગા થયા. તેમાંથી કડવા પાટીદારોની વૈશ્વિક ચેતના જાગૃત થઈ. દેશ-વિદેશમાં વસતા પાટીદારોએ 'ઉમિયા માતા'ના અટલ શ્રદ્ધાકુંભને ઝગમગાવ્યો ! રૂઢિગત સમાજમાં ક્રાંતિનો પવન ફૂંકાયો.

કડવા પાટીદારોની કન્યા ભણતરમાં પાછળ હતી. તેઓ હવે ઉચ્ચ શિક્ષણ લેતી થઈ. સામાજિક અને શિક્ષણ સંસ્થાઓએ કન્યા કેળવણીને ઉત્તેજન આપ્યું. 'ઉમિયા પરિવાર

ઉત્કર્ષ નિધિ' નામની સંસ્થા સામાજિક ઉત્થાન કાજે સ્થાઈ. સામાજિક જનચેતના લાવવા માટે 'મા ઉમિયાનો જ્યોતિરથ' નાના-મોટા શહેર-ગામડાઓમાં ફર્યો હતો (ગુજરાત - ૩૫૦૦, મધ્યપ્રદેશ - ૭૨૦, રાજસ્થાન - ૧૩૬) તેના પ્રચાર-પ્રસારથી જનસમાજમાં સંસ્કાર-સંસ્કૃતિની વૃદ્ધિ થવા લાગી. આ શુભ અવસરે પાટીદારોમાં એકતાનો શંખનાદ સંભળાયો. પ્રતિવર્ષ દેશ-વિદેશના ઉમિયા ભક્તો માતાના મંદિરે વધુ આવવા લાગ્યા. એકતામાં બળ છે એવું તેઓને સ્પષ્ટ સમજાયું.

ભક્તોની ભીડ જામવા લાગી. તેઓને રહેવા-જમવા માટે 'માતાજી સંસ્થા'ને ત્રણ પથિકાશ્રમ અને ભોજનાલય બાંધ્યાં. તદુપરાંત બીજા પથિકાશ્રમો બાંધવામાં આવ્યા. (અંબાજી, બહુચરાજી, અમદાવાદ સોલા). સંસ્થાની સામાજિક પ્રવૃત્તિઓ : વિધવાના બાળકોને મદદ, કન્યા છાત્રાલયને મદદ, પાનેતર-ચૂંદડી મદદ, નિદાન કેમ્પ આયોજન, પથિકાશ્રમ બાંધકામ મદદ, ગૃહિણી તાલીમશિબિર, વિધવા કે ત્યકતા બહેનોને પેન્શન, અસાધ્ય રોગ મદદ, ખેતી આધારિત આકસ્મિક અવસાન મદદ, કુદરતી હોનારત મદદ, ટ્રાયસિકલ મદદ, આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર મદદ, ઉચ્ચ શિક્ષણ લોન અને વિકલાંગ-અંધજન ટ્રસ્ટોને મદદ (રૂા. ૧૮,૪૧,૬૭,૯૪૬).

કડવા પાટીદારોમાં સ્વયંભૂ લાગણી જાગૃત થઈ. નવી પેઢીને સંસ્કારી, સુરક્ષિત, સુખી અને સમૃદ્ધ કરવા માટે, '૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ' (૨૦૦૯) ઉજવવાનું નક્કી થયું. તેનો પ્રારંભ તા. ૨૮-૧૧-૨૦૦૯, પૂર્ણાહુતિ તા. ૨-૧૨-૨૦૦૯. સહસ્ત્રચંડી મહાયજ્ઞ પણ છે. તેમાં હાજર રહેવા દેશ-વિદેશમાં વસતા કડવા પાટીદારોને 'કડવો ત્યાં કંકોત્રી' એમ નિમંત્રણ આપવામાં આવશે. શિલ્પ, કલા અને સ્થાપત્યના નમૂનારૂપ 'ઉમિયાનગર' ઊભું થશે. તેમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ થશે. મુખ્ય દ્વાર આકર્ષક બનાવવામાં આવશે. પ્રવેશદ્વાર સમીપ 'ઉમિયા માતા'ની પ્રતિકૃતિ મુકવામાં આવશે. તે આધુનિક પ્રકાશ અને સાઉન્ડથી સજ્જ હશે.

સહસ્ત્ર ચંડી મહાયજ્ઞમાં પૂજા સ્થળ, મંડપ યજ્ઞ, યજ્ઞ દર્શન, પૂજા સ્થળ, સિટીંગ પેવેલિયન, યજ્ઞપાઠ શાળા, પાટીદારનો સાંસ્કૃતિક વારસો હશે. પ્રદર્શનમાં પાંચ વિભાગ છે.

(૧) કડવા પાટીદારો અને તેમનો ઈતિહાસ (૨) કડવા પાટીદારોનું ગ્રામ્ય જીવન (૩) કડવા પાટીદારોનું નૈસર્ગિક જીવન (૪) કડવા પાટીદારોની સો વર્ષની જીવનદર્શન તસ્વીરો મૂકવામાં આવશે. પ્રાસંગિક ફોટા, રાજવીઓની વિશેષતાદર્શક તસ્વીરો. (સૌરાષ્ટ્ર, પાટડી, વિરમગામ, સંચાણા, માંડલ) (૫) કડવા પાટીદારોના જીવન અંગેની ફિલ્મ બતાવવામાં આવશે ! તદુપરાંત બાળનગરી અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો બતાવવામાં આવશે. એકસો બાવીસ વર્ષ પછી માતાનાં મંદિર ઉપર શિખર સુવર્ણ ધ્વજદંડની પ્રતિષ્ઠા થશે.

દર્શનાર્થિઓની સેવા માટે સત્તાવીસ કમિટીઓ દ્વારા બાર હજાર માના સૈનિકોએ ખડે પગે સેવા બજાવશે. ઉત્સવને યાદગાર બનાવવા સૌ કડવા પાટીદારો તન, મન અને ધનથી સેવા આપવા વિપુલ પ્રમાણમાં ઉમટ્યા છે. જે ગૌરવ લેવા જેવી વાત છે. આ શુભ અવસરે 'ઉમિયાનગર' સુવર્ણ સમું શોભાયમાન અવશ્ય લાગશે જ. આ રૂડો પ્રસંગ આનંદ ઉલ્લાસ, શ્રદ્ધા અને ભક્તિનો બની રહેશે. ભક્તોની ભીડ જામશે. દર્શનમાં હર્ષનાદ ગુંજશે. 'ઉમિયાનગર' સાચે જ ડોલી ઊઠશે ! કડવા પાટીદારોના વેપાર-ધંધા અને ઉદ્યોગમાં 'ઉમિયા માતા'નું નામમોખરે છે. તેમાં તેઓની શ્રદ્ધા અને ભાવુક ભક્તિનાં દર્શન થાય છે. 'ઉમિયા દર્પણ' : અતીત અને સાંપ્રત. સહુ કોઈનું પ્રેરક અને માર્ગદર્શક જરૂર બની રહેશે. તેમાં શંકાને સ્થાન નથી. 'મા ઉમિયા'ની અમીકૃપા સૌના ઉપર સતત વરસતી રહે એવી 'મા'ને હૃદયપૂર્વકની પ્રાર્થના... !!!

|| જય ઉમિયા ||


• • •

તંત્રીની કલમે

ધરતી

– પ્રિ. સોમાભાઈ પટેલ

મા ઉમિયાની નિશ્રામાં ધરતી અભૂતપૂર્વ, ઐતિહાસિક રજત જયંતી મહોત્સવ સંપન્ન ધન્ય છે ઊંઝાને, ઉમિયા-સંસ્થાનને, પાટીદાર સમાજને



ઊંઝાના આંગણે કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજીની નિશ્રામાં તા. ૨૮ નવેમ્બર, ૨૦૦૯થી શરૂ થયેલ પાંચ દિવસનો વિરાટ અને અભૂતપૂર્વ ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ, આવા ધર્મોત્સવોની ઉજવણીના અનેકાનેક વિક્રમો સર્જીને રંગેચંગે, સુખદ રીતે સંપન્ન થયો છે ત્યારે તેની નોંધ લેતાં હૈયું હર્ષોલ્લાસથી ઊભરાય છે.

આ ભવ્યાતિભવ્ય મહોત્સવે સમગ્ર કડવા પાટીદાર સમાજને પોતાની કુળદેવી પ્રત્યેની અસાધારણ દૃઢ આસ્થા, સમાજની એકતા, સંગઠનશક્તિ અને આયોજનશક્તિની બાબતમાં વિશ્વ સમક્ષ એક નવી ઊંચાઈએ મૂક્યો છે, એમાં શંકા નથી; એટલું જ નહિ, જેમાં ગુજરાતના ખૂણેખૂણેથી, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ વગેરે રાજ્યોમાંથી અને દેશ-વિદેશથી સમાજના સંખ્યાબંધ પાટીદારો મા ઉમિયાના દર્શને ઊમટ્યા હોય, તેમજ અન્ય જ્ઞાતિઓના લોકો

અને સાધુસંતો પણ આવ્યા હોય ત્યારે આ મહોત્સવ એક જ્ઞાતિનો મહોત્સવ ન રહેતાં વૈશ્વિક મહોત્સવ તરીકે આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પામ્યો છે એમકહી શકાય.

મા ઉમિયાના આશીર્વાદથી કડવા પાટીદાર સમાજ છેલ્લા ચાર-પાંચ દાયકામાં અનેક અવરોધો અને પડકારોનો સામનો કરીને ઝડપભેર પ્રગતિનાં શિખરો સર કરતો ગયો છે. હળની ચકલી પકડીને પેઢીઓથી કૃષિ આધારિત જીવન જીવનાર પાટીદારે કલમ(શિક્ષણ) અને ત્રાજવા (વ્યાપાર-ઉદ્યોગ)નો સહારો લઈ અનેક ક્ષેત્રોમાં પોતાનું સ્થાન અને મહત્તા પ્રાપ્ત કર્યાં છે. આ કડવા પાટીદારોએ અથાગ પરિશ્રમ, નિષ્ઠા અને નીતિમત્તાથી ઘણી પ્રગતિ કરી છે, અને આજે તેઓ વિશ્વભરમાં પથરાયા છે; પરંતુ તેઓ સર્વ દૃઢપણે માને છે કે મા ઉમિયાના આશીર્વાદ વિના અમારી પ્રગતિ શક્ય ન હતી. એટલે જ તો તેઓ ખૂણે ખૂણેથી માના આશીર્વાદનું વળતર આપવાની ભાવનાથી મહોત્સવમાં આટલી મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા.

પ્રત્યેક કાર્યના આરંભે ગણપતિનું સ્મરણ કરાય છે, તે પછી બીજા નંબરે કુળદેવીનું સ્મરણ કરવામાં આવે છે. કડવા પાટીદારો કુળદેવીનું મહત્ત્વ પૂરેપૂરું સમજ્યા છે એની પ્રત્યક્ષ પ્રતીતિ આ મહોત્સવે સૌને કરાવી છે. પાટીદાર વતન છોડીને જ્યાં જ્યાં ગયેલ છે ત્યાં કુળદેવીની કૃપાને યાદ રાખે છે. ગુજરાતમાં ૧૨૫ ઉપરાંત મંદિરો તેમજ મુંબઈ, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને અમેરિકામાં પણ થયેલ ઉમિયા મંદિરોનું નિર્માણ આ જ હકીકતની પ્રતીતિ કરાવે છે. જગતકલ્યાણી દેવી મા ઉમિયાના ચરણોમાં માથું ટેકવીને તેના સીધા આશીર્વાદ મેળવનાર ખુમારીપૂર્ણ પાટીદારને ઓશિયાળા બની અન્ય સંપ્રદાયોની ગલીઓમાં અટવાઈને તેના માનવરૂપ સંત-મહંતોના આશીર્વાદની જરૂર જ ક્યાં છે ?

૫૫૦ એકર જેટલી ભૂમિમાં અતિ વિશાળ ફલક પર આયોજિત આ મહોત્સવે સમાજની શક્તિ દ્વારા ઈવેન્ટ મેનેજમેન્ટનું અદ્‌ભુત ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગામથી દૂર નવનિર્મિત ઉમિયાનગરમાં ૪૫ લાખની સંખ્યાના અંદાજને વટાવીને ૫૦ લાખ જેટલા ભાવિક ભક્તો કુળદેવીના દર્શને ઊમટવાના હોય ત્યારે આ સ્થળને વીજળી, પીવાનું શુદ્ધ પાણી, ગટરવ્યવસ્થા, સેનેટરી વ્યવસ્થા, ગ્રીન કારપેટ, આચ્છાદિત વિશાળ માર્ગો, નિઃશુલ્ક ભોજન પ્રબંધ, મેડિકલ સેવાઓ, માહિતી કેન્દ્રો, વીસ હજાર જેટલા સ્વયંસેવકો, મહોત્સવ સ્થળે આવતા સર્વ માર્ગો પરના ટ્રાફિક કન્ટ્રોલ વ્યવસ્થા, આતંકી ખતરા સામેની તેમજ સર્વ પ્રકારની સુરક્ષા-વ્યવસ્થા જેવી પાયાની આવશ્યકતાઓ સંપન્ન કરાવવાનું કામસહેલું ન હતું. ઉપરાંત ખેતી, વ્યાપાર-ઉદ્યોગ સહિત અનેક ક્ષેત્રો સાથે સંકળાયેલા પાટીદાર સમાજના સર્વ લોકોને રસ પડે અને તેઓ યજ્ઞ દર્શન અને માનાં દર્શન ઉપરાંત મહોત્સવમાંથી કંઈક ઉપયોગી ભાથું મેળવીને જાય એ હેતુથી આયોજિત કૃષિ-પ્રદર્શન, ઔદ્યોગિક પ્રદર્શન, પાટીદાર સંસ્કૃતિને ઉજાગર કરતું અતીતગૌરવ પ્રદર્શન, ડ્રીપ ઈરીગેશન પ્રદર્શન, બાળનગરી-એમ્યુઝમેન્ટ પાર્ક, વ્યાપાર-ઉદ્યોગ, હસ્તકલા, સાહિત્ય આદિ ક્ષેત્રોના સ્ટોલ્સ, ફૂડ કૉર્ટસ, રાત્રી રોકાણ કરનાર ભક્તો માટેની ઉતારા વ્યવસ્થા, અન્ય રાજ્યોમાંથી તેમજ વિદેશથી આવનાર મહાનુભાવોની નિવાસસરભરા વ્યવસ્થા અને સૌથી કપરી કામગીરી સમી સતત પાંચ દિવસ સુધી રોજના ૧૦ લાખ ઉપરાંત શ્રદ્ધાળુઓની આ એક જ સ્થળે સુવિધાપૂર્ણ ભોજનવ્યવસ્થા જાળવવાનું કામપણ ખૂબ પડકારરૂપ હતું. આ ઉપરાંત રંગમંચથી સુવિધાવાળું વિશાળ સભાગૃહ, તેમાં દરરોજ થતાં સાંસ્કૃતિક કાર્યક્રમો, પાટીદાર ગૌરવગાથાની રજૂઆત કરવા માટે મલ્ટી મીડિયા શોનું આયોજન, દરરોજ થતાં વિશિષ્ટ મહાનુભાવોનાં અને દાતાશ્રીઓનાં સન્માનો વગેરે કાર્યક્રમોની સઘળી કામગીરી સારી રીતે પાર પાડવાનું કામપણ આયોજકો માટે કસોટીરૂપ હતું.

મહોત્સવનું આયોજન એટલું બધું વિશાળ હતું કે એની સફળતા માટે શંકા થાય; પરંતુ આટલું મોટું આયોજન પણ જો સમાજની શક્તિ સંગઠિત થાય તો તે શક્ય છે એ આ મહોત્સવે બતાવી આપ્યું છે. આ મહોત્સવમાં તેની બધી ૩૦ કમિટીઓએ પોતપોતાના વિભાગોની જવાબદારી ઉત્તમ રીતે નિભાવી હતી, તે સાથે તેમાં સમગ્ર પાટીદાર સમાજની શક્તિ કોઈને કોઈ સ્વરૂપે કાર્યરત થઈ હતી.

ઊંઝાનગર તો છેલ્લા ત્રણેક મહિનાથી મહોત્સવમય બની ગયું હતું. ગામનો એકે એક જન સ્વયંસેવક હોય એમયુવાનો-યુવતીઓ, વડીલો અને મહિલાઓ મહોત્સવના કોઈને કોઈ સેવાકાર્યમાં જોડાઈ ગયા હતા. પાંચ દિવસ દરમિયાન ગામની ઈમારતોને રોશનીથી શણગારવામાં આવી હતી; અને પ્રત્યેક ઘર આસોપાલવનાં તોરણથી સજાવવામાં આવ્યા હતાં. એમાંય જ્યારે જીમખાનાના ભોજનકક્ષમાં ગામની ૧૫૦૦ ઉપરાંત ગૃહિણીઓને અને ૧૦૦ જેટલા પુરુષોને એક સાથે લાડુ વાળવાના કામમાં લાગેલા જોયા, ત્યારે ત્યાં આ દૃશ્ય જોવા ઊભેલા ઘણાના મુખેથી શબ્દો સાંભળવા મળતા હતા : 'આ ઊંઝા જ કરી શકે.'

ઊંઝા-સંસ્થાનના અગ્રણીઓ અને આયોજકોની માતાજી પ્રત્યેની દૃઢ શ્રદ્ધા અને પાટીદાર સમાજના ઉત્કર્ષ માટેની નિષ્ઠા અને દીર્ઘદૃષ્ટિએ પણ આ મહોત્સવની સફળતામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. રજત જયંતી મહોત્સવ ઊજવવાના નિર્ણયની સાથે જ આ મહોત્સવમાં ૪૫ લાખ લોકો દર્શનાર્થે આવશે એવી કલ્પના કરવાની તેમની દૂરંદેશી દૃષ્ટિ અને પાકી ખાતરી હોય તો જ આ મહોત્સવનું આટલું મોટું આગોતરું આયોજન થઈ શકે. જો એમને એવી ખાતરી ન હોત તો એમની ધારણાથીયે વધુ સંખ્યામાં ઊમટેલી જનસંખ્યાને લક્ષમાં લઈ આવું વિશાળ ફલક પરનું આયોજન ન થઈ શક્યું હોત અને મહોત્સવ દરમિયાન અનેક અણધારી આપત્તિઓ અને અરાજકતા સર્જાઈ હોત. પરંતુ સંસ્થાના અગ્રણીઓને સંખ્યા બાબતે દૃઢ પ્રતીતિ હતી કે આટલું મોટું આયોજન સફળતાપૂર્વક પાર પાડી શક્યા.

"આ બધું કોણે કર્યું ?" એવું સંસ્થાના અગ્રણીઓને પૂછશો તેઓ કહેશે : મહોત્સવ ઊંઝાની બહાર આ સ્થળે થશે અને આવો હાઈટેક થશે એવી તો અમે કોઈએ પણ કલ્પના કરી ન હતી. હા, ૧૯૭૬ના ૧૮મી શતાબ્દી મહોત્સવના એ સમયે વરસાદી વાતાવરણ અને અનેક અવરોધોની વચ્ચે પણ અમને મળેલી અસાધારણ સફળતાથી અમને એવી દૃઢ શ્રદ્ધા થઈ ગઈ હતી કે આ વખતે પણ માતાજી બધું સારી રીતે પાર પાડશે. જોકે અમે એટલું જ ધારેલું કે આ વખતે ૧૯૭૬ના મહોત્સવથી વધારે વિશાળ પાયા પર માતાજીનાં દર્શન અને દર્શનાર્થીઓના ભોજન-ઉતારા વગેરેની સારી વ્યવસ્થા કરી શકાશે. પરંતુ આ મહોત્સવ ઊંઝાની બહાર થશે અને આવો ભવ્ય થશે એની તો અમને કલ્પના પણ ન હતી અને એ પણ સાચું કે આ મહોત્સવ ઊંઝામાં ઉમિયા મંદિર પરિસરની આસપાસમાં પૂર્વનિર્ધારિત આયોજન મુજબ કરવાનો થયો હોત તો ઈમારતોથી ખચિત અને સાંકડા રસ્તાવાળા આ નગરમાં ૫૦ લાખની વસ્તી કીડિયારુની જેમઊભરાત ત્યારે ગમે તેવા આયોજન છતાં અનેક પ્રકારની અરાજકતા સર્જાવાનો પૂરો સંભવ હતો. પરંતુ માતાજીની પ્રેરણાથી મહોત્સવનું સ્થળ બદલવાનો વિચાર આવ્યો અને કેટકેટલી ચર્ચાઓ, વિરોધો અને વિચારવિમર્શને અંતે સ્થળ ગામની બહાર હાઈવે નજીક રાખવાનો નિર્ણય થયો. મહોત્સવ-સ્થળ બદલાયું તેને પગલે મહોત્સવનું આખું સ્વરૂપ અને સમગ્ર માહોલ બદલાઈ ગયો !

આ મહોત્સવ-સ્થળ બદલવાની બાબતમાં નિર્ણાયક ભાગ કોણે ભજવ્યો ? સૌ કોઈ એ વાત સ્વીકારશે કે ઊંઝાના પનોતા પુત્ર, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના આસિ. કમિશ્નરશ્રી મહેન્દ્રભાઈ એસ. પટેલે આમાં સૌથી મહત્ત્વનો ભાગ ભજવ્યો. આશ્ચર્યની વાત એ છે કે રજત જયંતી મહોત્સવની ઉજવણીના નિર્ણય અને તેના પ્રાથમિક આયોજન વખતે મહેન્દ્રભાઈ ક્યાંય સક્રિય ન હતા. પણ આ મહોત્સવ ઊંઝામાં મંદિર પરિસર નજીક રાખવો કે ઊંઝાની બહાર એની અગ્રણીઓ અને આયોજકોમાં ઉગ્ર ચર્ચાઓ થતી હતી એ વખતે તેઓ આ ફલક પર આવ્યા. તેઓ તેમના અનુભવથી અને આયોજનની દૃષ્ટિથી આ મહોત્સવ ઊંઝામાં થાય તો આટલી વિશાળ સંખ્યામાં આવનાર લોકોનાં દર્શન-ભોજન આદિની તેમજ ટ્રાફિક વગેરેની કેવી કેવી સમસ્યાઓ થાય તેમજ નગર બહાર મહોત્સવ યોજાય તો કેવી અનુકૂળતાઓ થાય અને તેનું કેવું ભવ્ય આયોજન થઈ શકે એ વાત સૌને સારી રીતે સમજાવી શક્યા. અને પછી તો સૌએ એમના આવા મોટા પ્રોજેક્ટના અનુભવો અને એમની આયોજન શક્તિને પ્રમાણિને ઉમિયાનગરના નિર્માણનો અને તેના સર્વ પ્રકારના આયોજનનો સઘળો દોર મહોત્સવના

પ્રોજેક્ટ ચેરમેન તરીકે એમને સોંપ્યો. પરિણામે આ મહોત્સવને આવું હાઈટેક સ્વરૂપ મળ્યું. પણ આ માટે શ્રી મહેન્દ્રભાઈને આમ એકાએક જાણે આ મહોત્સવ માટે જ કોણે મોકલ્યા ? અગ્રણીઓ કહે છે : મા ઉમિયાની ઈચ્છાથી અને એની કૃપાએ જ આ બધું કર્યું. ખુદ મહેન્દ્રભાઈ જ કહે છે : "આ મહોત્સવ આ રીતે થવાનો હશે એટલે જ માતાજીની ઈચ્છાથી મારી બદલી સુરતથી અમદાવાદ થઈ અને હું અમદાવાદમાં છું એટલે જ આ શક્ય બન્યું !"

શું આ રજત જયંતી મહોત્સવ માત્ર ધાર્મિક ઉત્સવ હતો ? ના. આ ધર્મોત્સવ તો હતો જ; સાથે પાટીદાર સમાજના ઉત્કર્ષનો પણ ઉત્સવ હતો. ઉત્કર્ષનો ઉત્સવ કઈ રીતે ? એ વાત સમજવા વાચકોએ ૧૯૭૬ના ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી ઉમિયા સંસ્થાને ઊંઝાના નિજમંદિરને સમગ્ર વિશ્વમાં મા ઉમિયા આસ્થાના કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાની સાથે સાથે ધર્મના માધ્યમ દ્વારા સામાજિક જાગૃતિ અને વિકાસનો અભિગમ અપનાવીને કેવાં કેવાં સુધારાનાં અને સમાજોત્કર્ષનાં કાર્યો કર્યાં. તે જાણવું જોઈશે. અહીં એ બધી વાત કરવાનું શક્ય નથી, પણ આ સંસ્થાન આ અભિગમઅપનાવીને આજે તેના ભંડોળમાંથી વર્ષે ૬૦ લાખ રૂપિયા ગુજરાતની પાટીદાર વિધવા-ત્યક્તા બહેનોને ઘેર બેઠાં પેન્શન-સહાય મોકલે છે, અને વર્ષે લગભગ એક કરોડ રૂપિયાની ઉચ્ચ શિક્ષણ વ્યાજમુક્ત લોન સહાય વિદ્યાર્થીઓને આપે છે. આવી તો અનેક યોજનાઓ આજે કાર્યરત છે. આ સંસ્થાનને પગલે જ ગુજરાત સૌરાષ્ટ્ર-કચ્છનાં અન્ય ઉમિયા મંદિરોએ પણ સામાજિક ઉત્કર્ષની પ્રવૃત્તિઓ શરૂ કરી અને અનેક છાત્રાલયો અને શાળાઓ નિર્માણ કરી. આ સંસ્થાનના અગ્રણીઓના સંપર્ક અને પ્રભાવથી જ મધ્યપ્રદેશના પાટીદારોમાં સમૂહલગ્નો શરૂ થયાં. શ્રી ઉમિયા માતાજીના જ્યોતિરથે તેમના ૭૨૦ ગામોમાં પરિભ્રમણ કર્યું તેનાથી પ્રાપ્ત સાડા ત્રણ કરોડ રૂપિયાની આવકમાંથી ત્યાં શ્રી ઉમિયાનાં મંદિરોના નિર્માણ ઉપરાંત તેઓ અનેક છાત્રાલયો, હાઈસ્કૂલો અને કૉલેજો શરૂ કરી શક્યા. ઊંઝા-સંસ્થાનના અગ્રણીઓના સંપર્કથી ઉત્તર પ્રદેશના પાટીદારોમાં પણ જાગૃતિ આવી. ત્યાં પણ સમૂહલગ્નોત્સવો શરૂ થયાં અને બડાગાંવ પાસે ઉમિયા માતાજીનું મંદિર નિર્માણ પામ્યું. આ બધાં ઉમિયા મંદિર-ટ્રસ્ટો ત્યાંના પાટીદાર સમાજની જાગૃતિ અને વિકાસ માટે કાર્યરત છે. ટૂંકમાં, ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના પ્રયાસોને પરિણામે મા ઉમિયાનો પ્રભાવ ગુજરાતભરમાં જ નહિ, અન્ય રાજ્યોમાં અને પરદેશમાં અનેરિકા સુધી વિસ્તર્યો અને આ મંદિરો આજે પાટીદાર માટે કુળદેવીના આસ્થાન કેન્દ્રની સાથે-સાથે સામાજિક વિકાસ માટેનાં કેન્દ્રો તરીકે પ્રભાવક કામગીરી કરી રહ્યાં છે.

છેલ્લે સમાપનમાં એટલું કહેવાનું કે કોઈ એક જ્ઞાતિ દ્વારા ઉજવાતો, કદાચ દેશનો સૌથી વિશાળ ફલક પર આયોજિત અને જેમાં સૌથી વધુ સંખ્યામાં શ્રદ્ધાળુજનો ઊમટ્યા હોય અને તેમાં ૫૦ લાખ લોકોના દર્શન અને નિઃશુલ્ક ભોજનની સુવિધાપૂર્ણ વ્યવસ્થા કરી હોય તેવો આ વિરાટ ધર્મોત્સવ કદાચ પ્રથમવાર ઉજવાયો હશે. એ દષ્ટિએ આ મહોત્સવની ગિનીઝ બુકમાં નોંધ લેવાય કે ન લેવાય, પરંતુ કડવા પાટીદાર સમાજને ગૌરવાન્વિત કરતી મહોત્સવની આ ઈવેન્ટ વિશ્વના ફલક પર સુવર્ણ અક્ષરે લખાઈ ચૂકી છે એમાં શંકા નથી.


• • •

સાધના

તંત્રીની કલમે

– મુકેશભાઈ શાહ

એક સમુદાયનો સમરસ અભિગમ રાષ્ટ્રીય બને તો...



'સાધના' સાપ્તાહિકનો આ અંક આદ્યશક્તિ મા ઉમિયાને સમર્પિત છે. તેત્રીસ વર્ષ પૂર્વે, ૧૯૭૬માં ઊંઝામાં માતાજીના પ્રાગટ્યને ૧૮૦૦ વર્ષ થયાં તે સંદર્ભમાં, માતાજીનો ૧૮મી શતાબ્દી મહોત્સવ યોજાયો હતો. આજે એ મહોત્સવની રજત જયંતી ઉજવણીનું આયોજન છે. વિશ્વભરમાં કોઈ એક જ્ઞાતિ કે પ્રજા દ્વારા યોજાયેલા મહોત્સવોમાં આ ઉત્સવ સૌથી મોટો, વ્યાપક, બહુહેતુક અને વિક્રમી બની રહેશે તેવા સંકેતો પ્રાપ્ત થઈ રહ્યા છે. આ મહાન ઉત્સવને આ અંકનું વિષયવસ્તુ બનાવવાનો 'સાધના'નો ઉપક્રમમાત્ર ધાર્મિક વિભાગના, ઉત્સવની ભવ્યતા વગેરે નથી, પણ એની પાછળ પડઘાતી સામાજિક નિસબત સમગ્ર દેશની પ્રેરણા બને એવી અપેક્ષા છે.

આવાં વિરાટ આયોજન સાથે ધાર્મિક તત્ત્વ સંકળાયેલું હોય ત્યારે આપણા કહેવાતા સેક્યુલારિસ્ટોના પેટમાં તેલ રેડાય છે. કેટલાકને તેમાં અનાજનો બગાડ, નાણાંનો દુર્વ્યય, બિનજરૂરી દેખાડો, પ્રદૂષણનું જોખમ વગેરે દેખાય

છે. આવા ઉપક્રમો વખતે વિવાદ જગાડવાની વૃત્તિ નવી નથી. યજ્ઞોમાં હજારો મણ ઘીનો ધૂમાડો કરવામાં આવે છે એવી દલીલો કરનારાને, એક-દોઢ દાયકા પૂર્વે કેરળમાં યોજાયેલા અહોરાત્ર યજ્ઞના વૈજ્ઞાનિક પરીક્ષણ માટે આવેલા વિકસિત દેશોના કેટલાક વૈજ્ઞાનિકોએ આડકતરો જવાબ આપ્યો હતો. વિવિધ ઉપકરણો સાથે આવેલા જર્મની, ફ્રાન્સ, ઇંગ્લેન્ડ વગેરે દેશોના વૈજ્ઞાનિકોએ યજ્ઞના અંતે પ્રાથમિક પ્રતિભાવ આપતાં કહ્યું હતું કે યજ્ઞમંડપમાં બેસાડેલા દરદીઓનું બ્લડપ્રેશર મટી ગયું હતું. લયબદ્ધ થતા મંત્રોચ્ચારથી હવામાં પેદા થતાં કંપનો અને હવન સામગ્રીથી સ્વચ્છ બનતા વાતાવરણનો તેમને લાભ થયો છે. એક વેટરનરી ડૉક્ટરે ગંભીર રોગથી પીડાતી ગાયને મંડપ સમીપ રાખી, યજ્ઞની ભસ્મ તેને ચોળી, એ પશુચિકિત્સકના કહેવા મુજબ ગાયનો સંક્રામક રોગ સદંતર દૂર થયો હતો. થોડા સમય પહેલાં ડાંગમાં યોજાયેલા શબરીકુંભ સામે પણ વંટોળ ઊઠ્યો હતો. પરંતુ એ કુંભ વનવાસીઓને સામાન્ય પ્રવાહમાં લાવવા, તેમના ઉત્કર્ષની જરૂરિયાતો પ્રત્યે ધ્યાન દોરવાનું નિમિત્ત બન્યો હતો. ભારતમાં પરમાત્મા પ્રત્યેની આસ્થા અને એ નિમિત્તે યોજાતા ઉપક્રમો લોકોને વધારે આકર્ષે છે, એમને સામૂહિક જીવનના પાઠ ભણાવવાનું સફળ ઉપકરણ સાબિત થાય છે. પશ્ચિમમાં એક દેશમાં પાકાં ટામેટાં એકબીજાને મારવાનો ઉત્સવ જાણીતો છે. હવે તો દૂરદર્શન ઉપર એનું પ્રદર્શન થાય છે. હજારો લોકો શેરીઓમાં ઊમટી પડે છે અને હજારો ટન ટામેટાંના કચ્ચરઘાણથી જે ગંદકી સર્જાય છે એથી પર્યાવરણને લાભ થાય છે ? અત્યારે એક દેશમાં સ્નાનવસ્ત્રોમાં એક સાથે આવવાની અને વિક્રમસર્જવાની હોડ લાગી છે. આમાં કયું સાંસ્કૃતિક મૂલ્ય પ્રગટ થાય છે ? પરંતુ આવા કોઈ ઉપક્રમનો વિરોધ થતો દેખાતો નથી, વિરોધ માત્ર હિન્દુત્વ સાથે સંકળાયેલાં આયોજનોનો જ થતો હોવાનો કટુ અહેસાસ થયા કરે એ કોઈના હિતમાં નથી.

ઊંઝાના આ મહામેળાનું સુપેરે નિરીક્ષણ કરીએ, ઐતિહાસિક અને પૌરાણિક સંદર્ભો સમજવાની કોશિષ થાય તો એમાંથી વર્તમાન સમાજ વ્યવસ્થાને તૂટતી બચાવવાની અને વધારે સુદૃઢ કરવાની દિશા મળી શકે. ભારતમાં સ્ત્રીને માતૃ સ્વરૂપે જોવાની દૃષ્ટિ રહી છે. ભારત ઉત્સવોનો દેશ છે, અને આ ઉત્સવો જો સમજીને ઉજવાય તો સમાજને નૈતિક સંદેશ આપનારા બને છે. આદ્યશક્તિની આરાધના માતૃશક્તિને પ્રતિષ્ઠિત કરે છે. આજે પરિવારો તૂટી રહ્યા છે, 'જે કર ઝૂલાવે પારણું તે જગત પર શાસન કરે'ની વિભાવના લુપ્ત બની છે. આ ઉક્તિ વાસ્તવમાં નારી જ સમાજની સાચી સંસ્કારદાત્રી અને તેને ઘડનારી હોવાનું કહે છે. મહિલા સશક્તિકરણ એટલે માત્ર અનામત અથવા પદ આપવું એટલું જ પૂરતું નથી. બાળકનો ઉછેર, સંસ્કાર અને પરિવારને - સમાજને એક સૂત્રમાં બાંધી રાખવાની ક્ષમતા પરમાત્માએ જેટલી સ્ત્રીને આપી છે એટલી પુરુષને નથી આપી. તેથી જ નારીને નારાયણી કહેવાય છે. આ મહામેળામાં અપેક્ષિત ચિંતન ભારતીય સ્ત્રીઓ માટે આ સંદર્ભમાં પણ માર્ગદર્શક બને એવું ઈચ્છીએ. કડવા પાટીદાર સમાજનું મૂળ છેક દશાવતારના યુગ જેટલું જૂનું છે. લેઉઆ અને કડવા રઘુવંશી લવ અને કુશના વારસો કહેવાય છે ત્યારે રઘુવંશની મર્યાદા, સત્ય આચરણ, ત્યાગ ભાવના, માતૃભૂમિપ્રત્યેનો ભક્તિભાવ, સત્તાની ખેંચતાણ નહિ, આપવા માટેની સ્પર્ધા, ગૌમાતા પ્રત્યે આદર વગેરે ગુણોનું પણ સ્મરણ થાય એ આજના યુગની માંગ છે. રઘુવંશીઓ આપસમાં ઝગડ્યા નથી, સત્તા માટે કાવાદાવા કર્યા નથી. દિલીપ રાજાનો ગૌ-પ્રેમ, રઘુરાજાની દર બાર વર્ષે ખજાનો પ્રજાહિત માટે ખર્ચી નાખવાની ત્યાગવૃત્તિ, લંકા જેવી સમૃદ્ધ નગરી જીત્યા પછી પણ વિભીષણને રાજ્ય સોંપીને માતૃભૂમિને જ સ્વર્ગથી પણ મહાન કહેવાની ઉદાત્તતા વગેરે ગુણો કલ્યાણકારી બને છે. કડવાઓના આદિપુરુષ કૂર્માવતારરૂપી મહાપુરુષે સભ્યતાના ઉગમકાળે પરસ્પરની ભાવનાઓનો આદર કરીને, નૈતિક મૂલ્યો પર આધારિત સંગઠિત સમૂહજીવનનો મંત્ર ઉજાગર કર્યો હતો. આજે આવા નેતાની જ ખોટ સાલે છે. સ્વર્ણિમગુજરાતના નિર્માણમાં પણ કડવા પાટીદારોનો સિંહફાળો છે. વર્તમાન આયોજન માત્ર ધાર્મિક ક્રિયાકાંડ પૂરતું મર્યાદિત નથી. વ્યાપાર-ઉદ્યોગ મેળા, હસ્તકલા પ્રદર્શન, શૈક્ષણિક દૃષ્ટિકોણ, સરકારની કલ્યાણકારી યોજનાઓની માહિતી આપતું પ્રદર્શન વગેરે શૈક્ષણિક, આર્થિક, વ્યાવસાયિક વિકાસનાં માર્ગદર્શક બની રહેશે. કડવા પાટીદાર સમાજ અને ઉમિયા માતા સંસ્થાન પોતાના સમાજના ઉત્કર્ષ માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે તેની એક ઝલક પણ આ પ્રસંગે સાંપડશે. આ મહામેળો ભલે એક જ જ્ઞાતિ સાથે સંબંધિત હોય, પરંતુ આવી સમાજોત્કર્ષની નિઃસ્વાર્થ ભાવના, સમરસ સમાજની વિભાવના સમગ્ર ભારતમાં વ્યાપે એવું કંઈક કરીએ એ સમયનો તકાદો છે. આ અંક માટે સામગ્રી એકઠી કરવામાં ઉમિયા માતા સંસ્થાન, ઊંઝાના હોદ્દેદારો, મહોત્સવ આયોજન સમિતિના અધ્યક્ષ નારાયણભાઈ લલ્લુદાસ પટેલ, કન્વીનર મણિભાઈ પટેલ (મમ્મી), પ્રોજેક્ટ ચેરમેન મહેન્દ્રભાઈ પટેલ, પ્રચાર સમિતિના પ્રમુખ સીતારામભાઈ પટેલ સહિત તમામ હોદ્દેદારોએ આપેલા ઉષ્માભર્યા સહકાર બદલ અમે આભારી છીએ.


• • •

રીયલ ન્યુઝ

તંત્રીની કલમે

– નિતેશ એન. દેસાઈ

સંગઠન થકી કલ્યાણનો નવતર સંકલ્પ



આપણા દેશમાં ભારતીય સંસ્કૃતિના શિરે પશ્ચિમી સભ્યતાનું વાવાઝોડું સતત મંડરાતું રહ્યું છે. ત્યારે સ્વદેશી ધાર્મિક આસ્થા અને વિદેશી ડિમાન્ડ વચ્ચે આજે સ્વદેશી ધાર્મિક આસ્થા સંસ્કૃતિની ગોદમાં ઉછરી રહી હોય અને તેના વારસાનું જતન થતું હોય એવાં ભારતના આંગળીના વેઢે ગણી શકાય તેવાં સ્થળો મધ્યે માં ઉમિયાના પવિત્રધામઊંઝાનું નામગૌરવપૂર્વક લેવામાં આવે તો કશું ખોટું નથી.

વિશ્વ નિયંતા મા ઉમિયાની આ પવિત્ર ભૂમિ પર આયોજીત ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ દુનિયાભરમાં ફેલાયેલા લાખ્ખો કડવા પાટીદારો માટે મજબૂત એકજૂથતા, સમાજસેવાના સંકલ્પ અને કુળદેવી પ્રત્યે આસ્થાનો અદ્‌ભુત ત્રિવેણી સંગમ બનનાર છે અને આ અભૂતપૂર્વ ઐતિહાસિક ઘટનાની નોંધ માત્ર ભારત દેશ જ નહીં, સમસ્ત વિશ્વ લેશે એમાં કોઈ બેમત નથી.

વર્તમાન સમય પરિવર્તનનો સમય છે. એવા સમયે જાગૃત આત્માઓને આહ્વાન આપી દૈવી અને જનકલ્યાણના કાર્યમાં સહયોગી બનાવવા ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. મનુષ્યની સંસ્કારિતા તેની આધ્યાત્મિકતાના વિકાસ પર નિર્ભર છે. છતાં તમામ સંસ્કારોની જનની માતાને ગણવામાં આવે છે. એક બાળકના પાલનપોષણથી માંડીને જનકલ્યાણ સહિતના સહજ કર્મો માટે માતાને કોઈ ધર્મોપદેશકની જરૂર નથી પડતી. વાસ્તવમાં જગતના તમામ ધર્મોનો સાર માતૃત્વમાંથી જ પ્રગટ થાય છે.

ત્યારે માં ઉમિયાની ભક્તિ અને શક્તિ થકી સમાજમાંથી અનાસક્તિના અતિરેકની મહત્તાના નિર્મૂલન અને આધ્યાત્મિકતા થકી સંગઠિત અને કલ્યાણકારી નવતર આવતીકાલનું નિર્માણ સમસ્ત આયોજનનું પ્રમુખ ધ્યેય છે. વિશાળ સમુદાયનો સંકલ્પ નવસર્જન કરી શકે છે. માં ઉમિયાની અનુકંપા, તેનું પરાક્રમ, પાપ, હિંસા, ક્રુરતા, જૂઠ, રોગ, શોક ઈત્યાદિથી મુક્ત તેમજ ગમે તેવા ભયાનક સંકટો સમક્ષ અડીખમ રહી શકે તેવા એક નવા કડવા પાટીદાર સમાજનું નિર્માણ કરે છે. આ માત્ર શ્રદ્ધાનો વિષય છે. કહેવાય છે કે કોમ્પ્યૂટર દરેક પ્રશ્નોના જવાબ આપે છે. પરંતુ માનવીના મનમાં પળે પળે જન્મલેતા કેટલાંક દૈવી પ્રશ્નોનો પ્રત્યુત્તર તો માત્ર મા ઉમિયા જ આપી શકે છે. જગત જનની સંકટ હરણી મા ઉમિયાનો સર્વત્ર જય જયકાર હો...

• • •










શંખનાદ

તંત્રીની કલમે

– નવિન ખત્રી, ડીસા

ઊંઝા ઉમિયા મહોત્સવનો ભવ્ય પ્રારંભ



ઊંઝા ઉત્તર ગુજરાતનું મુખ્ય વહેપારી મથક છે અને ઉમિયા માતાનું સ્થાનક પણ છે. વાસ્તવમાં ઊંઝા જીરૂં, વરિયાળી, ઈસબગુલ અને અન્ય કૃષિ વિષયક પેદાશોનું વેપાર કેન્દ્ર છે. ઊમિયા માતા પણ કૃષિકાર એવી પાટીદાર જ્ઞાતિનાં કુળદેવી છે. મસાલા તરીકે વપરાતું 'ખાધા જીરૂં' અહીં પુષ્કળ થાય છે. તે જ રીતે ઈસબગુલ બનાવવા માટેનું જીરૂં પંજાબમાં સૌથી વધારે થાય છે. તે પછી બીજો ક્રમસિદ્ધપુર તાલુકાનો ગણાતો હતો. આજે ઊંઝા અલગ તાલુકો છે, પણ ત્યારે તે સિદ્ધપુર તાલુકાનો ભાગ હતું. વર્તમાન ઊંઝા ઈસબગુલના ઉત્પાદન અને વિકાસમાં મોખરે છે. આ નગરના આંગણે મા ઉમિયાના મંદિરની સ્થાપનાના સંદર્ભમાં એક વિશાળ ઉત્સવનું આયોજન કરાયું.

ઉમિયા ધામમાં પાટણ-મહેસાણા હાઈવે અડીને આવેલ સાડા પાંચસો વીઘા જમીનમાં ઉમિયાનગર સજ્જ-ધજ્જીને તૈયાર થવા આવ્યું છે. હાલ ઉમિયાનગર નિહાળવા માનવ મહેરામણ ઉમટવા માંડ્યો છે.

નગરમાં આવનાર માઈભક્તોને ભોજન-પ્રસાદી માટે છ બ્લોકમાં મંડપ તૈયાર કરી દેવામાં આવ્યો છે. જેમાં પંખા અને ટ્યુબલાઈટની પણ સુવિધા કરાઈ છે. હવે પાણીના કનેકશનની કામગીરી ચાલુ હોવાનું કમિટીના ચેરમેન ત્રિભોવનદાસ પટેલે જણાવ્યું હતું. જ્યારે સાંસ્કૃતિક પ્રદર્શનમાં પાટીદારોનું ગ્રામીણ જીવન અને ક્રમિક વિકાસ, ઉમિયા માતા અને પાટીદારોનું કૃષિ જીવન કે જેમાં ખેડૂતો નિરાંતની પળ માણતા, બંધુકા વિવાહની જાનની જીવંત ઝાંખી તૈયાર કરાશે, પાટીદારના સમાજ જીવનના દુર્લભ ફોટા પ્રદર્શિત કરતી ફોટોગેલેરી બનાવી. તેમાં વિરમગામ, પાટડી, માંડલના પેઈન્ટીંગ રજૂ કરાયા.

પાટીદારોના ઉત્સવો કે વરસાદ વરતારો, શુકન (ઈન્દ્રપુજા), ખેતીમાં કુશાદેવીની ઉપાસના કરતી પલ્લી, સારા પાકની આશાએ ખેડૂતના હળોતરા અને ઉમિયા માતાજીના પ્રાચિન મંદિરની તસ્વીર પ્રદર્શિત કરવામાં આવી.

ઊંઝાનગરમાં મા ઉમાના ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯ના સમારોહને મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખુલ્લો મુક્યો હતો. ૫૦ થી વધુ સરકારી ગાડીઓના વિશાળ કાફલા સાથે મુખ્યમંત્રી ઉમિયાનગર ખાતે આવી પહોંચતા જ ઉમિયા મહોત્સવ સમિતિના પ્રમુખ નારણભાઈ એલ. પટેલ દ્વારા એકમણ વજનના ફૂલહારથી મુખ્યમંત્રીનું ભવ્ય સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ પુરૂષોત્તમભાઈ રૂપાલા, મહેસુલ મંત્રીશ્રીમતી આનંદીબેન પટેલ, પાણી પુરવઠા મંત્રી નિતીનભાઈ પટેલ તથા અન્ય મંત્રીઓનું ફૂલહારથી મંચ પર સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સમારોહના પ્રમુખ તરીકે વિષ્ણુભાઈ મફતલાલ પટેલે (સદ્‌ભાવ કન્સ્ટ્રક્શન કંપની-અમદાવાદ) મુખ્યમંત્રીનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું. મંચ પર મુખ્યમંત્રી પધારતાં તેમને સાંભળવા પાંચ લાખની જનમેદની ઊભા કરાયેલા શમિયાણામાં ઉપસ્થિત રહી હતી. મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉમિયા મહોત્સવને બિરદાવતાં પોતાના મહોત્સવના પ્રવચનમાં પાટીદાર સમાજના ખેડૂતોને ખેતી માટે ફુવારા પદ્ધતિ અપનાવવા આહ્‌વાન કર્યું હતું. તેમણે ગુજરાતમાં ટપક સિંચાઈ પદ્ધતિથી ખેત ઉત્પાદન સારૂ મળતું હોવાની વાત પણ દર્શાવી હતી. મહોત્સવમાં ઊભા કરવામાં આવેલા કૃષિ પ્રદર્શનથી ખેડૂતોને પૂરતી માહિતીથી વાકેફ કરી શકાશે તે બાબત પર મુખ્યમંત્રીએ ભાર મૂક્યો હતો. તેમણે પાટીદાર સમાજના ગૌરવવંતા ઐતિહાસિક મહોત્સવને સમાજની એકતા સમાન ગણાવેલ.

પ્લાયવુડ અને થર્મોકોલની કલાકૃતિથી માતાજીનું આબેહૂબ પૌરાણિક મંદિર તૈયાર :

ઉમિયાનગરમાં મા ઉમિયાનું ૩૦ ફૂટ ઊંચું પ્લાયવુડનું મંદિર તૈયાર થવા આવ્યું છે જેને થર્મોકોલનો આખરી ટચ અપાઈ રહ્યો. યજ્ઞશાળા સામે દર્શનાર્થીઓ માટે લાલ ચાદર સાથે પેવેલિયન તૈયાર કરાયું.

મા ઉમિયા ધામમાં લાખો માનવ મહેરામણ ઉમટતાં તેઓને પૂરે પૂરી સગવડ મળે અને ક્યાંય અગવડતા ન પડે તે માટે ૫૦૦ થી પણ વધુ ઠેરઠેર સ્વયંસેવકો યાત્રાળુઓની ભાવનાઓને બિરદાવી ખડે પગે સેવા આપી.

ભવ્ય કલાકૃતિઓથી તૈયાર કરવામાં આવેલ માતાજીના મંદિરમાં ક્યાંય લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. છતાં પણ લોકોનું આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું અને મંદિરના ગોખમાં લાઈવ ટેલીકાસ્ટ દ્વારા મા ઉમિયા માતાજીની મૂર્તિનું જીવંત દર્શન કરાવાયું.

મહોત્સવની પળેપળનું જીવંત પ્રસારણ :

૮ એમબીપીએસની બેન્ડવીથવાળા કનેક્શનથી ઓનલાઈન વેબ કાસ્ટીંગ દ્વારા ઈન્ટરનેટ પર જીવંત પ્રસારણ કરાયું. ૧૦ થી વધુ વિશાળ એલઈડી સ્ક્રીન તથા ૧૦૦ જેટલી પ્લાઝમાં ટીવી પર સમગ્ર મહોત્સવની અલગ અલગ ઈવેન્ટો એક જ સ્થળેથી નિહાળી શકાય તેવી વ્યવસ્થા ગોઠવાઈ. હરવા-ફરવા માટે અસમર્થ માઈ-ભક્તો કેબલ નેટવર્ક પરથી મહોત્સવનું જીવંત પ્રસારણ માણી શક્યા.

એક મુખ્ય સહિત એકબીજા સાથે લીંક કરાયેલા પાંચ કન્ટ્રોલરૂમ ઊભા કરાયા.

પાટીદારોની ગાથા અને વારસાનું દર્શન :

અંદાજીત ૮૫ લાખના ખર્ચે ૪૦,૨૬૨ ચોરસ મીટર વિસ્તારમાં પાંચ વિભાગમાં પ્રદર્શન દ્વારા વર્ષો જૂના દશ્યો આબેહૂબ ખડાં કરાયા. અતિ આધુનિક ટેક્નોલોજી એલઈડી અને લેસર-શો પદ્ધતિ થકી ફિલ્મનું નિદર્શન કરાયું. મા ઉમિયાના ઉત્સવ માટે ઉમિયાનગરમાં ૪૦,૨૬૨ ચોરસ મીટર વિસ્તારમાં કડવા પાટીદારોની ઉત્પત્તિથી લઈને તેની ક્રમિક વિકાસ ગાથા, સંસ્કૃતિ, રહેણી-કરણી વગેરેનું પાંચ અલગ અલગ વિભાગોમાં જુદા જુદા પ્રકારે પ્રદર્શન કરવાનું આયોજન કરાયું. જે પૈકી એક વિભાગમાં જર્મન ડોમમાં વિશાળ એલઈડી ઉપર લેસર-શો પદ્ધતિથી પાટીદારોની ઉત્પત્તિથી ક્રમિક વિકાસ ગાથા આધારિત વિશેષ ફિલ્મનું નિદર્શન કરાયું. ઉમિયા માતાના આ પાંચ દિવસીય મહોત્સવ દરમ્યાન યોજાયેલ સાંસ્કૃતિક પ્રદર્શનમાં લાકડામાંથી જૂના ઘર ઓરીસ્સા તેમજ સુરેન્દ્રનગરના કલાકારો દ્વારા ફાઈબરના વિવિધ પૂતળા બનાવાયા હતા.

ઉમિયા મંદિર રંગબેરંગી ૭૫ સ્પાર્કલાઈટના શણગારથી સજ્જ :

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવમાં ઉમિયા માતાજીનું મંદિર રાત્રે રંગબેરંગી આકર્ષક ૭૫ સ્પાર્ક લાઈટના અજવાળાથી ઝળહળશે અને મંદીરના ઘુમ્મટ ઉપર વિભિન્ન કલરમાં રોશની આકર્ષકનું નજરાણું બની પરિસર ઝુમ્મર, ચાઈનીઝ સીરીઝ, કલરીંગ બલ્બ અને ટ્યુબલાઈટના અજવાળે રાત્રે જાતભાતના રંગોથી સજ્જ. મહોત્સવમાં અંદાજે રૂપિયા ૨.૫ લાખના ખર્ચે મંદિર પરિસરમાં રોશની થઈ.

ઉમિયા માતાના દેવસ્થાન કમિટિ દ્વારા મંદિર ડેકોરેશનનું કામ વેગવંતુ કરવામાં આવ્યું છે. અજમેરથી લાલાભાઈ અને ૨૦ થી ૨૫ કારીગરોની ટીમ મંદિર પરિસરમાં લાઈટીંગ ડેકોરેશન કરવામાં કાર્યરત થઈ છે. જેમાં મંદિર પરિસરમાં ચોમેર લાલ, લીલા, પીળા વગેરે અલગ અલગ કલરોનો પ્રકાશ પાડતી સ્પાર્ક લાઈટ લગાવવામાં આવી.

આ ગોળ ફરતી લાઈટની રોશનીથી મંદિર રાત્રે રંગબેરંગી ડિઝાઈનના અજવાળાથી માતાજીનો ઘુમ્મટ ઝળહળી ઉઠ્યો. મંદિરના પ્રવેશદ્વારને ચાઈનીઝ લાઈટથી શણગારવામાં આવી. માઈભક્તોના પ્રવેશ દ્વારમાં દિવાલની છત ઉપર માતાજીનું ૧૦ બાય ૧૨ ફૂટનો લોગો (છબી) આકર્ષક લાઈટથી ચમકવા માંડશે. દર્શન વ્યવસ્થા કમિટિના ચેરમેન વસંતભાઈ ચોક્સી, કો.ચેરમેન ગોવિંદભાઈ પટેલ વગેરેના માર્ગદર્શન હેઠળ મંદિર પરિસરમાં લાઈટીંગ શણગાર કરવામાં આવ્યો હતો.

લાકડુ, નીલગીરી અને નળીયાથી તૈયાર કરેલ યજ્ઞશાળા :

મા ઉમાના ઊંઝા ધામમાં ૫૦ વીઘા વિસ્તારમાં આખીયે ઉમિયાનગરી તૈયાર થયેલ, જેમાં ઉમિયા માના ૨૫ ફૂટ ઊંચા મંદિર સાથે સાથે સહસ્ત્રચંડી મહાયજ્ઞનો મંડપ બંધાયો. આ યજ્ઞમંડપ બનાવવામાં નીલગીરી, ૩૦ મણ લાકડુ અને ૬૫૦૦ નંગ નળિયા વપરાયાં. નોંધનીય છે કે આ યજ્ઞમંડપમાં ક્યાંય પણ લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. સહસ્ત્રચંડી મહાયજ્ઞના મંડપની છત નળીયાની બનાવેલ છે. જ્યારે નીલગીરીના ૬.૫ મીટર ઊંચાઈવાળા થાંભલાઓ વચ્ચે યજ્ઞ કુંડ બનાવ્યો. આ યજ્ઞ મંડપ બનાવવા ચાર ટ્રક ભરી નીલગીરી લાકડું અને ટ્રક નળીયાનો સામાન લાવવામાં આવ્યો હતો.

એક લાખ બેઠકનું પેવેલિયન :

ઊંઝાના ઉમિયાનગરમાં પાંચ દિવસીય મહોત્સવની રાતલડીમાં રજૂ થનાર સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ખ્યાતનામ કલાકારો ત્રણ સ્ટેજવાળા ૭૪૮૮ ચોરસ ફૂટના સ્ટેજ પર કલાના કામણ પથરાયા. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પ્રેક્ષકોને બેસવા માટે એક લાખ બેઠક ક્ષમતાવાળુ ભવ્ય પેવેલિયન બનાવાયું. જેમાં દૂરથી પ્રેક્ષકો સ્ટેજ પર રજૂ થતા કાર્યક્રમને સરળતાથી નિહાળી શકે તે માટે ત્રણ એલઈડી, ૨૦ એલસીડી પ્લાઝમાં અને ૨૦ પ્રોજેક્ટર મુકવામાં

આવ્યા. ૨૮ નવેમ્બરથી બીજી ડિસેમ્બર દરમિયાન રાત્રે વિવિધતાસભર સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા. આ કાર્યક્રમોમાં ૩૦૦ સેવક સેવિકાઓ સેવારત રહી. જેમાં ત્રણ સ્ટેપવાળા વિશાળ સ્ટેજ ઉપર ઐતિહાસિક એવી પાટીદાર ગૌરવગાથા 'મા ઉમિયાના સંતાનો', અભિનય નાટિકા, રાસ-ગરબા, હિન્દી તથા ગુજરાતી ભજનો, હાસ્યરસ, લોકડાયરો, સામાજિક નાટક, નૃત્ય નાટિકા અને લોકનૃત્ય રજૂ થયા. જેમાં મહોત્સવ દરમિયાન પ્રેક્ષકોને રાત્રે નિત નવા કલાકારોનું નજરાણું નિહાળવા મળ્યું.

ધર્મોત્સવની બાળનગરીમાં ૩૨ પ્રકારની વિવિધ રાઈડ્સનો લહાવો જિલ્લામાં પહેલીવાર :

મહેસાણા જિલ્લામાં વેલ ઓફ ડેથ, ડેસીંગ કાર, મેરીગો રાઉન્ડ, કપ સોસર, રેન્જર, ફ્રોગ ટ્રેઈન, રોલીંગ ટાવર વગેરે રાઈડ્સનો પ્રથમવાર બાળકોને લાહવો મળ્યો. આ ઉપરાંત જોઈન્ટ વ્હીલ, ટોરાટોરા, બ્રેકડાન્સ, સુપરડુપર, સંલામ્બો, રેઈનબ્રો, ડ્રેગન ટ્રેઈન, કોલંબસ, મિની ટ્રેઈન, મુનવોકર, ઓક્ટોપસ, સનમુન, હોન્ડા બાઈક, મિની પ્લેન, મિની જીપ, ચેરો પ્લેન અને થ્રીડી શો રાઈડ્સનો સમાવેશ થાય છે.

ક્રેન તથા મોબાઈલ ગેરેજની વ્યવસ્થા કરાઈ :

ઉમિયાનગર ખાતે બે ક્રેન તેમજ મોબાઈલ ગેરેજની વ્યવસ્થા કરાઈ. જેથી કોઈપણ વાહન બગડે કે ટાયર પંક્ચર થાય તો તાત્કાલિક તેના સમારકામ માટેનાં પગલાં લઈ શકાય અને અડચણ ઊભી ન થાય.

મહોત્સવમાં પર્યાવરણ જાગૃતિ અભિયાન :

શ્રી ઉમિયા માતાના ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવમાં આવનાર શ્રદ્ધાળુઓ માટે અનેકવિધ તૈયારીઓ કરવામાં આવી. ત્યારે ઉત્કર્ષના આ મહોત્સવમાં વિસનગરના તિરૂપતિ ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણ જાગૃતિ અને પર્યાવરણને બચાવવાનું મહાઅભિયાન ચલાવવામાં આવ્યું. જે અંતર્ગત માતાજીના દર્શનાર્થે આવનાર શ્રદ્ધાળુઓને સંસ્થા દ્વારા ૧૧,૧૧,૧૧૧ રોપાઓની પ્રસાદી વહેંચવામાં આવી. પ્રસાદી સ્વરૂપે આપવામાં આવનારા આ રોપાઓ શ્રદ્ધાળુઓ ઘરે લઈ જઈ ઉછેર કરી પર્યાવરણ બચાવની કામગીરીમાં સહભાગી થયા.

માના મહોત્સવમાં પધારનાર શ્રદ્ધાળુઓ માટે મિનરલ વોટર :

ઉમિયાનગરમાં બે લાખ લિટર પાણીની ક્ષમતાનો મિનરલ પ્લાન્ટ નંખાયો. આ મહોત્સવ દરમિયાન અંદાજે ૫૦ લાખ લિટર મિનરલ વોટર વપરાયું. પાઈપલાઈન મારફતે ધરોઈ યોજનાના એક કરોડ લિટરપાણીનો સપ્લાય રોજે રોજ થતો હતો.

ધર્મોત્સવમાં ૩૦ લાખ લચપચ લાડુ તૈયાર :

ઊંઝામાં.જીમખાના અને બે શાળાના ત્રણ હોલમાં ૩૦ લાખ લાડુ ગોઠવવામાં આવ્યા હતા. મહોત્સવમાં આવનારા માઈભક્તો માટે ૩૦ લાખ લાડુ તૈયાર કરવામાં આવ્યા. માઈભક્તોના અપેક્ષા કરતાં વધુ ઘસારાની સ્થિતિ આવે તો ઈમરજન્સી ભોજન વ્યવસ્થા જાળવવા માટે ૪૦ હજાર કિલો બુંદી બનાવવામાં આવી હતી. ઉમિયા માતાજીના પાંચ દિવસીય મહોત્સવ નિમિત્તે જીમખાનાના ગ્રાઉન્ડમાં સોમવાર સુધીમાં ૩૦ લાખ લાડુ તૈયાર થઈ ગયા હતા. રોજે રોજ ૫૦૦ થી ૭૦૦ મહિલા સ્વયંસેવકો મા ઉમિયાના સેવાકાર્યમાં લીન થઈ હતી અને ગણતરીના દિવસોમાં ૩૦ લાખ લાડુ તૈયાર કરી માઈભક્તો માટે સુચારૂ વ્યવસ્થા સચવાઈ. સ્વયંસેવકોએ તૈયાર કરેલા ૩૦ લાખ લાડુ જીમખાનાના હોલ, સ્વામિનારાયણ સ્કૂલ અને નવજીવન સ્કૂલના પ્રાર્થના હોલમાં મુકવામાં આવ્યા હતા.


•••

જય ઉમિયા

તંત્રીની કલમે

– પ્રિ. જેઠાભાઈ એમ. પટેલ
કમિટી સભ્ય, પ્રચાર-પ્રકાશન અને ગ્રંથ કમિટી
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ, ઊંઝા

મા તુઝે સલામ !



જગતજનની મા ઉમિયાનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, તા. ૨૮ નવે. થી ૨ ડિસે. દરમિયાન ભવ્યાતિભવ્ય રીતે ઉજવાઈ ગયો.

આ મહોત્સવ માત્ર કડવા પાટીદારોનો કે માત્ર પાટીદારોનો ના રહેતાં સમગ્ર માનવસમુદાયનો બની રહ્યો. એક માને ચાર સંતાન હોય અને સૌથી મોટો કે સૌથી નાનો દીકરો એવો અધિકાર કરે કે તે માત્ર મારી જ મા છે તો તે તેની ભ્રમણા છે. જગતના સમગ્ર જીવોના દેવાધિદેવ મહાદેવની અર્ધાંગિની મા ગૌરી એ કોઈ એક જ્ઞાતિની કુળદેવી હોઈ શકે, પણ તેના ઉપર અધિકાર તો સૌ સંતાનો એટલા માટે કરી શકે કે તે સર્વગણોના દેવાધિદેવ શંકરનાં પત્ની છે અને તમામ માનવજીવોના કોઈ પણ કાર્યની શુભ શરૂઆત કરવા જેનું સ્મરણ અને સ્થાપન કરાય છે એવા દુંદાળા દેવ ગણપતિની મૈયા છે. આથી જગતજનની અન્નપૂર્ણા મા ઉમિયા ઉપર તમામ માનવ જીવોનો અધિકાર અને પ્રેમ છે એની પ્રતીતિ આ પાંચ દિવસના મહોત્સવમાં થયા વિના

રહેતી નથી. હિન્દુઓની તો કોઈ જ્ઞાતિ એવી નહિ હોય કે જેણે મા ઉમિયાના આ અવસરમાં પોતાની ફરજ બજાવવા તત્પરતા ના બતાવી હોય, પરંતુ પાલનપુર, સિદ્ધપુર, ઉનાવા કે અન્ય શહેરોના મુસ્લિમબંધુઓની કરુણા અને મમતા તો તેમણે ઉદારદિલી બતાવી જે યત્કિંચિત ફાળો આપ્યો છે તે બતાવે છે, પછી તે પાલનપુર તાલુકાના મુસ્લિમબંધુએ આપેલા એક સો ડબા તેલ હોય કે ઉનાવાના મુસ્લિમબંધુઓએ પાંચ દિવસ સુધી ઉનાવાથી ઊંઝા સુધીના રોડ ઉપર સતત ખડેપગે ટ્રાફિક વ્યવસ્થા સંભાળી હોય, દાઉદી વોરા સમાજના આગાખાન ટ્રસ્ટ, દહીંસર મુંબઈના બેન્ડવાળાં ભાઈ-બહેનો હોય ! આ સેવા એમના રોજાના પુણ્ય કરતાં લેશમાત્ર ઉતરતી નથી. સલામએ સૌ મુસ્લિમ બિરાદરોને.

મારી બીજી સલામ છે એ પાટીદાર ભાઈઓને કે જેમણે આ અવસર ઉજવાય અને પોતાની ૫૦૦ એકર કરતાંયે વધારે ફળદ્રુપ ભૂમિ પુણ્યશાળી બને તે માટે એક વર્ષની ઉપજ જતી કરીને એક પૈસાનું પણ દરમાયું લીધા વિના ઉત્સવ ઉજવવા એકી અવાજે આપી દીધી. લાખો લોકોની પદરજ એમની આ જમીનને પવિત્ર બનાવી ગઈ છે તે એમને એક વર્ષની ઉપજના બદલામાં કરોડો રૂપિયાનું વળતર આપશે જ એવી વાણી ઉમિયાનગરના દર્શનાર્થીઓની હતી જ વળી.

મારી ત્રીજી સલામ છે એ સૌ સ્વયંસેવકોને કે જેમણે ચહેરા ઉપર કે હૈયામાં ક્યાંક કડવાશ, ક્રોધ, કંટાળો, થાક કે અણગમો પ્રગટાવ્યા વિના માત્રને માત્ર ઉત્સાહ, ઉમંગ, તરવરાટ, દોડાદોડ અને બીજાને માત્રને માત્ર ઉપયોગી થવાની ભાવનાથી રાત-દિવસ જોયા વિના લોક સેવાનો લ્હાવો લેવાની સુવર્ણ તક પ્રાપ્ત કરી.

મારી ચોથી સલામ છે એ દાતાઓને કે જેમને માએ માત્ર રૂપિયા જ નહિ, હૃદય પણ એવું જ આપ્યું છે જે એ રૂપિયાઓને યોગ્ય સ્થાને ઉપયોગમાં લઈ શકે, પછી તે બ્રાહ્મણવાડાના અમૃતભાઈ પટેલ હોય કે જેમણે ૧,૨૫,૦૦,૦૦૦/- રૂપિયાનું દાન આપ્યું હોય કે નજીકના ગામનો કોઈ અકિંચન હોય કે જેણે ચલણમાંથી નિવૃત્તિ લીધી છે એવો પચાસ પૈસાનો સિક્કો માની દાન પેટીમાં પધરાવી દાનપેટીને પવિત્રતા અને ગૌરવ અપાવ્યું હોય. એ સૌ દાતાઓને સલામજેમણે લાખો રૂપિયા કે ટ્રકો ભરીને બટાટા કે ટામેટા મોકલ્યા છે. ઘી, ગોળ કે ખાંડ મોકલી હોય કે દાળ-ચોખા મોકલ્યા હોય.

આ માત્ર કોઈ ધાર્મિક તહેવાર, ખાણીપીણીનો ઉત્સવ કે કેવળ લોકમેળો જ નહોતો, આ તો સામાજિક, ઔદ્યોગિક, કૃષિવિષયક અને લોકજાગૃતિનો પુનિત મહાયજ્ઞ હતો. હજારો લોકોની જિંદગી બચાવી શકાય એ માટે ૧૧,૭૦૦ બોટલ રક્ત એકઠું કરી અન્યની જિંદગી બચાવવાનો આ અણમોલ અવસર હતો. માત્ર પાટીદારો જ નહિ, સમગ્ર માનવજાત પરસ્પર નજીક આવે, ઐક્ય કેળવે અને 'જીવો ને જીવવા દો'ની ભાવના જાગૃત થાય એવું મહાપર્વ હતું. એ તમામ રક્તદાતાઓને મારી દિલી સલામ. ઉમિયાનગરમાં ઊભી કરેલી હોસ્પિટલમાં પાંચ દિવસમાં ૬૫,૦૦૦ લોકોએ નિઃશુલ્ક સારવાર તો લીધી પણ સાથે સાથે નિઃશુલ્ક દવાઓ પણ લીધી. આ યોગદાન પણ વખાણવું રહ્યું. ખડે પગે સેવા આપનાર દાક્તરોને કેમ ભૂલાય ?

આ અવસર તો જેણે જોયો, જાણ્યો, માણ્યો, અનુભવ્યો એ તો પાવન થઈ ગયા, પણ હું તો એ દૃશ્ય જોઈને ગદ્‌ગદિત થઈ ગયો કે ગુજરાતનો પાટીદાર હવે સાચા અર્થમાં ગરીબ નથી રહ્યો. સ્વબળે, આપસૂઝ અને પ્રામાણિક ખંતથી હવે ગાડાની સવારીમાંથી વીસ-ત્રીસ લાખની ગાડીમાં મહાલનારો માલેતુજાર બન્યો છે. ઉમિયાનગરના પાર્કિંગમાં ગાડીઓનો જમેલો જોઈ હું સાચા અર્થમાં ધન્ય થઈ ગયો. પાટીદાર પાણીદાર છે. હાઈબ્રીડ બાજરીના બિયારણની થેલીના થીગડાવાળું ગજિયું પહેરનારા આ ઉમાપુત્રે ક્યારેય પોતાની સારું કોઈની સામે હાથ નથી લંબાવ્યો. સરકાર સામે તો ક્યારેય નહિ. કાળજું જેનું કઠણ છે પણ હૈયાનો પોચો માણહ સરકારી દેવાથી તો ડરતો રહ્યો છે. વીજળીબીલ હોય કે સરકારી વેરા, જો ભરવામાં એક દિવસ પણ મોડો પડે તો આખી રાત ઊંઘ ના આવે. વ્યવહાર કુશળતા અને ભલમનસાઈની ખાણ માટે તો અન્ય લોકો પણ તેને વખાણે. હવે એણે માત્ર જાગૃત થયે નહિ ચાલે, ગામડામાં ઊંઘતા તેના ભાઈઓને જગાડવા પડશે, તેમને સાથે રાખવા પડશે એટલે હવે આ ખમતીધર ખંતીલો મરદ પાછળ રહી ગયેલા તેના ભાઈની આંગળી ઝાલી તેને પણ પોતાની સાથે દોડતો કરે, બરોબરીયો બનાવે એવી કૃપા મા ઉમિયાની ઉતરે.

મારા અન્ય જ્ઞાતિના મિત્રો મને વારંવાર કહે, 'ઘર લેવું તો પટેલનું અને જમણવારમાં જવું તો પટેલના' પૂછો કેમ? તો કહે, 'પટેલ દિલનો ખૂબ ભોળો, આપવામાં અને ખવડાવવામાં એનો જોટો ના જડે. કદાચ આ ઉદારતાને લીધે જ માના આશીર્વાદ એના ઉપર ઉતર્યા હોય !

મારા બે બેંક કર્મચારી મિત્રો કહે, 'અમને તો ઈર્ષ્યા આવે છે પેલા પાંચ ગામ લેઉઆ પાટીદાર ઊંઝા નિવાસી મિત્રોની કે જેમને પાંચ પાંચ દિવસ સુધી માત્ર ને માત્ર માના ભેટ આવેલા પવિત્ર રૂપિયા ગણવાનો લ્હાવો મળ્યો. અમે આખી જિંદગી બેંકમાં રૂપિયા ગણ્યા પણ અમારી સેવા ના લીધી.'

મેં કહેલું, 'તમે પૈસા (પગાર) લઈને પૈસા ગણો છો. એમની સેવા નિઃસ્વાર્થ સેવા છે. પછી એમાં એક પાઈની પણ ભૂલ ના રહે. મારી સલામ એ મિત્રોને પણ.

મારી એક સલામ ઊંઝા નિવાસી તમામ જ્ઞાતિના ભાઈ-બહેનોને, જેમણે માત્ર પાંચ દિવસ જ નહિ, એકાદ અઠવાડિયાથી વધારે પોતાના વેપાર, ધંધા, રોજગારી તમામ પ્રકારે રજા રાખી માત્ર માની સેવામાં જ પોતાનું માનવબળ વાપરી ધન્યતા અનુભવી.

સમગ્ર એશિયામાં જેની નામના અને પ્રતિષ્ઠા છે. એ ઊંઝાનું માર્કેટયાર્ડ જ્યાં ચોવીસે કલાક ઈસબગુલ, વરિયાળી અને જીરાની સુવાસ જ આવે ત્યાં તેમણે મોટાં મોટાં ગોડાઉન આતિથ્ય સરભરા માટે આપી દીધાં.

સરકાર મા-બાપ, એસ.ટી. વિભાગ અને પોલીસકર્મી ભાઈઓને મારી અનેક સલામો જેમણે રાત-દિવસ જોયા વિના આ અવસરને ઉજાગર કરવામાં ખડેપગે સહાયતા કરી. પાંચ દિવસમાં એસ.ટી. વિભાગે કરેલી લાખો રૂપિયાની આવકમાંથી હવે વિસ્તારની પ્રજા માટે નવી સગવડો, નવી બસો આપવાનું વિચારશે તો એમનું યોગદાન પણ ચિરંજીવ બની રહેશે.

મિત્રો, ઘરનો એક સામાજિક પ્રસંગ હોય, હજાર પંદરસો મહેમાનો બોલાવ્યા હોય અને જમણવારમાં જો પચાસેક મફતિયા પાર્ટી પ્લોટમાં ઘુસી જાય અને ગણતરી ખોટી પડે તો પણ આપણે હાંફળા ફાંફળા થઈ જઈએ છીએ. થોડું પાણી ખૂટી પડે તો આપણે ગરમવરાળ જેવા થઈ જઈએ છીએ. જોકે એમાં તો બધું જ પૂર્વ આયોજન હોય છે. મહેમાનોની સંખ્યા નિશ્ચિત હોય છે, સમય નિશ્ચિત હોય છે, જ્યારે આ મહેરામણના મેળામાં એક જ દિવસમાં કેટલા આવશે ? ક્યારે આવશે ? ક્યાંથી ક્યાંથી આવશે ? કેટલા જમશે ? કાંઈ જ નક્કી નથી હોતું અને લાખોની સંખ્યામાં. એમાં ક્યાંક કોઈક જમ્યા વિના, રહી ગયું કે કોઈ પાણી વિના એ કોઈ મોટી બૂમાબૂમનો વિષય નથી. ચર્ચાનો મુદ્દો એ હોવો જોઈએ કે આટલી લાખોની સંખ્યામાં જનમેદની અકઠી થાય અને પાર્કિંગથી માંડીને પાયખાના સુધીની તમામ વ્યવસ્થા, આયોજન, સ્વચ્છતા આ બધું કેવી રીતે થતું હશે ?

એક દિવસમાં દસ લાખ દર્શનાર્થીઓ આવે અને એમાંથી સાત લાખ ભોજન લે એ વાત નાનીસૂની નથી. અને એ પણ સતત પાંચ દિવસ. આને ચમત્કાર તો ન કહીએ પણ માની કૃપા જ ગણીએ. ગામડાંના આપણા નાનકડા લગ્ન જેવા પ્રસંગમાં જો માંડવો બાંધવામાં સંકડાશ હોય અને એક સાથે બે જાન તેડાવી હોય તો પાથરણાં આમથી તેમ ખેંચવાનો અને મહેમાનોને બેસાડવાનો અનુભવ આપણો સૌનો છે. જ્યારે આટલી મોટી સંખ્યામાં ક્યાંક ત્રુટિ રહી ગઈ, ક્યાંક માર્ગદર્શન બોર્ડ લગાવવાનું રહી ગયું, ક્યાંક ભવ્ય વ્યાપારી સંકુલનાં પ્રદર્શનો, ખેતી વિષયક પ્રદર્શનોની બહાર બોર્ડ મારવાનું રહી ગયું તેની ચર્ચામાં પડ્યા સિવાય જે લોકો સંપૂર્ણ એરકંડિશન્ડ માર્કેટ, કૃષિ વિષયક પ્રદર્શન, રક્તદાન કેમ્પની મુલાકાત કે ધગધગતી ગરમીવાળા રસોડામાં રસોઈ બનાવતા રસોઈયાની મસ્તી જેમણે જોયાં છે તેમની મજા પૂછો. પ્રદર્શનમાં તમે જોયું હશે કે કરસનભાઈ પટેલની નિરમા પાવડરની દસ રૂપિયાની થેલી પણ હતી ને ટાટાની ત્રીસ લાખની CAMRAY કાર પણ હતી, પણ આ તો જેણે જોયું હોય એને ખબર પડે ને !

સહસ્ત્રકુંડી યજ્ઞનાં પવિત્ર દર્શન તો ખરાં જ, પણ સાથે સાથે તમામ પ્રકારની પ્રોડક્ટ્સનું વેચાણ, ડ્રીપ ઈરીગેશનના જળસંચયના શપથ, ભ્રૂણહત્યા રોકી બેટી બચાવોના શપથ, પાંચ દિવસમાં તિરૂપતિ નેચરલ પાર્ક તરફથી પ્રકૃતિપ્રેમી જનતાને દસ લાખ છોડવાઓનું વિતરણ અને તેમની પાસેથી તેના સરંક્ષણ અને સંવર્ધનનો સંકલ્પ, આ બધું જ મહાયજ્ઞની સાથે સાથે હતું.

પાટીદાર ગૌરવગાથા પ્રદર્શનમાં મારી દસ વર્ષની પૌત્રીને, એક સમયે મેં પણ જેની ઉપર બેસીને નિજ ધર્મ ચૂકી માત્ર નવલકથાઓ જ વાંચતો હતો એ જુવારના ખેતર વચ્ચેનો માળો, એના એક ખૂણે લટકતી ગોફણ અને ઘઉંના લીલાછમ ખેતર વચ્ચે અસલ ખેડૂતની પ્રતિકૃતિ જેવો ચાડિયો વગેરેનું વર્ણન કરી તેને કલ્પનાને સહારે રસપાન કરાવતો હતો. બાજુમાં કૂવામાં લટકતો અસલ ચામડાનો કોસ, ખેતીનાં ઓજારો, ખાતર ભરેલું ઝાકળાબંધ ગાડું, કૂબામાંથી બંગલા સુધીની ખેડૂતની રહેણીકરણી, ઘરડાંમાંની ઘંટુડી અને બીજું ઘણું બધું, આ બધું જીવંત વર્ણવતાં હું ખુદ ચાલીસ વર્ષના ભૂતકાળમાં સરી પડ્યો હતો.

આ ધર્મોત્સવ એ જ્ઞાનપિપાસુ, ધર્મપિપાસુ, અન્નપિપાસુ, આવા તમામ પ્રકારના લોકોને સંતુષ્ટ કરવાનો અવસર હતો. એકલવ્ય સેમિનાર હોલમાં હજારો યુવાનો પોતાના જીવનનો રાહ શોધવામાં સફળ રહ્યા તો કૃષિ સેમિનાર હોલમાં હજારો ખેડૂતોએ પોતાના ભાવિ આયોજન માટે દીર્ઘદૃષ્ટા કૃષિ વૈજ્ઞાનિકોના જ્ઞાનનો લાભ લીધો.

નવીન ઉદ્યોગકારો માટે તો આ ટ્રેનિંગ સેન્ટર જેવું હતું. આ રીતે આ ધર્મોત્સવે તમામ પ્રકારે સાચા અર્થમાં ઉદ્દીપક બનવાનું કામ પાર પાડ્યું છે.

પાંચ દિવસની આ પવિત્ર મહોત્સવની કઈ કઈ સેવાઓ યાદ કરીએ અને કઈ કઈ ભૂલીએ ? જેણે દિવસ દર્શન જ કર્યા અને રાત્રિની રોશની કે ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમ જોયા જ નથી તેણે તો આ મહાયજ્ઞને માણ્યો જ નથી. મારી એક સલામએ સાંસ્કૃતિક કાર્યક્રમોના તમામ કલાકારોને. પાંચ દિવસના આ માનવ મહેરામણમાં પંચાવન લાખથી વધારે લોકો ઉમટી પડે અને ચાલીસ લાખથી વધારે ભોજન પ્રસાદી લે એ ઘટના સમગ્ર ગુજરાત જ નહિ, હિન્દુસ્તાન માટે કદાચ 'ન ભૂતો ન ભવિષ્યતિ' ગણાય.

મારી એક સલામ એ સ્વયંસેવકોને જેમણે પાંચે દિવસ માત્ર ભોજન લીધા પછી આપણે જેને એંઠવાડ કહીએ છીએ એની સફાઈ કરવામાં સેવા આપી છે તે શિક્ષિત-સંસ્કારી-સુખી ઘરના યુવાધનને.

આ પત્રકારોનો તો ધર્મ જ પાણીમાંથી પોરા કાઢવાનો, બે પાટીદાર પત્રકાર મિત્રોએ મને મીઠી ટકોર કરતાં કહ્યું કે પાટીદાર સમાજનાં ખમતીધર સામાજિક સામયિકોના સાત સાત વિદ્વાન અને અનુભવી તંત્રીઓ હતા, ઘણા પ્રતિષ્ઠિત લેખકો હતા તો પણ 'આદ્યશક્તિ જગજ્જનની મા ઉમિયા સ્મૃતિગ્રંથ' પ્રકાશમાં કેમ કોઈ પાટીદાર તંત્રીની કે લેખકની સેવા ના લેતાં અન્ય જ્ઞાતિના વ્યક્તિને પસંદ કર્યા ? અરે તેમાં જે લેખો છે તેમાં ૩૫ લેખકોમાંથી ૨૫ લેખકો તો અન્ય જ્ઞાતિના છે. માત્ર દસેક પાટીદાર લેખકો છે. શું આ જવાબદારી પાટીદાર લેખકો વહન કરી શકે તેવા સક્ષમ ન હતા ? કે પછી .... ? વળી તમે અંક જોયો ? મારે ના છૂટકે કહેવું પડ્યું, ભાઈ પેલા ભારતીય કરોળિયાઓની વાત તો સાંભળી જ હશે. કદાચ એવું જ કંઈક.... પણ આપણે તો એમ માની મન મનાવવાનું કે મા ઉમાની કૃપા એ સાતે સાત પૈકી કોઈની ઉપર નહીં ઊતરી હોય... ! પરંતુ પ્રસારણ માધ્યમોની તમામ પ્રકારની સેવાઓ - ઉમિયાનગરની ક્ષણેક્ષણને અને એકેએક પ્રવૃત્તિને ફોટોગ્રાફી, વિડીયો અને લેખન દ્વારા લોકો સુધી પહોંચાડી લોકોને માહિતી અને માર્ગદર્શન પૂરું પાડી માતાજીના આ સેવાયજ્ઞને ઘેર ઘેર પહોંચાડી લોકોને માહિતગાર કર્યા એવાં દૈનિક દિવ્ય ભાસ્કર, સંદેશ, ગુજરાત સમાચાર, જનસત્તા, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ઈન્ડિયન એક્સપ્રેસ અને બીજાં ઘણાં બધાં સ્થાનિક દૈનિકો તથા દૂરદર્શન અને ખાનગી ચેનલો, સામયિકો વગેરેના માલિકો, સંચાલકોને મારી એક સલામ.

પાંચ દિવસીય આ મહાયજ્ઞમાં દસે દિશાઓમાંથી જે માનવ મહેરામણ ઉમટ્યો અને એમાં જે લોકો માતાની અતૂટ શ્રદ્ધાથી જોજનોથી પગપાળા ચાલીને આવ્યા તે તમામને મારી સલામ, પણ ખાસ તો અમદાવાદના ત્રણેક હજાર યુવાનો ઉમા સ્કૂટર રેલી કાઢીને અમદાવાદથી ઊંઝા તા. ૨૨-૧૧-૦૯ ને રવિવારે આવ્યા ત્યારથી જ અવસરનો પરિચય જગતને કરાવવાની શરૂઆત થઈ. મહેસાણા નગરના ઉમા પગપાળા સંઘના ઉપક્રમે તા. ૨૮-૧૦-૦૯ ને શનિવારે હજારોની સંખ્યામાં લોકો માતાજીના વિવિધ કલાત્મક ૮૦ જેટલા રથોની સાથે જોડાયા અને ઉમા મહોત્સવને અનેરી સિદ્ધિ અપાવી સમગ્ર વિસ્તારની પ્રજાને સ્નેહ અને વિશ્વાસના તાંતણે બાંધી તેમની સુંદર સરભરા કરી રથોની ખુલ્લી સ્પર્ધા યોજી તેમનું બહુમાન કર્યું તે બદલ આયોજકો તથા ભાગ લેનાર તમામ શ્રદ્ધાળુ ભાઈ-બહેનોને મારી સલામ. આ કાર્યક્રમમાં મહેસાણાનગરના ભાઈ-બહેનો ઉપરાંત સરદાર સેવા મંડળ, યુવા-૮૪, ધરતી યુવા મંડળ વગેરેની વિશિષ્ટ સેવાઓને સલામ કરું છું.

મારી અંતરની એક સલામતો શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના વાનપ્રસ્થાશ્રમમાં જીવતા એ તમામ સૂત્રધારોને કે જેમણે યુવાનોને શરમાવે તેવી જોશીલી શૈલીમાં સમગ્ર મહોત્સવને છેલ્લા એક વર્ષના ચિંતન, મનન, આયોજન, સંકલ્પ, આચરણ અને અમલના અંતે રૂપ અને રંગ આપી સમગ્ર વિશ્વમાં ચાર ચાંદ લગાવ્યા. ધન્ય છે એ તમામ વડીલવૃંદને.

મારી પ્રથમ અને છેલ્લી સલામમા તુજને કે જેણે પાટીદારોની નેકી અને ટેકીને ચાર ચાંદ લગાડી તારો જ અવસર તેં રંગેચંગે પાર પાડ્યો.


• • •

તંત્રીની કલમે

ધરતી

– પ્રિ. સોમાભાઈ પટેલ

કુળદેવી મા ઉમિયાના છત્ર નીચે પાટીદાર-એકતાની અનુભૂતિના અણમોલ અવસર



કવિ કાલિદાસે સાચું જ કહ્યું છે : **उत्सवप्रिया: जना:** ! મનુષ્યો ઉત્સવપ્રિય હોય છે; અને એથી તો વિશ્વના ફલક પર હર સ્થળે, સમયે-સમયે, વિવિધ માનવસમૂહો દ્વારા કોઈને કોઈ નિમિત્તે, કોઈ ને કોઈ પ્રકારના ઉત્સવો ઊજવાતા રહેતા હોય છે. એમાંયે ધર્મ અને તત્ત્વજ્ઞાનની ભૂમિ એવા ભારતદેશમાં ધાર્મિક ઉત્સવોનું વિશેષ પ્રાધાન્ય રહ્યું છે. આ દેશમાં હર કોઈ ધાર્મિક ઉત્સવ, પછી તે જન્માષ્ટમી કે નવરાત્રિ જેવા દેશવ્યાપી હોય કે નાના-સામાન્ય ઉત્સવ હોય, લોકો એમાં ભારે ભક્તિભાવ અને ઉમંગપૂર્વક ભાગ લેતા હોય છે.

અલબત્ત, ઉત્તર ગુજરાતમાં કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજીના મૂળ સ્થાનક એવા ઊંઝાનગરના આંગણે આગામી ૨૮મી નવેમ્બરથી ૨જી ડિસેમ્બર, ૨૦૦૯ દરમિયાન યોજાનાર મા ઉમિયાનો ૧૮મી શતાબ્દી રજત જયંતી

મહોત્સવ, આમ તો એક જ્ઞાતિનો કે પેટા જ્ઞાતિનો જ ઉત્સવ ગણાય, અને છતાં આ ઉત્સવ પરંપરાગત રીતે ઊજવાતો કોઈ સામાન્ય ઉત્સવ નહિ બલકે અનેક દૃષ્ટિએ પાટીદાર સમાજનો એક અનન્ય, અભૂતપૂર્વ અને ઐતિહાસિક મહત્તા ધરાવતો મહોત્સવ હશે, એવી સ્પષ્ટ પ્રતીતિ એનું આયોજન અને સમગ્ર માહોલ જોતાં થઈ રહી છે. આ મહોત્સવ 'અનન્ય' અને 'અભૂતપૂર્વ' એટલા માટે હશે કે, સામાન્યતઃ કોઈ જ્ઞાતિ-ઉત્સવમાં લાખ બે લાખ કે ચાર-પાંચ લાખ માણસો આવ્યા હોવાનું સાંભળ્યું હશે; પરંતુ આ મહોત્સવમાં ચાલીસથી પિસ્તાળીસ લાખનો માનવમહેરામણ મા ઉમિયાના દર્શનાર્થે ઉમટવાનો અંદાજ મુકાતો હોય; અને એટલી મોટી જનસંખ્યાને પોતાના આંગણે આવકારવા અને તેમના ભોજન-પ્રસાદ અને ઉતારા સહિતની સર્વ પ્રકારની સુવિધાઓ માટેનું આયોજન કરવા ઊંઝાના નગરવાસીઓ, ઊંઝા-સંસ્થાનના સર્વ આગેવાનો, હોદ્દેદારો અને સ્વયંસેવકો થનગની રહ્યા હોય ત્યારે આ ઉત્સવને 'અનન્ય' અને 'અભૂતપૂર્વ' વિશેષણથી અવશ્ય નવાજવો પડે.

આ અગાઉ ઊંઝા ખાતે માતાજીનો સૌ પ્રથમ ૧૮મી શતાબ્દી મહોત્સવ ઈ.સ. ૧૯૭૬માં અસાધારણ ઉત્સાહ-ઉમંગ સાથે, અનન્ય ભક્તિભાવભર્યા માહોલમાં શાનદાર રીતે ઉજવાયો હતો. એ સમયે ગુજરાત અને ભારતભરમાંથી ૧૮ થી ૨૦ લાખ લોકો મા ઉમિયાનાં દર્શન કરવા સ્વયંભૂ રીતે ઊમટી પડ્યા હતા. એ મહોત્સવ જેમણે નજરે જોયો એ સૌ એનું આયોજન અને વ્યવસ્થા જોઈને મોંમાં આંગળાં નાખી ગયા હતાં. એ મહોત્સવથી પાટીદાર સમાજની પ્રતિષ્ઠાને ચાર ચાંદ લાગી ગયા હતા. એનાથી સમગ્ર પાટીદાર સમાજમાં અસાધારણ જાગૃતિ આવી. સમાજ માતાજીના છત્ર નીચે એકસૂત્રે બંધાયો, તેમજ વિકાસની દિશામાં અસાધારણ ગતિશીલતા સાથે તે ઝડપભેર સુખી સમૃદ્ધ થતો રહ્યો. આ મહોત્સવથી પાટીદાર સમાજની પ્રતિષ્ઠા અને સુવાસ ચોમેર પ્રસરી.

આ મહોત્સવ પહેલાં શ્રી ઉમિયા માતાજી સંસ્થાન પાસે માત્ર છ લાખ રૂપિયાની સિલક હતી. મહોત્સવ દરમિયાન ભાવિક ભક્તો દ્વારા બાવન લાખ રૂપિયા દાન-ભેટ રૂપે મળ્યા, જેમાંથી મહોત્સવનો ખર્ચ બાદ કરતાં ૪૩ લાખ રૂપિયાની બચત રહી. એ સમયે શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના દીર્ઘદૃષ્ટા, અગ્રણીઓ અને હોદ્દેદારોએ ધાર્મિક પ્રવૃત્તિઓની સાથે ધર્મના માધ્યમ દ્વારા સામાજિક ઉત્થાનના ઉદ્દેશને ઉમેરીને પ્રાપ્ત ધનરાશિનો સદુપયોગ સમાજના વિકાસ માટે કરવાનો સ્તુત્ય અભિગમ અપનાવ્યો, જેનાથી પાટીદાર સમાજનો ઝડપી વિકાસ શક્ય બન્યો. આ સાથે મા ઉમિયાના ઉત્કર્ષનિધિ જ્યોતિરથે ગુજરાતનાં ૩૫૦૦ ગામોમાં પરિભ્રમણ કર્યું, જેનાથી મા ઉમિયાના નેજા હેઠળ પાટીદાર સમાજની એકતા દૃઢ બની, તે સાથે સમાજની વિકાસયાત્રા અસાધારણ ઝડપી બની.

૧૮મી શતાબ્દી મહોત્સવ અગાઉ ઉમિયા માતાજીના પરિસરમાં યાત્રાળુઓ માટે રહેવા-જમવાની કોઈ ખાસ વ્યવસ્થા ન હતી; પરંતુ મહોત્સવ બાદ માતાજીની આવકમાં જે અસાધારણ વધારો થયો તેના ફંડમાંથી સમાજના વિકાસ માટે અમલમાં આવેલી જુદી-જુદી યોજનાઓમાં ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા આજ સુધીમાં કુલ સાડા અઢાર કરોડ રૂપિયા જેટલી માતબર રકમ વાપરવામાં આવી છે. ઉપરાંત ઊંઝામાં ભોજનાલય અને સુવિધાપૂર્ણ અતિથિગૃહો સહિતની મિલકતો, અંબાજી અને બહુચરાજીમાં અતિથિગૃહો તેમજ સોલા-અમદાવાદ ખાતે ઊભી કરવામાં આવેલ એસ્ટેટની અંદાજીત કિંમત કરોડો રૂપિયામાં આંકી શકાય. આ આવકમાંથી આ સંસ્થાન દ્વારા પ્રતિ વર્ષ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણલોન સહાય, વિધવા-ત્યક્તા બહેનોને ઘેરબેઠાં પેન્શન, કન્યા-છાત્રાલયોને તેમજ પથિકાશ્રમોને આર્થિક મદદ, ગૃહિણી તાલિમ-શિબિરોને આર્થિક સહાય, વિકલાંગોને ટ્રાઈસિકલ વિતરણ, આઈ.એ.એસ. ટ્રેઈનિંગ સેન્ટર, કુદરતી હોનારતના પ્રસંગે આર્થિક સહાય જેવી અનેક સમાજોપયોગી યોજનાઓ અમલમાં મૂકી શકાઈ છે. ૧૯૭૬ના મહોત્સવને પરિણામે જે આ બધું શક્ય બન્યું; પાટીદાર સમાજ જાગ્રત થયો, સંગઠિત થયો અને ઝડપભેર આગળ વધી સુખી-સમૃદ્ધ થતો રહ્યો એ દૃષ્ટિએ આ મહોત્સવ સાચા અર્થમાં 'ઐતિહાસિક' બની રહ્યો.

૧૯૭૬ના એ મહોત્સવને સંપન્ન થયે ૩૩ વર્ષ પસાર થઈ ગયાં. આથી હવે પુનઃચૈતન્ય પ્રગટાવવા માતાજીનો એથીયે ભવ્ય મહોત્સવ ઉજવવાનો સંકલ્પ માતાજીની પ્રેરણાથી ઊંઝા-સંસ્થાનના અગ્રણીઓએ અને હોદ્દેદારોએ કર્યો. એ સંકલ્પને સાકાર કરવા ૨૮ નવેમ્બરથી ૨ ડિસેમ્બર-૨૦૦૯ દરમિયાન આ ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ રૂપે ઊજવવાનું નક્કી કર્યું અને એના પગલે છેલ્લા દોઢ-બે વર્ષથી એની વિવિધ કમિટિઓ એના આયોજનમાં કાર્યરત

છે. જો કે ૧૯૭૬ના મહોત્સવને ત્રણ દાયકા વીત્યા છે. આ દરમિયાન સમયમાં અને ઊંઝાનગરની ભૌગોલિક પરિસ્થિતિમાં ઘણું પરિવર્તન આવ્યું છે. લોકોના મા ઉમિયા પ્રત્યેના ભક્તિભાવમાં અને વાહન-સુવિધામાં પણ વધારો થયો છે. તેના પરિણામે વધુ મોટી સંખ્યામાં ભાવિક ભક્તનો માના દર્શને ઊમટશે એ બધી બાબતોને લક્ષમાં લઈને ઊંઝાનગરના પશ્ચિમછેડે નેશનલ હાઈવે નજીક આશરે ૫૦૦ એકર જેટલી જમીનના વિસ્તારમાં 'શ્રી ઉમિયાનગર' સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું છે, જ્યાં વિશાળ સંખ્યામાં આવનાર દર્શનાર્થીઓ 'મા'નાં અને સહસ્રચંડી મહાયજ્ઞનાં દર્શન કરી શકે તેમજ તેમને ભોજન-પ્રસાદ સહિતની તમામ સુવિધાઓ મળી રહે.

આ સાથે આ વિશાળ સંકુલમાં કડવા પાટીદાર ગૌરવગાથા અને સાંસ્કૃતિક વારસાનું પ્રદર્શન, આંતરરાષ્ટ્રીય કક્ષાનું ઈન્ડસ્ટ્રીયલ અને કોમર્શિયલ એક્ઝિબિશન, પાટીદાર અસ્મિતાને ઉજાગર કરતા સાંસ્કૃતિક કાર્યક્રમો, કૃષિ અને હસ્તકલા વિષયક માહિતી-પ્રદર્શન, પુસ્તક-મેળો, વિવિધ પ્રકારની રાઈડ્ઝ સાથેનો એમ્યુઝમેન્ટ (મનોરંજન) પાર્ક વગેરેથી આ રજત જયંતી મહોત્સવ વિશેષ આકર્ષક હોવા ઉપરાંત તેને વિશેષ હેતુપૂર્ણ બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ઉપરાંત આ દરમિયાન ખેડૂત ભાઈઓ દ્વારા ડ્રીપ ઈરિગેશન (ટપકસિંચાઈ) અંગેના સંકલ્પ પણ લેવામાં આવશે. દેશભરમાં કોઈ એક જ્ઞાતિનો, કુળદેવી પ્રત્યેની આવી અનન્ય ભક્તિભાવના વ્યક્ત કરતો આવો મહોત્સવ કદાચ પ્રથમ હશે એમ પણ કહી શકાય.

અલબત્ત, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન આવા મહોત્સવ નિમિત્તે ધર્મના માધ્યમ દ્વારા પાટીદાર સમાજમાં જાગૃતિ લાવવામાં અને વિકાસનાં કાર્યો કરવામાં નોંધપાત્ર યોગદાન આપી રહેલ છે, ત્યારે આ તબક્કે આ સંસ્થાન સમક્ષ પાટીદાર સમાજની કેટલીક અપેક્ષાઓમાંથી માત્ર એક મહત્ત્વની અપેક્ષાની વાત કરવાનું પણ ઉચિત જણાય છે, જેથી સંસ્થાન દ્વારા ધરાનાર સમાજના ભાવિ વિકાસ-કાર્યક્રમોમાં તેનો પણ સમાવેશ કરવાનું શક્ય બનાવી શકાય.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાને જ્યોતિરથ પરિક્રમા દરમિયાન ગામેગામ માતાજી સમક્ષ જે સંકલ્પો લેવડાવ્યા તેમાં સર્વપ્રકારનાં વ્યસન છોડવાના, સંકલ્પને ઉચિત રીતે જે પ્રાધાન્ય આપ્યું હતું. પરંતુ એ સંકલ્પના પરિણામે અને ત્યાર પછી આટલાં વર્ષો દરમિયાન સમાજમાં, ખાસ કરીને યુવાનોમાં વ્યસનો ઘટવાની જે અપેક્ષા હતી તે સિદ્ધ થઈ નથી, તેમજ એ દિશામાં કંઈ જ થયું નથી. પાટીદાર સમાજમાં વ્યસનમુક્તિ ઝુંબેશ શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના નેતૃત્વમાં વ્યાપકપણે અને સુવ્યવસ્થિત રીતે આયોજિત થાય એ આજના સમયની પ્રાથમિક આવશ્યકતા જણાય છે.

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ આટલી ભવ્ય રીતે ઊજવાઈ રહ્યો હોય ત્યારે 'ધરતી' માસિકનો નવેમ્બરનો અંક ૧૮મી રજત જયંતી મહોત્સવ વિશેષાંક રૂપે પ્રગટ કરવાનું ધરતી વિકાસ મંડળ સંસ્થાએ નક્કી કર્યું એ સ્વાભાવિક ઘટના જ ગણાય, કેમકે ધરતી વિકાસ મંડળ અને શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા બંને સંસ્થાઓ દ્વારા આરંભનાં ઘણાં વર્ષો સુધી સમાજ સુધારાની ઝુંબેશો ઉપરાંત પ્રથમ સમૂહલગ્નનું આયોજન અને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છની સમાજ યાત્રાઓ બંને સંસ્થાઓના પરસ્પર સહયોગમાં થતી રહી હતી. આજે પણ શ્રી ઉમિયા માતાજી સંસ્થાનના પ્રમુખશ્રી સહિત ઘણા અગ્રણીઓ ધરતી સંસ્થા સાથે જોડાયેલા છે, ત્યારે 'ધરતી' સંસ્થા 'ધરતી'ના વિશેષાંક દ્વારા શ્રી ઉમિયા માતાજી સંસ્થાનનો સંદેશ અને મહોત્સવનો અને માતાજીનો મહિમા લોકો સુધી પહોંચાડવાનું નિમિત્ત બને છે, તેનો અમને આનંદ છે.

આ તબક્કે અહીં આપણે એટલું કહીશું કે કુળદેવી મા ઉમિયાના છત્ર નીચે પાટીદાર-એકતાની અનુભૂતિ કરાવતો આ અણમોલ અવસર ૩૩ વર્ષ બાદ આવ્યો છે ત્યારે આપણે સૌ આ મહોત્સવની મુલાકાત લઈ મા ઉમિયાના અને સહસ્ત્રચંડી મહાયજ્ઞનાં દર્શનનો લાભ લેવાનું ન ચૂકીએ. આ મૂલ્યવાન તક ગુમાવીશું, તો તેનો વસવસો જિંદગીભર રહેશે એમાં શંકા નથી.

શ્રી ઉમિયા માતાજી સંસ્થાનનો ૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯ બેશક ભવ્યાતિભવ્ય અને પાટીદાર સમાજના વિકાસની નવી ક્ષિતિજો સર કરનારો તેમજ સમાજની સિદ્ધિઓનો નવો ઈતિહાસ રચનારો બની રહેશે, એવી શુભભાવના 'ધરતી' સંસ્થા વ્યક્ત કરે છે.


• • •

કડવા પાટીદાર પરિવાર

તંત્રીની કલમે

– ડૉ. બહેચરભાઈ પટેલ
એ/૨, ઉદયગિરિ સોસાયટી, શ્રદ્ધા હાઈસ્કૂલ પાસે,
જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ

જય ઉમિયાજી ! જય પાટીદાર !



ઊંઝા ઉમિયા માતાજીનો અઢારમા શતકનો સમારંભ ૧૯૭૬માં ઉજવાયો તેથી ઊંઝાનાં ઉમિયા માતાજી સંસ્થાન અને કડવા પાટીદારોની ખ્યાતિ વિશ્વભરમાં વ્યાપી વળી હતી. એ પછી ઉમિયા માતાજીની રથયાત્રા ગુજરાતમાં ને અન્ય પ્રદેશોમાં છવાઈ ગઈ. પાટીદારની અસ્મિતા જાગી ઊઠી. ઉમિયા પરિવાર ઊભો થયો, ઉમિયા માતાજીનાં રમ્ય મંદિરો સિદસર વગેરે સ્થળે રચાયાં. પાટીદારોની વિવિધ સંસ્થાઓ થઈ, વિવિધ કાર્યક્રમોને સેવાપ્રવૃત્તિથી પાટીદારોનું આગવું વ્યક્તિત્વ ઊભું થયું. 'ઉમિયા' ને 'પાટીદાર' નામ સાથે સંકળાયેલાં સામાયિકો જ કેટલાં બધાં નીકળ્યાં ? ગુજરાતના રાજકારણ, સમાજકારણ, શિક્ષણ, વેપાર, ઉદ્યોગ, વહીવટ વગેરે ક્ષેત્રે પાટીદારોએ અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કર્યું.

તાજેતરમાં યોજાયેલા ઉમિયા મહોત્સવે તો એક વિક્રમ સર્જ્યો. ઉમિયા માતાજીનો વિશ્વમાં જયજયકાર થઈ ગયો. સાથે સાથે પાટીદારોની એકતા, શક્તિ, ભક્તિ, પ્રગતિ, રિદ્ધિ, સિદ્ધિએ વિશ્વસમાજને સ્તબ્ધ-મુગ્ધ કરી દીધો. આવું મહાન વિરાટ આયોજન તો પટેલો જ કરી શકે. માત્ર ધાર્મિક યજ્ઞ જ નહીં, સમગ્ર સમાજ કલ્યાણ યજ્ઞ થયો. પાટીદારોની યશગાથા સર્વત્ર ગુંજી રહી. માતાજીના મંદિર, સરોવર અને પરિસરનું સંસ્કરણ થયું. ઉમિયાનગરનું દર્શન એ જીવમાત્રના જીવનનો અદ્‌ભુત લહાવો બની ગયું. કેટલો વિરાટ લોકમેળો ને પાછો કેટલો વ્યવસ્થિત, આધુનિક ને વૈજ્ઞાનિક ધર્મ, સમાજ ને વિજ્ઞાનનો ત્રિવેણીસંગમ રચાયો. માનાં દર્શન કરીને, આ ધરાની ધૂળ માથે ચડાવીને, પાટીદારોની વિકાસગાથા જોઈને ને શક્તિભક્તિનો પ્રસાદ પામી સૌ ધન્ય થયાં. આ દેશનાં જ નહિ, વિદેશનાં માનવપંખીઓ પણ વતનના મહામાનવ-મહેરામણમાં ઉમટી પડ્યાં. ઉમિયા મહોત્સવ રમ્ય, ભવ્ય ને દિવ્ય બની રહ્યો. આવું ધાર્મિક, સામાજિક અને ઐતિહાસિક સુવર્ણપર્વ અપૂર્વ અને ચિરસ્મરણીય બની રહ્યું !

આ મહોત્સવની પાછળ વિકાસની દૃષ્ટિ છે એ મહત્ત્વનું છે. પટેલોની પૂર્વાવસ્થા, વર્તમાન અવસ્થા અને ભાવિનું રમ્ય દર્શન છે. કૃષિ, વેપાર, ઉદ્યોગ, સેવાક્ષેત્રે જે પ્રસ્થાન થયાં છે, અને હજી કરવાનાં છે એનું દિશાસૂચન પ્રેરક છે. આયોજન એટલું સૂક્ષ્મ છે કે રૂપિયો ક્યાંથી આવશે ને કેમ વપરાશે તે અગાઉથી નિશ્ચિત છે અને તેનું અમલીકરણ થઈ રહ્યું છે. મા ઉમિયાનું એક ધામઊંઝા છે, તો તેનું બીજું વિકાસધામ અમદાવાદ થવાનું છે. અમદાવાદ ગુજરાતની હૃદયધાની છે તો ત્યાં પણ મા ઉમિયાનાં મહાસરસ્વતી અને મહાલક્ષ્મી સ્વરૂપો સોળે કળાએ પ્રગટે તે સ્વાભાવિક છે.

પાટીદારોના આ સુવર્ણપર્વે એ અપેક્ષા જાગે કે ગુજરાતમાં પાટીદારોનો સુવર્ણયુગ પાછો આવે. વિદ્યા, વેપાર, ધંધા, ઉદ્યોગ, વ્યવસાય, નોકરીના ક્ષેત્રે પટેલોએ ગણનાપાત્ર વિકાસ કર્યો છે. ગુજરાતના સુવર્ણયુગ સોલંકીયુગનાં શિલ્પ-સ્થાપત્યો જેવાં વિદ્યાધામ, વ્યાપારધામ-ઉદ્યોગધામ જેવાં તીર્થો ઊભાં થયાં છે. પાટીદારોએ ઊભાં કરેલાં શિક્ષણસંકુલોની બોલબાલા છે. ઉમામંદિરોનાં મહાતીર્થો પાટીદારોએ ઊભાં કર્યાં છે. પાટીદારોએ ઉદ્યોગક્ષેત્રે અને વેપારક્ષેત્રે વિશ્વમાં નામના મેળવી છે. સમાજસેવામાં પટેલ પાછો પડ્યો નથી. હા, રાજકારણમાં એ પાછો પડે છે. સરદાર વલ્લભભાઈના સમયથી એ પ્રથમ સ્થાન ગુમાવી ચૂક્યો છે. ગુજરાતના રાજકારણમાં પટેલ પરિબળ સબળ છે, બાબુભાઈ જશભાઈ પટેલ અને કેશુભાઈ પટેલ જેવા મુખ્યમંત્રીપદ શોભાવી ચૂક્યા છે. ચીમનભાઈ પટેલ ગુજરાતના એવા મુખ્યમંત્રી હતા કે જે બીજા સરદાર થઈ શક્યા હોત, પણ તે અકાળે ચાલ્યા ગયા. તો, કેશુભાઈને પણ ખેંચીને પાડવામાં આવ્યા. પટેલોમાં કડવા-લેઉઆના અને જાતજાતના ગોળ સમાજના ભેદો છે. મા ઉમિયાના નામે ભેગા-થયેલા રાજકારણી પટેલો ઘડી પછી પાછા પોતાના પક્ષીય રાજકારણમાં ચાલ્યા જશે, અને સામસામા આવી જશે, એ તો ઠીક એક જ પક્ષના પટેલો પણ સામસામે જૂથબંધીમાં વહેંચાઈ જશે. રાજકારણ જ એવું રમાય છે કે એક પટેલને પાડીને બીજા પટેલને ઊંચો કરવામાં આવે છે, ને પછી તેનેય પાછો ભોંયભેગો કરવામાં આવે છે. મેકિયાવેલીના રાજકારણમાં કોઈ કોઈનું હોતું નથી. સત્તાના મહાપદ પર આરૂઢ થયા પછી એની નિસરણીનાં પગથિયાં ને ખુદ નિસરણીને જ પાડી નાંખવામાં આવે છે. ખંધા રાજકારણીઓ કહે છે કે પટેલમાં બુદ્ધિ હોતી નથી, એથી એ ડોબું ખોઈને ડફોળ બને છે. આજે જ્ઞાતિવાદી ને પ્રદેશવાદી રાજકારણની પાંચશેરી ભારે છે. 'મનસે' ને માયાવતીનું જોર ચાલે છે. અલબત્ત, ભારતનું સમવાયતંત્રનું બંધારણ જ્ઞાતિવાદ કે પ્રદેશવાદને કોઈ અવકાશ આપતું નથી. મહાજ્ઞાતિ પાટીદાર તેના વારસા અને વૈભવના અનુસંધાનમાં સર્વાંગીણ વિકાસ સાધે એ જ અપેક્ષા છે.

મા ઉમિયાનું ધામ ઊંઝા એ એશિયાનું મોટું વેપારમથક છે. ઉત્તર ગુજરાતના પટેલો-ખેડૂતો બાહુબળિયા છે. ચરોતર જેવી ફળદ્રુપ જમીન નથી, પણ 'ખે, ખાતર ને પાણી' થી સારી કમાણી કરે છે, ખેતરમાંથી પરદેશમાં પહોંચી જઈને પણ 'ડોલરને લાવે તાણી' એવી તાકાત દાખવે છે. 'અક્ષરધામ'ના મહોત્સવમાં મુખ્યે ચરોતરના પટેલોએ જે દાનશૌર્ય દાખવ્યું હતું, તે 'ઉમિયાનગર'ના ઉત્સવમાં મુખ્યત્વે ઉત્તર ગુજરાતના ને સમગ્ર ગુજરાતના કડવા પટેલોએ દાખવ્યું છે. 'પટેલ ધારે તે કરી શકે' તેનું એક જ્વલંત ઉદાહરણ ઉમિયાનગર છે. આવા ભવ્ય પુરુષાર્થના શિલ્પીઓને શત શત વંદન.

આ અવસર નિમિત્તે મા ઉમિયા અને પાટીદાર વિષયક સાહિત્ય પણ સારું પ્રગટ થયું. મારા તરફથી પણ 'શક્તિભક્તિ : સ્વરૂપ અને સાહિત્ય', 'ઉમા સંહિતાઃ રહસ્યદર્શન', 'પાટીદારોની કુળદેવી મા ઉમિયા : પૌરાણિક સંદર્ભ' અને 'મા ઉમિયાનાં ચરિત્ર સ્વરૂપ' જેવા સંશોધન-અધ્યયન-લેખો રચાયા. પાટીદારની કુળદેવી મા ઉમિયા છે તેનો સ્ત્રોત મા ઉમિયાના મહાકાલી, મહાલક્ષ્મી, મહાસરસ્વતી એ ત્રણ અવતાર પછીના શતાક્ષી અને શાકંભરી તથા દુર્ગા અવતાર છે તે પ્રકાશમાં આણ્યું. મા ઉમાએ શતાક્ષી સ્વરૂપે શતસહસ્ત્ર નેત્રોમાંથી જે કરુણાશ્રુજળ વહાવ્યાં તેથી નિરસ ને શુષ્ક ધરતી સજળ ને રસવતી બની, શાકંભરીની કૃપાથી શાક-વનસ્પતિસૃષ્ટિ સજીવન થઈ, ને દુર્ગાની-ઉમાની કૃપાથી દુષ્કાળને લાવનાર દૈત્ય દુર્ગમ હણાયો અને ધરતીપુત્રો કૃષિ-પશુપાલનથી સમૃદ્ધ બન્યા. આ પુરાકલ્પના ગુઢાર્થને સમજી, આપણે જળક્રાંતિ, હરીયાળી ક્રાંતિ અને શ્વેતક્રાંતિથી સમૃદ્ધ બનીએ અને માહિતી-જ્ઞાનક્રાંતિથી રિદ્ધિસિદ્ધિ પામીએ એ જ શુભાભિલાષ.

ઉમિયા મહોત્સવ એ મહાશક્તિ પર્વ છે. સુવર્ણપર્વ છે. એમાં દ્વિવિધ શક્તિની ઉપાસના છે. આધ્યાત્મિક શક્તિનું દર્શન છે. સૌ શક્તિભક્તિ દ્વારા જીવનમાં શ્રદ્ધાની શક્તિ પામે છે. આધ્યાત્મિક ભાવનાનો જુવાળ આવ્યો છે. અંબાજીની યાત્રાના સંઘો નીકળે છે, એમ ઊંઝાનાં ઉમિયા માતાજીના સંઘો નીકળ્યા, ને હવે નીકળતા જ રહેશે. આ મહામેળાથી હવે ઉમિયા માતાનો મહામેળો પ્રતિવર્ષે યોજાતો રહેશે. અંબાજી, બહુચરાજી અને ઉમિયાજી એ ત્રણ શક્તિધામ ઉત્તર ગુજરાતમાં અગ્રગણ્ય છે. કવિ નર્મદે 'જય જય ગરવી ગુજરાત' ગાતાં ગાયું હતું : 'ઉત્તરમાં અંબા માત, પૂરવમાં કાલિ માત.' એની સાથે હવે 'ઉત્તરમાં ઉમિયા માત' પણ ગાવું પડશે. વિવિધ ધર્મ-સંપ્રદાય પ્રવર્તે છે. એમાં શક્તિ કે શક્તિ સંપ્રદાય છે એમાં ભરતી આવે છે. કહો કે હવે પાટીદારોનો ઉમિયા સંપ્રદાય ઊભો થયો છે.

પાટીદારોના આ ઉમિયા મહોત્સવે પાટીદારોની શક્તિ વધારી મૂકી છે. એમાં શક્તિદર્શન સાથે શક્તિપ્રદર્શન-નિદર્શન પણ છે. મા ઉમિયાના નામે, મા ઉમિયાના માધ્યમદ્વારા પટેલોનું સશક્તિકરણ થયું છે, વિકાસના માર્ગે આગેકૂચ થઈ છે. પાટીદારોની શક્તિ સમગ્ર સમાજને પ્રભાવિત કરે છે. પાટીદારોનાં આભિજાત્ય, ઔદાર્ય, સૌજન્ય, સાહસ, અભય, પ્રતિકારશક્તિ, પ્રગતિશક્તિ એ સજ્જનની-સાધુની શક્તિ છે. એ શક્તિ જ્ઞાન, દાન અને રક્ષણ માટે છે. પટેલોએ જ્ઞાનતીર્થો ઊભાં કર્યાં છે, અને સમાજ પર અનિષ્ટ-દુષિત તત્ત્વોનું આક્રમણ થયું છે ત્યારે બલિદાન આપીને પણ સમાજનું રક્ષણ કર્યું છે. આઝાદીના જંગમાં-યજ્ઞમાં પટેલોએ આગળ પડતો ભાગ ભજવ્યો છે. રચનાત્મક-સહકારી પ્રવૃત્તિઓમાં અગ્રગણ્ય ફાળો આપ્યો છે. અરે, પટેલ-ખેડૂતો પર જ્યારે આક્રમણ થયું, ચોર-લૂંટારાઓનો ત્રાસ વધી ગયો ત્યારે સ્વ. ત્રિભોવનદાસ પટેલ જેવાએ સમાજ માટે શહાદત વહોરી હતી. સમાજનાં અસામાજિક તત્ત્વો સામે ઝઝૂમવામાં પટેલો જ મોખરે છે. આ શક્તિપર્વથી પાટીદારોની જ્ઞાન-દાન-સંરક્ષણની કલ્યાણકારી શિવશક્તિનો આવિષ્કાર ઉન્નત સ્વરૂપે થયો છે. આ ઉમિયા મહોત્સવે યજ્ઞની ફલશ્રુતિ છે. આ કલ્યાણયજ્ઞ સતત સદા ચાલતો જ રહેશે અને વિશ્વબંધુત્વની ભાવનાને વિસ્તારતો જ રહેશે.

• • •

Nov 2009
28

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
કેમેરાની નજરે














૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
કેમેરાની નજરે

Nov 2009 28













Nov 2009

28

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે













૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે

Nov 2009

28













Nov 2009

29

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯


કેમેરાની નજરે











૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે

Nov 2009 29













Nov 2009

29

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯


કેમેરાની નજરે











૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે

Nov 2009
29














realpatidar.com
Nov 2009
30
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
કેમેરાની નજરે
Camera
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ-૨૦૦૯, સ્મૃતિગ્રંથ
412
realpatidar.com
॥ श्री उमिया शरणम् मम : ॥

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે

Nov 2009
30













Nov 2009
30

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે















૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે

Nov 2009 30













Dec 2009
01

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે















૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
કેમેરાની નજરે


Dec 2009 01













Dec 2009

01

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે

















૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે

Dec 2009
01













Dec 2009
02

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે















Camera
realpatidar.com
૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
કેમેરાની નજરે
Dec 2009
02













Dec 2009


02

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે













૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯

કેમેરાની નજરે

Dec 2009

02













ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ - જ્યોતિરથ



મા ઉમિયાનો ૧૮મી શતાબ્દી મહોત્સવ ઉજવ્યા પછી માતાજી સંસ્થાનમાં ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ વધારો થતો રહ્યો. પાટીદારોમાં મા ઉમિયા તરફનો ભક્તિભાવ, શ્રદ્ધા વધ્યાં, સાથે આવકમાં પણ વધારો થવા લાગ્યો. તેમ સંસ્થાના સંચાલક કાર્યકર્તાઓના મનમાં સમાજને આબાદ બનાવવાના વિચારોમાં પણ વધારો થવા લાગ્યો. સમાજના સુખી ભાઈઓ જેમને માતાજીએ ઘણું આપ્યું છે તેઓ સમાજમાં જેને જરૂર છે તેવા જરૂરમંદ ભાઈ-બહેનો માટે કંઈક પણ આપવા તૈયાર છે અને તેના ફળ રૂપે 'ઉચ્ચ શિક્ષણ સહાય નિધિ'નો અઢી કરોડ રૂપિયાનો લક્ષ્યાંક પૂરો થયો. આમાં વહીવટકર્તાઓને માની પ્રેરણા અને સાથ જણાયો. સંસ્થાના વહીવટકર્તાઓ સમાજને ઉપયોગી થાય, સમાજ આબાદ થાય તેવું નવું નવું ચિંતન કરવા લાગ્યા. સંસ્થાના પ્રમુખ કેશુભાઈ પટેલ અને મણિભાઈ મમ્મીના ચિંતનમાં સમાજના જરૂરમંદ ભાઈ-બહેનો માટે વધુ કંઈક કરવું જોઈએ એવું સતત ચિંતન ચાલ્યા જ કરતું હતું. સમાજ ખૂબ વિશાળ છે. મા ઉમાની કૃપા છે. તો સમાજના વિકાસ માટે સંસ્થાના પાસે આર્થિક સદ્ધરતાનું બહોળું ભંડોળ હોય તો સમાજમાં જરૂરતમંદ ભાઈ-બહેનોને માતાજી સંસ્થાન ઉપયોગી બની શકે.



સમાજમાં જેની પાસે છે તેની પાસેથી લઈને જેને જરૂર છે તેને આપવું આવો એક શુભ આશય તેઓએ સંસ્થાનની વહિવટકર્તા કમિટિમાં મૂક્યો. સર્વને ગમ્યો. **'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ'** નામ આપી સૌએ સ્વીકારી લીધો. જેમાં રૂા. ૧૦૦ કરોડ ભેગા કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો. સૌ વહિવટકર્તાઓ માના દ્વારે આવી, માને અરજ કરે છે કે હે મા અમારો સંકલ્પ પૂરો કરવા અમને મદદ કરજે. તે વખતે દરેક જણને માની આભા સોળે કળાએ ખીલી ઝળહળતી જ્યોત જણાઈ. દરેક જણને લાગ્યું કે મા સાથે જ છે. માના આશીર્વાદ છે. સંકલ્પ સિદ્ધ થશે. આ દિવસોમાં સંસ્થાનને ટપાલ મારફત એક આમંત્રણ પત્રિકા મળે છે. તે છે મધ્યપ્રદેશના કરોંદિયા ગામમાં મા ઉમિયાની પ્રાણ પ્રતિષ્ઠામાં પધારવાનું આમંત્રણ. સર્વેને લાગ્યું શુકન સારા છે. મા બોલાવે છે. આપણા કામમાં સાથે જ છે. જેમ શતાબ્દી મહોત્સવ ઉજવવામાં હાજરાહાજર હતી તેમ આપણા આ કાર્યમાં પણ મા ઉમિયા આપણી સાથે જ છે. તેનો આ સંકેત છે. શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝાના વહીવટકર્તાઓએ સમગ્ર કડવા પાટીદાર સમાજના ઉત્કર્ષ માટે રૂા. ૧૦૦ કરોડ રૂપિયાની ઉત્કર્ષ નિધિ (ભંડાર) ભરવાનો સંકલ્પ કર્યો છે. તે કઈ રીતે પાર પાડવો, કઈ રીતે સમાજના સુખી માણસોને તેનો હેતુ સમજાવવા તેની સતત વિચારણ ચાલે છે અને મધ્યપ્રદેશના કરોંદિયા ગામે મા ઉમિયાના પ્રાણ પ્રતિષ્ઠા ઉત્સવની ઉજવણીમાં પ્રમુખ શ્રી કેશુભાઈ પટેલ અને મણીભાઈ મમ્મીને જવાનું થાય છે. મા ઉમિયાની પ્રેરણાથી મણિભાઈ મમ્મીએ, કરોંદિયામાં માની પ્રાણ પ્રતિષ્ઠા માટે જે જ્યોત લઈ જવામાં આવી છે, તે જ્યોતને મા ના ફોટા સાથે ગોઠવી રથ જેવું સાધન બનાવી મા ની શોભાયાત્રા સાથે કરોંદિયામાં ગામમાં ફેરવવામાં આવી. લોકોએ ખૂબ ભક્તિભાવથી તેનું સ્વાગત કર્યું. મણિભાઈને આ જ્યોતિરથમાં સમગ્ર કડવા પાટીદાર સમાજની એકતા જણાઈ. મણીભાઈ મમ્મીના ચિંતનમાં પ્રેરણા પ્રગટી કે આવો જ્યોતિરથ બનાવી તેમાં માતા ઉમિયાને પધરાવી સારાયે ગુજરાતના ગામે ગામ ફેરવ્યો હોય તો બે કામ સિદ્ધ થાય : (૧) મા ઉમિયા ગામે ગામ દર્શન આપવા પધાર્યા છે એવો અહોભાવ જાગે. (૨) શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ પરિપૂર્ણ કરવા ગામે-ગામ ઘેર ઘેર જઈ તેનો હેતુ સમજાવી શકાય. આ વિચાર તેમણે કરોંદિયા ગામે જ પ્રમુખ શ્રી કેશુભાઈ પટેલને જણાવ્યો. તેમને ખૂબ ગમી ગયો. તેઓએ વહીવટકર્તા કમિટીને જણાવ્યો. સર્વેને ગમ્યો. જ્યોતિરથ બનાવવાની મંજૂરી આપી અને ભવ્ય જ્યોતિરથ નિર્માણ કરવાનું કરોંદિયા ગામમાં જ નક્કી કર્યું. જ્યોતિરથ કરોંદિયામાં જ બનાવવામાં આવ્યો.

મા ઉમિયાના જ્યોતિરથની રચના સુંદર છે. જાણે સ્વર્ગમાંથી ઉમિયા માતા રથમાં બેસીને પૃથ્વી પર પધાર્યા છે એવું લાગે છે. રથમાં બેઠેલાં મા ઉમિયાના જ્યોતિરથની ગતિનું દૃશ્ય જેને જોયું છે તેનું જીવન ધન્ય બની ગયું છે.





જ્યોતિરથ કરોંદિયાથી ઊંઝા આવ્યો તે વખતની શોભાયાત્રાના માહોલનું વર્ણન કોઈ લેખક કે કવિ તેના શબ્દોમાં કરવા બેસે તો તે ન વર્ણવી શકાય તેટલું અદ્‌ભુત હતું.

તા. ૨૩-૧૦-૧૯૯૭ના રોજ સુંદર સજાવટ કરી, ધાર્મિક વિધિથી પૂજન કરી, બાળાઓએ મંગળ કળશથી વધાવી, બેન્ડવાજા સાથે કરોંદિયાથી ઘરગાંવ ત્રણ કિલોમીટર સુધી દસ હજારની મેદની સાથે જ્યોતિરથને દોરડાથી ખેંચીને પગપાળા પસાર કરવામાં આવ્યો હતો. માતાજી સાથેનો રથ ખેંચનાર અને જોનાર ધન્ય ધન્ય બની ગયા હતા. મા મય બની ગયા હતા. મા ના ચરણમાં પડી પોતાની જાતને પુણ્યશાળી માનતા હતા.

ઊંઝામાં જ્યોતિરથને લાવવા-ઐઠોર રોડ ચાર રસ્તાથી માતાજીના મંદિર સુધી જ્યોતિરથમાં બિરાજમાન મા ઉમિયાનું પૂર્ણ ભક્તિભાવથી અને ભવ્યાતિભવ્ય રીતે સ્વાગત કરી જ્યોતિરથને તા. ૨૭-૧૦-૧૯૯૭ને સોમવારે ઊંઝામાં લાવવામાં આવ્યો હતો.

જ્યોતિરથનું નિર્માણ મા ઉમિયાની પ્રેરણાથી જ ઉદ્‌ભવ્યું છે. રથમાં બેસી મા ઉમિયા કડવા પાટીદારના ગામે ગામ ફરી આશીર્વાદ આપવા નીકળે છે.

જ્યોતિરથમાં મા ઉમિયા બિરાજમાન છે. જ્યોતિરથના મંત્રી મણિભાઈ મમ્મી, શ્રી વિક્રમભાઈ અને બીજા કાર્યકરો પણ સાથે છે. રથને ગામે ગામ ફેરવવાની શરૂઆત મહેસાણા જિલ્લાથી કરવામાં આવી. સારાય ગુજરાતના ૩૫૦૦ ગામડાંની, મધ્યપ્રદેશના ૭૯૨ ગામ, રાજસ્થાનના ૯૨ ગામોમાં પરિક્રમા કરેલ છે.



શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ જ્યોતિરથ એક ગામથી બીજે ગામ રોડ ઉપર જાય છે ત્યારે સાથે મા ઉમિયાની ધૂન, આરતી, સ્તુતિ ગવાય છે. તે જોનાર, સાંભળનાર રસ્તા પર થંભી જઈ ભાવવિભોર બની મા ઉમિયાને હાથ જોડી પ્રણામ કરે છે. જે ગામમાં જ્યોતિરથ જવાનો છે તે ગામમાં રથનું સ્વાગત ખૂબ આનંદ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં થાય છે. સારાયે ગામમાં ગામ સફાઈ, પાટીદારોના ઘર, શેરી, મહોલ્લા, ફૂલ-તોરણ, ધજાઓથી શણગારવામાં આવે છે. જ્યોતિરથનું ગામ નાકે (તોરણે) ધાર્મિક વિધિથી ભવ્ય સ્વાગત કરી. ખૂબ ધામધૂમભર્યા વાતાવરણમાં ઉતારાના મંડપ સુધી કમાનોથી, તોરણોથી, ફુલહારોથી, બેનરોથી, શણગારેલા રસ્તે મંડપ સુધી લાવવામાં આવે છે. મંડપના સુશોભન માટે બહેનો પોતાની બબ્બે, પાંચ પાંચ હજારની કિંમતી સાડીઓ આપે છે. જ્યાં રથ ઊભો રહેવાનો હોય તેના નીચે પાથરે છે. આ છે મા તરફનો ભક્તિભાવ. તે દિવસે ગામ, માતાજીના નામે ઘર ઉજાણી કરી ધુમાડાબંધ જમે છે. ઘણા ગામડામાં તો તે દિવસે આખા ગામમાં ભેગો જમણવાર કોઈ દાતા તરફથી ગોઠવાય છે. આમ, જ્યાં જ્યોતિરથ જાય છે ત્યાં એકતાનો, ભાઈચારાનો માહોલ ગોઠવાય છે. કુસંપ, કજીયા, કંકાસની કડવાશ ભૂલાય છે. સંપ અને સ્નેહનું વાતાવરણ જામે છે. માતા ઉમિયા તેના બાળકોને આશીર્વાદ જ આપવા આવ્યા છે એવો માહોલ જોનારને જણાય છે.

જ્યાં જ્યાં રથનું રાત્રિ રોકાણ થાય છે ત્યાં ત્યાં રાત્રે રાસ-ગરબા, ધાર્મિક આખ્યાન કે ડાયરાનું આયોજન થાય છે. સારાયે વાતાવરણમાં ગ્રામજનો મા ઉમિયાના ચરણોમાં, સાનિધ્યમાં બેસી ધન્યતા અનુભવે છે. સૌથી સારી વાત તો એ બને છે કે સમાજના યુવાનો સ્વેચ્છાએ જ્યોતિરથમાં બિરાજેલા માતા ઉમિયા આગળ આવી તેમને વળગેલાં ગુટખા, મસાલા, તમાકુ, બીડી, સિગારેટ, દારૂ, જુગાર અને છીંકણી જેવા વ્યસનો છોડવાની પ્રતિજ્ઞા લે છે.

("શ્રી ઉમિયા જ્યોત પુસ્તક" લેખક : બબલદાસ કે પટેલના આધારે સાભાર સ્વીકાર)





ગામેગામના ગ્રામજનો માતાજીની ઉછામણીઓમાં હોંશે હોંશે ભાગ લે છે. જ્યોતિરથ માટે નીચે મુજબની ઉછામણીઓ થાય છે :

(૧) છડીદારની ઉછામણી : માતાજીના જ્યોતિરથ પર છડી ધારણ કરી બેસવાની ઉછામણી.

(૨) માતાજીનો ચુંદડી અર્પણ કરવાની ઉછામણી.

(૩) માતાજીની આરતીની ઉછામણી : રાત્રિની સાયં આરતી, સવારની મંગળા આરતીની ઉછામણી

(૪) નંદીને તિલક કરવા ઉછામણી

(૫) ફુલહારની ઉછામણી

(૬) બે સારથિની ઉછામણી

આ રીતે ભાગ લઈ ગ્રામજનો માતા આગળ પોતાનો ભાવ અને આનંદ વ્યક્ત કરે છે. મા ના આશીર્વાદ માંગે છે.

કાર્યક્રમનાં અંતમાં ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ જ્યોતિરથના છડીદાર શ્રી મણિભાઈ (મમ્મી) ગ્રામજનોને જ્યોતિરથ એ માતાજીના ઈતિહાસનું એક સીમા ચિહ્નરૂપનો વિચાર છે. માતાજીની ચેતના પ્રાગટ્ય શક્તિનું માધ્યમ છે. કડવા પાટીદાર સમાજની એકતા, મા ઉમિયા તરફનો ભક્તિભાવ ભાઈ-ભાઈ, કુટુંબ-કુટુંબ વચ્ચે (સાથે) સંપ અને પ્રેમ ઉત્પન્ન કરવાનો અનોખો સફળ પ્રયત્ન છે. શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ પૂર્ણ કરવાનું માધ્યમ છે. તેનો ખ્યાલ આપે છે.

૧૮મી શતાબ્દી મહોત્સવની ઉજવણી પછી, મા ઉમિયાની કૃપાથી ગુજરાતમાં નહિ પણ આખા ભારતમાં કુર્મિ-પાટીદારમાં એકતાનો અભિયાન શરૂ થઈ ચૂક્યો છે. સારાયે કુર્મિ-પટેલ સમાજમાં એકતાની ચેતના અને બંધુત્વની ભાવના જન્મી છે. મા ઉમિયા કહી રહી છે હે કુર્મિબાળકો આવતીકાલના આર્ય પ્રદેશનો (ભારતનો) ઈતિહાસ તમારા હાથમાં છે. આ સંદેશો ગામે ગામ આપે છે.

અંતમાં માતાજીના જ્યોતિરથના પરિભ્રમણ વખતે લેવાતા બે સંકલ્પો જ્યોતિરથના છડીદાર શ્રી મણિભાઈ (મમ્મી) ગામે ગામ લેવડાવે છે અને કાર્યક્રમ પૂરો થાય છે.

સંકલ્પ : (૧) શ્રી ઉમિયા પરિવારનાં અમે સૌ સંતાનો આથી સંકલ્પ કરીએ છીએ કે, આપણા સમાજના સર્વાંગી વિકાસ માટે શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઊંઝાએ શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિમાં રૂા. ૧૦૦ કરોડ એકઠા કરવાનો જે સંકલ્પ કરેલ છે તેને અમે સૌ તન, મન, ધનથી પરિપૂર્ણ કરીશું.


(૨) શ્રી ઉમિયા પરિવારનાં અમે સૌ સંતાનો, શ્રી ઉમિયા માતાજીની સાક્ષીમાં આજથી, અત્યારથી પ્રતિજ્ઞા કરીએ છીએ કે ગુટખા, પાન, મસાલા, બીડી, તમાકુ, સિગારેટ, છીંકણી, દારૂ, જુગાર, ઝઘડા આ તમામ વ્યસનો છોડીએ છીએ.

આમ, મા નો જ્યોતિરથ ગામેગામ ફરે છે. ત્યાં તેનું ભવ્ય સ્વાગત થાય છે. એકતા, સંપ અને કોમી એખલાસનું વાતાવરણ જામે છે. સમાજના યુવા વર્ગમાં વ્યસનમુક્ત થવાના સંકલ્પ જાગે છે.


સારાયે ગુજરાતના ગામડે ગામડે અને મધ્યપ્રદેશમાં જ્યોતિરથનું પરિભ્રમણ સફળ બનાવવામાં અને શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષ નિધિ પૂર્ણ કરવાનો સંકલ્પ દરેક કડવા પાટીદાર સુધી પહોંચાડવામાં શ્રી મણિભાઈ (મમ્મી) અને શ્રી વિક્રમભાઈની મહેનત અમૂલ્ય છે.

• • •




જ્યોતિરથ યાત્રા





ખેડૂત ભાઈઓ બધું જ વેચજો પણ જમીન ન વેચતા

— મણિભાઈ ઈ. પટેલ (મમ્મી)

દુનિયાની જૂનામાં જૂની સંસ્કૃતિ કૃષિ સંસ્કૃતિ છે. આ પૃથ્વી ઉપર માણસે પહેલું કોઈ કામ કર્યું તો તે ખેતી અને પશુપાલનની કામગીરી કરેલી છે. ભૂખ અને ઊંઘ એ કુદરતી પ્રક્રિયા છે. ભૂખને સંતોષવા માટે સૌ પ્રથમ આપણે અનાજ, ફળફળાદિ અને પશુપાલનનો વ્યવસાય શરૂ કરેલો. હજારો વર્ષ સુધી આ જગતમાં કોઈ પણ પ્રકારના ધંધા, રોજગાર, ઉદ્યોગો ન હતા ત્યારે ખેતી અને પશુપાલન ઉપર આપણું જીવન નિર્ભર હતું અને તે રીતે હજારો વર્ષથી કેવળ ખેતી ઉપર આપણી આજીવિકા નભતી હતી. પાટીદાર સમાજ ખેતીમાં ખૂબ આગળ પડતો હતો. ખેતીમાં તેની આગવી સૂઝ અને કઠિન પરિશ્રમથી બીજાઓ કરતાં તેની આવડત અને હોંશિયારી બતાવી શક્યો છે. ખેતીની ઉત્પત્તિનો ઈતિહાસ ધરતીમાંથી શરૂ થયો હોવાથી ધરતી માતાની પૂજા કરીએ છીએ. આમ આપણે એને ધરતી માતા કહીને સંબોધીએ છીએ.



આજે વિજ્ઞાન કુદકે ને ભુસકે આગળ વધતું જાય છે, તેમ માણસની અનેક પ્રકારની જરૂરિયાતો ઊભી થતી જાય છે. જંગલો કાપીને પણ જમીનો નવસાધ્ય કરી ખેતી થવા લાગી છે. સાથે સાથે વસ્તી વધારાને કારણે ખેતીમાંથી વધુ ઉત્પાદન મેળવવા માટે અનેક નવાં સંશોધનો થઈ રહ્યાં છે. દુનિયાભરમાં અને આપણા દેશમાં દિવસે દિવસે ખેતી લાયક જમીનો ઓછી થતી જાય છે. જમીનની ઉપરનું ફળદ્રુપ પડ બનતાં હજારો વર્ષ લાગતાં હોય છે. હજુ પણ ખેતીમાં નવી ટેક્નોલોજી આવવાથી અત્યારે હાલ જે ખેતીનો વ્યવસાય છે તેમાં ઘણું મોટું પરિવર્તન આવશે અને અત્યારે હાલ ખેતીમાં જે ઉત્પાદન છે તેનાથી અનેક ઘણું ઉત્પાદન મેળવી શકાશે. એક ઉદ્યોગ તરીકે ખેતીનો વિકાસ થવાનો છે.

હજારો વર્ષ સુધી આપણો કેવળ ખેતીનો વ્યવસાય હતો. ખેતીએ આપણને આજ તારીખ સુધી ટકાવી રાખ્યા છે. પ્રકૃતિની અનેક પ્રતિકૂળતાઓ સામે પણ આપણે ઝીલ ઝીલી શક્યા હોઈએ તો તે ખેતીના કારણે શક્ય બન્યું છે. કૃષિનો વ્યવસાય એક પવિત્ર વ્યવસાય હોવાથી આપણા જીવનમાં પવિત્રતા છે. કોઈનું ખોટું નહિ કરવાનું અને ભગવાનથી ડરીને ચાલવાનું આપણું માનસ હોવાથી આપણું જીવન શુદ્ધ, પવિત્ર રહ્યું અને નીતિ પ્રમાણિકતાના ચારિત્ર્યમાં આપણું ઘડતર થયું. તેથી આપણા જીવનમાં સુખ-દુઃખમાં સ્વસ્થ રહી જીવન જીવ્યા છીએ. સમયના પરિવર્તન સાથે કેટલાક દૂષણો પણ ધીરે ધીરે દાખલ થયાં છે. તેની સામે આપણે ચેતતા રહેવાની જરૂર છે.

આજે વિકાસના નામે લાખો એકર જમીન નવા ઉદ્યોગો, રહેણાંક, રસ્તા વગેરે માટે જવાથી જમીન ઓછી થતી જાય છે. કેટલીક જગ્યાએ જમીન વેચવાથી લાખો કરોડો રૂપિયા આવવાથી ખરાબ દૂષણો દાખલ થયેલાં જોવા મળે છે. સહેલાઈથી પૈસા આવવાથી કેટલીક વખત તેનો ઘણો દૂર ઉપયોગ થતો જોવાય છે. જમીનનો પૈસો જમીન સિવાયનું આયોજન ન હોય તો ગમે તેમ વેડફાઈ જાય છે. પાંચ-દશ વર્ષ પછી મૂળ સ્થિતિમાં આવી જતાં જોવા મળે છે. એટલે ખૂબ કાળજી રાખવાની જરૂર છે.

આજથી ૫૦ વર્ષ પહેલાં મફતના ભાવે પણ જમીન લેનાર કોઈ ન હતું. એટલું જ નહિ પણ જમીન મહેસૂલ ભરવાના પૈસા પણ ન હતા. જમીન ગીરો મૂકવી પડતી હતી. આજે દિન-પ્રતિદિન ખેતીની જમીનના ભાવો આપણે ન સાંભળ્યા હોય તેવા જાણવા મળે છે. જો આ પરિસ્થિતિ ચાલુ રહેશે તો પૈસા હશે પણ જમીન નહીં મળે. ખાસ કરીને શહેરી વિસ્તારની આજુબાજુનાં ગામડાંની જમીનોના ભાવ વિઘાના કરોડે પહોંચ્યા છે. એટલે હજી જમીનના ભાવો આસમાને જઈને ઊભા રહેશે. બધું જ વેચજો પણ જમીન ન વેચતા એવું આપણા પૂર્વજો કહેતા ગયા છે. આપણે કોઈ આર્થિક કે સામાજિક કારણસર જમીન વેચવી પડે તો તેનું આયોજન કરી આવેલા પૈસા વેડફાઈ ન જાય અને જમીનના બદલે જમીન મળતી હોય તો થોડે દૂર પણ જમીન લઈ આપણો વ્યવહાર કરવો.

આજે ખેડૂત સમાજ ગામડાંઓમાંથી શહેર તરફ જઈ રહ્યો છે ત્યારે પોતાની જમીન ગમે તેને આપી અને ખેડૂત તરીકે મટી જતો હોય છે. પોતાની જમીન બીજા કોઈને ન વેચતાં આપણા ભાઈઓને જમીન વેચવી. જમીનનું મૂડીરોકાણ પોતાના ધંધામાં રોકેલી મૂડી કરતાં જમીનમાં રોકેલી મૂડી ભવિષ્યમાં અનેક ગણું આપીને જતી હોય છે. પાટીદાર સમાજ આ જ તારીખ સુધી ટક્યો હોય તો તે જમીનના કારણે છે. આપણે બે ઘડી આંખ બંધ કરી વિચારીએ તો પાટીદાર માઈનસ જમીન તો પાટીદાર શૂન્ય થઈને ઊભો રહેશે. પાટીદાર સમાજની જમીનની પાટ ધરાવનારના કારણે પાટીદાર પાટીદાર રહ્યો છે. આપણે આ બધાનો ખ્યાલ કરી જમીન સાચવવાની છે.

- ખેતી આપણા જીવનનો આધાર છે, હજારો વર્ષોથી આપણે જમીન સાથે સંકળાયેલા છીએ.
- નર્મદાનાં નીર વહેતાં થતાં ખેતી વધુ વળતરવાળી થવાની છે. બીજા આનુસંગિક વ્યવસાયો પણ તે વખતે ઊભા થશે.
- ધરતી માતા સાથે આપણો લગાવ (પ્રેમ) કાયમ રહે તે માટે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી કે લીઝ ઉપરની પદ્ધતિઓની યોજનાઓમાં જોડાતા પહેલાં વિચાર કરવો.

 કૃષિ પાટીદારોનો મુખ્ય વ્યવસાય છે. વર્ષો સુધી પાટીદાર સમાજ કૃષિ આધારિત જ રહ્યો. આજે પણ ગ્રામ્યકક્ષાએ જીવન જીવતા આપણા ભાઈઓ ખેતી આધારિત જીવન જીવે છે. ખેતી આપણો પ્રાણ છે. પાટીદારોની ઓળખાણ જ ખેતી છે.

જમીન સાથે પાટીદારોનો પ્રેમ જાણીતો છે. હજારો વર્ષોથી ખેતીને કેન્દ્રમાં રાખીને પાટીદારોએ સ્થાન પરિવર્તન કર્યું છે. પંજાબથી ગુજરાત અને ગુજરાતનાં દરેક ગામમાં પાટીદારોનાં રહેઠાણનો મુખ્ય આધાર ખેતી રહી છે. જ્યાં જમીન અને પાણી મળ્યાં ત્યાં ખેડૂત ધામા નાખીને બેસી ગયો છે. જ્યારે તેના હાથમાંથી જમીન ચાલી ગઈ ત્યારે તેણે ત્યાંથી ઘર બદલ્યું છે. ધરતી પાટીદારોની માતા છે. માતાના શરણે અને ચરણે તે સતત જીવન જીવતો રહ્યો છે.

વર્ષો સુધી પાટીદાર ખેતી આધારિત જીવન જીવ્યો, ખેતીમાંથી જે કંઈ પાક્યું, મળ્યું તે તેની આવક રહી. ખેતી નિષ્ફળ ગઈ ત્યારે પાટીદાર આર્થિક રીતે નિષ્ફળ ગયો છે. એક એવો જમાનો હતો કે ખેતી સિવાય તેની પાસે કોઈ આવક નહિ. જમીન તેની બેંક રહી. જમીનના આધારે જ તેનું સામાજિક મૂલ્ય, મહત્ત્વ રહ્યું હતું. જમીન જ્યાં હતી ત્યાં તેનું રહેઠાણ બન્યું. ખેતરો વચ્ચે જ તેનું જીવન પસાર થયું. ખેતી સાથે પશુપાલનનો ધંધો ચાલ્યો. પશુઓનો ઉછેર, પાલન તેના માટે એટલું સરળ બન્યું કે ખેતીમાંથી ઉત્પન્ન થતું ઘાસ અને પશુઓને સાચવવાની પ્રથા તેને અનુકૂળ રહી. આજે પણ પાટીદારોનો ગ્રામ્યકક્ષાએ પશુપાલનનો ખેતી સાથે સંકળાયેલો મુખ્ય વ્યવસાય છે.

પાટીદારો માટે ખેતી મહત્ત્વની છે ને ખેતી આપણી સંસ્કૃતિ છે. ખેતી અને જમીન પ્રત્યેના પ્રેમના લીધે ખેડૂતોમાં ઉચ્ચતમ ત્યાગ, બલિદાન, સેવા અને પ્રેમના ગુણો જન્મગત વણાયેલા છે, તે દુનિયામાં ક્યાંય જોવા નહિ મળે. પાટીદારોની આગવી ઓળખાણ એની કૃષિનીતિમાંથી આવી છે.

જમીન આપણી માતા છે. માતાને વેચાય નહિ. ખેડૂત પોતાની જમીન વેચવા ક્યારેય તૈયાર થતો નથી. ગમે તેટલી આર્થિક ભીડ આવે ત્યારે જમીન વેચતી વખતે તેની આંખમાં આંસુ આવી જાય છે. જમીનની તે પૂજા કરતો આવ્યો છે. હવે જમીનનો યુગ આવ્યો છે. જેની પાસે વધારે જમીન હશે તે જ માલદાર ગણાશે. જમીન સાચવવી તેની સારસંભાળ રાખવી, આટલું કરવાથી પણ પાટીદારનું મહત્ત્વ રહેવાનું છે. આપણે હવે નક્કી કરવું પડશે કે જમીન વેચાય નહિ. ક્યારેય વેચાય નહિ કારણ કે જમીન જ આપણને બચાવશે. એક એવો દિવસ જગતમાં આવશે કે જેની પાસે જમીન હશે તે જ જીવી શકશે. જમીન ઉત્પાદનનું સાચું કેન્દ્ર છે. હવે આપણે નિર્ણય ઉપર આવવું પડશે કે **ગામડાંઓમાં રહેતા તમામ પાટીદારોએ પોતાની જમીન વેચવી નહિ પણ રાખવી ને ખેતી કરવી કે કરાવવી પણ બીજાને જમીન વેચી મારવી નહિ.** ગામની ભૂમિ સાથેનો પ્રેમ પણ જમીન અને ઘરથી જ બંધાય છે. જેને પોતાના વતનમાં જમીન કે ઘર નથી, તેને વતન પ્રત્યેનો પ્રેમ પણ ઓછો થઈ જાય છે. જે લોકો ઘર-જમીન વેચીને વિદેશ કે અન્ય શહેરોમાં રહીને જીવે છે, તેઓને જ્યારે પોતાનું વતન, પોતાના વતનની ઘરની માતા યાદ આવે છે, ત્યારે તેઓ રડી પડે છે, ને બબડે છે કે **'મેં ઘર-ખેતર' ક્યાં વેચી માર્યા મારે આવું કરવા જેવું ન હતું.**



હવે જમીનનું મૂલ્ય એટલા માટે વધવાનું કે નર્મદાનાં નીર આપણી જમીનના નાકે આવી પહોંચ્યાં છે. જે જમીન પાણી વિના તરસી હતી, ને વર્ષમાં એકવાર જ પાક મેળવી શકતા હતા, તે જમીનમાં હવે પાણીના લીધે એકથી વધારે વખત પાક મેળવી શકાશે. એક સમય એવો આવશે કે પૈસા આપે પણ જમીન નહિ મળે.

• • •

પહેલાંનો અને આજનો કણબી



ઉનાળાની ધગધગતી માટીમાં ઊભો રહેનાર, ગરમ-ગરમ પવનમાં શેકાતો કણબી આજે આલિશાન ઓફિસમાં મખમલના ગાલીચામાં ચાલતો અને એરકન્ડીશનરના ઠંડા ઠંડા પવનમાં બેસતો થઈ ગયો છે. ઉનાળાના તાપમાં, શિયાળાની ટાઢમાં કે ચોમાસામાં, બળદનાં પૂંછડાં આંબળતો કણબી આજે ઈમ્પોર્ટેડ એ.સી. ગાડીઓ અને ઈમ્પોર્ટેડ મશીનોની સ્વીચો આ-મળે છે. કાચાં પાકાં માટીનાં ખોરડાંમાં રહેનારો કણબી આજે કરોડોના આલિશાન ભવ્ય-અતિભવ્ય મકાનોમાં રહે છે.

કણબીઓની આ સમૃદ્ધિ તેમના અથાગ પરિશ્રમનું પરિણામ છે. ધરતી સાથે બાથ ભીડી કણમાંથી મણ પેદા કરનારી આપણી જ્ઞાતિ મૂળભૂત રીતે ખૂબ જ મહેનતું છે. ખેતી અને પશુપાલનને કારણે કોઈપણ કામ કરવામાં શરમ ન હતી. આપણા દેશની સમૃદ્ધિના પાયામાં ખેતી દ્વારા થતું ઉત્પાદન હતું અને છે. એટલે કણબીઓ દેશની આર્થિક ધમનીઓ છે. આપણી જ્ઞાતિ સ્વાવલંબી જ્ઞાતિ છે અને સ્વાવલંબી હોવાને કારણે સ્વમાન અને ખુમારી એના સ્વભાવમાં સ્વાભાવિક રીતે આવી ગયાં છે માટે જ કહેવાય છે કે 'કણબી પાછળ, ક્રોડ (કરોડ) કણબી કોઈની કેડે નહીં' આ કહેવત યથાર્થ છે.

પાટીદાર સમાજની ખાસિયતો :

- પટેલો ક્યાંય છૂપા રહેતા નથી. તેના પરસેવાની સુવાસમાંથી તેઓ પ્રગટ થતા રહે છે.
- પટેલનો પ્રભાવ અત્ર-તત્ર-સર્વત્ર પથરાઈ રહ્યો છે.
- એક કર્મશીલ કણબી તેના કામ પ્રત્યે ખૂબ કામઢો હોય છે.
- પટેલો તોછડા હોઈ શકે પણ હારમાંથી નવો સબક લઈને કામે ચઢી સફળતા પ્રાપ્ત કરી લે છે એટલે જ પટેલ (પાટીદાર) આજે ગુજરાતના તથા દેશ-વિદેશના સિમાડે છવાઈ ગયેલા જોવા મળે છે.
- પાટીદારોનું પરિવર્તન ઉડીને આંખે વળગે છે. નવું ગ્રહણ કરવાની શક્તિ અને તૈયારી પાટીદારોને પાંખ આપે છે. આખી પેઢી જાણે નવો અવતાર લઈને આવી છે એવું લાગે છે.
- અંગૂઠા છાપ કે પાંચ ચોપડી ભણેલા પટેલોના સંતાનો કોન્વેન્ટમાં ભણીને એવો વેપલો કરી જાણે છે કે સામાન્ય માનવી દંગ રહી જાય છે.
- મોરબીના નળિયા ઉદ્યોગમાં કે ઘડિયાળ ઉદ્યોગમાં પણ પાટીદારોએ પગ પસાર્યા છે. સૌરાષ્ટ્રમાં મોટાભાગના સોલવન્ટ પ્લાન્ટ પટેલોના છે. રાજકોટના સૌથી વધુ થિયેટરોના માલિકો પટેલો છે. તેમજ અડધો અડધ કલરલેબના માલિકો પટેલો છે. કન્સ્ટ્રક્શનના ક્ષેત્રમાં બિલ્ડર તરીકે પાટીદારોએ જબરું કાઠું કાઢ્યું છે.
- પટેલો અપમાનનો બદલો સિદ્ધિથી અને સંઘર્ષનો જવાબ સફળતાથી આપવામાં વિશ્વાસ ધરાવે છે.
- એક અનુમાન મુજબ ૧૯૯૧ની ગણતરી પ્રમાણે ગુજરાતમાં ૧ કરોડ ૧૬ લાખ પટેલો છે. હાલમાં તેમની સંખ્યા ઘણી વધી હોઈ શકે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં ૫૫ લાખ કડવા પટેલો છે.
- પટેલોમાં કડવા-લેઉઆ નામના બે ફાટા છે. ઉત્તર ગુજરાતમાં કડવા પટેલ અને દક્ષિણ ગુજરાતમાં લેઉવા પટેલનું પ્રમાણ વધુ છે. સૌરાષ્ટ્રમાં ૪૫ લાખ લેઉઆ પટેલ અને ૧૦ લાખ કડવા પટેલો છે. એક સમયમાં કડવા-લેઉઆ વચ્ચે દીકરી લેવા-દેવાનો વ્યવહાર હતો.

- ખેતી વગર પટેલ પોતાની જાતને કલ્પી શકતો નથી એણે ક્યાંક ખેતી કે ખેતર રાખ્યાં જ હોય અને કુટુંબના એક સભ્યને ખેતીમાં જોતર્યો જ હોય.
- ગામનો પટેલ ગામના સુખ-દુઃખમાં પોતાનો મોભો જાળવવા દાગીના ને ખેતરો ગીરો મૂકી દેતો હતો આને લીધે પટલાઈ શબ્દ અસ્તિત્વમાં આવ્યા.
- કામની બાબતમાં પટેલ ક્યારેય મોભો જોતો નથી. ચાનો કપ પ્યુન ન લઈ ગયો હોય તો જાતે જ એ કપ બાજુએ અથવા નીચે મૂકી દેશે.
- પાટીદારના લગ્ન સમયસર શરૂ થઈ સમયસર જ આટોપાઈ જાય છે.
- પાટીદાર જ્ઞાતિમાં સમૂહલગ્નો કોઈ પણ જ્ઞાતિ કે સમાજ કરતાં સૌથી વધારે થાય છે. લગ્નોમાં ખોટા ખર્ચા નિવારવા માટેની પહેલ પાટીદારોને આભારી છે.
- પાટીદારોમાં જમાઈ કે બનેવીને 'દાસ' અને 'પટેલ' નામે જ સંબોધવામાં આવે છે.
- પાટીદારોમાં બહુ જૂજ મહિલાઓ જાહેર જીવનમાં આવી છે. ભાવના ચીખલીયા, આનંદીબેન પટેલ, જયશ્રીબેન પટેલ, જશુમતિબહેન કોરાટ, પ્રભાબહેન પટેલ, જયાબેન અમિપરા વગેરે બહુ ઓછી માત્રામાં છે.
- પાટીદાર સમાજમાં હજુ આજે ય 'લાજ' કાઢવાની પ્રથા ક્યાંક જોવા મળે છે.
- પટેલો વિશે એવું કહેવાય છે કે કણબીની જીભ કુહાડા જેવી હોય છે. અને હાથ સોનાના હોય છે.
- પટેલોમાં ભાઈચારાની જે ભાવના હોય છે જે અન્ય બીજી કોઈ કોમ્યુનીટીમાં જોવા મળતી નથી.
- પાટીદારોનો 'પટેલવાદ' એકશનરૂપે નહીં પરંતુ રીએક્શન રૂપે પ્રગટ્યો છે. અપાર સંઘર્ષ અને જૂલ્મનો સામનો એના મૂળમાં રહેલો છે.
- પટેલોની એક ખાસિયત છે કે એને ભાડાના મકાનમાં ગોઠવાશે નહીં. શહેરમાં આવી પૈસો કમાયા પછી એનું પહેલું લક્ષ્ય 'ઘરનું ઘર' જ હશે.
- કુદરતની સાથે ખેતી કરી જમીનને ફળદ્રુપ બનાવી માણસને અન્નનો ઓડકાર ખવડાવનારા પાટીદારો ખરેખર 'જગતના તાત' છે. ખેતીએ સાધુકર્મ છે. ઈશ્વરે તેને લોકોનો જઠરાગ્નિ ઠારવા જ પૃથ્વી પર મોકલ્યો છે.

પાટીદારોની વિશિષ્ટતાઓ


- પાટીદાર સત્યવક્તા અને સ્પષ્ટવક્તા છે.
- પાટીદાર શ્રમજીવી હોવાથી 'આરામ હરામ' સૂત્રનો અમલ કરે છે.
- પાટીદાર સૌ પ્રથમ રાષ્ટ્રવાદી છે. - મારો દેશ, મારી માતૃભૂમિ અને સર્વ દેશવાસી મારા ભાઈ છે, તેવું સમજે છે.
- પાટીદાર પ્રથમ ખેડૂત છે. ગામડાં સાથે જોડાયેલ છે, પાટીદારનો જન્મ ગામડામાં થયેલ હોય. બાદમાં શહેરમાં વસેલ.
- પાટીદારનું જીવન સરળ અને સાદું છે.
- પાટીદાર સૌને સાથે લઈને ચાલનારો છે. જેથી તો 'કણબી પાછળ કરોડ કણબી આગળ કોઈ નહીં' કે 'પરથમીનો પોઠી' કે ખેડૂત જગતનો તાત' જેવી કહેવતો સમાજે હોંશથી પાટીદાર માટે વાપરેલ છે.
- પાટીદાર બોલવામાં કઠોર છે. પણ ઉદાર દિલ હોય છે.

- પાટીદાર અત્યંત વિશ્વાસુ છે અને કોઈને આપેલ વચન જીવનભરના ભોગે પણ નિભાવે છે.
- પાટીદાર શક્તિપૂજક છે અને છેક વેદકાળથી મા ઉમિયાની પૂજા કરતો આવ્યો છે. તે જ્યાં જ્યાં ગયો ત્યાં ત્યાં શક્તિપૂજા સાથે રહી છે.
- પાટીદાર સૌની સાથે હળીમળીને રહેનારો છે. તેણે 'ચાલશે અને ફાવશે' સૂત્રને અપનાવેલ છે.
- પાટીદાર મહેનતુ છે, જેથી કોઈના પર આધારિત નથી.
- પાટીદાર પોતાના પાછળ પડેલ ભાઈ-બહેનને યથાશક્તિ મદદ કરે છે.
- પાટીદારોએ નીતિ, પ્રમાણિકતા અને ચારિત્ર્યને કેન્દ્રમાં રાખીને પ્રગતિ સાધી છે. આ સર્વે વિશિષ્ટતાઓને લીધે પાટીદાર ગાડાની સંસ્કૃતિથી આજે કોમ્પ્યૂટર અને રોકેટ સંસ્કૃતિએ પહોંચ્યો છે. ગુજરાતમાં મા ઉમિયાની ધજા નીચે સૌ પાટીદારો એક થાય છે. ૧૮મી શતાબ્દી મહોત્સવ પછી મા ઉમિયાનું ચૈતન્ય સોળે કળાએ ખીલી ઊઠ્યું છે. મા ઉમિયા જગતજનની તો છે જ પણ હવે સમાજકલ્યાણી દેવીના રૂપે પ્રકાશી રહી છે. ઉમિયા માતાજી સંસ્થાને સમાજમાં ઉત્કર્ષ માટે 'શ્રી ઉમિયા પરિવાર ઉત્કર્ષનિધિ' બનાવ્યો છે. આ નિધિ માટે ૧૦૦ કરોડ એકઠા કરવાનો સંકલ્પ બનાવ્યો છે. આ માટે ગુજરાતમાં ૩૫૦૦ ગામડાઓમાં મા ઉમિયાનો જ્યોતિરથ ફર્યો છે. 'જ્યોતિરથ'નું નિર્માણ અદ્ભુત અને ભવ્ય છે. તે મા ઉમિયાનાં મંદિરની પ્રતિકૃતિ છે. મા ઉમિયા આ જ્યોતિરથમાં બિરાજમાન થઈને પાટીદારોના ગુજરાત, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના ગામેગામ પરિભ્રમણ કરેલ છે. રથ જ્યાં ગયો ત્યાં સૌ ભક્તિભાવથી ભાવવિભોર બન્યા. સર્વે વિરોધ, ટંટા-ઝઘડા અને સૌ વૈમનસ્ય છોડી એક બન્યા. એકી સાથે બેસી ભોજન લીધું. સાથે સાથે માતાજી આગળ વ્યસનમુક્તિની પ્રતિજ્ઞાઓ લેવાઈ. આથી આખા સમાજમાં એકતા અને ભાઈચારાનું વાતાવરણ ઊભું થયું.

૧૮મી શતાબ્દી રજત જયંતી મહોત્સવની વિશિષ્ટતાઓ :

- વિશ્વભરમાં જ્યાં જ્યાં કડવા પાટીદારો વસતા હોય ત્યાં ત્યાં સાડા આઠ લાખ કડવા પાટીદારોને ત્યાં કંકોતરી મોકલાવાઈ.
- રૂા. ૧૦૦ કરોડના ખર્ચે અમદાવાદ સોલા સ્થિત ઉમિયા કેમ્પસનો વિકાસ કરાશે.
- મહોત્સવમાં હાઈટેક પાટીદાર સાંસ્કૃતિક પ્રદર્શન જોવા લાંબી લાઈનો લાગી, વિશ્વમાં એક દિવસમાં આવા પ્રકારનું પ્રદર્શન જોવાનો સહુથી મોટો વિક્રમ સર્જાયો.
- ૩૦ લાખ કડવા પાટીદારોને એકસૂત્રતામાં બાંધવા ડેટાબેંક, ડિરેક્ટરી બનાવાશે.
- મહોત્સવમાં ડ્રિપ ઈરિગેશન માટે ૧.૫૦ લાખ ઉપરાંત ખેડૂતોએ સંકલ્પપત્ર ભર્યાં.
- મહોત્સવ દરમિયાન આશરે છ લાખથી વધુ મહેમાનોએ ઊંઝામાં રાત્રિ રોકાણ કર્યું.
- મહોત્સવમાં ૬૬,૦૦૦ લિટર દૂધ, ૧૩,૦૦૦ કિલો ખાંડ, ૩૨૦૦ કિલો ચા વપરાઈ.
- એસ.ટી.ની ૧૨,૦૨૫ ટ્રીપ, સાત લાખથી વધુની આવન-જાવન.
- એસ.ટી.ને આશરે રૂા. ૨.૬૦ કરોડનો વકરો.
- મહોત્સવ પૂર્વે ૩૫ લાખ, મહોત્સવમાં ૩૦ લાખ લાડુ બનાવાયા. લાડુ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામે તેવી શક્યતા.
- પાંચ દિવસમાં ૧૧,૭૦૦ બોટલ રક્ત, ૫૫,૦૬૫ સંકલ્પપત્ર એકત્ર કર્યા.

- સ્ટોપેજ અને ખાસ ટ્રેનમાં રેલ્વેને રૂા. ૧૨ લાખની આવક.
- રેલ્વે દ્વારા ૨.૬૦ લાખ મુસાફરોની આવન-જાવન.
- હેલિકોપ્ટરની ૧૦૦ ટ્રિપ, ૪૦૨ ભક્તોએ પુષ્પવર્ષા કરી.
- બી.એસ.એન.એલ.ના ૩૦,૧૫,૧૬૫ કોલ એટેન્ડ થયા, અન્ય કંપનીના અલગ.
- બી.એસ.એન.એલ.ના ૮૩.૦૫ ટકા કોલ સફળ, નેટવર્ક જામને કારણે ૧૬.૯૫ ટકા કોલ ડ્રોપ.
- મહોત્સવની સ્મૃતિરૂપે ૨૧ હજાર ચાંદીના સિક્કા અને કરોડો રૂપિયાની હૂંડી લોકો ઘરે લઈ ગયા.
- ૫૫ લાખ શ્રદ્ધાળુના ધસારાને શાંતિપૂર્વક સ્વયંસેવકોની મદદથી પોલીસ કર્મચારીઓએ સંભાળ્યો.
- દોઢ મહિનાની જહેમત છતાંય ૧૬,૦૦૦ સ્વયંસેવકોનો ઉત્સાહ પાંચે દિવસ સુધી અકબંધ રહ્યો.
- રૂા. ૪,૦૦૦ ડોલરનું દાન વિદેશોમાંથી ઉમિયાજીને અર્પણ.
- ઉમિયાનગરની આસપાસ ૧૦ પ્લોટમાં ખીચોખીચ વાહનો રહ્યાં. આસપાસનાં ખેતરોની વાડો તોડીને પાર્કિંગો બનાવવા પડ્યા.






- ઊંઝામાં વેપારીઓ માટે ચમત્કાર : મહોત્સવ દરમિયાન જીરામાં તેજીનો માહોલ.
- આ મહોત્સવ અન્ય જ્ઞાતિઓ માટે પ્રેરણાસ્ત્રોત બને તે માટે સર્વ સમાજને પત્રો પાઠવેલ.
- દેશ-વિદેશમાં લાખો શ્રદ્ધાળુઓએ ઈન્ટરનેટ ઉપર મહોત્સવને માણ્યો.
- પ્રતિ સેકન્ડે ૨૫ શ્રદ્ધાળુઓએ જીવંત કાર્યક્રમ માણ્યો, ૧૦ હજાર ગીગા બાઈટ વપરાયા.
- મહોત્સવ પૂર્ણ થતાં છઠ્ઠા દિવસે સમગ્ર ઊંઝા તાલુકાના તમામ ગામોના જ્ઞાતિજનોને ધુમાડાબંધ જમાડ્યા.
- ઉમિયાનગરના વિરાટ રસોડે ૩૫ ચૂલા ૧૪૪ કલાક સતત ચાલુ રહ્યા.
- લંડનની હાર્વર્ડ યુનિવર્સિટી સહિત, આઈઆઈએમ અને અનેકવિધ બિઝનેસ મેનેજમેન્ટ સંસ્થાઓએ તેમજ કોલેજોએ મહોત્સવ વિશે સ્ટડી પેપર તૈયાર કર્યા.
- મેળામાં ફેરવાયેલા મહોત્સવથી નાના ફેરિયાઓએ રૂા. ૫૫ લાખનો વકરો કર્યો.
- ઊંઝાના મહેમાનોને ૧૧,૧૧,૧૧૧ તુલસીના રોપા આપીને સ્વાગત કર્યું.
- એજ્યુકેશન સેમિનારમાં ૩૫૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓને માર્ગદર્શન.
- ૫૫,૦૦,૦૦૦ શ્રદ્ધાળુઓ મહોત્સવના સાક્ષી બન્યા.
- ૨૨,૦૦,૦૦૦ માઈભક્તોએ મા ઉમિયાના મંદિરમાં દર્શન કર્યા.
- ૨૫ થી ૩૦ લાખ ઉપરાંત શ્રદ્ધાળુઓ ભોજનથી તૃપ્ત બન્યાં.
- ૮,૦૦,૦૦૦ વાહનોની મહોત્સવમાં અવર-જવર થઈ.
- ૩૪ કરોડ રૂપિયા જેટલી રકમ મહોત્સવમાં દાનમાં મળી.
- ૧૭ કરોડ રૂપિયા મહોત્સવ પાછળ કુલ ખર્ચ થયો.
- ૫,૦૦,૦૦૦ અશક્તો, વૃદ્ધોએ માતાજીના ધ્વજદંડના દર્શન કર્યા.

(ઉજાસ માસિકમાંથી આભાર સ્વીકાર)

• • •





સ્મૃતિગ્રંથના અંતે....



મણિભાઈ ઈ. પટેલ
(મમ્મી)

આ સ્મૃતિગ્રંથનો આ અંત નથી પણ તમારી વૈચારિક, આત્મિક શક્તિની શરૂઆત છે. માણસની શારીરિક તાકાતની એક હદ હોય છે પણ એની આત્મિક અને વૈચારિક શક્તિની કોઈ હદ હોતી નથી જેમ જેમ તમારા વિચારો ઉચ્ચ થતા જશે તેમ તેમ તમારું વ્યક્તિત્વ વિશાળતા અને શક્તિ ધારણ કરતું જશે.

હકીકતમાં દુનિયા ઉપર કોઈ વ્યક્તિની હકૂમત છે જ નહિ, હકૂમત અગર છે તો એ છે વિચારોની. લોકશાહી પણ એક વિચાર છે. સમાજવાદ પણ એક વિચાર છે. ધંધો પણ વિચારોથી ચાલે છે અને ધર્મ પણ વિચારોથી ચાલે છે.

વિશ્વના કડવા પાટીદારોને શ્રી ઉમિયા માતાજીની છત્રછાયા નીચે લાવવા શ્રી ઉમિયા માતાજીના આશીર્વાદથી વિવિધ પ્રકારની સામાજિક સેવાઓથી સમાજને ઉપર લાવવો તથા જ્યોતિરથ દ્વારા જાગૃતિ લાવવી આ એક વિચાર હતો અને આપ એ વિચારોનું પરિણામ જોઈ શકો છો. આપ સ્મૃતિગ્રંથ દ્વારા એ જોઈ શકો છો અને માણી શકો છો. આ સ્મૃતિગ્રંથ જ્યારે આપણી પાસે આવ્યો હશે ત્યારે આપ પ્રથમ તો આ સ્મૃતિગ્રંથને હાથમાં લઈ આગળ પાછળ પ્રથમ તો જોઈને એક એક પાનું આપે જોઈ લીધું હશે તે પછી તમને આ ગ્રંથની હકીકતો વાંચવાનું મન થયું હશે. આ ગ્રંથ લખવાનું પ્રથમ જ્યારે મેં વિચાર કર્યો ત્યારે આ ગ્રંથ દ્વારા, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન અને કડવા પાટીદાર સમાજ અને માનો ભક્તિભાવ અને આ મહોત્સવને કઈ રીતે મૂલવવો તેનું ખૂબ જ ઊંડું ચિંતન કર્યું તે પછી મેં આ સ્મૃતિગ્રંથનું લેખન અને સંપાદન કરવાનું શરૂ કર્યું. જેમ જેમ હું આ ગ્રંથ વિશે વિચારતો ગયો અને લખતો ગયો તેમ આ મહોત્સવનું એટલું વિશાળ સ્વરૂપ હતું કે તેને શબ્દોમાં કંડારવો બહુ જ અઘરું હતું છતાં જેટલું બને તેટલો આ ગ્રંથને શ્રેષ્ઠ સ્વરૂપ આપવાનો પ્રયત્ન કર્યો છે. આ ગ્રંથની શરૂઆત કરી ત્યારે મારી આંખને તકલીફ થવાથી વાંચી શકવાનું મુશ્કેલ બન્યું તેથી સમગ્ર ગ્રંથને જે રીતે મેં કલ્પના કરી હતી તે રીતે કદાચ તેને ન્યાય આપી શક્યો નથી તેથી આ મહોત્સવમાં અનેક લોકોએ કરેલી કામગીરીને આ ગ્રંથમાં લખાણ દ્વારા કે ફોટોગ્રાફ દ્વારા ન્યાય આપી શકાયો ન હોય તેવો મને સતત અહેસાસ થયા કરે છે જેથી આ **ગ્રંથમાં જે કંઈ ભૂલચૂક રહી ગઈ હોય અગર કોઈ માહિતીદોષ કે ફોટોગ્રાફમાં ભૂલચૂક રહી ગઈ હોય તો ઉદાર મને મારી ભૂલને ક્ષમ્ય ગણશો.** આ સ્મૃતિગ્રંથ



તૈયાર કરવામાં ઉમિયા માતાજી સંસ્થાનના માજી કારભારી અને પીઆરઓ **શ્રી જીવરામભાઈ અંબારામ પટેલ** રણછોડપુરાવાળાએ મારી આંખ બન્યા અને સમગ્ર ગ્રંથને વાંચી જવો તેમાં રહેલી ભાષાકીય ત્રુટિઓ દૂર કરવામાં તેમજ અમદાવાદ જવાનું થાય ત્યારે મારી સાથે રહી આ કાર્યમાં પૂરેપૂરા સહયોગી બન્યા તે જ રીતે મારા પરમમિત્ર શ્રી ઘનશ્યામભાઈ

પ્રતાપભાઈ બ્રહ્મભટ્ટના ભત્રીજા શ્રી બદ્રીપ્રસાદ ભગવતપ્રસાદ બ્રહ્મભટ્ટ કે જેઓ સાહિત્યના શોખીન હોઈ અને વૈચારિક રીતે તેમણે આ ગ્રંથ તૈયાર કરવા માટે અનેક સૂચનો અને માર્ગદર્શન આપેલ તે જ રીતે શ્રી પ્રભુરામ શિવરામ પટેલ ચાણસ્મિયાએ પણ અવારનવાર મારી સાથે અમદાવાદ આવી સહયોગ આપેલ છે તે જ રીતે શ્રી ઈશ્વરભાઈ જીવરામ પટેલ માજી આચાર્ય બલોલ જેઓ મોટા સાહિત્યકાર અને લેખક હોવાથી પ્રૂફરીડીંગ કરી આપવામાં સારો સહકાર આપેલ છે.

આ ઉપરાંત પ્રિ.ડૉ.અમૃતભાઈ પટેલ (મક્તુપુર), શ્રી કૌશિકભાઈ, શ્રી દિપકભાઈ, શ્રી હસમુખભાઈ ગુરુ સહમંત્રી શ્રી ઈશ્વરભાઈ અમથારામ પટેલ તેમજ ઈનચાર્જ કારભારી શ્રી સંજયભાઈ પટેલ, માર્શલ થ્રેશરવાળા શ્રી તેજપાલ મનુભાઈ પટેલ, શ્રી અમરીશભાઈ ખમાર આવા અનેક મિત્રોના સહયોગથી તેમજ મારા ઘરનાં સૌ સભ્યો તરફથી આ ગ્રંથ નિર્માણ કરવામાં જે સાથ, સહકાર અને હુંફ મળી તે માટે સૌનો હું આભારી છું.


આ મૂલ્યવાન ગ્રંથ બનાવવામાં અમદાવાદ શહેરના સોનલ ગ્રાફિક્સના રૂપેશભાઈ ડાભીએ સમગ્ર ગ્રંથના લેઆઉટની ગોઠવણી કરીને સુંદર ગ્રંથ બનાવવાનો પ્રયત્ન કર્યો છે એ જ રીતે આખા ગ્રંથને મૂલ્યવાન બનાવ્યો છે તેવી અમદાવાદ શહેરના ખૂબ જાણીતા શીવકૃપા ઓફસેટ પ્રિન્ટર્સ શ્રી ભાવિનભાઈ પટેલ, શ્રી મિનેષભાઈ પટેલ તેમજ શ્રી દિવ્યાંગભાઈ શાહે કરેલી સારી કામગીરી માટે તેમનો પણ હું આભારી છું. આ ગ્રંથના અંતે મારે એટલું જ લખવાનું કે આ ગ્રંથ આવનારી પેઢી માટે નવો ઈતિહાસ સર્જવામાં તેમને માર્ગદર્શન પૂરું પાડશે. તો હું મારી જાતને ભાગ્યશાળી માનીશ. આ ગ્રંથ આપણા સૌના માટે એક ઐતિહાસિક ગ્રંથ બની રહે અને મા ઉમાના આશીર્વાદ સદૈવ આપણા સૌના ઉપર ઉતરે તેવી મા ઉમિયાને અંતઃકરણની પ્રાર્થના.

શ્રી ઉમિયા શરણમ્ મમઃ

મણિભાઈ ઈ. પટેલ (મમ્મી)
ઊંઝા




કે-વન, સોસાયટી, વિસનગર રોડ, ઊંઝા-૩૮૪૧૭૦ ફોન :૦૨૭૬૭-૨૫૨૦૫૦


૧૯૭૬
મણિભાઈ ઈ. પટેલ (મમ્મી)
૨૦૦૯
realpatidar.com


realpatidar.com
realpatidar.com


શ્રી ઉમિયા નગરનો એરિયલ વ્યુ
realpatidar.com



realpatidar.com
માનું તેડું
કડવો ત્યાં કંકોત્રી
મા અમે તૈયાર છીએ
૧૮ મી શતાબ્દી રજત જયંતી મહોત્સવ ૨૦૦૯
કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયા માતાજી, ઊંઝા
પ્રારંભ : ૨૮-૧૧-૨૦૦૯
પૂર્ણાહુતિ : ૨-૧૨-૨૦૦૯
શ્રી ઉમિયાનગર, ઊંઝા
realpatidar.com